પૂર્વધરાચાર્ય શ્રીશિવશર્મસૂરીશ્વરજી વિરચિત કર્મપ્રકૃતિગત

# ઉપશમનાકરણ

## વિસ્તૃત ગુજરાતી વિવેચન

(ભાગ-૧)

: પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

શ્રી મહાવીરસ્વામિને નમઃ
નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે

પૂર્વધરાચાર્ય શ્રીશિવશર્મસૂરીશ્વરજી વિરચિત કર્મપ્રકૃતિગત

# ઉપશમનાકરણ

## વિસ્તૃત ગુજરાતી વિવેચન

## (ભાગ-૧)


પ્રેરક-માર્ગદર્શક-સંશોધક
સિદ્ધાન્તમહોદધિ-કર્મસાહિત્યનિષ્ણાત-પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

પદાર્થસંગ્રાહક
**મુનિરાજશ્રી જયઘોષવિજયજી મહારાજ**
(હાલ સિદ્ધાન્તદિવાકર, ગચ્છાધિપતિ-પૂજ્યપાદ-આચાર્યદેવ
**શ્રીમદ્વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા),**
**મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજ**
(હાલ સ્વ. સહજાનંદિ-પૂજ્યપાદ-આચાર્યદેવ
**શ્રીમદ્વિજયધર્મજિત્સૂરીશ્વરજી મહારાજા),**
**મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજ**
(હાલ વૈરાગ્યદેશનાદક્ષ-પૂજ્યપાદ-આચાર્યદેવ
**શ્રીમદ્વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા)**

વિવેચનકાર
**મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજ**
(હાલ શ્રી સીમંધરજિનોપાસક-પૂજ્યપાદ-આચાર્યદેવ
**શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**



પ્રકાશક
**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

# પ્રાપ્તિસ્થાન

## શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

C/o. બી.સી. જરીવાલા
દુકાન નં. ૫, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ, 'ઈ' રોડ, મુંબઈ-૨.

C/o. ચંદ્રકાંત એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પ્લેક્ષ,
પહેલા રેલ્વે ગરનાળા પાસે,
પાટણ (ઉત્તર ગુજરાત).
ફોન - ૨૩૧૬૦૩

વીર સં. ૨૫૩૪ પ્રથમ આવૃત્તિ વિ.સં. ૨૦૬૪

મુદ્રક :
ભરત ગ્રાફિક્સ
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો : ૯૯૨૫૦૨૦૧૦૬



પિંડવાડામંડન, શાસનપતિ

**શ્રી મહાવીરસ્વામી ભગવાન**

# કૃપા વરસે અનરાધાર



સિદ્ધાન્તમહોદધિ
ચારિત્ર ચૂડામણિ
સહસ્રાધિક શ્રમણસમુદાયપિતામહ
આચાર્યવિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજા**



ન્યાયવિશારદ
વર્ધમાનતપોનિધિ
સંઘહિતચિંતક આચાર્યવિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**



સમતાસાગર
શ્રમણશિલ્પી, ગુરુકૃપાપાત્ર
પંન્યાસપ્રવરશ્રી
**પદ્મવિજયજી ગણિવર્ય**

# દિવ્ય આશિષ



સિદ્ધાંતમહોદધિ-કર્મસાહિત્યનિષ્ણાત-પૂજ્યપાદ-
**આચાર્યદેવ-શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

ન્યાયશાસ્ત્રવિશારદ-વર્ધમાનતપોનિધિ-પૂજ્યપાદ
**આચાર્યદેવ-શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

સમતાસાગર-સરળહૃદયી-પૂજ્યપાદ
**પંન્યાસજી શ્રી પદ્મવિજયજી મહારાજા**

આ પૂજ્યોના દિવ્ય આશિષ સતત અમારી ઉપર વરસતા રહો.



# શ્રુત-ભક્તિની
# ભાવભરી અનુમોદના

રાજસ્થાનનું પિંડવાડા નગર એટલે પરમગુરુદેવ સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ. નું પુણ્ય-વતન.

અહીં પૂજ્યપાદશ્રીએ અનેક ચાતુર્માસ કર્યા. અત્રેના મહાવીર પ્રભુના, ગોડી પાર્શ્વનાથ પ્રભુના અને સ્ટેશન પર નમિનાથ પ્રભુના ચૈત્યોની પ્રતિષ્ઠા પણ સં. ૨૦૧૬ માં પૂજ્યપાદશ્રીની પાવન નિશ્રામાં વિશાળ મુનિગણની ઉપસ્થિતિમાં થઈ. પ્રતિષ્ઠા પછી દ્રવ્ય-ભાવ ઉભય રીતે સુંદર પ્રગતિ છે.

કર્મસાહિત્યના વિશાળકાય મોટા મોટા ગ્રંથો ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિના નામે અત્રેના સંઘની આગેવાનીમાં પ્રકાશિત થયા છે. પૂર્વધરાચાર્ય શ્રી શિવશર્મસૂરિકૃત કર્મપ્રકૃતિના ઉપશમનાકરણ અધિકારના વિસ્તૃત ગુજરાતી વિવેચન રુપ પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનનો સંપૂર્ણ લાભ...

**શેઠ કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી**
**હા. પિંડવાડા જૈન સંઘ**

તરફથી જ્ઞાનનિધિમાંથી લેવાયેલ છે. તેઓની આ શ્રુતભક્તિની ભાવપૂર્ણ અનુમોદના કરીએ છીએ.

- શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના ટ્રસ્ટીગણ

પિંડવાડા મંડન શ્રી મહાવીર સ્વામિને નમઃ

પિંડવાડા ભૂષણ શ્રી પ્રેમસૂરીશ્વરાય નમઃ

# સિદ્ધાંતમહોદધિ
# શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાને
# નત મસ્તકે વંદના

જેમણે સં. ૧૯૪૦ ના ફા.સુદ ૧૫ ના પવિત્ર દિવસે પિંડવાડાના શ્રાદ્ધવર્ય ભગવાનજીભાઈના ધર્મપત્ની કંકુબાઈની કૂખે નાંદિયા મુકામે જીવીતસ્વામીના નૈકટ્યે જન્મ ધારણ કર્યો.

સં. ૧૯૫૭ ના કારતક વદ ૬ના પવિત્ર દિવસે સિદ્ધગિરિની પાવન તળેટીમાં અન્ય ચાર મુમુક્ષુઓ સાથે પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મ.ના હાથે સંયમ ગ્રહી જેઓ પૂ. દાનવિજય મ.ના શિષ્ય મુનિ શ્રી પ્રેમવિજયજી બન્યા.

જેઓએ વિશુદ્ધ ચારિત્ર પાલન કરી આત્માને નિર્મળ બનાવ્યો અને એકમાત્ર સંયમના વિશિષ્ટ પ્રભાવથી ૩૦૦ મુનિઓના ગચ્છનું સર્જન કર્યું. (હાલ પરંપરાએ ૧,૦૦૦ સુધી સંખ્યા પહોંચી છે.)

જેઓની મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વકના બ્રહ્મચર્ય ગુણની અને પંચાચારના પાલનની અનેક મહાપુરુષો પણ અનુમોદના કરતા.

નિઃસ્પૃહ શિરોમણી એવા જેમને ગણિપદ, પંન્યાસપદ, ઉપાધ્યાય પદ પરાણે ગુરુઓએ અર્પણ કર્યું અને આચાર્ય પદ તો આજ્ઞા કરીને આપ્યું.

જેઓએ જીવનભર ઉત્સૂત્ર, ઉન્માર્ગ અને અસંયમથી સમસ્ત સંઘની રક્ષા કરી.

જેઓ વર્તમાન યુગના સર્વ આગમો-શાસ્ત્રોની અવગાહના કરી પ્રવિણતા મેળવી છેદસૂત્રોમાં પણ પારગામી થયા, પરમગીતાર્થ બન્યા, સકલ સંઘના માર્ગદર્શક બન્યા.

શાસ્ત્ર પારગામીપણાના કારણે જેઓને ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાએ સિદ્ધાંતમહોદધિ પદથી વિભૂષિત કર્યા.

જેઓએ અત્યંત સમતાપૂર્વક રોગ-પરિષહને સહ્યો અને અંતિમકાળે વીર-વીરના ઉચ્ચારણપૂર્વક અદ્ભૂત સમાધિ મરણ દ્વારા મૃત્યુનો પરાભવ કર્યો.

જેઓએ સં. ૨૦૧૬ માં અમારા પિંડવાડાના શણગારરૂપ મહાવીર પ્રભુની પ્રતિષ્ઠા કરી પિંડવાડાના માત્ર સંઘ પર જ નહી પરંતુ પિંડવાડાના સમસ્ત નગર ઉપર મહાન ઉપકાર કર્યો.

જેઓએ સં. ૨૦૨૦ માં અમારા પિંડવાડામાં જ પટ્ટક કરી તપાગચ્છમાં સં. ૧૯૯૨ થી તિથિ આરાધનાના કારણે ઉભા થયેલ સંઘભેદનું મહદ્ અંશે નિવારણ કર્યું. જો કે પાછળથી પટ્ટક ભંગ દ્વારા પુનઃ ભેદ ઉભા થયા છે એ જુદી વાત છે.

જેઓએ દેવદ્રવ્યની રક્ષા વ્યવસ્થા માટે સંઘને સુયોગ્ય માર્ગદર્શન કર્યું.

એવા આ પિંડવાડાભૂષણ, અમારા સકલ સંઘના અનંત ઉપકારી **સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.**ના ચરણોમાં ભાવભરી વંદના. ગુરુદેવ દિવ્યલોકમાં રહ્યા પણ અમારા સંઘની રક્ષા કરે એ એક માત્ર અભ્યર્થના.

**- શ્રી પિંડવાડા જૈન સંઘ**

# ॥ सूरिप्रेमाष्टकम् ॥

रचयिता - पंन्यासः कल्याणबोधिविजयगणिः

( वसन्ततिलका )

श्रीदानसूरिवरशिष्यमतल्लिका स, गीतार्थसार्थसुपतिप्रणताङ्घ्रिपद्मः ।
सिद्धान्तवारिवरवारिनिधिः महर्षिः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥१॥

चारित्रचन्दनसुगन्धिशरीरशाली, स्वाध्यायसंयमतपोऽप्रतिमैकमूर्तिः ।
मौनप्रकर्षपरिदिष्टमहाविदेहः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥२॥

कर्माख्यशास्त्रनिपुणो ह्यनुहीरसूरि, विश्वाद्भुतप्रवरसंयतगच्छकर्ता ।
जैनेन्द्रशासनमहत्कुशलौघकल्पः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥३॥

दर्शस्य रात्रिसदृशे कलिकालमध्ये, प्रेमामृतेन विलसत्परिपूर्णचन्द्रः ।
लोकोत्तरास्वनितदर्शितसार्वकक्षः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥४॥

वैराग्यनीरजलधि-र्निकटस्थसिद्धिः, संसारतारणतरी शमसौख्यशाली ।
स्वर्गापवर्गफलदः कलकल्पवृक्षः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥५॥

ऐदंयुगीनसमयेऽपि महाचरित्रः, कन्दर्पदर्पहरणः परिपूर्णशीलः ।
मन्ये करालकलिकालजवीतरागः, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥६॥

अत्यन्तनिःस्पृहमनःकृतदभ्ररागः, सन्तोषकेसरिविदीर्णविलोभनागः ।
कल्याणबोधिमचलं प्रतिजन्म दद्यात्, श्रीप्रेमसूरिरवताद्भवरागनागात् ॥७॥

क्वाऽहं भवद्गुणसमुद्रतलं यियासुः, नाऽहं भवत्स्तुतिकृतेऽस्मि समर्थबुद्धिः।
नाऽहं भवत्पुनितपादरजोऽप्यरे ! ऽस्मि, कल्याणबोधिफलदातृतरो ! नतोऽस्मि ॥८॥

# ॥ सूरिभुवनभान्वष्टकम् ॥

रचयिता – पंन्यासः श्रीकल्याणबोधिविजयगणिः

( वसन्ततिलका )

सज्ज्ञानदीप्तिजननैकसहस्रभानो ! सद्दर्शनोच्छ्रयविधौ परमाद्रिसानो !
दुष्कर्मभस्मकरणैकमनःकृशानो ! भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥१॥

यो वर्द्धमानतपसामतिवर्द्धमान - भावेन भावरिपुभिः प्रतियुध्यमानः ।
कृच्छद्मलोभरहितो गलिताभिमानो, भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥२॥

तेजः परं प्रमतेज इतो समस्ति, दुर्दृष्टिभित्तदमिचंदनि चामिदृष्टिः ।
भूताऽपि शैलमनसां नयनेऽश्रुवृष्टिः, भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥३॥

तुभ्यं नमो भविकपङ्कजबोधभानो ! तुभ्यं नमो दुरितपङ्कविशोषभानो !
तुभ्यं नमो निबिडमोहतमोहभानो ! भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥४॥

शीलैर्महानसि गुरो ! गुरुताप्रकर्ष ! पापेष्वपि प्रकृतदृष्टिपियूषवर्ष !
वृत्त्यैकपूतपरिशुद्धवचोविमर्श ! भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥५॥

कल्लोलकृद्वरकृपा भवतो विभाति, देदीप्यते लसदनर्घ्यगुणाकरोऽन्तः ।
गम्भीरताऽतिजलधे ! नयनिम्नगाधे ! भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥६॥

सीमानमत्र न गता न हि सा कलाऽस्ति, प्रक्रान्तदिक्सुगुणसौरभभाग्गुरोऽसि ।
दृष्टाश्च दोषरिपवो दशमीदशायां, भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥७॥

त्वद्पादपद्मभ्रमरेण देव ! श्रीहेमचन्द्रोक्तिकृता सदैव ।
भानो ! नुतोऽसीत्यतिभक्तिभावात्, त्वत्संस्मृतिसाश्रुससम्भ्रमेण ॥८॥ (इन्द्रवज्रा)

# પ્ર..કા..શ..કી..ય

અત્યંત સદ્‌ભાગ્ય છે અમારું... પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની પુણ્યકૃપાથી અને માર્ગદર્શનથી વિશાળ કર્મ સાહિત્યની રચના થઈ રહી હતી. તેમાં બે ગ્રંથો જે ગુજરાતીમાં હતા તેનું પ્રકાશન બાકી હતું. અમારા ટ્રસ્ટને તે બે ગ્રંથોમાંથી **"ઉપશમનાકરણ વિસ્તૃત ગુજરાતી વિવેચન (ભાગ-૧)"** નામના પ્રથમ ગ્રંથના પ્રકાશનનો લાભ મળી રહ્યો છે. પચાસ વર્ષ પૂર્વે આ ગ્રંથો તૈયાર થયા હતા, પણ ગમે તે કારણે તેનું પ્રકાશન બાકી રહેલ. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષ-સૂરીશ્વરજી મ. પાસે આ મેટર હતું. તેઓએ જ આ મેટર વ્યવસ્થિત કરી પ્રકાશિત કરવા જણાવ્યું. લગભગ બે વર્ષના પરિશ્રમે વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.ના પ્રયાસથી વ્યવસ્થિત થઈ આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે. હજી બીજા **'ક્ષપકશ્રેણી, ઉપશમનાકરણ (ભાગ-૨)'** ગ્રંથના પણ પદાર્થોનું કાચું મેટર પડ્યું છે. આશા રાખીએ તેના પ્રકાશનનો પણ શીઘ્ર લાભ અમને મળે.

પ્રસ્તુત પ્રકાશન અંગે પૂ. આ. હેમચન્દ્રસૂરિ મ.નું તથા પૂ.આ. અભયશેખરસૂરિ મ.નું પ્રસ્તુત માહિતીવાળું લખાણ આ ગ્રંથમાં જ પ્રકાશિત થઈ ગયું છે. તેથી તે માટે અમારે વિશેષ જણાવવાનું રહેતું નથી.

અમારુ ટ્રસ્ટ શ્રુતભક્તિના કાર્યમાં ખૂબ જ આગળ વધી રહ્યું છે. તેનો અમને અત્યંત આનંદ છે. હજુ વિશેષ શ્રુતભક્તિના લાભો મળે તેવી માતા સરસ્વતી દેવીને અમારી ભાવભરી પ્રાર્થના છે.

**લી. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

# વિવેચનકારના હૃદયોદ્‌ગાર

સંવત ૨૦૦૮ ના જેઠ સુદ ૫ ના પવિત્ર દિવસે અન્ય ચાર મુમુક્ષુઓ સાથે મુંબઈ ભાયખલામાં શેઠ મોતીશા નિર્માપિત ઋષભદેવ પ્રભુના પ્રાસાદના બહારના રંગમંડપમાં કલિકાલ કલ્પતરુ, સુવિશાલ ગચ્છસર્જક, ચારિત્ર્યચૂડામણિ, સિદ્ધાંત મહોદધિ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પુણ્ય હસ્તે પૂજ્ય મુનિરાજશ્રી હેમંતવિજયજી મ.સા. (હીરસૂરીજી), પૂજ્ય ગુરુદેવ મુનિશ્રી ભાનુવિજયજી મ.સા. તથા પૂજ્ય ગુરુદેવ મુનિશ્રી પદ્‌મવિજયજી મ.સા. વગેરે વિશાળ મુનિ સમુદાય સહ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સંયમ જીવનની પ્રાપ્તિ થઈ. વર્તમાનકાળના અતિ ઉચ્ચકક્ષાના મહાસાધક પૂ. પદ્મવિજયજી મ.સા.નું શિષ્યત્વ મળ્યું. અત્યંત ગૌરવભરી એવી આ ગુરુ પરંપરામાં મને સ્થાન મળ્યું. મારું કેટલું અહોભાગ્ય.

સંયમના દાન પછી પૂ. ગુરુદેવ શ્રી પદ્મવિજયજી મહારાજાએ મને સંસ્કૃત બુકો-કાવ્યોનો અભ્યાસ કરાવ્યો. પૂજ્યપાદ પ્રગુરુદેવ શ્રી ભાનુવિજયજી મ.સા.ને વિચાર આવ્યો, "છેલ્લા ત્રણ વર્ષમાં દિક્ષિત થયેલ નૂતન મુનિઓ સારા પ્રજ્ઞાવાન છે. પૂજ્ય ગુરુદેવ આ. પ્રેમસૂરિ મ.સા.નો કર્મસાહિત્યનો વારસો આ મુનિઓ ગ્રહણ કરે તો તેઓને લાભદાયી થવા ઉપરાંત શાસન સંઘને પણ લાભદાયી બને." એ કાળે કર્મપ્રકૃતિના અભ્યાસી ગણ્યાગાંઠ્યા આંગળીના વેઢે ગણાય તેટલા હતા. આથી પૂજ્યશ્રીએ ઉંડા કર્મસાહિત્યમાં પ્રવેશ માટે જરૂરી પૂર્વભૂમિકા જેવો થોડો અભ્યાસ કરાવી અમને સૌને પરમ ગુરુદેવના કર્મસાહિત્યના જ્ઞાનનો વારસો લેવા તેઓને સોપ્યાં.

પૂજ્યપાદ પરમ ગુરુદેવ એટલે વર્તમાનમાં કર્મસાહિત્યના સર્વસ્વ જેવા. તેમણે જીંદગી સુધી કર્મસાહિત્યના પદાર્થોની રટણા કરીને કર્મના વિપુલ જથ્થાને આત્મામાંથી દેશવટો આપી દીધો. તેઓશ્રીના અગણ્ય ગુણોનું વર્ણન કરવાની તાકાત બૃહસ્પતિમાં પણ નથી. મન, વચન અને કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરતા અને સમુદાયમાં પણ બ્રહ્મચર્યની શુદ્ધિના અત્યંત આગ્રહી તેઓના મુખ પર બ્રહ્મતેજ ચમકતું હતું. આંખોમાંથી પ્રાણી માત્ર પ્રત્યેના મૈત્રીભાવની અમી વરસતી હતી. બ્રહ્મચર્ય ગુણમાં જેમ માનસિક અતિચારનો નાનો ડાઘ પણ લાગવા દીધો નહોતો તેમ ગમે તેવું ખરાબ કરનારના પ્રત્યે અસદ્‌ભાવના નાનકડા અમૈત્રીભાવના અતિચારથી પણ તેઓ અસ્પૃષ્ટ હતા. માત્ર સ્વ-સમુદાય જ નહીં, પણ તેમનાથી પણ વડિલ એવા પરસમુદાયના અગ્રણીઓ પૂ. સિદ્ધિસૂરિ મ., પૂ. સાગરજી મ., પૂ. ઉદયસૂરિ મ., પૂ. મેઘસૂરિ મ., પૂ. લબ્ધિસૂરિ મ., પૂ. ભક્તિસૂરિ મ. વગેરે તેઓના ચારિત્રની પેટ ભરીને અનુમોદના કરતા હતા. તેઓના બ્રહ્મચર્ય ગુણનું વર્ણન કરતા આ. જગચ્ચંદ્રસૂરિ મ. સ્વરચિત રાસમાં ખૂબ સુંદર રીતે જણાવ્યું છે –

બ્રહ્મચર્યનું તેજ વિરાજે,
જે મૂળ સર્વગુણોનું હો ગુરુવર.
મન-વચ-કાય શુદ્ધ જ એ તો,
ચિત્ત હરે ભવિજનનું હો ગુરુવર.
ગુણ ગાતા મેં કેઈ જન દીઠા,
અહો મહાબ્રહ્મચારી હો ગુરુવર.
આ કાળે દીઠો નહી એહવો,
વિશુદ્ધ વ્રતનો ધારી હો ગુરુવર.

આવા બ્રહ્મસમ્રાટ, સંયમ સમ્રાટ, જ્ઞાનનિધિ, સાધુ સમ્રાટ એવા વર્તમાન વિશ્વમાં સર્વશ્રેષ્ઠ મહાપુરુષના હાથે સંયમની પ્રાપ્તિ જ માત્ર નહી પણ કર્મસાહિત્ય જેવા ઉચ્ચ અને ઉંડા વિષયનું જ્ઞાન અમને તેમની પાસેથી મળે એ અમારું કેટલું બધું સૌભાગ્ય ! ખરેખર અમે બડભાગી બન્યા.

પૂજ્યપાદ પરમ ગુરુદેવ દ્વારા શરૂ થયેલી અમારી જ્ઞાનયાત્રા કુદકે ને ભુસકે આગળ વધવા માંડી. ૧-૨-૩-૪-૫ કર્મગ્રંથના પદાર્થો થવા માંડ્યા. પૂજ્યપાદ પરમ ગુરુદેવની એ વિશેષતા હતી કે પુસ્તકના આલંબન વિના જ તેઓ મોઢેથી પદાર્થો સમજાવતા. અમે પદાર્થોની ટૂંકી નોંધ ત્યાં કરી પછી કર્મગ્રંથના વિશિષ્ટ વિવેચનો જાતે વાંચી તેના ઉપરથી પદાર્થોની વિશિષ્ટ નોંધ કરતા... લગભગ તો આ જ રીતે નોંધ કરતા ઘણા પદાર્થો ઉપસ્થિત થઈ-જતા. સાંજે અંધારા પૂર્વે આ નોંધ પર પાછી જરા નજર નાખતા અને રાત્રે પ્રતિક્રમણ પછી આ પદાર્થોનો ધારાબદ્ધ પાઠ થતો... પ્રતિદિનના આ રીતે પુનરાવર્તનથી પદાર્થો ખૂબ જ રૂઢ થવા માંડ્યા. પાંચ કર્મગ્રંથ પછી છઠ્ઠા કર્મગ્રંથમાં ભાંગાઓની જાળમાં કેટલાક અટવાઈ ગયા અને અટકી ગયા. છ કર્મગ્રંથ પછી કર્મપ્રકૃતિના બંધનકરણ, સંક્રમકરણ, અપવર્તનાકરણ, ઉદ્‌વર્તનાકરણ, ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તકરણ અને નિકાચનાકરણ તથા ઉદય-સત્તાનો અભ્યાસ આગળ વધ્યો.. આઠ કરણ તથા ઉદય સત્તા થઈ દશે વિષય અમારા પૂર્ણ થયા. લગભગ એકાદ વર્ષમાં અમારો આ અભ્યાસ પૂર્ણ થયો. પછી તો છયે કર્મગ્રંથોની ટીકા, પ્રાચીન કર્મગ્રંથોની ટીકા, કર્મપ્રકૃતિની ચૂર્ણિ-ટીકાઓ વગેરેનું વાંચન પણ સારી રીતે થઈ ગયું. પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની ઈચ્છા થઈ કે હવે દિગમ્બર કર્મસાહિત્ય પણ જોઈ લો. સં. ૨૦૧૦ ના અહમદનગરના ચાતુર્માસમાં અમે ત્રણ જણા પૂ. જયઘોષ વિ. મ.સા. (વર્તમાન ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરિ મ.) પૂ. ધર્માનંદ વિ. મ.સા. (પૂ. ધર્મજિત્‌સૂરિ મ.સા.) તથા હું અમે ત્રણે ગોમ્મટસાર વગેરે ગ્રંથોનું અવગાહન ચાલુ કર્યું. રોજ સવારે નવકારશી પછી ગોચરી સુધી (૮ થી ૧૧ાા લગભગ સાડા ત્રણ કલાક) અમારી આ જ્ઞાનચર્યા ચાલતી.

પ્રસંગ એકવાર એવો બન્યો કે આ ગ્રંથોની અવગાહના કરતા સૂક્ષ્મ ગણિતના પદાર્થો આવ્યાં. એમાં અમે અટવાઈ ગયા. ઘણી મહેનત કરી પદાર્થનું ગણિત સમજાતું ન હતું: અમે નિર્ણય કર્યો. આનો ઉકેલ ન મળે ત્યાં સુધી ગોચરી વાપરવી નથી. મંહાત્માઓની આખી માંડલિની (૩૪ સાધુઓ હતા) ગોચરી વપરાઈ ગઈ. અમારો નિવેડો આવતો ન હતો. લગભગ

૧-૧। વાગી ગયો. ચાર-પાંચ કલાકના અમારા પ્રયત્ન છતાં અમને સફળતા ન મળી. પૂજ્યપાદશ્રીની નજર અચાનક અમારા પર ગઈ. અમને પુછ્યું - "કેમ હજી ગોચરી વાપરી નથી ?" અમે નિર્ણય જણાવ્યો. તેઓએ અમને કહ્યું - "ગોચરી વાપરી લો, આવતી કાલે ફરી પદાર્થ વિચારજો." અમારા સાધુ જીવનના બધા નિર્ણય કે નિયમો ગુરુવર્યોના અપવાદપૂર્વકના હોય છે. અમે ગોચરી વાપરી. થાકેલા એવા અમે તે દિવસે આરામ કર્યો. બીજા દિવસના પ્રારંભે નવકારશી કર્યા પછી લગભગ આઠ વાગે પુનઃ અમે પુસ્તકો ખોલ્યા. આગલા દિવસની વિચારણા આગળ વધારી. કોઈક ચમત્કાર થયો. આગલા દિવસની પાંચ કલાકની મહેનતે જે પદાર્થો ઉકેલ્યા ન હતા એ પદાર્થ અડધા કલાકમાં જ ઉકલી ગયા. અમને બધું જ કઠણ એવું ગણિત પણ બેસી ગયું. અમે આનંદથી નાચી ઉઠ્યા. અમને ખ્યાલ આવી ગયો. ચમત્કાર પરમ ગુરુદેવના વચનનો હતો. અમારી બુદ્ધિનો નહી. પરમગુરુદેવના ચરણે અમારું મસ્તક ઝુકી ગયું.

કર્મસાહિત્યના દિગંબરગ્રંથોની અવગાહના કરતા અમારા હાથમાં 'કસાયપાહુડ ચૂર્ણિ' આવી જે દિગંબર સંસ્થા તરફથી પ્રકાશિત થઈ હતી. આ ગ્રંથની અવગાહના કરતા અમને ખ્યાલ આવ્યો કે આ ગ્રંથ શ્વેતાંબર-દિગંબરના ભેદ પૂર્વેનો હતો. પૂર્વમાંથી ઉદ્ધૃત હતો. પંચસંગ્રહમાં પાંચ ગ્રંથોનો સંગ્રહ કર્યાનું જે જણાવેલ છે તેમાં આ ગ્રંથનું નામ તો જાણેલું, પણ જોવા ત્યાર પછી જ મળ્યો. કસાયપાહુડ ચૂર્ણિની અમે અવગાહના કરી. પછી તો મહાબંધ ગ્રંથ પણ ભણ્યા. ધવલા, જયધવલા વગેરે ટીકાગ્રંથો પણ બરાબર જોયા, વાંચ્યા... આ બધાના આધારે કર્મસાહિત્યમાં અમારી ચાંચ થોડી ઉંડી ઉતરી... બુદ્ધિ પરિકર્મિત થઈ.

સં. ૨૦૧૩-૨૦૧૪ ના ચાતુર્માસ પરમ ગુરુદેવ-પ્રગુરુદેવ વગેરેના અમદાવાદ જ્ઞાનમંદિરમાં થયા. સંઘ જે પંચાંગનો આશરો લેતો તે ચંડાંશુચંડુ પંચાંગમાં સં. ૨૦૧૩ માં ભા.સુદ ૫ નો ક્ષય આવ્યો. એકતિથિ પક્ષે સુદ ૩ નો ક્ષય કર્યો. બે તિથિ પક્ષે સુદ ૫ નો ક્ષય ચાલુ રાખ્યો. સંવત્સરી અલગ દિવસે થઈ. પર્યુષણમાં તપાગચ્છમાં બે ભેદ પડ્યાં. પરમગુરુદેવશ્રી વ્યથિત થયા. સં. ૨૦૧૪ માં પણ ભાદરવા સુદ-૫ નો ક્ષય જોયો. પરમગુરુદેવે પ્રયત્ન કરી સાધુસંમેલન (સમસ્ત તપાગચ્છના સાધુઓનું સંમેલન) ગોઠવ્યું. સં. ૨૦૧૪ વૈશાખ સુદ-૩ ના દિવસે સંમેલનનો પ્રારંભ થયો. બંને પક્ષના મહારથી આચાર્યો ભેગા થયાં. ઘણી મહેનત કરવા છતા નિર્ણય ન થયો. સંમેલન નિષ્ફળ ગયું. સંઘમાં વાતાવરણ ખુબ વિષાદમય થયું. કોઈકની નજરે જન્મભૂમિ પંચાંગ આવ્યું. તેમાં ભાદરવા સુદ ૫નો ક્ષય ન હતો. સકલ સંઘે ચંડાંશુચંડુની બદલે જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગ સ્વીકાર્યું. એ વર્ષ પૂરતો ભેદ ટળી ગયો. થોડું પ્રસન્નતાનું વાતાવરણ થયું. પરમગુરુદેવે ત્યાર પછી સંઘ-એકતા માટે પ્રયત્ન ચાલુ રાખ્યો. છેવટે સં. ૨૦૨૦ માં પિંડવાડા મુકામે પુનમની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાનો પટ્ટક કરી સ્વીકારી સં. ૧૯૯૨ થી શરૂ થયેલ તિથિભેદ દ્વારા ઉભા થયેલ પક્ખિના મતભેદને નિવાર્યો...

સં. ૨૦૧૩ માં સ્વાસ્થ્યની પ્રતિકુળતાના કારણે વૈદ્યના ઉપચાર માટે પૂજ્ય ગુરુદેવોથી અલગ મારું ચાતુર્માસ સુરતમાં થયું. સં. ૨૦૧૪ માં અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવોની સાથે ભેગા

થવાનું થયું. આ દરમિયાન અનેક શાસ્ત્રોની અવગાહના દ્વારા પરિકર્મિત થયેલ વિશિષ્ટ ક્ષયોપશમવાળી પૂ. જયઘોષવિજયજી મહારાજની પ્રજ્ઞા કર્મસાહિત્યના શાસ્ત્રોમાં નિર્દિષ્ટ પદાર્થોના હેતુઓ શોધવામાં ખૂબ વિશાળ બની. તેઓ અનેક રીતે પદાર્થો સિદ્ધ કરી બતાવતા. પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીને થયું કે આ હેતુઓ વગેરે સંગ્રહિત થાય તો એક વિશાળ કર્મસાહિત્યનું સર્જન થાય. પૂજ્યપાદશ્રીએ પોતાના વિચારો જણાવ્યાં. પણ આવી ઉંડી સૂક્ષ્મ વાતોમાં ઉતરી તેને શબ્દારૂઢ કરી ગ્રંથોના સર્જનનું કામ સાધુઓને ખુબ કઠણ લાગ્યું. જોઈએ તેવો ઉત્સાહ ન જાગ્યો.

સં. ૨૦૧૫ નું ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં થયું. પૂજ્યપાદશ્રી અનેક રીતે અમારો ઉત્સાહ જગાડવા પ્રયત્ન કરતા. છેવટે એક પ્રભાતે પૂજ્યપાદશ્રીએ પોતે જાતે આલેખન કરવાનો પ્રારંભ કર્યો. અમારા મન પલટ્યા. અમે પૂજ્યપાદશ્રીનો નૂતન કર્મસાહિત્ય સર્જનનો નિર્ણય માથે ચઢાવ્યો.

પૂ. જયઘોષવિજયજી મહારાજ, પૂ. ધર્માનંદવિજયજી મહારાજ તથા હું અમે ત્રણેએ સુરેન્દ્રનગરમાં વાસુપૂજ્ય દાદાની નિશ્રામાં પ્રથમ પદાર્થ સંગ્રહ કરવાનો પ્રારંભ કર્યો. ત્રણેયે કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, શતકચૂર્ણિ, કસાયપાહુડ તથા અન્ય શ્વેતાંબર-દિગંબર ગ્રંથોના આધારે 'ક્ષપકશ્રેણિ'ના પદાર્થો સંગ્રહ કરવાનું કામ શરૂ કર્યું... અનેક ગ્રંથોના આધારે અમે ત્રણેયે 'ક્ષપકશ્રેણિ' વિષે ઉંડી વિચારણાઓ કરી. શરૂઆતમાં ગુજરાતીમાં તેનું આલેખન કર્યું. દરમિયાન આ વિશાળ કાર્યમાં અન્ય સાધુઓ પણ જોડાય તે માટે વ્યાકરણ વગેરેના અભ્યાસથી પરિકર્મિત બુદ્ધિવાળા મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજ, મુનિશ્રી વીરશેખરવિજયજી મહારાજ આદિ કેટલાક મુનિઓને કર્મગ્રંથ-કર્મપ્રકૃતિના અભ્યાસમાં પૂજ્યપાદશ્રીએ જોડ્યાં. વિશાળ પ્રજ્ઞાવાળા આ મહાત્માઓ પણ તૈયાર થયા. પ્રારંભમાં ઉપશમશ્રેણિના પદાર્થો તૈયાર કર્યા. ઉપશમનાકરણની કર્મપ્રકૃતિની ગાથાઓનું આ બધા પદાર્થોને સમાવિષ્ટ કરતુ વિવેચન પણ મેં લખ્યું.

સં. ૨૦૧૬ નું ચાતુર્માસ શિવગંજ થયું. ગુજરાતી ભાષા બદલાતી રહે છે. સંસ્કૃત ભાષા શાશ્વત જેવી હોઈ સમસ્ત સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃતમાં રચવાનો નિર્ણય થયો. 'ક્ષપકશ્રેણિ' ના પદાર્થોને પ્રાકૃતભાષાની ગાથાઓ અને સંસ્કૃત ટીકા દ્વારા ગ્રંથ રચવાનું કાર્ય મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજને સોંપાયું. તેમાંથી "ખવગસેઢી" ગ્રંથની રચના થઈ. જિનશાસનના અમૂલ્ય નિધાન જેવો આ ગ્રંથ છે. પૂજ્યપાદશ્રીની ઈચ્છા તો બંધનકરણાદિ બધા જ કરણો ઉપર માર્ગણા દ્વારોથી પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશનું વિસ્તૃત વર્ણન કરતા ગ્રંથોના નિર્માણની હતી.

સં. ૨૦૧૭ માં મારું સ્વાસ્થ્ય પાછું બગડ્યું. ન છુટકે પૂજ્ય ગુરુદેવોથી છુટા પડી મારે ઉપચારાર્થે સુરેન્દ્રનગર જવું પડ્યું... આ બાજુ બંધનકરણના પદાર્થવિશેષના સંગ્રહના કાર્યમાં પૂ. જયઘોષવિજયજી મહારાજ અને પૂ. ધર્માનંદવિજયજી મહારાજ સાથે મુનિશ્રી વીરશેખરવિજયજી મહારાજ જોડાયાં. તેમણે પદાર્થસંગ્રહ ઉપરથી પ્રાકૃત ગાથાઓનું પણ નિર્માણ કર્યું. અતિલઘુવયમાં દીક્ષિત થયેલ આ પુણ્યાત્માએ કાર્ય જલ્દી થાય એ માટે લગભગ ૬૦ હજાર જેટલી પ્રાકૃત ગાથાઓનું નિર્માણ કર્યું. આ ગાથાઓ ઉપર વિસ્તૃત ટીકા નિર્માણ કરવાનું કાર્ય જુદા જુદા મુનિઓને સોંપાયું. પૂ. જયઘોષવિજયજી મહારાજ, પૂ. ધર્માનંદવિજયજી મહારાજ, મુનિશ્રી

જિતેન્દ્રવિજયજી મહારાજ, મુનિશ્રી જયશેખરવિજયજી મહારાજ, મુનિશ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજ, મુનિશ્રી વિચક્ષણવિજયજી મહારાજ, મુનિશ્રી અક્ષયવિજયજી મહારાજ વગેરેએ ટીકાગ્રંથોના નિર્માણ કર્યા.

પરમગુરુદેવનું વતન પિંડવાડા હતું. પિંડવાડા સંઘને પરમગુરુદેવ ઉપર અત્યંત બહુમાન હતું. પિંડવાડામાં 'ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ' દ્વારા આ ગ્રંથોના પ્રકાશનની સંપૂર્ણ જવાબદારી લેવામાં આવી. આ રીતે વિશાળ કર્મસાહિત્ય સર્જનનું કાર્ય શરૂ થયું.

સં. ૨૦૨૨ ના પૂજ્યપાદશ્રીના અમદાવાદ ચોમાસા પ્રસંગે અમદાવાદના અનેક આચાર્યો, પંન્યાસો, મુનિઓની પુણ્યનિશ્રામાં "ખવગસેઢી" અને "બંધવિહાણં ભાગ-૧" ગ્રંથોનું ઉદ્ઘાટન પ્રકાશ હાઈસ્કૂલના મેદાનમાં દબદબાભરી રીતે થયું. આ પ્રસંગે સમસ્ત જૈન શ્રુત સાહિત્યનું એક સુંદર પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું, જેના દ્વારા અનેક આત્માઓને પ્રભુશાસનના ગ્રંથોનો પરિચય થયો. જિનશાસનના સાહિત્યને જોઈ અનેક પુણ્યાત્માઓ ઓવારી ગયા. "ખવગસેઢી" અને "બંધવિહાણં" બંને ગ્રંથોને ખૂબ જ બહુમાનપૂર્વક હાથીની અંબાડીએ ગોઠવીને વરઘોડો ખૂબ ઉલ્લાસપૂર્વક નીકળ્યો. પૂર્વેના કલિકાલ સર્વજ્ઞના 'સિદ્ધહેમ વ્યાકરણ' ની યાદ કરાવે તેવો પ્રસંગ થયો. અનેક શ્રેષ્ઠિવર્યોએ પણ ગ્રંથપ્રકાશનમાં ઉદાર ચિત્તે લાભ લીધો. ક્રમસર ગ્રંથો તૈયાર થઈ પ્રકાશિત થવા માંડ્યા...

આ રીતે પરમગુરુદેવશ્રીની ઈચ્છાપૂર્તિ સ્વરૂપ વિશાળ કર્મસાહિત્યનું નિર્માણ થયું. જો કે પૂજ્યપાદશ્રીની ઈચ્છા આઠ કરણ, ઉદય અને સત્તા ઉપર વિશાળ સાહિત્ય નિર્માણ કરવાની હતી. પણ પૂજ્યપાદશ્રીની ઉત્તરાવસ્થામાં કાર્ય ઢીલું પડ્યું. છતાં 'બંધવિહાણં' વગેરે સાહિત્યનું નિર્માણ થયું છે એ પણ મોટું કાર્ય થયું છે.

વિશાળ કર્મસાહિત્યના સર્જનના ઈતિહાસની આ સંક્ષેપમાં રૂપરેખા જણાવી છે.

પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિથી મોક્ષ સુધીની બધી પ્રક્રિયા 'ઉપશમનાકરણ' અને 'ક્ષપકશ્રેણિ' આ બે ગ્રંથોના માધ્યમથી આપણને પ્રાપ્ત થાય છે. માટે આ બંને ગ્રંથો મોક્ષમાર્ગના સાધક જીવો માટે ખૂબ જ મહત્ત્વના છે.

વર્ષો પૂર્વે (લગભગ પચાસ વર્ષ પૂર્વે) લખાયેલ આ વિવેચન એમ જ પડી રહેલ. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજે આ લખાણને વ્યવસ્થિત કરી પ્રકાશિત કરવા સૂચના કરી. ઘણા પરિશ્રમે આ ગ્રંથ તૈયાર થયો છે. કર્મસાહિત્યના અભ્યાસના રસિયા જીવો માટે આ ગ્રંથ ખુબ જ લાભદાયી થશે.

સૌ કોઈ આવા ગ્રંથોના પઠન-પાઠન-ચિંતન-મનન દ્વારા વિપુલ કર્મનિર્જરા સાધી શીઘ્ર મુક્તિને પામો એ જ શુભાભિલાષા.

**પાલનપુર**
**સં. ૨૦૬૪, શ્રાવણ સુદ-૧૨, બુધવાર**

**સમતાસાગર, ગુરુસમર્પિત સ્વ. પૂ.**
**ગુરુદેવશ્રી પં. પદ્મવિજયજી મ.નો શિષ્યાણુ**
**હેમચન્દ્રસૂરિ**

# પ્રસ્તાવના

આપણા ગ્રંથોમાં આર્યભૂમિ.અને અનાર્યભૂમિની વાતો આવે છે. આ બેમાં શું ફેર હોય છે ? એની કંઈક કલ્પના આવે એટલા માટે ભારતદેશને આર્યભૂમિ કલ્પીએ, અને એ સિવાયની અનાર્ય ભૂમિ... એમ કલ્પીએ. તો આ બેમાં એક મહત્ત્વનો તફાવત આવો જણાય છે... જે દર્શનો-જે ધર્મો ભારત દેશની આર્યભૂમિમાંથી ઉદ્‌ભવ પામ્યા છે... તે બધામાંથી એક ચાર્વાકને છોડી દઈએ તો શેષ બધા દર્શનોમાં પાયો એક સમાન છે. પછી ચાહે એ જૈન દર્શન હોય, બૌદ્ધ દર્શન હોય કે સાંખ્ય-વેદાન્ત-ન્યાય-વૈશેષિક દર્શન હોય... બધા જ આત્મતત્ત્વને માને છે. અનાદિ કાળથી એમાં જડતત્ત્વ અશુદ્ધિ રૂપે ભળેલું છે. આ અશુદ્ધિના કારણે જ જીવનું સંસારમાં પરિભ્રમણ ચાલુ છે. તથા ચારે ગતિમાં દુઃખો વેઠવા પડે છે. આ અશુદ્ધિ દૂર થાય તો આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. આ શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ છે. આ અશુદ્ધિ દૂર થઈ શકે છે. એને દૂર કરવાના ઉપાયો છે. એ ઉપાયો દ્વારા આત્માને શુદ્ધ કરવો એ જ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય છે. જો આ ન થતું હોય તો, પૌદ્‌ગલિક સમૃદ્ધિ ગમે તેટલી હોય તો પણ એની કશી કિંમત નથી. કોઈ મહત્ત્વ નથી.

હવે ભારત દેશની બહારની ભૂમિમાંથી જે ધર્મો ઉદ્‌ભવ્યા છે તે ઈસાઈ-ઈસ્લામ-યહુદી-પારસી વગેરે ધર્મોની વાતો કરીએ... કદાચ આત્મા-પુણ્ય-પાપ-પરલોક વગેરે માનતા હોય તો પણ એ વાત મુખ્ય નથી. પરલોકમાં પણ ભવાંતર જ માને છે. પરમલોક મોક્ષની કોઈ કલ્પના જ નથી. વિષય-કષાયની અમુક માત્રા સુધી મંદતા થાય એટલે ભયો ભયો માનનારા છે. આ મંદતા હોય... ભૌતિક સમૃદ્ધિ હોય... દયા-પરોપકાર-નીતિ વગેરે માનવતા કક્ષાના ગુણો હોય, એટલે ઊંચામાં ઊંચું લક્ષ્ય પામી ગયા એવી કલ્પના છે. વિષય-કષાયની લાગણીઓ પર સંપૂર્ણ વિજય મેળવવાનું કોઈ લક્ષ્ય નથી. આત્મામાં અશુદ્ધિ ભળેલી છે એ દૂર થઈ શકે છે વગેરેની કોઈ કલ્પના નથી... પુદ્‌ગલાતીત સુખની કોઈ જાણકારી કે શ્રદ્ધા જ નથી, પછી એના ઉપાયો-પુરૂષાર્થની તો વાત જ ક્યાં ?

ભારતભૂમિ આર્યભૂમિ કેમ કહેવાય છે ? એનું એક કારણ આના પરથી સ્પષ્ટ છે. અલબત્ જૈન-બૌદ્ધ વગેરે દર્શનોનો પાયો એક સમાન છે. એક ચેતનદ્રવ્ય, એમાં અશુદ્ધિ, એના કારણે સંસારભ્રમણ, અશુદ્ધિને અલગ કરી શકાય છે, અશુદ્ધિ દૂર થાય એટલે મોક્ષ... એ જ સાધના યોગ્ય છે... જો કે ચેતન તત્ત્વના નામ-સ્વરૂપ વગેરેમાં ફેરફાર પણ છે. જેમકે જૂદા જૂદા દર્શનકારો આત્મા-પુરુષ-બ્રહ્મ વગેરે નામે ચેતનને ઓળખે છે. એમાં ભળનારી અશુદ્ધિને કર્મ-પ્રકૃતિ-અવિદ્યા-વાસના-અપૂર્વ-અદૃષ્ટ વગેરે નામે પિછાણે છે. તથા આત્માને કોઈક એકાંત નિત્ય માને છે. તો કોઈક એકાન્ત અનિત્ય-ક્ષણિક... જૈનદર્શન નિત્યાનિત્ય માને છે તથા એને કોઈક બ્રહ્માંડવ્યાપી

વિભુ માને છે તો કોઈક શરીરવ્યાપી તો કોઈક અંગુષ્ઠમાત્રમાં રહેનાર માને છે. વળી કોઈક એને અકર્તા-અભોક્તા માને છે. તો અન્યો કર્તા-ભોક્તા માને છે. આમ આત્મસ્વરૂપની માન્યતામાં પણ ફરક છે.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયારૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ પણ બધાનું ફેરફારવાળું છે અને છેવટે આત્માના શુદ્ધ સ્વરૂપ મોક્ષ અંગેની માન્યતાઓ પણ બધાની પોતપોતાની સ્વતંત્ર છે.

છતાં, પાયો બધાનો એક સમાન છે કે આત્મા-અશુદ્ધિ-સાધના-શુદ્ધ આત્મા-માટે આ બધા આર્યધર્મો છે. આ બધામાં જૈનદર્શને આત્માને નિત્યાનિત્ય = પરિણામી નિત્ય = કથંચિદ્ (અમુક અપેક્ષાએ) નિત્ય અને કથંચિદ્ અનિત્ય માનેલો છે. તથા કર્મ વગેરે પુદ્ગલરૂપ જડ તત્ત્વ અશુદ્ધ છે. એમાં પુદ્ગલોની અવરજવર ચાલુ હોવા છતાં પ્રવાહથી અનાદિ છે. અનાદિકાળથી કર્મો સાથે ક્ષીર-નીરની જેમ જોડાયેલો છે અને તેથી સંસારી જીવ કથંચિદ્ મૂર્ત છે.

અનંત જ્ઞાન વગેરે ગુણોની અપેક્ષાએ સર્વ જીવો એક સમાન છે. એક અંશ માત્રનો પણ ફરક હોતો નથી. પણ કર્મોની વિવિધતા અને તરતમતાના કારણે સંસારી જીવોમાં અનેક પ્રકારની વિવિધતાઓ-વિષમતાઓ નિર્માણ પામે છે. કર્મોની અશુદ્ધિ ખસી જવાથી શુદ્ધ બનેલા આત્માઓ સિદ્ધ કહેવાય છે. આ સિદ્ધાત્માઓમાં સંપૂર્ણ સામ્યવાદ હોય છે. અલબત્ બૌદ્ધ વગેરે દર્શનોએ પણ કર્મતત્ત્વ માનેલું છે. પણ, કર્મોની વિવિધતા અને તરતમતાઓનું સર્વ વ્યાપક અને સ્પષ્ટ નિરૂપણ જૈન ગ્રંથોમાં જે જોવા મળે છે એવું અન્ય કોઈ દર્શનના ગ્રંથોમાં જોવા મળતું નથી. કર્મોની આઠ મૂળ પ્રકૃતિઓ એની ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓ... વળી એની પણ કેટલીય પેટાપ્રકૃતિઓ... આ બધાની સ્થિતિના કારણે થતી તરતમતાઓ-રસના કારણે થતી તરતમતાઓ-પૌદ્ગલિક જથ્થાની તરતમતા - આ બધી બાબતો અંગે અન્ય દર્શનકારો બિલકુલ મૌન છે. એમની નજર જ ત્યાં પહોંચતી નથી. જ્યારે જૈન ગ્રન્થકારો સર્વજ્ઞવચનના બળે આ વિષયમાં એટલા ઊંડા ઉતર્યા છે, અને સૂક્ષ્મ ગણિતપૂર્વકનું સૂક્ષ્મતમ એવું સચોટ નિરૂપણ કર્યું છે કે જેથી વિશ્વ વાઙ્મયને એક સમૃદ્ધ ખજાનો સહજ પ્રાપ્ત થઈ ગયો છે.

આ સમૃદ્ધ ખજાનાના બહુમૂલ્ય મણકા આ પ્રમાણે છે -

શ્રી જૈન આગમોમાં કર્મસાહિત્યને હૃદયની ઉપમા આપવામાં આવી છે. અર્થાત્ શરીરમાં જેમ હૃદય એ મહત્ત્વનું અંગ છે એમ શ્રી જૈન આગમોમાં કર્મસાહિત્ય એ મહત્ત્વનો વિષય છે. એટલે જ ચૌદપૂર્વમાં બીજા અગ્રાયણીયપૂર્વનો 'કર્મ પ્રાભૃત' નામનો એક વિભાગ કર્મ વિષયક હતો. એમ જ પાંચમા જ્ઞાનપ્રવાદપૂર્વમાં અને આઠમા કર્મપ્રવાદપૂર્વમાં પણ કર્મ અંગેની સુંદર વાતો હતી. કમ્મપયડી, કષાયપ્રાભૃત, પંચસંગ્રહ, સપ્તતિકા, પ્રાચીન છ કર્મગ્રન્થ વગેરે વર્તમાનમાં વિદ્યમાન ગ્રંથો આ પૂર્વોમાંથી ઉદ્ધૃત થયેલા છે. જે નીચે મુજબ જાણવા -

**પ્રાચીન ૬ કર્મગ્રન્થો :**

(૧) **કર્મવિપાક :** કર્તા-ગર્ગર્ષિમુનિ... ૧૬૮ શ્લોક પ્રમાણ... રચના-વિક્રમની ૧૦મી સદી.

(૨) **કર્મસ્તવ :** અજ્ઞાતકર્તૃક... ૫૭ શ્લોક પ્રમાણ... આનું 'બન્ધોદય-સદ્-યુક્ત-સ્તવ' આવું બીજું નામ પણ છે.

(૩) **બન્ધસ્વામિત્વ :** અજ્ઞાતકર્તૃક...૫૪ શ્લોક પ્રમાણ... આના પર બૃહદ્ગચ્છના શ્રી હરિભદ્રસૂરિજીએ વિ.સં. ૧૧૭૨ માં રચેલી સંસ્કૃત ટીકા છે.

(૪) **ષડશીતિ :** શ્રી જિનવલ્લભગણિ કૃર્તક આ ગ્રન્થ ૮૬ શ્લોક પ્રમાણ હોવાથી ષડશીતિ કહેવાય છે. વિક્રમની ૧૨મી સદીમાં એની રચના થયેલી છે. એનું બીજું નામ 'આગમિક વસ્તુ વિચારસાર' પણ છે.

(૫) **શતક :** ૧૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રન્થના રચયિતા શ્રી શિવશર્મસૂરિજી મહારાજ છે. જેઓ કમ્મપયડીના પણ કર્તા છે. બીજા અગ્રાયણીયપૂર્વની પાંચમી ક્ષીણલબ્ધિ નામની વસ્તુના ચોથા કર્મપ્રકૃતિપ્રાભૃતમાંથી આ ગ્રન્થ ઉદ્ધૃત થયેલો છે. એના પર પ્રાચીન ચૂર્ણિ છે. તથા ભાષ્ય અને વૃત્તિ પણ છે.

(૬) **સપ્તતિકા :** આ ગ્રન્થના કર્તા શ્રી ચન્દ્રમહત્તરાચાર્ય છે. (કિટલાક પ્રાચીન ઈતિહાસવિદો એવું પણ માને છે કે આના કર્તા પણ શિવશર્મસૂરિજી મહારાજ જ છે.) આ ગ્રન્થની ગાથા ૭૦ હોવાથી એનું નામ સપ્તતિકા છે. શતકની જેમ આ પણ કર્મપ્રકૃતિપ્રાભૃતમાંથી ઉદ્ધૃત થયેલ છે. આના પર પણ ચૂર્ણિ-ટીકાઓ છે.

આ બધા કર્મગ્રન્થો પ્રાચીન એટલા માટે કહેવાય છે કે પૂ.આ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજે આ બધા પરથી સરળતા થાય એ રીતે તે તે નામના કર્મગ્રન્થની રચના કરી છે. એટલે એ કર્મગ્રન્થ અર્વાચીન થવાથી આ કર્મગ્રન્થો પ્રાચીન કહેવાય છે. વળી દેવેન્દ્રસૂરિજી મહારાજે પાંચ અર્વાચીન કર્મગ્રન્થ જ રચ્યા છે. એટલે છઠ્ઠો તો પ્રાચીન કહો કે અર્વાચીન એક જ છે. હાલ ભણવા ભણાવવામાં અર્વાચીન કર્મગ્રન્થો જ મુખ્યતયા પ્રચલિત છે.

અર્વાચીન પાંચે કર્મગ્રન્થો પર ગ્રન્થકાર શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજની પોતાની વૃત્તિઓ છે. પણ એમાંથી ત્રીજા કર્મગ્રન્થ પરની વૃત્તિ હાલ ઉપલબ્ધ નથી તથા પાંચે કર્મગ્રન્થો પર ૨૯૫૮ શ્લોક પ્રમાણ શ્રી મુનિશેખરસૂરિજીની ટીકા છે, ૫૪૦૭ શ્લોક પ્રમાણ શ્રી ગુણરત્નસૂરિજીની ટીકા છે તથા બીજા કર્મગ્રન્થ પર ૧૫૦ શ્લોક પ્રમાણ શ્રી કમલસંયમ ઉપાધ્યાયજીનું વિવરણ છે. તેમજ શ્રી જયસોમસૂરિજી મહારાજનો ૧૭૦૦૦ શ્લોકપ્રમાણ, શ્રી મતિચંદ્રસૂરિજી મહારાજનો ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ અને શ્રી જીવવિજયજી મહારાજનો ૧૦૦૦ શ્લોકપ્રમાણ બાલાવબોધ પણ રચાયેલ છે.

તથા છઠ્ઠા સપ્તતિકા કર્મગ્રન્થ પર શ્રી અભયદેવસૂરિજી કૃત ભાષ્ય, અજ્ઞાતકૃર્તક-ચૂર્ણિ, ચન્દ્રર્ષિમહત્તરાચાર્યકૃત પ્રાકૃતવૃત્તિ, શ્રી મલયગિરિજી કૃત સંસ્કૃત ટીકા, શ્રી મેરુતુંગાચાર્યકૃત ભાષ્યવૃત્તિ અને શ્રી ગુણરત્નસૂરિ કૃત અવચૂરિ છે.

વર્તમાનમાં અધ્યાપક અધ્યેતાઓને સરળતા રહે એ માટે ગુજરાતી ભાષામાં આ છએ કર્મગ્રન્થો પર અનેક વિવેચનો પ્રકાશિત થયેલા છે અને તેથી છએ કર્મગ્રન્થોનું અધ્યયન ચતુર્વિધ શ્રી સંઘમાં નોંધપાત્ર રીતે વધ્યું છે.

● **કર્મપ્રકૃતિ (કમ્મપયડિ)** - પ્રાચીન-અર્વાચીન છ કર્મગ્રંથની ઉપર શિરમોર કહેવાય એવા આ ગ્રંથના રચયિતા પૂ.આ. શ્રી શિવશર્મસૂરિજી છે, જેઓ દૃષ્ટિવાદના જ્ઞાતા-પૂર્વધર હતા. તેઓએ બીજા આગ્રાયણીય પૂર્વની પાંચમી વસ્તુના કર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃત ઉપરથી આ ગ્રંથ ઉદ્ધૃત કર્યો છે. આ ગ્રંથ કર્મપ્રકૃતિ મૂળ કે કર્મપ્રકૃતિસંગ્રહણી તરીકે પણ ઓળખાય છે. પ્રાકૃત ભાષામાં પદ્યરૂપે ૪૭૫ શ્લોકપ્રમાણ આ ગ્રન્થ પર ૭૦૦૦ શ્લોક પ્રમાણ અજ્ઞાતકર્તૃક ચૂર્ણિ છે. જે ચૂર્ણિના વિષમપદો પર પૂ. મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત વિષમપદ ટીપ્પણ છે. વળી આ કમ્મપયડિ ગ્રન્થ પર શ્રી મલયગિરિ મહારાજ વિરચિત ૮૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ગદ્યમય વૃત્તિ છે. તેમજ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ગદ્યમય વૃત્તિ છે. આ ગ્રન્થના ગહન પદાર્થો ટૂંકમાં સરળતાથી સમજાય એ માટે મારાં કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ-૧ તથા ભાગ-૨ એમ બે પુસ્તકો પ્રકાશિત થયેલા છે. તેમજ તે તે પદાર્થોના ઊંડા રહસ્યાર્થ પામવા માટે કર્મ પ્રકૃતિ-પ્રશ્નોત્તરી (ભાગ-૩) નામે પુસ્તક પણ પ્રકાશિત થયેલ છે. શ્રી શિવશર્મસૂરિજી મહારાજ કૃત આ ગ્રન્થના જ એક અધિકાર ઉપશમનાકરણના વિસ્તૃત વિવેચનરૂપે પ્રસ્તુત ગ્રન્થ છે.

● **પંચસંગ્રહ** - શ્રી ચંદ્રર્ષિ મહત્તરાચાર્યકૃત આ ગ્રન્થ ૯૬૩ શ્લોક પ્રમાણ છે. આના બે ભાગ છે. પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે. બીજા ભાગમાં બંધનકરણ વગેરે આઠ કરણોનું નિરૂપણ છે. આના પર ક્રમશઃ ૯૦૦૦ અને ૧૮૮૫૦ શ્લોકપ્રમાણ સ્વોપજ્ઞ તથા શ્રી મલયગિરિ મહારાજ કૃત ટીકાઓ છે.

● **કષાયપ્રાભૃત** : જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુના ત્રીજા પ્રાભૃતમાંથી રચાયેલા આ ગ્રન્થમાં કર્મ અને કષાયનું અતિવિસ્તૃત વર્ણન છે. આ ગ્રન્થ વીરસંવત ૪૬૭ આસપાસ શ્રી ગુણધરવાચકે રચેલો છે. તથા એના પર આર્યમંગુના શિષ્ય અને આર્ય નાગહસ્તીના અંતેવાસી એવા યતિવૃષભાચાર્યે મૂળ ગ્રન્થના પદાર્થોને ખૂબ સ્પષ્ટ કરતી વિસ્તૃત ચૂર્ણિની રચના કરી છે. કષાયપ્રાભૃત મૂળ અને ચૂર્ણિ... આ બન્ને દિગંબર મતોત્પત્તિ પૂર્વે રચાયેલા હોવાથી શ્વેતામ્બર અને દિગંબર બન્નેને માન્ય ગ્રન્થો છે. આ ગ્રન્થ પર શામકુંડાચાર્યની, તંબુલૂરાચાર્યની અને બપ્પદેવસૂરિજીની ટીકા છે. તથા શ્રી વીરસેનાચાર્યની ૬૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલા નામે મહાટીકા છે. પ્રસ્તુત ગ્રંથમાં કમ્મપયડીગત ઉપશમનાકરણના સૂક્ષ્માર્થ વિસ્તાર માટે મુખ્યતયા આ ગ્રન્થનો આધાર લેવામાં આવેલ છે. આ ગ્રન્થમાં પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ... વગેરેથી લઈને ઉપશમશ્રેણી... વગેરેનું ખૂબ જ સૂક્ષ્મતર-સૂક્ષ્મતમ નિરૂપણ હૃદયંગમ રીતે કરવામાં આવેલું છે. સાથે સાથે જરૂરી એવું ગણિત પણ તે તે સ્થળે આપેલ છે એ મનને પ્રફુલ્લિત કરી દે એવું છે અને અંતઃકરણ 'આવું નિરૂપણ સર્વજ્ઞ સિવાય અન્ય કોઈનું સંભવે નહીં' એવો પોકાર કરી ઉઠે એવું

છે. આજની દુનિયામાં પદાર્થ-વિજ્ઞાન અણુવિજ્ઞાન વગેરેની જે વાતો છે, એના કરતા પણ વધુ હેરત પમાડી દે એવી અતીન્દ્રિયતત્ત્વની વાતો આ ગ્રંથમાંથી જાણવા મળે છે અને હૈયું આનંદવિભોર બની જાય છે.

● **ષટ્ખંડાગમ :** જીવસ્થાનક, ક્ષુદ્રકબંધ, બંધસ્વામિત્વ વિષય, વેદનાવર્ગણા, અને મહાબંધ આવા ૬ ખંડોમાં કર્મ વિષયોનું વિસ્તૃત વર્ણન આ ગ્રન્થમાં થયેલું છે. આ ગ્રન્થની રચના પણ દિગંબર મતોત્પત્તિ પૂર્વે થયેલી છે એવું અનેક કારણોએ માનવું યોગ્ય લાગે છે. આ ગ્રન્થના કર્તા શ્રી ભૂતબલી તથા પુષ્પદંતભટ્ટારકજી છે. આ ગ્રન્થ પર શ્રી કુંદકુંદાચાર્યકૃત તથા શ્રી સમંતભદ્રાચાર્ય કૃત સંસ્કૃત ટીકાઓ છે. તથા શ્રી વીરસેનાચાર્ય કૃત ૭૨૦૦૦ શ્લોકપ્રમાણ ધવલા ટીકા છે.

**ગોમ્મટસાર :** સિદ્ધાંત ચક્રવર્તી શ્રી નેમિચન્દ્રજી રચિત આ ગ્રન્થના બે ખંડ છે. (૧) જીવકાંડ અને (૨) કર્મકાંડ. આ ગ્રન્થ પર ચામુંડરાયની બનાવેલી કન્નડ ભાષાબદ્ધ ટીકા છે. તથા કેશવવર્ણીજીકૃત અને અભયચન્દ્રજીકૃત... એમ બે સંસ્કૃત ટીકાઓ છે.

આ ઉપરાંત શ્રી નેમિચન્દ્રજીકૃત લબ્ધિસાર અમિતમુનિકૃત પંચસંગ્રહ, શ્રી મહેન્દ્રસૂરિજીકૃત મનઃસ્થિરીકરણ પ્રકરણ, શ્રી જિનવલ્લભગણિજીકૃત સાર્ધશતક, શ્રી જયતિલકસૂરિજીકૃત સંસ્કૃત કર્મગ્રન્થચાર, શ્રી વિજયવિમલગણિકૃત ભાવપ્રકરણ, શ્રી વિજયહર્ષકુલગણિકૃત બંધહેતૂદયત્રિભંગી, શ્રી વિજયવિમલગણિકૃત બંધોદયસત્તા પ્રકરણ, શ્રી દેવેન્દ્રસૂરિજીકૃત કર્મસંવેધ પ્રકરણ, શ્રી લક્ષ્મીવિજયજીકૃત ભૂયસ્કારાદિ વિચાર પ્રકરણ... આ રીતે અનેક ગ્રન્થોથી સમૃદ્ધ છે શ્રી જૈન શાસનનું કર્મસાહિત્ય... એ વધારે સમૃદ્ધ બન્યું છે કર્મસાહિત્યનિષ્ણાત સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા... માર્ગદર્શન... અને સંશોધન દ્વારા પ્રકાશિત થયેલ બંધવિહાણં-ખવગસેઢી-ઉપશમનાકરણ વગેરે દ્વારા.

જૈન દર્શનના આ વાઙ્મયખજાનાનું અણમોલ નજરાણું એટલે **કર્મપ્રકૃતિ સંગ્રહણી.** આ ગ્રન્થમાં બંધનકરણ, સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ, ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણ, ઉદય અને સત્તા... એમ દશ અધિકારોનું વિસ્તારપૂર્વક નિરૂપણ છે. આમાનું છઠ્ઠું ઉપશમનાકરણ એ, એક અપેક્ષાએ અધિક મહત્વનું છે કેમકે એમાં સર્વ કર્મોના રાજા સ્થાને રહેલા મોહનીય કર્મની ચોટી પકડવામાં આવે છે. મોહ પર ઘા પડ્યો એટલે બાકીના બધા વિના વિશેષ પ્રયાસે નિયંત્રણમાં આવી જાય છે. વળી ઉપશમનાકરણમાં પ્રથમ સમ્યક્ત્વોત્પાદ વગેરે અધિકારોમાં તર્કબદ્ધ-ગણિતબદ્ધ-હૃદયંગમ વિસ્તૃત નિરૂપણ પણ શક્ય છે. માટે કમ્મપયડી મહાશાસ્ત્રના દશ અધિકારોમાંથી એક ઉપશમનાકરણ અધિકારને વિશદ કરવા માટે આ પ્રસ્તુત ગ્રંથની રચના થયેલી છે. આમાં કુલ નવ અધિકારો છે. આ પ્રથમ ભાગમાં આમાંથી પ્રથમ સાત અધિકારો છે. તેમજ કરણકૃત દેશોપશમના અધિકાર છે. તે કર્મપ્રકૃતિમાંથી લીધેલા છે. છતાં આ ગ્રન્થમાં તે તે અધિકારો પર કંઈક વિશેષ પ્રકાશ પણ પાથર્યો છે. જેમકે

**(૧) પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર** - આ પામવા માટે કરણ કરનાર જીવને પૂર્વાવસ્થાથી જે બંધ-ઉદયાદિના ભાંગા-વિકલ્પ વગેરેનો અહીં સારો સ્પષ્ટ વિસ્તાર કર્યો છે,

કષાયપ્રાભૃતચૂર્ણિકારના મતે મોહનીયની ૨૭-૨૮ ની સત્તાવાળો પણ આ સમ્યક્ત્વ પામી શકે એનો સકારણ વિચાર, પુનરુક્ત-અપુનરુક્ત-અધ્યવસાયો-ખંડો, એક એક સ્થિતિઘાતનો કાળ આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલો હોય છે, કષાયપ્રાભૃતચૂર્ણિને અનુસરીને ૨૫ વસ્તુઓના કાળનું અલ્પબહુત્વ વગેરે અનેક નવી વાતો પર પ્રકાશ આ અધિકારમાં જોવા મળે છે.

(૨) **દેશવિરતિલાભ પ્રરૂપણા :** આમાં કષાયપ્રાભૃતચૂર્ણિના અનુસારે ૧૮ બોલનું અલ્પબહુત્વ, સ્વામી, સ્થાન અને તીવ્રતામંદતા અંગે વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. તથા સત્પદાદિ આઠ અનુયોગદ્વારો વડે દેશવિરતિની પ્રરૂપણા કરવામાં આવી છે.

(૩) **સર્વવિરતિ અધિકાર :** આમાં અલ્પબહુત્વ, સ્વામી વગેરે પર વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. તથા તીવ્રતા-મંદતાના આધારે કરેલી સ્થાપનાને સ્પષ્ટ કરી છે.

(૪) **અનંતાનુબંધી વિસંયોજના :** આમાં અનિવૃત્તિકરણની પૂર્ણાહૂતિ ક્યારે ? એ વિષય પર સારો વિમર્શ કર્યો છે. તથા ટીપ્પણમાં દૂરાપકૃષ્ટિ અંગેની ચર્ચાનો સમાવેશ કર્યો છે. તથા સપ્રસંગ અનંતાનુબંધી ઉપશમનાનું પણ આમાં નિરૂપણ કર્યું છે.

(૫) **દર્શનત્રિકક્ષપણા :** જુદા-જુદા પ્રસ્થાપક જીવોની સ્થિતિસત્તામાં સમાનતાનું-વિવિધ તરતમતાઓનું વિશદ સ્પષ્ટીકરણ અહીં કરાયું છે. તથા લબ્ધિસાર વગેરે ગ્રન્થના આધારે વિવક્ષિત નિષેકમાં સત્તાગત દલિક-દીયમાન દલિક અને દશ્યમાન દલિક... આ બધાની સૂક્ષ્મ ગણિતપૂર્વકની વિચારણા મનને ચમત્કૃત કરી દે એવી છે. કૃતકૃત્યવેદકઅદ્ધા સુધીનું ૩૩ બોલનું અલ્પબહુત્વ અને તેમાં પણ એક એક બોલનું સ્પષ્ટીકરણ જિજ્ઞાસુને તૃપ્ત કરી દે છે.

(૬) **દર્શનત્રિકની ઉપશમના (શ્રેણીગત ઉપશમ સમ્યક્ત્વ અધિકાર) :** આનો પ્રારંભક કોણ વગેરેની ચર્ચા જુદા જુદા શાસ્ત્રપાઠ દર્શાવવાપૂર્વક અહીં કરી છે.

(૭) **ચારિત્ર મોહનીયની ઉપશમના - ઉપશમશ્રેણી અધિકાર :** મોહરાજાના એક એક સુભટને જીવ કઈ રીતે ઉપશમાવે છે ? એ વખતે તે તે કર્મદલિક પર શું શું અસર પડે છે ? જીવને કયા કયા ગુણો પ્રગટ થાય છે ? આ બધાનું ખૂબ જ રોચક નિરૂપણ આ અધિકારમાં કરાયેલું છે. વળી સ્પષ્ટતા માટે વિસ્તાર પણ સારો કરાયેલો છે. જેમકે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ સાગરોપમ લક્ષ પૃથક્ત્વ હોય છે. એના પરથી ઘટતાં ઘટતાં અસંજ્ઞી પંચેન્દ્રિય વગેરે તુલ્ય સ્થિતિબંધ થાય છે. પછી પલ્યોપમ, પલ્યોપમનો સંખ્યાતમો ભાગ વગેરે સ્થિતિબંધ થયા પછી અલ્પબહુત્વમાં નામ-ગોત્ર વગેરે કર્મોના સ્થાન કયા ક્રમે બદલાય છે એનું સ્પષ્ટ નિરૂપણ છે. ત્યારબાદ દેશઘાતી બંધનિરૂપણ આવે છે. ત્યારબાદ અંતરકરણ ક્રિયા ને પછી મોહનીયકર્મમાં પ્રવર્તતા સાત અધિકારો ને ત્યાર બાદ નપુંસકવેદ, સ્ત્રીવેદ આદિ ક્રમે મોહનીયની પ્રકૃતીઓને ઉપશમાવવાના અધિકારો અને તે તે પ્રક્રિયા દરમ્યાન આકાર લેતી વિશેષ વાતો... આ બધાનું કશું અધુરું ન લાગે તેવું પરિપૂર્ણ વિસ્તૃત વર્ણન અહીં કરવામાં આવ્યું છે. પછી અશ્વકર્ણકરણાદ્ધા ને ત્યાર બાદ કિટ્ટિકરણાદ્ધા... એમાં કિટ્ટિની વ્યાખ્યાઓ, કિટ્ટિનું પ્રમાણ, કિટ્ટિઓમાં દલ પ્રમાણ, કિટ્ટિઓમાં અનુભાગ... વગેરેનું રોચક નિરૂપણ છે. દસમા ગુણઠાણે કિટ્ટિઓને વેદવાનો વિધિ

દર્શાવ્યો છે. ક્રમશઃ અગ્યારમાં ગુણઠાણાનું વર્ણન... ને પછી ઉપશમ શ્રેણીથી પ્રતિપાતનું વિસ્તારથી વર્ણન... એમાં પ્રકૃતિઓ અનુપશાંત થવાની પ્રક્રિયા, અંતરપૂરણક્રિયાક્રમ, ગુણશ્રેણિ આયામ, પડવાના તે તે કાળે તે તે પ્રકૃતિનો સ્થિતિબંધ, તે તે કાળે થતાં સ્થિતિબંધનું અલ્પબહુત્વ, વીર્યાંતરાયાદિનો સર્વઘાતી રસબંધ પ્રારંભ, સ્થિતિબંધના અલ્પબહુત્વમાં ક્રમપરિવર્તન, અનિવૃત્તિકરણનો અંત, અપૂર્વકરણ પ્રારંભથી દેશોપશમના વગેરે ખુલ્લા થવા, કષાય મોહનીયની ગુણશ્રેણિના આયામમાં ચાર વાર વૃદ્ધિ યથાપ્રવૃતકરણ વગેરેનું સાંગોપાંગ વર્ણન છે. વેદ-કષાયાદિનાનાત્વે શ્રેણિમાં નાનાત્વ, પતમાનમાં નાનાત્વ વગેરેનું નિરૂપણ પણ જિજ્ઞાસાને સારી પેઠે તૃપ્ત કરે છે. છેલ્લે ૯૯ બોલના અલ્પબહુત્વ સાથે ઉપશમશ્રેણિ અધિકાર પૂર્ણ થાય છે. ત્યારબાદ કરણકૃત દેશોપશમનાના વર્ણન સાથે ગ્રન્થનિરૂપણ પૂર્ણ થાય છે.

ગ્રન્થ સમાપ્તિ બાદ જુદા જુદા પરિશિષ્ટોમાં સ્થિતિબંધ, ઉદ્ધાર પલ્યોપમ વગેરે પ્રસિદ્ધ પદાર્થો અંગે જે વિશેષ ઊંડાણથી વિચારવિમર્શ કરેલ છે અને એનો તાળો મેળવી આપવા અનેક સ્થળે જે સૂક્ષ્મ ગણિત રજૂ કર્યું છે એનાથી જિજ્ઞાસુઓનો બોધ વિશદ થવા સાથે રસ પણ સારો વધશે એવી આશા અસ્થાને નથી. તથા છઠ્ઠા પરિશિષ્ટમાં આપેલા યંત્રો અધ્યેતાને પદાર્થબોધ સરળતાથી વધુ સ્પષ્ટ થવામાં ખૂબ સહાયક બનશે એવી શ્રદ્ધા છે.

આ ગ્રન્થની વિશેષતા એ છે કે જ્યાં જ્યાં હેતુની વિચારણા શક્ય બની છે ત્યાં ત્યાં તે તે પદાર્થ સહેતુ વિચારવાનો પ્રયાસ કરાયો છે. તથા વર્તમાનમાં તે તે પદાર્થ અંગે જે કોઈ મતાંતર જે જે ગ્રન્થમાં ઉપલબ્ધ હોય છે એ બધાનો લગભગ આ ગ્રન્થમાં નિર્દેશ કરાયેલો છે. આ કારણે પદાર્થોનું સ્પષ્ટીકરણ નિઃશંક થવામાં અને પદાર્થ અનેક રીતે સ્પષ્ટ થવામાં ઘણી સહાયતા મળી રહે છે.

આ ગ્રન્થના મૂળભૂત ગ્રન્થ કર્મપ્રકૃતિ સંગ્રહણીના **કર્તા છે શ્રી શિવશર્મસૂરિ મહારાજ.** તેઓશ્રીના જન્મ, દીક્ષા, આચાર્ય પદવી વગેરે સંબંધી કોઈ હકીકત હજી સુધી પ્રકાશમાં આવી નથી. પણ તેઓ પૂર્વધર હતા એ વાત અનેક ગ્રન્થો પરથી જણાય છે. તેઓશ્રીએ બીજા અગ્રાયણીય પૂર્વમાંથી શતક નામે પાંચમો કર્મગ્રન્થ પણ બનાવ્યો છે. એના પરથી શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે પાંચમો કર્મગ્રન્થ એ જ નામે બનાવેલો છે, ને તેથી એની ટીકાના મંગળાચરણમાં તેઓશ્રીની આ પ્રમાણે સ્તુતિ કરી છે કે -

अग्रायणीयपूर्वादुद्धृत्य परोपकारसारधिया ।
येनाध्यधायि शतकः स जयति शिवशर्मसूरिवरः ॥

**ચૂર્ણિકાર :** સમર્થ ટીકાકાર એવા શ્રી મલયગિરિ મહારાજ તથા ઉપાધ્યાયજી મહારાજ પણ જે ચૂર્ણિ વચનોના સહારે જ વૃત્તિ રચના કરી શક્યા છે તે પ્રાચીન ચૂર્ણિના ચૂર્ણિકાર કોણ છે ? એ હજી સુધી નિર્ણય થઈ શક્યો નથી. પણ જૈન સાહિત્યમાં ચૂર્ણિ સાહિત્યના પિતા તરીકે પ્રસિદ્ધ શ્રી જિનદાસમહત્તર જ આ ચૂર્ણિના પણ રચયિતા હોય તો કાંઈ અચરજ નથી.

**ચૂર્ણિ પર ટીપ્પણકાર :** કમ્મપયડીચૂર્ણિ ગ્રન્થના ટીપ્પણકાર **શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ** ડભોઈમાં બારમી સદીમાં જન્મ પામેલા. માતા મોંઘીબાઈ અને પિતા ચિંતકના કુલદિપક હતા. નાની વયે દીક્ષા લીધી. દીક્ષાદિવસથી છ વિગઈના ત્યાગ સાથે બાર દ્રવ્યથી વધારે વસ્તુ ન વાપરવાનો અભિગ્રહ લીધેલો હતો. આયંબિલ તપની આરાધના સાથે વાદિવેતાલ શ્રી શાંતિસૂરિ મહારાજ પાસે અધ્યયન કરીને સમર્થ નૈયાયિક બનેલા હતા. અનેકાન્ત જયપતાકા ઉપરનું તેઓશ્રીનું ટીપ્પણ તથા લલિતવિસ્તરાપંજિકા વગેરે તેઓશ્રીના પ્રબળ નૈયાયિકપણાની ગવાહી પૂરે છે. તેઓશ્રી ૫૦૦ મુનિવરોમાં અધિપતિ હતા. એમાં મુખ્ય શ્રી વાદિદેવસૂરિ મહારાજને પોતાના જ્ઞાનસંયમના પ્રભાવે જ્ઞાનચારિત્રમાં એવા ઘડ્યા... અને વાદશક્તિ-વક્તૃત્વશક્તિનો એવો વિકાસ સધાવ્યો કે જેના પ્રભાવે, સમગ્ર ગુજરાતના શ્વેતાંબર સંઘના માથેથી ગુજરાત ત્યાગ કરવાની એક ભયંકર આફત ટળી ગઈ. વર્તમાનમાં જે ગ્રન્થોનો ક્યાંક ને ક્યાંક ઉલ્લેખ મળે છે એવા તેઓશ્રીના રચેલા લભ્ય-અલભ્ય ગ્રન્થોની યાદી એકત્રીસ ગ્રન્થોની છે. સંવત ૧૧૭૮ ના કારતક વદ પાંચમે પાટણ મુકામે તેઓશ્રીની જીવનજ્યોત સંકેલાઈ ગઈ. તેઓશ્રીએ ચૂર્ણિના વિષમપદોને ટીપ્પણ દ્વારા વિશદ કરવાનો પ્રયાસ કર્યો છે.

**કર્મપ્રકૃતિના પ્રથમ વૃત્તિકાર શ્રી મલયગિરિ મહારાજ :** આ વૃત્તિકારના પણ જન્મસ્થળ વગેરે જાણવા મળતા નથી. છતાં તેઓશ્રી કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિ મહારાજના સમકાલીન હતા એ જણાય છે. કારણ કે શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ અને શ્રી મલયગિરિ મહારાજે ગરવા ગિરનાર પર પદ્મિની સ્ત્રીની ઉપસ્થતિમાં પણ નિર્વિકાર રહીને શ્રી સિદ્ધચક્રજીની વિશિષ્ટ સાધના કરી હતી, જેના પ્રભાવે ઈન્દ્રના સામાનિક દેવ શ્રી સિદ્ધચક્રના અધિષ્ઠાયક શ્રી વિમલેશ્વરદેવે પ્રત્યક્ષ થઈને વરદાન માગવાનું કહેવા પર શ્રી હેમચંદ્રાચાર્યે રાજાને પ્રતિબોધ કરવાની શક્તિ માગી, શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે સોપદ્રવ કાન્તિનગરીથી જિનપ્રાસાદને નિરુપદ્રવ સ્થળે લઈ જવાનું વરદાન માંગ્યું... અને શ્રી મલયગિરિ મહારાજે જૈન ગ્રન્થો પર સરળ વૃત્તિઓ (વિવેચનાઓ) રચવાનું વરદાન માંગ્યું. આ વરદાનના પ્રભાવે તેઓ સમર્થ વૃત્તિકાર થયા. શ્રી વ્યવહારસૂત્ર, પંચસંગ્રહ, બૃહત્કલ્પની અર્ધપીઠિકા, નંદી અધ્યયન, છઠ્ઠો કર્મગ્રન્થ, પન્નવણા સૂત્ર, ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ્કરંડક, જીવાભિગમ સૂત્ર, ક્ષેત્રસમાસ, ધર્મસંગ્રહણિ, રાયપસેણી, આવશ્યક સૂત્ર, ભગવતી સૂત્રનું ૨૦મું શતક, કમ્મપયડી, ... વગેરે ગ્રન્થોની રહસ્યાર્થ ભરપુર વૃત્તિઓ તેઓશ્રીએ રચેલ છે.

તેઓશ્રી કૃતજ્ઞ અને નમ્ર હતા. એટલે ઘણા ગ્રન્થોની વૃત્તિના પ્રારંભે ચૂર્ણિકારને કે પ્રાચીન વૃત્તિકારને તેઓ નમસ્કાર કરે છે. છઠ્ઠા કર્મગ્રન્થની ટીકાની પ્રશસ્તિમાં તેઓ લખે છે કે - મંદબુદ્ધિવાળા જીવો પણ ચૂર્ણિગ્રન્થોનો ઊંડો અભ્યાસ કરીને વૃત્તિ બનાવવા સમર્થ બને છે. હું પણ ચૂર્ણિકારના વચનબળથી વૃત્તિ રચું છું. કેવી લઘુતા !

**કર્મપ્રકૃતિના બીજા વૃત્તિકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ :** ઉત્તર ગુજરાતમાં પાટણ પાસે કનોડુ ગામમાં પિતાશ્રી નારાયણ શ્રેષ્ઠીના ધર્મપત્ની સૌભાગ્યદેવીની કુક્ષીએ જન્મ...

નામ જસવંતસિંહ. માતાને અભિગ્રહ પૂર્ણ કરાવવા નાની ઉંમરમાં શુદ્ધ ઉચ્ચાર સાથે આખું ભક્તામર સ્તોત્ર મોઢે સંભળાવ્યું. વિ.સં. ૧૬૮૮ માં પાટણ મુકામે દીક્ષા... નામ રાખ્યું મુનિ યશોવિજય... પ્રચંડ બુદ્ધિ, તીવ્ર યાદદાસ્ત, અપૂર્વ ધગશ... કાશીમાં ત્રણ વર્ષ અને આગ્રામાં ચાર વર્ષ ભટ્ટારક પાસે ભણ્યા... બ્રાહ્મણપંડિતોએ ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય જેવા બિરૂદોથી નવાજ્યા.

પૂર્વાચાર્યોના ગ્રન્થો, ગુરુ આમ્નાય અને પોતાની માર્ગાનુસારી પ્રજ્ઞા, આ ત્રણનો સુમેળ સાધીને તેઓશ્રીએ પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી ભાષામાં વિપુલ સાહિત્યની રચના કરેલી છે. જેમાં ઘણા પોતાના મૌલિક ગ્રન્થો છે, સ્વોપજ્ઞવૃત્તિઓ છે તો કેટલાક પૂર્વાચાર્યોના ગ્રન્થો પર વૃત્તિગ્રન્થરૂપ છે. જેમકે તેઓશ્રીએ કમ્મપયડી પર ચૂર્ણિ અને શ્રી મલયગિરિ મહારાજકૃત વૃત્તિને અનુસરીને લગભગ ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃતવૃત્તિ રચેલી છે.

પૂ.આ. વિજયપ્રભસૂરિજી મ.સા.ના હાથે તેઓશ્રી વિ.સં. ૧૭૧૮ માં અમદાવાદ મુકામે ઉપાધ્યાય પદથી અલંકૃત થયેલા. વિ.સં. ૧૭૪૪ માં વડોદરા પાસે ડભોઈ મુકામે ૧૧ દિવસનું અનશન કરવાપૂર્વક પૂર્ણ સમાધિ સાથે તેઓ કાળધર્મ પામ્યા. તેઓના સહોદર પદ્મસિંહે પણ દીક્ષા લીધેલી અને મુનિ શ્રી પદ્મવિજય બનેલા.

હવે, પદાર્થસંગ્રાહક તથા પ્રસ્તુત ગ્રન્થ રચનારા પૂજ્ય મુનિરાજ શ્રી જયઘોષ વિ.મ. (હાલ પૂ. ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મ.સા.), પૂજ્ય મુનિરાજ શ્રી ધર્માનંદ વિ.મ. (હાલ સ્વ. પૂ.આ. શ્રી ધર્મજિત્‌સૂરિ મ.સા.) તથા પૂજ્ય મુનિરાજ શ્રી હેમચંદ્ર વિ. મ. (હાલ પૂ.આ. શ્રી હેમચન્દ્રસૂરિ મ.સા.) આ ત્રણે મહાત્માઓ, તથા બધામાં મૂળભૂત પ્રેરક-માર્ગદર્શક સ્વ. પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.નો કંઈક પરિચય જોઈ લઈએ.

**નૂતન કર્મસાહિત્યના આદ્યપ્રેરણાસ્રોત સ્વ. પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. :** શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની ૭૬મી પાટને અલંકૃત કરનારા તપાગચ્છની પરંપરામાં થયેલા આ આચાર્ય ભગવંત સકલાગમરહસ્યવેદી સ્વ. પૂ.આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર હતા. શ્રી જૈન સિદ્ધાંતના એમના અવ્વલ કક્ષાના બોધને જોઈને એ ગુરુભગવંતે તેઓશ્રીને 'સિદ્ધાંત મહોદધિ' એવું બિરૂદ અર્પણ કરેલું હતું. કર્મસિદ્ધિ, માર્ગણાદ્વારવિવરણ, સંક્રમકરણ વગેરે સંસ્કૃત ગ્રન્થોના રચયિતા તેઓ કર્મસાહિત્ય નિષ્ણાત હતા. વર્ષોથી શ્રી સંઘમાં જેનું અધ્યયન-અધ્યાપન બિલકુલ બંધ પડી ગયેલું તે કમ્મપયડી ગ્રન્થને તેઓશ્રી હસ્તલિખિત પ્રત પરથી ભારે જહેમત કરીને ખુદ ભણ્યા - પંક્તિઓ બેસાડી, પદાર્થો સ્પષ્ટ કર્યા અને સાધુ-શ્રાવકોને ભણાવવા દ્વારા ચતુર્વિધ સંઘમાં એનું અધ્યયન ચાલુ કરાવ્યું હતું. પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્ય, નિર્મળ સંયમ, અપૂર્વ વાત્સલ્ય વગેરેના પ્રભાવે તત્કાલીન સર્વાધિક ત્રણસો શ્રમણોના વિરાટ સમુદાયનું સર્જન તેમણે કર્યું. અત્યંત પાપભીરુ-ઝળહળતો સંવેગ, વૈરાગ્ય, ખૂબ જ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત હોવા છતાં અતિ નમ્ર, સંયમની શુદ્ધિનો ખૂબ આગ્રહ-સાવધાની, ઉગ્ર સંયમ, પૃથ્વી જેવી સહનશીલતા વગેરે વગેરે તેઓશ્રીની ગુણસંપત્તિના ઝળહળતા રત્નો હતાં.

નૂતન કર્મસાહિત્ય રચનાના તેઓશ્રીએ સેવેલા મનોરથને સાકાર કરવા માટે તેઓશ્રીના અનન્ય કૃપાપાત્ર શિષ્યાવતંસ સ્વ. પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબે યુવા સાધુઓનું વૃંદ તૈયાર કર્યું. એમાંના મેધાવી સાધુઓને આ ગુરુ-શિષ્યે ભણાવી ગણાવીને તૈયાર કર્યા. આ મેધાવી સાધુઓને પ્રેમ-વાત્સલ્યથી પ્રેરણાના અમૃતપાન પાઈને સ્વ. પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબે તેઓ પાસે નૂતન વિશાળ કર્મસાહિત્યની રચના કરાવી, જેમાં બંધવિહાણં, ખવગસેઢી, ઉપશમનાકરણ તથા પ્રસ્તુત ગ્રન્થ મુખ્ય છે. તેઓશ્રીની હયાતીમાં આમાંથી જે કંઈ રચનાઓ થઈ એ બધાનું સંશોધન તેઓશ્રીએ પોતાની માર્ગાનુસારી પ્રજ્ઞાથી કર્યું હતું. જીવનના અંતિમ દિવસો સુધી સ્વાધ્યાય એ તેઓશ્રીનો પ્રાણ હતો. વિ.સં. ૧૯૫૭ કા.વ. ૬ ગિરિરાજની શીતલ છાયામાં દીક્ષા લઈને ખંભાત મુકામે વિ.સં. ૨૦૨૪ વૈશાખ વદ-૧૧ ના કાળધર્મ પામ્યા. તેઓશ્રીના આજીવન અંતેવાસી પટ્ટાલંકાર થયા સ્વ. પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પંચાચારના પાલન-પલાવનમાં પ્રવિણ તેઓ અત્યંત અપ્રમત્ત સાધક હતાં. ન્યાયવિશારદ તેઓ અચ્છા ઉપદેશક અને કુશળ લેખક હતાં. વર્ધમાનતપોનિધિ એવા તેઓએ પોતાના ગુરુ મ. ના શુભાશીર્વાદથી યુવાનોને શ્રદ્ધા-આચાર અને જ્ઞાનના માર્ગે જોડનાર-દૃઢ કરનાર એવી શિબિરોનો પ્રારંભ કરેલો હતો. જે શિબિરોએ આજ સુધીમાં હજારો યુવાનોને ધર્મમાર્ગે અગ્રેસર કર્યા છે. નૂતન કર્મસાહિત્યમાં જે મુખ્ય સર્જકો હતા તેઓ મુખ્યતયા આ જ આ. ભગવંતના શિષ્ય-પ્ર.શિષ્યાદિ હતા. વિ.સં. ૧૯૯૧ પોષ સુદ ૧૨ ચાણસમા મુકામે દીક્ષા, વિ.સં. ૨૦૪૯ ચૈત્રવદ ૧૩ ના અમદાવાદ મુકામે કાળધર્મ.

તેઓશ્રીના પટ્ટધર વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર **પૂજ્ય આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.** ૧૪ વર્ષની બાલ્યવયે પિતા સાથે દિક્ષિત થઈને પોતાના ત્રણે ગુરુવર્યો સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ., સ્વ. પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. તથા સ્વ. પૂ. ધર્મઘોષવિ. મ.... આ ત્રણેની અનન્ય કૃપાના બળે તેઓશ્રી અનુપમ પરિણતિના ધારક બન્યા છે. આગમો-છેદગ્રન્થો-કર્મસાહિત્ય-પ્રકરણ ગ્રન્થોના તેઓશ્રી માત્ર અધ્યેતા જ નથી... પણ ભારે હેરત પમાડી દે એવી આ બધા પદાર્થોની સચોટ ઉપસ્થિતિ પણ ધરાવનારા છે. જે ભણ્યા એના બધા પદાર્થો ઉપસ્થિત... એના પ્રભાવે તેઓશ્રી હરતાફરતા જીવંત જ્ઞાન ભંડાર જેવા છે. આ પદાર્થ-ઉપસ્થિતિના પ્રભાવે તેઓશ્રી પૂર્વાપર અનુસંધાનપૂર્વક ખૂબ જ ઊંડાણપૂર્વકની અનુપ્રેક્ષા કરે છે ને શાસ્ત્રોનાં અપૂર્વ તર્કસંગત-અનેક શાસ્ત્ર વચનોથી સમર્થિત રહસ્યાર્થો પ્રગટ કરે છે, જે ચતુર્વિધ સંઘ પર તેઓશ્રીનો અનુપમ ઉપકાર છે. સૂક્ષ્માર્થનું ચિંતન કરનારી તેઓશ્રીની આ અનુપ્રેક્ષા એ પ્રસ્તુત નૂતન કર્મસાહિત્યના સર્જનનો એક મુખ્ય પાયો છે. ઉપાસ્ય તત્ત્વોના બહુમાન પર જોર આપતી તેઓશ્રીની સંયમસ્પર્શી વાચનાઓ નિર્મળ પરિણિતિ ઘડવાના એક અમોઘ ઉપાય જેવી હોય છે. વર્તમાનકાળના એક નંબરના ગીતાર્થ હોવા છતાં અત્યંત નમ્રતા-સરળતા-પાપભીરુતા-પ્રબળ સંવેગ-વૈરાગ્ય અને આધ્યાત્મિકતા... વગેરે તેઓશ્રીનો અવ્વલકક્ષાનો ગુણવૈભવ છે.

'બંધ વિધાન' મહાગ્રન્થના તેઓશ્રી એક પદાર્થ સંગ્રહકાર છે. એ મહાગ્રન્થના મૂળકાર અને વૃત્તિકાર અનેક મહાત્માઓના તેઓશ્રી અધ્યાપક છે. એ મહાગ્રન્થના અનેક વિભાગોની વૃત્તિના

તેઓશ્રી રચયિતા છે. વર્તમાન સંઘમાં સર્વાધિક સુવિહિત સાધુઓના સમુદાયના તેઓશ્રી અધિપતિ છે. સકળ સંઘની એકતા દ્વારા શાસનનો જયજયકાર થાય એવી શુભેચ્છા શુભ પ્રયત્નના હિમાયતી પૂજ્યશ્રીના ચરણોમાં વંદના.

તેઓશ્રીના અનન્ય મિત્ર મહાત્મા હતા સ્વ. **પૂજ્ય દાદાગુરુદેવ શ્રીમદ્ વિજયધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.** તેઓશ્રી સંસારી સંબંધે મારા કાકા થાય. સંયમસંબંધે મારા દાદા ગુરુદેવ થાય. સ્વ. પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના વૈરાગ્ય પ્રચુર વ્યાખ્યાનો સાંભળીને જ વૈરાગ્યમાં મહાલતા એવા થયા કે સુરત રહેતા માતપિતા પાસે દીક્ષાની તૂર્ત સંમતિ મેળવવા તાર કરાવ્યો. પ્રશાંતમૂર્તિ-વ્યવહારદક્ષ-અધ્યાત્મરસિક-પ્રભુભક્તિરસિક-ચૈત્યપરિપાટી રસિક-સદાસુપ્રસન્ન-અધ્યયન-અધ્યાપનરત-વર્ધમાન તપ ઓળીના તપસ્વી... આવા બધા અનેક ગુણોથી તેઓશ્રી અલંકૃત હતા. વિવિધ શાસ્ત્રોના પદાર્થોનો ટૂંકી નોંધ દ્વારા સંગ્રહ કરવામાં ખૂબ કુશળ હતાં. આવી નોંધ કરી પદાર્થો ઉપસ્થિત કરવા-પુનરાવર્તન કરવું-અનુપ્રેક્ષા દ્વારા પૂર્વાપર પદાર્થોનું અનુસંધાન કરવું... અને પછી આ ગ્રન્થમાં આ પ્રમાણે કહ્યું છે તો અન્યત્ર આવું કેમ કહ્યું છે ? વગેરે રીતે પ્રશ્નો ઉઠાવવાની તેઓશ્રીની કળા દાદ માંગી લે એવી હતી... તેઓશ્રી આવા સૂક્ષ્મ-સૂક્ષ્મતર પ્રશ્નો ઉઠાવતા અને પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા. એના શાસ્ત્રવચનો પરથી રહસ્યાર્થો તારવી અચરજ પમાડે એવા ઉત્તરો શોધી કાઢતા. બંધવિધાન કહો કે ખવગસેઢી કહો કે ઉપશમનાકરણ કહો... આ બધામાં સૂક્ષ્મરહસ્યાર્થભૂત તર્કબદ્ધ અતીન્દ્રિય પદાર્થોનો જે અનુપમ સંગ્રહ થયો છે તેમાં આવા પ્રશ્નો-ઉત્તરોનો સિંહફાળો છે. આ બધા જ ગ્રન્થોમાં તેઓશ્રી પણ એક પદાર્થ સંગ્રાહક હતા તથા બંધવિધાન આદિ ગ્રન્થોના મૂળકાર-વૃત્તિકારોને ભણાવીને ગ્રન્થસર્જન માટે તૈયાર કરવામાં તેઓશ્રીનો પણ ઘણો ફાળો હતો. તેઓશ્રી કર્મસાહિત્ય ઉપરાંત છેદગ્રન્થો-પ્રકરણ ગ્રન્થોમાં ખુબ કુશળ હતાં. તેઓશ્રીનું આનંદઘનચોવીશી વગેરે પરનું આધ્યાત્મિક ચિંતન ઘણું બોધપ્રદ હતું. તેઓશ્રીના પગલે પગલે પરિવારમાંથી કુલ અગ્યાર દીક્ષાઓ થઈ. વિ.સં. ૨૦૦૭, મહા સુદ ૧૦ સુરત મુકામે દીક્ષા, વિ.સં. ૨૦૪૩ વૈ.સુ. ૬ કોલ્હાપુર મુકામે આચાર્યપદવી અને વિ.સં. ૨૦૪૪, ચૈત્ર વદ ૧૪ કોલ્હાપુર મુકામે પક્ખી પ્રતિક્રમણમાં પક્ખી સૂત્રના શ્રવણ દરમ્યાન કાળધર્મ... પૂજ્યશ્રીના ચરણોમાં વંદના...

પ્રસ્તુત ઉપશમનાકરણ ગ્રન્થના રચયિતાઓમાંના ત્રીજા એક છે વૈરાગ્યદેશનાદક્ષ **પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા....** સારા ઘરની સુશીલ કન્યા સાથે સગપણ થઈ ગયું હોવા છતાં, સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના વૈરાગ્ય ઉદ્બોધક પ્રવચનોના શ્રવણથી વેરાગ્યનો વિસ્ફોટ થયો. બધાની સંમતિપૂર્વક સંયમના સાજ સજ્યા, ચારિત્ર લીધું, જેની સાથે સગપણ થયેલ તે કન્યાએ પણ તેમને અનુસરી સંયમ ગ્રહણ કર્યું. યુવાવય... તેજ ક્ષયોપશમ અને ભણવાની ધગશ... સમતાસાગર સ્વ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજય મ.સા. જેવા ગુરુભગવંત... આત્મવિકાસમાં ખૂબ પ્રગતિ થવા માંડી... ઝળહળતો વૈરાગ્ય... સૌમ્યપ્રકૃતિ... ઉપદેશ કુશળતા... વ્યવહારદક્ષતા... વિહરમાન શ્રી સીમંધરસ્વામી પ્રત્યે અનન્ય ભક્તિ...

શાસનસેવાના સતત મનોરથો તથા ચિંતા... આવા બધા અનેક ગુણોથી ઓપતું વ્યક્તિત્વ... શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના ઉપક્રમે સાતે ક્ષેત્રોની ઘણી કાળજી... ચિંતા કરી રહ્યા છે...

નૂતન કર્મસાહિત્યના સર્જનમાં પ્રારંભે ત્રણે મહાત્માઓ ભેગા થઈ પદાર્થ ચિંતન કરતા તેને તેઓ શબ્દોમાં મઢી લેતાં. આ રીતે ખવગસેઢી, ઉપશમનાકરણ બે ગ્રંથોના પદાર્થો તૈયાર થયા. ઉપશમનાકરણનું પછી ગુજરાતીમાં વિવેચન પણ તેઓએ લખ્યું... પણ પછી શરીર સ્વાસ્થ્યનો એવો સાથ ન મળ્યો. તેથી નવું સાહિત્ય અન્યોદ્વારા તૈયાર થયું. ક્ષપકક્ષેણિ-ઉપશમનાકરણના પદાર્થોના સંગ્રહકાર તેઓશ્રી પણ હતાં. વૈરાગ્યમય ઉપદેશ દ્વારા અનેક ભવ્યાત્માઓના સમુદ્ધારક તેઓશ્રીના ચરણોમાં વંદના...

આ ગીતાર્થ મહાત્માઓએ પોતાની પૂરી સમગ્રતા લગાવીને પ્રસ્તુત ગ્રન્થની રચના કરેલી છે અને તેથી ઉપશમનાકરણના પદાર્થોને સ્પષ્ટ કરવામાં સહજ રીતે સફળ થયા છે.

પુણ્યનિધાન પૂ.આ. શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજે પણ 'કર્મપ્રકૃતિગતમુપશમના-કરણમ્' નામે ગ્રન્થ રચેલો છે. એ પૂર્વે પ્રકાશિત થઈ ગયેલો છે. પણ પ્રસ્તુત ગ્રન્થ એ ગ્રન્થ કરતા પણ પૂર્વે રચાયેલો છે. પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પરિશ્રમથી આ ગ્રન્થનું પ્રકાશન શક્ય બન્યું છે. એટલે સહુ કોઈ જિજ્ઞાસુઓ આ ગ્રન્થ પરથી ઉપશમનાકરણનો સૂક્ષ્મબોધ મેળવીને મોહનીયકર્મનો ઉપશમ અને ક્ષય કરવામાં સફળ બનો એવી મંગળ કામના સાથે પ્રસ્તાવના સમાપ્ત કરું છું.

પ્રસ્તાવનામાં પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો એનું ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્...

માસધરનો પવિત્ર દિન
વિ.સં. ૨૦૬૪
સુરત

શ્રી સૂરીમન્ત્રના પરમસાધક સ્વ.પૂ. ગુરુદેવ
શ્રી જયશેખરસૂરિ મ.નો ચરણસેવક
અભયશેખર

# શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઇ નાનજી ગડા, મુંબઇ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ.
(પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ. સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ. મ. સા.ની પ્રેરણાથી)

૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬) નયનબાળા બાબુભાઇ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનિષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઇ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઇ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઇ, (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી શાંતાક્રુઝ શ્વેતા. મૂર્તિ તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઇ, (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂળજીભાઇ જૈનદેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)
૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ.
(પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)
૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ.
(પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)
૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.
(પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)
૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા.
(સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)
૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.
(વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)
૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)
૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)
૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ.
(પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)
૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)
૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતા. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઇ.
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)
૨૫) શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)
૨૬) શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત.
(વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઈ-૪૦૦ ૦૦૬.
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)

૨૯) શ્રીસીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઈ.
(મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ.
(પ.પૂ.આચાર્ય વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨.
(પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના.
(પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગામ, મુંબઈ.
(પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઇંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા સાધ્વીજી શ્રી સ્વંયપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ.
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,
૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઇ.) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી.
(પ. પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
૪૨) શ્રીકોઇમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઇમ્બતુર.
૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)
૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ.
(પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ. પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)
૪૫) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બરમૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)
૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિ પૂ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.
(પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)
૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ.ની પ્રેરણાથી)
૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ.
(પ્રેરક : પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)
૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ મુંબઇ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)
૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)
૫૧) શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરકઃ પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)
૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, બાણગંગા, મુંબઇ,
(પ્રેરકઃ પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.)
૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ
(પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસજી શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)
૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈનસંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ.
(પ્રેરક - મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઈ), કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ
(પ્રેરક - પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ
(પ્રેરક -પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુન્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ
(પ્રેરક- પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના
(પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત
(પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગામ-મુંબઈ
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી)

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ (પ્રેરક- પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૬૯) શ્રી નેનસી સોસાયટી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.
(પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર,
(પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઈ, ચુનિલાલ, દીલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ.) મુંબઈ
(પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી
(પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉંમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી)
(પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ.
(પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ
(પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતાની પેઢી, મહેસાણા.

૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)

૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ.
(પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે
હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)

૮૦) શેઠ કનૈયાલાલ ભેરૂમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા વાલકેશ્વર, મુંબઈ.

૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)

# શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

૧ જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ સટીક કાર્યસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક.
૨ ન્યાયસંગ્રહ સટીક
૩ ધર્મસંગ્રહ સટીક ભાગ-૧
૪ ધર્મસંગ્રહ સટીક ભાગ-૨
૫ ધર્મસંગ્રહ સટીક ભાગ-૩
૬ જીવસમાસ ટીકાનુવાદ
૭ જંબુદ્વીપ સંગ્રહણી સટીક
૮ સ્યાદ્વાદમંજરી સાનુવાદ
૯ સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર
૧૦ બૃહત્ક્ષેત્રસમાસ સટીક
૧૧ બૃહત્ સંગ્રહણી સટીક
૧૨ બૃહત્ સંગ્રહણી સટીક
૧૩ ચેઈયવંદણ મહાભાસ
૧૪ નયોપદેશ સટીક
૧૫ પુષ્પમાળા (મૂળ અનુવાદ)
૧૬ મહાવીરચરિયં
૧૭ મલ્લિનાથ ચરિત્ર
૧૮ વાસુપૂજ્ય ચરિત્ર
૧૯ શાંતસુધારસ સટીક
૨૦ શ્રાદ્ધગુણ વિવરણ
૨૧ તત્ત્વજ્ઞાન તરંગિણી
૨૨ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૩/૪
૨૩ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૫/૬
૨૪ અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ
૨૫ મુક્તિપ્રબોધ
૨૬ વિશેષણવતી-વંદન પ્રતિક્રમણ અવચૂરી
૨૭ પ્રવ્રજ્યા વિધાન કુલક સટીક
૨૮ ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચારભાષ્ય સટીક)
૨૯ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૧ છાયા સાથે)
૩૦ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૨ છાયા સાથે)
૩૧ વ્યવહાર શુદ્ધિ પ્રકાશ
૩૨ અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ
૩૩ પ્રકરણ સંદોહ
૩૪ ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક
૩૫ અભિધાન વ્યુપત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૧ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)
૩૬ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૨ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)
૩૭ પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન)
૩૮ સંબોધસપ્તતિ સટીક
૩૯ પંચવસ્તુ સટીક
૪૦ શ્રી જંબૂસ્વામિ ચરિત્ર
૪૧ સમ્યક્ત્વસપ્તતિ સટીક
૪૨ ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક
૪૩ સ્તોત્ર રત્નાકર
૪૪ ઉપદેશ સપ્તતિ
૪૫ ઉપદેશ રત્નાકર
૪૬ શ્રી વિમલનાથ ચરિત્ર
૪૭ સુબોધા સામાચારી
૪૮ શાંતિનાથ ચરિત્ર ગ્રંથ
૪૯ નવપદ પ્રકરણ સટીક ભાગ-૧
૫૦ નવપદ પ્રકરણ સટીક ભાગ-૨
૫૧ નવપદ પ્રકરણ લઘુવૃત્તિ
૫૨ શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ
૫૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

૫૪ વિજય પ્રશસ્તિ ભાષ્ય
(વિજયસેનસૂરિ ચરિત્ર)
૫૫ કુમારપાળ મહાકાવ્ય સટીક
(પ્રાકૃત દ્વયાશ્રય)
૫૬ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૧
૫૭ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૨
૫૮ ઉપદેશપદ ભાગ-૧
૫૯ ઉપદેશપદ ભાગ-૨
૬૦ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૧
૬૧ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૨
૬૨ પાર્શ્વનાથ ચરિત્ર
૬૩ વિચાર રત્નાકર
૬૪ ઉપદેશ સપ્તતિકા
૬૫ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ
૬૬ પુષ્પ પ્રકરણમાલા
૬૭ ગુર્વાવલી
૬૮ પુષ્પ પ્રકરણ
૬૯ નેમિનાથ મહાકાવ્ય
૭૦ પાંડવ ચરિત્ર ભાગ-૧
૭૧ પાંડવ ચરિત્ર ભાગ-૨
૭૨ પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય
૭૩ હીર પ્રશ્નોત્તરાણિ
૭૪ ધર્મવિધિ પ્રકરણ
૭૫ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૧
૭૬ દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
૭૭ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨-૩
૭૮ પ્રકરણત્રયી
૭૯ સમતાશતક (સાનુવાદ)
૮૦ ઉપદેશમાળા-પુષ્પમાળા
૮૧ પૃથ્વીચંદ્ર ચરિત્ર
૮૨ ઉપદેશમાળા
૮૩ પાઈયલચ્છી નામમાલા
૮૪ દોઢસો સવાસો ગાથાના સ્તવનો
૮૫ દ્વિવર્ણ રત્નમાલા
૮૬ શાલિભદ્ર ચરિત્ર
૮૭ અનંતનાથ ચરિત્ર પૂજાષ્ટક
૮૮ કર્મગ્રંથ અવચૂરી
૮૯ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા. ૧
૯૦ ધર્મબિંદુ સટીક
૯૧ પ્રશમરતિ સટીક
૯૨ માર્ગણાદ્વાર વિવરણ
૯૩ કર્મસિદ્ધિ
૯૪ જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
૯૫ ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
૯૬ ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
૯૭ સવાસો દોઢસો ગાથા સ્તવનો
૯૮ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા
૯૯ કથાકોષ
૧૦૦ જૈન તીર્થ દર્શન
૧૦૧ જૈન કથા સંગ્રહ ભાગ-૧
૧૦૨ જૈન કથા સંગ્રહ ભાગ-૨
૧૦૩ જૈન કથા સંગ્રહ ભાગ-૩
૧૦૪ રયણસેહર નિવકહા સટીક
૧૦૫ આરંભસિદ્ધિ
૧૦૬ નેમિનાથ ચરિત્ર ગદ્ય
૧૦૭ મોહોન્મૂલનમ્ (વાદસ્થાનમ્)
૧૦૮ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૦૯ શ્રી ચંદ્રપ્રભવસ્વામી કેવળી ચરિત્ર
(અનુવાદ)
૧૧૦ આપણા જ્ઞાનમંદિરો
૧૧૧ પ્રમાલક્ષણ
૧૧૨ આચાર પ્રદીપ
૧૧૩ વિવિધ પ્રશ્નોત્તર
૧૧૪ આચારોપદેશ અનુવાદ

૧૧૫ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧
૧૧૬ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨
૧૧૭ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૧
૧૧૮ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૨
૧૧૯ ચૈત્યવંદન ચોવીશી તથા
પ્રશ્નોત્તર ચિંતામણી
૧૨૦ નિરયાવલિસૂત્ર
૧૨૧ કલ્યાણ મંદિર-લઘુશાંતિસટીક
૧૨૨ ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩ પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
૧૨૪ જૈન કુમારસંભવ મહાકાવ્ય
૧૨૫ દેવચંદ્ર સ્તવનાવલિ
૧૨૬ આનંદકાવ્ય મહોદધિ ભાગ-૧
૧૨૭ શ્રી પર્યંત આરાધના સૂત્ર
(અવચૂરી અનુવાદ સાથે)
૧૨૮ જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯ પ્રશ્નોત્તર પ્રદીપ
૧૩૦ પ્રાચીન કોણ શ્વેતાંબર કે દિગંબર (ગુજરાતી)
૧૩૧ જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
૧૩૨ સુમતિ ચરિત્ર (અનુવાદ)
૧૩૩ તત્ત્વામૃત (અનુવાદ)
૧૩૪ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૨
૧૩૫ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૧
૧૩૬ જૈન કથા સંગ્રહ ભાગ-૪(પ્રતાકાર સંસ્કૃત)
૧૩૭ જૈન કથા સંગ્રહ ભાગ-૫
૧૩૮ જૈન કથા સંગ્રહ ભાગ-૬
૧૩૯ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા
(સાનુવાદ) ભાગ-૧
૧૪૦ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા
(સાનુવાદ) ભાગ-૨
૧૪૧ શ્રીમોક્ષપદ સોપાન
(ચૌદગુણસ્થાનકનું સ્વરૂપ)
૧૪૨ રત્નશેખર રત્નવતી કથા
(પર્વતિથિ માહાત્મ્ય પર)
૧૪૩ ષષ્ઠિશતકમ્ (સાનુવાદ)
૧૪૪ નમસ્કાર મહામંત્ર (નિબંધ)
૧૪૫ જૈન ગોત્ર સંગ્રહ (પ્રાચીન જૈન
ઇતિહાસ સહિત)
૧૪૬ નયમાર્ગદર્શક યાને સાતનયનું સ્વરૂપ
૧૪૭ મહોપાધ્યાયશ્રી વીરવિજયજી
મહારાજા ચરિત્ર
૧૪૮ મુક્તિ માર્ગદર્શન યાને
ધર્મ-પ્રાપ્તિના હેતુઓ
૧૪૯ ચેતોદૂતમ્
૧૫૦ મૂર્તિમંડન પ્રશ્નોત્તર
૧૫૧ પિંડવિશુદ્ધિ અનુવાદ
૧૫૨ નંદિસૂત્ર (મૂળ)
૧૫૩ નંદિસૂત્ર સટીક બીજી આવૃત્તિ
૧૫૪ નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
૧૫૫ અનુયોગ દ્વાર સટીક
૧૫૬ દશવૈકાલિક સટીક
૧૫૭ દશવૈકાલિક સટીક
૧૫૮ ઓઘનિર્યુક્તિ સટીક
૧૫૯ પિંડનિર્યુક્તિ સટીક
૧૬૦ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૧ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૨ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૩ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૪
૧૬૪ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૫ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૬ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૭ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૧
૧૬૮ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૨
૧૬૯ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૩

૧૭૦ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૧
૧૭૧ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૨
૧૭૨ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૩
૧૭૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૧
૧૭૪ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૨
૧૭૫ જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૧
૧૭૬ જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૨
૧૭૭ રાજપ્રશ્નીય
૧૭૮ આચારાંગ દીપિકા
૧૭૯ ભગવતી સૂત્ર ભાગ-૧
૧૮૦ ભગવતી સૂત્ર ભાગ-૨
૧૮૧ ભગવતી સૂત્ર ભાગ-૩
૧૮૨ પન્નવણા સૂત્ર ભાગ-૧
૧૮૩ પન્નવણા સૂત્ર ભાગ-૨
૧૮૪ ઋષિભાષિતસૂત્ર
૧૮૫ હારિભદ્રીય આવશ્યક ટીપ્પણ
૧૮૬ સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક
૧૮૭ આચારાંગ દીપિકા ભાગ-૧
૧૮૮ સૂત્રકૃતાંગ દીપિકા
૧૮૯ ઠાણાંગ સટીક ભાગ-૧
૧૯૦ ઠાણાંગ સટીક ભાગ-૨
૧૯૧ અનુયોગદ્વાર મૂળ
૧૯૨ સમવાયાંગ સટીક
૧૯૩ આચારાંગ દીપિકા ભાગ-૨
૧૯૪ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૧
૧૯૫ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૨
૧૯૬ ભગવતી સૂત્ર
૧૯૭ કલ્પસૂત્ર પ્રદીપિકા
૧૯૮ કલ્પસૂત્ર કૌમુદિ
૧૯૯ આનંદ કાવ્ય મહોદધિ ભા.૩
૨૦૦ શ્રી શ્રુતજ્ઞાન અમીધારા
૨૦૧ ઉત્તરાધ્યયન સૂત્ર-મૂળ
૨૦૨ ઉપધાન વિધિ પ્રેરક વિધિ
૨૦૩ હીરસ્વાધ્યાય ભાગ-૧
૨૦૪ હીરસ્વાધ્યાય ભાગ-૨
૨૦૫ ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયી (વિવેચન)
૨૦૬ ભોજપ્રબંધ
૨૦૭ શ્રી વસ્તુપાલ ચરિત્ર ભાષાન્તર
૨૦૮ શ્રી યોગબિંદુ સટીક
૨૦૯ ગુરુ ગુણરત્નાકર કાવ્યમ્
૨૧૦ જગદ્ગુરુ કાવ્યમ્
૨૧૧ યોગદષ્ટિસમુચ્ચય (અનુવાદ)
૨૧૨ જૈન જ્યોતિર્ગ્રંથ સંગ્રહ
૨૧૩ પ્રમાણ પરિભાષા
૨૧૪ પ્રમેય રત્નકોષ
૨૧૫ જૈન સ્તોત્ર સંગ્રહ ભાગ-૨
૨૧૬ શ્રી યોગ દષ્ટિસમુચ્ચય (ભાવાનુવાદ)
૨૧૭ નવસ્મરણ (ઇંગ્લીશ સાર્થ સાનુવાદ)
૨૧૮ આઠ દષ્ટિની સજ્ઝાય
૨૧૯ આગમસાર (દેવચંદ્રજી)
૨૨૦ નયચક્રસાર (દેવચંદ્રજી)
૨૨૧ ગુરુ ગુણષટ્ત્રિંશિકા દેવચંદ્રજી
૨૨૨ પંચમકર્મગ્રંથ (દેવચંદ્રજી)
૨૨૩ વિચારસાર (દેવચંદ્રજી)
૨૨૪ શ્રીપર્યુષણ પર્વાદિક પર્વોની કથાઓ
૨૨૫ વિમળ મંત્રીનો રાસ
૨૨૬ બૃહત્ સંગ્રહણી અંતર્ગત યંત્રોનો સંગ્રહ
૨૨૭ દમયંતી ચરિત્ર
૨૨૮ બૃહત્સંગ્રહણી યંત્ર
૨૨૯ જૈન સ્તોત્ર સંગ્રહ
૨૩૦ યશોધર ચરિત્ર
૨૩૧ ચંદ્રવીરશુભાદિ કથા ચતુષ્ટયમ્

૨૩૨ વિજયાનંદ અભ્યુદયમ્ મહાકાવ્ય
૨૩૩ જૈનધર્મવરસ્તોત્ર - ગોધૂલિકાર્થ - સભાચમત્કારેતિ કૃતિત્રિયતમ્
૨૩૪ અનેકાર્થ રત્નમંજૂષા
૨૩૫ સિરિપાસનાહચરિયં
૨૩૬ સમ્યક્ત્વ કૌમુદી (ભાષાંતર)
૨૩૭ વિમલનાથ ચરિત્ર (અનુવાદ)
૨૩૮ જૈન કથારત્નકોષ ભાગ-૧ (અનુવાદ)
૨૩૯ જૈન કથારત્નકોષ ભાગ-૨
૨૪૦ જૈન કથારત્નકોષ ભાગ-૩
૨૪૧ શત્રુંજય તીર્થોદ્ધાર (અનુવાદ)
૨૪૨ જૈન સ્તોત્ર તથા સ્તવનસંગ્રહ સાર્થ
૨૪૩ વસ્તુપાલ ચરિત્ર
૨૪૪ સિદ્ધપ્રાભૃત સટીક
૨૪૫ સૂક્તમુક્તાવલી
૨૪૬ નલાયનમ્ (કુબેરપુરાણમ્)
૨૪૭ બંધહેતુદયત્રિભંગી પ્રકરણાદિ
૨૪૮ ધર્મપરીક્ષા
૨૪૯ આગમીય સૂક્તાવલ્યાદિ
૨૫૦ જૈન તત્ત્વસાર સટીક
૨૫૧ ન્યાયસિદ્ધાંત મુક્તાવલી
૨૫૨ હૈમધાતુપાઠ
૨૫૩ નવીન પૂજા સંગ્રહ
૨૫૪ સિદ્ધચક્રારાધન વિધિ વિ. સંગ્રહ
૨૫૫ નાયાધમ્મકહાઓ (પુસ્તક)
૨૫૬ પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર (સાવ.)
૨૫૭ તત્ત્વાર્થાધિગમસૂત્ર (ગુજરાતી)
૨૫૮ વિચારસપ્તતિકા સટીક + વિચારપંચાશિકા સટીક
૨૫૯ અધ્યાત્મસાર સટીક
૨૬૦ લીલાવતી ગણિત
૨૬૧ સંક્રમકરણ (ભાગ-૧)
૨૬૨ સંક્રમકરણ (ભાગ-૨)
૨૬૩ ભક્તામરસ્તોત્ર (પ્રત)
૨૬૪ ષટ્સ્થાનક પ્રકરણ (પ્રત)
૨૬૫ સુવ્રતઋષિકથાનક + સંવેગદ્રુમકંદલી (પ્રત)
૨૬૬ શ્રી શત્રુંજયમહાતીર્થોદ્ધાર (મૂળ)
૨૬૭ જીવાનુશાસનમ્
૨૬૮ પ્રબંધ ચિંતામણી (હિન્દી ભાષાંતર)
૨૬૯ દેવચંદ્ર (ભાગ-૨)
૨૭૦ ભાનુચંદ્રગણિ ચરિત
૨૭૧ દિગ્વિજય મહાકાવ્ય
૨૭૨ વિજ્ઞપ્તિ લેખ સંગ્રહ
૨૭૩ આબૂ (ભાગ-૧)
૨૭૪ આબૂ (ભાગ-૨)
૨૭૫ આબૂ (ભાગ-૩)
૨૭૬ આબૂ (ભાગ-૪)
૨૭૭ આબૂ (ભાગ-૫)
૨૭૮ ન્યાય પ્રકાશ
૨૭૯ શ્રી પિંડવિશુદ્ધિ સટીક
૨૮૦ ઋષભ પંચાશિકા ગ્રંથ
૨૮૧ કુમારવિહારશતકમ્
૨૮૨ માનવ ધર્મ સંહિતા
૨૮૩ વર્ધમાન દ્વાત્રિંશિકા
૨૮૪ પ્રશમરતિ પ્રકરણ-ભાવાનુવાદ
૨૮૫ તત્ત્વામૃત (પ્રત)
૨૮૬ ષટ્પુરુષચરિત્ર (પ્રત)
૨૮૭ ઈર્યાપથિકી ષટ્ત્રિંશિકા પ્રત
૨૮૮ કર્મપ્રકૃતિ (પ્રત)
૨૮૯ દૃષ્ટાંતશતક (પ્રત)
૨૯૦ ષટ્ત્રિંશિકા ચતુષ્ક પ્રકરણ
૨૯૧ સુભાષિત પદ્ય રત્નાકર (ભાગ-૧)
૨૯૨ સુભાષિત પદ્ય રત્નાકર (ભાગ-૨)
૨૯૩ સુભાષિત પદ્ય રત્નાકર (ભાગ-૩)

૨૯૪ સુભાષિત પદ્ય રત્નાકર (ભાગ-૪)
૨૯૫ શ્રી ચન્દ્રકેવલી ચરિતમ્
૨૯૬ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૧ (પર્વ-૧)
૨૯૭ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૨ (પર્વ-૨-૩)
૨૯૮ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૩ (પર્વ-૪-૫-૬)
૨૯૯ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૪ (પર્વ-૭)
૩૦૦ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૫ (પર્વ-૮-૯)
૩૦૧ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ભાગ-૬ (પર્વ-૧૦)
૩૦૨ રત્નાકર-અવતારિકા ગુજરાતી અનુવાદ (ભાગ-૧)
૩૦૩ રત્નાકર-અવતારિકા ગુજરાતી અનુવાદ (ભાગ-૨)
૩૦૪ રત્નાકર-અવતારિકા ગુજરાતી અનુવાદ (ભાગ-૩)
૩૦૫ સાધુ મર્યાદાપટ્ટક સંગ્રહ
૩૦૬ જૈન રામાયણ ગદ્ય
૩૦૭ વિશેષાવશ્યક ભાષ્ય સટીક (ભાગ-૧)
૩૦૮ વિશેષાવશ્યક ભાષ્ય સટીક (ભાગ-૨)
૩૦૯ જૈન કથારત્ન કોષ (ભાગ-૭)
૩૧૦ જૈન કથારત્ન કોષ (ભાગ-૮)
૩૧૧ ધર્મસર્વસ્વ અધિકાર સાર્થ, કસ્તુરી પ્રકરણ સાર્થ
૩૧૨ હિંગુલ પ્રકરણ સાર્થ
૩૧૩ નયવાદ અને યુક્તિપ્રકાશ
૩૧૪ અંગુલસિત્તરી સાર્થ, સ્વોપજ્ઞ નમસ્કાર સ્તવ સાર્થ
૩૧૫ દ્રવ્યગુણ પર્યાયરાસ (ભાગ-૧) સટીક સવિવરણ
૩૧૬ દ્રવ્યગુણ પર્યાયરાસ (ભાગ-૨) સટીક સવિવરણ
૩૧૭ ચોવીશી વિશેષાર્થ
૩૧૮ કાવ્યસંગ્રહ (ભાગ-૧)
૩૧૯ કાવ્યસંગ્રહ (ભાગ-૨)
૩૨૦ ચૈત્યવંદનકુલકવૃત્તિ
૩૨૧ સ્યાદ્વાદમુક્તાવલી તથા ભાવસપ્તતિકા
૩૨૨ પ્રજ્ઞાપના ઉપાંગ સટીક
૩૨૩ લઘુશાંતિસ્તવ સટીક / સમવસરણ સ્તવ સાવ. તથા પ્રમાણપ્રકાશ
૩૨૪ શ્રેયાંસનાથ ચરિત્ર
૩૨૫ ભક્તામર-કલ્યાણમંદિર-નમિઊણ સ્તોત્રત્રયં
૩૨૬ જૈન ધર્મનો પ્રાચીન ઈતિહાસ (ભાગ-૧)
૩૨૭ શ્રીમદ્ દેવચંદ્રજી કૃતિસંગ્રહ
૩૨૮ સારસ્વત વ્યાકરણ સટીક
૩૨૯ સિદ્ધાંતરત્નિકા વ્યાકરણ
૩૩૦ અઢી દ્વીપના નકશાની હકીકત
૩૩૧ કર્મપ્રકૃતિ ભાષાંતર
૩૩૨ મુદ્રિત કુમુદચંદ્ર
૩૩૩ શ્રી પ્રશ્નવ્યાકરણ સટીક
૩૩૪ શ્રીમદન્તકૃદનુત્તરોપપાતિકવિપાકસૂત્ર સટીક
૩૩૫ શ્રી જ્ઞાતાધર્મકથા સટીક
૩૩૬ શ્રી જયતિહુઅણસ્તોત્ર (મૂળ + અર્થ)

# વિષયાનુક્રમ


| નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ગ્રંથની ઉત્પત્તિ | ૧ |
| ૨. | ઉપશમનાના ભેદ | ૨ |
| ૩. | નવ અધિકારોના નામ | ૩ |
| ૪. | પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર | ૪ |
| ૫. | દેશવિરતિ લાભ પ્રરૂપણા અથવા સંયમાસંયમલબ્ધિ અધિકાર | ૭૩ |
| ૬. | સર્વવિરતિ લાભ પ્રરૂપણા અથવા સંયમલબ્ધિ અધિકાર | ૮૫ |
| ૭. | અનંતાનુબંધિ વિસંયોજના અધિકાર | ૯૫ |
| ૮. | અનંતાનુબંધિ ઉપશમના | ૧૦૨ |
| ૯. | દર્શનત્રિકની ક્ષપણા અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર | ૧૦૫ |
| ૧૦. | દર્શનત્રિકની ઉપશમના અથવા શ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર | ૧૪૨ |
| ૧૧. | ચારિત્ર મોહનીયની ઉપશમના અથવા ઉપશમશ્રેણિ અધિકાર | ૧૪૮ |
| ૧૨. | કરણકૃત દેશોપશમના અધિકાર | ૨૫૯ |
| ૧૩. | પ્રશસ્તિ | ૨૬૭ |
| ૧૪. | પરિશિષ્ટ-૧ ઉપશમનાકરણમાં સમ્યક્ત્વોત્પાદાદિમાં સ્થિતિબંધની વિચારણા | ૨૬૯ |
| ૧૫. | પરિશિષ્ટ-૨ ગુણશ્રેણિ વિવરણ | ૨૭૨ |
| ૧૬. | પરિશિષ્ટ-૩ અદ્ધાપલ્યોપમ અને ઉદ્ધારપલ્યોપમનું વિશેષ સ્વરૂપ | ૨૭૬ |
| ૧૭. | પરિશિષ્ટ-૪ અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ નાનો કે મોટો ? | ૨૮૦ |
| ૧૮. | પરિશિષ્ટ-૫ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ વિષે કેટલીક વિશેષ વિચારણા | ૨૮૫ |
| ૧૯. | પરિશિષ્ટ-૬ યંત્રો | ૨૯૦ |
| ૨૦. | પરિશિષ્ટ-૭ ઉપશમનાકરણ ભાગ-૧ ની રચનામાં આધારભૂત ગ્રંથોના નામ | ૩૨૭ |
| ૨૧. | ગ્રન્થપ્રકાશક પ્રશસ્તિ | ૩૨૮ |
| ૨૨. | પ.પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વહસ્તાક્ષરોમાં આલેખાયેલા નમસ્કાર મહામંત્ર | ૩૩૦ |

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
नमो नमः श्री प्रेम-भुवनभानु-पद्म-सद्गुरुभ्यः ।
ऐँ नमः ।

# ઉપશમનાકરણ

## ભાગ-૧

કળિકાળને વિશે પણ જેઓનો મહિમા ત્રણ જગતને વિશે પ્રસરેલો છે, જેઓના નામ-સ્મરણ માત્રથી વિઘ્નોનો સમૂહ ક્ષણમાત્રમાં નાશ પામે છે, તે શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુ જય પામો.

જ્ઞાન, ધ્યાન, તપ અને સંયમની સુવાસથી ભવ્ય જીવોને આકર્ષણ કરનાર, કર્મ-સાહિત્યના પરિશીલનમાં અતિનિપુણ મતિવાળા સાક્ષાત્પ્રેમમૂર્તિ એવા આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા અમારા પર પ્રસન્ન થાઓ.

શ્રુતની અધિષ્ઠાયિકા શારદાનું સ્મરણ કરીને ભવ્યજનોના ઉપકારને અર્થે તથા સ્વસ્મરણને માટે **કર્મપ્રકૃતિચૂર્ણિ** તથા **કષાયપ્રાભૃતાદિ** પૂર્વાચાર્ય ભગવંતોના ગ્રન્થોને અનુસરીને સરળ અને વિશદ રીતે **કર્મપ્રકૃતિ**ના **"ઉપશમનાકરણ"** નામના અધિકારનું વિવેચન કરીએ છીએ.

ચરમતીર્થપતિ શ્રીવર્ધમાનસ્વામીએ પચ્ચીશસોથી અધિક વર્ષ પૂર્વે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના આપી. તેમાં વૈશાખ સુદ દશમના દિવસે પ્રભુની પર્ષદામાં કોઈએ વિરતિ પ્રાપ્ત ન કરી. વૈશાખ સુદ અગીઆરસે પ્રભુએ અપાપાપુરીમાં ધર્મદેશના આપી. ત્યાં યજ્ઞ કરવા આવેલ અગીયાર બ્રાહ્મણોને તેમના વિદ્યાર્થીઓ સહિત પ્રતિબોધી પ્રભુએ ગણધર તરીકે સ્થાપ્યા. તેમને उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा રૂપ ત્રિપદી આપી. તેમાંથી બીજબુદ્ધિના ધણી એવા ગણધર ભગવંતોએ અંતર્મુહૂર્ત કાળમાં દ્વાદશાંગીની રચના કરી. ભગવાનની પાટે પંચમ ગણધર સુધર્માસ્વામી આવ્યા. તેમની રચેલી દ્વાદશાંગી શિષ્ય-પરંપરામાં આગળ ચાલી.

દ્વાદશાંગીનું બારમુ અંગ **દૃષ્ટિવાદ** છે. તેના પાંચ ભેદ છે. તેમાં **પૂર્વગત** નામના ત્રીજા ભેદમાં **ચૌદ પૂર્વો**નો સમાવેશ થાય છે. તેમાંથી **બીજા અગ્રાયણી** નામના પૂર્વમાંથી શ્રીશિવશર્મસૂરિ મહારાજે **કર્મપ્રકૃતિ** નામના ગ્રન્થનો ઉદ્ધાર કર્યો છે તથા **પાંચમાં જ્ઞાનપ્રવાદ** નામના પૂર્વમાંથી ગુણધર વાચકે **કષાયપ્રાભૃત**નો ઉદ્ધાર કર્યો છે. **કર્મપ્રકૃતિ**માં બંધનાદિ આઠ કરણોનું વિવેચન

છે. **કષાયપ્રાભૃત**માં મોહનીયકર્મનું વિવેચન છે. મુખ્યતાએ આ બે ગ્રન્થોના આધારે અને બીજા પણ અનેક ગ્રન્થોની સહાયથી તથા ગુરુજનો તરફથી પ્રાપ્ત થયેલ ઉપદેશના આધારે અહીં વિવેચન કરીશું (જુઓ યંત્ર નં. ૧)

બંધનાદિ આઠે કરણો અર્થગંભીર છે અને ભવ્યજીવોને અતિશય ઉપયોગી છે. તેમાં પણ ઉપશમનાકરણ વિશેષ ઉપયોગી છે, કેમકે અનાદિકાળથી ભવના ભ્રમણમાં કારણભૂત આઠ કર્મ છે. તેમાં મોહનીયકર્મ મુખ્ય છે અને આ ઉપશમનાકરણમાં તેની ઉપશમના અને ક્ષપણા દ્વારા સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે બતાવવામાં આવ્યું છે. માટે પ્રસ્તુત કરણ મોક્ષાર્થી જીવો માટે વિશેષ ઉપયોગી છે.

**ઉપશમનાકરણ એટલે શું ?** જે વીર્યથી સત્તામાં રહેલા કર્મોને ઉદય-ઉદીરણા-નિધત્ત અને નિકાચના કરણને અયોગ્ય કરે તે વીર્ય વિશેષ ઉપશમનાકરણ કહેવાય છે. ઉપશમનાકરણના ભેદ, તેના નામાંતર, તથા અકરણોપશમનાનો અધિકાર હાલમાં નથી મળતો, વગેરે બાબતો પ્રથમ બે ગાથામાં બતાવે છે :-

करणकयाऽकरणा वि य, दुविहा उवसामणत्थ बिइयाए ।
अकरणअणुइन्नाए, अणुओगधरे पणिवयामि ।। १ ।।

सव्वस्स य देसस्स य, करणुवसमणा दुसन्नि एक्किका ।
सव्वस्स गुणपसत्था, देसस्स वि तासि विवरीया ।। २ ।।
सव्वुवसमणा मोहस्सेव उ....

**અક્ષરાર્થ** : કરણકૃત અને અકરણકૃત એમ બે પ્રકારની ઉપશમના છે. તેમાં બીજી અકરણકૃત અથવા અનુદીર્ણ ઉપશમનાના અનુયોગને ધારણ કરનારાઓને પ્રણામ કરું છું. (૧)

કરણકૃત ઉપશમના સર્વવિષયી અને દેશવિષયી એમ બે પ્રકારે છે. પુનઃ તે એકેક બે સંજ્ઞા (નામ) વાળી છે. તેમાં સર્વોપશમનાના ૧ ગુણોપશમના ૨ પ્રશસ્તોપશમનારૂપ બે નામ છે. દેશોપશમનાના નામ તેનાથી વિપરિત છે (૧ અગુણોપશમના, ૨ અપ્રશસ્તોપશમના). સર્વોપશમના મોહનીય કર્મની જ હોય છે. (૨)

**વિશેષાર્થ** : ઉપશમના બે પ્રકારે છે (૧) સર્વોપશમના, (૨) દેશોપશમના.
સર્વોપશમનાના બે નામાંતર છે (૧) ગુણોપશમના, (૨) પ્રશસ્તોપશમના.
દેશોપશમનાના બે નામાંતર છે (૧) અગુણોપશમના, (૨) અપ્રશસ્તોપશમના.
સર્વોપશમના માત્ર મોહનીયકર્મની જ થાય છે. દેશોપશમના આઠે કર્મની થાય છે.
જેનું વિવેચન આગળ કરવામાં આવશે તે સર્વોપશમના, યથાપ્રવૃત્તાદિકરણત્રયપૂર્વક

જ થાય છે. દેશોપશમના કરણપૂર્વક પણ થાય છે અને કરણ વિના પણ થાય છે એટલે દેશોપશમનાના બે ભેદ થયા-(૧) કરણકૃત દેશોપશમના, (૨) અકરણકૃત દેશોપશમના.

નદી - ગોળપાષાણ ન્યાયે અત્યંત વેદનાદિ વખતે જીવને કરણ વિના દેશોપશમના થાય છે, તે અકરણકૃત દેશોપશમના. તેનો અધિકાર વર્તમાનકાળે વિચ્છેદ પામ્યો છે, માટે તેના અનુયોગને જાણનાર એવા શ્રુતધરોને નમસ્કાર કરવા દ્વારા શિવશર્મસૂરિ ભગવંતે અહીં કર્મપ્રકૃતિ ગ્રન્થમાં મધ્યમમંગળ કર્યું છે. અથવા અકરણકૃત દેશોપશમનાનો અધિકાર **'કર્મપ્રવાદ'**માં છે, કેમકે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે 'जा सा अकरणोवसामणा तिस्से दुवे नामधेयाणि अकरणोवसामणा त्ति वि अणुदिण्णोवसामणा त्ति वि । एसा कम्मपवादे ।' **-પૃ.૧૮૭૨**

**કર્મપ્રવાદ**ની પ્રાપ્તિ ન થવાથી અહીંયા સર્વોપશમના અને કરણકૃત દેશોપશમનાનો અધિકાર કહીશું, તેમાં બહુવક્તવ્યતા હોવાથી પ્રથમ સર્વોપશમના કહીએ છીએ. તેના કુલ નવ અધિકાર છે :-

(૧) પ્રથમોપશમસમ્યક્ત્વપ્રાપ્તિ (૨) દેશવિરતિ લાભ પ્રરૂપણા અથવા સંયમાસંયમ લબ્ધિ અર્થાધિકાર (૩) સર્વવિરતિ લાભ પ્રરૂપણા અથવા સંયમલબ્ધિ અર્થાધિકાર (૪) અનંતાનુબંધી વિસંયોજના (૫) દર્શનત્રિકની ક્ષપણા અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિ (૬) દર્શનત્રિકની ઉપશમના અથવા શ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર (૭) ચારિત્ર મોહનીયની ઉપશમના અથવા ઉપશમશ્રેણિ (૮) ચારિત્રમોહનીયની ક્ષપણા અથવા ક્ષપકશ્રેણિ (૯) પશ્ચિમ-સ્કંધ અર્થાધિકાર (સમુદ્ઘાત, આયોજિકાકરણ, યોગનિરોધ વિગેરે) (જુઓ યંત્ર નં. ૨). (૧)(૨)

## (૧) પ્રથમોપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર

હવે અહીં પ્રથમોપશમસમ્યક્ત્વ પ્રાપ્તિના અધિકારનું વર્ણન કરતા ઉપશમ સમ્યક્ત્વને યોગ્ય જીવની તેની પૂર્વે કેવી અવસ્થા હોય છે તે પૂર્વભૂમિકાનું વર્ણન પાંચ ગાથા દ્વારા જણાવે છે.

..........................., तस्सुवसमक्कियाजोग्गो ।
पंचेंदिओ उ सन्नीपज्जत्तो लद्धितिगजुत्तो ।। ३ ।।

पुव्वं पि विसुज्झंतो गंठियसत्ताणइक्कमिय सोहिं ।
अन्नयरे सागारे जोगे य विसुद्धलेसासु ।। ४।।

ठिइसत्तकम्मं अंतोकोडीकोडी करेत्तु सत्तण्हं ।
दुट्ठाणचउट्ठाणे असुभसुभाणं च अणुभागं ।। ५।।

बंधंतो धुवपगडी भवपाउग्गा सुभा अणाऊ य ।
जोगवसा य पएसं उक्कोसं मज्झिम जहण्णं ।।६।।

ठिइबंधद्धापुण्णे नवबंधं पल्लसंखभागूणं ।
असुभसुभाणणुभागं अणंतगुणहाणिवुड्ढीहिं ।। ७ ।।

**અક્ષરાર્થ** :- તેની (મોહનીયની) ઉપશમનાને યોગ્ય જીવ પંચેન્દ્રિય, સંજ્ઞિ, પર્યાપ્ત, ત્રણલબ્ધિયુક્ત હોય (૩)

કરણની પૂર્વે પણ ગ્રન્થીક જીવોની વિશુદ્ધિને ઉલ્લંઘીને વિશુદ્ધિમાં વર્તમાન હોય, કોઈ પણ એક સાકાર ઉપયોગમાં, કોઈપણ એક યોગમાં તથા ત્રણ શુદ્ધ લેશ્યામાંની અન્યતર શુદ્ધ લેશ્યામાં વર્તમાન હોય. (૪)

સાત કર્મની સ્થિતિસત્તાને અંતઃકોડાકોડી સાગરોપમ કરીને, તથા અશુભકર્મના સત્તાગત ચતુઃસ્થાનિક અનુભાગને દ્વિસ્થાનિક કરતો, શુભકર્મના સત્તાગત દ્વિસ્થાનિક અનુભાગને ચતુઃસ્થાનિક કરતો (૫)

૪૭ ધ્રુવબંધિ પ્રકૃતિઓને બાંધતો, ભવપ્રાયોગ્ય પરાવર્તમાન શુભ પ્રકૃતિને બાંધતો તથા આયુષ્યને નહિ બાંધતો, તથા યોગાનુસાર ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય પ્રદેશબંધ કરતો (૬)

પૂર્વ પૂર્વનો સ્થિતિબંધ પૂર્ણ થતા ઉત્તરોત્તર પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિબંધ કરતો, તથા અશુભ અને શુભકર્મના અનુભાગને અનંતગુણહાનિ-વૃદ્ધિથી બાંધતો(૭)

[ઉક્ત જીવ ત્રણ કરણ કરી ઉપશાંતાદ્ધાને (ઉપશમ સમ્યક્ત્વને) પામે છે.]

**વિશેષાર્થ** :- અનાદિકાળથી સંસાર સાગરમાં પરિભ્રમણ કરી રહેલો જીવ જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તથી પણ ઓછો સંસાર બાકી રહે છે, ત્યારે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને સંસારની અંદર પ્રથમવાર તો કોઈપણ જીવ ઉપશમ સમ્યક્ત્વ જ પામે છે, એવી કાર્મગ્રંથિક માન્યતા છે. તેથી અહિંયા શરૂઆતમાં 'પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ' નામના પહેલા અધિકારને વર્ણવીએ છીએ.

શું કોઈ પણ ગતિનો કોઈપણ પરિસ્થિતિમાં અને કોઈપણ સંયોગોમાં રહેલો જીવ સમ્યક્ત્વ પામી શકે છે કે અમુક જ પરિસ્થિતિમાં અમુક જ ગત્યાદિમાં રહેલ જીવ સમ્યક્ત્વ પામી શકે છે ? તેવી શંકાનો પરિહાર કરવા માટે સૌથી પહેલા સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટેની વિશિષ્ટ પ્રક્રિયા કેવા જીવો કરી શકે ? તે નીચેના મુદ્દાઓ દ્વારા બતાવવામાં આવે છે, અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની પ્રક્રિયારૂપ ત્રણ કરણ પૂર્વે અંતર્મુહૂર્તમાં જીવની કેવી અવસ્થા હોય છે ? તે બતાવવામાં આવે છે.

**(૧) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય** : લબ્ધિ અપર્યાપ્ત જીવો તથા લબ્ધિથી પર્યાપ્ત હોવા છતાં કરણ અપર્યાપ્તાવસ્થામાં રહેલા જીવો સમ્યક્ત્વ ઉપાર્જી શકતા નથી; કેમકે સમ્યક્ત્વોત્પત્તિ

માટે જોઈતી વિશુદ્ધિ તેઓને હોતી નથી. તેવી જ રીતે એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવો અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ તથાપ્રકારની વિશુદ્ધિના અભાવે સમ્યક્ત્વ ઉપાર્જી શકતા નથી, તેથી 'પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવ' જ સમ્યક્ત્વ પામી શકે એમ જણાવ્યું છે.

**(૨) મિથ્યાદષ્ટિ** : પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ અનાદિ મિથ્યાદષ્ટિ જીવને અથવા સાદિ મિથ્યાદષ્ટિ જીવને થાય છે. અહીંયા પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ એટલે ઉપશમ શ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વ સિવાયનું ઉપશમ સમ્યક્ત્વ સમજવાનું છે. અન્યથા સાદિ મિથ્યાદષ્ટિને જે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે પ્રથમવારનું ઉપશમ સમ્યક્ત્વ હોતું નથી, દ્વિતીયાદિવારનું હોય છે, પરંતુ ઉપશમશ્રેણિમાં જે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે સિવાય સંસારમાં જેટલી વાર ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે પ્રથમ ઉપશમસમ્યક્ત્વ જ કહેવાય છે. માટે જ અહિં સાદિ કે અનાદિ મિથ્યાદષ્ટિને પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કહી છે. સાદિ મિથ્યાદષ્ટિમાં પણ સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જઈ તુરત જ પુનઃ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારને ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યારે મિથ્યાત્વે જઈ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કરી મોહનીયની ૨૬ પ્રકૃતિની સત્તાવાળો થઈ પાછો જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે કરણત્રયપૂર્વક પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ જ પામે છે. મતાંતરે **કષાયપ્રાભૃત**ના મતે મિથ્યાત્વે જઈ સમ્યક્ત્વ મોહનીય - મિશ્ર મોહનીયને ઉવેલતા તેની શતપૃથક્ત્વ સાગરોપમ જેટલી સ્થિતિ શેષ રહે ત્યારે જો પુનઃ સમ્યક્ત્વ પામે તો કરણત્રય પૂર્વક પ્રથમોપશમસમ્યક્ત્વ જ પામે છે.

[1]**(૩) લબ્ધિત્રયયુક્ત** : પ્રથમોપશમસમ્યક્ત્વ પામનાર જીવ અંતર્મુહૂર્ત પૂર્વે (૧)

---

૧. ધવલાદિ દિગંબર ગ્રન્થોમાં પાંચ લબ્ધિ કહી છે. તેમાં પાંચમી લબ્ધિ કરણરૂપ છે. પહેલી ચાર લબ્ધિ હોય તેને કરણરૂપ પાંચમી લબ્ધિ આવે છે. **खयउवसमिय - विसोही-देसण-पाओग्ग करणलद्धी य। चत्तारि वि सामण्णा करणं पुण होइ सम्मत्ते** ।। १ ।। તેની વ્યાખ્યા તે ગ્રન્થોમાં આ પ્રમાણે છે :-

**पुव्वसंचिदकम्ममलपडलस्स अणुभागफद्दयाणि जदा विसोहीए पडिसमयमणंतगुणहीणाणि होदूणुदीरिज्जंति तदा खओवसमलद्धी होदि ।**

**पडिसमयमणंतगुणहीणकमेण उदीरिदअणुभागफद्दयजणिदजीवपरिणामो सादादिसुहकम्मबंध-णिमित्तो असादादिअसुहकम्मबंधविरुद्धो विसोही णाम । तिस्से उवलंभो विसोहिलद्धि णाम ।**

**छद्दव्वणवपदत्थोवदेसो देसणा णाम । तीए देसणाए परिणदआइरियादीणमुवलंभो, देसिदत्थस्स गहणधारण-विचारणसत्तीए समागमो अ देसणलद्धी णाम ।**

**सव्वकम्माणमुक्कस्सट्ठिदिमुक्कस्साणुभागं च घादिय अंतोकोडाकोडीट्ठिदिम्हि वेट्ठाणाणुभागे च अवट्ठाणं पाओग्गलद्धि नाम । कुदो ? एदेसु संतेसु करणजोग्गमाउवलंभादो** -પૃ. ૨૦૪, પુસ્તક ૬ઠ્ઠુ

(૧) ક્ષાયોપશમિક લબ્ધિ : સત્તામાં રહેલા અશુભ કર્મના અનુભાગસ્પર્ધકોને પ્રતિસમય અનંતગુણહીન - અનંતગુણહીન કરતા ઉદીરણા કરે તે ક્ષાયોપશમિક લબ્ધિ.

ઉપશમલબ્ધિ, (૨) ઉપદેશશ્રવણ લબ્ધિ, (૩) પ્રયોગ લબ્ધિ- આ ત્રણ લબ્ધિથી યુક્ત હોય છે. (૧) ઉપશમ લબ્ધિ એટલે કર્મને ઉપશાંત કરવાની શક્તિ. (૨) ઉપદેશ શ્રવણ લબ્ધિ એટલે ઉપદેશને યોગ્ય આચાર્યાદિકની પ્રાપ્તિ અને ઉપદેશને સમજવાની તથા પરિણમાવવાની શક્તિ. (૩) પ્રયોગ લબ્ધિ એટલે સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેના ત્રણ કરણ માટે જોઈતી મન, વચન, અને કાયાના યોગની લબ્ધિ. નૈસર્ગિક સમ્યક્ત્વમાં ઉપદેશ શ્રવણનું નિમિત્ત હોતુ નથી, પરંતુ ઉપદેશ શ્રવણની શક્તિ તે જીવમાં હોવી આવશ્યક છે, એમ લાગે છે.

(૪) **વિશુદ્ધિ** : અહીં ગ્રન્થીદેશે રહેલા અભવ્ય કરતા પણ અનંતગુણ વિશુદ્ધિ હોય છે અને તે પણ પ્રતિસમય અનંતગુણ વધતી હોય છે.

(૫) **યોગ** : ચાર મનના, ચાર વચનના તથા ઔદારિક અને વૈક્રિય એ દશમાંથી અન્યતર યોગ હોય છે.

(૬) **વેદ** : પુરુષવેદ, સ્ત્રીવેદ કે નપુંસકવેદમાંથી અન્યતર વેદ હોય છે.

(૭) **ઉપયોગ** : સાકારોપયોગ હોય છે, એટલે મતિઅજ્ઞાન - શ્રુતઅજ્ઞાન કે વિભંગજ્ઞાનમાંથી કોઈ પણ ઉપયોગ હોય છે.

(૮) **લેશ્યા** : ભાવથી ત્રણ શુભ લેશ્યામાં વર્તમાન હોય અને તેમાં પણ ઉત્તરોત્તર સમયે વર્ધમાન શુભ લેશ્યા હોય. દ્રવ્યથી અશુભ લેશ્યા પણ નારકીને હોય છે.

(૯) **કષાય** : ક્રોધાદિ ચારમાંથી અન્યતર કષાયનો ઉદય હોય. તેમજ પ્રતિસમય અનંતગુણ હીયમાન કષાયી હોય.

(૧૦) **મૂળપ્રકૃતિબંધ** : મૂળપ્રકૃતિ સાત બંધાય છે, કેમકે આયુષ્ય હંમેશા મધ્યમ (ઘોલના)

---

(૨) **વિશુદ્ધિ લબ્ધિ** : ક્ષાયોપશમિક લબ્ધિથી ઉત્પન્ન થયેલ શાતાદિ શુભકર્મોના બંધમાં કારણભૂત અને અશાતાદિ અશુભકર્મબંધનો વિરોધી પરિણામ તે વિશુદ્ધિ, તેની પ્રાપ્તિ તે વિશુદ્ધિ લબ્ધિ.

(૩) **દેશના લબ્ધિ** : છ દ્રવ્ય અને નવ પદાર્થનો ઉપદેશ તે દેશના, દેશનાથી પરિણત આચાર્યાદિની પ્રાપ્તિ તથા ઉપદિષ્ટ અર્થગ્રહણ - ધારણ - વિચારણ શક્તિનો સમાગમ તે દેશનાલબ્ધિ.

(૪) **પ્રાયોગ્ય લબ્ધિ** : સર્વકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અને અશુભકર્મના ઉત્કૃષ્ટ રસનો ઘાત કરી અંતઃકોડાકોડી સ્થિતિમાં તથા બે સ્થાનિક રસમાં અવસ્થાન તે પ્રાયોગ્ય લબ્ધિ.

(૫) **કરણ લબ્ધિ** : યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ રૂપ.

ચાર લબ્ધિ હોય તેને કરણલબ્ધિની યોગ્યતા આવે છે. પ્રથમ ચાર લબ્ધિ ભવ્ય-અભવ્યને સાધારણ હોય છે. પાંચમી લબ્ધિ સમ્યક્ત્વ પામતી વખતે હોય છે.

પરિણામે બંધાય છે. અહીં અતિશય વિશુદ્ધ પરિણામ છે. માટે આયુષ્ય ન બંધાય.

**(૧૧) ઉત્તરપ્રકૃતિબંધ :** સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય-તિર્યંચ ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિ બાંધે અને અધ્રુવબંધિમાંથી હાસ્ય, રતિ, પુરુષવેદ[1] અને નામની દેવદ્વિક, પંચન્દ્રિય જાતિ, સમચતુરસ્રસંસ્થાન, વૈક્રિય-૨, પરાઘાત, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, ત્રસદશક એમ ૧૯[2] પ્રકૃતિ તથા સાતાવેદનીય અને ઉચ્ચગોત્ર રૂપ ૭૧ પ્રકૃતિઓ બાંધે (૪૭+૩+૧૯+૧+૧=૭૧) સમ્યક્ત્વાભિમુખ દેવ-નારક પણ પૂર્વોક્ત ધ્રુવબંધી ૪૭, હાસ્ય, રતિ, પુરુષવેદ[3], સાતાવેદનીય અને ઉચ્ચગોત્ર બાંધે. ઉપરાંતમાં નામકર્મની મનુષ્ય યોગ્ય ૨૦[4] પ્રકૃતિ બાંધે એટલે કુલ તેને ૭૨ પ્રકૃતિ બંધાય છે. નામની ૨૦ પ્રકૃતિ આ પ્રમાણે છે - મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, ઔદારિકદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, ત્રસદશક.

સમ્યક્ત્વાભિમુખ સાતમી નરકના જીવને વિશેષમાં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રને બદલે તિર્યંચદ્વિક અને નીચગોત્રનો બંધ થાય છે અને ઉદ્યોતનો બંધ વિકલ્પે થતો હોવાથી ઉદ્યોત ન બંધાય ત્યારે ૭૨ પ્રકૃતિ બાંધે અને ઉદ્યોત બંધાય ત્યારે ૭૩ પ્રકૃતિ બાંધે.

**પ્રશ્ન** - સાતમી નરક સિવાય શેષ છ નરકમાં ઉદ્યોત વિકલ્પે કેમ ન બંધાય ?

**જવાબ** - ઉદ્યોતના બંધના વિકલ્પો તિર્યંચ પ્રયોગ્ય બાંધતા થાય છે. ૧ થી ૬ નરકવાળા સમ્યક્ત્વાભિમુખ જીવો મનુષ્યયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે, તિર્યંચ યોગ્ય નહીં. માટે તેઓને ઉદ્યોતનો બંધ ન સંભવે, જ્યારે સાતમી નરકનો જીવ તિર્યંચ યોગ્ય જ બાંધતો હોવાથી તેને ઉદ્યોતનો બંધ સંભવી શકે છે.

આ સિવાયની પ્રકૃતિઓ સમ્યક્ત્વાભિમુખ જીવને બંધાતી નથી. તેથી સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય-તિર્યંચને નપુંસકવેદ, શોક, અરતિ, આયુષ્ય-૪, અસાતાવેદનીય, નીચગોત્ર, દેવગતિ સિવાય ગતિ-૩, પંચેન્દ્રિયજાતિ સિવાયની ચાર જાતિ, ઔદારિક-૨, સંઘયણ-૬, પ્રથમ સિવાયના સંસ્થાન-૫, દેવાનુપૂર્વી સિવાયની ત્રણ આનુપૂર્વી, અશુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, જિનનામકર્મ, સ્થાવર-૧૦, એમ ૪૯ પ્રકૃતિઓ બંધાતી નથી.

---

૧-૨. જો કે મોહનીયની કુલ ૨૨ અને નામની કુલ દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બંધાય છે તો પણ તેની અનુક્રમે ત્રણ અને ઓગણીશ કહેવાનું કારણ બાકીની પ્રકૃતિઓ ધ્રુવબંધીમાં આવી ગઈ છે.

૩. અહિંયા પણ મોહનીયની ૨૨ પ્રકૃતિ બંધાય છે. શેષ પ્રકૃતિઓ ધ્રુવબંધીમાં આવી ગઈ હોવાથી ત્રણ જ કહી છે.

૪. અહિંયા પણ મનુષ્યયોગ્ય ૨૯ બંધાય છે, પરંતુ બાકીની પ્રકૃતિ ધ્રુવબંધીમાં સમાઈ જાય છે.

**સમ્યક્ત્વ વખતે ચારે ગતિના જીવોને બધ્યમાન પ્રકૃતિઓ :**

| સમ્યક્ત્વાભિમુખ | જ્ઞાના. | દ. | મો. | અં. | વે. | ગો. | નામકર્મ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| મનુષ્ય-તિર્યંચને | ૫ | ૯ | ૨૨ | ૫ | ૧ | ૧ | દેવ પ્રાયોગ્ય ૨૮ | ૭૧ |
| દેવતા તથા ૧ થી૬ નરકના જીવને | ૫ | ૯ | ૨૨ | ૫ | ૧ | ૧ | મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ | ૭૨ |
| ૭મી નરકના જીવને | ૫ | ૯ | ૨૨ | ૫ | ૧ | ૧ | તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ | ૭૨ |
| ઉદ્યોતના બંધક ૭મી નરકના નારકને | ૫ | ૯ | ૨૨ | ૫ | ૧ | ૧ | તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ (ઉદ્યોત સાથે) | ૭૩ |

દેવ-નારકને (૧ થી ૬ નરક સુધીના નારકને) પ્રથમ સંઘયણ બંધાતુ હોવાથી તે વિના કુલ-૪૮ પ્રકૃતિ બંધાતી નથી. પરંતુ મનુષ્ય-તિર્યંચને ઔદારિક-૨ અને દેવગતિ-દેવાનુપૂર્વી સિવાયની ત્રણ ગતિ-ત્રણ આનુપૂર્વીનો અબંધ છે, તેને બદલે દેવ-નારકને વૈક્રિયદ્વિકનો અને મનુષ્યગતિ-મનુષ્યાનુપૂર્વી સિવાય ત્રણ ગતિ-ત્રણ આનુપૂર્વીનો અબંધ છે. આમ દેવ-નારકને નહીં બંધાતી ૪૮ પ્રકૃતિઓ આ પ્રમાણે છે :

સ્ત્રીવેદ, નપુંસકવેદ, શોક, અરતિ, આયુષ્ય-૪, આશાતાવેદનીય, નીચગોત્ર, મનુષ્યગતિ સિવાયની ગતિ-૩, પંચેન્દ્રિય સિવાય જાતિ-૪, વૈક્રિય-૨, આહારક-૨, પ્રથમ વર્જિત સંઘયણ-૫, પ્રથમ વર્જિત સંસ્થાન ૫, મનુષ્યાનુપૂર્વી સિવાય આનુપૂર્વી-૩, અશુભ વિહાયોગતિ, આતપ-ઉદ્યોત, જિનનામકર્મ, સ્થાવર-૧૦ = ૪૮

સાતમી નરકના જીવને અબંધ પ્રકૃતિઓ દેવ-નારકવત્ છે. પરંતુ મનુષ્યગતિ સિવાયની ૩ ગતિને બદલે તિર્યંચગતિ સિવાયની ગતિ-૩, તેવી જ રીતે તિર્યંચાનુપૂર્વી સિવાય આનુપૂર્વી-૩, અને નીચગોત્રને બદલે ઉચ્ચગોત્ર, તેમજ ઉદ્યોતનો બંધ વિકલ્પે થતો હોવાથી તેનો અબંધ પણ વિકલ્પે. આમ સમ્યક્ત્વાભિમુખ સાતમી નરકના જીવને અબધ્યમાન પ્રકૃતિઓ :- સ્ત્રીવેદ, નપુંસકવેદ, શોક, અરતિ, આયુષ્ય-૪, અશાતાવેદનીય, ઉચ્ચગોત્ર, તિર્યંચ સિવાયની ગતિ-૩, પંચેન્દ્રિય સિવાયની જાતિ-૪, વૈક્રિય-૨, આહારક-૨, પ્રથમ વર્જિત સંઘયણ-૫, પ્રથમ વર્જિત સંસ્થાન-૫, તિર્યંચાનુપૂર્વી સિવાય આનુપૂર્વી-૩, અશુભવિહાયોગતિ, આતપ, જિનનામકર્મ, સ્થાવર ૧૦ = આમ કુલ-૪૭.

ઉદ્યોતને નહીં બાંધતા ૭મી નરકના જીવને અબધ્યમાન પ્રકૃતિઓ ઉપરોક્ત ૪૭+

ઉદ્યોત = ૪૮

| સમ્યક્ત્વાભિમુખ | અબધ્યમાન પ્રકૃતિ |
|---|---|
| મનુષ્ય-તિર્યંચને | ૪૯ |
| દેવ તથા ૧ થી ૬ નરકના જીવને | ૪૮ |
| ૭મી નરકના જીવને | ૪૮ |
| ઉદ્યોતના બંધક ૭મી નરકના નારકીને | ૪૭ |

**(૧૨) સ્થિતિબંધ :** સાતે કર્મનો સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે. અને પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય છે.

**(૧૩) રસબંધ :** અશુભ કર્મનો બે ઠાણિયો અને શુભકર્મનો ચાર ઠાણિયો રસ બંધાય છે. તે પણ પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે અશુભકર્મનો અનંતગુણહીન અને શુભકર્મનો અનંતગુણ વૃદ્ધ રસ બંધાય છે.

**(૧૪) પ્રદેશબંધ :** સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ-મનુષ્યો અનંતાનુબંધિ-૪, થિણદ્ધિ-૩, મિથ્યાત્વ-મોહનીય, દેવ-૨, વૈક્રિય-૨, સમચતુરસ્ર સંસ્થાન, સુભગ-૩, શુભવિહાયોગતિ આ ૧૭ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અથવા અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. તેમાં ઉત્કૃષ્ટ યોગી હોય તો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે અને અનુત્કૃષ્ટ યોગી હોય તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. શેષ ૫૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ જ પ્રદેશબંધ કરે, કેમકે આ ૫૪ પ્રકૃતિઓમાંથી જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, શાતા, યશ અને ઉચ્ચગોત્ર એ ૧૭ પ્રકૃતિઓનો દશમા ગુણસ્થાનકે જ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે, અપ્રત્યાખ્યાનાવરણીય ચતુષ્કનો અવિરત સમ્યગ્દૃષ્ટિ ઉત્કૃષ્ટ યોગે વર્તમાનને, પ્રત્યાખ્યાનાવરણીય ચતુષ્કનો દેશવિરત ઉત્કૃષ્ટયોગે વર્તમાનને તથા પુરુષવેદ અને સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નવમા ગુણસ્થાનકે અનુક્રમે ૫-૪-૩-૨-૧ના બંધક ઉત્કૃષ્ટ યોગે વર્તમાનને થાય છે. તેમજ હાસ્ય, રતિ, ભય, જુગુપ્સાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અવિરત સમ્યગ્દૃષ્ટિથી અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીના જીવોને થાય છે.

આમ ૩૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ તો સમ્યગ્દૃષ્ટિ જીવોને જ થાય છે. બાકીની ૧૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ જો કે મિથ્યાદૃષ્ટિ જીવ કરી શકે છે, પરંતુ તેમાંથી વર્ણાદિ-૪, તૈજસ-કાર્મણ શરીર, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, બાદર અને પ્રત્યેક આ ૧૧ પ્રકૃતિનો

ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ બાંધતા થાય છે. પર્યાપ્ત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર અને શુભનામકર્મ આ પાંચ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ બાંધતા થાય છે. પંચેન્દ્રિય જાતિ અને ત્રસકાયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની અપર્યાપ્ત મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય કે વિકલેન્દ્રિય યોગ્ય ૨૫ પ્રકૃતિ બાંધતા થાય છે. અહિંયા તો સમ્યક્ત્વાભિમુખ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય નામકર્મની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ બાંધે છે. તેથી તેને ૧૮ પ્રકૃતિઓનો પણ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવે નહિં. આમ કુલ સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય-તિર્યંચને ૩૬ + ૧૮ = ૫૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ જ સંભવે છે. શેષ ૧૭ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે.

સમ્યક્ત્વાભિમુખ દેવ તથા ૧ થી ૬ નરક સુધીના નારકીને પણ જે કુલ ૭૨ પ્રકૃતિ બંધાય છે તેમાંથી અનંતાનુબંધી-૪, થિણદ્ધિ-૩, મિથ્યાત્વ મોહનીય, પ્રથમ સંઘયણ આ નવ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય. તેમાં પણ ઉત્કૃષ્ટ યોગે વર્તમાન હોય તો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, અનુત્કૃષ્ટ યોગે વર્તમાન હોય તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. શેષ ૬૩ પ્રકૃતિઓનો તેને અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ થાય, ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ થાય નહિં. તેમાં ૫૪ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન થવાનું કારણ પૂર્વે મનુષ્ય-તિર્યંચને કહ્યું છે તે જ જાણવું અને બાકીની પ્રકૃતિઓમાંથી ઔદારિક શરીર નામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની એકેન્દ્રિય પ્રયોગ્ય ૨૩ બાંધતા થાય છે. તથા મનુષ્ય-૨ અને ઔદારિક અંગોપાંગનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની અપર્યાપ્ત મનુષ્ય યોગ્ય ૨૫ બાંધતા થાય છે. તથા સુભગ-૩, સમચતુરસ્રસંસ્થાન અને શુભવિહાયોગતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બાંધતા મનુષ્ય-તિર્યંચને થાય છે. અહીંયા તો સમ્યક્ત્વાભિમુખ દેવ તથા નારકને નામકર્મની મનુષ્યયોગ્ય ૨૯ પ્રકૃતિ બંધાય છે, તેથી આ નવ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ સંભવતો નથી. આમ (૫૪ + ૯) ૬૩ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સમ્યક્ત્વાભિમુખ દેવ-નારકને ન થતો હોવાથી તેનો અનુત્કૃષ્ટ જ પ્રદેશબંધ થાય અને શેષ નવ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય.

સમ્યક્ત્વાભિમુખ સાતમી નરકના જીવને જે ૭૨ પ્રકૃતિઓ બંધાય છે, તેમાં પણ પૂર્વોક્ત નવ ઉપરાંત નીચગોત્રની સાથે દશ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ હોય, કેમકે નીચગોત્રના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી ઉત્કૃષ્ટયોગી ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ છે. તિર્યંચ-૨ નો અહીં અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ થાય છે, તેનું કારણ એ છે કે તિર્યંચ-૨નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિ મનુષ્ય-તિર્યંચને એકેન્દ્રિય પ્રયોગ્ય ૨૩ પ્રકૃતિ બાંધતા થાય છે.

આમ સમ્યક્ત્વાભિમુખ ૭મી નરકના જીવને કુલ બંધાતી ૭૨ પ્રકૃતિઓમાંથી ૧૦ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય, જ્યારે શેષ ૬૨ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ

પ્રદેશબંધ જ થાય છે.

ઉદ્યોતના બંધક ૭મી નરકના જીવને બંધાતી ૭૩ પ્રકૃતિમાંથી પણ અનંતાનુબંધી-૪, થિણદ્ધિ-૩, મિથ્યાત્વમોહનીય અને નીચગોત્ર એ નવ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ જ પ્રદેશબંધ થાય છે. શેષ ૬૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ જ પ્રદેશબંધ થાય છે. તેમાં ૬૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન થવાનું કારણ ૭મી નરકના ૭૨ પ્રકૃતિના બંધક જીવોને કહ્યું છે તે પ્રમાણે જાણવું. ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ એકેન્દ્રિય પ્રાયોગ્ય ઉદ્યોત સાથે ૨૬ બાંધતા તિર્યંચ-મનુષ્યને થતો હોવાથી અહીં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવતો નથી. તેમજ નામકર્મમાં ઉદ્યોતનો બંધ વધ્યો હોવાથી વજ્રઋષભનારાચ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પણ ન થાય, કેમકે વજ્રઋષભનારાચ સંઘયણનો નામકર્મની ૨૯ પ્રકૃતિ બાંધતા ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે, જ્યારે અહીં નામકર્મની ૩૦ પ્રકૃતિ બંધાય છે.

આમ ઉદ્યોતના બંધક ૭મી નરકના જીવને ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય, અને શેષ ૬૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ થાય.

| | પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ | પ્રકૃતિઓનો અનુ.પ્રદેશ-બંધ | કુલ બંધ |
|---|---|---|---|
| સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય - તિર્યંચ | ૧૭ | ૫૪ | ૭૧ |
| સમ્યક્ત્વાભિમુખ દેવ તથા ૧ થી ૬ નરકના જીવ | ૯ | ૬૩ | ૭૨ |
| સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોતનો અબંધક ૭મી નરકનો જીવ | ૧૦ | ૬૨ | ૭૨ |
| સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોતનો બંધક ૭મી નરકનો જીવ | ૯ | ૬૪ | ૭૩ |

**(૧૫) પ્રકૃતિ ઉદય :- પ્રશ્ન** :- સમ્યક્ત્વાભિમુખ જીવોને કેટલી પ્રકૃતિઓનો ઉદય હોય છે ?

**જવાબ** - સમ્યક્ત્વાભિમુખ જીવો (૧) નરક (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ એમ ચારે ગતિના હોય છે. તેમાંથી સમ્યક્ત્વાભિમુખ નારકીને નીચે પ્રમાણે પ્રકૃતિઓનો ઉદય હોય છે - જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રાદ્વિકમાંથી અન્યતર એકની સાથે ૫, અંતરાય-૫, અન્યતર વેદનીય, નીચગોત્ર, નરકાયુષ્ય, મોહનીયની અનંતાનુબંધ્યાદિ ૪ કષાય, નપુંસકવેદ, અન્યતર યુગલ, મિથ્યાત્વમોહનીય એમ ૮ અથવા ભય અને જુગુપ્સા વિકલ્પે

ઉદયમાં આવી શકે છે. તેથી તેમાંથી એકનો ઉદય હોય ત્યારે ૯ અને બન્નેનો ઉદય હોય ત્યારે ૧૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

**પ્રશ્ન** :- એક સમયે જીવને ક્રોધાદિ એક જ કષાયનો ઉદય હોય છે તો પછી અહીં ચાર કષાયનો ઉદય કેમ કહ્યો ?

**જવાબ** - જીવને એક સમયે ક્રોધાદિ ચારમાંથી અન્યતર એક જ કષાયનો ઉદય હોય છે તે બરાબર, પરંતુ ક્રોધાદિ દરેક કષાયના અનંતાનુબંધિ કષાય આદિ ચાર ભેદો છે. તેમાંથી અનંતાનુબંધિના ઉદયમાં અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન કષાયનો ઉદય અંતર્ભૂત રહેલો હોવાથી ચારે પ્રકારના કષાયોનો ઉદય ગણાય છે અને તેથી અનંતાનુબંધ્યાદિ ચાર કષાયનો ઉદય પહેલા ગુણસ્થાનકે કહેલો છે, પરંતુ ક્રોધાદિ ચારમાંથી એક જ કષાયનો ઉદય હોય છે અને તેથી જ ભાંગાની ગણત્રીમાં પણ જ્યાં કષાયના ભાંગા ગણવામાં આવશે ત્યાં ચારનો ગુણાકાર કરવામાં આવશે.

નામકર્મની ૨૯ પ્રકૃતિનું એક જ ઉદયસ્થાનક નરકના જીવોને હોય છે. તે ૨૯ પ્રકૃતિઓ આ પ્રમાણે છે- વર્ણાદિ-૪, તૈજસ્-કાર્મણ શરીર, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, એ બાર ધ્રુવોદયી તથા નરકગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય-૨, હુંડક સંસ્થાન, કુખગતિ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, ત્રસ-૪, દુર્ભગ-૪.

આમ નારકીને જઘન્યથી ૫૪ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટથી ૫૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

## નારકીને કુલ ઉદયમાં પ્રકૃતિઓ

| | જ્ઞાના૦ | દર્શના૦ | અંત૦ | વેદ૦ | ગોત્ર | આયુષ્ય | મોહનીય | નામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્યથી | ૫ | ૪ | ૫ | ૧ | ૧ | ૧ | ૮ | ૨૯ | ૫૪ |
| ઉત્કૃષ્ટથી | ૫ | ૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૨૯ | ૫૭ |

કુલ ઉદયસ્થાનક ચાર છે. તે આ પ્રમાણે - ૫૪-૫૫-૫૬-૫૭

અહીંયા નારકીના જીવોને આ ચાર ઉદયસ્થાનક કહ્યા. તેમાંના પ્રત્યેક ઉદયસ્થાનક જુદી જુદી પ્રકૃતિઓ સાથે અનેક પ્રકારે થઈ શકે છે. જેમકે, કોઈ ક્રોધના ઉદયવાળો નારકનો જીવ હોય, કોઈ માનના ઉદયવાળો હોય, કોઈ માયાના ઉદયવાળો હોય, કોઈ લોભના ઉદયવાળો હોય. આ ચારે જીવો શાતાના ઉદયવાળા અને આ ચારે જીવો અશાતાના ઉદયવાળા.... એમ અનેક પ્રકારે એક જ ઉદયસ્થાનક હોય. પ્રકૃતિઓના ભેદે એક જ ઉદયસ્થાનકના જેટલા

પ્રકાર થાય તે તેના ભાંગા કહેવાય. હવે અહીં નરકના દરેક ઉદયસ્થાનકના નીચે પ્રમાણે ભાંગા આવશે :

૫૪ પ્રકૃતિના ઉદયસ્થાનકમાં ચારમાંથી અન્યતર કષાય, અન્યતર યુગલ, અને બેમાંથી અન્યતર વેદનીય ઉદયમાં છે. બાકીની પ્રકૃતિઓ ઉદયમાં બદલાતી નથી, કેમકે નપુંસકવેદનો જ ઉદય સર્વ નારકોને છે. તેમજ નામકર્મની દુર્ભગ-અનાદેય અને અપયશ, અશુભ વિહાયોગતિ વિગેરે અશુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. તેથી અહીં ૫૪ના ઉદયસ્થાનકના કુલ ભાંગા કષાય ૪ × યુગલ ૨ × વેદનીય ૨ = ૧૬ ભાંગા થાય. આવી જ રીતે આગળ ઉપરના ઉદયસ્થાનકોમાં જે જે પ્રકૃતિઓ બદલાતી હોય તેને યોગ્ય ગુણાકાર મૂકી ભાંગા કાઢવામાં આવ્યા છે.

૫૫ ના ઉદયસ્થાનકના ૩ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદનીય | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| ૫૪+અન્યતર નિદ્રા=૫૫ | ૪ × | ૨ × | ૨ × | ૨ | = ૩૨ |
| ૫૪ + ભય=૫૫ | ૪ × | ૨ × | ૨ | - | = ૧૬ |
| ૫૪ + જુગુપ્સા=૫૫ | ૪ × | ૨ × | ૨ | - | = ૧૬ |
| | | | | | ૬૪ |

૫૬ ના ઉદયસ્થાનકના ૩ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદનીય | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| ૫૪ + નિદ્રા +ભય=૫૬ | ૪ × | ૨ × | ૨ × | ૨ | = ૩૨ |
| ૫૪ + નિદ્રા +જુગુપ્સા=૫૬ | ૪ × | ૨ × | ૨ × | ૨ | = ૩૨ |
| ૫૪ + ભય +જુગુપ્સા=૫૬ | ૪ × | ૨ × | ૨ | - | = ૧૬ |
| | | | | | ૮૦ |

૫૭ ના ઉદયસ્થાનકનો ૧ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદનીય | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| ૫૪+નિદ્રા+જુગુપ્સા+ભય=૫૭ | ૪ × | ૨ × | ૨ × | ૨ | = ૩૨ |

અહીં ભાંગા કાઢવા માટે ગુણાકારમાં સંખ્યા મૂકવાની રીત એ છે કે જે અનેક પ્રકૃતિમાંથી અન્યતર એક પ્રકૃતિનો ઉદય લેવાનો હોય ત્યાં તેના સ્થાનમાં તે અનેકરૂપ જે સંખ્યા હોય તે મૂકવી. જેમકે કષાયમાં ૪ માંથી અન્યતર ૧ કષાયનો ઉદય લેવાનો છે તો ત્યાં કષાયના સ્થાને ૪ ની સંખ્યા મૂકવી, ત્યાર પછી બે યુગલમાંથી અન્યતર યુગલનો ઉદય લેવો છે તો ત્યાં ૨ ની સંખ્યા મૂકવી, બે વેદનીયમાંથી અન્યતર વેદનીય લેવાનું છે તો વેદનીયના સ્થાને ૨ ની સંખ્યા મૂકવી અને બે નિદ્રામાંથી કોઈ પણ એક નિદ્રા લેવી છે તો ત્યાં પણ બેની જ સંખ્યા મૂકવી. પછી પરસ્પર ગુણાકાર કરવાથી ભાંગા પ્રાપ્ત થશે.

**પ્રશ્ન** - ભય કે જુગુપ્સામાંથી કોઈપણ એકનો ઉદય ૫૫ ના ઉદયસ્થાનકમાં છે તો પછી તમારી રીત પ્રમાણે ત્યાં ભય અને જુગુપ્સા માટે બે થી ગુણાકાર કરી ભાંગા કેમ ન ગણ્યા ?

**જવાબ** - ભય અને જુગુપ્સામાંથી ૫૫ ના ઉદયસ્થાનમાં કોઈપણ એકનો ઉદય હોવાથી તેનાથી દ્વિગુણા ભાંગા આવે તે યુક્ત છે. પરંતુ અહીં ૫૪ + ભય અને ૫૪ + જુગુપ્સા એમ બે જુદા જુદા વિકલ્પ બનાવ્યા છે. એક જ સંખ્યાને બેથી ગુણવા અથવા તો એક સંખ્યાને બેવાર મૂકી સરવાળો કરવો તે એક જ વસ્તુ છે, ભિન્ન નથી. નિદ્રા, વેદનીય, કષાય વિગેરેના ભાંગા કાઢવામાં પરસ્પર ગુણાકાર કરવાનું કારણ એ છે કે ત્યાં હમેશાં અન્યતર એકનો જ ઉદય થાય છે. જ્યારે અહીં ૫૫ ના ઉદયસ્થાનકમાં અન્યતર એકનો ઉદય છે પરંતુ આગળ ઉપર ૫૬ના ઉદયસ્થાનકમાં ભય-જુગુપ્સા બન્નેનો ઉદય સાથે પણ આવે છે અને ત્યાં ભાંગા દ્વિગુણ ન આવે, કેમકે બે પ્રકૃતિઓમાંથી જો બન્ને પ્રકૃતિઓનો ઉદય હોય તો ભાંગા દ્વિગુણ ન આવે, અન્યતર એકનો જ ઉદય હોય તો જ દ્વિગુણ ભાંગા થાય.

સમ્યક્ત્વાભિમુખ નારકોને કુલ ઉદયભાંગા :

| ઉદયસ્થાનક | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | કુલ |
|---|---|---|---|---|---|
| ભાંગા | ૧૬ | ૬૪ | ૮૦ | ૩૨ | ૧૯૨ |

સમ્યક્ત્વાભિમુખ દેવને ઉદયમાં પ્રકૃતિઓ : જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રામાંથી કોઈ પણ એકનો ઉદય હોય ત્યારે દર્શનાવરણીય-૫, અંતરાય-૫, કોઈપણ વેદનીય ૧, ઉચ્ચગોત્ર, દેવાયુ તથા મોહનીયની પ્રકૃતિ- કષાય-૪, સ્ત્રીવેદ કે પુરુષવેદ, અન્યતર યુગલ, મિથ્યાત્વમોહનીય = ૮ અથવા ભય કે જુગુપ્સા બેમાંથી એકનો ઉદય હોય ત્યારે ૯ અને બન્નેનો ઉદય હોય ત્યારે ૧૦ પ્રકૃતિઓનો ઉદય હોય, તથા સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત હોવાથી તેને નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે - ધ્રુવોદયી ૧૨, શુભવિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ-૪, સુસ્વર, સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય, યશ કે અયશ, દેવગતિ, પંચે. જાતિ, વૈક્રિય-૨, સમચતુરસ્ર સંસ્થાન = ૨૯

દેવને કુલ ઉદય પ્રકૃતિઓનો કોઠો :

| ઉદયપ્રકૃતિ | જ્ઞાના. | દર્શના. | અંતરાય | વેદનીય | ગોત્ર | આયુ. | મોહનીય | નામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૫ | ૪ | ૫ | ૧ | ૧ | ૧ | ૮ | ૨૯ | ૫૪ |
| ઉત્કૃષ્ટ | ૫ | ૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૨૯ | ૫૭ |

તેથી ઉદયસ્થાનક કુલ ૫૪, ૫૫, ૫૬, ૫૭ આમ ચાર થયા. તેના ભાંગા આ પ્રમાણે:

**૫૪ ના ઉદયસ્થાનકનો ૧ વિકલ્પ :**

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | સુભગ-દુર્ભગ | આદેય-અનાદેય | યશ-અયશ | કુલભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | ૪ × | ૨ × | ૨× | ૨ × | ૨ × | ૨ × | ૨ | = ૨૫૬ |

**૫૫ ના ઉદયસ્થાનકના ૩ વિકલ્પ :**

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | સુ૦-દુ૦ | આદેય-અના૦ | યશ-અયશ | નિદ્રા | કુલભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪+નિદ્રા=૫૫ | ૪ × | ૨ × | ૨× | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ | =૫૧૨ |
| ૫૪+ભય=૫૫ | ૪ × | ૨ × | ૨× | ૨ × | ૨ × | ૨ × | ૨ | - | =૨૫૬ |
| ૫૪+જુ૦=૫૫ | ૪ × | ૨ × | ૨× | ૨ × | ૨ × | ૨ × | ૨ | - | =૨૫૬ |
| | | | | | | | | | ૧,૦૨૪ |

**૫૬ ના ઉદયસ્થાનકના ૩ વિકલ્પ :**

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | સુભ૦-દુ૦ | આદેય-અના૦ | યશ-અયશ | નિદ્રા | કુલભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪+નિદ્રા+ભય=૫૬ | ૪ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ | =૫૧૨ |
| ૫૪+નિદ્રા+જુ૦=૫૬ | ૪ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ | =૫૧૨ |
| ૫૪+ભય+જુ૦=૫૬ | ૪ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ | - | =૨૫૬ |
| | | | | | | | | | ૧,૨૮૦ |

**૫૭ ના ઉદયસ્થાનકનો ૧ વિકલ્પ :**

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | સુ૦-દુ૦ | આ૦-અના૦ | યશ-અ૦ | નિદ્રા | કુલભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪+નિદ્રા+ભય+જુ૦=૫૭ | ૪ × | ૨ × | ૨× | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ | = ૫૧૨ |

દેવોના કુલ ઉદય ભાંગા :

| ઉદયસ્થાનક | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | કુલ |
|---|---|---|---|---|---|
| ભાંગા | ૨૫૬ | ૧,૦૨૪ | ૧,૨૮૦ | ૫૧૨ | ૩,૦૭૨ |

આ રીતે દેવને નારકવત્ ઉદયસ્થાનો છે, તો પણ ભાંગામાં તફાવત પડવાનું કારણ એ છે કે નારકને એક જ નપુંસકવેદનો ઉદય છે જ્યારે દેવતાને પુરૂષ-સ્ત્રીમાંથી કોઈ એક વેદ ઉદયમાં હોય છે. તેવી જ રીતે નારકને દુર્ભગ-અનાદેય-અયશનો જ ઉદય હોય છે. દેવને વિકલ્પે સુભગ - આદેય - યશનો ઉદય હોય છે, તેથી દેવને નારકી કરતા ૨ x ૨ x ૨ x ૨ = ૧૬ ગુણા ભાંગા આવે. આમ નારકને ૧૯૨ ભાંગા છે. તેને ૧૬ ગુણા કરવાથી દેવયોગ્ય ભાંગા પ્રાપ્ત થાય. ૧૯૨ x ૧૬ = ૩,૦૭૨[1]

સમ્યક્ત્વાભિમુખ તિર્યંચને ઉદય પ્રકૃતિઓ : જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રા-૨ માંથી કોઈ એક સાથે દર્શનાવરણી-૫, અન્યતર વેદનીય, નીચગોત્ર, તિર્યંચાયુષ્ય, તથા મોહનીયની પ્રકૃતિઓ = કષાય-૪, વેદ-૩ માંથી કોઈ એક, અન્યતર યુગલ, મિથ્યાત્વમોહનીય = ૮ અથવા ભય કે જુગુપ્સામાંથી એકનો ઉદય હોય ત્યારે ૯ અને બન્નેનો ઉદય હોય ત્યારે ૧૦, તથા અહીં સર્વ પર્યાપ્તિથી પર્યાપ્તો તિર્યંચ હોવાથી તેને નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો ઉદય હોય. તે આ પ્રમાણે - ધ્રુવોદયી ૧૨, તિર્યંચગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદા.-૨, સંઘયણ ૬ માંથી કોઈ એક, સંસ્થાન ૬ માંથી કોઈ એક,, અન્યતર ખગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ-૪, સુસ્વર કે દુઃસ્વર, સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય, યશ કે અયશ તથા ઉદ્યોતના ઉદયવાળાને ૩૦+૧ = ૩૧ પ્રકૃતિઓનો ઉદય હોય.

તિર્યંચને કુલ પ્રકૃતિઉદયનો કોઠો :

| ઉદય પ્રકૃતિ | જ્ઞાના. | દર્શના. | અંતરાય | વેદનીય | ગોત્ર | આયુ. | મોહનીય | નામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૫ | ૪ | ૫ | ૧ | ૧ | ૧ | ૮ | ૩૦ | ૫૫ |
| ઉત્કૃષ્ટ | ૫ | ૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૩૧ | ૫૯ |

તેથી ઉદયસ્થાનક કુલ ૫૫ - ૫૬ - ૫૭ - ૫૮ - ૫૯ આમ પાંચ થયા. તેના ઉદયભાંગા આ પ્રમાણે છે.

૧. દિગંબરોના મતે દેવને દુર્ભગ-અનાદેય-અપયશનો ઉદય ન હોવાથી ૩૮૪ ભાંગા આવે. લબ્ધિસારમાં કહ્યું છે "देवगतावपि नरकगतिवत् अयं तु विशेषः - तत्र नामकर्मप्रकृतयः प्रशस्ता एव, उच्चैर्गोत्रमेव, मोहप्रकृतिषु नपुंसकवेदमपनीय स्त्रीपुंवेदद्वयमेलनात् द्विगुणभङ्गाः ।" - લબ્ધિસાર, ગા. ૨૮ની ટીકામાંથી.

## ૫૫ ના ઉદયસ્થાનકનો ૧ વિકલ્પ :

| ઉદય-સ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અનાદેય | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫ | ૪ × | ૨ × | ૩ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૬ × | ૬ | =૫૫,૨૯૬ |

## ૫૬ ના ઉદયસ્થાનકના ૪ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદ-નીય | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અનાદે. | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+નિદ્રા=૫૬ | ૪ × | ૨ × | ૩ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૬ × | ૬ × | ૨ | =૧,૧૦,૫૯૨ |
| ૫૫+ભય=૫૬ | ૪ × | ૨ × | ૩ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૬ × | ૬ | - | = ૫૫,૨૯૬ |
| ૫૫+જુ૦=૫૬ | ૪ × | ૨ × | ૩ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૬ × | ૬ | - | = ૫૫,૨૯૬ |
| ૫૫+ઉ૦=૫૬ | ૪ × | ૨ × | ૩ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૨ × | ૬ × | ૬ | - | = ૫૫,૨૯૬ |
| | | | | | | | | | | | | | ૨,૭૬,૪૮૦ |

## ૫૭ ના ઉદયસ્થાનકના ૬ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદ-નીય | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અના૦ | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+ભય+નિદ્રા=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+જુ૦+નિદ્રા=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+ઉ૦+નિદ્રા=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+ભય+જુ૦=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | - | = ૫૫,૨૯૬ |
| ૫૫+ભય+ઉ૦=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | - | = ૫૫,૨૯૬ |
| ૫૫+જુ૦+ઉ૦=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | - | = ૫૫,૨૯૬ |
| | | | | | | | | | | | | | ૪,૯૭,૬૬૪ |

## ૫૮ ના ઉદયસ્થાનકના ૪ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદ-નીય | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અના૦ | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+ભ.+જુ.+નિ.=૫૮ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+ભ.+ઉ.+નિ.=૫૮ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+જુ.+ઉ.+નિ.=૫૮ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+ભ.+જુ.+ઉ.=૫૮ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | - | = ૫૫,૨૯૬ |
| | | | | | | | | | | | | | ૩,૮૭,૦૭૨ |

૫૯ ના ઉદયસ્થાનકનો ૧ વિકલ્પ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદ-નીય | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અના૦ | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+નિ.+ભ.+જુ.+ઉ.=૫૯ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨= | ૧,૧૦,૫૯૨ |

સમ્યક્ત્વાભિમુખ તિર્યંચને કુલ ઉદયભાંગા :

| ઉદયસ્થાનક | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | ૫૯ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૫૫,૨૯૬ | ૨,૭૬,૪૮૦ | ૪,૯૭,૬૬૪ | ૩,૮૭,૦૭૨ | ૧,૧૦,૫૯૨ | ૧૩,૨૭,૧૦૪ |

**સમ્યક્ત્વાભિમુખ મનુષ્યને ઉદયમાં પ્રકૃતિઓ** : જ્ઞાનાવરણ-૫, દર્શનાવરણ-૪, અથવા અન્યતર નિદ્રા સાથે દર્શનાવરણ-૫, અંતરાય-૫, અન્યતર વેદનીય, અન્યતરગોત્ર, મનુષ્યાયુષ્ય, મોહનીયની પૂર્વોક્ત પ્રમાણે ૮, ૯ કે ૧૦ તથા નામની ૩૦ પ્રકૃતિઓ તિર્યંચવત્ ઉદયમાં હોય, પરંતુ તિર્યંચગતિને બદલે મનુષ્યગતિનો ઉદય હોય. વળી મનુષ્યને અહીં ઉદ્યોતનો ઉદય ન હોવાથી તિર્યંચવત્ ૩૧નું ઉદયસ્થાન નથી. તેમજ તિર્યંચવત્ વિકલ્પે સુભગાદિ કે દુર્ભગાદિનો ઉદય હોય છે.

સમ્યક્ત્વાભિમુખ મનુષ્યને કુલ ઉદયમાં પ્રકૃતિ :

| પ્રકૃતિ | જ્ઞાના. | દર્શના. | અંતરાય | વેદનીય | ગોત્ર | આયુ. | મોહનીય | નામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૫ | ૪ | ૫ | ૧ | ૧ | ૧ | ૮ | ૩૦ | ૫૫ |
| ઉત્કૃષ્ટ | ૫ | ૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૩૦ | ૫૮ |

કુલ ઉદયસ્થાનક ચાર - ૫૫, ૫૬, ૫૭, ૫૮ તેના નીચે મુજબ ભાંગા થાય છે.

ઉદયસ્થાનક ૫૫, વિકલ્પ ૧ :

| ઉદય-સ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદ-નીય | ગોત્ર | ખગતિ | સુભગ-દુર્ભગ | સુઃસ્વર-દુઃસ્વર | આદેય-અનાદેય | યશ-અયશ | સંઘ-યણ | સંસ્થાન | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | =૧,૧૦,૫૯૨ |

### ૫૬ ના ઉદયસ્થાનકના વિકલ્પ ૩ :

| ઉદયસ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | ગોત્ર | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અનાદેય | યશ-અયશ | સંઘ-યણ | સં-સ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+નિદ્રા=૫૬ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૨,૨૧,૧૮૪ |
| ૫૫+ભય=૫૬ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | – | = ૧,૧૦,૫૯૨ |
| ૫૫+જુ.=૫૬ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | – | = ૧,૧૦,૫૯૨ |
| | | | | | | | | | | | | | | ૪,૪૨,૩૬૮ |

### ૫૭ ના ઉદયસ્થાનકના વિકલ્પ ૩ :

| ઉદય-સ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | ગોત્ર | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અનાદેય | યશ-અયશ | સંઘયણ | સંસ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+નિ.+ભ.=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૨,૨૧,૧૮૪ |
| ૫૫+નિ.+જુ.=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨ | = ૨,૨૧,૧૮૪ |
| ૫૫+ભ.+જુ.=૫૭ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬ | – | = ૧,૧૦,૫૯૨ |
| | | | | | | | | | | | | | | ૫,૫૨,૯૬૦ |

### ૫૮ ના ઉદયસ્થાનકનો વિકલ્પ ૧ :

| ઉદય-સ્થાનક | કષાય | યુગલ | વેદ | વેદનીય | ગોત્ર | ખગતિ | સુભગ-દુર્ભગ | સુસ્વર-દુઃસ્વર | આદેય-અનાદેય | યશ-અયશ | સંઘ-યણ | સં-સ્થાન | નિદ્રા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫+નિ.+ભ.+જુ.=૫૮ | ૪× | ૨× | ૩× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૨× | ૬× | ૬× | ૨= | ૨,૨૧,૧૮૪ |

### સમ્યક્ત્વાભિમુખ મનુષ્યને ઉદયભાંગાનો કોઠો :

| ઉદયસ્થાન | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | કુલ |
|---|---|---|---|---|---|
| ભાંગા | ૧,૧૦,૫૯૨ | ૪,૪૨,૩૬૮ | ૫,૫૨,૯૬૦ | ૨,૨૧,૧૮૪ | ૧૩,૨૭,૧૦૪ |

મનુષ્યને ઉદયભાંગા તિર્યંચ જેટલા આવવાનુ કારણ-મનુષ્યને ઉદ્યોતનો ઉદય નથી માટે તેના ઉદયભાંગા નહીં આવે. પરંતુ તિર્યંચગતિમાં માત્ર એક નીચગોત્રનો જ ઉદય હોય છે અને મનુષ્યને તો બેમાંથી કોઈ પણ એક ગોત્રનો ઉદય છે. તેથી મનુષ્યને તિર્યંચ જેટલા ભાંગા આવશે.

ચારે ગતિના સમ્યક્ત્વાભિમુખ જીવના ઉદયસ્થાનક તથા ઉદયભાંગાનો કોઠો :-
કુલ ભાંગા ૨૬,૫૭,૪૭૨.

| ઉદયસ્થાનક | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | ૫૯ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| નારક | ૧૬ | ૬૪ | ૮૦ | ૩૨ | - | - | ૧૯૨ |
| દેવ | ૨૫૬ | ૧,૦૨૪ | ૧,૨૮૦ | ૫૧૨ | - | - | ૩,૦૭૨ |
| તિર્યંચ | - | ૫૫,૨૯૬ | ૨,૭૬,૬૮૦ | ૪,૯૭,૬૬૪ | ૩,૮૭,૦૭૨ | ૧,૧૦,૫૯૨ | ૧૩,૨૭,૧૦૪ |
| મનુષ્ય | - | ૧,૧૦,૫૯૨ | ૪,૪૨,૩૬૮ | ૫,૫૨,૯૬૦ | ૨,૨૧,૧૮૪ | - | ૧૩,૨૭,૧૦૪ |
| | | | | | | | ૨૬,૫૭,૪૭૨ |

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં નિદ્રાના ઉદયનો સમ્યક્ત્વાભિમુખ જીવને નિષેધ કર્યો છે. એટલે દર્શનાવરણ ૪નો ઉદય કહ્યો હોવાથી તેમના મતે ઉપરોક્ત ભાંગામાંથી નિદ્રાના ભાંગા દૂર કરી બાકીના ભાંગા જાણવા. તેથી કુલ ભાંગાના ત્રીજા ભાગ જેટલા એટલે કે ૮,૮૫,૮૨૪ આવે. તે આ પ્રમાણે :- કુલ જે ભાંગા છે તેમાંનો એક ભાગ નિદ્રાના ઉદય વિનાનો, બીજો એક ભાગ નિદ્રાના ઉદયવાળો અને ત્રીજો એક ભાગ પ્રચલાના ઉદયવાળો છે. આમ કુલ ૩ ભાગમાંથી બે ભાગ નિદ્રાના ઉદયવાળા છે. તેથી કુલ ભાંગામાંથી ૨/૩ ભાગના ભાંગા ન્યૂન કરતા ૮,૮૫,૮૨૪ ભાંગા આવે. સમ્યક્ત્વાભિમુખ જીવને નિદ્રાના ઉદયનો નિષેધ સૂચવતો **કષાયપ્રાભૃતચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે -

"पञ्चदंसणावरणीय चदुजादिनामाणि चदुआणुपुव्विणामाणि आदाव - थावर - सुहुम - अपज्जत्तसाहारणसरीरणामाणि एदाणि उदएण वोच्छिण्णाणि ।" - **પા. ૧૭૦૫**

**(૧૬) સ્થિતિઉદય** :- ઉદય પ્રાપ્ત એક જ સ્થિતિસ્થાનનો ઉદય હોય છે અને ઉદીરણા દ્વારા ઉદયાવલિકા રહિત સર્વ સ્થિતિસ્થાનોના દલિક ઉદયમાં આવે છે.

[1]**(૧૭) અનુભાગોદય**:-ઉદયવતી પ્રકૃતિઓનો અજઘન્ય અનુત્કૃષ્ટ રસ ઉદયમાં હોય છે.

**(૧૮) પ્રદેશોદય** :- જે પ્રકૃતિઓ ઉદયમાં છે તેના અજઘન્ય - અનુત્કૃષ્ટ પ્રદેશોનો ઉદય હોય છે.

**(૧૯) પ્રકૃતિસત્તા :- પ્રશ્ન** - સમ્યક્ત્વાભિમુખ જીવને સત્તામાં કેટલી પ્રકૃતિઓ હોય?

---

૧. જયધવલામાં સમ્યક્ત્વાભિમુખ જીવને અશુભ પ્રકૃતિઓનો બે ઠાણિયા તથા શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયા રસનો ઉદય કહ્યો છે - "जाओ अप्पसत्थपयडीओ उदएण अज्झीणाओ तासिं विट्ठाणीओ अणुभागो, संतादो अणंतगुणहीणो, उदएण अज्झीणो । जाओ पसत्थपयडीओ उदएण अज्झीणाओ तासिं पयडीणं चउट्ठाणिओ अणुभागो, बंधादो अणंतगुणहीणसरुवो, उदयादो अज्झीणो" - પૃ.૧૭૦૬

**જવાબ** - સમ્યક્ત્વાભિમુખ જીવ બે પ્રકારના હોય છે (૧) અનાદિ મિથ્યાદૃષ્ટિ (૨) સાદિ મિથ્યાદૃષ્ટિ. જે જીવે સંસારમાં ક્યારે પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી તે અનાદિ મિથ્યાદૃષ્ટિ. જે જીવ સંસારમાં એક કે અધિકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પુનઃ મિથ્યાત્વ ગુણસ્થાનકે આવેલો હોય તે સાદિ મિથ્યાદૃષ્ટિ.

અહિંયા ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્તિનો અધિકાર છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે આ પૂર્વે ક્યારેય સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી. તેથી તેને સમ્યક્ત્વ મોહનીય તેમજ મિશ્ર મોહનીયની સત્તા હોય નહીં, કારણ કે આ બે પ્રકૃતિઓ સત્તામાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે સમયે અથવા મતાંતરે સમ્યક્ત્વાભિમુખ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ ગુણસ્થાનકના ચરમ સમયે ત્રિપુંજીકરણ દ્વારા પ્રાપ્ત થાય છે.

સાદિ મિથ્યાદૃષ્ટિ એટલે કે જે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવેલા છે તેઓને પણ જ્યાં સુધી આ બે પ્રકૃતિઓ સત્તામાં હોય છે ત્યાં સુધી પુનઃ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતુ નથી. પરન્તુ પ્રથમ ગુણસ્થાનકે આ બન્ને પ્રકૃતિઓનો ઉદ્વલના સંક્રમ દ્વારા સત્તામાંથી વિચ્છેદ કર્યા પછી જ ત્રણ કરણ દ્વારા પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે છે.

**પ્રશ્ન** - 'આ બે પ્રકૃતિઓની ઉદ્વલના કર્યા વિના ફરી ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત ન થઈ શકે' તેમ શા ઉપરથી કહો છો ?

**જવાબ** - સાસ્વાદન ગુણસ્થાનકનું અંતર જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેલ છે અને સાસ્વાદન ગુણસ્થાનક ઔપશમિક સમ્યક્ત્વથી પડતા જ પ્રાપ્ત થાય છે, અન્યથી પ્રાપ્ત થતું નથી. એકવાર ઉપશમ સમ્યક્ત્વથી પડ્યા પછી પુનઃ ઉપશમસમ્યક્ત્વ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ પછી જ પ્રાપ્ત થાય છે, કારણ કે મિથ્યાત્વે આવ્યા પછી સમ્યક્ત્વ મોહનીય તેમજ મિશ્રમોહનીયને ઉદ્વલના સંક્રમ દ્વારા નાશ કર્યા વિના પુનઃ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતુ નથી, અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ લાગે છે અને **પંચસંગ્રહ - દ્વાર બીજાની ગાથા ૬૧**ની ટીકામાં સાસ્વાદન ગુણસ્થાનકનું આંતરૂ બતાવતા **શ્રીમલયગિરી મહારાજે** જણાવ્યુ છે - "इह सासादनभावमनुभूय भूयोऽपि सासादनभावं भजते, तर्हि नियमाज्जघन्यतोऽपि पल्योपमासङ्ख्येयभागेऽतिक्रान्ते सति, नार्वाक्, कथमेतदवसेयम् ? इति चेदुच्यते- इह सासादनभावमासादयति नियमादौपशमिके सम्यक्त्वे वर्तमानो, नान्यथा, सासादनभावानुभवतश्च मिथ्यात्वं गतोऽवश्यं भूयः सम्यक्त्वमासादयति षड्विंशतिसत्कर्मा सन् करणत्रयपूर्वमौपशमिकं नान्यः, षड्विंशतिसत्कर्मा च भवति मिश्रसम्यक्त्वपुञ्जयोरुद्वलितयोः, तदुद्वलना च पल्योपमासङ्ख्येय-भागरूपेण कालेन नान्यथा, ततो भूयः सासादन-

**भावप्रतिपत्तेरन्तरं जघन्यतोऽपि पल्योपमासङ्ख्येयभागः । -પંચસંગ્રહ ભાગ-૧, પા.૬૩.**

**પાંચમા કર્મગ્રન્થ નવ્યશતકની** ગા.૮૪ની **ટીકા**માં ટીકાકારશ્રી **દેવેન્દ્રસૂરિ મહારાજે** પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે. તે આ પ્રમાણે, - ''तत्र सास्वादनगुणस्थानकस्य जघन्यमन्तरं पल्योपमासङ्ख्येयभागः, इतरगुणस्थानकानां तु जघन्यमन्तर्मुहूर्तमित्यक्षरार्थः । भावार्थः पुनरयम्- 'योऽनादिमिथ्यादृष्टिरुद्वलितसम्यक्त्वमिश्रपुञ्जो वा मिथ्यादृष्टिः षड्विंशतिसत्कर्मा सन्नन्तरकरणादिना प्रकारेणोपलब्धौपशमिकसम्यक्त्वोऽनन्तानुबन्ध्युदयात् सासादनभावमासाद्य मिथ्यात्वं गतः सन् यदि तदेव सास्वादनत्वं पुनर्लभतेऽन्तरकरण-प्रकारेणैव, तदा जघन्यतोऽपि पल्योपमासङ्ख्येयभागोर्ध्वं लभते, नार्वाक् । किं कारणमिति चेदुच्यते यतः सासादनान्मिथ्यात्वं गतस्य प्रथमसमये सम्यक्त्वमिश्रपुञ्जौ सत्तायामवश्यं तिष्ठत एव । न च तयोः सत्तायां वर्तमानयोः पुनरौपशमिकसम्यक्त्वं लभते, तदभावात् सास्वादनत्वं दूरापास्तमेव।'' વળી આગળ ઉપર આ જ ગાથાની ટીકામાં તેઓ જણાવે છે કે - ''ततः पल्योपमासङ्ख्येयभागेन मिश्रसम्यक्त्वपुञ्जयोरुद्वलितयोस्तदन्ते कश्चिज्जन्तुः पुनरप्यौपशमिक-सम्यक्त्वमासाद्य सास्वादनत्वं गच्छतीत्येवं सास्वादनस्य पल्योपमासङ्ख्येयभागोऽन्तरं भवतीति।''

ઉપરોક્ત પંક્તિઓ સ્પષ્ટ જણાવે છે કે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સત્તામાં હોય ત્યાં સુધી ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી સમ્યક્ત્વાભિમુખ જીવને સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, આયુષ્ય-૩, આહારક-૪ અને જિનનામકર્મ આ ૧૦ પ્રકૃતિઓ સત્તામાં ન હોય. શેષ ૧૩૮ પ્રકૃતિઓ જઘન્યથી સત્તામાં હોય છે. પરંતુ જો આગામિભવનું આયુષ્ય બાંધ્યુ હોય તો ૧૩૯ પ્રકૃતિઓની સત્તા હોય.

**પ્ર.**-સમ્યક્ત્વાભિમુખ જીવને આહારક-૪ અને જિનનામકર્મની સત્તા કેમ ન હોય ?

**ઉ.**- જે અનાદિ મિથ્યાદૃષ્ટિ છે તેને પૂર્વે કદી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું ન હોવાથી આ પ્રકૃતિઓ સત્તામાં ન હોય, કેમકે આહારક ચતુષ્ક સાતમા ગુણસ્થાનકથી અને જિનનામકર્મ ચોથા ગુણસ્થાનકથી બંધાય છે. જે સાદિ મિથ્યાદૃષ્ટિ છે તેને પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી સાતમુ ગુણસ્થાનક પ્રાપ્ત કર્યુ ન હોય, અથવા સાતમુ ગુણસ્થાનક પ્રાપ્ત કરીને પણ ત્યાં આહારક-૪ બાંધ્યુ ન હોય તેવો જીવ પડીને મિથ્યાત્વે જાય ત્યારે તેને આહારક-૪ની સત્તા હોતી નથી (કારણ કે ૭મા ગુણસ્થાનકે રહેલા સર્વજીવો આહારક ચતુષ્ક બાંધે તેવો નિયમ નથી) વળી જે જીવ સાતમા ગુણસ્થાનકે આહારકચતુષ્ક બાંધી પડી, પાછો પ્રથમ ગુણસ્થાનકે આવે છે તેને આહારક ચતુષ્કના સત્તામાંથી ઉદ્વલના દ્વારા ક્ષય કરવાના કાળ કરતાં સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો ઉદ્વલના દ્વારા ક્ષય કરવાનો કાળ વધારે હોવાથી આહારક ચતુષ્કનો સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની પૂર્વે જ સત્તામાંથી અભાવ થાય છે. માટે જ્યારે સમ્યક્ત્વ મોહનીય

અને મિશ્ર મોહનીય સત્તામાં ન હોય ત્યારે આહારક-૪ પણ સત્તામાં ન હોય અને ઉપર જણાવી ગયા છીએ કે ઉપશમ સમ્યક્ત્વાભિમુખ જીવને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા હોતી નથી. માટે સમ્યક્ત્વાભિમુખ જીવને આહારકની પણ સત્તા ન હોય.

જિનનામકર્મની સત્તાવાળો જીવ મિથ્યાત્વે આવતો નથી. અને પૂર્વે બદ્ધનરકાયુ જિનનામકર્મની સત્તાવાળો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ સ્વભવનું ચરમ અન્તર્મુહૂર્ત શેષ રહે ત્યારે મિથ્યાત્વે આવે છે, પણ ત્યાં ઉપશમ સમ્યક્ત્વ પામતો નથી. તુરંત કાળ કરી નરકમાં જાય છે. અને ત્યાં પર્યાપ્ત થયા પછી તુરત જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. માટે ઉપશમસમ્યક્ત્વાભિમુખ જીવને જિનનામકર્મની સત્તા **પણ હોતી નથી.**

આમ સમ્યક્ત્વાભિમુખ જીવને ૧૩૮ અથવા બદ્ધાયુને ૧૩૯ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. તેમાં પણ ૧૨૬ પ્રકૃતિઓ ધ્રુવસત્તાવાળી હોવાથી સત્તામાં હોય છે. કહ્યુ છે કે '**ध्रुवत्वं चासां सम्यक्त्वलाभादर्वाक् सर्वजीवेषु सदैव सम्भवात्' -૫મા કર્મગ્રંથની ગા. ૯ની દેવેન્દ્રસૂરિકૃત ટીકા** અને બાકીની અધ્રુવસત્તાક પ્રકૃતિઓમાંથી પણ તેઉકાય, વાયુકાય અને તેમાંથી આવેલાને અપર્યાપ્તાવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી જ મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની સત્તાનો અભાવ હોય છે. ત્યાર પછી અવશ્ય બંધાતી હોવાથી તેની સત્તા હોય છે. વળી દેવ-૨ નારક-૨ અને વૈક્રિય-૪ આ ૮ પ્રકૃતિઓની સત્તાનો પણ એકેન્દ્રિયમાં અભાવ હોય છે. તથા એકેન્દ્રિયમાંથી આવેલાને પૂર્વોક્ત રીતે અલ્પકાળ સુધી આ ૮ પ્રકૃતિઓની સત્તાનો અભાવ હોય છે ત્યાર પછી બંધ દ્વારા પ્રાપ્ત થાય છે. તેથી ઉપશમ સમ્યક્ત્વાભિમુખ જીવને આ ૧૧ પ્રકૃતિઓ પણ અવશ્ય સત્તામાં હોય છે તથા વર્તમાન ભવનું આયુષ્ય પણ નિયમા સત્તામાં હોય છે, (૧૨૬ + ૧૧ + ૧ =) ૧૩૮ પ્રકૃતિઓની સત્તા સમ્યક્ત્વાભિમુખ જીવને અવશ્ય હોય છે. તથા આગામી ભવનું આયુષ્ય જેણે બાંધ્યુ હોય તેવા જીવને ૧૩૯ પ્રકૃતિઓની સત્તા હોય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિકાર** સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવને પણ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માને છે. તેથી તેમના મતે જઘન્યથી ૧૩૮ અને ઉત્કૃષ્ટથી ૧૪૧ પ્રકૃતિઓની સત્તા હોય છે.

**પ્રશ્ન - કષાયપ્રાભૃતચૂર્ણિકાર** 'મોહનીયની ૨૭, ૨૮ની સત્તાવાળાને પણ ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ માને છે' એમ શા ઉપરથી કહો છો ?

**જવાબ - કષાયપ્રાભૃતચૂર્ણિકાર** મોહનીયની ૨૭, ૨૮ની સત્તાવાળાને પણ ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ માને છે તેમ કહેવાનું કારણ એ છે કે **વિભક્તિ અધિકાર**માં **મોહનીયની ૨૭ પ્રકૃતિની સત્તાનો કાળ અને ૨૮ પ્રકૃતિનું અંતર જઘન્યથી એક સમય કહ્યુ છે. - "सत्तावीसविहत्ती केवच्चिरं कालादो ? जहण्णेण एगसमओ ।" -પા. ૧૫૪**

"अट्ठावीसविहत्तियस्स केवडियमंतरं ? जहण्णेण एगसमओ ।" -चा. १६१

આ તો જ ઘટી શકે જો સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સત્તા છતા ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતુ હોય તો, અન્યથા ૨૮ના સત્તાસ્થાનનું અંતર અને ૨૭ના સત્તાસ્થાનનો કાળ જઘન્યથી ૧ સમય ન આવતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આવે, કેમકે ૨૮ની સત્તાવાળો સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કરે, એટલે તેને ૨૭ની સત્તા થાય. અને ૨૬ની સત્તાવાળાને જ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માનીએ તો સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બન્નેની ઉદ્વલના પૂર્ણ થયા પછી જ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે, પરંતુ મિશ્રમોહનીયની ઉદ્વલના પણ સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના પૂર્ણ થયા પછી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાલે પૂર્ણ થાય છે. એટલે ૨૭ની સત્તાનો જઘન્યકાળ અને ૨૮ની સત્તાનું જઘન્ય અંતર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલુ માનવુ પડે. જ્યારે **કષાયપ્રાભૃતચૂર્ણિકાર** ૨૭ની સત્તાનો કાળ અને ૨૮ની સત્તાનું જઘન્ય અંતર ૧ સમય કહે છે અને તે આ રીતે આવી શકે છે - સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કરતા અંતર્મુહૂર્ત ઉદ્વલનાકાળ શેષ રહે ત્યારે કોઈ જીવ ઉપશમ સમ્યક્ત્વાભિમુખ થઈ ત્રણ કરણ કરે છે અને તેમાં અનિવૃત્તિકરણના દ્વિચરમ સમયે પહોંચે ત્યારે તેને સમ્યક્ત્વમોહનીયની સર્વ ઉદ્વલના થઈ જતા અનિવૃત્તિકરણના ચરમસમયે ૨૭ની સત્તા હોય છે. અનંતર સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા ત્રિપુંજ કરવા દ્વારા ૨૮ની સત્તા થાય છે, એટલે ૨૭ની સત્તાનો કાળ જઘન્યથી ૧ સમય પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે અનિવૃત્તિકરણના દ્વિચરમસમયે ૨૮ની સત્તા હોય છે અને સમ્યક્ત્વના પ્રથમ સમયે ૨૮ની સત્તા પુનઃ પ્રાપ્ત થાય છે, માટે ૨૮ની સત્તાનું જઘન્ય અંતર પણ ૧ સમય આવે.

અહીંયા ૨૭ની સત્તાનો જઘન્યકાળ અને ૨૮ની સત્તાનું જઘન્ય અંતર લાવવુ હતુ એટલે અનિવૃત્તિકરણના દ્વિચરમસમયે સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના પૂર્ણ થઈ ગઈ હોય તેવો જીવ ઉદાહરણ તરીકે લીધો, અન્યથા અનિવૃત્તિકરણના ચરમસમયે સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના જેને પૂર્ણ ન થઈ હોય તેવો જીવ પણ અનંતર સમયે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. એટલે તે રીતે ૨૮ની સત્તાવાળાને પણ પ્રથમોપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. તેવી જ રીતે સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કર્યા પછી કરણાભિમુખ થઈ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરનારને ૨૭ની સત્તા પણ હોઈ શકે છે. એટલે ૨૭ની સત્તાવાળાને પણ પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે.

અહીં તાત્પર્ય એમ લાગે છે કે - પ્રથમઉપશમસમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે ગયેલ જીવ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલનાનો પ્રારંભ કરે છે અને યાવત્ અમુક સ્થિતિ સત્તામાં રહે ત્યારે ઉદયને અયોગ્ય થઈ જાય છે. એટલે આટલી સ્થિતિ સત્તામાં

રહે તે પૂર્વે જો ફરી સમ્યક્ત્વ પામે તો અવશ્ય ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે અને ઉદયાયોગ્ય સ્થિતિ સત્તામાં રહે ત્યાર પછી જો સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો અવશ્ય ત્રણ કરણ કરીને પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પામી ન શકે.

**પ્રશ્ન** - કેટલી સ્થિતિ ઉદયને અયોગ્ય થાય છે ?

**જવાબ** - પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમ જેટલી મિશ્રમોહનીયની સ્થિતિનો જઘન્યથી ઉદય હોય છે. તેથી ન્યૂન તેની સ્થિતિ ઉદયને અયોગ્ય હોય છે, કેમકે મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા એકેન્દ્રિયપણામાં ઉદ્‌વલના કરી સંજ્ઞીપંચેન્દ્રિયમાં આવેલ જીવને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાગરોપમ જેટલી ઉદીરણાકરણમાં કહી છે, તેથી મિશ્રમોહનીયની તેના કરતા ન્યૂન સ્થિતિ ઉદયને અયોગ્ય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણની ગા. ૪૦ ની ચૂર્ણિ**મા કહ્યુ છે કે - ''पलिओवमस्स जं असंखेज्जतिभागेण ऊणं उदधिं पल्लसंखियभागूणुदहिं तारिसेणं सम्मामिच्छत्तसंतकम्मेणं एगिंदिएहिंतो आगतो एगिंदियागओ तस्स एगिंदिएहिंतो आगयस्स जीवस्स अंतोमुहुत्तेणं सम्मामिच्छत्तं अणुदीरणातोग्गं भवति त्ति तंमि समए सम्मामिच्छत्तं पडिवण्णस्स 'मिस्से' त्ति-सम्मामिच्छदिट्ठिस्स चरिमसमए सम्मामिच्छत्तस्स जहण्णिया ठिति-उदीरणा होति, एगिंदियजहण्णठितिसंतकम्मस्स हेट्ठा उ ठिया ठिती उदीरणाए अपातोग्गा भवति[१] ।''

વળી ત્રસકાયમાં રહી ઉદ્‌વલના કરતા જીવને આશ્રયી મિશ્રમોહનીયની ઉદયને અયોગ્ય સ્થિતિ તેથી અધિક છે.[૨] કેમકે નહીંતર મિશ્રમોહનીયની જઘન્ય ઉદીરણા એકેન્દ્રિયમાંથી આવેલ જીવને કહેવાની જરૂર નહોતી. પરંતુ એકેન્દ્રિયમાંથી આવેલ જીવને મિશ્રમોહનીયની જઘન્ય ઉદીરણા કહી છે. માટે ત્રસકાયમાં રહી ઉદ્‌વલના કરતા જીવને મિશ્રની ઉદયને અયોગ્ય સ્થિતિ તેથી વધારે હોય છે. તેવી જ રીતે મિથ્યાત્વગુણસ્થાનકે ત્રસકાયમાં રહી

૧ ધવલામાં પણ આ વાત કહી છે - ''सम्मामिच्छत्तस्स जहण्णठिदिउदीरगो को होदि ? जो अट्ठावीससंतकम्मिओ मिच्छाइट्ठी एइंदियं गंतूण तत्थ पलिदोवमस्स असंखेज्जदिभागमेत्तकालेण सम्मत्त-सम्मामिच्छत्ताणि उवेल्लिय तदो तसेसु उववण्णो, तत्थ अंतोमुहुत्तमच्छिय पलिदोवमस्स असंखेज्ज-दिभागेणुणसागरोवमट्ठिदिसंतकम्मेण सह सम्मामिच्छत्तं पडिवण्णो तस्स चरिमसमयसम्मामिच्छाइट्ठिस्स जहण्णिया ट्ठिदिउदीरणा ।'' - ધવલા, પુસ્તક ૧૫મુ, પૃ. ૧૧૨.

૨. ત્રસકાયમાં રહી ઉદ્વલના કરતા જીવને મિશ્રમોહનીયની ઉદયને અયોગ્યસ્થિતિ સાગરોપમ પૃથક્ત્વ પ્રમાણ ધવલામાં કહી છે - ''तसेसु चेव उव्वेल्लाविय सम्मामिच्छत्तं किण्ण णीदो ? ण, एइंदिएसु उव्वेलिदसम्मामिच्छित्तट्ठिदिसंतकम्मस्सेव पलिदोवमस्स असंखेज्जदिभागेण ऊण सागरोवममेत्तट्ठिदिसंतकम्मे सेसे सम्मामिच्छत्तग्गहणपाओग्गस्सुवलंभादो । जो पुण तसेसु एइंदियट्ठिदिसंतसमं सम्मामिच्छत्तं कुणइ सो पुव्वमेव सागरोवमपुधत्ते सेसे चेव तदपाओग्गो होदि - ધવલા, પુસ્તક ૧૫મુ, પૃ. ૧૧૨.

ઉદ્વલના કરતા જીવને સમ્યક્ત્વ મોહનીયની પણ તેટલી સ્થિતિ થયા પછી તે ઉદયને અયોગ્ય થઈ જાય એવો સંભવ છે.

અહીંયા બન્ને પુંજની ઉદયને અયોગ્ય સ્થિતિ પણ ઉદ્વલના કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વીત્યા પછી રહે છે. એટલે પણ સાસ્વાદનનું અંતર જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહ્યુ છે તેમાં પણ આ મતાનુસારે વાંધો નથી આવતો.

**(૨૦) સ્થિતિસત્તા :** નદીગોળપાષાણના ન્યાયે સંસારમાં પરિભ્રમણ કરતા જીવને જ્યાં સુધી કોડાકોડી સાગરોપમથી ઓછી સ્થિતિ સત્તામાં ન થાય ત્યાં સુધી તેનામાં સમ્યક્ત્વ પામવાની યોગ્યતા આવતી નથી, તેથી અહીં સત્તામાં આયુષ્ય સિવાય સાત કર્મની અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ હોય છે.

[1]**(૨૧) અનુભાગસત્તા :** સમ્યક્ત્વાભિમુખ જીવને સત્તામાં જે પ્રકૃતિઓ હોય છે તેનો અનુભાગ અજઘન્ય-અનુત્કૃષ્ટ હોય છે.

**(૨૨) પ્રદેશસત્તા:** અજઘન્ય અનુત્કૃષ્ટ પ્રદેશની સત્તા હોય છે. (૩)(૪)(૫)(૬)(૭).

આવી યોગ્યતાવાળો જીવ અન્તર્મુહૂર્ત સુધી આ પ્રમાણે વર્ધમાન વિશુદ્ધિમાં રહ્યા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ત્રણ કરણ કરે છે.[2] આ ત્રણે કરણના નામ તથા ત્રણે કરણનો કાળ નીચેની ગાથામાં બતાવે છે.

करणं अहापवत्तं अपुव्वकरणमनियट्टिकरणं च ।
अंतोमुहुत्तियाइं उवसंतद्धं च लहई कमा ।। ८।।

**અક્ષરાર્થ** :- અનુક્રમે અન્તર્મુહૂર્ત પ્રમાણના યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એ ત્રણ કરણ કરે છે, ત્યાર પછી ઉપશાંતાદ્ધાને પામે છે. (૮)

**વિશેષાર્થ** : પ્રથમોપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ઉક્ત વિશુદ્ધિમાં આગળ વધતો જીવ ત્રણ કરણ કરે છે.

(૧) યથાપ્રવૃત્તકરણ, (૨) અપૂર્વકરણ, (૩) અનિવૃત્તિકરણ. (કરણ=પરિણામવિશેષ)

---

૧. **જયધવલામાં** સમ્યક્ત્વાભિમુખ જીવને અશુભ પ્રકૃતિના બે સ્થાનિક રસની અને શુભપ્રકૃતિના ચાર સ્થાનિક રસની સત્તા કહી છે. "**अणुभागसंतकम्मं पि अप्पसत्थाणं कम्माणं पंचणाणावरणीय-नवदंसणावरणीय.... पंचंतराइयाणं विट्ठाणिअणुभागसंतकम्मिओ । पसत्थाणं पि पयडीणं सादावेदणीय-मणुसगई.... उच्चागोदाणमेदेसिं चउट्ठाणाणुभागसंतकम्मिओ ।**" - પા. ૧૬૯૮

૨. જુઓ યંત્ર નં. ૩.

આ ત્રણે કરણનો પૃથક્ પૃથક્ કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે અને ત્રણેનો સમુદિતકાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તેમાં પણ અનિવૃત્તિકરણના કાળથી અપૂર્વકરણનો કાળ સંખ્યાતગુણ છે. **કષાયપ્રાભૃતચૂર્ણિના અલ્પબહુત્વાધિકાર**માં કહ્યુ છે - "अणियट्टिअद्धा संखेज्जगुणा, अपुव्वकरणाद्धा संखेज्जगुणा" **પૃ. ૧૭૨૯.** અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી ઉપશાંતાદ્ધાનો કાળ પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. (૮)

ત્રણે કરણનું ક્રમશઃ સ્વરૂપ તથા તેમાં થતી ક્રિયાઓનું વર્ણન કરવા ઈચ્છતા ગ્રન્થકાર પ્રથમ યથાપ્રવૃત્તકરણ તથા અપૂર્વકરણના અધ્યવસાયો અને વિશુદ્ધિની પ્રરૂપણા ત્રણ ગાથા દ્વારા બતાવે છે.

**अणुसमयं वड्ढंतो अज्झवसाणाण णंतगुणणाए ।**
**परिणामट्ठाणाणं दोसु वि लोगा असंखिज्जा ।। ९ ।।**

**मंदविसोही पढमस्स संखभागाहि पढमसमयम्मि ।**
**उक्कस्सं उप्पिमहो एक्केक्कं दोण्ह जीवाणं ।।१०।।**

**आ चरमाओ सेसुक्कोसं पुव्वप्पवत्तमिइनामं ।**
**बिइयस्स बिइयसमए जहण्णमवि अणंतरुक्कस्सा ।।११।।**

**અક્ષરાર્થ** :-પ્રતિસમય અધ્યવસાયોની અનંતગુણવિશુદ્ધિમાં વધતો હોય છે તથા બન્ને (યથાપ્રવૃત્ત-અપૂર્વ) કરણોમાં અધ્યવસાયસ્થાનો અસંખ્યલોકાકાશના પ્રદેશ જેટલા છે. (૯)

પહેલા જીવની (યથાપ્રવૃત્તકરણના) સંખ્યાતમા ભાગ સુધી જઘન્ય વિશુદ્ધિ કહીને ત્યાર પછી બીજા જીવની પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ, ત્યાર પછી પરસ્પર એકેક (સમય)ની વિશુદ્ધિ યાવત્ ચરમ સમય (જઘન્ય) સુધી કહેવી, ત્યાર પછી બાકીનાની (સંખ્યાતમા ભાગની) ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહેવી (સર્વત્ર ઉત્તરોત્તર અનંતગુણ). યથાપ્રવૃત્તકરણનું 'પૂર્વપ્રવૃત્ત' એવુ બીજુ નામ છે. બીજા કરણના બીજા સમયે જઘન્ય વિશુદ્ધિ અનંતર (પ્રથમ સમય) ની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી પણ અનંતગુણ છે. (૧૦)(૧૧)

**વિશેષાર્થ :- (૧) યથાપ્રવૃત્તકરણ :**

સમ્યક્ત્વાભિમુખ જીવ ઉપરોક્ત વિશુદ્ધિમાં વધતો પ્રથમ યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે છે. આ કરણમાં સ્થિતિઘાત, રસઘાત તથા ગુણશ્રેણી થતી નથી. આ કરણના પ્રથમ સમયે જ નવો સ્થિતિબંધ શરૂ થાય છે અને તે પૂર્વના સ્થિતિબંધથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન હોય છે. આ સ્થિતિબંધ અન્તર્મુહૂર્ત સુધી ચાલે છે. ત્યાર પછી વળી પાછો પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન નવો સ્થિતિબંધ શરૂ થાય છે. આમ દરેક અન્તર્મુહૂર્તે નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ થાય છે. અહીંયા સ્થિતિબંધનો

કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ કહ્યો છે. તેનો અર્થ એ છે કે અન્તર્મુહૂર્ત સુધી પ્રત્યેક સમયે એક સરખો સ્થિતિબંધ થાય છે. ત્યાર પછી નવો સ્થિતિબંધ શરૂ થાય છે. તે પૂર્વના સ્થિતિબંધ કરતા પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ન્યૂન પ્રમાણવાળો હોય છે. તે પણ અન્તર્મુહૂર્ત સુધી ચાલે છે. એમ છેક સુધી સમજવુ.[1] પૂર્વભૂમિકામાં સ્થિતિબંધ દરેક અન્તર્મુહૂર્તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય છે એમ કહ્યુ છે ત્યાં પણ આ પ્રમાણે સમજવુ.

અશુભ પ્રકૃતિઓનો બે સ્થાનિક અને શુભ પ્રકૃતિઓનો ચાર સ્થાનિક રસ બંધાય છે. વળી ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિ હોવાથી રસબંધ પણ શુભનો અનંતગુણ વૃદ્ધિને પામતો અને અશુભનો અનંતગુણહીન થાય છે. આ પ્રમાણે વિશુદ્ધિમાં આગળ વધતો જીવ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી પહોંચે છે. યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી અભવ્યજીવો પણ આવે છે, એમ જે કહ્યુ છે તેમાં એ સમજવાનું છે કે વિશુદ્ધિની અપેક્ષાએ અભવ્યનું યથાપ્રવૃત્તકરણ તથા ભવ્યનું યથાપ્રવૃત્તકરણ બંને તદ્દન ભિન્ન છે, કેમકે પૂર્વે સમ્યક્ત્વાભિમુખ જીવની યથાપ્રવૃત્તકરણની અન્તર્મુહૂર્ત પૂર્વની વિશુદ્ધિ બતાવતા જણાવ્યુ છે કે ગ્રન્થીદેશે રહેલા અભવ્ય કરતા પણ અનંતગુણ વિશુદ્ધિ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવને ત્રણ કરણની પૂર્વાવસ્થામાં હોય છે અને ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે.

**યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયોની પ્રરૂપણા :-** યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે અસંખ્યલોકાકાશના આકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે.

**પ્રશ્ન** - એક સમયે એક જીવને એક જ અધ્યવસાય હોય છે, તો પછી યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો શી રીતે ?

**જવાબ** - એક જીવને એક સમયે એક જ અધ્યવસાય હોય છે. પરંતુ અહીં જે અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો કહ્યા છે, તે ત્રણે કાળને આશ્રયી યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયવર્તી જીવોની અપેક્ષાએ કહ્યા છે.

**પ્રશ્ન** - યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયને સ્પર્શનારા ત્રિકાળવર્તી જીવો અનંતા છે, તો પછી અહીં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો શી રીતે ? અનંતા કેમ નહીં ?

**જવાબ** - જીવો અનંતા હોવા છતા અધ્યવસાયો અસંખ્યાતા હોવાનું કારણ એ છે કે અનંતા જીવોને સમાન અધ્યવસાય પ્રાપ્ત થાય છે. કોઈ પણ જીવને, જે અસંખ્યાત

---

૧. યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ થાય છે તે ન્યૂન થતા થતા ચરમ સમયે યાવત્ સંખ્યાત ગુણહીન સ્થિતિબંધ થાય છે, એમ લબ્ધિસારમાં કહ્યુ છે - "आदिमकरणद्धाए पढमट्ठिदिबन्धदो दु चरिमम्हि । संखेज्जगुणविहीणो ठिदिबन्धो होइ नियमेण ।।४०।।"

અધ્યવસાય કહ્યા છે. તેમાંનો કોઈ પણ એક અધ્યવસાય યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે પ્રાપ્ત થાય છે. આવી જ રીતે શેષ સમયોના અધ્યવસાયો વિશે પણ જાણવુ.

યથાપ્રવૃત્તકરણના બીજા સમયે પણ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો હોય છે. પરંતુ પ્રથમ સમયના અધ્યવસાયો કરતા દ્વિતીય સમયના અધ્યવસાયો વિશેષાધિક હોય છે. તેવી જ રીતે બીજા સમયના અધ્યવસાયો કરતા તૃતીય સમયના અધ્યવસાયો વિશેષાધિક હોય છે. આમ યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી જાણવુ. દ્વિચરમ સમયે જેટલા અધ્યવસાયો છે તેના કરતા ચરમ સમયે વિશેષાધિક હોય છે.

**તીવ્રતા - મંદતા** :- એક જ સમયવર્તી સર્વ જીવોને એક જ અધ્યવસાય હોય તો ત્યાં સર્વને વિશુદ્ધિ સરખી હોવાથી ભેદ પડતો નથી, પરન્તુ ઉપર કહ્યુ તેમ યથાપ્રવૃત્તકરણના દરેક સમયોમાં અસંખ્યાતા અધ્યવસાય હોય છે. તેથી સમાન સમયમાં રહેલા જીવોની વિશુદ્ધિમાં પણ ભેદ આવશે. કોઈને જઘન્ય વિશુદ્ધિ હોય, કોઈને મધ્યમ હોય, કોઈને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોય. તેથી એક જ સમયવર્તી જીવોમાં વિશુદ્ધિ ભેદે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ ષટ્સ્થાનકોની પ્રપ્તિ થાય છે.

તાત્પર્ય એ છે કે યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે રહેલા જીવોમાંથી કોઈ જીવને અન્ય જીવ કરતા અનંતભાગવૃદ્ધ, કોઈને અસંખ્યાતભાગવૃદ્ધ, કોઈને સંખ્યાતભાગવૃદ્ધ, કોઈને સંખ્યાતગુણવૃદ્ધ, કોઈને અસંખ્યાતગુણવૃદ્ધ, અને કોઈને અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળો અધ્યવસાય હોય, તેવી રીતે છએ પ્રકારની હાનીવાળા અધ્યવસાયો પણ પરસ્પર આવે. આવી રીતે યથાપ્રવૃત્તકરણના સર્વ સમયોમાં જાણવુ. આનું નામ તિર્યગ્મુખી વિશુદ્ધિ કહેવાય. તિર્યગ્મુખી વિશુદ્ધિ એટલે એક જ સમયના જે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે તેની વિશુદ્ધિનો પરસ્પર વિચાર. ઊર્ધ્વમુખી વિશુદ્ધિ એટલે પૂર્વ સમયની વિશુદ્ધિની અપેક્ષાએ ઉત્તર સમયની વિશુદ્ધિનો વિચાર. તે આ પ્રમાણે :

યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિ કરતા યથાપ્રવૃત્તકરણના બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા યથાપ્રવૃત્તકરણના ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ..., એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના ચરમ સમય સુધી જાણવુ. આ સંખ્યાતમા ભાગને કંડકની સંજ્ઞાથી હવે આપણે ઓળખીશુ. ત્યાર પછી એટલે કે આ કંડકના ચરમ સમયની જઘન્યવિશુદ્ધિ કરતા યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા કંડક પછીના પ્રથમ સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા યથાપ્રવૃત્તકરણના બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા કંડક પછીના બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા યથાપ્રવૃત્તકરણના ત્રીજા

સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા કંડક પછીના ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના દ્વિચરમકંડકના ચરમ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા યથાપ્રવૃત્તકરણના ચરમ કંડકના ચરમ સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ આવે ત્યાં સુધી કહેવુ. અહીંયા જઘન્ય વિશુદ્ધિ સર્વસમયોની કહેવાઈ ગઈ. જ્યારે ઉત્કૃષ્ટવિશુદ્ધિ એક કંડક પ્રમાણ સ્થાનોની કહેવી બાકી છે. તે ક્રમશઃ અનંતગુણ કહેવી. એટલે કે યથાપ્રવૃત્તકરણના ચરમસમયની જઘન્ય વિશુદ્ધિ કરતા ચરમ કંડકના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા તે જ કંડકના બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ... એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમકંડકના દ્વિચરમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતા ચરમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ જાણવી.

**અનુકૃષ્ટિ** :- ઉપરોક્ત વિશુદ્ધિનો ક્રમ યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયોનું ઉત્તરોત્તર સમયોમાં અનુકર્ષણ-ખેંચાણ સૂચવે છે. અર્થાત્ પહેલા સમયના કેટલાક અધ્યવસાયો બીજા સમયમાં પણ હોય, ત્રીજા સમયમાં પણ હોય એમ સૂચવે છે, કેમકે જો પ્રથમ સમય કરતા બીજા સમયના અધ્યવસાયો તદ્દન નવીન જ હોય, એટલે કે પ્રથમ સમયના ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા અધ્યવસાય પછીના હોય તો પ્રથમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી બીજા સમયનો જઘન્ય અધ્યવસાય વધારે (અનંતગુણ) વિશુદ્ધિવાળો આવે, પરંતુ તેમ નથી પણ ઊલ્ટુ અહીં તો પ્રથમ સમયથી યાવત્ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના અંતિમ સમય સુધીની જઘન્યવિશુદ્ધિ ઉત્તરોત્તર અનંતગુણ કહેલ છે અને ત્યાર પછી પહેલા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના અંતિમ સમયની જઘન્ય વિશુદ્ધિથી અનંતગુણ કહેલ છે. એટલે યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતા પણ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સંખ્યાતમા ભાગના છેલ્લા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણહીન છે અને ત્યારપછીના સમયની જઘન્યવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણનાં પ્રથમ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિથી અનંતગુણ છે. એ સૂચવે છે કે યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયના અધ્યવસાયો ક્રમશઃ ઓછા થતા છેક તેના સંખ્યાતમા ભાગ સુધી પહોંચે છે, અને સંખ્યાતમા ભાગના પછીના સમયે પહેલા સમયનો એકપણ અધ્યવસાય હોતો નથી. તેવી જ રીતે બીજા સમયના અધ્યવસાયો કંડક પછીના પહેલા સમય સુધી પહોંચે છે. એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી જાણવુ.

આવી રીતે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયોમાં અધ્યવસાયોનું ખેંચાણ તે અનુકૃષ્ટિ કહેવાય છે. અનુકૃષ્ટિ એટલે અનુકર્ષણ-ખેંચાણ. અહીં પૂર્વ પૂર્વ સમયના અધ્યવસાયોનું ઉત્તરોત્તર સમયોમાં જે આવવું તેનું નામ અનુકૃષ્ટિ.

અહીં એટલુ ધ્યાન રાખવાનું છે કે પ્રથમ સમયના બધા અધ્યવસાયો દ્વિતીય સમયમાં આવતા નથી, પરન્તુ તેમાંના જઘન્ય અધ્યવસાયથી પ્રારંભી અસંખ્યાતમા ભાગ સુધીના અધ્યવસાયો છોડીને શેષ અધ્યવસાયો નીચે બીજા સમયમાં આવે છે. તદુપરાંત બીજા નવીન અધ્યવસાયો પણ બીજા સમયમાં ઉમેરાય છે, જે છોડી દીધેલા અધ્યવસાય કરતા વિશેષાધિક છે અને તેથી જ પ્રથમ સમયના અધ્યવસાયો કરતા દ્વિતીય સમયના કુલ અધ્યવસાય વિશેષાધિક છે. આવી રીતે યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી જાણવુ.

બીજું એ પણ ધ્યાન રાખવાનું છે કે - પહેલા સમયે છુટેલા અધ્યવસાયો કરતા બીજા સમયે છુટેલા અધ્યવસાયો વિશેષાધિક છે, તેના કરતા ત્રીજા સમયે ત્યજાતા અધ્યવસાયો વિશેષાધિક છે, એમ યાવત્ ચરમ સમય સુધી જાણવુ.

તેવી જ રીતે બીજા સમયે નવા આવતા અધ્યવસાયોથી ત્રીજા સમયે નવા આવતા અધ્યવસાયો વિશેષાધિક છે. તેના કરતા ચોથા સમયે નવા આવતા અધ્યવસાયો વિશેષાધિક છે.., એમ યાવત્ ચરમસમય સુધી જાણવુ. પહેલા સમયના જે શરૂઆતના અધ્યવસાયો છોડી દેવાય છે તે માત્ર પ્રથમ સમયના જ છે. આગળના કોઈ પણ સમયમાં તેમાંનો કોઈ પણ અધ્યવસાય આવતો નથી. તેથી તે અનનુકૃષ્ટ અધ્યવસાયો કહેવાય છે, તેવી જ રીતે છેલ્લા સમયમાં નવા આવતા (ઉમેરાતા) અધ્યવસાયો પણ પૂર્વે નહીં આવેલા હોવાથી અનનુકૃષ્ટ અધ્યવસાયો કહેવાય છે.

યથાપ્રવૃત્તકરણના ૧લા સમયના અધ્યવસાયો તેના સંખ્યાતમા ભાગ જેટલા સમય સુધી ખેંચાય છે. માટે જેટલા સમય સુધી પ્રથમ સમયના અધ્યવસાયો ખેંચાય છે તેટલા તેના ખંડ કરવા. તેમાં પણ પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર ખંડ વિશેષાધિક રાખવો, કેમકે ઉત્તરોત્તર સમયે વિશેષાધિક અધ્યવસાયો નીકળી જવાના છે. બીજા સમયે તેમાંનો પ્રથમ ખંડ કાઢી નાખવો અને છેલ્લા ખંડની પાછળ એક ખંડ છેલ્લા ખંડથી વિશેષાધિક પ્રમાણવાળો ઉમેરવો, એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના અંતિમ સમયે પહોંચીશું ત્યારે પ્રથમસમયના સર્વ ખંડો પૂર્ણ થઈ જશે અને ત્યાર પછીના સમયે દ્વિતીયાદિક સમયોના ખંડો પણ પૂર્ણ થતા જશે...., એમ યાવત્ ચરમ સમયે પહોંચીશું ત્યારે યથાપ્રવૃત્તકરણના છેલ્લા એક સંખ્યાતમા ભાગના (કંડકના) પ્રથમ સમયના બધા ખંડો પૂર્ણ થઈ જશે.

અહીં એટલુ ધ્યાનમાં રાખવાનું છે કે દરેક ખંડના પ્રથમ અધ્યવસાયથી તેનો ચરમ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો છે, કેમકે વચ્ચે અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો હોય છે. તથા કોઈ પણ ખંડના ચરમ અધ્યવસાયથી તેની પછીના ખંડનો પ્રથમ અધ્યવસાય

પણ અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે, કેમકે આ ક્રમ જળવાશે તો જ યથાપ્રવૃત્તકરણમાં કહેલો વિશુદ્ધિક્રમ આવશે. બીજુ દરેક સમયના અધ્યવસાયોની વિશુદ્ધિ ષટ્સ્થાનકના ક્રમે છે. તેથી દરેક ખંડનો છેલ્લો અધ્યવસાય તેની પૂર્વેના અધ્યવસાયથી અનંતભાગવૃદ્ધ વિશુદ્ધિવાળો આવશે, કેમકે ત્યાર પછીનો અધ્યવસાય અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળો આવવાનો છે, અને ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધના સ્થાનની પૂર્વે હંમેશા અનંતભાગવૃદ્ધનું જ સ્થાન આવે છે. તેવી જ રીતે દરેક ખંડનો પ્રથમ અધ્યવસાય તેની પૂર્વેના ખંડના અંતિમ અધ્યવસાયથી અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળો જ આવવાનો છે.

પ્રથમ સમયનો પ્રથમ ખંડ કોઈ પણ સમયના ખંડ જોડે સદૃશ નથી. તેવી જ રીતે ચરમ સમયનો ચરમ ખંડ પણ અસદૃશ છે. જ્યારે વચ્ચેના ખંડોમાં પરસ્પર સદૃશતા છે, જેમકે પ્રથમ સમયનો બીજો ખંડ એ જ બીજા સમયનો પ્રથમ ખંડ, પ્રથમ સમયનો ત્રીજો ખંડ એ જ બીજા સમયનો બીજો ખંડ તથા ત્રીજા સમયનો પ્રથમ ખંડ વિગેરે. દરેક ખંડમાં અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ જાણવા. તેવી જ રીતે દરેક સમયે નવા આવતા અધ્યવસાયો, તથા છોડાતા અધ્યવસાયો, તથા કુલ અધિક થતા અધ્યવસાયો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ જાણવા.

યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયોને લગતી વક્તવ્યતા સહેલાઈથી સમજાય તે માટે અસત્કલ્પનાથી બતાવવામાં આવે છે :

| | |
|---|---|
| યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે અધ્યવસાયો | ૧,૦૦૪ |
| યથાપ્રવૃત્તકરણના ૨જા સમયે અધ્યવસાયો | ૧,૦૧૨ |
| યથાપ્રવૃત્તકરણના ૩જા સમયે અધ્યવસાયો | ૧,૦૨૦ |
| યથાપ્રવૃત્તકરણના ૪થા સમયે અધ્યવસાયો | ૧,૦૨૮ |
| યથાપ્રવૃત્તકરણના ૫મા સમયે અધ્યવસાયો | ૧,૦૩૬ |
| યથાપ્રવૃત્તકરણના ૬ઠ્ઠા સમયે અધ્યવસાયો | ૧,૦૪૪ |
| યથાપ્રવૃત્તકરણના ૭મા સમયે અધ્યવસાયો | ૧,૦૫૨ |
| યથાપ્રવૃત્તકરણના ૮મા સમયે અધ્યવસાયો | ૧,૦૬૦ |
| યથાપ્રવૃત્તકરણના ૯મા સમયે અધ્યવસાયો | ૧,૦૬૮ |
| યથાપ્રવૃત્તકરણના ૧૦મા સમયે અધ્યવસાયો | ૧,૦૭૬ |
| યથાપ્રવૃત્તકરણના ૧૧મા સમયે અધ્યવસાયો | ૧,૦૮૪ |
| યથાપ્રવૃત્તકરણના ૧૨મા સમયે અધ્યવસાયો | ૧,૦૯૨ |
| કુલ | ૧૨,૫૭૬ |

પુનરુક્ત-અપુનરુક્ત થઈને કુલ અધ્યવસાયો = ૧૨,૫૭૬

## યથાપ્રવૃત્તકરણમાં પ્રતિસમય છૂટતા-નવા આવતા અધ્યવસાયો વિગેરે દર્શાવતી સ્થાપના

| સમય | ૧લો ખંડ | ૨જો ખંડ | ૩જો ખંડ | ૪થો ખંડ | કુલ અધ્યવસાય | કેટલામો ખંડ છૂટે | છૂટતા ખંડમાં અધ્યવસાય | આવતા કેટલામો ખંડ આવે | આવતા ખંડમાં અધ્યવસાયો | અધ્યવસાય ક્યાંથી ક્યાં સુધી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૪૮ (૧થી૨૪૮) | ૨૫૦ (૨૪૯થી૪૯૮) | ૨૫૨ (૪૯૯થી૭૫૦) | ૨૫૪ (૭૫૧થી૧૦૦૪) | ૧૦૦૪ | - | - | - | - | ૧થી૧૦૦૪ |
| ૨ | ૨૫૦ (૨૪૯થી૪૯૮) | ૨૫૨ (૪૯૯થી૭૫૦) | ૨૫૪ (૭૫૧થી૧૦૦૪) | ૨૫૬ (૧૦૦૫થી૧૨૬૦) | ૧૦૧૨ | ૧લો | ૧થી૨૪૮ (૨૪૮) | ૫મો | ૧૦૦૫થી૧૨૬૦ (૨૫૬) | ૨૪૯થી૧૨૬૦ |
| ૩ | ૨૫૨ (૪૯૯થી૭૫૦) | ૨૫૪ (૭૫૧થી૧૦૦૪) | ૨૫૬ (૧૦૦૫થી૧૨૬૦) | ૨૫૮ (૧૨૬૧થી૧૫૧૮) | ૧૦૨૦ | ૨જો | ૨૪૯થી૪૯૮ (૨૫૦) | ૬ઠ્ઠો | ૧૨૬૧થી૧૫૧૮ (૨૫૮) | ૪૯૯થી૧૫૧૮ |
| ૪ | ૨૫૪ (૭૫૧થી૧૦૦૪) | ૨૫૬ (૧૦૦૫થી૧૨૬૦) | ૨૫૮ (૧૨૬૧થી૧૫૧૮) | ૨૬૦ (૧૫૧૯થી૧૭૭૮) | ૧૦૨૮ | ૩જો | ૪૯૯થી૭૫૦ | ૭મો | ૧૫૧૯થી૧૭૭૮ (૨૬૦) | ૭૫૧થી૧૭૭૮ |
| ૫ | ૨૫૬ (૧૦૦૫થી૧૨૬૦) | ૨૫૮ (૧૨૬૧થી૧૫૧૮) | ૨૬૦ (૧૫૧૯થી૧૭૭૮) | ૨૬૨ (૧૭૭૯થી૨૦૪૦) | ૧૦૩૬ | ૪થો | ૭૫૧થી૧૦૦૪ (૨૫૪) | ૮મો | ૧૭૭૯થી૨૦૪૦ (૨૬૨) | ૧૦૦૫થી૨૦૪૦ |
| ૬ | ૨૫૮ (૧૨૬૧થી૧૫૧૮) | ૨૬૦ (૧૫૧૯થી૧૭૭૮) | ૨૬૨ (૧૭૭૯થી૨૦૪૦) | ૨૬૪ (૨૦૪૧થી૨૩૦૪) | ૧૦૪૪ | ૫મો | ૧૦૦૫થી૧૨૬૦ (૨૫૬) | ૯મો | ૨૦૪૧થી૨૩૦૪ (૨૬૪) | ૧૨૬૧થી૨૩૦૪ |
| ૭ | ૨૬૦ (૧૫૧૯થી૧૭૭૮) | ૨૬૨ (૧૭૭૯થી૨૦૪૦) | ૨૬૪ (૨૦૪૧થી૨૩૦૪) | ૨૬૬ (૨૩૦૫થી૨૫૭૦) | ૧૦૫૨ | ૬ઠ્ઠો | ૧૨૬૧થી૧૫૧૮ (૨૫૮) | ૧૦મો | ૨૩૦૫થી૨૫૭૦ (૨૬૬) | ૧૫૧૯થી૨૫૭૦ |

| સમય | ૧લો ખંડ | ૨જો ખંડ | ૩જો ખંડ | ૪થો ખંડ | કુલ અધ્યવસાય | કેટલામો ખંડ છૂટે | છૂટતા ખંડમાં અધ્યવસાય | આવતા કેટલામો ખંડ આવે | આવતા ખંડમાં અધ્યવસાયો | અધ્યવસાય ક્યાંથી ક્યાં સુધી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨૬૨ (૧૭૭૯થી૨૦૪૦) | ૨૬૪ (૨૦૪૧થી૨૩૦૪) | ૨૬૬ (૨૩૦૫થી૨૫૭૦) | ૨૬૮ (૨૫૭૧થી૨૮૩૮) | ૧૦૬૦ | ૭મો | ૧૫૧૯થી૧૭૭૮ (૨૬૦) | ૧૧મો | ૨૫૭૧થી૨૮૩૮ (૨૬૮) | ૧૭૭૯થી૨૮૩૮ |
| ૯ | ૨૬૪ (૨૦૪૧થી૨૩૦૪) | ૨૬૬ (૨૩૦૫થી૨૫૭૦) | ૨૬૮ (૨૫૭૧થી૨૮૩૮) | ૨૭૦ (૨૮૩૯થી૩૧૦૮) | ૧૦૬૮ | ૮મો | ૧૭૭૯થી૨૦૪૦ (૨૬૨) | ૧૨મો | ૨૮૩૯થી૩૧૦૮ (૨૭૦) | ૨૦૪૧થી૩૧૦૨ |
| ૧૦ | ૨૬૬ (૨૩૦૫થી૨૫૭૦) | ૨૬૮ (૨૫૭૧થી૨૮૩૮) | ૨૭૦ (૨૮૩૯થી૩૧૦૮) | ૨૭૨ (૩૧૦૯થી૩૩૮૦) | ૧૦૭૬ | ૯મો | ૨૦૪૧થી૨૩૦૪ (૨૬૪) | ૧૩મો | ૩૧૦૯થી૩૩૮૦ (૨૭૨) | ૨૩૦૫થી૩૩૮૦ |
| ૧૧ | ૨૬૮ (૨૫૭૧થી૨૮૩૮) | ૨૭૦ (૨૮૩૯થી૩૧૦૮) | ૨૭૨ (૩૧૦૯થી૩૩૮૦) | ૨૭૪ (૩૩૮૧થી૩૬૫૪) | ૧૦૮૪ | ૧૦મો | ૨૩૦૫થી૨૫૭૦ (૨૬૬) | ૧૪મો | ૩૩૮૧થી૩૬૫૪ (૨૭૪) | ૨૫૭૧થી૩૬૫૪ |
| ૧૨ | ૨૭૦ (૨૮૩૯થી૩૧૦૮) | ૨૭૨ (૩૧૦૯થી૩૩૮૦) | ૨૭૪ (૩૩૮૧થી૩૬૫૪) | ૨૭૬ (૩૬૫૫થી૩૯૩૦) | ૧૦૯૨ | ૧૧મો | ૨૫૭૧થી૨૮૩૮ (૨૬૮) | ૧૫મો | ૩૬૫૫થી૩૯૩૦ (૨૭૬) | ૨૮૩૯થી૩૯૩૦ |

જે અધ્યવસાયો ફરી આવે ત્યારે તેને ફરી પણ ગણીએ તે પુનરુકત અધ્યવસાયો કહેવાય. જે અધ્યવસાયો પ્રથમવાર આવે ત્યારે ગણીએ અને ફરી આવે ત્યારે ન ગણીએ તે અપુનરુકત અધ્યવસાયો કહેવાય. યથાપ્રવૃત્તકરણના કુલ સમય ૧૨; સંખ્યાતમાભાગના સમય ૪; પ્રથમ સમયના અધ્યવસાયોના ચાર ખંડ કરવા તે આ પ્રમાણે ૨૪૮, ૨૫૦, ૨૫૨, ૨૫૪, બીજા સમયે એક (પ્રથમ) ખંડ નીકળી જાય અને પાછળ નવો ખંડ આવે. તેથી બીજા સમયના અધ્યવસાયોના ચાર ખંડ આ પ્રમાણે - ૨૫૦, ૨૫૨, ૨૫૪, ૨૫૬. એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય સુધી જાણવુ.

આ સ્થાપના પરથી ખ્યાલમાં આવશે કે પ્રથમ સમયે અધ્યવસાય ૧ થી ૧૦૦૪ છે. બીજા સમયે તેમાંથી શરૂઆતના ૨૪૮ અધ્યવસાયો ગયા અને ૧૦૦૫ થી ૧૨૬૦ સુધીના ૨૫૬ અધ્યવસાયો નવા આવ્યા, એટલે બીજા સમયના કુલ અધ્યવસાય ૨૪૯ થી ૧૨૬૦ સુધીના ૧૦૧૨ થાય. ત્રીજા સમયે તેમાંથી ૨૪૯ થી ૪૯૮ સુધીના ૨૫૦ અધ્યવસાયો ગયા અને ૧૨૬૧ થી ૧૫૧૮ સુધીના ૨૫૮ અધ્યવસાયો નવા આવ્યા, એટલે ત્રીજા સમયના કુલ અધ્યવસાય ૪૯૯ થી ૧૫૧૮ સુધીના ૧૦૨૦ થયા. ચોથા સમયે ૪૯૯ થી ૭૫૦ સુધીના ૨૫૨ અધ્યવસાયો ગયા અને ૧૫૧૯ થી ૧૭૭૮ સુધીના ૨૬૦ અધ્યવસાયો નવા ,આવ્યા એટલે ૭૫૧ થી ૧૭૭૮ સુધીના કુલ ૧૦૨૮ અધ્યવસાયો ચોથા સમયે હોય.... એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના દ્વિચરમ સમયે ૨૫૭૧ થી ૩૬૫૪ સુધીના ૧૦૮૪ અધ્યવસાયો છે. તેમાંથી ચરમ સમયે ૨૫૭૧ થી ૨૮૩૮ સુધીના ૨૬૮ અધ્યવસાયો ગયા અને ૩૬૫૫ થી ૩૯૩૦ સુધીના ૨૭૬ અધ્યવસાયો નવા આવ્યા એટલે કુલ ૨૮૩૯ થી ૩૯૩૦ સુધીના ૧૦૯૨ અધ્યવસાયો યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે હોય છે.

આમ યથાપ્રવૃત્તકરણમાં અપુનરુકત અધ્યવસાયો માત્ર ૩૯૩૦ છે અને પુનરુકત અપુનરુકત બન્ને પ્રકારના ગણીએ તો ૧૨,૫૭૬ અધ્યવસાયો થાય છે. તેમજ દરેક સમયના અધ્યવસાયોના ચાર-ચાર ખંડ કરેલ હોવાથી કુલ ૪૮ ખંડ થયા, પણ અપુનરુકત ખંડો જ ગણીએ તો ૧૫ થાય.

પહેલા સમયના પ્રથમ ખંડ સિવાય સર્વ ખંડો બીજા સમયમાં છે, ૨જા સમયના પ્રથમખંડ સિવાય સર્વ ખંડો ત્રીજા સમયમાં છે, ૩જા સમયના પ્રથમ ખંડ સિવાય સર્વ ખંડો ચોથા સમયમાં છે... એમ યાવત્ દ્વિચરમ સમયના પ્રથમ ખંડ સિવાય સર્વ ખંડો ચરમ સમયમાં છે.

પહેલા સમયનો પ્રથમખંડ તથા ચરમ સમયનો ચરમખંડ અન્ય કોઈ સમયમાં પ્રાપ્ત થતો નથી. માટે તે બે ખંડના અધ્યવસાયો અનનુકૃષ્ટ કહેવાય છે. શેષ ખંડો અન્ય અન્ય સમયમાં પ્રાપ્ત થાય છે. પહેલા સમયનો જઘન્ય અધ્યવસાય એટલે અધ્યવસાય નં. ૧. ૨જા સમયનો જઘન્ય અધ્યવસાય એટલે અધ્યવસાય નં. ૨૪૯. તે બીજા ખંડનો પ્રથમ અધ્યવસાય

હોવાથી અનંતગુણ છે, કેમકે કોઈ પણ ખંડના પ્રથમ અધ્યવસાયથી તે જ ખંડનો છેલ્લો અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે અને તેનાથી પણ અનંતર ખંડનો પ્રથમ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. તેથી પ્રથમ ખંડના પ્રથમ અધ્યવસાય કરતા બીજા ખંડનો પ્રથમ અધ્યવસાય અનંતગુણ છે. તેથી પ્રથમ સમયના જઘન્ય અધ્યવસાયથી બીજા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણ છે. તેવી જ રીતે બીજા સમયના જઘન્ય અધ્યવસાયથી ત્રીજા સમયનો જઘન્ય અધ્યવસાય પણ અનંતગુણ, તથા ત્રીજા સમયના જઘન્ય અધ્યવસાયથી ચોથા સમયનો જઘન્ય અધ્યવસાય પણ અનંતગુણ છે. ચોથા સમયનો જઘન્ય અધ્યવસાય ૭૫૧ મો અધ્યવસાય હોવાથી ચોથા ખંડનો જઘન્ય અધ્યવસાય છે. તથા પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય ૧૦૦૪ મો હોવાથી ચોથા ખંડનો છેલ્લો અધ્યવસાય છે, તેથી પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય ૪થા સમયના જઘન્ય અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો છે, કેમકે પૂર્વે જણાવ્યુ છે કે કોઈ પણ ખંડના પહેલા અધ્યવસાયથી તેનો છેલ્લો અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. પાંચમા સમયનો જઘન્ય અધ્યવસાય ૧૦૦૫ મો અધ્યવસાય હોવાથી પાંચમા ખંડનો પ્રથમ અધ્યવસાય છે અને તે ચોથા ખંડના ચરમ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે, કેમકે પૂર્વે જણાવી ગયા છીએ કે કોઈ પણ ખંડનો પ્રથમ અધ્યવસાય તેની પૂર્વેના ખંડના ચરમ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. તેથી પાંચમા સમયનો જઘન્ય અધ્યવસાય પહેલા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે અને તેના કરતા તે જ ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી ૨જા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો છે. તેના કરતા તેની પછીના ખંડનો પ્રથમ અધ્યવસાય હોવાથી છઠ્ઠા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણ છે અને તે જ ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી તેના કરતા ત્રીજા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો છે. એમ યાવત્ ૧૧મા ખંડના ચરમ અધ્યવસાયરૂપ ૮મા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી તેના પછીના (૧૨મા) ખંડનો જઘન્ય અધ્યવસાય હોવાથી ૧૨મા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો આવે અને તેનાથી ૯મા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય તે જ ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી અનંતગુણ વિશુદ્ધિવાળો છે.

હવે જઘન્યની વક્તવ્યતા પૂરી થઈ હોવાથી ઉત્કૃષ્ટની પ્રરૂપણા બતાવીએ છીએ. નવમા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી તેની પછીના ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી દસમા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ વૃદ્ધ, તેથી ૧૧મા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય પણ ઉક્ત કારણે અનંતગુણવૃદ્ધ, તેથી ૧૨મા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય પણ તે જ રીતે અનંતગુણ.

આવી રીતે **કષાયપ્રાભૃત** અને **કર્મપ્રકૃતિ**માં યથાપ્રવૃત્તકરણમાં અધ્યવસાયોની તીવ્રતા-મંદતાનું જે નિરૂપણ કર્યું છે તેના આધારે તથા અન્યગ્રન્થોની સહાયથી અનુકૃષ્ટિ વગેરે પદાર્થોની વિચારણા તથા અસત્કલ્પનાથી દિગ્દર્શન કરાવ્યુ છે.

## (૨) અપૂર્વકરણ

યથાપ્રવૃત્તકરણ પૂર્ણ થયા પછી સમ્યક્ત્વાભિમુખ જીવ અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. કરણ એટલે પરિણામવિશેષ, જો કે આ કરણમાં પણ પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે યથાપ્રવૃત્તકરણની માફક અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિ થતી જાય છે. તો પણ આ કરણને યથાપ્રવૃત્તકરણથી જુદુ પાડવાનું પ્રયોજન એ છે કે (૧) યથાપ્રવૃત્તકરણના દરેક સમયના અધ્યવસાયોનું ભિન્ન-ભિન્ન જીવોની અપેક્ષાએ અનંતર સમયોમાં ખેંચાણ થતુ હતુ. જ્યારે અહીં તેમ ન થતા ઉત્તરોત્તર સમયે નવીન અધ્યવસાયો જ પ્રાપ્ત થાય છે. (૨) યથાપ્રવૃત્તકરણમાં જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે તેવા સ્થિતિઘાતાદિ પદાર્થો થતા નથી. જ્યારે અપૂર્વકરણના પ્રથમ સમયથી જ સ્થિતિઘાતાદિ થાય છે. આથી યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણને ભિન્ન કહ્યા છે.

**અધ્યવસાય પ્રરૂપણા :** અપૂર્વકરણના પ્રથમ સમયે અધ્યવસાયો વિવિધ જીવોની અપેક્ષાએ અસંખ્ય લોકાકાશના પ્રદેશો જેટલા હોય છે. અહીં પણ પૂર્વે કહ્યુ છે તે રીતે સમજી લેવુ કે એક સમયે એક જીવને એક જ અધ્યવસાય હોય છે, પરન્તુ ત્રણે કાળના અપૂર્વકરણના પ્રથમ સમયવર્તી સર્વજીવોની અપેક્ષાએ પ્રથમ સમયના અધ્યવસાયોનું પ્રમાણ અસંખ્યલોકાકાશના પ્રદેશ જેટલુ સમજવું. જો કે ત્રણે કાળની અપેક્ષાએ અપૂર્વકરણના પ્રથમ સમયવર્તી જીવો અનંતા હોય છે. પરન્તુ તેમાંના કોઈપણ જીવને અહીં જે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો કહ્યા છે તેમાંથી જ કોઈપણ અધ્યવસાય હોય છે, તે સિવાયનો ન હોય. તેવી જ રીતે અપૂર્વકરણના દ્વિતીયાદિક સર્વ સમયોમાં યાવત્ ચરમ સમય સુધી જાણવુ. આમ અપૂર્વકરણના દરેક સમયમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોવા છતા, પ્રથમ સમયના અધ્યવસાયો કરતા બીજા સમયના અધ્યવસાયો વિશેષાધિક હોય છે, તેથી ત્રીજા સમયના અધ્યવસાયો વિશેષાધિક હોય છે. એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી પૂર્વ પૂર્વના સમય કરતા ઉત્તરોત્તર સમયે અધ્યવસાયો વિશેષાધિક હોય છે.

યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયો કરતા અપૂર્વકરણના અધ્યવસાયોની વિશેષતા એ છે કે યથાપ્રવૃત્તકરણમાં જેમ પૂર્વ પૂર્વ સમયના અધ્યવસાયોમાંથી તેનો એક અસંખ્યાતમો ભાગ છોડી શેષ અધ્યવસાયો ઉત્તરોત્તર સમયમાં આવતા હતા અને બીજા છોડેલા અધ્યવસાયોથી વિશેષાધિક અધ્યવસાયો નવા આવતા હતા, તેને બદલે અહીં દરેક સમયના અધ્યવસાયો જુદા જુદા હોય છે, એટલે પ્રથમ સમયના અધ્યવસાયો કરતા બીજા સમયના અધ્યવસાયો તદ્દન નવા જ હોય છે, તેના કરતા ત્રીજા સમયના અધ્યવસાયો તદ્દન જ નવા હોય છે. એમ યાવત્ ચરમ સમયના અધ્યવસાયો માટે જાણવુ. તેથી જ યથાપ્રવૃત્તકરણ કરતા તીવ્રતા-મંદતા અહીં જુદી રીતે આવશે.

**તીવ્રતા-મન્દતા : ઊર્ધ્વમુખી વિશુદ્ધિ** : યથાપ્રવૃત્તકરણના ચરમસમયની વિશુદ્ધિ કરતા અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા તે જ બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા તે જ ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમયની જઘન્ય વિશુદ્ધિથી તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ.

તાત્પર્યાર્થ એ છે કે અપૂર્વકરણના પ્રથમ સમયે બે એવા જીવોની વિવક્ષા કરીએ કે એક જઘન્ય વિશુદ્ધિવાળો અને બીજો ઉત્કૃષ્ટવિશુદ્ધિવાળો હોય. તેમાં પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિવાળા કરતા ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા જીવની વિશુદ્ધિ અનંતગુણ છે તથા આ જીવની પ્રથમ સમયની વિશુદ્ધિ કરતા જઘન્ય વિશુદ્ધિવાળા જીવની બીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા જીવની બીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ. તેના કરતા જઘન્ય વિશુદ્ધિવાળા જીવની ત્રીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ. તેના કરતા ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા જીવની ત્રીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ. તેના કરતા જઘન્ય વિશુદ્ધિવાળા જીવની ચોથા સમયની વિશુદ્ધિ અનંતગુણ... એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી જાણવુ.

**તિર્યગ્મુખી વિશુદ્ધિ** : ઉપરમાં જે પૂર્વ પૂર્વના સમયથી ઉત્તરોત્તર સમયની વિશુદ્ધિ કહી તે ઊર્ધ્વમુખી વિશુદ્ધિની પ્રરૂપણા થઈ, જ્યારે તિર્યગ્મુખી વિશુદ્ધિ એટલે એક સમયમાં રહેલ અધ્યવસાયોની વિશુદ્ધિની પરસ્પર વિચારણા તે અહીં યથાપ્રવૃત્તકરણની માફક ષટ્સ્થાનપતિત જાણવી. એટલે કે પ્રથમ સમયમાં રહેલા જીવોમાં અનેક જીવોની અપેક્ષાએ કોઈ એક જીવના વિશુદ્ધિ સ્થાન કરતા બીજા કોઈનું વિશુદ્ધિસ્થાન અનંતભાગવૃદ્ધ હોય, કોઈનું અસંખ્યાતભાગવૃદ્ધ હોય, કોઈનું સંખ્યાતભાગવૃદ્ધ હોય, કોઈનું સંખ્યાતગુણવૃદ્ધ હોય, કોઈનું અસંખ્યાતગુણવૃદ્ધ હોય, કોઈનું અનંતગુણવૃદ્ધ હોય.. એવી રીતે છયે પ્રકારના હાનિવાળા સ્થાનો પણ જુદા જુદા જીવોને પરસ્પર હોય છે. (૯)(૧૦)(૧૧).

**निव्वयणमवि ततो से ठिइरसघायठिइबंधगद्धा ऊ ।**
**गुणसेढी वि य समगं पढमे समये पवत्तंति ।। १२।।**

**અક્ષરાર્થ** : ત્યારપછી, બીજા કરણનું નિર્વચન અર્થાત્ અર્થવાળુ નામ કહેવુ, કેમકે સ્થિતિઘાત, રસઘાત, સ્થિતિબંધઅદ્ધા તથા ગુણશ્રેણિ એ ચારે પદાર્થો એક સાથે અપૂર્વકરણના પ્રથમ સમયથી જ પ્રવર્તે છે. (૧૨)

**વિશેષાર્થ** : *અપૂર્વકરણના પ્રથમ સમયથી જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી તથા* અપૂર્વસ્થિતિબંધ એ ચારે અપૂર્વ વસ્તુઓ એક સાથે શરૂ થાય છે. તેથી બીજા કરણનું

અપૂર્વકરણ એવુ નામ યથાર્થ છે. (૧૨).

આ ચારેમાં પ્રથમ બે ગાથા દ્વારા સ્થિતિઘાત અને રસઘાતનું સ્વરૂપ બતાવાય છે.

उयहिपुहत्तुक्कस्सं,इयरं पल्लस्स संखतमभागो ।
ठिइकंडगमणुभागाणणंतभागा मुहुत्तंतं ।। १३ ।।

अणुभागकंडगाणं, बहुहिं सहस्सेहिं पूरए एक्कं ।
ठिइकंडसहस्सेहिं तेसिं बीयं समाणेहिं ।।१४।।

**અક્ષરાર્થ :** ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણનો સ્થિતિખંડ હોય છે. (ઘાત્યમાન સ્થિતિખંડ તથા સત્તાગત રસના) અનંત બહુભાગ પ્રમાણ રસકંડક હોય છે. બંને અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળમાં થાય છે, પરન્તુ હજારો રસઘાત વડે એક સ્થિતિઘાત પૂરાય (પૂર્ણ થાય છે). તેવા હજારો સ્થિતિઘાત વડે અપૂર્વકરણ પૂરાય છે. (પૂર્ણ થાય છે.) (૧૩)(૧૪).

**વિશેષાર્થ : (૧) સ્થિતિઘાત** : સ્થિતિના અગ્રભાગથી જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિખંડને લઈને અન્તર્મુહૂર્તકાળે તેનો ઘાત કરે છે, એટલે કે આટલા ખંડ પ્રમાણ સ્થિતિમાંથી પ્રતિસમય દલિકો લઈને નીચે નાખવા દ્વારા આટલી સ્થિતિનો અન્તર્મુહૂર્ત કાળે સત્તામાંથી નાશ કરે છે. અહીં પ્રતિસમય સત્તામાંથી સ્થિતિ ઓછી થતી નથી, પરન્તુ ઉપરની ઉક્તખંડ પ્રમાણ સ્થિતિમાંથી પ્રતિસમય દલિકો ઓછા થતા જાય છે અને સ્થિતિઘાતાદ્ધા રૂપ અન્તર્મુહૂર્તના ચરમ સમયે તેટલી સ્થિતિમાંથી સર્વદલિક ખલાસ થતુ હોવાથી તે સમયે સત્તામાંથી તેટલી સ્થિતિ ઓછી થાય છે. આવી રીતે બીજા અંતર્મુહૂર્તે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ બીજા ખંડનો, ત્રીજા અન્તર્મુહૂર્તે ત્રીજા ખંડનો એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધીમાં હજારો સ્થિતિખંડોનો ઘાત કરે છે. તે દ્વારા સત્તામાંથી સંખ્યાતા બહુ ભાગ પ્રમાણ સ્થિતિ ઓછી કરે છે. એટલે કે અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી સ્થિતિ સત્તામાં હતી તે કરતા ચરમ સમયે સંખ્યાત ગુણહીન સ્થિતિ સત્તામાં રહે છે.

(૨) **રસઘાત** : અશુભકર્મનો સત્તાગત જે રસ છે તેમાંથી અનંતા બહુભાગનો અન્તર્મુહૂર્તકાળે ઘાત કરે છે અને એક અનંતમો ભાગ શેષ રહે છે. તેવી જ રીતે બીજા અન્તર્મુહૂર્તે સત્તામાં રહેલા શેષ અનુભાગનો અનંતમો ભાગ રાખી શેષ અનંતા બહુભાગનો ઘાત કરે છે. આમ પ્રતિઅન્તર્મુહૂર્તે સત્તાગત અશુભ કર્મોના અનુભાગના અનંતા બહુભાગનો ઘાત કરે છે. અહીંયા રસઘાતનો કાળ પણ અન્તર્મુહૂર્ત છે, પરંતુ રસઘાતનું અન્તર્મુહૂર્ત

સ્થિતિઘાતના અન્તર્મુહૂર્તના સંખ્યાતમા ભાગ જેટલુ છે, કેમકે એક સ્થિતિઘાત દરમ્યાન હજારો રસઘાત થાય છે. અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિઘાત અને રસઘાત સાથે જ શરૂ થાય છે, પણ એક સ્થિતિઘાત દરમિયાન હજારો રસઘાત થાય છે. તેમાંનો છેલ્લો રસઘાત સ્થિતિઘાતની સાથે જ પૂર્ણ થાય છે. એટલે અનંતર સમયે નવો સ્થિતિઘાત શરૂ થાય છે, ત્યારે નવો રસઘાત પણ શરૂ થાય છે. આથી એવો નિયમ નક્કી થયો કે જ્યારે સ્થિતિઘાતનો પ્રારંભ થાય ત્યારે રસઘાતનો પણ પ્રારંભ થાય. પરન્તુ રસઘાતના પ્રારંભ વખતે સ્થિતિઘાતનો પ્રારંભ થાય જ એવો નિયમ નહીં.

રસઘાત દ્વારા સત્તામાંથી નાશ પામતા અશુભપ્રકૃતિઓના રસનું અસત્કલ્પનાથી દિગ્દર્શન :- અપૂર્વકરણના પ્રથમ સમયે ૧૦૦૦ ક્રોડ રસસ્પર્ધકો સત્તામાં છે.

પ્રથમ રસઘાતમાં ૯૦૦ ક્રોડ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧૦૦ ક્રોડ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
બીજા રસઘાતમાં ૯૦ ક્રોડ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧૦ ક્રોડ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
ત્રીજા રસઘાતમાં ૯ ક્રોડ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧ ક્રોડ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
ચોથા રસઘાતમાં ૯૦ લાખ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧૦ લાખ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
પાંચમા રસઘાતમાં ૯ લાખ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧ લાખ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
છઠ્ઠા રસઘાતમાં ૯૦ હજાર રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧૦ હજાર રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
સાતમા રસઘાતમાં ૯ હજાર રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧ હજાર રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
આઠમા રસઘાતમાં ૯ સો રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧ સો રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.
નવમા રસઘાતમાં ૯૦ રસસ્પર્ધકોનો ઘાત થાય, ૧૦ રસસ્પર્ધકો શેષ સત્તામાં રહે.

અહીં અનંત = ૧૦, માટે અનંતમો ભાગ=૧૦ મો ભાગ. આમ અપૂર્વકરણના ચરમ સમય સુધી હજારો રસઘાત થાય, અને તેની સંખ્યા સ્થિતિઘાતોથી હજારો ગુણી સમજવી. એટલે અપૂર્વકરણના પ્રથમ સમયે અશુભપ્રકૃતિઓનો રસ સત્તામાં હતો તે કરતા ચરમ સમયે અનંતગુણહીન રસ સત્તામાં રહે.

શુભ પ્રકૃતિઓનો સ્થિતિઘાત થતો હોવા છતા રસઘાત થતો નથી.

રસઘાત દ્વારા થતા રસસ્પર્ધકોના ઘાતનું મહત્ત્વ નીચેના **કષાયપ્રાભૃતચૂર્ણિ**ના અલ્પબહુત્વ પરથી સમજી શકાશે - ( १ ) तस्स पदेसगुणहाणिट्ठाणंतरफड्डयाणि - थोवाणि। ( २ ) अइच्छावणाफड्डयाणि - अणंतगुणाणि । ( ३ ) निक्खेवफड्डयाणि - अणंतगुणाणि। ( ४ ) आगाइदफड्डयाणि - अणंतगुणाणि । - **पा. १७१६**

ભાવાર્થ આ પ્રમાણે છે :-

**૧) એક પ્રદેશગુણહાનિ સ્થાનમાં રસસ્પર્ધકો - થોડા :** એક જ સ્થિતિસ્થાનમાં જે રસસ્પર્ધકો છે, તેમાં જઘન્ય રસસ્પર્ધકની ૧લી વર્ગણામાં પ્રદેશ ઘણા હોય છે. બીજી વર્ગણામાં તેથી વિશેષહીન પ્રદેશો હોય છે. ત્રીજી વર્ગણામાં તેથી વિશેષહીન પ્રદેશો હોય છે... એમ ક્રમશઃ હીન થતા થતા જ્યારે અર્ધા પ્રદેશો આવે છે તે વર્ગણા અને પ્રથમ વર્ગણાના આંતરામાં જેટલા સ્પર્ધકોનો સમુદાય આવે તે અહીં લેવાનો છે. એમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા રસસ્પર્ધકો હોવા છતા આગળ કહેવામાં આવનાર પદોની અપેક્ષાએ તે સૌથી અલ્પ છે.

**૨) અતીત્થાપના - અનંતગુણ :** ઉપરના રસસ્પર્ધકોને અપવર્તીને એટલે કે તેમાંથી દલિકો ગ્રહણ કરી જઘન્યથી જેટલા રસસ્પર્ધકો ઓળંગી નીચે નાંખે તેટલા (ઓળંગાયેલા) અતીત્થાપના સ્પર્ધકો કહેવાય. તે પૂર્વના કરતા એટલે કે એક ગુણહાનિ અંતરમાં રહેલ સ્પર્ધક કરતા અનંતગુણ સમજવા, અનંત દ્વિગુણહાનિના સ્થાનો તેમાં હોવાથી.

**૩) નિક્ષેપ - અનંતગુણ :** જે રસખંડનો ઘાત થાય છે તે તથા જઘન્ય અતીત્થાપનારૂપ સ્પર્ધકોની નીચેના સર્વ સ્પર્ધકો નિક્ષેપરૂપ છે. તે અતીત્થાપના કરતા અનંતગુણ જાણવા.

**૪) આઘાતીત સ્પર્ધકો - અનંતગુણ :** એક રસઘાતાદ્ધામાં જેટલા રસસ્પર્ધકોનો ઘાત થાય છે તે આઘાતીત રસસ્પર્ધકો. તે નિક્ષેપ સ્પર્ધકો કરતા પણ અનંતગુણ જાણવા.

**(૩) સ્થિતિબંધ :** અપૂર્વકરણના પ્રથમ સમયથી સ્થિતિઘાત અને રસઘાતની જોડે અપૂર્વ સ્થિતિબંધ પણ શરૂ થાય છે, એટલે કે આની પૂર્વે જે સ્થિતિબંધ હતો તે યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે પૂર્ણ થઈ જાય છે અને અપૂર્વકરણમાં પ્રવેશ કરતા જ તેના પ્રથમ સમયે નવો સ્થિતિબંધ શરૂ કરે છે અને તે પૂર્વના એટલે કે યથાપ્રવૃત્તકરણના ચરમસ્થિતિબંધથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ન્યૂન હોય છે. આ સ્થિતિબંધનો કાળ અન્તર્મુહૂર્ત છે. ત્યાર પછી વળી પાછા પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણવાળો નવો સ્થિતિબંધ શરૂ થાય છે. આમ પ્રત્યન્તર્મુહૂર્ત પૂર્વ પૂર્વ કરતા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન સ્થિતિબંધ થતો જાય છે.

**પ્રશ્ન** - આ પ્રમાણેનો સ્થિતિબંધ યથાપ્રવૃતકરણની અન્તર્મુહૂર્ત પૂર્વથી થતો હતો, તો પછી અહીંયા અપૂર્વ કેમ કહેવાય ?

**જવાબ** - સ્થિતિબંધની આ રીતની પ્રક્રિયા જો કે યથાપ્રવૃત્તકરણની અન્તર્મુહૂર્ત પૂર્વથી શરૂ થઈ છે, છતા તેને અહીં અપૂર્વકરણના સ્થિતિઘાતાદિ અપૂર્વ વસ્તુઓ જોડે ફરી

પ્રરૂપણા કરવાનું કારણ એ છે કે અહીંયા સ્થિતિબંધનો કાળ જે અન્તર્મુહૂર્ત છે તે સ્થિતિઘાતના અન્તર્મુહૂર્તની તુલ્ય છે. એટલે કે અપૂર્વકરણના પ્રથમ સમયથી સ્થિતિઘાત અને સ્થિતિબંધ સાથે જ શરૂ થાય છે, અને સાથે જ પૂર્ણ થાય છે, એમ યાવત્ જ્યાં સુધી સ્થિતિઘાત સ્થિતિબંધ ચાલે છે ત્યાં સુધી તે બંને યુગપત્ શરૂ થાય છે અને યુગપત્ પૂર્ણ થાય છે.

**પ્રશ્ન** - પ્રત્યેક સ્થિતિબંધનો કાળ અને સ્થિતિઘાતનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, તે અન્તર્મુહૂર્ત કેટલુ સમજવુ ? કેમકે અપૂર્વકરણનો કાળ પણ અન્તર્મુહૂર્ત છે અને તેમાં હજારો સ્થિતિબંધ તથા સ્થિતિઘાત થાય છે.

**જવાબ** - અહીંયા એક સ્થિતિબંધ અથવા સ્થિતિઘાતનો કાળ જે અન્તર્મુહૂર્ત પ્રમાણ કહ્યો છે તે અપૂર્વકરણના સંખ્યાતમા ભાગરૂપ હોવા છતા આવલિકાના સંખ્યાતમા ભાગરૂપ છે. તે આ પ્રમાણે અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલો સ્થિતિબંધ થાય છે તે કરતા ચરમ સમયે સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધ થાય છે. વળી અપૂર્વકરણના પ્રથમ સમયે અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તેથી ચરમ સમયે અન્તઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય. એટલે આખા અપૂર્વકરણ દરમિયાન કુલ અન્તઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતા બહુ ભાગ પ્રમાણ સ્થિતિબંધ ઓછો થાય છે.

હવે પ્રત્યેક અન્તર્મુહૂર્તે ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થતો જાય છે, એટલે સંખ્યાતા સ્થિતિબંધ પસાર થાય ત્યારે એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ ઓછો થાય અને તેનાથી દશ કોડાકોડી ગુણા સ્થિતિબંધો પસાર થાય એટલે એક સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ ઓછો થાય. તેથી અન્તઃકોડાકોડીના સંખ્યાતા બહુભાગથી સંખ્યાતગુણ દસ કોડાકોડીને ગુણતા જે સંખ્યા આવે તેટલા સ્થિતિબંધ પસાર થાય ત્યારે અપૂર્વકરણના પ્રથમ સમયથી સંખ્યાતગુણહીન સ્થિતિબંધ થાય, અર્થાત્ અપૂર્વકરણના પ્રથમ સમયથી સંખ્યાતગુણહીન સ્થિતિબંધ કરવા ઉક્ત સંખ્યા પ્રમાણ સ્થિતિબંધો વ્યતિક્રાન્ત કરવા પડે. માટે અપૂર્વકરણમાં ઉક્ત સંખ્યા પ્રમાણ સ્થિતિઘાતો થાય છે. આખા અપૂર્વકરણનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે અને એક મુહૂર્તની ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા છે તેથી અપૂર્વકરણનો કાળ ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાથી ન્યૂન છે. અને અપૂર્વકરણમાં (સંખ્યાત × દશકોડાકોડી × અન્તઃકોડાકોડીના સંખ્યાતા બહુભાગ) પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તેથી અપૂર્વકરણના કાળને ઉક્ત સંખ્યાથી ભાગીએ તેટલો એક સ્થિતિબંધનો કાળ આવે. અને અપૂર્વકરણનો કાળ ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાથી ન્યૂન હોવાથી સ્થિતિબંધનો કાળ આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ આવે.

**અંક સંદષ્ટિ :**

એક સ્થિતિબંધ દરમિયાન પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ ન્યૂન થાય.

સંખ્યાતા સ્થિતિબંધ દરમિયાન એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ ન્યૂન થાય.

સંખ્યાત×૧૦ કોડાકોડી સ્થિતિબંધ દરમિયાન સાગરોપમપ્રમાણ સ્થિતિબંધ ન્યૂન થાય.

અપૂર્વકરણમાં અન્તઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિબંધ ઓછો થાય છે (ઘટે છે.)

૧ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ ન્યૂન કરવામાં (સંખ્યાત × દસ કોડાકોડી) સ્થિતિબંધ લાગે. માંટે અન્તઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિબંધ ન્યૂન કરવા માટે (સંખ્યાત × દસકોડાકોડી× અન્તઃકોડાકોડીના સંખ્યાતા બહુભાગ) પ્રમાણ સ્થિતિબંધો જોઈએ.

અપૂર્વકરણમાં (સંખ્યાત × દસકોડાકોડી × અન્તઃકોડાકોડીના સંખ્યાત બહુભાગ) પ્રમાણ સ્થિતિબંધ થાય. અપૂર્વકરણનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. અપૂર્વકરણનો કાળ ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાથી અધિક નથી. માટે (સંખ્યાત × ૧૦ કોડાકોડી × અન્તઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતા બહુભાગ) સ્થિતિબંધનો કાળ ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાથી અધિક નથી. માટે એક સ્થિતિબંધનો કાળ આવલિકા/સંખ્યાત થી અધિક નથી.

**પ્રશ્ન** - સ્થિતિબંધનો કાળ આવલિકાનો અસંખ્યાતમો ભાગ કેમ નહીં ?

**જવાબ** - એક સ્થિતિબંધનો કાળ આવલિકાનો અસંખ્યાતમો ભાગ માનીએ તો એક આવલિકામાં અસંખ્યાતા સ્થિતિબંધ થાય અને એક સ્થિતિબંધ દ્વારા પલ્યોપમનો સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ ઓછો થતો હોવાથી એકાવલિકામાં જ અસંખ્ય પલ્યોપમ જેટલો સ્થિતિબંધ ઓછો થાય. તે યુક્ત નથી, કેમકે અપૂર્વકરણના પ્રથમ સમયે અન્તઃકોડાકોડી સાગરોપમ એટલે કે સંખ્યાતા પલ્યોપમનો સ્થિતિબંધ છે, તેમાંથી અસંખ્ય પલ્યોપમ જેટલો સ્થિતિબંધ ન્યૂન શી રીતે થઈ શકે ? માટે સ્થિતિબંધનો કાળ આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ સમજવો.

માટે સ્થિતિબંધનો અને સ્થિતિઘાતનો કાળ સરખો હોવાથી સ્થિતિઘાતનો કાળ પણ આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તથા એક સ્થિતિઘાત દરમિયાન હજારો રસઘાત

થતા હોવાથી રસઘાતનો કાળ પણ આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. પરન્તુ સ્થિતિઘાતના કાળ રૂપ અવલિકાના સંખ્યાતમા ભાગથી રસઘાતના કાળ રૂપ આવલિકાનો સંખ્યાતમો ભાગ સંખ્યાતમા ભાગ જેટલો જાણવો. (૧૩)(૧૪)

गुणसेढी निक्खेवो, समये समये असंखगुणणाए ।
अद्धादुगाइरित्तो सेसे सेसे य निक्खेवो ।।१५।।

**અક્ષરાર્થ** :- પ્રતિસમય અસંખ્યગુણ દલિક ઊકેરી, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ રૂપ કરણદ્વયથી અધિક કાલમાં ઉત્તરોત્તર સમયમાં અસંખ્યગુણદલિકનો નિક્ષેપ કરવો, તે ગુણશ્રેણી. (સમય ક્ષીણ થતા) શેષ શેષ સમયોમાં ગુણશ્રેણી નિક્ષેપ જાણવો. (૧૫)

**વિશેષાર્થ :- (૪) ગુણશ્રેણી** :- ઉપરના સ્થિતિસ્થાનકોમાંથી દલિકો લઈ તેનો નીચેના સ્થાનોમાં નિક્ષેપ કરે છે. તે નિક્ષેપનો ક્રમ એ છે કે - ઉદય સમયમાં થોડા દલિક ગોઠવે છે. તેની પછીના એટલે કે દ્વિતીય સ્થિતિસ્થાનકમાં અસંખ્યગુણ દલિક ગોઠવે. ત્યાર પછીના સ્થાનમાં તેથી અસંખ્યગુણ દલિક ગોઠવે છે. એમ યાવત્ ઉદય સમયથી અન્તર્મુહૂર્ત સુધીના સ્થાનોમાં અસંખ્યગુણાકારે જે દલનિક્ષેપ થાય છે તેનું નામ ગુણશ્રેણી. આ ક્રમ ઉદયવતી પ્રકૃતિ માટે સમજવો. જ્યારે અનુદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણી ઉદયાવલિકા ઉપરથી થાય છે, એટલે કે તેના દલિકનો પ્રક્ષેપ ઉદયાવલિકામાં ન થાય. પરન્તુ ઉદાયાવલિકાની ઉપર પ્રથમ સમયથી અન્તર્મુહૂર્ત સુધીના સ્થાનોમાં અસંખ્યગુણાકારે થાય. આમ અનુદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણીનો આયામ ઉદયવતી પ્રકૃતિઓના ગુણશ્રેણી આયામથી એક આવલિકા ન્યૂન થયો. **કષાયપ્રાભૃતચૂર્ણિકાર**ના અભિપ્રાયે ઉદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણી પણ ઉદયાવલિકા ઉપરથી થાય છે, જે આગળ ઉપર ઉપશમશ્રેણી-ક્ષપકશ્રેણી આદિના અધિકારમાં બતાવાશે. ગુણશ્રેણીઆયામ જે અન્તર્મુહૂર્ત કહ્યો છે તે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળ રૂપ અન્તર્મુહૂર્ત સમજવુ. આ પ્રમાણે અપૂર્વકરણના પ્રથમ સમયે જે દલિકો ઉકેરે છે તેમાંથી ગુણશ્રેણીની રચના બતાવી. બીજા સમયે પણ આજ પ્રમાણે ગુણશ્રેણીની રચના જાણવી. પરન્તુ પ્રથમ સમય કરતા દ્વિતીય સમયે અસંખ્યગુણ દલિકો ઉકેરે. ગુણશ્રેણીઆયામ પૂર્વ કરતા ૧ સમય ન્યૂન થાય, કેમકે જેમ જેમ ઉદય સમય ક્ષીણ થાય છે તેમ તેમ ગુણશ્રેણીની રચના શેષ સમયોમાં થાય છે, આગળ વધતી નથી, અર્થાત્ પ્રથમ સમયે ગુણશ્રેણીનો છેડો જે હતો તે જ બીજા સમયે રહે પણ આગળ વધે નહીં. માટે ગુણશ્રેણી રચના સમય ન્યૂન થાય. તેવી રીતે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયો જેમ જેમ ભોગવાતા જાય એમ ગુણશ્રેણીની રચના એક એક સમય ન્યૂન થતી જાય અને દલિક તો ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ ઉકેરે.

આ પ્રમાણે અપૂર્વકરણમાં પ્રથમ સમયથી આ ચાર અપૂર્વ વસ્તુઓ થાય છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાતાદિ દ્વારા અપૂર્વકરણ પૂર્ણ થાય છે. ત્યાર પછી અનંતર સમયે સમ્યક્ત્વાભિમુખ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

**સ્થિતિઘાતાદિ પદાર્થો વિષે વિશેષ વિચારણા** :- સ્થિતિઘાતાદિ ચારે પદાર્થોના સ્વરૂપનું દિગ્દર્શન કરાવ્યુ. હવે તે વિષયમાં ઉપસ્થિત થતી વિશેષ વિચારણાઓ અહીં રજુ કરીએ છીએ.

**પ્રશ્ન** - સ્થિતિઘાતો ઉપરના ખંડોમાં થાય છે તે વખતે શેષ સ્થિતિસ્થાનકોમાં રહેલ દલિકોની અપવર્તના થાય કે નહીં ?

**જવાબ** - સ્થિતિઅપવર્તના એટલે સત્તામાં રહેલા દલિકોની સ્થિતિ ઘટાડવી. આ અપવર્તના બે પ્રકારની હોય છે.

(૧) વ્યાઘાતભાવી, (૨) નિર્વ્યાઘાતભાવી.

વ્યાઘાતભાવી અપવર્તના અને સ્થિતિઘાત બન્ને એક જ વસ્તુ છે. **પંચસંગ્રહ ઉદ્વર્તના-અપવર્તનાકરણ ગા. ૧૪માં** કહ્યું છે કે "ठिइघाओ एत्थ होई वाघाओ" તેનું સ્વરૂપ પૂર્વે બતાવ્યુ છે. નિર્વ્યાઘાતભાવી અપવર્તના એવી છે કે તે દ્વારા સ્થિતિનો ઘાત નથી. અર્થાત્ નિર્વ્યાઘાતભાવી અપવર્તનાથી સ્થિતિ સત્તામાંથી ઓછી થતી નથી, પરન્તુ દરેક નિષેકમાં રહેલા દલિકોમાંથી અમુક દલિકોને લઈ અતીત્થાપનાવલિકા ઓળંગી તેની નીચે તેનો નિક્ષેપ કરે છે. આ નિર્વ્યાઘાતભાવી અપવર્તના ઉદયાવલિકા ઉપરના સર્વ સ્થિતિસ્થાનકોમાં થાય છે. જો કે સામાન્યતઃ જ્યાંથી દલિક ઉપાડે ત્યાંથી તેની નીચેની એક આવલિકા છોડીને તેની નીચે તેનો પ્રક્ષેપ થાય છે (છોડી દેવાની આવલિકાને અતીત્થાપનાવલિકા કહેવાય છે) પરન્તુ ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયના દલિકનો નિક્ષેપ તેની નીચેના સમય ન્યૂન ૨/૩ આવલિકા છોડી શેષ સમયાધિકાવલિકાના ત્રીજા ભાગમાં થાય છે. તેવી જ રીતે ત્યાર પછીના સમયના દલિક નો નિક્ષેપ ૨/૩ આવલિકા છોડી સમયાધિકાવલિકાના ત્રીજા ભાગમાં થાય છે. આમ અતીત્થાપના એક સમય વધે, પણ નિક્ષેપ તેટલો જ રહે. આ પ્રમાણે યાવત્ અતીત્થાપના એક આવલિકા થાય ત્યાં સુધી નિક્ષેપ તેટલો જ રહે છે. ત્યાર પછી અતીત્થાપના ન વધે, પરન્તુ નિક્ષેપનું પ્રમાણ વધે એટલે બીજી આવલિકાના ૧/૩ ભાગ વીત્યા પછીના સમયનું દલિક ઉદય સમયથી સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં પડે. અર્થાત્ તેનો જઘન્ય નિક્ષેપ હોય, પરન્તુ ત્યાર પછીના સમયનું એટલે કે બીજી આવલિકાના સમયાધિકાવલિકાના ત્રીજા ભાગ પછીના સમયનું દલિક તેની નીચે એક અતીત્થાપનાવલિકા ઓળંગી બે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં પડે. તેવી જ રીતે તેના અનંતર સમયનું દલિક પણ આવલિકા ઓળંગી ત્રણ સમયાધિકાવલિકાના ત્રીજા ભાગમાં પડે. એમ એક એક

સમય નિક્ષેપ વધતો જાય. યાવત્ ચરમ સ્થિતિસ્થાનનું દલિક ત્યાંથી નીચે એક આવલિકા ઓળંગી શેષ સર્વ સ્થાનકોમાં પડે છે. માટે નિર્વ્યાઘાતભાવી અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ સમયાધિક બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ કહ્યો છે. અહીં સમયાધિક બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાનું કારણ એ છે કે કોઈ પણ કર્મ બંધાયા પછી એક આવલિકા સુધી તેમાં કોઈ કરણ લાગતુ નથી. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા પછી એક આવલિકા જાય એટલે સત્તાગત સ્થિતિ પણ એકાવલિકા ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ જેટલી થાય અને ત્યારપછી ઉપરિતન સમયનું દલિક એક અતીત્થાપનાવલિકા ઓળંગી નીચે પડે એટલે કુલ બંધાવલિકા, ઉપરિતન સ્થિતિસ્થાન અને અતીત્થાપનાવલિકા એમ સમયાધિક બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલો ઉત્કૃષ્ટ નિક્ષેપ નિર્વ્યાઘાતભાવી અપવર્તનામાં આવે. **પંચસંગ્રહ ઉદ્વર્તના-અપવર્તનાકરણ ગા. ૧૩માં** કહ્યુ છે કે "समयाहियइत्थवणा बंधावलिया य मोत्तु निक्खेवो ।"

અસત્કલ્પનાથી નિર્વ્યાઘાતભાવી અપવર્તનાનું સ્વરૂપ : ૧ આવલિકાના સમય ૧૨ કલ્પ્યા છે.

૧૩ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૨ રૂપ ૭ સમય

૧૪ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૩ રૂપ ૮ સમય

૧૫ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૪ રૂપ ૯ સમય

૧૬ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૫ રૂપ ૧૦ સમય

૧૭ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૬ રૂપ ૧૧ સમય

૧૮ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૫ સમયમાં, અતીત્થાપના ૬ થી ૧૭ રૂપ ૧૨ સમય

(બીજી આવલિકાના સમયાધિક ત્રીજા ભાગ પછીનો સમય)

હવેથી અતીત્થાપના તેટલી જ રહે, નિક્ષેપ વધે.

૧૯ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૬ સમયમાં, અતીત્થાપના ૭ થી ૧૮ રૂપ ૧૨ સમય

૨૦ મા સમયના દલનો નિક્ષેપ ૧ થી ૭ સમયમાં, અતીત્થાપના ૮ થી ૧૯ રૂપ ૧૨ સમય...... એમ યાવત્ ચરમસ્થિતિસ્થાન સુધી સમજવુ.

આમ નિર્વ્યાઘાતભાવી અપવર્તનાનું સ્વરૂપ બતાવ્યું. પ્રસ્તુતમાં સ્થિતિઘાત રૂપ વ્યાઘાતભાવી અપવર્તના ઉપરિતન સ્થિતિખંડોમાં થાય છે. તે વખતે શેષ સ્થિતિમાં નિર્વ્યાઘાતભાવી અપવર્તના હોઈ શકે છે. પરન્તુ તે દ્વારા સત્તાગત સ્થિતિ ઓછી ન થતી હોવાથી તે કહેવાનું ખાસ કંઈ પ્રયોજન ન હોવાથી તેનો નિર્દેશ ગ્રન્થકારોએ કર્યો નથી એમ લાગે છે.

**પ્રશ્ન** - સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમય સુધી સત્તામાંથી સ્થિતિ ઓછી થતી નથી. પરન્તુ ચરમ સમયે શેષ સર્વદલિકો ઉખેડે છે ત્યારે સ્થિતિ સત્તામાંથી ઘટે છે. તો પછી દ્વિચરમ સમય સુધી ઉક્ત સ્થિતિખંડમાં નિર્વ્યાઘાતભાવી અપવર્તના અને ચરમ સમયે વ્યાઘાતભાવી અપવર્તના કહેવાય કે નહીં ?

**જવાબ** - આ વિષેનો સ્પષ્ટ ઉલ્લેખ કોઈ ગ્રન્થમાં જોવામાં આવ્યો નથી. પરન્તુ દ્વિચરમ સમય સુધી સ્થિતિ ઓછી થતી ન હોવાથી નિર્વ્યાઘાતભાવી અપવર્તના માનીએ તો પણ ચાલુ નિર્વ્યાઘાતભાવી અપવર્તનામાં દલિક જે પ્રમાણમાં ઉકેરાય છે તે કરતાં સ્થિતિખંડમાં દ્વિચરમ સમય સુધી જે ઉકેરાય છે તેના પ્રમાણમાં ઘણો ફેર હોવાનો સંભવ છે. તેમજ સ્થિતિખંડમાં તો દ્વિચરમ સમય સુધી અસંખ્યગુણના ક્રમે દલિક ઉકેરાય છે. જ્યારે ચાલુ નિર્વ્યાઘાતભાવી અપવર્તનામાં આવો નિયત ક્રમ હોવાનો સંભવ નથી. તથા કારણમાં કાર્યનો ઉપચાર કરીને સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમય સુધી નિર્વ્યાઘાત હોવા છતા વ્યાઘાતભાવી અપવર્તનાનો (સ્થિતિઘાતનો) વ્યપદેશ થઈ શકે છે.

**પ્રશ્ન** - જે સ્થિતિખંડ ઉકેરાય છે તે ખંડમાં અતીત્થાપનાવલિકા વર્જિત શેષ સ્થિતિસ્થાનોમાં સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમય સુધી દલપ્રક્ષેપ થાય કે નહીં ?

**જવાબ** - **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં જે સ્થિતિખંડનો ઘાત થાય છે તેના દલિકનો ક્યાં નિક્ષેપ થાય છે, એ બાબતમાં કોઈ નિર્દેશ નથી. જ્યારે **મલયગિરિ મ.** તથા **ઉપાધ્યાયજી મ.**કૃત **ટીકાઓમાં** અને **સિત્તરીચૂર્ણિ**માં જણાવ્યું છે કે જે ખંડનો ઘાત કરે છે તેનું દલ નીચે જે સ્થિતિ ઉકેરાતી નથી ત્યાં નાંખે છે. તે ગ્રન્થની પંક્તિઓ આ પ્રમાણે છે. - ''स्थितिसत्कर्मणोऽग्रिमभागादुत्कर्षत उदधिपृथक्त्वप्रमाणं प्रभूतसागरोपमशतप्रमाण-मित्यर्थः। जघन्येन पुनः पल्योपमसङ्ख्येयभागमात्रं स्थितिकण्डकमुत्किरति, उत्कीर्य च या स्थितिरधो न खण्डयिष्यति, तत्र तद्दलिकं प्रक्षिपति । अन्तर्मुहूर्तेन च कालेन तत् स्थितिकण्डकमुत्कीर्यते ।'' - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૩ની મલય૦ ટીકા૦**

''तत्र स्थितिघातं प्रतिपिपादयिषुराह - 'स्थितिसत्कर्मणोऽग्रिमभागादुत्कर्षत उदधि-पृथक्त्वं प्रभूतसागरोपमशतप्रमाणं जघन्येन च पल्योपमसङ्ख्येयभागमात्रं स्थितिकण्डक-मुत्किरति खण्डयतीत्यर्थः । उत्कीर्य च याः स्थितीरधो न खण्डयति तत्र तद्दलिकं प्रक्षिपति, अन्तर्मुहूर्तेन च कालेन तत्स्थितिकण्डकमुत्कीर्यते। - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૩ની ઉપા.ટીકા.**

અનંતાનુબંધિની ઉપશમનાના અધિકારમાં સ્થિતિઘાતનું વર્ણન કરતા **સિત્તરીચૂર્ણિ**માં કહ્યુ છે. - ''तत्थेव ठितिघाओ नाम ठिदिसंतकम्मस्स अग्गग्गाओ उक्कोसेणं सागरोवमसयपुहत्तं

जहन्नेणं पलिओवमस्स (अ)संखेज्जइभागं ठितिं छिंदित्तु तं दलियं हेट्ठओ जाओ ठितीओ न खंडेति तत्थ छुभति ।'' - **ગા.૬૧ની ચૂર્ણિ.**

આ જ પ્રમાણે નવ્યશતકની ટીકામાં દેવેન્દ્રસૂરિ મહારાજે પણ કહ્યુ છે. આ બધા પાઠો એમ સૂચવે છે કે જે સ્થિતિખંડનો ઘાત કરે, તે વખતે તેના દલિકો તે ખંડ સિવાયની નીચેની સ્થિતિમાં નાખે છે, પરન્તુ તે જ ખંડમાં નંખાતા નથી.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં (વ્યાઘાતભાવી અપવર્તનામાં પણ) સ્થિતિખંડના દ્વિચરમ સમય સુધી એકાવલિકા પ્રમાણ જ અતીત્થાપના કહી છે. એનો અર્થ એ થયો કે સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમય સુધી તે જ ખંડમાં પણ દલનિક્ષેપ થાય છે. જે સ્થિતિસ્થાનમાંથી દલિક ઉકેરાય છે તે ત્યાંથી નીચે એકાવલિકા ઓળંગી નીચેના સર્વસ્થાનકોમાં પડે છે. એટલે સ્થિતિખંડના ચરમ સ્થિતિસ્થાનકથી માંડી નીચે ઉતરતા સ્થિતિખંડની સમયાધિકાવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધીના સર્વસ્થિતિસ્થાનકના દલિક તે ખંડમાં પણ પડી શકે છે. આ પ્રમાણે સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમય સુધી જાણવુ. જ્યારે ચરમ સમયે તો આખો ખંડ ખાલી કરવાનો હોવાથી સર્વસ્થાનોનું દલિક તે ખંડની નીચે આવી જાય. એટલે તે ખંડનું જે ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનક છે તેની અતીત્થાપના ૧ સમય ન્યૂન સ્થિતિખંડના આયામ જેટલી થઈ. તેની નીચેના સ્થાનની અતીત્થાપના ૨ સમય ન્યૂન ખંડ જેટલી થાય. એમ યાવત્ તે ખંડની છેલ્લી આવલિકાના ઉપરના સ્થાનની અતીત્થાપના એકાવલિકા આવે. તે પછીના ખંડના દરેક સ્થાનના દલિકની પણ એક આવલિકા અતીત્થાપના આવે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ સ્થિતિસંક્રમાધિકાર**ની પંક્તિઓ - ''वाघादेण अइच्छावणा एक्का जेणावलिया अदिरित्ता होइ । तं जहा - ठिदिघादकरेंतेण खंडयमागाइदं। तत्थ जं पढमसमए उक्कीरदि पदेसग्गं तस्स पदेसग्गस्स आवलियाए अइच्छावणा, एवं जाव दुचरिमसमय अणुक्किण्णखंडयं ति । चरिमसमए जा खंडयस्स अग्गट्ठिदि तिस्से अइच्छावणा खंडयं समयूणं । एसा उक्कस्सिया अइच्छावणा वाघादे ।'' **પૃ.૧૦૪૩** આ પ્રમાણે અહિં વ્યાઘાતભાવી અપવર્તનામાં ઉત્કીર્યમાણ ખંડમાં પણ દલનિક્ષેપ થાય છે એમ જણાવ્યુ છે.

હવે કાં તો આ બે મતાંતર હોય, અથવા તો **કર્મપ્રકૃતિ ટીકા, પંચસંગ્રહ ટીકા, સપ્તતિકાચૂર્ણિ** આદિમાં 'या स्थितिरधो न खण्डयिष्यति तत्र तद्दलिकं प्रक्षिपति' એમ જે કહ્યુ છે તે દરેક સ્થિતિખંડના ચરમસમયે સમજવુ, કેમકે અન્તર્મુહૂર્તના દ્વિચરમ સમય સુધી ખંડ ઉકેરાય છે, પરન્તુ સત્તામાંથી જરા પણ સ્થિતિ ઓછી થતી નથી. તેથી દ્વિચરમસમય સુધી તો તે ખંડની સ્થિતિ પણ ખંડિત થતી નથી. તેથી ત્યાં દલનિક્ષેપ થઈ શકે છે. ચરમસમયે આખો ખંડ ખંડિત થાય છે. ત્યારે તો ત્યાં દલનિક્ષેપ થતો જ નથી. તત્ત્વ તો કેવળી ભગવંત જાણે.

**પ્રશ્ન** - ઉત્કીર્યમાણ દલનો નિક્ષેપ ઉદયસમયથી અન્તર્મુહૂર્ત સુધી અસંખ્યગુણના ક્રમે કહ્યો છે. ત્યાર પછીના સ્થાનોમાં નિક્ષેપ થાય કે નહીં ? જો થાય તો તેનો ક્રમ કયો હોઈ શકે ?

**જવાબ** - ઉત્કીર્યમાણ દલનો નિક્ષેપ અન્તર્મુહૂર્ત (ગુણશ્રેણી આયામ)ની ઉપર પણ થાય છે. અન્તર્મુહૂર્ત સુધીનો જ ક્રમ બતાવ્યો છે તેનું કારણ ત્યાં ગુણશ્રેણીની પ્રરૂપણા કરવાની હતી. જ્યારે સ્થિતિઘાતની પ્રરૂપણામાં '**या स्थितिरधो न खण्डयिष्यति तत्र तद्दलिकं प्रक्षिपति**' એ પંક્તિ પરથી જણાય છે કે ઉપર છેક જે સ્થિતિખંડનો ઘાત થાય છે તેની પૂર્વના સ્થાન સુધી દલનો નિક્ષેપ થાય છે. એટલે ગુણશ્રેણી આયામની ઉપર પણ દલનિક્ષેપ થાય છે, પરંતુ તેમાં અસંખ્યગુણનો ક્રમ નથી હોતો. તેનો ક્રમ આગળ ક્ષાયિકસમ્યક્ત્વાદિના અધિકારમાં બતાવેલ છે. (૧૫).

## (૩) અનિવૃત્તિકરણ

હવે ત્રીજા અનિવૃત્તિકરણનું સ્વરૂપ કહે છે તથા તેમાં થતી અન્તરકરણની ક્રિયા બતાવે છે -

**अनियट्टिम्मि वि एवं तुल्ले काले समा तओ नामं ।**
**संखिज्जइमे सेसे, भिन्नमुहुत्तं अहो मुच्चा ।।१६।।**

**किंचूणमुहूत्तसमं, ठिइबंधद्धाए अंतरं किच्चा।**
**आवलिदुगेक्कसेसे, आगाल उदीरणा समिया ।।१७।।**

**અક્ષરાર્થ** : અનિવૃત્તિકરણમાં પણ એ જ પ્રમાણે (પ્રતિસમય અનંતગુણ) વિશુદ્ધિ જાણવી. પરંતુ તુલ્યકાલમાં (એક જ સમયે સાથે પ્રવેશેલ જીવોમાં) સરખી વિશુદ્ધિ હોય છે, તેથી અનિવૃત્તિ એવુ નામ છે. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે નીચે અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ છોડીને એક સ્થિતિબંધ જેટલા કાળે કંઈક ન્યૂન મુહૂર્તકાળ જેટલુ અન્તર કરીને, પ્રથમ સ્થિતિ ભોગવાઈ ગયા બાદ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તથા પ્રથમસ્થિતિની બે અને એક અવલિકા શેષે અનુક્રમે આગાલ અને ઉદીરણા સમાપ્ત થાય છે. (૧૬)(૧૭).

**વિશેષાર્થ** : ઉપરોક્ત રીતે હજારો સ્થિતિઘાત દ્વારા અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનંતર સમયે સમ્યક્ત્વાભિમુખ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

**અધ્યવસાય** : આ કરણમાં એક સાથે પ્રવેશતા સર્વજીવોને સમાન અધ્યવસાય હોય

છે. એટલે અનિવૃત્તિકરણના કાળરૂપ અન્તર્મુહૂર્તના સમય જેટલા કુલ અધ્યવસાય હોય છે. (નિવૃત્તિ = ફેરફારી) અધ્યવસાયોની ફેરફારી નથી માટે આ કરણનું નામ 'અનિવૃત્તિ' છે.

**વિશુદ્ધિ** : એક જ સમયમાં રહેલા સર્વ જીવોને સમાન અધ્યવસાય હોવાથી તિર્યગ્મુખી વિશુદ્ધિ હોતી નથી. તથા પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે.

**સ્થિતિઘાતાદિ** : અપૂર્વકરણથી શરૂ થયેલ સ્થિતિઘાતાદિ ચારે વસ્તુ ચાલુ રહે છે. અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરતા પ્રથમ સમયે નવો સ્થિતિબંધ, સ્થિતિઘાત, રસઘાત ત્રણે સાથે શરૂ થાય છે અને અન્તર્મુહૂર્ત પછી સ્થિતિબંધ, સ્થિતિઘાત અને રસઘાત સાથે પૂર્ણ થાય છે. તે દરમિયાન હજારો રસઘાત થઈ જાય છે. ત્યાર પછી બીજો સ્થિતિબંધ, સ્થિતિઘાત અને નવો રસઘાત શરૂ થાય છે. આવી રીતે હજારો સ્થિતિબંધ અને સ્થિતિઘાત દ્વારા અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે અન્તરકરણ કરે છે.

**અન્તરકરણ** : અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે નવો સ્થિતિબંધ અને સ્થિતિઘાત શરૂ થાય છે. તેની સાથે જ અનિવૃત્તિકરણના છેલ્લા સંખ્યાતમા ભાગમાં ભોગવાય તેટલી મિથ્યાત્વ મોહનીયની સ્થિતિ રાખી તેની ઉપર અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી મિથ્યાત્વના દલિકનો સર્વથા અભાવ કરવા રૂપ અન્તરકરણ ક્રિયા શરૂ કરે છે. એક જ સ્થિતિઘાતના કાળ દરમિયાન અન્તરકરણ ક્રિયા પૂર્ણ કરે છે, એટલે કે શરૂ કરેલો તે સ્થિતિઘાત અને સ્થિતિબંધ જ્યારે પૂર્ણ થાય છે ત્યારે અનિવૃત્તિકરણના છેલ્લા સંખ્યાતમા ભાગની ઉપરની અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી મિથ્યાત્વ મોહનીયના દલિકનો અભાવ કરવા રૂપ અંતરકરણ ક્રિયા પણ પૂર્ણ થાય છે. અન્તર્મુહૂર્ત પ્રમાણ જે સ્થિતિમાંથી મિથ્યાત્વમોહનીયના દલિકોનો અભાવ કર્યો તે અંતરકરણ અથવા અંતર કહેવાય છે. જ્યારે અનિવૃત્તિકરણના છેલ્લા સંખ્યાતમા ભાગના જે પ્રથમ સ્થિતિઘાત અને સ્થિતિબંધ કાળ દરમિયાન આંતરૂ પાડવાની ક્રિયા કરી તે અંતરકરણ ક્રિયા કાળ કહેવાય છે.

અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી બાકી રહેલી અંતરકરણની નીચેની સ્થિતિ તે પ્રથમસ્થિતિ.

અંતરકરણની ઉપરની સત્તાગત સર્વ સ્થિતિ તે દ્વિતીયસ્થિતિ.

પૂર્વે જણાવ્યુ છે કે ગુણશ્રેણીની રચના અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળ સુધી છે. તેથી ગુણશ્રેણી દ્વારા અંતરકરણમાં (જ્યાંથી મિથ્યાત્વમોહનીયના

દલિકનો અભાવ કરવાનો છે ત્યાં) પણ મિથ્યાત્વ મોહનીયના દલિક ગોઠવાયેલા છે. તે દલિકોને પણ અંતરકરણના દલિકોની સાથે જ ઉકેરી નાંખે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૬ની મલય. ટીકામાં** કહ્યું છે- "अन्तरकरणे च क्रियमाणे गुणश्रेणेः सङ्ख्येयतमं भागमन्तरकरणदलिकेन सहोत्किरति।" **ઉપાધ્યાયજી મહારાજ** પણ **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૬ની ટીકામાં** એમ જ જણાવે છે - "एकं तु गुणश्रेणेः सङ्ख्येयतमं भागमन्तरकरणदलिकेन सहोत्किरति विनाशयतीत्यर्थः ।" **પંચસંગ્રહ, કષાયપ્રાભૃતચૂર્ણિ** આદિમાં પણ ઉક્ત પ્રકારે જણાવ્યુ છે. "गुणसेढिसंखभागं अंतरकरणेण उक्किरई।" - **પંચસંગ્રહ-ગા.૧૮,** "गुणश्रेणीसङ्ख्येयभागमन्तरकरणेन सहोत्किरति ।" - **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા. ૧૮ની મૂલટીકા,** "अन्तरं करेमाणो गुणसेढिनिक्खेवस्स अग्गग्गादो ( हेट्ठा ) संखेज्जदिभागं खंडेदि ।" -**કષાયપ્રાભૃતચૂર્ણિ - પા. ૧૭૧૯. કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૭ની ચૂર્ણિમાં** "अन्तरकरेमाणे अणियट्टिगुणसेढिनिक्खेवस्स अग्गग्गातो असंखेज्जतिभागं खण्डेति ।" એમ કહ્યુ છે. (અહીં જે 'असंखेज्जतिभागं' કહ્યુ છે તેનું શું કારણ છે તે સમજાતુ નથી. અશુદ્ધિ હોવાનો સંભવ લાગે છે.)

અંતરકરણના દલિક ઉકેરીને કેટલાક નીચે પ્રથમ સ્થિતિમાં અને કેટલાક દ્વિતીય સ્થિતિમાં નાખે છે.[1]

આમ ઉક્ત રીતિએ અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થાય છે ત્યારથી એટલે કે અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછીથી તે જીવ ઉપશામક કહેવાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૭ની ચૂર્ણિમાં** કહ્યું છે કે "एवं अंतरकरणं कयं भवति । ततो पभितिं उवसामगो लब्भति" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યુ છે કે "तदो अंतरं कीरमाणं कदं । तदोप्पहूडि उवसामगो त्ति भण्णइ ।" - **પા. ૧૭૨૦.** આ પંક્તિ વિશે કોઈપણ જાતનો ઉલ્લેખ **કર્મપ્રકૃતિ ટીકા**માં કે **પંચસંગ્રહની ટીકા**માં મળતો નથી.

આ પંક્તિનો અર્થ પૂર્વાપર વિચારણા કરતા અમને આ પ્રમાણે લાગે છે - અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછી બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વમોહનીયના દલિકોને પ્રતિસમય અસંખ્ય ગુણાકારે ઉપશમાવે છે. તેથી તે ઉપશામક કહેવાય છે. આમ કરતા અનિવૃત્તિકરણના ચરમ સમયે જ્યારે પહોંચે છે ત્યારે દ્વિતીય સ્થિતિગત મિથ્યાત્વમોહનીયનું સર્વદલિક ઉપશાંત થઈ જાય છે. માત્ર છેલ્લુ સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલું દલિક ઉપશમાવવાનું બાકી રહે છે અને તે ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કર્યા પછી તેટલા કાળે ઉપશમાવે છે. અહીંયા ચરમ સમયે સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક અનુપશાંત રહેવાનું કારણ

૧. દ્વિતીયસ્થિતિમાં જે દલિક નંખાય છે તે અબાધા ન્યૂન બધ્યમાન સ્થિતિમાં નંખાય છે.

એ છે કે કોઈ પણ દલિક બંધાયા પછી એક આવલિકા સુધી તેની ઉપશમના થાય નહીં અને બીજી આવલિકાના પ્રથમ સમયથી ઉપશમાવવાની શરૂઆત કરે તે એક આવલિકા દરમિયાન સર્વથા ઉપશાંત થઈ જાય, એટલે મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની દ્વિચરમાવલિકાના પ્રથમ સમયે બંધાયેલ દલિક આખી દ્વિચરમાવલિકા પડ્યુ રહે અને ચરમાવલિકાના ચરમ સમયે સર્વથા ઉપશાંત થઈ જાય. ત્યાર પછીનું સમયોન બે આવલિકાનું બંધાયેલુ દલિક મિથ્યાત્વના ચરમ સમયે અનુપશાંત રહે. તે તેટલા જ કાળે ઉપશાંતાદ્ધામાં (સમ્યક્ત્વાવસ્થામાં) રહેલો જીવ અસંખ્યગુણના ક્રમે ઉપશમાવે છે. (અહીં અસંખ્યગુણના ક્રમે દલિકોની ઉપશમના કહી છે તે વિવક્ષિત સમયે બંધાયેલ દલિકોની અપેક્ષાએ જાણવુ, બાકી ઉત્તરોત્તર સમયે ઉપશમ્યમાન દલિકમાં ચાર પ્રકારની હાનિ, વૃદ્ધિ કે અવસ્થિતપણું સંભવે છે જે આગળ પુરુષવેદની ઉપશમનાના અધિકારમાં વિસ્તૃત રીતે બતાવાશે.) ત્યારે મિથ્યાત્વમોહનીયનું દ્વિતીય સ્થિતિગત સર્વદલિક ઉપશાંત થઈ જાય છે.

અંતરકરણ ક્રિયા કાળ પૂર્ણ થઈ ગયા પછી શેષ અનિવૃત્તિકરણના કાળ જેટલી મિથ્યાત્વની પ્રથમસ્થિતિ બાકી રહે છે તે ઉદય અને ઉદીરણા દ્વારા ભોગવે છે. તેમાં બીજી સ્થિતિમાંથી જે દલિકો[1] ઉદીરણાકરણ દ્વારા ઉદયાવલિકામાં નાખી ભોગવાય તેનું નામ પૂર્વાચાર્ય ભગવંતોએ આગાલ કહ્યુ છે અને પ્રથમ સ્થિતિના ઉદયાવલિકા ઉપરના જે મિથ્યાત્વમોહનીયના દલિકો ઉદીરણાકરણ દ્વારા ઉદયાવલિકામાં લાવી ભોગવાય છે તેને ઉદીરણા કહેવાય છે. આગાલ એ ઉદીરણાનો જ માત્ર ભેદ છે. **કર્મપ્રકૃતિ-ઉપશમનાકરણ ગા. ૧૭ની મલય. ટીકા**માં કહ્યુ છે - "**प्रथमस्थितौ च वर्तमान उदीरणाप्रयोगेण प्रथमस्थितिसत्कं दलिकं समाकृष्योदये प्रक्षिपति सा उदीरणा । यत्पुनः द्वितीयस्थितेः सकाशादुदीरणाप्रयोगेण समाकृष्योदये प्रक्षिपति स आगाल इति उदीरणाया एव विशेषप्रतिपत्त्यर्थमिदं द्वितीयं नाम पूर्वसूरिभिरावेदितम् ।**"

આ રીતે અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી શેષ પ્રથમસ્થિતિને ભોગવે છે. ત્યારે આગાલ અને ઉદીરણા પણ પ્રવર્તે છે. મિથ્યાત્વની શેષ પ્રથમસ્થિતિને ભોગવતા બે આવલિકા બાકી રહે ત્યારે આગાલનો વિચ્છેદ થાય છે. **કર્મકૃતિ ઉપશમનાકરણની ગા. ૧૭ની ચૂર્ણિ**માં કહ્યું છે કે - "**पढमट्ठितीते दुआवलियसेसाते आगालो फिट्टति ।**"

એટલે હવેથી બીજી સ્થિતિમાંથી દલિકોની ઉદીરણા બંધ થઈ અને તેની સાથે જ મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણી પણ બંધ પડે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં મિથ્યાત્વમોહનીયની

૧. બીજી સ્થિતિમાંથી અપવર્તનાકરણ દ્વારા દલિકો લઈ પ્રથમસ્થિતિમાં નાંખવા તેને આગાલ કહેવાય છે, એમ જયધવલામાં કહ્યું છે - "आगालणमागालो विदियट्ठिदिपदेसाणं पढमट्ठिदिए ओकड्डुणावसेणागमणमिदि भणिदं होइ ।" - પા. ૧૭૨૧.

પ્રથમસ્થિતિની બે આવલિકા શેષ રહે ત્યાં સુધી આગાલ-પ્રત્યાગાલ બે વસ્તુ કહી છે "पढमट्ठिदीदो वि विदियट्ठिदीदो वि आगाल-पडिआगालो ताव जाव आवलिय-पडिआवलियाओ सेसाओ त्ति।" - **પા. ૧૭૨૧.** [1]અહીંયા આવલિકા એટલે ઉદયાવલિકા અને પ્રત્યાવલિકા એટલે ઉદયાવલિકા ઉપરની બીજી આવલિકા. [2]પ્રત્યાગાલ એટલે પ્રથમસ્થિતિના દલિકોને ઉદ્વર્તનાથી બીજી સ્થિતિમાં નાંખવા તે.

**પ્રશ્ન** - બે આવલિકા બાકીએ પ્રત્યાગાલનો વિચ્છેદ જાય છે. તેમાં કંઈ હેતુ છે ?

**જવાબ** - બે આવલિકા બાકીએ પ્રત્યાગાલ વિચ્છેદ માનવાનું કારણ એમ સંભવે છે કે પ્રત્યાગાલ દ્વારા બીજી સ્થિતિમાં જવુ તે ઉદ્વર્તના છે અને તેથી બીજી સ્થિતિમાં ગયેલ તે દલિકને આવલિકા સુધી કોઈ કરણ ન લાગે, તેથી કોઈ પણ દલિક જે સમયે પ્રત્યાગાલથી બીજી સ્થિતિમાં પડે ત્યારથી આવલિકા પછી ઉપશમાવવા માંડે અને બીજી આવલિકાના ચરમ સમયે સર્વથા ઉપશાંત થઈ જાય. હવે જો બે આવલિકા શેષે પ્રત્યાગાલનો વિચ્છેદ ન માનીએ અને ત્યાર પછી પણ પ્રત્યાગાલ ચાલુ માનીએ તો મિથ્યાત્વના ચરમ સમયે બીજી સ્થિતિમાં પ્રત્યાગાલથી આવેલ દલિક પણ અનુપશાંત રહી જાય. તે સંભવતુ નથી; કેમકે પુરુષવેદાદિના બંધવિચ્છેદ સમયે જેમ સમયોન બે આવલિકાનું બંધાયેલ દલિક જ અનુપશાંત રહે છે, બાકી બધુ ઉપશાંત થઈ ગયુ હોય છે, એમ અહીં પણ મિથ્યાત્વના ઉદયના ચરમ સમયે સમયોન બે આવલિકાના બંધાયેલ દલિક સિવાય સર્વદલિક ઉપશાંત થઈ ગયુ હોય એમ સંભવે છે.

આગાલ વિચ્છેદ ગયા પછી માત્ર ઉદીરણા પ્રવર્તે છે અને તે પણ એકાવલિકા સુધી જ, એટલે કે પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે ઉદીરણા પણ વિચ્છેદ પામે છે અને તેની સાથે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત - રસઘાત પણ અટકી જાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૧ની ચૂર્ણિ**માં કહ્યું છે કે "मिच्छत्तस्स पढमट्ठिती जाव एगावलिसेसा ताव ठितिघातो रसघातो य अत्थि परउ नत्थि ।" આગળ ઉપર **૨૧મી ગાથા**માં પણ એ વાત બતાવી છે - "ठिइ- रसघाओ गुणसेढी विय तावं पि आउवज्जाणं । पढमठिइए एगदुगावलिसेसम्मि मिच्छत्ते।।" **પંચસંગ્રહ ઉપશમનાકરણ**માં પણ વળી તે જ પ્રકારે કહ્યુ છે - "गुणसंकमेण समगं तिण्णि वि थक्कंति आउवज्जाणं । मिच्छत्तस्स इगिदुगावलिसेसाए पढमाए ।।૨૫।।

**પંચસંગ્રહ** અને **કર્મપ્રકૃતિની ઉભય ટીકા**ઓમાં પણ આ જ પ્રમાણે કહ્યું છે.

---

૧. "तत्थ आवलिया त्ति वुत्ते उदयावलिया घेत्तव्वा। पडिआवलिया त्ति एदेण वि उदयावलियादो उवरिमविदियावलिया गहेयव्वा ।" - જયધવલા, પા. ૧૭૨૧.

૨. "प्रत्यागालनं प्रत्यागालः, पढमट्ठिदिपदेसाणं विदियट्ठिदीए उक्कड्डुणावसेण गमणमिदि भणिदं होइ । तदो पढमविदियट्ठिदिपदेसाणमुक्कड्डुणावसेण परोप्परविसयसंकमो आगालपडिआगालो त्ति घेत्तव्वो।" - જયધવલા, પા. ૧૭૨૧.

ગ્રન્થગૌરવના ભયથી બધી પંક્તિઓ અહીં લખતા નથી, જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવી. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** પણ કહ્યુ છે કે ''आवलियाए सेसाए मिच्छत्तस्स घादो णत्थि ।'' **- પા. ૧૭૨૨.**

ઉપરની પંક્તિઓ પરથી નક્કી થાય છે કે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત અને રસઘાત પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યાં સુધી જ થાય છે.

**કષાયપ્રાભૃતની જયધવલા** ટીકામાં પ્રથમસ્થિતિના ચરમ સમય સુધી મિથ્યાત્વ-મોહનીયના સ્થિતિઘાત અને રસઘાત કહ્યા છે અને 'आवलियाए सेसाए' વાળા સૂત્રનો જૂદી રીતે અર્થ કર્યો છે જે આ પ્રમાણે છે - **''आवलियमेत्तसेसाए पढमट्ठिदीए मिच्छत्तस्स ट्ठिदि-अणुभागाणमुदीरणासरूवेण घादो णत्थि त्ति भणिदं होइ । ट्ठिदिअणुभागखंडयघादो पुण पढमट्ठिदिचरिमसमयो ताव मिच्छत्तस्स संभवदि, चरिमट्ठिदिबंधेण सह तत्थ तेसिं परिसमत्तिदंसणादो । तदो उदीरणाघादस्सेव एसो पडिसेहो त्ति सद्दहेयव्वं ।''** **- પા. ૧૭૨૨.**

ઉક્ત અર્થ બરાબર લાગતો નથી, કેમકે **કર્મપ્રકૃતિ** આદિ ઉપરાંત **કષાયપ્રાભૃતચૂર્ણિ** સૂત્રની જોડે પણ ઉક્ત માન્યતાનો વિરોધ આવે છે. **જયધવલાકારની** ઉક્ત માન્યતા અલ્પબહુત્વના આધારે હોય તો તે પણ અઘટિત છે, કેમકે આગળ ઉપર **''चरिमठिदिखंडयउक्कीरणकालो चरिमठिदिबंधकालो च दोवि तुल्ला ।''** એવુ અલ્પબહુત્વનું સૂત્ર નથી કે જેથી ચરિમસ્થિતિબંધ મિથ્યાત્વના ચરમ સમય સુધી થતો હોવાથી અને તેની તુલ્ય ચરમસ્થિતિઘાતનો કાળ હોવાથી સ્થિતિઘાત પણ મિથ્યાત્વના ચરમ સમય સુધી માનવો પડે, પરંતુ **અલ્પબહુત્વાધિકારનું ચૂર્ણિસૂત્ર** તો **''चरिमठिदिखंडयउक्कीरणकालो तम्हि चेव ठिदिबंधकालो च दो वि तुल्ला संखेज्जगुणा''** **- પા. ૧૭૨૫.** એ પ્રમાણે છે. એટલે ચરમ સ્થિતિઘાતનો કાળ અને તે વખતે થતા સ્થિતિબંધનો એટલે કે ચરમસ્થિતિઘાત સમવર્તી સ્થિતિબંધનો કાળ તુલ્ય કહ્યો છે. અહીંયા ચરમસ્થિતિબંધ ન કહેતા **'तम्हि चेव ठिदिबंधकालो'** કહ્યું છે. એ જ સ્પષ્ટ સૂચવે છે કે મિથ્યાત્વમોહનીયનો ચરમસ્થિતિબંધ અને ચરમસ્થિતિઘાત બે એકસાથે થતા નથી અને તેથી જ **'आवलियाए सेसाए मिच्छदस्स घादो णत्थि'** સૂત્રનો અર્થ એકાવલિકા શેષ રહે ત્યારે મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત થતા નથી એમ કરવો એ જ ઉચિત લાગે છે. વળી **'उदीरणासरूवेण घादो णत्थि'** એમ અર્થ કરીને 'ઉદીરણા સ્વરૂપ ઘાત' એ શું પદાર્થ છે ? એની પણ **જયધવલાકારે** કોઈ સ્પષ્ટતા નથી કરી, તેમજ અન્યત્ર પણ ક્યાંય ઉદીરણા સ્વરૂપ ઘાત જેવી વસ્તુ જોવામાં આવી નથી.

**લબ્ધિસારમાં** પણ આ વિષયમાં **જયધવલાનું** અનુકરણ થયું છે. અહીં તત્ત્વ-કેવળિગમ્ય છે.

**પ્રશ્ન** - આવલિકા શેષે સ્થિતિઘાતવિચ્છેદ જાય છે તેમાં કંઈ હેતુ છે ?

**જવાબ** - પુરુષવેદના બંધવિચ્છેદ વખતે જેમ સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલ દલિક જ અનુપશાંત રહે છે, બાકી બધુ ઉપશાંત થઈ ગયુ હોય છે, એમ અહીં પણ મિથ્યાત્વના ઉદયના ચરમ સમયે સમયોન બે આવલિકાના નવિન બંધાયેલ દલિક સિવાય સર્વદલિક ઉપશાંત થઈ ગયુ હોય એમ સંભવે છે. હવે જો ચરમસમય સુધી સ્થિતિઘાત માનીએ તો ચરમસમયે સમયોન એક આવલિકા દરમિયાન સ્થિતિઘાતથી આવેલ દલિક પણ અનુપશાંત માનવું પડે. અથવા તો સ્થિતિઘાતથી આવેલ દલિક તે જ સમયમાં ઉપશાંત થઈ શકે છે એમ માનવુ પડે. જ્યારે આવલિકા શેષે સ્થિતિઘાતનો વિચ્છેદ માનીએ તો તે વખતે એટલે કે ચરમ સ્થિતિઘાતના ચરમ સમયે આવેલ દલિક ચરમ સમય સુધીમાં ઉપશાંત થઈ જાય અને ચરમ સમયે સમયોન બે આવલિકાનું બદ્ધ દલિક જ અનુપશાંત રહે[1] એ પણ ઘટિત થાય છે.

આ પ્રમાણે મિથ્યાત્વના સ્થિતિઘાત-રસઘાત-ઉદીરણા બંધ પડ્યા પછી છેલ્લી આવલિકાને ભોગવતો જીવ જ્યારે મિથ્યાત્વના ચરમ સમયે પહોંચે છે ત્યારે તે ચરમ સમય મિથ્યાદષ્ટિ કહેવાય અને ત્યાર પછીના અનંતર સમયે અંતરકરણ (મિથ્યાત્વના દલિક વિનાની ભૂમિ)માં પ્રવેશ કરતો તે જીવ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. (૧૭)

હવે સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય તે બતાવે છે

**मिच्छत्तुदए खीणे,लहए सम्मत्तमोवसमियं सो ।**
**लंभेण जस्स लब्भइ, आयहियमलद्धपुव्वं जं ।। १८ ।।**

**અક્ષરાર્થ** : મિથ્યાત્વનો ઉદય ક્ષય પામે છતે, તે જીવ ઉપશમ સમ્યક્ત્વ પામે છે, જેના લાભ વડે પૂર્વે કદી નહી પામેલ એવા આત્મહિતને પામે છે. (૧૮)

**વિશેષાર્થ** : આ પ્રમાણે મિથ્યાત્વના સ્થિતિઘાત-રસઘાત, ઉદીરણા બંધ પડ્યા પછી છેલ્લી આવલિકાને ભોગવતો જીવ જ્યારે મિથ્યાત્વના ચરમ સમયે પહોંચે છે ત્યારે તે ચરમ સમય મિથ્યાદષ્ટિ કહેવાય છે અને ત્યાર પછીના અનંતર સમયે અંતરકરણ (મિથ્યાત્વના દલિક વિનાની ભૂમિ)માં પ્રવેશ કરતો તે જીવ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે... તેથી જિનોક્ત પદાર્થમાં જીવને શ્રદ્ધા થાય છે. જેમ જાત્યંધ પુરુષને ચક્ષુના લાભથી વસ્તુઓ પર પ્રકાશ પડે છે (દેખી શકે છે) તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ યથાવસ્થિત વસ્તુ તત્ત્વને જાણે છે. તથા

૧. જ્યારે અંતરકરણમાં જીવ પ્રવેશ કરે છે ત્યારે સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું દલિક જ અનુપશાંત રહે છે તે.

મહાવ્યાધિથી પીડાતા જીવને વ્યાધિ દૂર થવાથી જેવો આનંદ થાય છે તેવો આનંદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા જીવને થાય છે. કહ્યુ છે કે- जात्यन्धस्य यथा पुंसश्चक्षुर्लाभे शुभोदये । सद्दर्शनं तथैवास्य सम्यक्त्वे सति जायते ।। १ ।। आनन्दो जायते अत्यन्तं तात्त्विकोऽस्य महात्मनः। सद्व्याध्यपगमे यद्व्याधितस्य सदौषधात् ।। २ ।। (१८)

## ત્રિપુંજીકરણ

तं कालं बीयठिइं, तिहाणुभागेण देसघाइत्थ ।
सम्मत्तं सम्मिस्सं, मिच्छत्तं सव्वघाइओ ।।१९।।

**અક્ષરાર્થ** : તે સમયે બીજી સ્થિતિને અનુભાગભેદે ત્રણ પ્રકારની કરે છે. ત્યાં દેશઘાતી રસવાળા જે પ્રદેશો કરે છે તે સમ્યક્ત્વ મોહનીય, તથા સર્વઘાતી રસવાળા પ્રદેશો તે મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીયના છે. (૧૯)

**વિશેષાર્થ : ત્રિપુંજીકરણ** : ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની સાથે જ અર્થાત્ ઉપશમ સમ્યક્ત્વના પ્રથમ સમયે બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીયના દલિકના રસભેદે ત્રણ પુંજ કરે છે, એટલે કે બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વ મોહનીયના કેટલાક દલિકોનો રસ ઓછો કરે છે. તેમાંથી જેનો રસ એક ઠાણીયો અને મંદ બે ઠાણીયો રહે છે તે દલિક સમ્યક્ત્વ મોહનીય કહેવાય. તેથી વધુ રસવાળા મધ્યમ બે ઠાણીયા રસવાળા દલિક હોય છે તે મિશ્ર મોહનીય કહેવાય છે. તેની ઉપરના મધ્યમ બે ઠાણીયાથી વધુ રસવાળા જે દલિકો રહે છે તે મિથ્યાત્વ મોહનીય તરીકે કહેવાય છે. તેમાં સમ્યક્ત્વ મોહનીયનો રસ દેશઘાતી છે, ઈતર બેનો રસ સર્વઘાતિ છે.

**પ્રશ્ન** - સમ્યક્ત્વના પ્રથમ સમયે ત્રણ પુંજ થાય છે એમ શા ઉપરથી માનો છો?

**જવાબ** - સમ્યક્ત્વની પ્રથમાવલિકામાં મિશ્રમોહનીયના સંક્રમનો નિષેધ કર્યો છે. એ ઉપરથી એમ નક્કી થાય છે કે સમ્યક્ત્વના પ્રથમ સમયે ત્રણ પુંજ થાય છે. અહીં મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલો અન્ય પ્રકૃતિરૂપ મિશ્ર મોહનીયરૂપે થયા હોવાથી તેને એકાવલિકા સુધી કોઈ કરણ લાગી શકે નહીં, તેથી મિશ્ર મોહનીયનો સમ્યક્ત્વની પ્રથમાવલિકામાં સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમ થઈ શકે નહીં. એમ **સંક્રમકરણમાં** કહેલુ છે. આમ સમ્યક્ત્વ પ્રાપ્તિથી આવલિકા સુધી મિશ્રના સંક્રમનો નિષેધ કર્યો છે, નહીં કે મિથ્યાત્વના ચરમ સમયથી. માટે અંતરકરણના પ્રથમ સમયે ત્રણ પુંજ કરે છે. **કર્મપ્રકૃતિ સંક્રમાધિકારમાં ગા. ૧૦ની ચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે :-

"अट्ठावीससंतकम्मियस्स सम्मत्तलंभातो आवलियाए परतो वट्टमाणस्स सम्मत्तं

पडिग्गहो त्ति फेडिए सत्तावीसा सङ्कमति । तस्सेव आवलिया अब्भंतरतो वट्टमाणस्स सम्मामिच्छत्तस्स सङ्कमो णत्थि त्ति छव्विसा सङ्कमति ।''

**संक्रमाधिकारनी टीकानो** પાઠ - ''तस्यैव चौपशमिकसम्यग्दृष्टेरष्टाविंशतिसत्कर्मण आवलिकाया अभ्यन्तरे वर्तमानस्य सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रामति । यतो मिथ्यात्वपुद्गला एव सम्यक्त्वानुगतविशोधिप्रभावतः सम्यग्मिथ्यात्वलक्षणं परिणामान्तरमापादिताः, अन्यप्रकृतिरुपतया परिणामान्तरापादनं च सङ्क्रमः, सङ्क्रमावलिकागतं च सकलकरणायोग्यमिति सम्यक्त्वलाभादावलिकाया अभ्यन्तरे वर्तमानेन सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रम्यते ।'' -**કર્મપ્રકૃતિ સંક્રમકરણની ગા. ૧૦ની મલય. ટીકા.** તથા **શતકચૂર્ણિ** આદિમાં પણ સમ્યક્ત્વના પ્રથમ સમયે ત્રણ પુંજ કરે છે એમ કહ્યુ છે - ''पढमसम्मत्तं उप्पाडितो तिन्नि करणाणि करेओ, उवसमसम्मत्तं पडिवन्नो मिच्छत्तदलियं तिपुंजी करेइ सुद्धं मीसं असुद्धं चेति ।''-**શતકચૂર્ણિ.**

''इहाऽनन्तराभिहितविधिना लब्धेनौपशमिकसम्यक्त्वेन औषधविशेषकल्पेन मदनकोद्रवस्थानीयं मिथ्यात्वमोहनीयं कर्म शोधयित्वा त्रिधा करोति, तद्यथा शुद्धमर्धविशुद्धमविशुद्धं चेति ।'' -**કર્મસ્તવ ગા. ૨ની દેવેન્દ્રસૂરિ કૃત ટીકા.**

''चरिमसमयमिच्छाइट्ठि से काले उवसंतदंसणमोहणीओ । ताधे चेव तिण्णि कम्मंसा उप्पाइदा'' - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પા. ૧૭૨૨.**

**પંચસંગ્રહાદિ**ના અભિપ્રાયે મિથ્યાત્વના ચરમ સમયે ત્રણ પૂંજ થાય છે -

''उवरिमठिइअणुभागं तं च तिहा कुणइ चरिममिच्छुदए । देसघाइणं सम्मं इयरेण मिच्छमीसाइं ।।२२।।'' -''प्रथमस्थितिचरमसमये मिथ्यात्वमनुभवमानो जीवः देशघातिरसेन सम्यक्त्वपुञ्जं, सर्वघातिरसेन द्विस्थानीकेन सम्यग्मिथ्यात्वपुञ्जं, त्रिचतुःस्थानरसेन सर्वघातिना मिथ्यात्वपुञ्जं प्रारम्भयतीति ।'' -**પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા. ૨૨ની મૂલટીકા.**

''प्रथमस्थितिचरमसमये मिथ्यात्वोदये वर्तमानो मिथ्यादृष्टिरुपरितनस्थितेः-द्वितीयस्थितेः संबन्धिनां कर्मपरमाणूनामनुभागं त्रिधा करोति, अनुभागभेदेन त्रिधा द्वितीयस्थितिगतं मिथ्यात्वदलिकं करोतीत्यर्थः।''-**પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા. ૨૨ની મલય. ટીકા. કર્મપ્રકૃતિ**ની બંને ટીકામાં પણ આ જ પ્રમાણે કહ્યું છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૧૯ની ચૂર્ણિ**માં ત્રિપુંજીકરણ વિષયમાં આ પ્રમાણે પાઠ છે-''चरिमसमयमिच्छादिट्ठि से काले उवसमसम्मदिट्ठि होहित्ति ताहे बितीयट्ठितीते तिहा अणुभागं करेति । तं जहा सम्मत्तं सम्मामिच्छत्तं मिच्छत्तं चेति ।''

આ પંક્તિ ઉપરથી ઉભયાર્થ સંભવે છે. એટલે મિથ્યાત્વના ચરમ સમયે અથવા ઉપશમ સમ્યક્ત્વના પ્રથમ સમયે એમ બંને અર્થ આ પંક્તિ પરથી નીકળી શકે છે... **સપ્તતિકા ભાષ્યની ટીકામાં ટીકાકારે** ત્રિપુંજ મિથ્યાત્વના ચરમ સમયે થાય એવો **સપ્તતિકાવૃત્તિ**નો અભિપ્રાય છે એમ કહી ત્યાં આ પંક્તિ જ સાક્ષી તરીકે મૂકી છે -

"तस्मिंश्च मिथ्यात्वप्रथमस्थितिवेदनचरमसमये द्वितीयस्थितिगतं मिथ्यात्वदलिक-मनुभागभेदेन त्रिधा करोति, तद्यथा-सम्यक्त्वं सम्यग्मिथ्यात्वं मिथ्यात्वं चेति । उक्तञ्च कर्मप्रकृतिचूर्णौ - 'चरमसमयमिच्छद्दिट्ठि से काले उवसमसम्मद्दिट्ठि होहिइ ताहे बिइयठिइं तिहाणुभागं करेइ तं जहा- सम्मत्तं सम्मामिच्छत्तं मिच्छत्तं चेति ।' अयं सप्ततिवृत्तिकृतोऽभिप्रायः ग्रन्थान्तरेषु पुनस्त्रिपुञ्जीकरणं प्रथमसम्यक्त्वं प्रतिपन्नस्य प्रतिपादितमस्ति, तथा च शतकचूर्णिः - 'पढमसम्मत्तं उप्पाडिंतो तिन्नि करणाणि करेउं उवसमसम्मत्तं पडिवन्नो मिच्छत्तदलियं तिपुंजीकरेइ - सुद्धं मीसं असुद्धं चेति।' तत्त्वं तु केवलिगम्यं ।"-**સપ્તતિકા ભાષ્યની ગા. ૨૮ની મેરુતુંગસૂરિકૃત ટીકા.**

**નવ્યશતકની (પંચમકર્મગ્રન્થની)** ટીકામાં ઉક્ત ચૂર્ણિની પંક્તિ પરથી ચરમ સમય મિથ્યાદષ્ટિ[1] ત્રણ પુંજ કરે એવો અર્થ કરેલ છે. **સંક્રમકરણમાં** સમ્યક્ત્વપ્રાપ્તિની પ્રથમાવલિકામાં **કર્મપ્રકૃતિચૂર્ણિકારે** મિશ્રમોહનીયના સંક્રમનો નિષેધ કરેલ હોવાથી અહીંના ચૂર્ણિ સૂત્રનો અર્થ પ્રથમસમયસમ્યગ્દષ્ટિ ત્રણ પુંજ કરે એવો અમે કર્યો છે. તત્ત્વ બહુશ્રુતો જાણે....(૧૯)

હવે ઉપશમસમ્યક્ત્વમાં વર્તતો જીવ ગુણસંક્રમ કરે છે તેનું સ્વરૂપ તથા સ્થિતિઘાતાદિ ક્યાં સુધી પ્રવર્તે છે તે બે ગાથા દ્વારા બતાવે છે :-

**पढम समए थोवो, सम्मत्ते मीसए असंखगुणो ।**
**अणुसमयमवि य कमसो, भिन्नमुहुत्ता हि विज्झाओ ।।२०।।**

**ठिइरसघाओ गुणसेढि, विय तावंपि आउवज्जाणं ।**
**पढमठिइए एगदुगावलिसेसम्मि मिच्छत्ते ।।२१।।**

**અક્ષરાર્થ :** ઉપશમ સમ્યક્ત્વના પ્રથમ સમયે સમ્યક્ત્વમાં મિથ્યાત્વ મોહનીયનો થોડો (પ્રદેશ અપેક્ષાએ) નિક્ષેપ કરે છે, તેથી મિશ્રમાં અસંખ્યગુણો નિક્ષેપ કરે છે. એ રીતે પ્રતિસમય ક્રમશઃ અન્તર્મુહૂર્ત સુધી ગુણસંક્રમ થાય છે, ત્યારબાદ વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. (૨૦)

૧. અહીં સંભવ છે કે પંચસંગ્રહના અનુસારે મલયગિરિ મ. ઉક્તચૂર્ણિ સૂત્રનો 'ચરમસમય મિથ્યાદષ્ટિ ત્રણ પુંજ કરે' એવો અર્થ કર્યો હોય અને ત્યારપછીના બધા ટીકાકારોએ પણ મલયગિરિ મ. ના અર્થાનુસારે એ જ પ્રમાણે અર્થ કર્યો હોય... તત્ત્વ કેવળિગમ્ય છે.

આયુષ્યવર્જિત સાત કર્મનો સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી પણ ત્યાં સુધી (મિથ્યાત્વના ગુણસંક્રમ સુધી) પ્રવર્તે છે. તથા મિથ્યાત્વની પ્રથમસ્થિતિની બે અને એક આવલિકા શેષ સુધી પ્રવર્તે છે અર્થાત્ પ્રથમસ્થિતિની બે આવલિકા શેષ રહે ત્યાં સુધી મિથ્યાત્વની ગુણશ્રેણી પ્રવર્તે છે, આવલિકા શેષ સુધી સ્થિતિઘાત રસઘાત પ્રવર્તે છે. (૨૧)

**વિશેષાર્થ :** સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમ સમયે બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વમોહનીયના દલિકમાંથી થોડા સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે, અને તેથી અસંખ્યગુણ દલિક મિશ્ર મોહનીયમાં નાખે છે. બીજા સમયે તેથી અસંખ્યગુણ દલિક સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે, અને તેથી અસંખ્યગુણ દલિક મિશ્રમોહનીયમાં નાખે છે. ત્રીજા સમયે તેથી અસંખ્યગુણ દલિક સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે, અને તેથી અસંખ્યગુણ દલિક મિશ્રમોહનીયમાં નાખે છે.... આમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અન્તર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ મોહનીયનો ગુણસંક્રમ ચાલે છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિની એકાવલિકા વીત્યા પછી મિશ્રમોહનીય પણ અસંખ્યગુણાકારે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમે છે... **કર્મપ્રકૃતિ સંક્રમકરણની ગા. ૧૦ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "उवसमसम्मद्दिट्ठिस्स वा अट्ठावीससंतकम्मियस्स सम्मत्तलंभातो आवलियाए परतो वट्टमाणस्स सम्मत्तं पडिग्गहो त्ति फेडिए सत्तावीसा सङ्कमति । तस्सेव आवलिया अब्भंतरतो वट्टमाणस्स सम्मामिच्छत्तस्स सङ्कमो णत्थि त्ति छव्वीसा सङ्कमति ।"

અહીંયા આવલિકા પછી મિશ્રનો સંક્રમ કહ્યો છે. તેનું કારણ એ છે કે ત્રિપુંજીકરણ દ્વારા મિશ્રમોહનીયની સત્તા પ્રાપ્ત થાય છે એ પરપ્રકૃતિ સંક્રમ છે. તેથી આવલિકા સુધી તેમાં કોઈ કરણ ન લાગે, તેથી તેનો ગુણસંક્રમ થઈ શકે નહીં... **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગા. ૧૦ની મલય. ટીકા**માં કહ્યુ છે - "तस्यैव चौपशमिकसम्यग्दृष्टेरष्टाविंशतिसत्कर्मण आवलिकाया अभ्यन्तरे वर्तमानस्य सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रामति । यतो मिथ्यात्वपुद्गला एव सम्यक्त्वानुगतविशोधिप्रभावतः सम्यग्मिथ्यात्वलक्षणं परिणामान्तरमापादिताः । अन्य-प्रकृतिरूपतया परिणामान्तरापादानं च सङ्क्रमः सङ्क्रमावलिकागतं च सकलकरणा-योग्यमिति सम्यक्त्वलाभादावलिकाया अभ्यन्तरे वर्तमानेन सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रम्यते, किन्तु केवलं मिथ्यात्वमेव ।"

**કષાયપ્રાભૃતચૂર્ણિકાર** સમ્યક્ત્વના બીજા સમયથી મિશ્રમોહનીયનો સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમ માને છે. **કષાયપ્રાભૃતચૂર્ણિના સંક્રમાધિકાર**માં કહ્યુ છે- "सम्मामिच्छत्तस्स संकामओ को होइ ? मिच्छाइट्ठि उव्वेल्लमाणओ । सम्माइट्ठि वा णिरासाणो । मोत्तूण पढमसमयसम्मामिच्छत्तसंतकम्मियं ।" **-પા. ૯૬૭**

**કષાયપ્રાભૃતચૂર્ણિકાર**ના મતે સમ્યક્ત્વના પ્રથમ સમયે ત્રણ પુંજ દ્વારા મિશ્રની સત્તા

પ્રાપ્ત થાય છે. તેથી પ્રથમ સમયે તેનો ગુણસંક્રમ ન થઈ શકે, પરન્તુ દ્વિતીય સમયથી થાય. વળી ત્રિપુંજીકરણ દ્વારા મિશ્રની સત્તા પ્રાપ્ત થાય છે, એને પરપ્રકૃતિસંક્રમ તેઓ નથી માનતા. માટે તેમણે આવલિકા છોડી નથી.

સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી આમ અન્તર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો ગુણસંક્રમ પ્રવર્તે છે અને ત્યારપછી વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. વળી જે સમયે ગુણસંક્રમ અટકે છે તે જ સમયે મિથ્યાત્વ મોહનીય સિવાય સાતે કર્મના સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણી પણ અટકી જાય છે. જો કે અહીં અપૂર્વ સ્થિતિબંધનો વિચ્છેદ નથી કહ્યો, પરન્તુ ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પૂર્વકનો જે અપૂર્વ સ્થિતિબંધ થતો હતો તેનો પણ અહીં વિચ્છેદ સંભવે છે.[1]

**પ્રશ્ન** - ગુણસંક્રમ એટલે શું ?

**જવાબ** - અહીં ગુણ એ પારિભાષિક શબ્દ છે. ગુણ શબ્દનો અર્થ કર્મપ્રકૃતિ વગેરે ગ્રન્થોમાં આવી પ્રક્રિયાઓમાં આત્માના ક્ષમાદિ ગુણો કે પુદ્ગલના વર્ણાદિ ગુણો એવો નથી થતો. પરન્તુ ગુણ એટલે અસંખ્યગુણ. જે પ્રક્રિયાઓ પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર અસંખ્યગુણ દલિકોમાં પ્રવર્તતી હોય ત્યાં ગુણ શબ્દ વપરાય છે. જેમકે ગુણોપશમના એટલે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકોની ઉપશમના. ગુણશ્રેણી એટલે પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં અસંખ્યગુણ દલિકોની રચના થવી. તેવી રીતે અહીં ગુણસંક્રમ એટલે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકોનું સંક્રમવું. એટલે પ્રથમ સમયે મિથ્યાત્વ મોહનીયના જેટલા દલિક સંક્રમ્યા, તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ દલિક સંક્રમે, એના કરતા ત્રીજા સમયે અસંખ્યગુણ દલિક સંક્રમે. આમ પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિક સંક્રમે ત્યાં સુધી ગુણસંક્રમ કહેવાય. ગુણસંક્રમનું સામાન્યલક્ષણ એ છે કે અબધ્યમાન અશુભપ્રકૃતિઓના દલિકોને બધ્યમાન સ્વજાતીય પ્રકૃતિઓમાં પ્રતિસમયે અસંખ્યગુણકારે સંક્રમાવવા. અબધ્યમાન સર્વ પ્રકૃતિઓનો ગુણસંક્રમ અપૂર્વકરણ ગુણસ્થાનકથી થાય છે, જ્યારે અનંતાનુબંધી-૪ નો ગુણસંક્રમ તેની ક્ષપણા માટે ત્રણ કરણ ૪ થી ૭ ગુણસ્થાનકવર્તી જીવ કરે છે, તેમાંના બીજા અપૂર્વકરણથી થાય છે. તથા મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો ગુણસંક્રમ પણ ક્ષાયિકસમ્યક્ત્વોત્પત્તિ માટેના થતા ત્રણ કરણમાંના બીજા અપૂર્વકરણથી થાય છે.

સામાન્યતઃ અબધ્યમાન અશુભપ્રકૃતિઓનો બંધાતી સ્વજાતિય પ્રકૃતિઓમાં જ સંક્રમ

---

૧. स्थितिबन्धानुसरणं पुनरधःप्रवृत्तकरणप्रथमसमयादारभ्य आगुणसङ्क्रमपूरणचरमसमये प्रवर्तते। -લબ્ધિસાર ટીકા.

થાય છે. પણ મિથ્યાત્વ મોહનીયમાં એટલો અપવાદ છે કે તેનો અબધ્યમાન એવા સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયમાં સંક્રમ થાય છે.

**પ્રશ્ન** - અહીં પ્રથમ સમ્યક્ત્વોત્પત્તિમાં ગુણસંક્રમ અપૂર્વકરણથી કેમ થતો નથી?

**જવાબ** - ગુણસંક્રમના લક્ષણમાં જ કહ્યું છે કે અબધ્યમાન અશુભપ્રકૃતિઓનો જ ગુણસંક્રમ થાય છે. પ્રથમ સમ્યક્ત્વોત્પત્તિના અપૂર્વકરણ વખતે મિથ્યાત્વ ગુણસ્થાનક છે. ત્યાં મિથ્યાત્વ મોહનીય ધ્રુવબંધિ હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાનકના ચરમસમય સુધી અવશ્ય બંધાય છે. તેથી અનિવૃત્તિકરણના ચરમસમય સુધી તેનો ગુણસંક્રમ ન થાય. ત્યાર પછી ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતા તુરન્ત જ મિથ્યાત્વનો ગુણમસંક્રમ ચાલુ થાય છે.

**પ્રશ્ન** -ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી શરૂ થયેલો ગુણસંક્રમ છેક ઉપશમ સમ્યક્ત્વ રહે તેટલા કાળ સુધી કેમ ન રહ્યો? વચ્ચે જ અન્તર્મુહૂર્ત પૂર્ણ થતા કેમ અટકી ગયો?

**જવાબ** - અહીં સામાન્યતઃ એક એવો નિયમ લાગે છે કે કોઈ પણ ગુણની પ્રાપ્તિની પૂર્વે કરણો (યથાપ્રવૃત્તાદિ) થાય છે. તેની પૂર્વાવસ્થાથી (અન્તર્મુહૂર્ત પૂર્વેથી) પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે અને પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધવાનો ક્રમ તે ગુણપ્રાપ્તિ પછી અન્તર્મુહૂર્ત સુધી ચાલુ રહેતો હોય તેવો સંભવ છે. ત્યાર પછી તેવા પ્રકારના પ્રવર્ધમાન પરિણામ હોતા નથી. માટે અહીં પણ ઉપશમસમ્યક્ત્વ પામ્યા પછી અન્તર્મુહૂર્ત સુધી અનંતગુણ વિશુદ્ધિમાં જીવ વધતો હોય તેવુ લાગે છે. તેથી ત્યાં સુધી ગુણસંક્રમ ચાલે છે અને ત્યાર પછી અટકી જાય છે. વળી તે જ કારણે શેષકર્મોના સ્થિતિઘાતાદિ પણ અહીં સુધી જ થાય છે. અન્તર્મુહૂર્ત પછી તેવા પ્રકારના પ્રવર્ધમાન પરિણામ ન હોવાથી ગુણસંક્રમ તેમજ શેષ કર્મોના સ્થિતિઘાતાદિ પણ નથી થતા એમ અમને લાગે છે. તત્ત્વ કેવળિગમ્ય છે.

**પ્રશ્ન** - વિધ્યાતસંક્રમ એટલે શું ?

**જવાબ** - ગુણ અને ભવને આશ્રયીને જે પ્રકૃતિઓ અબધ્યમાન છે, તેમાં સામાન્યતઃ વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે, પરન્તુ આ સંક્રમથી ઘણું જ ઓછું દલિક અન્યમાં સંક્રમાવે છે. તેટલા પ્રમાણથી જો પ્રતિસમય પરપ્રકૃતિમાં દલિક નાંખે તો અસંખ્યકાલચક્ર જેટલા કાલે સંપૂર્ણપણે સંક્રમાવી રહે. આ તો વિધ્યાતસંક્રમની ગતિ આટલી મંદ છે તે બતાવવા માટે જણાવ્યુ છે. બાકી આ સંક્રમવડે સર્વ દલિકો સત્તામાંથી નિર્મૂળ થતા જ નથી.

અહીં ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની સાથે તે જ સમયે કોઈ જીવના અત્યંતવિશુદ્ધ અધ્યવસાય હોય તો ઉપશમસમ્યક્ત્વની સાથે દેશવિરતિ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. તેથી વધુ વિશુદ્ધિવાળો અન્ય જીવ સર્વવિરતિ પણ પ્રાપ્ત કરે છે અને તેથી પણ વધુ વિશુદ્ધિવાળો

કોઈ જીવ અપ્રમત્ત ગુણસ્થાનક પણ પ્રાપ્ત કરી શકે છે.... **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા. ૨૮**માં કહ્યુ છે - "सम्मत्तेण समगं सव्वं देसं च कोइ पडिवज्जे ।" **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૩ ની બન્ને ટીકાઓ**માં પણ કહ્યું છે - "अस्मिंश्च सम्यक्त्वे लभ्यमाने सति कश्चित्सम्यक्त्वेन समं देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यते ।" (૨૦) (૨૧)

હવે ઉપશાંતઅદ્ધાને અંતે શું થાય છે તે જણાવે છે -

उवसंतद्धाअंते विहिणा ओकड्ढियस्स दलियस्स ।
अज्झवसाणणुरुवस्सुदओ तिसु एक्कयरस्स ।। २२ ।।

**અક્ષરાર્થ** :- ઉપશાન્તાદ્ધાના અન્તે વિધિપૂર્વક આકર્ષેલા (ત્રણે પુંજના) દલિકમાંથી અધ્યવસાયને અનુરૂપ ત્રણમાંથી એક પુંજનો ઉદય થાય છે. (૨૨)

**વિશેષાર્થ** :- અન્તરકરણની કંઈક અધિક આવલિકા બાકી રહે ત્યારે બીજી સ્થિતિમાંથી મિથ્યાત્વના ત્રણ પુંજ જે રહ્યા છે તેમાંથી દલિકો લાવીને છેલ્લી આવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે છે. ગોપુચ્છાકારે એટલે કે આવલિકાના પ્રથમ સમયમાં ઘણા દલિકો ગોઠવાય, બીજા સમયમાં તેથી વિશેષહીન, ત્રીજા સમયમાં તેથી વિશેષહીન.... એમ આવલિકાના ચરમ સમય પર્યન્ત ગોઠવે. ત્યાર પછી છેલ્લી આવલિકામાં જ્યારે પ્રવેશ કરે ત્યારે પરિણામાનુસાર કોઈ પણ પુંજનો ઉદય થાય છે.... તેમાં શુભ પરિણામાનુસાર સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે. મધ્યમ પરિણામાનુસાર મિશ્રમોહનીયનો ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાનકને પ્રાપ્ત કરે અને અશુભ પરિણામાનુસાર મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય તો મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૩ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "उवसमसम्मत्तअद्धाते अंते सातिरेगावलियसेसे वट्टमाणो तिण्ह वि कम्माणं बितीयावलीयट्ठितीतो दलितं अंतरकरणअद्धाते आवलियं पवेसेइ । तं जहा - आवलियाते पढमसमते बहुं देति, बितियसमते थोवं, ततिते थोवतरं एवं जाव आवलिय पुन्ना, एतेण विहिणा ओकड्डिय उदयावलियस्स दलियस्स अज्झवसाणाणुरूवस्स उदओ 'तिसु एक्कयरस्स' त्ति विसुद्धेणं अज्झवसाणेणं सम्मत्तं पडिवज्जति, अविसुद्धेण मिच्छं पडिवज्जति, मज्झिम उ परिणामेणं सम्मामिच्छत्तं पडिवज्जति।"

**કષાયપ્રાભૃતચૂર્ણિ**ના મતે અંતરકરણની કંઈક અધિક આવલિકા શેષે ત્રણ પુંજ ખેંચી ગોઠવાતા નથી, એટલે અંતરકરણની આવલિકા શેષે ઉપશમ સમ્યક્ત્વ નષ્ટ થતુ નથી, પરન્તુ અન્તરકરણનો સંખ્યાતમો ભાગ પસાર થાય અને સંખ્યાતા બહુ ભાગ શેષ રહે ત્યારે ઉપશમ સમ્યક્ત્વ નાશ પામે છે. જે આગળ અલ્પબહુત્વના અધિકાર પરથી ખ્યાલમાં આવશે. તથા ત્યાં **કષાયપ્રાભૃતમૂળગાથા**માં પણ કહ્યુ છે - 'अंतोमुहुत्तमद्धं सव्वोवसमेण होइ

उवसंतो। तत्तो परमुदयो खलु तिण्णेक्कदरस्स कम्मस्स ।। १०३ ।।[1] -पा. १७३२ (૨૨)

હવે પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ સર્વોપશમનાથી જ થાય છે તથા સમ્યક્ત્વથી પડી જીવ સાસ્વાદનભાવ કેવી રીતે પામે છે, તે બતાવે છે.

**सम्मत्तपढमलम्भो, सव्वोवसमा तहा विगिट्ठो य ।**
**छालिगसेसाइ परं, आसाणं कोइ गच्छेज्जा ।। २३ ।।**

**અક્ષરાર્થ** :- (અનાદિ મિથ્યાદૃષ્ટિને ઉપશમ) સમ્યક્ત્વનો પ્રથમ લાભ સર્વોપશમનાથી થાય છે તથા એ સમ્યક્ત્વ પ્રથમસ્થિતિની અપેક્ષાએ વિપ્રકૃષ્ટ-મોટા અન્તર્મુહૂર્ત પ્રમાણવાળુ છે. સમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે ત્યારે કોઈ જીવ સાસ્વાદન ભાવને પામે છે. (૨૩)

**વિશેષાર્થ** :- પ્રથમવાર સમ્યક્ત્વની પ્રાપ્તિ મિથ્યાત્વની સર્વોપશમનાથી જ થાય છે, દેશોપશમનાથી થતી નથી. તથા પ્રથમોપશમસમ્યક્ત્વનો કાળ પ્રથમસ્થિતિની અપેક્ષાએ બૃહત્તર અન્તર્મુહૂર્ત પ્રમાણવાળો છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૩ની ચૂર્ણિ**માં કહ્યુ છે. - "'**सम्मत्तं' त्ति उवसमसम्मत्तं तस्स पढमलम्भो सव्वोवसमतो होति, तहा विकिट्ठो य त्ति दीहो अन्तोमुहुत्तो ।**". અહીં વિગિટ્ઠો શબ્દનો અર્થ બીજી રીતે પણ થઈ શકે છે. તે આ પ્રમાણે - સમ્યક્ત્વનો પ્રથમવાર લાભ થાય ત્યારે જેમ સર્વોપશમનાથી જ થાય છે એમ "**विगिट्ठो**" એટલે વિપ્રકૃષ્ટ કાળે અર્થાત્ સમ્યક્ત્વથી પડી લાંબા કાળે ફરી સમ્યક્ત્વ પામે તો પણ સર્વોપશમનાથી જ પામી શકે છે. તાત્પર્ય એ છે કે જીવ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વથી પડી તુરન્ત નજીકના જ કાળમાં પુનઃ સમ્યક્ત્વ પામે તો મિથ્યાત્વની સર્વોપશમના કર્યા વિના માત્ર દેશોપશમનાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જ્યારે મિથ્યાત્વે ગયા પછી સમ્યક્ત્વ મોહનીય - મિશ્ર મોહનીયની પણ પલ્યો.ના અસં.મા ભાગ જેટલા કાળ સુધી ઉદ્વલના કરી ઉદયને અયોગ્યસ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે ૨૮ની સત્તાવાળો પુનઃ સમ્યક્ત્વ પામે તો સર્વોપશમનાથી જ પામી શકે છે... અહીંયા **કષાયપ્રાભૃત**માં આ ગાથાની પ્રથમાર્ધની સમાનતાવાળી

૧. જયધવલામાં આ ગાથાની ટીકા કરતા ત્રણ પુંજને ખેંચી સમ્યક્ત્વને ભોગવવાની વિધિ આ પ્રમાણે બતાવી છે - "અંતરના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઉપશમસમ્યક્ત્વનો કાળ છે અને ઉપશાંતાદ્ધા ક્ષય થાય છે ત્યારે ત્રણે પુંજોને ખેંચી તેમાંથી ઉદયવતી પ્રકૃતિના દલિકને અસંખ્યલોકથી ભાગી ઉદયાવલિકામાં ગોઠવે છે, શેષ દલિકોને ઉદયાવલિકા ઉપર વિશેષહીનના ક્રમે ગોઠવે છે. અને શેષ બે અનુદયવતી પ્રકૃતિઓમાં ઉદયાવલિકાની બહાર વિશેષહીનના ક્રમે ગોઠવે છે. જયધવલાનો પાઠ આ પ્રમાણે છે - "**तदो उवसंतद्धाए खीणाए तिण्हं कम्माणमण्णदरं जं वेदेदि तमोकड्डियूणुदयावलियं पवेसेदि, असंखेज्जलोगपडिभागेण उदयावलियबाहिरे च एगगोवुच्छसेढीए णिक्खेवं करेइ, सेसाणं च दोण्हं कम्माणमुदयावलियबाहिरे एगगोवुच्छायारेण णिक्खेवं करेइ ।**" - પૃ. ૧૭૩૩

એક ગાથા છે, ઉત્તરાર્ધ જુદો છે, તે ગાથા આ પ્રમાણે છે - "सम्मत्तपढमलंभो सव्वोवसमेण तह वियट्टेण । भजियव्वो य अभिक्खं सव्वोवसमेण देसेण ।। १०४ ।। - **ગા. ૧૭૩૩.**

આ ગાથાનો અર્થ એવો છે કે સમ્યક્ત્વનો પ્રથમ લાભ થાય તો સર્વોપશમનાથી થાય અને વિપ્રકૃષ્ટ એટલે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી ગમે ત્યારે યાવત્ દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળે ફરી સમ્યક્ત્વ પામે તો સર્વોપશમનાથી થાય. "**भजियव्वो य अभिक्खं सव्वोवसमेण देसेण**" એટલે કે સમ્યક્ત્વ મોહનીય-મિશ્રમોહનીયની ઉદ્વલના થતા પૂર્વે સમ્યક્ત્વ પામે તો દેશોપશમનાથી કે સર્વોપશમનાથી પામે, કેમકે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયને ઉવેલતા ઉદયાયોગ્ય સ્થિતિ પ્રાપ્ત થતા સુધીમાં પામે તો દેશોપશમનાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે અને ઉદયાયોગ્ય સ્થિતિ પ્રાપ્ત થયા પછી પામે તો સર્વોપશમનાથી પુનઃ પ્રથમોપશમસમ્યક્ત્વ પામે છે.

તથા સમ્યક્ત્વનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે ત્યારે કોઈ જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી સાસ્વાદન ગુણસ્થાનક પામે છે અને ત્યાં તેટલો કાળ રહે છે. ત્યાંથી અવશ્ય મિથ્યાત્વે જાય છે. (૨૩)

હવે સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ બતાવે છે.

**सम्मद्दिट्ठि जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, अजाणमाणो गुरुनियोगा ।। २४ ।।**

**અક્ષરાર્થ** :- સમ્યગ્દષ્ટિ જીવ (સર્વજ્ઞથી) ઉપદિષ્ટ પ્રવચનને જ શ્રદ્ધે છે, યથાર્થપણે માને છે. તથા અજ્ઞાનને લીધે કે ગુરુના પારતન્ત્ર્યથી અસદ્ભૂત અર્થને પણ સદ્દહે છે. (૨૪)

**વિશેષાર્થ** :- સમ્યગ્દષ્ટિ જીવ ગુરુઓ વડે અર્થાત્ પરમ ગુરુ એવા તીર્થંકર ભગવંતે ઉપદેશેલ અર્થની જ શ્રદ્ધા કરે છે. પરન્તુ કોઈ તથાપ્રકારના અજ્ઞાનના લીધે અથવા સમ્યગ્જ્ઞાન રહિત એવા ગુરુના પારતન્ત્ર્યથી અસદ્ભૂત અર્થની શ્રદ્ધા કરતા એવા જીવને પણ સમ્યક્ત્વ હોઈ શકે છે. અહીં તાત્પર્ય એ છે કે તથાપ્રકારના જ્ઞાનાવરણ કર્મના ઉદયથી થતુ સહજ અજ્ઞાન સમ્યક્ત્વનું પ્રતિબંધક નથી. તથા ગુરુના પારતન્ત્ર્યથી કોઈવાર અસદ્ભૂત અર્થની શ્રદ્ધા કરે તો ત્યાં પણ અનભિનિવિષ્ટ એવા તેને 'જિનેશ્વરોએ કહેલુ તે જ સાચુ છે' એવો ભાવ હોવાથી સમ્યક્ત્વનો નાશ નથી થતો. આવા અન્ય પક્ષમાં રહેલા એ અનભિનિવિષ્ટ જીવોને સમ્યક્ત્વ હોઈ શકે છે. (૨૪)

હવે મિથ્યાદષ્ટિનું સ્વરૂપ બતાવે છે.

मिच्छद्दिट्ठी नियमा, उवइट्ठं पवयणं न सद्दहइ ।
सद्दहइ असब्भावं, उवइट्ठं वा अणुवइट्ठं ।। २५ ।।

**અક્ષરાર્થ** :- મિથ્યાદૃષ્ટિ જીવ નિયમા ઉપદિષ્ટ (સર્વજ્ઞભાષિત) તત્ત્વની શ્રદ્ધા કરતો નથી અને (કુગુરુઓથી) ઉપદિષ્ટ કે અનુપદિષ્ટ એવા અસદ્ભૂત અર્થની શ્રદ્ધા કરે છે. (૨૫)

**વિશેષાર્થ** :- મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયથી તીર્થંકર ભગવંતથી ઉપદિષ્ટ અર્થની (પ્રવચનની) નિયમા શ્રદ્ધા કરતો નથી તથા અસદ્ભૂત અપરમાર્થમય દુર્માર્ગની શ્રદ્ધા કુગુરુઓના ઉપદેશથી અથવા કુગુરુઓના ઉપદેશ વગર પણ કરે છે. વળી જિનવચનની કથંચિત્ શ્રદ્ધા કરે અને કથંચિત્ શ્રદ્ધા ન કરે તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે, કેમકે પ્રવચનના એક અર્થને પણ જો ન સદ્દહે તો શેષ અર્થોની શ્રદ્ધા પણ અશ્રદ્ધારૂપ છે. જેમ મોદકમાં વિષનો માત્ર એક કણ પડેલ હોય તો ય તે મોદક વિષતુલ્ય છે, એમ જિનવચનના એકાદ અર્થ પરની અશ્રદ્ધા એ પણ સકળ જિનપ્રવચનની અશ્રદ્ધા રૂપ હોઈ મિથ્યાત્વ છે. (૨૫)

હવે મિશ્રદૃષ્ટિનું સ્વરૂપ બતાવે છે.

सम्मामिच्छद्दिट्ठि, सागारे वा तहा अणागारे ।
अह वंजणोग्गहम्मि य, सागारे होइ नायव्वो ।। २६ ।।[1]

**અક્ષરાર્થ** :- સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ સાકારોપયોગમાં તથા અનાકારોપયોગમાં વર્તે છે. જો સાકારોપયોગમાં હોય તો વ્યંજનાવગ્રહ જ હોય. (૨૬)

**વિશેષાર્થ** :- સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવને સાકારોપયોગ તથા અનાકારોપયોગ એટલે કે જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ બન્નેમાંથી કોઈ પણ એક ઉપયોગ હોય છે. તેમાં જ્ઞાનોપયોગમાં હોય તો વ્યંજનાવગ્રહમાં એટલે કે અવ્યક્તજ્ઞાનોપયોગમાં જ હોય છે. અર્થાવગ્રહમાં-નિશ્ચયાત્મક જ્ઞાનોપયોગમાં નથી હોતો. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૬ની ચૂર્ણિમાં** કહ્યુ છે કે "'**अह वंजणोग्गहम्मि उ'त्ति-जति सागारे होति वंजणोग्गहो होइ ण अत्थोग्गहो होइ । जम्हा संसयनाणी अव्वत्तनाणी वुच्चति।**" (૨૬)

---

૧ જયધવલામાં 'વ્યંજનાવગ્રહ' એટલે 'વિચારપૂર્વકાર્થગ્રહણાવસ્થા' અર્થ કર્યો છે અને વિચારપૂર્વકાર્થ-ગ્રહણાવસ્થામાં સાકારોપયોગ હોય છે, દર્શનોપયોગ નહીં, કેમકે સામાન્યમાત્રાવગાહી દર્શનોપયોગ છે.

"'अध वंजणोग्गहम्हि दु' इच्चादि । अथेति पादपूरणार्थो निपातः । वंजणोग्गहम्मि दु विचारपूर्वकार्थग्रहणावस्थायामित्यर्थः, व्यञ्जनशब्दस्यार्थविचाग्वाचिनो ग्रहणात् । 'सागारो होई बोधव्वो' तदवस्थायां ज्ञानोपयोगपरिणत एव भवति, न दर्शनोपयोगपरिणत इति यावत् । कुतोऽयं नियम इति चेन्न, अनाकारोपयोगेन सामान्यमात्रावग्राहिणा पूर्वापरपरामर्शशून्यार्थविचारानुपपत्तितस्तत्र तथाविधनियमोप-पत्तेः। -पृ. १७३५

હવે **કષાયપ્રાભૃતચૂર્ણી**ના અનુસારે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના અધિકારમાં ૨૫ વસ્તુઓના કાળનું અલ્પબહુત્વ અત્રે પ્રસંગતઃ જણાવીએ છીએ-

**(૧) ઉપશામકને ચરમઅનુભાગખંડોત્કિરણાદ્ધા - સર્વાલ્પ** - અહીંયા મોહનીય-કર્મની અપેક્ષાએ ગણીએ તો પ્રથમસ્થિતિની આવલિકા શેષે જે રસઘાત પૂર્ણ થાય છે તેનો કાળ, જ્યારે શેષકર્મોમાં મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમની સાથે પૂર્ણ થતા ચરમ રસઘાતનો કાળ સમજવાનો છે.

**(૨) અપૂર્વકરણની પ્રથમરસખંડોત્કિરણાદ્ધા - વિશેષાધિક** :- અપૂર્વકરણના પ્રથમ સમયથી રસઘાત શરૂ થાય છે અને ઉત્તરોત્તર રસઘાતનું અન્તર્મુહૂર્ત ન્યૂન થતુ જાય છે. તેથી ચરમ રસઘાત કરતા પ્રથમ રસઘાતનો કાળ વિશેષાધિક આવે.

**(૩, ૪) ચરમસ્થિતિખંડોત્કિરણાદ્ધા તથા તે વખતે થતા સ્થિતિબંધનો કાળ - સંખ્યાતગુણ, પરસ્પર તુલ્ય** :- એક સ્થિતિઘાતના કાળમાં હજારો રસઘાત થાય છે. તેથી સ્થિતિઘાતનો કાળ રસઘાતના કાળથી સંખ્યાતગુણો હોય છે અને છેલ્લા રસઘાત કરતા પ્રથમ રસઘાતનો કાળ વિશેષાધિક માત્ર હોવાથી પ્રથમ રસઘાત કરતા પણ ચરમ સ્થિતિઘાતનો કાળ સંખ્યાતગુણો છે.

**(૫, ૬) અંતરકરણક્રિયાદ્ધા તથા તેમાં થતા સ્થિતિબંધનો કાળ - વિશેષાધિક, પરસ્પર તુલ્ય** :- અંતરકરણ ક્રિયા, સ્થિતિઘાત અને સ્થિતિબંધ આ ત્રણે સાથે શરૂ થાય છે અને સાથે જ પૂર્ણ થાય છે, તેથી ત્રણેનો કાળ સરખો છે. અહીં સ્થિતિઘાતનો કાળ જોકે નથી કહ્યો, પરન્તુ તે પણ ઉપચારથી સમજી લેવાનો છે. વળી અંતરકરણ ક્રિયા અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે શરૂ થાય છે અને અનિવૃત્તિકરણનો ચરમસ્થિતિઘાત ત્યાર પછી ઘણા સ્થિતિઘાતો પછીનો હોય છે. માટે અનિવૃત્તિકરણના ચરમ સ્થિતિઘાતથી અંતરકરણ ક્રિયાકાળ તથા તે વખતના સ્થિતિબંધનો કાળ વિશેષાધિક હોય છે.

**(૭, ૮) અપૂર્વકરણની પ્રથમસ્થિતિખંડોત્કિરણાદ્ધા અને સ્થિતિબંધાદ્ધા - વિશેષાધિક, પરસ્પર તુલ્ય** :- અંતરકરણ ક્રિયા તથા તે વખતના સ્થિતિઘાતની હજારો સ્થિતિઘાત પૂર્વેનો અપૂર્વકરણનો સ્થિતિઘાત હોવાથી તેનો કાળ વિશેષાધિક આવે, કેમકે પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિઘાતનો કાળ વિશેષહીન થતો જાય છે.

**(૯) ઉપશામકને ગુણસંક્રમનો કાળ - સંખ્યાતગુણ** :- ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારથી શરૂ થયેલો મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ અન્તર્મુહૂર્ત સુધી ચાલુ રહે છે. તે દરમિયાન શેષ કર્મોના હજારો સ્થિતિઘાત થાય છે. તેથી એક સ્થિતિઘાતાદ્ધા કરતાં ઉપશામકનો ગુણસંક્રમ કાળ સંખ્યાતગુણ આવે.

**(૧૦) પ્રથમ સમય ઉપશામકનું ગુણશ્રેણિ શીર્ષ - સંખ્યાતગુણ** :- અહીં શેષકર્મનું ગુણશ્રેણી શીર્ષ લેવાનું છે. કેમકે અંતરકરણ ક્રિયા કાળ પૂર્ણ થયા પછી પ્રથમ સમય ઉપશામક થાય છે. તેથી મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણી ઉપશાંતાદ્ધામાં થવાની સંભવતી નથી, જ્યારે શેષકર્મની ગુણશ્રેણી રચના તો ઉપશાંતાદ્ધામાં પણ થાય છે. વળી શેષ કર્મની ગુણશ્રેણી છેક ગુણસંક્રમના ચરમસમય સુધી થાય છે, તેથી તેની રચનાનો કાળ ગુણસંક્રમની પાછળ પણ ઘણો હોય છે. તેથી ગુણસંક્રમના કાળથી પ્રથમસમય ઉપશામકને ગુણશ્રેણીશીર્ષ સંખ્યાતગુણ આવે. ગુણશ્રેણીશીર્ષ એટલે અનિવૃત્તિકરણની ઉપર જેટલા કાલમાં ગુણશ્રેણીની રચના થાય છે તે કાળ સમજવો.

**(૧૧) પ્રથમસ્થિતિ - સંખ્યાતગુણ** :- અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણ ક્રિયા કરે છે. તે પૂર્ણ થયા બાદ શેષ અનિવૃત્તિકરણનો કાળ તે 'પ્રથમસ્થિતિ' છે. અનિવૃત્તિકરણની ઉપર ઉપશાંતાદ્ધાના જેટલા કાળમાં ગુણશ્રેણી ગોઠવાઈ છે તે ગુણશ્રેણીશીર્ષ છે. અંતરકરણ કરતી વખતે ગુણશ્રેણીના સંખ્યાતમા ભાગ રૂપ શીર્ષને ખંડે છે એમ પૂર્વે કહી ગયા છીએ. એટલે સંપૂર્ણ ગુણશ્રેણી આયામ કરતા ગુણશ્રેણીશીર્ષ સંખ્યાતમા ભાગે છે એમ આ પરથી નક્કી થાય છે. તેથી ગુણશ્રેણી શીર્ષ કરતા શેષ ગુણશ્રેણી પણ સંખ્યાતગુણ થઈ. વળી અંતરકરણક્રિયાકાળ વખતે શેષગુણશ્રેણી એ અંતરકરણક્રિયાકાળ અને પ્રથમસ્થિતિ બે ભેગા કરીએ તેટલી છે. તેમાં અંતરકરણ ક્રિયાકાળ એક સ્થિતિઘાતાદ્ધા માત્ર જેટલો (અતિ નાનો) હોવાથી પ્રથમસ્થિતિ ગુણશ્રેણી કરતા સંખ્યાતગુણ આવે છે.

**પંચસંગ્રહ, કર્મપ્રકૃત્યાદિની ટીકા**ના અનુસારે અંતરકરણક્રિયાકાળ કરતા પ્રથમસ્થિતિ વિશેષાધિક થાય છે. કેમકે ત્યાં અંતરકરણક્રિયાકાળ પ્રથમસ્થિતિથી કિંચિત્ ન્યૂન કહ્યો છે. તે આ પ્રમાણે - "अन्तरकरणकालश्चान्तर्मुहूर्तप्रमाणः प्रथमस्थितेः किञ्चिन्न्यूनोऽभिनवस्थितिबन्धाद्धया समः"- **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૧૭ની મલય.ટીકા.**, "तन्निष्पादनकालोऽप्यन्तरकरणकाल एव, यथा तन्तुसंयोजनादिकालः पटकरणकालः सोऽप्यन्तर्मुहूर्त्तप्रमाणः प्रथमस्थितेः किञ्चिन्न्यूनोऽभिनवस्थितिबन्धाद्धया समानः" **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૧૭ની ઉપા.ટીકા.**, "तच्चान्तरं बन्धकाद्धया तुल्यं प्रथमस्थितेः किञ्चिदूनम्"- **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગાથા.૧૮.ની મૂલટીકા.**

અહીં અંતરકરણનું અન્તર્મુહૂર્ત અભિનવ સ્થિતિબંધના કાળની તુલ્ય કહ્યુ છે. એટલે અંતરકરણક્રિયાકાળનું અન્તર્મુહૂર્ત સમજવાનું છે, કેમકે અંતરકરણ ક્રિયાકાળ અભિનવ સ્થિતિબંધાદ્ધાની તુલ્ય છે. વળી તે જ કાળ પ્રથમસ્થિતિથી કંઈક ન્યૂન કહ્યો છે. એટલે આ હિસાબે અંતરકરણ ક્રિયાકાળ કરતા પ્રથમસ્થિતિ વિશેષાધિક આવે. ચાલુ અલ્પબહુત્વ પ્રમાણે તો અંતરકરણ ક્રિયાકાળ કરતા પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ આવે.

વળી બીજી રીતે વિચારીએ તો અંતરકરણક્રિયાકાળ માત્ર એક સ્થિતિઘાતાદ્ધા જેટલો છે, જ્યારે પ્રથમસ્થિતિ તો અંતરકરણક્રિયાકાળ પછી પણ ઘણી બાકી છે, કેમકે કહ્યુ છે કે - પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે આગાલવિચ્છેદ, એકાવલિકા બાકી રહે ત્યારે ઉદીરણાવિચ્છેદ થાય છે અને એક સ્થિતિઘાતનો કાળ આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલો છે. તેથી અંતરકરણક્રિયાકાળ પણ આવલિકાનો સંખ્યાતમો ભાગ આવે, એટલે તેના કરતા પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ આવે. માટે અલ્પબહુત્વસૂત્ર પ્રમાણે અને ઉક્તયુક્તિથી વિચારતા પ્રથમસ્થિતિ અંતરકરણક્રિયાકાળથી સંખ્યાતગુણ આવે. જ્યારે ઉક્ત ગ્રન્થોના અનુસારે વિશેષાધિક આવે છે. (અહીં તત્ત્વ કેવલિગમ્ય સમજવુ) અથવા મલયગિરિ મ. આદિએ અંતરકરણક્રિયાકાળ પ્રથમસ્થિતિથી કંઈક ન્યૂન કહ્યો છે ત્યાં પ્રથમસ્થિતિનો અર્થ પ્રથમસ્થિતિકરણનો કાળ સમજવો.

**પ્રશ્ન** - તો પછી અંતરકરણક્રિયા કાળ અને પ્રથમસ્થિતિકરણ કાળ તુલ્ય આવે, અંતરકરણક્રિયાકાળ ન્યૂન શી રીતે આવે ? કેમ કે પ્રથમસ્થિતિકરણ અને અંતરકરણક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે ?

**જવાબ** - પ્રથમસ્થિતિકરણ અને અંતરકરણક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે, પરન્તુ વ્યવહારનયથી અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી પ્રથમસ્થિતિનો વ્યપદેશ થાય છે એટલે પ્રથમસ્થિતિકરણ કાળ અંતરકરણક્રિયાકાળથી એક સમયાધિક આવે.... અહીં અમારી બુદ્ધિથી આ પ્રમાણે સમાધાન કર્યુ છે.... તત્ત્વ કેવલિગમ્ય છે.

**(૧૨) ઉપશામકાદ્ધા - વિશેષાધિક - સમયોન બે આવલિકા અધિક** :- અંતરકરણ-ક્રિયા પૂર્ણ થયા પછી અનંતર સમયથી અર્થાત્ પ્રથમસ્થિતિના પ્રથમ સમયથી ઉપશમનાની ક્રિયાની શરૂઆત થાય છે અને પ્રથમ સ્થિતિના ચરમસમયે સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક ઉપશાંત કરવાનું બાકી રહે છે. તે સમ્યક્ત્વના કાળમાં તેટલા કાળે ઉપશાંત કરે છે. માટે પ્રથમસ્થિતિ બધી ઉપશામકાદ્ધા ગણાય અને ઉપરાંતમાં ત્યાર પછીની સમયન્યૂન બે આવલિકા પણ ઉપશામક અદ્ધા તરીકે ગણાય છે. માટે પ્રથમસ્થિતિ કરતા ઉપશામકાદ્ધા સમયોન બે આવલિકા જેટલી અધિક આવે.

**(૧૩) અનિવૃત્તિકરણાદ્ધા - સંખ્યાતગુણ** :- અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણક્રિયા કરવા દ્વારા શેષ અનિવૃત્તિકરણ જેટલી પ્રથમસ્થિતિ કરે છે, એટલે પ્રથમસ્થિતિ કરતા અનિવૃત્તિકરણ સંખ્યાતગુણ છે અને પ્રથમસ્થિતિ કરતા ઉપશામકાદ્ધા સમયોન બે આવલિકા જેટલી જ અધિક છે. માટે ઉપશામકાદ્ધાથી અનિવૃત્તિકરણ સંખ્યાતગુણ હોઈ શકે છે.

**(૧૪) અપૂર્વકરણ - સંખ્યાતગુણ** :- અનિવૃત્તિકરણના કાળરૂપ અન્તર્મુહૂર્ત કરતા અપૂર્વકરણના કાળરૂપ અન્તર્મુહૂર્ત સંખ્યાતગુણ હોવાથી.

**(૧૫) ગુણશ્રેણી નિક્ષેપ - વિશેષાધિક** :- ગુણશ્રેણી નિક્ષેપ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળમાં થાય છે. તેમાં અપૂર્વકરણથી અનિવૃત્તિકરણ સંખ્યાતમો ભાગ માત્ર છે. તેથી અપૂર્વકરણ કરતા તેના સંખ્યાતમા ભાગ રૂપ અનિવૃત્તિકરણ તથા તેથી કંઈક અધિક રૂપ ગુણશ્રેણી શીર્ષ એટલો કાળ અધિક ગુણશ્રેણી નિક્ષેપનો આવે.

**(૧૬) ઉપશાંતાદ્ધા - સંખ્યાતગુણ** :- ઉપશાન્તાદ્ધાનું (ઉપશમસમ્યક્ત્વના કાળરૂપ અન્તર્મુહૂર્ત) અન્તર્મુહૂર્ત મોટું હોય છે. તેથી ગુણશ્રેણી નિક્ષેપથી પણ સંખ્યાતગુણ આવે.

**(૧૭) અંતર-સંખ્યાતગુણ** :-

**પ્રશ્ન** - ઉપશાંતાદ્ધાથી અંતર સંખ્યાતગુણ શી રીતે ? કેમકે જે અંતર કર્યું છે તેની આવલિકા બાકી રહે ત્યારે ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થાય છે. સાસ્વાદનની અપેક્ષાએ ગણીએ તો કદાચ અંતરની ૬ આવલિકા બાકી રહે ત્યારે ઉપશમસમ્યક્ત્વ પૂર્ણ થાય છે. તો પછી ઉપશાન્તાદ્ધાથી અંતરનો કાળ વિશેષાધિક આવે, પરન્તુ સંખ્યાતગુણ શી રીતે ?

**જવાબ** - આ અલ્પબહુત્વ **કષાયપ્રાભૃતચૂર્ણિ**ના આધારે આપવામાં આવ્યુ છે. ઉપશમસમ્યક્ત્વની અંતરની આવલિકા શેષ રહે ત્યારે જે ત્રણ પુંજને ખેંચી લાવી છેલ્લી આવલિકામાં ગોઠવવાની પ્રક્રિયા છે તેનો **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં નિર્દેશ નથી. એટલે કદાચ એમ સંભવે છે કે એમની માન્યતા મુજબ અંતરનો સંખ્યાતમો ભાગ પસાર થાય અને સંખ્યાતા બહુ ભાગ બાકી રહે ત્યારે બીજી સ્થિતિમાંથી દર્શનમોહનીયના દલિક ખેંચી[1] ઉદયમાં આવતા હોય તેમ આ અલ્પબહુત્વ ઉપરથી લાગે છે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

**પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ** આદિમાં અંતરકરણ પ્રથમસ્થિતિથી કંઈક અધિક કહ્યુ છે. તે આ પ્રમાણે - ''इत्थं चानिवृत्तिकरणाद्धायाः सङ्ख्येयेषु भागेषु गतेषु सत्सु एकस्मिंश्च संख्येयतमे भागे शेषे तिष्ठति अन्तर्मुहूर्तमात्रमधो मुक्त्वा मिथ्यात्वस्यान्तरकरणमन्तर्मुहूर्तप्रमाणं प्रथमस्थितेः किञ्चित्समधिकं भवति ।'' -**પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૧૮ની મલય. ટીકા.**

**નવ્યશતકની ગા. ૯૮ની ટીકામાં દેવેન્દ્રસૂરિજી મહારાજે** કહ્યું છે - ''मिथ्यात्वस्यान्तरकरणमन्तर्मुहूर्तप्रमाणं प्रथमस्थितेः किञ्चित्समधिकं न्यूनं वाऽभिनवस्थिति-बन्धाद्धासमेनान्तर्मुहूर्त्तेन कालेन करोति ।''

---

૧. ''अंतरदीहत्तमुवसमसम्मत्तद्धादो संखेज्जगुणमिदि भणिदं होदि । किं कारणं ? अंतरस्स संखेज्जदिभागे चेव उवसमसम्मत्तद्धं गालिय तदो तिण्हं कम्माणमण्णदरमोकड्डियूण वेदेमाणो अंतरं विणासेदि त्ति गुरूवदेसादो ।'' -જયધવલા, પા. ૧૭૨૬.

**સપ્તતિકાની ગા. ૬૨ની ટીકામાં મલયગિરિ મહારાજે** કહ્યું છે - ''मिथ्यात्वस्यान्तरकरणमन्तर्मुहूर्तप्रमाणं प्रथमस्थितेः किञ्चित्समधिकं अभिनवस्थितिबन्धाद्धा-समेनान्तर्मुहूर्त्तेन कालेन करोति ।''

આ પાઠો ઉપરથી સૂચિત થાય છે કે અંતરકરણ પ્રથમસ્થિતિથી કંઈક અધિક કે ન્યૂન છે, જ્યારે પ્રસ્તુત અલ્પબહુત્વાધિકારના અનુસારે અંતર પ્રથમસ્થિતિથી સુતરામ્ સંખ્યાતગુણ આવે.... આમ આ બે મતાંતર સમજવા.

**(૧૮) જઘન્ય અબાધા - સંખ્યાતગુણ** :- મિથ્યાત્વ મોહનીયના અનિવૃત્તિકરણના ચરમ સમયે અને શેષકર્મોના ગુણસંક્રમના ચરમ સમયે થતા સ્થિતિબંધનો અબાધાકાળ અહીં સમજવાનો છે.

**(૧૯) ઉત્કૃષ્ટ અબાધા - સંખ્યાતગુણ** :- અપૂર્વકરણના પ્રથમ સમયે થતા સ્થિતિબંધની અબાધા અહીં લેવાની છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ જઘન્યસ્થિતિબંધથી સંખ્યાતગુણો હોવાથી ઉત્કૃષ્ટ અબાધા જઘન્ય અબાધાથી સંખ્યાતગુણ આવે.

**(૨૦) જઘન્ય સ્થિતિખંડ-અસંખ્યગુણ** :- જઘન્યથી પણ સ્થિતિખંડનું પ્રમાણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ અબાધા અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, કેમકે અપૂર્વકરણના પ્રથમ સમયે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ અન્તઃકોડાકોડી સાગરોપમ છે અને અન્તર્મુહૂર્તથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ પણ અસંખ્યગુણ છે. માટે ઉત્કૃષ્ટ અબાધાથી જઘન્ય સ્થિતિખંડ અસંખ્યગુણ હોય છે.

**(૨૧) ઉત્કૃષ્ટ સ્થિતિખંડ - સંખ્યાતગુણ** :- જઘન્ય સ્થિતિખંડ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિખંડ સેંકડો સાગરોપમ પ્રમાણ છે, માટે.

**(૨૨) જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- જઘન્ય સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી.

**(૨૩) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- અપૂર્વકરણના પ્રથમ સમયે થતો સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. તે પૂર્વોક્ત અનિવૃત્તિકરણના ચરમ સમયે થતા મિથ્યાત્વ મોહનીયના જઘન્ય સ્થિતિબંધથી અથવા ગુણસંક્રમના ચરમ સમયે થતા સ્થિતિબંધથી સંખ્યાતગુણ હોય છે.

**(૨૪) જઘન્ય સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- મિથ્યાત્વમોહનીયની મિથ્યાત્વના ચરમસમયે અને શેષ કર્મોની ગુણસંક્રમના ચરમસમયે સ્થિતિસત્તા, આ ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પણ સંખ્યાતગુણ હોય છે.

**(૨૫) ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા - સંખ્યાતગુણ :-** અપૂર્વકરણના પ્રથમ સમયે સર્વકર્મોની સ્થિતિસત્તા અહીં સમજવાની છે અને તે જઘન્ય સ્થિતિસત્તાથી સંખ્યાતગુણ હોય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિનો અલ્પબહુત્વાધિકારનો પાઠ :-** "एदिस्से परूवणाए णिट्ठिदाए इमो दंडओ पणुवीसपडिगो । सव्वत्थोवा उवसामगस्स जं चरिमाणुभागखंडयं तस्स उक्कीरणद्धा । अपुव्वकरणस्स पढमस्स अणुभागखंडयस्स उक्कीरणकालो विसेसाहिओ। चरिमट्ठिदिखंडयउक्कीरणकालो तम्हि चेव ट्ठिदिबंधकालो च दोवि तुल्ला संखेज्जगुणा । अंतरकरणद्धा तम्हि चेव ट्ठिदिबंधगद्धा च दोवि तुल्लाओ विसेसाहियाओ। अपुव्वकरणे ठिदिखंडयउक्कीरणद्धा ठिदिबंधगद्धा च दो वि तुल्लाओ विसेसाहियाओ । उवसामगो. जाव गुणसंकमेण सम्मत्तसम्मामिच्छत्ताणि पूरेदि सो कालो संखेज्जगुणो । पढमसमयउवसामगस्स गुणसेढीसीसयं संखेज्जगुणं । पढमट्ठिदी संखेज्जगुणा । उवसामगद्धा विसेसाहिया, विसेसो पुण बे आवलियाओ समयूणाओ । अणियट्टिअद्धा संखेज्जगुणा । अपुव्वकरणद्धा संखेज्जगुणा । गुणसेढिणिक्खेवो विसेसाहिओ । उवसंतद्धा संखेज्जगुणा । अंतरं संखेज्जगुणं । जहण्णिया आबाहा संखेज्जगुणा । उक्कस्सिया आबाहा संखेज्जगुणा । जहण्णयं ट्ठिदिखंडयमसंखेज्जगुणं । उक्कस्सयं ट्ठिदिखंडयं संखेज्जगुणं । जहण्णगो ट्ठिदिबंधो संखेज्जगुणो । उक्कस्सगो ट्ठिदिबंधो संखेज्जगुणो । जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं। उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । एवं पणुवीसदिपडिगो दंडगो समत्तो ।" **-પા. ૧૭૨૪.**

આમ કર્મપ્રકૃતિ **"ઉપશમનાકરણ"**માં સર્વોપશમનાના **"પ્રથમસમ્યક્ત્વોત્પત્તિ"** નામના પ્રથમ અધિકારનું વિવેચન સમાપ્ત થયું.

સમ્યક્ત્વોત્પત્તિ અધિકાર વર્ણવ્યો.... હવે **ચારિત્ર મોહનીય**ની ઉપશમના કયો જીવ કરે છે તે બતાવે છે :-

वेयगसम्मद्दिट्ठी चरित्तमोहुवसमणाए चिट्ठंतो ।
अजओ देसजइ वा विरतो व विसोहिअद्धाए ।।२७।।

**અક્ષરાર્થ :** ચારિત્ર મોહનીયની ઉપશમના માટે ચેષ્ટા (પ્રયત્ન) કરતો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ અવિરત, દેશવિરત કે સર્વવિરત હોય છે. (૨૭)

**વિશેષાર્થ :** ચારિત્ર મોહનીયની ઉપશમનાનો પ્રયત્ન ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ એવો અવિરત, દેશવિરત કે સર્વવિરત જીવ કરે છે, પરન્તુ પૂર્વોક્ત પ્રથમોપશમસમ્યક્ત્વ

પ્રાપ્ત કરી તે (ઉપશમ) સમ્યક્ત્વમાં રહેલો જીવ ચારિત્રમોહનીયની ઉપશમના ન કરે. તે બતાવવા માટે અહીં ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ અવિરતાદિ કહ્યા છે. વસ્તુતઃ તો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ ૪ થી ૭ ગુણસ્થાનક સુધીમાં અનંતાનુબંધી ચતુષ્ક તથા દર્શનત્રિકની ક્ષપણા કરી ચારિત્ર મોહનીયની ઉપશમના માટે ૭મા ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ કરે છે અથવા ૪ થી ૭ ગુણસ્થાનક સુધીમાં અનંતાનુબંધી-૪ ની ક્ષપણા કરી ૬ઠ્ઠે કે ૭મે ગુણસ્થાનકે દર્શનત્રિક ઉપશમાવી છઠ્ઠા - સાતમા ગુણસ્થાનકે હજારો વાર પરિવર્તન કરી ચારિત્ર મોહનીયની ઉપશમના માટે સાતમા ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ કરે... જે આગળ ઉપર બતાવવામાં આવશે. (૨૭)

હવે અવિરતિ આદિ ત્રણનું સ્વરૂપ તથા દેશવિરતિ - સર્વવિરતિની પ્રાપ્તિની વિધિ બતાવે છે :-

**अन्नाणाणब्भुवगमजयणाहि अजओ अवज्जविरइए ।**
**एगव्वयाइ चरिमो अणुमइमित्तो त्ति देसजई ।। २८।।**

**अणुमइविरओ य जई दोण्ह वि करणाणि दोण्णि न उ तईयं ।**
**पच्छा गुणसेढी सिं तावइया आलिगा उप्पिं ।। २९।।**

**परिणामपच्चयाओ णाभोगगया गया अकरणा उ ।**
**गुणसेढी सिं निच्चं परिणामा हाणिवुड्ढिजुया ।। ३०।।**

**અક્ષરાર્થ** : અજ્ઞાન, અનભ્યુપગમ (અગ્રહણ) અને અજયણા (અપાલન) એ ત્રણ વડે અવિરત હોય તથા પાપક્રિયાની વિરતિવાળો એક વ્રતથી માંડી ઉત્કૃષ્ટથી અનુમતિ માત્ર સેવનારો દેશવિરત હોય છે. (૨૮)

પરિણામના હ્રાસથી અનાભોગ વડે (દેશવિરતિ - સર્વવિરતિથી) પડેલા જીવો કરણ વિના પુનઃ પ્રાપ્ત કરી શકે (આભોગ પૂર્વક પડેલા જીવો કરણ કરીને જ પુનઃ પામી શકે છે) તથા આની (દેશવિરતિ-સર્વવિરતિની) ગુણશ્રેણી નિત્ય (તે ગુણના કાળ સુધી) હોય અને પરિણામાનુસાર (પ્રદેશની) હાનિ-વૃદ્ધિવાળી હોય છે. (૨૯-૩૦)

**વિશેષાર્થ** : ઉક્ત ત્રણ ગાથા દ્વારા પ્રથમ અવિરતિ આદિ ત્રણનું સ્વરૂપ બતાવ્યુ. પછી દેશવિરતિ-સર્વવિરતિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તેનો અધિકાર બતાવ્યો. ત્યારબાદ એક વાર દેશવિરતિ કે સર્વવિરતિથી પડેલ જીવ પુનઃ કેવી રીતે તે પ્રાપ્ત કરી શકે છે તેનો અધિકાર બતાવ્યો. અહીંયા વિસ્તારથી હવે બંનેનો અલગ અલગ અધિકાર બતાવીએ છીએઃ-

## (૨) દેશવિરતિ લાભ પ્રરુપણા અથવા સંયમાસંયમલબ્ધિ અર્થાધિકાર

દ્વાર (૧) સ્વરૂપ (૨) પ્રાપ્તિ (૩) એકાન્તવૃદ્ધિ - દેશસંયત (૪) યથાપ્રવૃત્ત દેશસંયત (૫) અલ્પબહુત્વ (૬) સ્વામી (૭) સ્થાન (૮) તીવ્રતા - મંદતા

**(૧) સ્વરૂપ :** હિંસાદિ સર્વ પાપક્રિયાઓનો સર્વથા ત્યાગ તે સર્વસંયમ. હિંસાદિ સર્વ પાપ ક્રિયાઓનો દેશથી ત્યાગ તે દેશસંયમ. સમ્યગ્જ્ઞાન અને ગ્રહણપૂર્વક વ્રતનું પાલન થાય તે જ ફળદાયક બને છે. તે સિવાય ઘુણાક્ષર ન્યાયે વ્રતપાલન ફળદાયક બનતુ નથી. જ્ઞાન, ગ્રહણ અને પાલન એ ત્રણે પદના નીચે મુજબ ૮ ભાંગા થાય છે :-

૧. અજ્ઞાન અગ્રહણ અપાલન - સર્વલોક

૨. અજ્ઞાન અગ્રહણ પાલન - અજ્ઞાન તપસ્વી

૩. અજ્ઞાન ગ્રહણ અપાલન - પાર્શ્વસ્થ

૪. અજ્ઞાન ગ્રહણ પાલન - અગીતાર્થ

૫. જ્ઞાન અગ્રહણ અપાલન - શ્રેણિકાદિ અવિરતિ

૬. જ્ઞાન અગ્રહણ પાલન - અનુત્તરવાસી દેવ

૭. જ્ઞાન ગ્રહણ અપાલન - સંવિગ્નપાક્ષિક

૮. જ્ઞાન ગ્રહણ પાલન - દેશવિરત કે સર્વવિરત

અહીં અજ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાનનો અભાવ, પણ જ્ઞાનાવરણ કર્મોદયથી જનિત અજ્ઞાન નહીં. તેથી પ્રથમ ચાર ભાંગા મિથ્યાદૃષ્ટિ જીવને હોય. પછીના ત્રણ અવિરત સમ્યગ્દૃષ્ટિને હોય અને ચરમ ભંગ દેશવિરતિ કે સર્વવિરતિને હોય. તેમાં દેશવિરતિમાં કોઈ એક વ્રતધારી કોઈ બે વ્રતધારી યાવત્ ઉત્કૃષ્ટથી કોઈ બાર વ્રતધારી હોય છે. તેમાં પણ અનુમતિ સિવાયના સર્વ પાપનું જેણે પ્રત્યાખ્યાન કર્યું છે તે ઉત્કૃષ્ટ દેશવિરત છે.

**અનુમતિ-૩ પ્રકારે :**

**૧) પ્રતિસેવનાનુમતિ :** જે પોતે અથવા બીજાએ કરેલ પાપને વખાણે છે અને સાવદ્ય આરંભથી ઉત્પન્ન થયેલ અશનાદિ ભોગવે છે તે.

**૨) પ્રતિશ્રવણાનુમતિ :** પુત્રાદિએ કરેલ સાવદ્યને સાંભળે અને અનુમતિ આપે, પ્રતિષેધ ન કરે તે.

**૩) સંવાસાનુમતિ** : સાવદ્યારંભયુક્ત પુત્રાદિ પર મમત્વ હોય, પરન્તુ તેઓનું કોઈપણ સાવદ્ય વચન સાંભળે નહીં, અને પ્રશંસા પણ ન કરે તે.

સંવાસાનુમતિ માત્ર સેવે તે ઉત્કૃષ્ટ દેશવિરતિ, અને જે પુત્રાદિ પરના મમત્વથી પણ અટક્યો હોય તે સર્વવિરતિ.

**(૨) પ્રાપ્તિ** : મિથ્યાદૃષ્ટિ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય-તિર્યંચ દેશવિરતિ પ્રાપ્ત કરે છે. તેમાં મિથ્યાદૃષ્ટિ જીવ ત્રણ કરણ દ્વારા પ્રથમોપશમસમ્યક્ત્વની સાથે દેશવિરતિ પ્રાપ્ત કરે છે તેનો અધિકાર પૂર્વે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિના અધિકારમાં જણાવ્યો છે. તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાથે દેશવિરતિને પ્રાપ્ત કરનાર મોહનીયની ૨૮ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ દેશવિરતિને પ્રાપ્ત કરવા માટે બે કરણ કરે છે. અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનંતર સમયે દેશવિરતિપણાને પ્રાપ્ત કરે છે. દેશવિરતિ પ્રાપ્તિમાં ત્રીજું અનિવૃત્તિકરણ થતુ નથી.

કરણની પૂર્વાવસ્થામાં પણ પ્રતિસમય અનંતગુણ વધતી વિશુદ્ધિ હોય છે તથા અશુભકર્મનો બે સ્થાનિક રસ કરે છે. શુભ કર્મનો ચાર સ્થાનિક રસ કરે છે... વગેરે પૂર્વે કહ્યુ છે તે પ્રમાણે પૂર્વાવસ્થાનું વિવરણ પણ અહીં યથાયોગ્ય સમજવુ. પરન્તુ બંધ - ઉદય - સત્તા વગેરેમાં અહીં જે ફેરફાર હોય તે સ્વયમેવ વિચારી લેવો.

યથાપ્રવૃત્તકરણમાં પણ પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધે છે અને પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પણ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થતો જાય છે, પરન્તુ અહીં સ્થિતિઘાત અને રસઘાત થતા નથી. શુભકર્મનો પ્રતિસમય અનંતગુણ રસ બાંધતો જાય, અશુભકર્મનો પ્રતિસમય અનંતગુણહીન રસ બાંધે છે. અધ્યવસાયોની સંખ્યા તથા તીવ્રતા-મંદતાનું સ્વરૂપ પૂર્વની માફક અહીં જાણવુ.

અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિઘાત, રસઘાત તથા અપૂર્વ સ્થિતિબંધ શરૂ થાય છે, પરન્તુ ગુણશ્રેણી થતી નથી. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૯ની ચૂર્ણિમાં** કહ્યુ છે - ''ततो अपुव्वकरणं, तंपि तहेव अणूणमणतिरित्तं भणियव्वं । णवरि गुणसेढि नत्थि ।'' સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ હોય છે. અન્તર્મુહૂર્ત દરમિયાન રસઘાત પૂર્ણ થાય છે. હજારો રસઘાત પૂર્ણ થાય ત્યારે પ્રથમ સ્થિતિઘાત પૂર્ણ થાય છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત પસાર થયે અપૂર્વકરણ પૂર્ણ થાય છે.

**(૩) એકાન્તવૃદ્ધિ દેશસંયત** : અપૂર્વકરણ પૂર્ણ થતા અનંતર સમયે જ દેશવિરતિ ગુણને પ્રાપ્ત કરે છે. ત્યારપછી અન્તર્મુહૂર્ત સુધી પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી રહે

છે. માટે તે એકાન્તવૃદ્ધિ દેશસંયત કહેવાય તથા તે જ સમયે નવો સ્થિતિઘાત, રસઘાત અને નવો સ્થિતિબંધ શરૂ થાય છે તથા અસંખ્ય સમય પ્રબદ્ધ દલિકોને ઉકેરી ઉદયાવલિકાની ઉપર અવસ્થિત[1] ગુણશ્રેણીની રચના કરે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યુ છે - ''असंखेज्ज समयपबद्धे ओकड्डियूण गुणसेढीए उदयावलियबाहिरे रचेदि ।'' - **પા. ૧૭૮૧.** ગુણશ્રેણી આયામ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, અને તે સમ્યક્ત્વોત્પત્તિ વખતના ગુણશ્રેણી આયામથી સંખ્યાતગુણહીન છે, જ્યારે દલિકને આશ્રયી અસંખ્યગુણ છે. **શતક(પંચમકર્મગ્રન્થ)ની ગા. ૮૨ની દેવેન્દ્રસૂરિ મહારાજ** કૃત ટીકામાં કહ્યુ છે - ''सम्यक्त्वलाभकाले मन्दविशुद्धिकत्वात् जीवो दीर्घान्तर्मुहूर्त्तवेद्यामल्पतरप्रदेशाग्रां च गुणश्रेणिमारचयति । ततो देशविरतिलाभे सङ्ख्येयगुणहीनान्तर्मुहूर्त्तवेद्यामसङ्ख्येयगुणप्रदेशाग्रां च तां करोति । ततो सर्वविरतिलाभे सङ्ख्येयगुणहीनामन्तर्मुहूर्त्तवेद्यामसङ्ख्येयगुणप्रदेशाग्रां च तां करोति ।'' વળી અહીં ગુણશ્રેણી આયામ અવસ્થિત રહે છે. એટલે કે જેમ જેમ સમય ઉદય દ્વારા ક્ષીણ થતો જાય છે તેમ તેમ ગુણશ્રેણી રચના પ્રથમોપશમ-સમ્યક્ત્વની ગુણશ્રેણીની માફક અવશેષ કાલમાં ન થતા એક એક સમય આગળ વધે છે. આ રીતે ગુણશ્રેણી રચનાનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ નિયત જ રહે છે.

અનંતર સમયે તે જ સ્થિતિઘાત, તે જ રસઘાત અને તે જ પ્રમાણે સ્થિતિબંધ થાય છે. ગુણશ્રેણીમાં પ્રથમ સમય કરતા અસંખ્યગુણ દલિકો ગોઠવાય છે અને ગુણશ્રેણીની રચના તેટલા જ સમયોમાં થાય છે. આમ સંયમાસંયમ લબ્ધિ પ્રાપ્ત કર્યા પછી અન્તર્મુહૂર્ત સુધી એકાન્ત પ્રવર્ધમાન પરિણામી હોય છે. તેટલા કાળમાં આ રીતે હજારો સ્થિતિઘાત થાય છે અને ત્યાં સુધી તે એકાંતવૃદ્ધ દેશસંયત કહેવાય છે. ત્યાર પછી યથાપ્રવૃત્ત દેશસંયત કહેવાય છે.

**(૪) યથાપ્રવૃત્ત દેશસંયત** :- યથાપ્રવૃત્ત સંયતાસંયતના કાળમાં સ્થિતિઘાત તેમજ રસઘાત થતા નથી. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''अधापवत्तसंजदासंजदस्स ठिदिघादो वा अणुभागघादो वा णत्थि ।'' - **પા. ૧૭૮૩. કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૨૯ની ચૂર્ણિ**માં પણ કહ્યુ છે - ''एवं ठितिखंडगेसु बहुसु गतेसु ताहे सभावत्थो देसविरतो वा विरओ वा भवति । सभावदेसविरयस्स विरयस्स वा ठितिघायरसघाया णत्थि ।'' સંયતાસંયતના કાળમાં ગુણશ્રેણી પ્રતિસમય ચાલુ હોય છે, પરન્તુ ગુણશ્રેણી પરિણામાનુસાર

---

૧. અહીં ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણી કહી છે તે વિષયમાં **કર્મપ્રકૃતિ**ના મતે અપ્રત્યાખ્યાનાવરણ કષાયોની અપેક્ષાએ કહ્યુ છે તેમ લાગે છે, કેમકે તે અનુદયવતી પ્રકૃતિ છે અને અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણી નિક્ષેપ ઉદયાવલિકા ઉપર થાય છે, જ્યારે શેષ ઉદયવતી પ્રકૃતિઓની ઉદયસમયથી, અને અનુદયવતી પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણી સંભવે છે. **કષાયપ્રાભૃત**ના મતે ઉદયવતી - અનુદયવતી સર્વપ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણી થાય છે.

વર્ધમાન, હીયમાન કે અવસ્થિત હોય છે. યથાપ્રવૃત્ત સંયતાસંયતનો કાળ ક્યારેક વિશુદ્ધિમાં વધતો હોય, ક્યારેક સંક્લિષ્ટ હોય તથા ક્યારેક અવસ્થિત પણ હોય છે. તે જો પૂર્વસમયથી ઉત્તરસમયે વિશુદ્ધ હોય તો અસંખ્યાતભાગાધિક, સંખ્યાતભાગાધિક, સંખ્યાતગુણ કે અસંખ્યગુણ ગુણશ્રેણી કરે છે. સંક્લિષ્ટ હોય તો આ જ રીતે ચારે પ્રકારે હીન ગુણશ્રેણી કરે. અવસ્થિત પરિણામી હોય તો તેટલી જ ગુણશ્રેણી કરે. આ ઉત્કીર્યમાણ દલિકને આશ્રયી સમજવુ. એટલે કે પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સમયે વિશુદ્ધિ કે સંક્લેશના આધારે ચારે પ્રકારે વૃદ્ધિ કે હાનિવાળુ દલિક ગ્રહણ કરે, પરન્તુ નિક્ષેપનો ક્રમ તો (ઉદયાવલિકાની ઉપરના) ગુણશ્રેણી આયામમાં અસંખ્યગુણના ક્રમે સમજવો. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૦ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "विसुज्झन्तो संखेज्जगुणं वा असंखेज्जगुणं वा संखेज्जभागुत्तरं वा असंखेज्जभागुत्तरं वा करेइ, संकिलिस्समाणो एतेणेव कमेण परिहावेइ, अवट्ठिय-परिणामस्स तत्तिया चेव गुणसेढी, गहणं पडुच्च दलियनिक्खेवं पडुच्च पूर्ववत्, कालं पडुच्च सव्वकालं तत्तिया चेव ।" આ પ્રમાણે દેશવિરતિ ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાણવુ. યથાપ્રવૃત્તસંયતાસંયતનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન્પૂર્વકોટિ વર્ષ પ્રમાણ છે.

પરિણામના હ્રાસથી અનાભોગ પરિણામે જે કોઈ જીવ દેશવિરતિથી પડે તે ફરી પાછા (અન્તર્મુહૂર્ત કાળે) કરણ કર્યા વિના જ દેશવિરતિ પ્રાપ્ત કરી શકે છે અને જેઓ આભોગપૂર્વક દેશવિરતિપણાથી પડ્યા તે જીવો મિથ્યાત્વે જઈને અન્તર્મુહૂર્તકાળે અથવા ઉત્કૃષ્ટથી ઘણા કાળે ફરી પાછા દેશવિરતિ પ્રાપ્ત કરે તો કરણપૂર્વક જ પ્રાપ્ત કરી શકે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યુ છે - "जदि संजमासंजमादो परिणामपच्चएण णिग्गदो, पुणो वि परिणामपच्चएण अंतोमुहूत्तेण आणीदो संजमासंजमं पडिवज्जइ, तस्स वि णत्थि ठिदिघादो वा अणुभागघादो वा । .......जदि संजमासंजमादो पडिवदिदूण [1]आगुंजाए मिच्छत्तं गंतूण तदो संजमासंजमं पडिवज्जइ । अंतोमुहूत्तेण वा विप्पकट्ठेण वा कालेण तस्स वि संजमासंजमं पडिवज्जमाणयस्स एदाणि चेव करणाणि कादव्वाणि ।" - **પા. ૧૭૮૨.**

**(ચ) અલ્પબહુત્વ** : હવે અલ્પબહુત્વાદિ ચાર દ્વારનું વિવરણ **કષાયપ્રાભૃતચૂર્ણિના** અનુસારે કરીએ છીએ - અપૂર્વકરણના પ્રથમ સમયથી એકાન્તવૃદ્ધિ દેશસંયતના ચરમ સમય સુધીમાં જઘન્ય રસખંડોત્કિરણાદ્ધાદિ ૧૮ પદોનું અલ્પબહુત્વ –

**૧) જઘન્ય અનુભાગખંડોત્કિરણાદ્ધા - અલ્પ** :- એકાન્તવૃદ્ધિમાં થતા ચરમ રસઘાતનો કાળ સમજવો.

१. आगुंजनमागुंजा, संक्लेशभरेणान्तराघूर्णनमित्यर्थः । -જયધવલા, પા. ૧૭૮૪.

**૨) ઉત્કૃષ્ટ અનુભાગખંડોત્કિરણાદ્ધા - વિશેષાધિક** :- અપૂર્વકરણના પ્રથમ સમયે શરૂ થયેલ રસઘાતનો કાળ સમજવો.

**૩) જઘન્ય સ્થિતિખંડોત્કિરણાદ્ધા તથા જઘન્યસ્થિતિબંધાદ્ધા - સંખ્યાતગુણ**:- એકાન્તવૃદ્ધિ દેશસંયતના ચરમ સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ અહીં લેવો.

**૪) ઉત્કૃષ્ટ સ્થિતિખંડોત્કિરણાદ્ધા અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદ્ધા - વિશેષાધિક** :- અપૂર્વકરણના પ્રથમ સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ સમજવો.

**૫) એકાંતવૃદ્ધિ દેશસંયતકાળ - સંખ્યાતગુણ** :- દેશવિરતિ પ્રાપ્તિ પછી અન્તર્મુહૂર્ત કાળ સુધી પ્રવર્ધમાન પરિણામી રહે છે. તે અન્તર્મુહૂર્ત અહીં સમજી લેવુ. તેમાં હજારો સ્થિતિઘાત થતા હોવાથી એક સ્થિતિઘાતના કાળથી સંખ્યાતગુણ આવે.

**૬) અપૂર્વકરણાદ્ધા - સંખ્યાતગુણ** :- ઉપરના અન્તર્મુહૂર્તથી અપૂર્વકરણનું અન્તર્મુહૂર્ત સંખ્યાતગુણ હોય છે.

**૭) સંયતાસંયત, સંયત, અસંયત, સમ્યક્ત્વ, મિશ્ર, મિથ્યાત્વ એ છએનો જઘન્યકાળ - સંખ્યાતગુણ, પરસ્પરતુલ્ય.**

**૮) ગુણશ્રેણિ આયામ - સંખ્યાતગુણ.**

**૯) જઘન્ય અબાધાકાળ - સંખ્યાતગુણ** :- એકાન્તવૃદ્ધિના ચરમ સમયે થતા સ્થિતિબંધનો અબાધાકાળ.

**૧૦) ઉત્કૃષ્ટ અબાધાકાળ - સંખ્યાતગુણ** :- અપૂર્વકરણના પ્રથમ સમયે થતા સ્થિતિબંધનો અબાધાકાળ. એકાંતવૃદ્ધિના ચરમ સમયના સ્થિતિબંધ કરતા અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ સંખ્યાતગુણ થાય છે. તેથી અબાધાકાળ પણ ત્યાંના કરતા અહીં સંખ્યાતગુણ આવે.

અહીં સુધીના બધા સ્થાનો અન્તર્મુહૂર્ત પ્રમાણના છે.

**૧૧) જઘન્યસ્થિતિખંડ - અસંખ્યગુણ** :- એકાન્તવૃદ્ધિકાળનો ચરમસ્થિતિખંડ અહીં સમજવો. તે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી પૂર્વના સ્થાન કરતા અસંખ્યગુણ આવે.

**૧૨) અપૂર્વકરણના પ્રથમ સમયે જઘન્ય સ્થિતિખંડ - સંખ્યાતગુણ** :- આ સ્થિતિખંડ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ઉત્તરોત્તર સ્થિતિખંડ ન્યૂન થતો હોય છે માટે અપૂર્વકરણના પ્રથમસ્થિતિખંડથી એકાન્તવૃદ્ધિ કાળનો ચરમસ્થિતિખંડ સંખ્યાતગુણહીન થઈ જાય.

**૧૩) પલ્યોપમ - સંખ્યાતગુણ**

**૧૪) ઉત્કૃષ્ટ સ્થિતિખંડ આયામ - સંખ્યાતગુણ** :- સેંકડો સાગરોપમ પ્રમાણ હોવાથી.

**૧૫) જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- એકાન્તવૃદ્ધિકાળમાં થતો ચરમસ્થિતિબંધ. તે અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી.

**૧૬) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- અપૂર્વકરણના પ્રથમ સમયે થતો સ્થિતિબંધ. તે પણ અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવા છતા પૂર્વોક્ત સ્થિતિબંધથી સંખ્યાતગુણ હોય છે.

**૧૭) જઘન્ય સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- એકાન્તવૃદ્ધિ ચરમ સમયે.

**૧૮) ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- એકાન્તવૃદ્ધિ પ્રથમ સમયે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**ના અલ્પબહુત્વના અક્ષરો આ પ્રમાણે છે :- "तदो एदिस्से परुवणाए समत्ताए संजमासंजमं पडिवज्जमाणगस्स पढमसमयअपुव्वकरणादो जाव संजदासंजदो एयंताणुवड्ढीए चरित्ताचरित्तलद्धिए वड्ढदि, एदम्हि काले ट्ठिदिबंध-ट्ठिदिसंतकम्मट्ठिदिखंडयाणं जहण्णुक्कस्सियाणमाबाहाणं जहण्णुक्कस्सियाणमुक्कीरणाद्धाणं जहण्णुक्कस्सियाणमण्णेसिं च पदाणमप्पाबहुअं वत्तइस्सामो । तं जहा - सव्वत्थोवा जहण्णिया अणुभागखंडयउक्कीरणद्धा । उक्कस्सीया अणुभायखंडयउक्कीरणद्धा विसेसाहिया । जहण्णिया ट्ठिदिखंडयउक्किरणद्धा जहण्णिया ट्ठिदिबंधगद्धा च दो वि तुल्लाओ संखेज्जगुणाओ । उक्कस्सियाओ विसेसाहियाओ । पढमसमयसंजदासंजदप्पहुडि जं एगंताणुवड्ढीए वड्ढदि चरित्ताचरित्तपज्जएहिं एसो वड्ढिकालो संखेज्जगुणो । अपुव्व-करणद्धा संखेज्जगुणा । जहण्णिया संजमासंजमद्धा सम्मत्तद्धा मिच्छत्तद्धा संजमद्धा असंजमद्धा सम्मामिच्छत्तद्धा च एदाओ छप्पि अद्धाओ तुल्लाओ संखेज्जगुणाओ । गुणसेढी संखेज्जगुणा। जहण्णिया अबाहा संखेज्जगुणा । उक्कस्सिया आबाहा संखेज्जगुणा । जहण्णयं ट्ठिदिखंडयमसंखेज्जगुणं। अपुव्वकरणस्स पढमं जहण्णयं ट्ठिदिखंडयं संखेज्जगुणं । पलिदोवमं संखेज्जगुणं । उक्कस्सयं ट्ठिदिखंडयं संखेज्जगुणं । जहण्णओ ट्ठिदिबंधो संखेज्जगुणो। उक्कस्सओ ट्ठिदिबंधो संखेज्जगुणो। जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं।" - **पा. १७८४.**

**(૬) સ્વામિ** :- સંયતાસંયતલબ્ધિના સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય હોય છે. જઘન્ય સંયતાસંયતલબ્ધિ - અલ્પ

ઉત્કૃષ્ટ સંયતાસંયતલબ્ધિ - અનંતગુણ.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''**जहण्णिया संजमासंजमलद्धी थोवा । उक्कस्सिया संजमासंजमलद्धी अणंतगुणा ।'' - પા. ૧૭૮૮.**

જઘન્ય સંયતાસંયતલબ્ધિ -અનંતર સમયે પડી મિથ્યાત્વે જનાર મનુષ્યને હોય છે.

ઉત્કૃષ્ટ સંયતાસંયત લબ્ધિ - અનંતર સમયે સંયમ પ્રાપ્ત કરનાર મનુષ્યને હોય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''**उक्कस्सिया लद्धी कस्स ? संजदासंजदस्स सव्वविसुद्धस्स से काले संजमग्गाहयस्स । जहण्णिया लद्धी कस्स ? तप्पाओग्गसंकिलिट्ठस्स से काले मिच्छत्तं गाहिदित्ति ।'' - પા. ૧૭૮૭.**

**(૭) સ્થાન :-** સંયતાસંયતલબ્ધિસ્થાનો અસંખ્યલોકાકાશના પ્રદેશ જેટલા છે. જઘન્ય સંયતાસંયત લબ્ધિસ્થાનથી ઉત્કૃષ્ટ સંયતાસંયત લબ્ધિસ્થાન પર્યન્ત ષટ્સ્થાનક્રમે અસંખ્ય સંયમાસંયમ લબ્ધિસ્થાનો પ્રાપ્ત થાય છે. સર્વજઘન્ય સ્થાનમાં - અનંતા સ્પર્ધકો, ત્યારપછીના સ્થાનમાં અનંતભાગાધિક સ્પર્ધકો, એમ ષટ્સ્થાનના ક્રમે સંયતાસંયત લબ્ધિસ્થાનો છે. તે અસંખ્યલોકાકાશના પ્રદેશ જેટલા છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યુ છે - ''**जहण्णयं लद्धिट्ठाणमणंताणि फड्डयाणि । तदो विदियलद्धिट्ठाणमणंतभागुत्तरं । एवं छट्ठाणपदिदलद्धिट्ठाणाणि । असंखेज्जा लोगा ।''[१] - પા. ૧૭૮૯.**

---

૧. જઘન્ય સંયતાસંયત લબ્ધિસ્થાનમાં અનંતા સ્પર્ધકો છે તથા ઉત્તરોત્તર સ્થાનમાં ષટ્સ્થાનકના ક્રમે સ્પર્ધકોની વૃદ્ધિ છે એમ કહ્યુ તે બાબતમાં સ્પર્ધકોનો અર્થ જયધવલામાં આ રીતે ઘટાવ્યો છે - ''**एदं जहण्णट्ठाणमणंतेहिं अविभागपडिच्छेदेहिं सव्वजीवेहिं अणंतगुणमेत्तेहिं णिप्फण्णं, एदे चेव अणंता अविभागपडिच्छेदा अणंताणि फड्डयाणि त्ति भणंते, फड्डयसद्दस्साविभागपलिच्छेदवाचित्तेण इह विवक्खियत्तादो । तदो अणंताणि फड्डयाणि एवंविहाविभागपलिच्छेदसरूवाणि घेत्तूणेदं जहण्णलद्धिठाणं होदि त्ति भणिदं सुत्तयारेण । अहवा एदं जहण्णयं लद्धिठाणं मिच्छत्तपडिवादाहिमुहसंजदासंजदचरिमसमए अणंताणं कसायाणुभागफड्डयाणमुदएण जणिदमिति कज्जे कारणोवयारेण अणंताणि फड्डयाणि त्ति भण्णदे, अण्णहा तस्स सरुवणिरुवणोवायाभावादो ।''** - પા. ૧૭૮૯.

ભાવાર્થ :- જયધવલાના કથનનો ભાવાર્થ એ છે કે - ''જઘન્ય સંયમાસંયમ લબ્ધિસ્થાન સર્વજીવથી અનંતગુણ-અવિભાગપરિચ્છેદથી બનેલ છે. આ અનંતા અવિભાગપરિચ્છેદ એ અનંત સ્પર્ધક કહેવાય છે, કેમકે અહીં સ્પર્ધક શબ્દની વિવક્ષા અવિભાગ પરિચ્છેદના વાચક તરીકે કરાઈ છે.

અથવા આ જઘન્ય લબ્ધિસ્થાન મિથ્યાત્વ પ્રતિપાતને અભિમુખ સંયતાસંયતના ચરમ સમયે અનંતા કષાયાનુભાગસ્પર્ધકોના ઉદયથી પેદા થયું છે માટે જઘન્ય સંયમાસંયમ લબ્ધિસ્થાનરૂપ કાર્યમાં અનંત અનુભાગસ્પર્ધકના ઉદયરૂપ કારણનો ઉપચાર કરવાથી અનંતા સ્પર્ધકો એમ કહેવાય છે. બીજી કોઈ રીતે તેના સ્વરૂપનું નિરુપણ થઈ શકે એમ નથી.''

**(૮) તીવ્રતા-મંદતા :-** સંયતાસંયત લબ્ધિસ્થાનો ત્રણ પ્રકારના છે (૧) પ્રતિપાતના (૨) પ્રતિપદ્યમાનના (૩) અપ્રતિપાત - અપ્રતિપદ્યમાનના.

**૧) પ્રતિપાત :-** અનંતર સમયે સંયતાસંયતલબ્ધિથી પડનારને દેશવિરતિના ચરમસમયનું સંયતાસંયત લબ્ધિસ્થાન.

**૨) પ્રતિપદ્યમાન :-** જે સમયે સંયતાસંયતલબ્ધિ પ્રાપ્ત થાય છે તે સમયનું અર્થાત્ સંયતાસંયતના પ્રથમસમયનું લબ્ધિસ્થાન.

**૩) અપ્રતિપાત-અપ્રતિપદ્યમાન :-** પ્રતિપાત તથા પ્રતિપદ્યમાન સિવાયના સ્થાનો.

તાત્પર્ય એ છે કે - દેશવિરતિ પ્રાપ્ત કરવાના પ્રથમ સમયે વિવિધ જીવોની અપેક્ષાએ જે અસંખ્ય લોકાકાશપ્રદેશ જેટલા સંયતાસંયતલબ્ધિસ્થાનો છે તે બધા પ્રતિપદ્યમાનસ્થાનો, દેશવિરતિથી પડતા ચરમસમયના વિવિધ જીવોની અપેક્ષાએ જે લબ્ધિસ્થાનો છે તે પ્રતિપાતસ્થાનો, અને તે સિવાયના શેષ (સમયના) દેશવિરતિના સ્થાનો અપ્રતિપાત - અપ્રતિપદ્યમાન (અનુભય) સ્થાનો છે.

અનંતરસમયે સર્વવિરતિ પ્રાપ્ત કરનારને દેશવિરતિના ચરમસમયનું સ્થાન અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનમાં આવે. તેવી રીતે સર્વવિરતિથી દેશવિરતિ પ્રાપ્ત કરનારને પ્રથમ સમયનું સ્થાન પણ અપ્રતિપાત - અપ્રતિપદ્યમાનમાં સંભવે છે.

તીવ્રતા - મંદતાનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે :-

**(૧) મનુષ્યનું જઘન્ય પ્રતિપાતસ્થાન - અલ્પ :-** મિથ્યાત્વાભિમુખ, અનંતરસમયે મિથ્યાત્વે જનાર સર્વસંક્લિષ્ટ દેશવિરતિને આ સ્થાન હોય છે.

**(૨) તિર્યંચનું જઘન્ય પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** અનંતરસમયે મિથ્યાત્વે જનાર સંક્લિષ્ટ દેશવિરત તિર્યંચને આ સ્થાન હોય છે. મનુષ્યના જઘન્યસ્થાનથી અસંખ્યલોકાકાશ પ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી આ સ્થાન આવતુ હોવાથી...

**(૩) તિર્યંચનું ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** તિર્યંચના જઘન્ય પ્રતિપાતસ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ગયા પછી આ સ્થાન આવતુ હોવાથી. આ સ્થાન અનંતર સમયે અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ દેશવિરત તિર્યંચને હોય.

**(૪) મનુષ્યનું ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** તિર્યંચના ઉત્કૃષ્ટપ્રતિપાતસ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી આ સ્થાન આવતુ હોવાથી આ સ્થાન અનંતરસમયે અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ દેશવિરત મનુષ્યને હોય છે.

**(૫) મનુષ્યનું જઘન્ય પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** મિથ્યાત્વ ગુણસ્થાનકથી સમ્યક્ત્વની સાથે દેશવિરતિ પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્યવિશુદ્ધ દેશવિરત મનુષ્યને આ સ્થાન હોય છે. તે પૂર્વના કરતા અનંતગુણ વિશુદ્ધ હોય છે.

**(૬) તિર્યંચનું જઘન્ય પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** મિથ્યાત્વ ગુણસ્થાનકથી સમ્યક્ત્વની સાથે દેશવિરતિ પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્યવિશુદ્ધ દેશવિરત તિર્યંચને આ સ્થાન હોય છે. મનુષ્યની માફક તિર્યંચને દેશવિરતિયોગ્ય સર્વજઘન્યસંક્લેશ કે સર્વજઘન્યવિશુદ્ધિનો અસંભવ છે માટે.

**(૭) તિર્યંચનું ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી દેશવિરતિ પ્રાપ્ત કરનાર સર્વવિશુદ્ધ તિર્યંચને આ સ્થાન હોય છે.

**(૮) મનુષ્યનું ઉત્કૃષ્ટપ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી દેશવિરતિ પ્રાપ્ત કરનાર સર્વવિશુદ્ધ મનુષ્યને આ સ્થાન હોય છે.

**(૯) મનુષ્યનું જઘન્ય અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** પ્રતિપાત-પ્રતિપદ્યમાન સિવાયના શેષ સ્થાનકોમાંનું જઘન્યસ્થાન એટલે કે અલ્પવિશુદ્ધિવાળુ સ્થાન અહીં લેવુ.

**(૧૦) તિર્યંચનું જઘન્ય અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** પ્રતિપાત-પ્રતિપદ્યમાન સિવાયના શેષ સ્થાનકોમાં તિર્યંચપ્રાયોગ્ય જે સ્થાનો છે તેમાંનું યથાયોગ્ય સર્વાલ્પવિશુદ્ધિવાળું સ્થાન અહીં સમજવુ. આ સ્થાન પૂર્વના સ્થાનથી અસંખ્યલોક જેટલા સ્થાનો ઓળંગ્યા પછીનું હોવાથી.

**(૧૧) તિર્યંચનું ઉત્કૃષ્ટ અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** પ્રતિપાત-પ્રતિપદ્યમાન સિવાયના શેષ સ્થાનકોમાં તિર્યંચપ્રાયોગ્ય જે સ્થાનો છે તેમાંનું યથાયોગ્ય ઉત્કૃષ્ટવિશુદ્ધિવાળુ સ્થાન અહીં સમજવુ.

**(૧૨) મનુષ્યનું ઉત્કૃષ્ટ અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** સંયમાભિમુખ અનંતર સમયે સંયમ પ્રાપ્ત કરનાર સર્વવિશુદ્ધદેશવિરતને ચરમ સમયે આ સ્થાન હોય છે. તિર્યંચના ઉત્કૃષ્ટ અપ્રતિપાત-અપ્રતિપદ્યમાન સ્થાન પછી અસંખ્યલોકાકાશ-પ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી પછી મનુષ્યનું ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી અનંતગુણ.

તીવ્રતા-મંદતાના અલ્પબહુત્વનો **કષાયપ્રાભૃતચૂર્ણિનો** પાઠ આ પ્રમાણે છે - ''तिव्वमंददाए अप्पाबहुअं - 'सव्वमंदाणुभागं जहण्णगं संजमासंजमस्स लद्धिठाणं । मणुसस्स पडिवदमाणयस्स जहण्णयं लद्धिठाणं तत्तियं चेव । तिरिक्खजोणियस्स पडिवदमाणयस्स जहण्णयं लद्धिठाणमणंतगुणं। तिरिक्खजोणियस्स पडिवदमाणयस्स उक्कस्सयं लद्धिठाणमणंतगुणं । मणुससंजदासंजदस्स पडिवदमाणगस्स उक्कस्सयं

लद्धिठाणमणंतगुणं। मणुसस्स पडिवज्जमाणगस्स जहण्णयं लद्धिठाणमणंतगुणं । तिरिक्खजोणियस्स पडिवज्जमाणगस्स जहण्णयं लद्धिठाणमणंतगुणं । तिरिक्खजोणियस्स पडिवज्जमाणयस्स उक्कस्सयं लद्धिठाणमणंतगुणं । मणुसस्स पडिवज्जमाणगस्स उक्कस्सयं लद्धिठाणमणंतगुणं। मणुसस्स अपडिवज्जमाण-अपडिवदमाणयस्स जहण्णयं लद्धिठाणमणंतगुणं । तिरिक्ख-जोणियस्स अपडिवज्जमाण-अपडिवदमाणयस्स जहण्णयं लद्धिठाणमणंतगुणं। तिरिक्ख-जोणियस्स अपडिवज्जमाण-अपडिवदमाणगस्स उक्कस्सयं लद्धिठाणमणंतगुणं । मणुसस्स अपडिवज्जमाण-अपडिवदमाणयस्स उक्कस्सयं लद्धिठाणमणंतगुणं । - **धा. १७९३.**

ઉપરોક્ત તીવ્રતા-મંદતા ઉપરથી સંયતાસંયત લબ્ધિસ્થાનોની અસત્સ્થાપના આ રીતે થઈ શકે.

| મનુષ્ય | મનુ.તિ. | મનુષ્ય | અંતર | મનુષ્ય | મનુ.તિ. | મનુષ્ય | અંતર | મનુષ્ય | મનુ.તિ. | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 | 0000 |
| | પ્રતિપાતસ્થાન | | | | પ્રતિપદ્યમાનસ્થાન | | | | અનુભયસ્થાન | |

દેશવિરતિના જઘન્યસ્થાનથી ઉત્કૃષ્ટસ્થાન સુધી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોની સ્થાપના કરવી. તેમાં શરૂઆતના (જઘન્યથી) અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો પ્રતિપાતસ્થાનો છે. દેશવિરતિથી પડનારને ચરમ સમયે આમાંનું સ્થાન આવે છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશના પ્રદેશપ્રમાણ સ્થાનોનું આંતરૂ આવે. આંતરૂ એટલે આ સ્થાનોનો સ્વામી કોઈ નથી. ત્યાર પછી અસંખ્યલોકાકાશના પ્રદેશ પ્રમાણ સ્થાનો પ્રતિપદ્યમાનસ્થાનો છે. દેશવિરતિની પ્રાપ્તિ કરનારને પ્રથમ સમયે આમાંનું સ્થાન આવે છે. તે સિવાય આ સ્થાનકોમાંનું કોઈ પણ સ્થાન આવતુ નથી. ત્યારપછી વળી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનોનું આંતરૂં આવે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અનુભય સ્થાનો એટલે કે અપ્રતિપાત - અપ્રતિપદ્યમાન સ્થાનો જાણવા. સંયતાસંયતના પ્રાપ્તિના દ્વિતીય સમયથી સંયતાસંયતના ચરમ સમય સુધી સંયમ પ્રાપ્ત કરનારને અને સંયતાસંયતથી પતિત થનારને દ્વિચરમ સમય સુધીના સ્થાનો અપ્રતિપાત - અપ્રતિપદ્યમાન સ્થાનો હોય છે. તથા સંયમથી પડી દેશવિરતિ પ્રાપ્ત કરનારને પ્રથમ સમયનુ સ્થાન પણ અનુભયમાં સંભવે છે.

[1]અહીંયા આમ વચ્ચે બે ઠેકાણે આંતરા બતાવ્યા છે. પરન્તુ તે સિવાય સ્થાપિત

૧. ધવલા ટીકામાં સ્થાનો તથા અંતર આ પ્રમાણે બતાવ્યા છે - "आदीदोप्पहुडि तिरिक्ख-मणुस्स-संजदासंजदाणं पडिवादट्ठाणाणि असंखेज्जलोगमेत्ताणि हवंति । तदो अंतरं होदूण तिरिक्ख-मणुस्स-संजदासंजदाणं पडिवज्जमाणट्ठाणाणि असंखेज्जलोगमेत्ताणि होंति। तदो अंतरं होदूण तिरिक्खमणुस्ससंजदासंजदाणं अपडिवाद-अपडिवज्जमाणट्ठाणाणि असंखेज्जलोगमेत्ताणि होंति ।" -પુસ્તક ૬ઠ્ઠુ, પૃ. ૨૭૬.

સ્થાનોમાં પણ અંતર આ રીતે સંભવી શકે છે - મિથ્યાત્વાભિમુખના ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન અને અવિરતિ અભિમુખના જઘન્ય પ્રતિપાતસ્થાન વચ્ચે, તથા તેવી જ રીતે મિથ્યાત્વથી આવનારના ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાનસ્થાન અને અવિરતિથી આવનારના જઘન્ય પ્રતિપદ્યમાન-સ્થાન વચ્ચે પણ અસંખ્યલોકાકાશના પ્રદેશ પ્રમાણ સ્થાનોનું અંતર સંભવી શકે છે. (આ અંતર મનુષ્ય-તિર્યંચના સાધારણ સ્થાનોમાં સંભવે) આવી રીતે પ્રતિપાતાદિ ત્રણે પ્રકારના સ્થાપિત સ્થાનોમાં પણ અન્ય અંતરો સંભવતા હોય ત્યાં બહુશ્રુતોએ યોજવા.

તથા જઘન્ય પ્રતિપદ્યમાનસ્થાન ષટ્સ્થાનકના અનંતગુણવૃદ્ધના સ્થાને આવતું હોય તો પ્રતિપાતસ્થાનો અને પ્રતિપદ્યમાન સ્થાનો વચ્ચે આંતરા વગર પણ ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાનથી જઘન્ય પ્રતિપદ્યમાનસ્થાન અનંતગુણ આવી શકે. તેવી જ રીતે ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાન સ્થાન અને જઘન્ય અનુભયસ્થાન વચ્ચે પણ આંતરા વગર ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાનસ્થાનથી જઘન્ય અનુભયસ્થાન અનંતગુણ આવી શકે. માટે સર્વત્ર અંતર તથા સ્થાનોની પ્રરૂપણા બહુશ્રુતો પાસેથી જાણી લેવી. અહીં તત્ત્વ અતિશયજ્ઞાની જાણે.

આમાં ત્રણે પ્રકારના સ્થાનોમાં જઘન્યથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો એકલા મનુષ્યને હોય છે, ત્યારપછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો મનુષ્ય-તિર્યંચ ઉભયયોગ્ય છે, ત્યારપછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો એકાંતે મનુષ્યને હોય છે અને તેથી જ તીવ્રતા-મંદતામાં દરેક ભેદમાં મનુષ્યની જઘન્યવિશુદ્ધિથી તિર્યંચની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ કહી છે અને તેથી તિર્યંચની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ કહી છે અને તેથી મનુષ્યની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ કહી છે, તે ઘટી શકે છે.

આમ અહીં તીવ્રતા-મંદતાની સૂત્રોના આધારે સ્થાપના બતાવી.

હવે **સત્પદાદિ** આઠ અનુયોગ દ્વારો વડે **દેશવિરતિ**ની પ્રરૂપણા કરીએ છીએ.

**(૧) સત્પદ (૨) દ્રવ્ય (૩) ક્ષેત્ર (૪) સ્પર્શના (૫) કાળ (૬) અંતર (૭) ભાગ (૮) અલ્પબહુત્વ**

**(૧) સત્પદ :- પ્રશ્ન** - દેશવિરતિની સત્તા જગતમાં છે ? **જવાબ** - છે.

**(૨) દ્રવ્ય :- પ્રશ્ન** - જગતમાં સંયતાસંયત જીવો કેટલા છે ?

**જવાબ** - સંયતાસંયત જીવો બે પ્રકારના છે : (૧) પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય (૨) પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ. તેમાં મનુષ્ય સંયતાસંયત સંખ્યાતા છે. તિર્યંચ સંયતાસંયત જીવો ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા છે (અસંખ્યાતા છે).

**(૩) ક્ષેત્ર** :- સંયતાસંયત મનુષ્યો અઢીદ્વીપ રૂપ મનુષ્યલોકમાં હોય છે, તિર્યંચો ત્રણે લોકમાં હોય છે.

**(૪) સ્પર્શના** :- સંયતાસંયતજીવોની સ્પર્શના ૬ રાજ પ્રમાણ છે, કેમકે મરણ સમુદ્ઘાત દ્વારા તિર્ચ્છાલોકમાં રહેલ સંયતાસંયત અચ્યુતદેવલોક સુધીના ક્ષેત્રને સ્પર્શે છે.

**(૫) કાળ** :- એક જીવ આશ્રયી સંયતાસંયતનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન્પૂર્વકોટી પ્રમાણ હોય છે. અનેક જીવ આશ્રયી સર્વકાળે દેશવિરતિ જીવો હોય છે.

**(૬) અંતર** :- એક જીવની અપેક્ષાએ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનાર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ અંતર હોય છે. અનેક જીવ આશ્રયી સર્વકાળે દેશવિરતિ જીવો હોવાથી અંતર નથી.

**(૭) ભાગ** :- દેશવિરત જીવો સર્વજીવોના અનંતમા ભાગે છે.

**(૮) અલ્પબહુત્વ** :- દેશવિરતિ મનુષ્ય - થોડા, દેશવિરતિ તિર્યંચ - અસંખ્યગુણ.

સંયતાસંયતલબ્ધિ ક્ષાયોપશમિક ભાવે છે, ઔદયિકભાવે નહીં, કેમકે દેશવિરત જીવને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોતો નથી.

**પ્રશ્ન**-પ્રત્યાખ્યાનાવરણનો ઉદય દેશવિરતિને હોય છે, તો પછી ઔદયિક ભાવ કેમ નહીં?

**જવાબ** - પ્રત્યાખ્યાનાવરણનો ઉદય દેશવિરતિપણાને કાંઈ કરતો નથી. તે તો સર્વવિરતિપણાને અટકાવે છે. માટે દેશવિરતિ ઔદયિક ભાવે નથી.

**પ્રશ્ન** - તો પછી અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયના અભાવથી ઉત્પન્ન થયેલ હોવાથી દેશવિરતિ ક્ષાયિકભાવે કેમ ન કહેવાય ?

**જવાબ** - દેશવિરતિ ક્ષાયિકભાવે નથી, કેમકે પ્રત્યાખ્યાનાવરણ કષાયની સાથે સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયને પણ દેશવિરત જીવ વેદે છે અને ઉદયમાં આવતી આ તેર પ્રકૃતિઓ દેશવિરતિને દેશઘાતિ (ક્ષાયોપશમિક) કરે છે. આ ૧૩ પ્રકૃતિના દેશઘાતિસ્પર્ધકોના વિપાકોદયથી અને અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્કના પ્રદેશોદયથી દેશવિરતલબ્ધિ ક્ષાયોપશમિક થાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યુ છે - "संजदासंजदो अपच्चक्खाणकसाए ण वेदयदि । पच्चक्खाणावरणीया वि संजमासंजमस्स ण किंचि आवरेंति । सेसा चदुकसाया णवणोकसायवेदणीयाणि च उदिण्णाणि देसघादिं करेदि संजमासंजमं । जइ पच्चक्खाणावरणीयं वेदेंतो सेसाणि चरित्तमोहणीयाणी ण वेदेज्ज तदा संजमासंजमलद्धि खइया होज्ज । एक्केण वि उदिण्णेण खओवसमलद्धि भवदि ।" **-પૃ. ૧૭૬૪.**

# (૩) સર્વવિરતિ અધિકાર

દેશવિરતિનું વર્ણન વિસ્તૃત રીતે કર્યું છે. હવે સર્વવિરતિનો અધિકાર વર્ણવીએ છીએ. તેના દ્વાર પણ દેશવિરતિ પ્રમાણે છે - **(૧) સ્વરૂપ (૨) પ્રાપ્તિ (૩) [એકાન્તવૃદ્ધિ] અપૂર્વકરણ સંયત (૪) યથાપ્રવૃત્ત સંયત (૫) અલ્પબહુત્વ (૬) સ્વામિ (૭) સ્થાન.**

**(૧) સ્વરૂપ** :- સર્વસાવદ્યયોગથી વિરમવુ - અટકવુ તે સર્વસંયમ. તે ત્રણ પ્રકારે છે (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક.

**૧) ઔપશમિક ચારિત્ર** : ચારિત્રમોહનીયકર્મની ઉપશમનાથી ઉત્પન્ન થતુ ચારિત્ર તે ઔપશમિક ચારિત્ર. આ ચારિત્ર ૧૧મા ગુણસ્થાનકે સંપૂર્ણપણે હોય છે.

**૨) ક્ષાયિક ચારિત્ર** : ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતુ ચારિત્ર તે ક્ષાયિક ચારિત્ર. આ ચારિત્ર ક્ષીણકષાયાદિ ગુણસ્થાનકે જ હોય છે.

**૩) ક્ષાયોપશમિક ચારિત્ર** : ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલુ ચારિત્ર તે ક્ષાયોપશમિક ચારિત્ર, અર્થાત્ ચારિત્રમોહનીયની સર્વઘાતિ પ્રકૃતિઓના વિપાકોદયાભાવ અને સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયરૂપ દેશઘાતિ પ્રકૃતિઓના સર્વઘાતિ રસસ્પર્ધકોના ઉદયાભાવ અને દેશઘાતિ સ્પર્ધકોના ઉદયરસને અનંતગુણહીન કરીને ઉત્પન્ન થતુ સંયમ તે ક્ષાયોપશમિક સંયમ છે.

ચારિત્રલબ્ધિ એ તો આત્મિક ગુણ છે, કર્મના ઉદયથી પ્રગટ થતો ભાવ નથી. ચારિત્રમોહનીય કર્મનો ઉદય ચારિત્રલબ્ધિમાં અંતરાયભૂત છે. તેથી જ જ્યાં સુધી ચારિત્રમોહનીયની સર્વઘાતી પ્રકૃતિઓનો જેમકે બાર કષાયનો ઉદય હોય ત્યાં સુધી ચારિત્રની પ્રાપ્તિ જીવને થતી નથી. શેષ સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયના સર્વઘાતિ રસસ્પર્ધકો સંયમના ઘાતક છે. પરન્તુ તેઓના સ્પર્ધકો (બાર કષાયના ઉદયના અભાવમાં) દેશઘાતિ થઈને ઉદયમાં આવતા હોવાથી ચારિત્ર લબ્ધિમાં અતિચારો ઉત્પન્ન કરી શકે છે, પરન્તુ ચારિત્રલબ્ધિનો સર્વથા નાશ કરવા સમર્થ થતા નથી. તેથી જ્યારે આ બારે કષાયનો (વિપાકથી) ઉદયાભાવ હોય અને સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયના દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય હોય તે વખતે જીવને ક્ષાયોપશમિક ભાવનું ચારિત્ર હોય છે.

**પ્રશ્ન** - સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયનો ઉદય હોય છે તો પછી ચારિત્રલબ્ધિને ક્ષાયોપશમિક કેમ કહો છો ?

**જવાબ** - જ્યાં જ્યાં ગુણને ઘાત કરનારી પ્રકૃતિઓના સર્વઘાતિ સ્પર્ધકો માત્ર પ્રદેશોદયથી જ ઉદયમાં આવતા હોય અથવા તો અનંતગુણહીન રસવાળા થઈ દેશઘાતિ રૂપ બનીને એવી રીતે ઉદયમાં આવતા હોય કે ગુણનો સર્વથા ઘાત કરી શકવાને સમર્થ ન થાય

ત્યાં તે ગુણ ક્ષયોપશમભાવે કહેવાય. માટે જ મોહનીયનો વિપાકોદય હોવા છતા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે અને તેવી જ રીતે અહીં પણ સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાયનો ઉદય હોવા છતા તેના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોવાથી ક્ષાયોપશમિક ચારિત્ર કહેવાય છે.[1]

ઉપશમચારિત્ર અને ક્ષાયિકચારિત્રનો અધિકાર આગળ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિના અધિકારમાં વર્ણવવામાં આવશે. ક્ષાયોપશમિક ચારિત્રનો અધિકાર અહીં જણાવવામાં આવે છે.

**(૨) પ્રાપ્તિ :-** મિથ્યાદૃષ્ટિ જીવ ઉપશમ સમ્યક્ત્વ સાથે ક્ષાયોપશમિક સંયમ પામે છે, તેનો અધિકાર પૂર્વે પ્રથમોપશમ સમ્યક્ત્વમાં કહેવાઈ ગયો છે.

મોહનીયની ૨૮ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાથે ચારિત્ર પામવાને માટે તથા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ અવિરત કે દેશવિરત જીવ ચારિત્રની પ્રાપ્તિ માટે બે કરણ કરે છે. કરણની પૂર્વાવસ્થાનું વર્ણન યથાયોગ્ય રીતે તથા બે કરણનું વર્ણન દેશવિરતિ પ્રાપ્તિમાં કહ્યુ તે પ્રકારે અહીં પણ સમજવુ. ત્યાં અપૂર્વકરણ પૂર્ણ થતા અનંતર સમયે દેશવિરતિની પ્રાપ્તિ કરે છે એને બદલે અહીં સર્વવિરતિની પ્રાપ્તિ કરે છે એમ કહેવુ. તથા ત્યાં દેશવિરતિની પ્રાપ્તિને યોગ્ય સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય બન્ને હતા, અહીં સર્વવિરતિની પ્રાપ્તિ એકલા મનુષ્યને જ થાય છે એમ સમજવુ. તથા અપૂર્વકરણ પૂર્ણ થયા બાદ અનંતર સમયે સર્વવિરતિની પ્રાપ્તિના પ્રથમ સમયથી જે અવસ્થિત ગુણશ્રેણી કરે છે તે ગુણશ્રેણી કાળની અપેક્ષાએ દેશવિરતિની ગુણશ્રેણીથી સંખ્યાતગુણહીન આયામવાળી છે. જ્યારે દલિકની અપેક્ષાએ અસંખ્યગુણ છે. **શતકની** ટીકામાં **દેવેન્દ્રસૂરિ** મ. આ વસ્તુ જણાવી છે, જેનો પાઠ આગળ દેશવિરતિના અધિકારમાં બતાવી ગયા છીએ.

**(૩) અપૂર્વકરણ સંયત :-** સંયમની પ્રાપ્તિ પછી અન્તર્મુહૂર્ત સુધી જીવ પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વધતો જાય છે અને ત્યાં સુધી એ જીવ અપૂર્વકરણ સંયત કહેવાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યુ છે - "तदो पढमसमयसंजमप्पहुडि अंतोमुहुत्तमणंतगुणाए चरित्तलद्धीए वड्ढदि । जाव चरित्तलद्धीए एगंताणुवड्ढीए वड्ढदि ताव अपुव्वकरणसण्णिदो भवदि ।" - **પૃ. ૧૭૭૮** અપૂર્વકરણ સંયતના કાળમાં સ્થિતિઘાત-રસઘાત ચાલુ રહે છે. તથા પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો લઈ અવસ્થિત આયામવાળી ઉદયાવલિકાની ઉપર ગુણશ્રેણી થાય છે.

---

૧. "कथं खओवसमिया लद्धि ? चदुसंज्वलननवनोकसायाणं देसघादिफद्दयाणमुदएण संजमुप्पत्तीदो । कधमेदेसिं उदयस्स खओवसमववएसो ? सव्वघादिफद्दयाणि अणंतगुणहीणाणि होदूण देसघादिफद्दयत्तणेण परिणमिय उदयमागच्छंति। तेसिं अणंतगुणहीणत्तं खओ णाम । देसघादिफद्दयसरूवेण-वट्ठाणमुवसमो । तेहिं खओवमसमेहिं संजुत्तोदओ खओवसमो णाम । तदो समुप्पण्णो संजमो वि तेंण खओवसमिओ ।"

**(૪) યથાપ્રવૃત્ત સંયત :-** અપૂર્વકરણ સંયતકાળના અનંતર સમયે જીવ યથાપ્રવૃત્ત સંયત થાય છે. યથાપ્રવૃત્તસંયતના કાળમાં વિશુદ્ધિમાં વધે - ઘટે કે અવસ્થિત પણ રહે. સ્થિતિઘાત - રસઘાત થતા નથી. ગુણશ્રેણી ચાલુ રહે છે, પરન્તુ પ્રતિસમય અસંખ્યગુણ દલિક ગ્રહણ કરે તેવો નિયમ નથી. પૂર્વ સમયથી ઉત્તર સમયે વિશુદ્ધ હોય તો અસંખ્યગુણ, સંખ્યાતગુણ, સંખ્યાતભાગાધિક કે અસંખ્યાતભાગાધિક દલિકો લઈ ગુણશ્રેણીની રચના કરે અને સંક્લિષ્ટ હોય તો અસંખ્યગુણહીન, સંખ્યાતગુણહીન, સંખ્યાતભાગહીન અથવા અસંખ્યાતભાગહીન દલિકો લઈ ગુણશ્રેણીની રચના કરે, અવસ્થિત પરિણામિ હોય તો પૂર્વ સમયના જેટલા જ દલિકો ઉકેરી ગુણશ્રેણીની રચના કરે.

યથાપ્રવૃત્તસંયત જો અનાભોગથી સંયમથી પડીને સ્થિતિની વૃદ્ધિ કર્યા વિના પુનઃ સંયમ પામે તો બે કરણ વિના સંયમ પામી શકે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "संजमादो णिग्गदो असंजमं गंतूण जो ठिदिसंतकम्मेण अणवड्डिदेण पुणो संजमं पडिवज्जदि तस्स संजमं पडिवज्जमाणगस्स णत्थि अपुव्वकरणं, णत्थि ट्ठिदिघादो, णत्थि अणुभागघादो।" - **પૃ.૧૮૦૦.** જ્યારે આભોગ પરિણામે પડીને સ્થિતિ અને રસની વૃદ્ધિ કરીને ફરી પાછુ સંયમ પામે તે નિયમા બે કરણ કરીને જ પામી શકે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૦ની ચૂર્ણિ**માં કહ્યુ છે-"जति परणािमपच्चतेणं निग्गतो देसविरतीतो विरतीतो वा पुणो परिणामपच्चयेणं चेव जतो पडिओ तं पडिवज्जमाणस्स णत्थि ठितिघातो रसघातो वा। अह पुण आभोएणं देसविरतितो विरतितो वा वि पडिओ आभोएणं मिच्छत्तं गंतु पुणो देसविरतिं वा विरतिं वा पडिवज्जेति अन्तोमुहूत्तेणं वा विगिट्ठेण वा कालेण तस्स पडिवज्जमाणस्स एयाणि चेव करणाणि णियमा काऊण पडिवज्जियव्वं।"

**(૫) અલ્પબહુત્વ :-** અપૂર્વકરણના પ્રથમ સમયથી અપૂર્વકરણ સંયતના ચરમ સમય સુધીમાં અનુભાગખંડોત્કિરણાદ્ધાદિ ૧૮ પદોનું અલ્પબહુત્વ અહીં પણ સંયતાસંયત અર્થાધિકારવત્ જાણવુ. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં એ અલ્પબહુત્વનો પાઠ આ પ્રમાણે છે - "संजमं पडिवज्जमाणयस्स वि पढमसमयअपुव्वकरणमादिं कादूण जाव ताव अधापवत्त-संजदो त्ति एदम्हि काले इमेसिं पदाणमप्पाबहुअं कादव्वं । तं जहा - *अणुभागखंडय-*उक्कीरणद्धाओ जहण्णुक्कस्सियाओ ट्ठिदिखंडयुक्कीरणद्धाओ जहण्णुक्कस्सियाओ इच्चेवमादीणि पदाणि । सव्वत्थोवा जहण्णिया अणुभागखंडयउक्कीरणद्धा । सा चेव उक्कस्सिया विसेसाहिया । जहण्णिया ट्ठिदिखंडयउक्कीरणद्धा ट्ठिदिबंधगद्धा च दो वि तुल्लाओ संखेज्जगुणाओ । तेसिं चेव उक्कस्सिया विसेसाहिया । पढमसमयसंजदमादिं कादूण जं कालमेयंताणुवड्डीए वड्ढदि, एसा अद्धा संखेज्जगुणा । अपुव्वकरणद्धा संखेज्जगुणा । जहण्णिया संजमद्धा संखेज्जगुणा । गुणसेढिणिक्खेवो संखेज्जगुणो । जहण्णिया आबाहा

संखेज्जगुणा । उक्कस्सिया आबाहा संखेज्जगुणा । जहण्णयं ट्ठिदिखंडयमसंखेज्जगुणं । अपुव्वकरणस्स पढमसमए जहण्णयट्ठिदिखंडयं संखेज्जगुणं । पलिदोवमं संखेज्जगुणं । पढमस्स ट्ठिदिखंडयस्स विसेसो सागरोवमपुधत्तं संखेज्जगुणं । जहण्णओ ट्ठिदिबंधो संखेज्जगुणो । उक्कस्सओ ट्ठिदिबंधो संखेज्जगुणो। जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।'' - **पृ. १८००.**

**(૬) સ્વામી** :- સંયમલબ્ધિના સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતાયુષ્યવાળા મનુષ્ય છે. જઘન્ય સંયતલબ્ધિ - અલ્પ, ઉત્કૃષ્ટ સંયતલબ્ધિ - અનંતગુણ.

**(૭) સ્થાન** :- જઘન્ય સંયમસ્થાનમાં અનંતા સ્પર્ધકો, ત્યાર પછી ષટ્સ્થાનકના ક્રમે વધતા યાવત્ ઉત્કૃષ્ટ સ્થાન સુધી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો આવે.

સંયમસ્થાન ત્રણ પ્રકારના - ૧) પ્રતિપાતસ્થાન, ૨) પ્રતિપદ્યમાનસ્થાન, ૩) લબ્ધિસ્થાનો.

**૧) પ્રતિપાતસ્થાન** :- અનંતર સમયે સંયમથી પડી મિથ્યાત્વે, અવિરતિસમ્યગ્દષ્ટિપણામાં કે દેશવિરતિપણામાં જનાર સંયતને ચરમ સમયનું સંયમસ્થાન.

**૨) પ્રતિપદ્યમાન** :- સર્વવિરતિની પ્રાપ્તિનું પ્રથમ સમયનું સ્થાન.

**૩) લબ્ધિસ્થાન** :- પ્રતિપાતસ્થાનો, પ્રતિપદ્યમાનસ્થાનો તથા તે સિવાયના સર્વસંયમસ્થાનો - અર્થાત્ સર્વ સંયમસ્થાનો લબ્ધિસ્થાનો કહેવાય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''एत्तो जाणि ठाणाणि ताणि तिविहाणि । तं जहा- १ पडिवादट्ठाणाणि २ उप्पादट्ठाणाणि ३ लद्धिट्ठाणाणि । पडिवादट्ठाणं णाम जम्हि ट्ठाणे मिच्छत्तं वा असंजमसंमत्तं वा संजमासंजमं वा गच्छदि तं पडिवादट्ठाणं । उप्पादयट्ठाणं णाम जम्हि ट्ठाणे संजमं पडिवज्जइ तमुप्पादयट्ठाणं णाम । सव्वाणि चेव चरित्तट्ठाणाणि लद्धिट्ठाणाणि ।'' - **पृ. १८०२.**

પ્રતિપાતસ્થાન - સર્વાલ્પ

પ્રતિપદ્યમાનસ્થાનો - અસંખ્યગુણ

લબ્ધિસ્થાનો - અસંખ્યગુણ

**કષાયપ્રાભૃતચૂર્ણિ**નો પાઠ - 'सव्वत्थोवाणि पडिवादट्ठाणाणि, उप्पादयट्ठाणाणि असंखेज्जगुणाणि, लद्धीट्ठाणाणि असंखेज्जगुणाणि ।' - **पृ. १८०३.**

**તીવ્રતા - મંદતા :**

**(૧) મિથ્યાત્વાભિમુખને સર્વજઘન્ય પ્રતિપાતસ્થાન - અલ્પ (=સર્વથી અલ્પ લબ્ધિવાળુ):-** મિથ્યાત્વાભિમુખ સર્વસંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે.

**(૨) મિથ્યાત્વાભિમુખને ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** અનંતર સમયે મિથ્યાત્વને પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે. પૂર્વના સ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગીને આ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી.

**(૩) અવિરતાભિમુખ જઘન્ય પ્રતિપાતસ્થાન - અનંતગુણ[1] :-** અનંતર સમયે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્યઉત્કૃષ્ટસંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે. મિથ્યાત્વે જનાર કરતા અવિરતિએ જનારનો સંક્લેશ ઓછો હોવાથી મિથ્યાત્વાભિમુખના ઉત્કૃષ્ટ સ્થાન કરતા પણ અવિરતિ અભિમુખનું જઘન્યસ્થાન અનંતગુણ આવે.

**(૪) અવિરતાભિમુખ ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** અનંતર સમયે અવિરતિ સમ્યગ્દષ્ટિ થનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે. પૂર્વના સ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગીને પછી આ સ્થાન આવતુ હોવાથી પૂર્વના સ્થાન કરતા અનંતગુણ આવે.

**(૫) દેશવિરતાભિમુખનું જઘન્ય પ્રતિપાતસ્થાન - અનંતગુણ[2] :-** અનંતરસમયે દેશવિરતિ પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્યઉત્કૃષ્ટસંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે.

**(૬) દેશવિરતાભિમુખનું ઉત્કૃષ્ટ પ્રતિપાતસ્થાન - અનંતગુણ :-** અનંતર સમયે દેશવિરતિ પ્રાપ્ત કરનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સંયતને ચરમ સમયે આ સ્થાન હોય છે. દેશવિરતિ અભિમુખના જઘન્ય પ્રતિપાત સ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી ત્યારપછી આ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી પૂર્વના સ્થાન કરતા અનંતગુણ આવે.

**(૭) કર્મભૂમિના જીવનું જઘન્ય પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ મિથ્યાત્વથી સંયમને પ્રાપ્ત કરનાર મંદવિશુદ્ધિવાળા જીવને સંયમની પ્રાપ્તિના પ્રથમ સમયે આ સ્થાન હોય છે. પ્રતિપાત વખતે સંક્લેશ વધારે હોય છે. માટે પ્રતિપાતના ઉત્કૃષ્ટ સ્થાન કરતા પ્રતિપદ્યમાનનું જઘન્ય સ્થાન પણ અનંતગુણ વિશુદ્ધિવાળુ હોય છે.

---

૧. कुदो ? पुव्विल्लादो असंखेज्जलोगमेत्तछट्ठाणाणि अंतरियूणेदस्स समुप्पण्णत्तादो। -જયધવલા, પૃ.૧૮૦૫

૨. कुदो ? पुव्विल्लादो असंखेज्जलोगमेत्तछट्ठाणाणि अंतरिदूणेदस्स समुप्पाददंसणादो । -જયધવલા, પૃ. ૧૮૦૫

**(૮) અકર્મભૂમિના જીવનું જઘન્ય પ્રતિપદ્યમાન સ્થાન : અનંતગુણ :-** અનાર્યભૂમિ (મ્લેચ્છભૂમિ) ના મિથ્યાત્વથી સમ્યક્ત્વ સાથે સંયમ પ્રાપ્ત કરનાર મંદવિશુદ્ધિવાળા જીવને સંયમની પ્રાપ્તિના પ્રથમ સમયે આ સ્થાન હોય છે. પૂર્વોક્ત સ્થાન પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી આ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી પૂર્વના સ્થાન કરતા અનંતગુણ આવે. અનાર્ય દેશમાં ધર્મનો અભાવ છે. છતા અહીં અનાર્ય દેશના જીવનું જઘન્ય સંયમ સ્થાન કહ્યુ છે તે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા આર્ય દેશમાં આવેલા આર્દ્રકુમારાદિ જીવોની અપેક્ષાએ હોઈ શકે, અથવા ચક્રવર્તીની સાથે અનાર્યદેશમાંથી આવેલ મ્લેચ્છ રાજાદિ જેને ચક્રવર્તી જોડે વૈવાહિકાદિ સંબંધ થયા હોય તેવાઓને અથવા ચક્રવર્તી આદિ મ્લેચ્છરાજાઓની કન્યાઓને પરણે તેને જે પુત્રાદિ થાય તેના માતૃપક્ષ મ્લેચ્છ હોવાથી તેમને મ્લેચ્છ તરીકે અહીં ગણ્યા હોય એમ સંભવે છે.[1]

**(૯) અકર્મભૂમિના જીવનું ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** દેશવિરતિથી સંયમ પ્રાપ્ત કરેલ અકર્મભૂમિના વિશુદ્ધ જીવને સંયમના પ્રથમ સમયે આ સ્થાન હોય છે. પૂર્વોક્ત સ્થાન પછી અસંખ્યલોકાકાપ્રદેશ જેટલા સ્થાન પછી આ સ્થાન આવતુ હોવાથી પૂર્વના સ્થાન કરતા આ સ્થાન અનંતગુણ આવે.

**(૧૦) કર્મભૂમિના જીવનું ઉત્કૃષ્ટ પ્રતિપદ્યમાનસ્થાન - અનંતગુણ :-** દેશવિરતિથી આવેલ કર્મભૂમિના વિશુદ્ધ જીવને સંયમના પ્રથમ સમયે આ સ્થાન હોય છે. અહીંયા ક્ષેત્રાનુભાવ એ જ કારણ છે.

**(૧૧) પરિહારવિશુદ્ધિ સંયતનું જઘન્ય સ્થાન - અનંતગુણ :-** અનંતર સમયે છેદોપસ્થાપનીય સંયમને પ્રાપ્ત કરનાર પરિહારવિશુદ્ધિ સંયમના ચરમ સમયે વર્તમાન જીવને આ સ્થાન હોય છે. સામાયિક છેદોપસ્થાપનીયના શરૂઆતના અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગી ત્યારપછી આ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી પૂર્વના સ્થાન કરતા આ સ્થાન અનંતગુણ આવે.

---

१ को अकम्मभूमिओ णाम ? भरहेरवयविदेहेसु विणीदसण्णिदमज्झिमखंडं मोत्तूण सेसपंचखंडणिवासी मणुओ एत्थाकम्मभूमिओ त्ति विवक्खिओ, तेसु धम्मकम्मपवुत्तीए असंभवेण तब्भावोववत्तीदो । जइ एवं कुदो तत्थ संजमग्गहणसंभवो त्ति णासंकणिज्जं दिसाविजयपयट्टचक्कवट्टी-खंधावारेण सह मज्झिमखंडमागयाणं मिलेच्छरायाणं तत्थ चक्कवट्टिआदिहिं सह जादवेवाहियसंबंधाणं संजमपडिवत्तीए विरोहाभावादो । अथवा तत्कन्यकानां चक्रवर्त्यादिपरिणीतानां गर्भेषूत्पन्नमातृपक्षापेक्षया स्वयमकर्मभूमिजा इति इह विवक्षिताः । ततो न किञ्चिद्विप्रतिषिद्धं तथाजातीयकानां दीक्षार्हत्वे प्रतिषेधाभावादिति । - જયધવલા, પૃ. ૧૮૦૫.

**(૧૨) પરિહારવિશુદ્ધિ સંયતનું ઉત્કૃષ્ટ સ્થાન - અનંતગુણ :-** સર્વવિશુદ્ધ સ્વસ્થાનપરિહારસંયતને આ સ્થાન હોય છે. પરિહારવિશુદ્ધિના જઘન્ય સ્થાન પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો ઓળંગ્યા પછી આ સ્થાન પ્રાપ્ત થતુ હોવાથી પરિહારવિશુદ્ધિના જઘન્યસ્થાનથી અનંતગુણ આવે.

**(૧૩) સામાયિક-છેદોપસ્થાપનીયનું ઉત્કૃષ્ટ સ્થાન-અનંતગુણ :-** પરિહારવિશુદ્ધિના ઉત્કૃષ્ટ સ્થાનની સમાન સામાયિક-છેદોપસ્થાપનીયના સ્થાન પછી પણ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો છેદોપસ્થાપનીય સંયમના હોય છે. તેમાંનું ચરમસ્થાન તે ઉત્કૃષ્ટસ્થાન રૂપે હોવાથી પરિહારવિશુદ્ધિના ઉત્કૃષ્ટસ્થાનથી સામાયિક-છેદોપસ્થાપનીયનું ઉત્કૃષ્ટ સ્થાન અનંતગુણ આવે. આ સ્થાન અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના ચરમ સમયે વર્તમાન ક્ષપકને હોય છે.

**પ્રશ્ન -** સામાયિક છેદોપસ્થાપનીયનું જઘન્ય સ્થાન અલ્પબહુત્વમાં આવ્યુ નથી તો પછી ઉત્કૃષ્ટ સ્થાન શી રીતે આવે ?

**જવાબ -** જઘન્યપ્રતિપાતસ્થાન એ સામાયિક-છેદોપસ્થાપનીયનું જઘન્ય સ્થાન છે. મિથ્યાત્વાભિમુખના સર્વજઘન્ય પ્રતિપાતસ્થાનથી માંડીને સામાયિક-છેદોપસ્થાપનીયના ઉત્કૃષ્ટસ્થાન સુધીના સર્વસ્થાનો સામાયિક-છેદોપસ્થાપનીયના છે. તેમાં વચ્ચે અમુક સ્થાનો પરિહારવિશુદ્ધિના આવી ગયા. છતા તે સ્થાનો પરિહારવિશુદ્ધિ તથા સામાયિક-છેદોપસ્થાપનીય ઉભયના છે.

આમ પ્રતિપાતસ્થાનો તથા પ્રતિપદ્યમાનસ્થાનો તો બધા જ સામાયિક છેદો-પસ્થાપનીયના જ છે, કેમકે સર્વસંયમથી પડી નીચેના ગુણસ્થાનકે જતા ચરમ સમયે સામાયિક-છેદોપસ્થાપનીય સંયમ જ હોય છે. તેવી જ રીતે સર્વવિરતિ પ્રાપ્ત કરતા પ્રથમ સમયે સામાયિક કે છેદોપસ્થાપનીય સંયમ જ હોય છે.

પરિહારવિશુદ્ધિથી પડતા શરૂઆતમાં છેદોપસ્થાપનીય સંયમ આવે છે, દેશવિરતિ કે અવિરતિ આદિ ન આવે. તેવી જ રીતે, સૂક્ષ્મસંપરાય સંયમથી પડતા પણ સામાયિક-છેદોપસ્થાપનીય સંયમ આવે, સીધુ અવિરતિ - દેશવિરતિ કે મિથ્યાત્વ ગુણસ્થાનક ન આવે. એવી જ રીતે યથાખ્યાત સંયમથી પડતા પણ સૂક્ષ્મસંપરાયનું સંયમસ્થાન આવે છે, નહીં કે અવિરતિ આદિ, માટે સર્વ પ્રતિપાતસ્થાનો સામાયિક-છેદોપસ્થાપનીયના જ હોય છે.

**પ્રશ્ન -** ઉપશમશ્રેણિમાં સૂક્ષ્મ સંપરાય કે યથાખ્યાત સંયતમાં કાળ કરી અનંતર સમયે દેવ થઈ અવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. તેવી જ રીતે પરિહારવિશુદ્ધિ સંયત પણ કાળ

કરી દેવલોકમાં જાય ત્યાં તેને અવિરતિ ગુણસ્થાનક હોય છે તો પછી તેની અપેક્ષાએ પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સંયમના પ્રતિપાતસ્થાન કેમ ન કહ્યા?

**જવાબ** - પૂર્વે જે પ્રતિપાતસ્થાનો બતાવ્યા છે તે કષાયના ઉદયથી અથવા ગુણસ્થાનકના કાળના ક્ષયથી પતન થાય છે તેની અપેક્ષાએ બતાવ્યા છે. સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત કે પરિહારવિશુદ્ધિથી ભવક્ષયે પડનાર સંયતને ચરમ સમયે તેવા પ્રકારનો (પ્રતિપાત નિમિત્તક) સંક્લેશ ન હોવાથી તેઓના સ્થાન ત્યાં નથી આવતા. એટલે તેઓના સ્થાનની ત્યાં વિવક્ષા નથી. તથા કષાયના ઉદય કે ગુણસ્થાનકના કાળક્ષયે ત્યાંથી પડી અવિરતિ આદિમાં જવાતુ નથી, પરન્તુ સામાયિક-છેદોપસ્થાપનીય સંયમમાં જ જવાય છે. માટે પરિહારવિશુદ્ધિ વગેરેના પ્રતિપાતસ્થાન કહ્યા નથી.

**(૧૪) સૂક્ષ્મસંપરાયનું જઘન્ય સંયમસ્થાન - અનંતગુણ** :- ઉપશમશ્રેણીમાં પડતા અનંતર સમયે અવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયવર્તી જીવને આ સ્થાન હોય છે. બાદરકષાયોદયાનુવિદ્ધ સંયમલબ્ધિ કરતા સૂક્ષ્મકષાયોદયાનુવિદ્ધ જઘન્ય સંયમલબ્ધિ અનંતગુણ હોય છે. માટે પૂર્વોક્ત સ્થાન કરતા આ સ્થાન અનંતગુણ છે.

**(૧૫) સૂક્ષ્મસંપરાયનું ઉત્કૃષ્ટ સંયમસ્થાન - અનંતગુણ** :- સૂક્ષ્મસંપરાયના ચરમ સમયવર્તી ક્ષપકને આ સ્થાન હોય છે.

**(૧૬) યથાખ્યાતસંયતનું અજઘન્ય-અનુત્કૃષ્ટ સ્થાન - અનંતગુણ** :- ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી આ સંયમસ્થાન હોય છે. મોહનીયના સર્વોપશમ કે સર્વક્ષયથી ઉત્પન્ન થયેલ હોવાથી યથાખ્યાત સંયમના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટભેદ પડતા નથી. તેથી યથાખ્યાત સંયતનું અજઘન્ય-અનુત્કૃષ્ટ એક જ લબ્ધિસ્થાન હોય છે અને તે સૂક્ષ્મસંપરાયના ઉત્કૃષ્ટ સ્થાન કરતા અનંતગુણ વિશુદ્ધ હોય છે. જો કે ઉપશાંતકષાયીને કષાયો ઉપશાંત થઈ ગયેલા હોય છે અને ક્ષીણકષાયીને ક્ષય થયેલા હોય છે, પરન્તુ બંનેનો કષાયોદયનો અભાવ સમાન હોવાથી સંયમસ્થાનમાં ભેદ નથી.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**નો તીવ્રતા - મંદતાનો પાઠ આ પ્રમાણે છે - "**तिव्वमंददाए सव्वमंदाणुभागं मिच्छत्तं गच्छमाणस्स जहण्णयं संजमट्ठाणं । तस्सेवुक्कस्सयं संजमट्ठाणमणंतगुणं । असंजदसम्मत्तं गच्छमाणस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं । तस्सेवुक्कस्सयं संजमट्ठाणमणंतगुणं। संजमासंजमं गच्छमाणस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं। तस्सेवुक्कस्सयं संजमट्ठाणमणंतगुणं । कम्मभूमियस्स पडिवज्जमाणयस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं । अकम्मभूमियस्स पडिवज्जमाणयस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं।**

तस्सेवुक्कस्सयं पडिवज्जमाणयस्स संजमट्ठाणमणंतगुणं । कम्मभूमियस्स पडिवज्जमाणयस्स उक्कस्सयं संजमट्ठाणमणंतगुणं । परिहारसुद्धिसंजदस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं । तस्सेव उक्कस्सयं संजमट्ठाणमणंतगुणं । सामाइयच्छेदोवट्ठावणियाणमुक्कस्सयं संजमट्ठाणमणंतगुणं। सुहुमसांपराइयसुद्धिसंजदस्स जहण्णयं संजमट्ठाणमणंतगुणं । तस्सेवुक्कस्सयं संजमट्ठाणमणंतगुणं । वीयरायस्स अजहण्णमणुक्कस्सयं चरित्तलद्धिट्ठाणमणंतगुणं ।'' -પૃ. ૧૮૦૪.

**સ્થાપના :** તીવ્રતા - મંદતાના ઉપરોક્ત અલ્પબહુત્વના આધારે સંયમસ્થાનોની આ પ્રમાણે સ્થાપના થઈ શકે :-

| ૧ | અંતર | ૨ | અંતર | ૩ | અંતર | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|---|
| 00000 | 00000 | 00000 | 00000 | 00000 | 00000 | 00000 | 00000 |

| ૬ | અંતર | ૭ | ૮ | ૯ | અંતર | ૧૦ | અંતર | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|
| 00000 | 00000 | 00000 | 00000 | 00000 | 00000 | 000 | 00000 | 0 |

**સ્થાપનાની સમજ-**

૧ મિથ્યાત્વાભિમુખના પ્રતિપાત સ્થાનો

૨ અવિરતિસમ્યક્ત્વાભિમુખના પ્રતિપાત સ્થાનો

૩ દેશવિરતિ અભિમુખના પ્રતિપાત સ્થાનો

૪ કર્મભૂમિના જીવોના પ્રતિપદ્યમાન સ્થાનો

૫ અકર્મ-કર્મભૂમિના જીવોના પ્રતિપદ્યમાન સ્થાનો

૬ કર્મભૂમિના જીવોના પ્રતિપદ્યમાન સ્થાનો

૭ સામાયિક છેદોપસ્થાપનીયના અપ્રતિપાત - અપ્રતિપદ્યમાન સ્થાનો

૮ પરિહારવિશુદ્ધિના સ્થાનો (આ સ્થાનો સામાયિક-છેદો.ના પણ હોય છે)

૯ સામાયિક છેદોપસ્થાપનીયના અનુભય સ્થાનો

૧૦ સૂક્ષ્મસંપરાયના સ્થાનો (અસંખ્યસમય જેટલા)

૧૧ વીતરાગનું અજઘન્ય-અનુત્કૃષ્ટ સ્થાન (એક જ હોય છે)

અહીંયા સૂક્ષ્મસંપરાયના અન્તર્મુહૂર્તના સમય જેટલા અસંખ્યસ્થાનો છે, જ્યારે શેષ સર્વે અસંખ્યલોકાકાશ જેટલા સ્થાનો છે. તથા સર્વત્ર આંતરૂ પણ અસંખ્યલોક જેટલુ આવે.

દરેકનું પ્રથમ સ્થાન તે સ્વજઘન્યસ્થાન... અને દરેકનું છેલ્લું સ્થાન તે સ્વઉત્કૃષ્ટ સ્થાન...

અહીં સંયમસ્થાનોની સ્થાપના આ રીતે છે - શરૂઆતથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનો મિથ્યાત્વાભિમુખના પ્રતિપાતસ્થાનો છે. અનંતર સમયે મિથ્યાત્વે જનાર ચરમસમયવર્તી સંયતને આ સ્થાન હોય છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલું આંતરૂ છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અવિરતિ અભિમુખના પ્રતિપાતસ્થાનો છે. અનંતર સમયે અવિરતિગુણસ્થાનકે જનાર ચરમસમયવર્તી સંયતને આમાંનું કોઈ પણ સ્થાન હોય છે. મિથ્યાત્વાભિમુખના ઉત્કૃષ્ટ સ્થાનથી અવિરતિ અભિમુખનું જઘન્યસ્થાન અનંતગુણ હોવાથી વચ્ચે અસંખ્યલોક જેટલું આંતરૂ બતાવ્યું છે. અવિરતિ અભિમુખનું જઘન્યસ્થાન ષટ્સ્થાનકના અનંતગુણવૃદ્ધના સ્થાનકે આવે તો અંતર વગર પણ ઉપરોક્ત અલ્પબહુત્વ ઘટી શકે છે. માટે બહુશ્રુતોએ ત્યાં યથાયોગ્ય ઘટના કરી લેવી. તેવી જ રીતે આગળ ઉપર પણ જ્યાં અંતર બતાવ્યા છે ત્યાં (અંતર વગર પણ) તે સ્થાનો ષટ્સ્થાનકના અનંતગુણવૃદ્ધના સ્થાન તરીકે આવતા હોય તો અંતર વગર પણ અલ્પબહુત્વ ઘટી શકે છે. માટે બહુશ્રુતોએ ત્યાં યથાયોગ્ય ઘટના કરી લેવી.

અવિરતિ અભિમુખના સ્થાનો પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલું અંતર છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા દેશવિરતિ અભિમુખના પ્રતિપાતસ્થાનો છે. ત્યાર પછી અંતર છે, ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા કર્મભૂમિના જીવના પ્રતિપદ્યમાનસ્થાનો છે. કર્મભૂમિના જીવને સંયમની પ્રાપ્તિના પ્રથમસમયે આમાંનું સ્થાન હોય છે. ત્યારપછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા કર્મભૂમિ-અકર્મભૂમિના સાધારણ પ્રતિપદ્યમાન સ્થાનો છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા કર્મભૂમિજીવોના પ્રતિપદ્યમાનસ્થાનો છે.

અહીં પ્રતિપદ્યમાન સ્થાનો વચ્ચે અંતર નથી બતાવ્યુ. પરન્તુ પૂર્વે જેમ પ્રતિપાતસ્થાનોમાં મિથ્યાત્વાભિમુખના ઉત્કૃષ્ટ અને અવિરતિઅભિમુખના જઘન્ય સ્થાન વચ્ચે તથા અવિરતિ અભિમુખના ઉત્કૃષ્ટ અને દેશવિરતિ-અભિમુખના જઘન્યસ્થાન વચ્ચે અંતર બતાવ્યુ, તેમ અહીં પણ બે અંતર સંભવી શકે છે. ( આ અંતરો કર્મભૂમિ - અકર્મભૂમિના સાધારણ સ્થાનોમાં આવી શકે.) તેવી જ રીતે અન્યત્ર પણ બીજા અંતરો ક્યાંય આવતા હોય તે બહુશ્રુત જાણે.

પ્રતિપદ્યમાનના ઉત્કૃષ્ટ સ્થાન પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલુ અંતર આવે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સામાયિક-છેદોપસ્થાપનીયના અપ્રતિપાત-અપ્રતિપદ્યમાનસ્થાનો આવે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા પરિહારવિશુદ્ધિ અને

સામાયિક-છેદોપસ્થાપનીયના સાધારણ સ્થાનો આવે, એટલે કે આ સ્થાનો પરિહારવિશુદ્ધિ તેમજ સામાયિક-છેદોપસ્થાપનીય સંયતના પણ છે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સામાયિક-છેદોપસ્થાપનીયના અપ્રતિપાત - અપ્રતિપદ્યમાનના સ્થાનો આવે. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થાનોનું અંતર આવે. ત્યારપછી અન્તર્મુહૂર્તના સમય પ્રમાણ અસંખ્ય સૂક્ષ્મસંપરાયના સ્થાનો આવે. ત્યારપછી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલું અંતર આવે. ત્યારપછી વીતરાગનું અજઘન્ય - અનુત્કૃષ્ટ સ્થાન આવે.

અહીંયા સૂક્ષ્મસંપરાયના સ્થાનો ષટ્સ્થાન પતિત નથી, પરન્તુ અનંતગુણવૃદ્ધ છે. તેવી જ રીતે સામાયિક-છેદોપસ્થાપનીયના અનિવૃત્તિકરણના સ્થાનો પણ અનંતગુણવૃદ્ધ છે, કેમકે ત્યાં અસંખ્યગુણ-અસંખ્યભાગની વૃદ્ધિ-હાનિ ઘટી શકતી નથી. પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિની વૃદ્ધિ કે હાનિ છે. (ચડતા વૃદ્ધિ, ઉતરતા હાનિ)

આમ સંયમસ્થાનની સ્થાપના બતાવી છે એમાં જ્યાં સ્થાનોની સ્થાપના કરી છે ત્યાં વચ્ચે અંતર ઘટી શકતા હોય તો તે, તથા જ્યાં અંતર બતાવ્યા છે ત્યાં અંતર વગર પણ સ્થાનો આવતા હોય તો તે બધુ બહુશ્રુતોએ યથાયોગ્ય વિચારી ઘટાવવુ. અહીં તત્ત્વ અતિશયજ્ઞાની જાણે. (૨૮)(૨૯)(૩૦)

આ પ્રમાણે દેશવિરતિ-સર્વવિરતિનો અધિકાર કહીને હવે ઉપશમશ્રેણીનો પ્રારંભ અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી જ થાય છે માટે પહેલા અનંતાનુબંધીની વિસંયોજનાનો અધિકાર બતાવે છે :-

## (૪) અનંતાનુબંધી વિસંયોજના

**चउगईया पज्जत्ता तिन्नि वि संयोजणा विजोयंति ।**
**करणेहिं तिहिं सहिया नंतरकरणं उवसमो वा ।। ३१ ।।**

**અક્ષરાર્થ** :- ચારે ગતિના પર્યાપ્ત જીવો ત્રણે એટલે કે અવિરતિ - દેશવિરતિ - સર્વવિરતિ એ ત્રણે ત્રણ કરણ સહિત સંયોજના (અનંતાનુબંધી) કષાયોનો નાશ કરે છે. તેમાં અંતરકરણ થતુ નથી. તથા ઉપશમ પણ નથી. (૩૧)

**વિશેષાર્થ** :- હવે ક્રમ પ્રાપ્ત ચોથો અનંતાનુબંધિ વિસંયોજના અધિકાર સૂત્રાનુસારે વર્ણવીશું. ચારે ગતિના ૪ થી ૭ ગુણસ્થાનકવર્તી ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવો અનંતાનુબંધીની વિસંયોજના કરે છે. તે માટે પૂર્વે કહ્યા છે તે પ્રમાણે ત્રણ કરણ કરે છે. કરણ પૂર્વે પણ પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વધવુ, ત્રણ શુભ લેશ્યા, પર્યાપ્ત, સંજ્ઞી, પંચેન્દ્રિય, પરાવર્તમાન શુભ પ્રકૃતિનો બંધ, અન્તઃકોડાકોડી સાગરોપમનો સ્થિતિબંધ,

શુભપ્રકૃતિનો ચતુઃસ્થાનિક અને પ્રતિસમય અનંતગુણ વધતો, તથા અશુભપ્રકૃતિનો બે સ્થાનિક અને પ્રતિસમય અનંતગુણ ઘટતો રસબંધ વિગેરે યથાયોગ્ય અહીં પણ સમજી લેવુ. પ્રકૃતિબંધ, ઉદય, સત્તા વિગેરેમાં જે ફેરફાર આવે તે સ્વયમેવ વિચારી જાણી લેવા.

ત્રણ કરણનું સ્વરૂપ પૂર્વવત્ અહીં પણ જાણવુ, પરન્તુ અનિવૃત્તિકરણમાં અંતર થતુ નથી એટલુ વિશેષ છે. એટલે કે યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી થતી નથી. પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે તથા પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થતો જાય છે.

અપૂર્વકરણના પ્રથમસમયથી સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, અપૂર્વસ્થિતિબંધાદિ ચારે વસ્તુઓ પ્રવર્તે છે. અહીંયા પણ ગુણશ્રેણી પહેલાની જેમ ગલિતાવશેષ થાય છે અને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી અધિક કાળમાં તેની રચના થાય છે. અહીંયા ગુણશ્રેણીનો આયામ પ્રથમ સમ્યક્ત્વોત્પત્તિની ગુણશ્રેણીના આયામ કરતા સંખ્યાતગુણ હીન છે. જ્યારે ગુણશ્રેણી દ્વારા નિર્જરાતુ કર્મદલિક ત્યાંના કરતાં અહીં અસંખ્યગુણ છે.

**નવ્યશતકની ગા. ૮૨ની વૃત્તિ**માં ગુણશ્રેણીના અધિકારનું વર્ણન કરતાં **દેવેન્દ્રસૂરિ મ.** આ વાત બતાવી છે-"सम्यक्त्वलाभकाले मन्दविशुद्धित्वात् जीवो दीर्घान्तर्मुहूर्त्तवेद्या-मल्पतरप्रदेशाग्रां च गुणश्रेणिमारचयति । ततो देशविरतिलाभे सङ्ख्येयगुणहीनान्तर्मुहूर्त्त-वेद्यामसङ्ख्येयगुणप्रदेशाग्रां च तां करोति । ततः सर्वविरतिलाभे सङ्ख्येयगुणहीनान्त-र्मुहूर्त्तवेद्यामसङ्ख्येयगुणप्रदेशाग्रां च तां करोति । ततोऽपि अनन्तानुबन्धिविसंयोजनायां सङ्ख्येयगुणहीनान्तर्मुहूर्त्तवेद्यामसङ्ख्येयगुणप्रदेशाग्रां च तां विदधाति ।" અહીંયા સર્વવિરતિની ગુણશ્રેણી કરતા અનંતાનુબંધી વિસંયોજકને ગુણશ્રેણી નિર્જરા અસંખ્યગુણ તથા ગુણશ્રેણિઆયામ સંખ્યાતગુણ હીન કહ્યો છે તે અનંતાનુબંધી વિસંયોજક સંયતની અપેક્ષાએ છે. **કર્મપ્રકૃતિચૂર્ણિમાં** કહ્યુ છે - "अणंताणुबंधीविसंयोजणागुणसेढी असंखेज्जगुणा हेट्ठिल्लाण तिण्हं अणंताणुबंधिणो खवेंताणं, तत्थ संजयपडुच्च तिकरणसहितो अणंताणुबंधिणो खवेति त्ति काउं ।"[1]

"दलिकं कर्मपरमाण्वात्मकं गुणसङ्क्रमेण प्रागभिहितेन तेषामनन्तानुबंधिनां नाशयति, शेषकषायत्वेन स्थापयति ।" - **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૩૫ની મૂળ ટીકા.** તેવી જ રીતે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ બન્નેમાં ગુણસંક્રમ કહ્યો

૧. ધવલામાં અનંતાનુબંધી વિસંયોજક અવિરતિને સંયત કરતા પણ અસંખ્યગુણ ગુણશ્રેણી કહી છે- "संजमपरिणामेहिंतो अणंताणुबंधिं विसंजोएंतस्स असंजदसम्मादिट्ठिस्स परिणामो अणंतगुणहीणो, कधं तत्तो असंखेज्जगुणपदेसणिज्जरा जायदे ? ण एस दोसो, संजमपरिणामेहिंतो अणंताणुबंधीणं विसंजोजणाए कारणभूदाणं सम्मत्तपरिणामाणमणंतगुणत्तमुवलंभादो ।" પૃ. ૮૨, ભાગ ૧૨મો

છે. ''अपुव्वकरणे अत्थि ट्ठिदिघादो, अणुभागघादो, गुणसेढी च गुणसंकमो वि । अणियट्टिकरणे वि एदाणि चेव, अंतरकरणं णत्थि ।'' - **पૃ. ૧૮૧૧.**

**પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૩૫ની મલયગિરિ મ. કૃત ટીકા**માં અપૂર્વકરણમાં પણ એકલો ગુણસંક્રમ નહીં, પરન્તુ ઉદ્વલના યુક્ત ગુણસંક્રમ કહ્યો છે - ''उपरितने करणद्विके अपूर्वकरणानिवृत्तिकरणाख्ये तेषामनन्तानुबन्धिनां दलिकं परमाण्वात्मकं गुणसङ्क्रमेणोद्वलनासङ्क्रमानुविद्धेन नाशयति । शेषकषायत्वेन स्थापयति ।''

**સંક્રમકરણમાં** જે પ્રકૃતિઓનો નાશ ઉદ્વલના સંક્રમથી થાય છે તે પ્રકૃતિઓમાં અનંતાનુબંધી-૪ પણ કહી છે. તેથી અનંતાનુબંધી ચતુષ્કના નાશ વખતે ઉદ્વલના સંક્રમ પણ પ્રવર્તમાન હોય છે. તેથી જ **મલયગિરિ મ.** અહીં ઉદ્વલના યુક્ત ગુણસંક્રમ કહ્યો છે. અહીં ઉદ્વલના સંક્રમ જોડે ગુણસંક્રમ લેવાનું કારણ એ લાગે છે કે એકલા ઉદ્વલના સંક્રમથી પ્રકૃતિઓને સત્તામાંથી સર્વથા નિર્મૂલન કરતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ લાગે છે, જ્યારે ગુણસંક્રમ સાથે હોય તો અન્તર્મુહૂર્તમાં નાશ થઈ શકે. માટે અહીં ગુણસંક્રમ સાથે લીધો હશે.

ઉદ્વલના સંક્રમમાં સ્વસ્થાનમાં અસંખ્યગુણના ક્રમે અને પરસ્થાનમાં વિશેષહીનના ક્રમે દલનિક્ષેપ થાય છે. અહીં પરસ્થાનમાં અસંખ્યગુણના ક્રમે અનંતાનુબંધિનો નિક્ષેપ થતો હોવાથી સંભવ છે કે **પંચસંગ્રહ મૂળ-ટીકા - કષાયપ્રાભૃતચૂર્ણિ** આદિમાં માત્ર ગુણસંક્રમનો જ નિર્દેશ કર્યો હોય, અને **ઉપાધ્યાયજી મહારાજે** જણાવ્યુ છે તેમ પ્રથમ સ્થિતિખંડથી બીજો વિશેષહીન, તેથી ત્રીજો વિશેષહીન એમ વિશેષહીન પ્રમાણના સ્થિતિખંડો હોવાથી મલયગિરિ મહારાજે ઉદ્વલના યુક્ત ગુણસંક્રમ કહ્યો હોય, કેમકે ઉદ્વલના સંક્રમમાં સ્થિતિખંડો ઉત્તરોત્તર વિશેષહીન હોય છે. **કર્મકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૧ની ઉપા. મહારાજની ટીકા**ના શબ્દો આ પ્રમાણે છે - ''नवरमिहापूर्वकरणे प्रथमसमयादेवारभ्यानन्तानुबन्धिनां गुणसङ्क्रमोऽपि वक्तव्यः । ......... । एष च प्रथमस्थितिखण्डस्य स्थित्यपेक्षया बृहत्तरस्य द्वितीयादिस्थितिखण्डानां च विशेषहीनानां यद्घातनं तेन निष्पन्नो य उद्वलनासङ्क्रमः तदनुविद्धो द्रष्टव्यः ।''

ત્યારપછી - અનંતાનુબંધીની વિસંયોજના પછી શેષ કર્મોમાં અન્તર્મુહૂર્ત સુધી સ્થિતિઘાત-રસઘાત પ્રવર્તે છે. ત્યારપછી સ્થિતિઘાતાદિ થતા નથી, પરન્તુ સ્વભાવસ્થ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૧ની ચૂર્ણિ**માં કહ્યુ છે કે-''ततो अणंताणुबंधिविसंजोतितो अन्तोमुहुत्तेण ठितिघातरसघातगुणसेढी एतेहिं रहितो सभावत्थो होति ।''

અહીં પ્રશ્ન થાય છે કે અનિવૃત્તિકરણ પૂર્ણ ક્યારે થાય છે ?

**કર્મપ્રકૃતિના બન્ને ટીકાકારો** જણાવે છે કે ''अनिवृत्तिकरणे च प्रविष्टः सन् प्रागुक्तस्वरूपेणोद्वलनासङ्क्रमेण निरवशेषान् विनाशयति । किन्त्वधस्तादावलिकामात्रं मुञ्चति।

तदपि च स्तिबुकसङ्क्रमेण वेद्यमानासु प्रकृतिषु सङ्क्रमयति । ततोऽन्तर्मुहूर्त्तात्परतोऽनिवृत्तिकरणपर्यवसाने शेषकर्मणां स्थितिघात-रसघात-गुणश्रेणयो न भवन्ति, किन्तु स्वभावस्थ एव भवति ।''

અહીં પંક્તિનો અર્થ કરવા જઈએ તો એવો અર્થ નીકળે છે કે અનંતાનુબંધિના ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ દ્વારા સર્વ ખંડોનો ક્ષય થઈ ગયા પછી એક આવલિકા બાકી રહે છે અને તે પણ સ્તિબુકસંક્રમથી વેધમાન પ્રકૃતિમાં સંક્રમાઈને ભોગવાઈ જાય છે. ત્યાર પછી અન્તર્મુહૂર્ત પછી અનિવૃત્તિકરણના અંતે શેષ કર્મોના સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણી થતા નથી.

અહીંયા અનિવૃત્તિકરણના અંતે સ્થિતિઘાતાદિનો વિચ્છેદ કહ્યો છે. વળી પાછો અનંતાનુબંધિની શેષાવલિકા ભોગવાયા પછી અન્તર્મુહૂર્તકાળે સ્થિતિઘાત - રસઘાત - ગુણશ્રેણીનો વિચ્છેદ કહ્યો છે. અથવા 'ततो' શબ્દનો તેની પૂર્વના વાક્ય જોડે અન્વય કરીએ તો અનંતાનુબંધિના સર્વખંડોનો નાશ થયો અને આવલિકા બાકી રહી ત્યાર પછી અંતર્મુહૂર્ત પછી સ્થિતિઘાતાદિનો વિચ્છેદ થાય એવો અર્થ થાય, પરન્તુ તો પછી એ અનિવૃત્તિકરણનું પર્યવસાન શી રીતે કહેવાય? અનંતાનુબંધિના સર્વખંડોનો વિનાશ થયો અને ઉદયાવલિકા બાકી રહી ત્યારે અથવા તો આવલિકા પણ ભોગવાઈ ગઈ ત્યારે અનિવૃત્તિકરણ બાકી શી રીતે રહી શકે ? એમ માનવા જતા અનિવૃત્તિકરણમાં અન્તર્મુહૂર્તશેષે અનંતાનુબંધિની વિસંયોજના થઈ ગઈ એમ માનવુ પડે અર્થાત્ અનિવૃત્તિકરણમાં ગુણપ્રાપ્તિ માનવી પડે અને તેવુ અન્યત્ર કોઈ પણ ગુણપ્રાપ્તિમાં બનતુ નથી, તો પછી અહીં શી રીતે થઈ શકે ? તેમજ ચૂર્ણિકારે પણ અનંતાનુબંધિની વિસંયોજના પછી અન્તર્મુહૂર્ત બાદ સ્થિતિઘાતાદિનો વિચ્છેદ કહ્યો છે. પણ અનિવૃત્તિકરણના અંતે સ્થિતિઘાતાદિનો વિચ્છેદ જાય છે એમ નથી કહ્યુ. માટે અહીં 'अनिवृत्तिकरणपर्यवसाने' પછી 'सति' શબ્દ અધ્યાહાર લઈએ તો એવો અર્થ થાય છે કે - અનંતાનુબંધિના સર્વખંડોનો ક્ષય થાય અને આવલિકા બાકી રહે ત્યારે અથવા તો આવલિકા પણ ભોગવાઈ જાય ત્યારે અનિવૃત્તિકરણ પૂર્ણ થાય અને અનિવૃત્તિકરણ પછી અન્તર્મુહૂર્ત શેષ કર્મના સ્થિતિઘાતાદિ અટકી જાય, પરન્તુ તેમાંય પ્રશ્ન એ ઊભો થાય છે કે અનિવૃત્તિકરણમાં છેલ્લી આવલિકા લેવી કે કેમ ? પહેલી પંક્તિમાં ટીકાકારેએ કહ્યુ છે કે - અનિવૃત્તિકરણમાં અનંતાનુબંધિનો સર્વથા નાશ કરે છે, પરન્તુ આવલિકા નીચેની રહેવા દે છે. તેથી જ્યારે એક ઉદયાવલિકા સિવાય સર્વ અનંતાનુબંધિનો નાશ થઈ જાય ત્યારે અનિવૃત્તિકરણ પૂર્ણ થતુ હોય તેમ લાગે છે.[1] ત્યાર પછી શેષાવલિકા પ્રદેશોદયથી ભોગવાઈ જાય છે. અહીં તત્ત્વ કેવલી ગમ્ય અથવા બહુશ્રુતગમ્ય જાણવુ.

---

૧ ધવલા ટીકામાં પણ અનિવૃત્તિકરણના ચરમ સમયે આવલિકા બાકી રાખી અનંતાનુબંધિની શેષ સર્વસ્થિતિનો ઘાત કરે છે એમ જણાવ્યુ છે - ''तदो चरमट्ठिदिखंडयं पलिदोवमस्स असंखेज्जदिभागायामं अंतोमुहुत्तमेत्तुक्कीरणकालेण छिंदंतो अणियट्टिकरणस्स चरिमसमए उदयावलियबाहिरसव्वट्ठिदिसंतकम्मं परसरुवेण संकामिय अंतोमुहुत्तकाले अदिक्कंते दंसणमोहणीयक्खवणं पट्ठवेदि ।'' - ધવલા.

અનંતાનુબંધિની ક્ષપણાનો ક્રમ આ પ્રમાણે છે. અપૂર્વકરણમાં ઘણાં સ્થિતિઘાતો દ્વારા ઓછી થતી અનિવૃત્તિકરણના પ્રથમ સમયે અન્તઃક્રોડ સાગરોપમ પ્રમાણ એટલે કે લક્ષપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સત્તા રહે છે. તે વખતે શેષ કર્મોની સ્થિતિસત્તા અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે અસંજ્ઞી પંચેન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય અનંતાનુબંધિની સ્થિતિસત્તા રહે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે ચઉરિન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય સ્થિતિસત્તા રહે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે તેઈન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય સ્થિતિસત્તા રહે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે બેઈન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય સ્થિતિસત્તા રહે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે એકેન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય સ્થિતિસત્તા રહે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી અનંતાનુબંધિની એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિ સત્તામાં રહે છે. અત્યાર સુધી પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ સત્તામાંથી ઓછી થતી હતી. હવેથી પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિ સત્તામાંથી ઓછી થાય છે. આ પ્રમાણે સત્તાગતસ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણવાળા હજારો સ્થિતિઘાત પસાર થાય છે. આમાં સંખ્યાતા બહુભાગપ્રમાણ આયામવાળા ચરમખંડનો ઘાત થયા પછી રહેલા પલ્યો.ના સંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિસત્તાવાળા સ્થાનને દૂરાપકૃષ્ટિ સંજ્ઞાવાળું સ્થિતિસ્થાન કહેવાય છે. અહીંથી સત્તાગત સ્થિતિના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિખંડો શરૂ થાય છે. અર્થાત્ જે સ્થિતિસત્તાના સ્થાનથી અસંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિખંડોનો આયામ થાય છે તે સત્તાગત સ્થિતિસ્થાનને દૂરાપકૃષ્ટિ કહેવાય છે.

પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થયા પછી ઘણા સ્થિતિઘાતો પસાર થયા હોવાથી પલ્યોપમથી અતિદૂર ગયેલી હોવાથી આને દૂરાપકૃષ્ટિ સત્તાસ્થાન કહેવાય છે.[1] અથવા અત્યાર પૂર્વે સ્થિતિઘાત પછી સંખ્યાતમા ભાગની સ્થિતિ સત્તામાં રહેતી હતી, હવે પ્રત્યેક સ્થિતિઘાત પછી અસંખ્યાતમા ભાગની સ્થિતિ સત્તામાં રહે છે. એટલે સત્તાગત સ્થિતિ

૧. જયધવલામાં વિશેષમાં દૂરાપકૃષ્ટિ વિશે આ પ્રમાણે જણાવ્યુ છે - "का दूरावकिट्टी णाम ? उच्चदे-जत्तो ट्ठिदिसंतकम्मावसेसादो संखेज्जे भागे घेत्तूण ट्ठिदिखंडए घादिज्जमाणे घादिदसेसं णियमा पलिदो. असंखे. भागपमाणं होदूण चिट्ठदि तं सव्वपच्छिमं पलिदो. संखे. भागपमाणं ट्ठिदिसंतकम्मं दूरावकिट्टी त्ति भण्णदे। किं कारणमेदस्स ट्ठिदिविसेसस्स दूरावकिट्टिसण्णा जादा त्ति चे ? पलिदोवमट्ठिदिसंतकम्मादो सुट्ठु दूरयरमोसरिय सव्वजहण्णपलिदोवमसंखेज्जभागसरुवेणावट्ठाणादो। पल्योपमस्थितिसत्कर्मणोऽधस्ताद्दूरतरमपकृष्टत्वादतिकृशत्वाच्च दूरापकृष्टिरेषा स्थितिरित्युक्तं भवति। अथवा दूरतरमपकृष्यतेऽस्याः स्थितिकंडकमिति दूरापकृष्टिरतः प्रभृत्यसंख्येयान् भागान् गृहीत्वा स्थितिकण्डक-घादमाचरतीत्यतो दूरापकृष्टिरिति यावत् । - પૃ. ૧૭૫૨.

સ્થિતિઘાત દ્વારા ઘણી દૂર થતી હોવાથી આને દૂરાપકૃષ્ટિ સત્તાસ્થાન કહેવાય છે.

દૂરાપકૃષ્ટિનું એક જ સ્થાન હોય છે કે અનેક.... તે બાબતમાં દૂરાપકૃષ્ટિમાં પલ્યો.ના અસંખ્યાતા વર્ગમૂલ જેટલા સ્થાનો હોવા છતાં તેમાંનું કોઈ પણ એક જ સ્થાન અહીંયા હોય છે, કેમકે અનિવૃત્તિકરણમાં એક સાથે પ્રવેશતા વિવિધ જીવોને પ્રથમસ્થિતિઘાત પછી સ્થિતિસત્તા સમાન હોય છે. આને લગતી ચર્ચા જયધવલામાં આપી છે જે અત્રે ઉતારીએ છીએ.

**किमेसादूरावकिट्टी एगवियप्पा आहो अणेगवियप्पा त्ति ? केवि भणंति - एयवियप्पा एसा, णिवियप्पलिदो. संखे. भागवियप्पपडिबद्धतादो । सो च णिव्वियप्पो पलिदो. संखेज्जभागो, पलिदोवमं जहण्णपरित्तासंखेज्जेण खंडिय तत्थ रुवाहियएयखंडमेत्तो, एत्तो एक्कस्स वि ट्ठिदिविसेसस्स परिहाणीए पलिदोवमासंखेज्जभागवियप्पुप्पत्तीओ त्ति । वयं तु भणामो - अणेयवियप्पा एसा त्ति । किं कारणं ? पलिदोवमासंखेज्जभागमेत्तट्ठिदिसंतुप्पत्तिणिबंधणाणं पलिदो.संखे.भागट्ठिदिवियप्पाणमसंखेज्जपलिदोव-मपढमवग्गमूलमेत्ताणमुवलंभादो । तं जहा- उक्कस्ससंखेज्जं विरलेयूणपलिदोवमं समखंडं करिय दिण्णे एक्केक्कस्स रूवस्स असंखेज्जाणि पलिदोवमपढमवग्गमूलाणि पावेंति । तत्थेयरूवधरिदपमाणं सव्वजहण्णयं पलिदो. संखे. भागो त्ति भण्णदे। संपहि एदस्सब्भंतरे जइ एगरुवं परिहायदि तो वि पलिदो. संखे. भागो चेव । दोसु रुवेसु परिहीणेसु वि पलिदो. संखे. भागो चेव । एवमेगुत्तरवड्ढीए रुवेसु परिहीयमाणेसु जदि सुट्ठु बहुगं परिहायदि तो एदमेगरुवधरिदं पुणो जहण्णपरित्तासंखेज्जेण खंडेयूणेयखंडमेत्तं जाव ण परिहीणं ताव पलिदो. संखेज्जभागमेदस्स ण फिट्टदि । संपुण्णेगखंडपरिहीणे वि [ णा ] जहण्णपरित्ता-संखेज्जेण खंडिदपलिदोवममेत्तट्ठिदिसंतवियप्पाणुप्पत्तीदो । तम्हा दूरावकिट्टि असंखेज्जपलिदोवमपढम-वग्गमूलमेत्तवियप्पसहिया त्ति सिद्धं । णिदरिसणमेत्तं चेदं परुविदं, एदीएं दिसाए अण्णे वि दूरावकिट्टि-वियप्पा समुप्पाएयव्वा । जहण्णपरित्तासंखेज्जस्स अद्धचउब्भागादिरुवेहिम्मि ( हिंपि ) पलिदोवमे खंडिदे दूरावकिट्टिवियप्पुप्पत्तीए पडिसेहाभावादो । एदेसु वियप्पेसु जिणदिट्ठभावण्णदरवियप्पपडिबद्धा दूरावकिट्टि एयवियप्पा इह गहेयव्वा, अणियट्टिकरणपरिणामेहिं घादिदावसिट्ठाए तिस्से अणेयवियप्पत्तविरोहादो । - पृ. १७५३.**

ભાવાર્થ :- પલ્યોપમને જઘન્ય અસંખ્યાતથી ભાગતા જે આવે તેમાં એક ઉમેરીએ એટલે પલ્યો.નો સંખ્યાતમો ભાગ કહેવાય.. (૧૦૦૧)... અને આ સ્થાનને દૂરાપકૃષ્ટિ તરીકે કોઈ કહે છે, જ્યારે જયધવલાકાર પલ્યો. ને ઉત્કૃષ્ટ સંખ્યાતાથી ભાગી જે આવે તેમાંથી એક ન્યૂન કરતા યાવત્ પલ્યોપમને જઘન્ય અસંખ્યાતથી ભાગતા જે સ્થાન આવે તે સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધીના સર્વસ્થાનોને દૂરાપકૃષ્ટિ તરીકે ઓળખાવે છે. આવા સ્થાનો પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળો જેટલા થાય છે, કેમકે પલ્યોપમને ઉત્કૃષ્ટ સંખ્યાતથી ભાગતા પલ્યો.ના અસંખ્ય વર્ગમૂળ પ્રમાણ આવે. આવેલ સંખ્યાને જઘન્ય અસંખ્યથી ભાગીએ તો પણ પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળો આવે છે. તથા પલ્યોપમને ઉત્કૃષ્ટ સંખ્યાતથી ભાગી જે આવે તેને ફરી જઘન્ય અસંખ્યાતથી ભાગીએ એટલા દૂરાપકૃષ્ટિના સ્થાનો આવે છે. અસત્કલ્પનાથી જેમ પલ્યો. = ૧૧૦૦૦, જઘન્ય અસંખ્યાત = ૧૧, ઉત્કૃષ્ટ સંખ્યાત = ૧૦,... પલ્યોપમને ઉત્કૃષ્ટ સંખ્યાતથી ભાગતા ૧૧૦૦૦/૧૦ = ૧૧૦૦ પલ્યો.નો સંખ્યાતમો ભાગ, પલ્યોપમને જઘન્ય અસંખ્યાતથી ભાગતા ૧૧૦૦૦/૧૧ = ૧૦૦૦ પલ્યો.નો અસંખ્યાતમો ભાગ...હજાર અને અગ્યાર સો વચ્ચેના સ્થાનો ૧૧૦૦-૧૦૦૦ = ૧૦૦

હવેથી એટલે કે દૂરાપકૃષ્ટિ પ્રમાણ સ્થિતિસત્તા રહ્યા પછી સત્તાગત સ્થિતિના અસંખ્યાતા બહુભાગોને પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા નાશ કરે છે અને પ્રત્યેક સ્થિતિઘાતના અંતે પૂર્વ કરતા અસંખ્યાતમા ભાગની સ્થિતિ સત્તામાં રહે છે. આમ હજારો સ્થિતિઘાત થાય છે અને તેમાં ચરમ સ્થિતિઘાતમાં અનંતાનુબંધિની એકાવલિકા પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો ઘાત કરે છે. અહીં અનિવૃત્તિકરણ પુરૂ થાય અને બાકી રહેલ એકાવલિકા સ્તિબુકસંક્રમ દ્વારા ભોગવાઈ જાય છે એટલે અનંતાનુબંધિનો સર્વથા નાશ થવાથી મોહનીયનું ચોવીશપ્રકૃતિ આત્મક સત્તાસ્થાન રહે છે.

અનિવૃત્તિકરણના અન્તે શેષ કર્મના સ્થિતિઘાતાદિ પણ અટકી જાય છે અને સ્વભાવસ્થ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૧ની બન્ને ટીકા**માં કહ્યુ છે - "अनिवृत्तिकरणे च प्रविष्टः सन् प्रागुक्तस्वरूपेणोद्वलनासङ्क्रमेण निरवशेषान् विनाशयति, किन्त्वधस्तादावलिकामात्रं मुञ्चति। तदपि च स्तिबुकसङ्क्रमेण वेद्यमानासु प्रकृतिषु सङ्क्रमयति। ततोऽन्तर्मुहूर्त्तात्परतोऽनिवृत्तिकरणपर्यवसाने शेषकर्मणां स्थितिघातरसघातगुणश्रेणयो न भवन्ति, किन्तु स्वभावस्थ एव भवति ।" અહીંયા અનિવૃત્તિકરણના અંતે શેષકર્મોના સ્થિતિઘાતાદિનો વિચ્છેદ કહેલ છે એટલે અહીં 'ततो' શબ્દનો અન્વય "अनिवृत्तिकरणे च प्रविष्टः सन्" જોડે કરવાનો છે.

આ પ્રમાણે સ્વભાવસ્થ થયા પછી જઘન્યથી પણ અન્તર્મુહૂર્તકાળ સુધી સ્વભાવસ્થ રહે જ, ત્યાર પછી દર્શનમોહનીયની ક્ષપણા કે ઉપશમના માટે પ્રારંભ કરે, તે પૂર્વે કરી ન શકે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે - "तदो अणंताणुबंधिविसंजोइदे अंतोमुहुत्तमधापवत्तो जादो असाद-अरदि-सोग-अजसगित्तियादीणि ताव कम्माणि बंधदि तदो अंतोमुहूत्तेण दंसणमोहणीयमुवसामेदि ।" - **પૃ. ૧૮૧૨.**

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૧ની ચૂર્ણિ**માં પણ કહ્યું છે- "ततो अणंताणुबंधिविसंजोतितो अन्तोमुहूत्तेण ठितिघातरसघातगुणसेढी एतेहिं रहितो सभावत्थो होति ।"

---

દૂરાપકૃષ્ટિના સ્થાનો = પલ્યો. / ઉત્કૃષ્ટસંખ્યાત ÷ જઘન્ય અસંખ્યાત

અર્થાત્ $\dfrac{\text{પલ્યોપમ}}{\text{ઉત્કૃષ્ટ સંખ્યાત} \times \text{જઘન્ય અસંખ્યાત}}$ જેટલા દૂરાપકૃષ્ટિના સ્થાનો આવે છે જે પલ્યોપમના અસંખ્યાત વર્ગમૂળો જેટલા થાય છે.

આગળ ઉપર **જયધવલાકાર** જણાવે છે કે આમ પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ જેટલા દૂરાપકૃષ્ટિને યોગ્ય સ્થાનો હોવા છતાં આમાંનુ કોઈ પણ નિશ્ચિત્ત સત્તાસ્થાન અહીં હોય છે, કેમકે અનિવૃત્તિકરણના પરિણામોથી ઘાત થઈ શેષ રહેલ સ્થિતિ સમાન હોય છે. અર્થાત્ એક સાથે અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરેલા જીવોને અનિવૃત્તિકરણમાં સ્થિતિઘાત પછી શેષસ્થિતિમાં ભિન્નતા ન હોય.

અહીં પંચમી અર્થે વૃતીયા હોવાનો સંભવ છે. તેથી કર્મપ્રકૃતિચૂર્ણિની પંક્તિનો અર્થ આ પ્રમાણે થઈ શકે છે - "અનંતાનુબંધીની વિસંયોજના થઈ ગયા પછી અન્તર્મુહૂર્ત સુધી સ્થિતિઘાત - રસઘાત અને ગુણશ્રેણી રહિત સ્વભાવસ્થ રહે છે. અહીંયા જે જીવો અનંતાનુબંધી વિસંયોજના કરી આગળ વધવાના નથી તેવા જીવો લાંબો કાળ સ્વભાવસ્થ પણ રહી શકે છે. પરંતુ જે આગળ વધવાના છે એટલે કે દર્શનમોહનીયની ક્ષપણા કે ઉપશમનાનો પ્રારંભ કરવાના છે તેઓ પણ અન્તર્મુહૂર્ત સુધી તો અવશ્ય સ્વભાવસ્થ રહે છે એ તાત્પર્ય છે.

અનંતાનુબંધિ વિસંયોજનાનો અધિકાર કહ્યો... કેટલાક આચાર્યોના અભિપ્રાયે અનંતાનુબંધીની ઉપશમના પણ થાય છે. તેમના મતે તેનો ઉપશમના વિધિ **સપ્તતિકાવૃત્તિ**ના અનુસારે કહેવાય છે.

## અનંતાનુબંધી ઉપશમના

અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ કે સર્વવિરતિ જીવ અનંતાનુબંધીની ઉપશમના કરવા માટે ત્રણ કરણ કરે છે. તે જીવ કરણની અન્તર્મુહૂર્ત પૂર્વેથી અનંતગુણવિશુદ્ધિમાં વધતો હોય, તેજો - પદ્મ કે શુક્લ લેશ્યામાંથી કોઈ પણ એક લેશ્યાવાળો હોય, સાકારોપયોગમાં વર્તમાન હોય, સ્થિતિસત્તા અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય, પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો બંધક હોય, અશુભ પ્રકૃતિના ચાર સ્થાનિક રસને બે સ્થાનિક કરતો હોય, અને શુભ પ્રકૃતિના બે સ્થાનિક રસને ચાર સ્થાનિક કરતો હોય, પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરતો હોય, મન-વચન-કાય યોગમાંથી અન્યતર યોગે વર્તમાન હોય.

આ પ્રમાણે કરણની પૂર્વે અન્તર્મુહૂર્ત સુધી રહી ક્રમશઃ ત્રણ કરણ કરે. દરેક કરણ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે (૧) યથાપ્રવૃત્તકરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિકરણ... ચોથી ઉપશાંતાદ્ધા છે.

યથાપ્રવૃત્તકરણમાં અધ્યવસાયો તથા વિશુદ્ધિની પ્રરૂપણા પ્રથમ ઉપશમ સમ્યક્ત્વવત્ જાણવી. પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે તથા પૂર્વાવસ્થા પ્રમાણે પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો બંધ, ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન સ્થિતિબંધ વિગેરે ચાલુ હોય છે. યથાપ્રવૃત્તકરણ પૂર્ણ કરી અપૂર્વકરણમાં પ્રવેશે છે. ત્યાં સ્થિતિઘાત - રસઘાત - ગુણશ્રેણી - ગુણસંક્રમ - અપૂર્વસ્થિતિબંધ એ પાંચે વસ્તુઓ એકસાથે પ્રવર્તે છે. સ્થિતિઘાતાદિના ચરમ સમયે પ્રથમ સમય કરતા સંખ્યાતગુણહીન સ્થિતિ સત્તામાં રહે છે.

ગુણશ્રેણી માટે અપૂર્વકરણના પ્રથમ સમયે અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિની ઉપરથી

દલિકો ગ્રહણ કરી ઉદયાવલિકા ઉપરના સમયથી અસંખ્યગુણાકારે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક આયામમાં ગોઠવે છે. બીજા સમયે તેથી અસંખ્યગુણ દલિકો લઈ તે જ રીતે ઉદયાવલિકાના ઉપરના સમયથી અસંખ્યગુણાકારે ગોઠવે છે. આમ ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો લઈ ગુણશ્રેણીની રચના ઉદયાવલિકા ઉપર કરે છે. અહીંયા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનો સમય અનુભવવા દ્વારા જેમ જેમ ક્ષીણ થાય છે તેમ તેમ ગુણશ્રેણી નિક્ષેપ શેષ સમયોમાં થાય છે, પરંતુ ઉપર વધતો નથી. આમ અહીં ગલિતાવશેષ ગુણશ્રેણી થાય છે.

તથા અપૂર્વકરણના પ્રથમ સમયથી જ અનંતાનુબંધીના દલિકો પરપ્રકૃતિમાં અસંખ્યગુણાકારે સંક્રમે છે. એટલે કે પ્રથમ સમયે અનંતાનુબંધીના થોડા દલિક પરમાં સંક્રમે, બીજા સમયે તેથી અસંખ્યગુણ દલિકો સંક્રમે, તૃતીય સમયે તેથી અસંખ્યગુણ દલિકો સંક્રમે.... આમ ગુણશ્રેણીનો ક્રમ જાણવો.

અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અનિવૃત્તિકરણમાં પ્રતિસમય એક જ અધ્યવસાય હોય છે. એટલે કે અનિવૃત્તિકરણમાં પ્રથમ સમયવર્તી ત્રણે કાળના સર્વ જીવોને એક સરખો અધ્યવસાય હોય છે, તેવી રીતે દ્વિતીય સમયવર્તી ત્રણે કાળના સર્વ જીવોને એક સરખો અધ્યવસાય હોય છે. આમ અનિવૃત્તિકરણના કુલ સમય જેટલા અનિવૃત્તિકરણના અધ્યવસાયો હોય છે. તેમાં પણ પ્રથમ સમયની વિશુદ્ધિ કરતા દ્વિતીય સમયની વિશુદ્ધિ અનંતગુણ, દ્વિતીય સમયની વિશુદ્ધિ કરતાં તૃતીય સમયની વિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ અનિવૃત્તિકરણના ચરમ સમય સુધી જાણવું.

અનિવૃત્તિકરણમાં પણ પૂર્વોક્ત સ્થિતિઘાતાદિ પાંચ પદાર્થો પ્રવર્તે છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધિની નીચે આવલિકા પ્રમાણ સ્થિતિ રાખી ઉપર અન્તર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. અર્થાત્ અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ અનંતાનુબંધીના અભાવવાળી કરે છે. અંતરકરણ ક્રિયા એક સ્થિતિબંધાદ્ધા જેટલા કાળમાં સંપૂર્ણ કરે છે અર્થાત્ અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ શેષ રહે ત્યારે નવા સ્થિતિઘાત - નવા સ્થિતિબંધની સાથે જ અંતરકરણક્રિયા શરૂ થાય છે અને એક સ્થિતિઘાત દરમિયાન અંતરકરણક્રિયા પૂર્ણ થાય છે. અહીંયા નીચેની આવલિકાપ્રમાણ સ્થિતિ જે છોડે છે તે અંતરકરણક્રિયાકાળ દરમિયાન પ્રતિસમય ઉપર-ઉપર વધતી હોય તેમ લાગે છે. અંતરકરણના દલિક બધ્યમાન પરપ્રકૃતિમાં નાખે છે અને અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી પ્રથમસ્થિતિની શેષાવલિકા વેદ્યમાન કષાયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાઈને ભોગવાઈ જાય છે તથા અંતરકરણ ક્રિયા પછી અનંતર સમયથી ઉપરિતન દ્વિતીય સ્થિતિગત અનંતાનુબંધીના દલિકોને ઉપશમાવે છે. તેમાં પણ

પ્રથમ સમયે થોડા દલિક ઉપશમાવે, દ્વિતીય સમયે અસંખ્યગુણ... એમ યાવત્ અન્તર્મુહૂર્ત કાળ સુધી ઉપશમાવે છે. તેટલા કાળમાં અનંતાનુબંધીના સર્વદલિક ઉપશાંત થઈ જાય છે એટલે કે સંક્રમ-ઉદય-ઉદીરણા-નિધત્ત અને નિકાચના કરણને અયોગ્ય થઈ જાય છે.

**અનંતાનુબંધીની ઉપશમના - અસત્કલ્પનાથી -** અંતરકરણક્રિયા કાળ- ૫ સમય. આવલિકા = ૧૦ સમય. હવે અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુ ભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધીની નીચે આવલિકા પ્રમાણ સ્થિતિ રાખી ઉપર અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. અર્થાત્ અનંતાનુબંધી ના અભાવવાળી કરે છે. દા.ત. ૧૦૦ સમય પછી ૧૫૦ સમય સુધી છેલ્લો સંખ્યાતમો ભાગ. ૧૦૧ મા સમયથી અંતરકરણક્રિયા શરૂ થાય છે. ત્યારે આવલિકા નીચે રાખી ઉપર અંતર્મુહૂર્ત ખાલી કરવાનું શરૂ. અર્થાત્[1] ૧૦૦ + આવલિકા (૧૦ સમય) = ૧૧૦ સમયની ઉપરનું = ૧૧૧ સમયથી ૧૦૦૦ સમયનું દલિક ખાલી કરે.

૧૦૨મા સમયે ૧૦૧ + આવલિકા (૧૦ સમય) = ૧૧૧ સમયની ઉપરનું = ૧૧૨ સમયથી ૧૦૦૦ સમયનું દલિક ખાલી કરે.

૧૦૩મા સમયે ૧૦૨ + આવલિકા (૧૦ સમય) = ૧૧૨ સમયની ઉપરનું = ૧૧૩ સમયથી ૧૦૦૦ સમયનું દલિક ખાલી કરે.

૧૦૪મા સમયે ૧૦૩ + આવલિકા (૧૦ સમય) = ૧૧૩ સમયની ઉપરનું = ૧૧૪ સમયથી ૧૦૦૦ સમયનું દલિક ખાલી કરે.

૧૦૫મા સમયે ૧૦૪ + આવલિકા (૧૦ સમય) = ૧૧૪ સમયની ઉપરનું = ૧૧૫ સમયથી ૧૦૦૦ સમયનું દલિક ખાલી કરે.

છેલ્લા સમયે અર્થાત્ ૧૦૫ મા સમયે જ ૧૧૫ મા સમયથી ૧૦૦૦ સમયનું દલિક સંપૂર્ણ ખાલી થાય. એ સિવાય ૧૦૪ મા સમય સુધી થોડું થોડું દલિક જ ખાલી થાય છે. (અસત્કલ્પનાથી ૧ લાખ દલિકમાંથી ૧૦૦ દલિક જેટલું)

તેથી નીચેની આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ પ્રતિસમય અંતરકરણક્રિયા દરમિયાન ઉપર ઉપર વધતી હોય તેમ લાગે છે. અંતરકરણના દલિક બધ્યમાન પરપ્રકૃતિમાં નાખે છે. પ્રથમસ્થિતિની શેષાવલિકા (૧૦૫ મા સમયથી ૧૧૪ સમય સુધી)ના દલિકો વેદ્યમાન કષાયમાં સ્તિબુક સંક્રમથી ભોગવાઈ જાય છે. (પૂર્વે અનંતાનુબંધી નો ઉદય તો હતો જ નહિં. ત્યારે ઉપશમના પૂર્વે જેમ વેદ્યમાન કષાયમાં સ્તિબુક સંક્રમથી અનંતાનુબંધીને ભોગવતો હતો તે રીતે જ અહિં પણ જાણવું).

૧. આવલિકાની ગણતરી ઉદય સમયથી ગણાય તેથી ૧૦૧ મા સમયે ૧૦૦ + ૧૦ = ૧૧૦ સમય સુધીની આવલિકા.... એ પ્રમાણે સર્વત્ર સમજવું.

અંતરકરણ ક્રિયા પછી અનંતર સમયથી અર્થાત્ ૧૦૬ મા સમયથી ઉપરિતન દ્વિતીય સ્થિતિગત અનંતાનુબંધીના દલિકોને (અર્થાત્ ૧૦૦૧ મા સમયથી ચરમ સ્થિતિ સુધીના દલિકોને) ઉપશમાવવાનું શરૂ કરે છે. અનિવૃત્તિકરણના છેલ્લા સમયે અર્થાત્ ૧૫૦ મા સમયે બધુ દલિક સંપૂર્ણ ઉપશમાવે છે. (૩૧).

## (૫) દર્શનત્રિકની ક્ષપણા અથવા ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્તિ

અનંતાનુબંધી વિસંયોજનાધિકાર કહ્યા પછી હવે ક્રમ પ્રાપ્ત દર્શનત્રિકની ક્ષપણાનો અધિકાર કહે છે.

दंसणमोहे वि तहा कयकरणद्धा य पच्छिमे होइ ।
जिणकालगो मणुस्सो पट्ठवगो अट्ठवासुप्पिं ।। ३२ ।।

**અક્ષરાર્થ** : દર્શન મોહનીય ક્ષપણા પણ એ જ રીતે જાણવી. વિશેષમાં ચરમખંડ ઉવેળ્યા પછી કૃતકરણાદ્ધા પ્રાપ્ત થાય છે તથા દર્શનત્રિકની ક્ષપણાનો પ્રસ્થાપક જિનકાલીન (કેવલીના કાળમાં વર્તતો) આઠ વર્ષની ઉપરની ઉંમરવાળો છે. (૩૨)

**વિશેષાર્થ** : અનંતાનુબંધિ વિસંયોજનાનો અધિકાર વર્ણવ્યા પછી ચારિત્ર મોહનીયની ઉપશમના કરવા માટે પ્રથમ દર્શનત્રિકની ક્ષપણા કે ઉપશમના કરવી પડે છે. માટે અહીંયા આ ગાથા દ્વારા દર્શનત્રિકની ક્ષપણાનો અધિકાર બતાવાય છે.

ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અનંતાનુબંધિ-૪ તથા દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે છે. અનંતાનુબંધિની વિસંયોજના કરનાર સર્વ જીવો દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે જ તેવો નિયમ નથી. અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી કેટલાક જીવો ત્યાં જ સ્થિર રહે છે, કેટલાક વળી પડી પાછા મિથ્યાત્વે જઈ અનંતાનુબંધિ બાંધે છે. જ્યારે કોઈ પરાક્રમી જીવ અનંતાનુબંધિ વિસંયોજના કર્યા પછી અન્તર્મુહૂર્ત પછી દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે છે.

દર્શનત્રિકની ક્ષપણાનો [1]પ્રસ્થાપક જિનકાલિક મનુષ્ય હોય છે. જિનકાલિક એટલે કેવળીના કાળમાં વર્તતો. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૨ની બન્ને ટીકા**માં કહ્યું છે - "जिनकालश्च ऋषभजिनविचरणकालप्रभृतिको जम्बुस्वामिकेवलोत्पत्तिलाभपर्यवसानो-

१. कम्मभूमिजादो वि तित्थयर-केवलि-सुदकेवलीणं पादमूले दंसणमोहणीयं खवेदुमाढवेइ णाण्णत्थ । किं कारणं ? अदिट्ठतित्थयरादिमाहप्पस्स दंसणमोहक्खवणणिबंधणकरणपरिणामाण-मणुप्पत्तीदो । - જયધવલા, પૃ. ૧૭૩૭. "दंसणमोहणीयं कम्मं खवेदुमाढवेंतो कम्हि आढवेदि, अड्डाइज्जेसु दीवसमुद्देसु पण्णरसकम्मभूमीसु जम्हि जिणा केवली तित्थयरा तम्हि आढवेदि ।। ११ ।।"

वेदितव्यः।'' **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૩૬ની સ્વોપજ્ઞ ટીકા**માં - '''जिणकालीअ'त्ति जिनविहरणकालसम्भवः...'' તથા આઠ વર્ષની ઉપરની ઉંમરવાળો, [1]પ્રથમ સંઘયણી, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ, અવિરતાદિ ચાર ગુણસ્થાનકમાંથી અન્યતર ગુણસ્થાનકમાં રહેલો, ચાર મનના, ચાર વચનના, ઔદારિકકાયયોગમાંથી અન્યતર યોગે વર્તમાન, અન્યતર કષાયોદયે વર્તમાન, સાકારોપયોગી હોય. **કષાયપ્રાભૃત ગા. ૧૧૧**માં ક્ષાયિકસમ્યક્ત્વના પ્રસ્થાપકને જઘન્યથી તેજોલેશ્યા પણ હોય છે એમ કહ્યું છે - **"खवणाए पट्ठवगो जहण्णगो तेउलेस्साए।"** **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કૃતકૃત્યવેદકાદ્ધામાં લેશ્યાપરાવૃત્તિ બતાવતા કહ્યું છે- **"पुव्वं सुक्कलेसा आसि, संपयं अन्नयरिए वि होज्जा।"** અહીંયા **'पुव्वं'** એટલે અનિવૃત્તિકરણમાં એવો અર્થ હોય તો પ્રસ્થાપકને તેજોલેશ્યા પણ હોઈ શકે અને અનિવૃત્તિકરણમાં આવતા શુક્લલેશ્યા થઈ જતી હોય; જ્યારે **'पुव्वं'** પ્રસ્થાપકના અર્થમાં હોય તો પ્રસ્થાપકને તેમના મતે શુક્લલેશ્યા હોય. અહીં તત્ત્વ કેવળીભગવંત જાણે. તથા ત્રણ કરણની અન્તર્મુહૂર્ત પૂર્વેથી પણ અનંતગુણ વિશુદ્ધિમાં વધતો હોય છે.... આવો જીવ દર્શનત્રિકની ક્ષપણા માટે ત્રણ કરણ કરે છે (૧) યથાપ્રવૃત્તકરણ, (૨) અપૂર્વકરણ, (૩) અનિવૃત્તિકરણ. ત્રણે કરણનુ સ્વરૂપ પ્રાગ્વત્ સમજવુ એટલે કે યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણી-ગુણસંક્રમ વગેરે નથી. માત્ર પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વધે છે. પ્રતિસમય શુભકર્મોનો અનંતગુણવૃદ્ધ અને અશુભપ્રકૃતિઓનો અનંતગુણહીન રસ બાંધે છે તથા પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ શેષકર્મોનો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરે છે. યથાપ્રવૃત્તકરણ પૂર્ણ થયા પછી અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. અપૂર્વકરણના પ્રથમ સમયે એક સાથે પ્રવેશ કરતાં બન્ને જીવને સ્થિતિસત્તા સમાન હોય છે અથવા એક કરતા બીજાને વિશેષાધિક હોય છે અથવા સંખ્યાતગુણ પણ હોય છે અને તેવી જ રીતે સ્થિતિખંડમાં પણ તરતમતા હોય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - **"अपुव्वकरणस्स पढमसमए दोण्हं जीवाणं ट्ठिदिसंतकम्मादो ट्ठिदिसंतकम्मं तुल्लं वा विसेसाहियं वा संखेज्जगुणं वा, ट्ठिदिखंडयादो वि ट्ठिदिखंडयं दोण्हं जीवाणं तुल्लं वा विसेसाहियं वा संखेज्जगुणं वा ।" - પૃ. ૧૭૪૪.**

અહીંયા બે જીવોને સમાન સત્તા તથા વિશેષાધિક આ રીતે આવી શકે છે. બન્ને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવો ઉપશમશ્રેણી પર ચઢી ત્યાંથી પડી ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ

- ષટ્ખંડાગમ, પુસ્તક ૬, પૃ. ૨૪૩. અહીં ટીકાકારે **'केवलि'** અને **'तित्थयर'** વિશેષણ પૂર્વ-પૂર્વના પ્રતિબોધક ગણી તીર્થંકર એવો અર્થ કર્યો છે અને અથવા કરીને **जिणा** = ચૌદપૂર્વી, **केवलि** = કેવળજ્ઞાની (અતીર્થંકર) અને તીર્થંકર એ ત્રણેની પાસે ક્ષાયિકસમ્યક્ત્વનું પ્રસ્થાન કરે એમ કહ્યું છે.

૧. જયધવલામાં છમાંથી કોઈ પણ સંઘયણવાળો જીવ ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રસ્થાપક હોઈ શકે છે એમ કહ્યું છે - **"छण्णं संठाणाणं छण्णं संघयणाणं अण्णदरस्स पवेसगो ।"** - જયધવલા; પૃ. ૧૭૪૩.

થઈ એક સાથે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરી અપૂર્વકરણે આવે ત્યાં પ્રથમ સમયે બન્નેને સમાન સત્તા હોય, કેમકે ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિકરણનો પ્રથમ સ્થિતિખંડ પસાર થયા પછી સર્વ જીવોને એક સરખી સ્થિતિસત્તા થઈ જાય તેવો સંભવ છે, અને ઉપશમશ્રેણીથી પડી બન્નેએ સમાનકાળ પસાર કરી દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યો હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયે બન્નેને સમાન સ્થિતિસત્તા પ્રાપ્ત થાય છે. તથા એક જીવ ઉપશમશ્રેણીથી પડી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ત્યાં અન્તર્મુહૂર્ત સ્થિર રહ્યો તથા બીજો જીવ અન્તર્મુહૂર્ત પછીથી ઉપશમશ્રેણી પર ચઢી નીચે ઉતર્યો અને ત્યાર પછી અન્તર્મુહૂર્ત બાદ બન્નેએ એક સાથે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યો, તે બન્નેમાં અપૂર્વકરણના પ્રથમ સમયે પ્રથમ જીવ કરતાં દ્વિતીય જીવની સત્તા વિશેષાધિક આવે કેમકે પહેલા જીવને દર્શનત્રિકની ક્ષપણા વખતે ઉપશમશ્રેણીપરથી ઉતરીને બે અન્તર્મુહૂર્ત પસાર થયા હોવાથી તેટલી સ્થિતિ ઓછી થઈ હોય છે, જ્યારે બીજાને એક અન્તર્મુહૂર્ત પ્રમાણ ઓછી થઈ હોય છે. આમ શ્રેણીથી પડી મિથ્યાત્વે ગયા વિનાના બે જીવની ઉપશમશ્રેણી વચ્ચે ૧૩૨ સાગરોપમનું અંતર હોય તો તેટલી સ્થિતિસત્તા પણ અધિક આવી શકે. આ તો એક ઘટના બતાવી, બાકી સ્વાભાવિક રીતે પણ સમાન સ્થિતિસત્તા તથા વિશેષાધિક સ્થિતિસત્તા આવી શકે છે તથા અન્ય કોઈ રીતે પણ આવતી હોય તો તેની યથાસંભવ ઘટના સ્વયં બહુશ્રુત પુરુષો પાસેથી જાણી લેવી[1].

---

૧. જયધવલામાં અન્ય રીતે પણ સમાન સ્થિતિસત્તા અને વિશેષાધિક સ્થિતિસત્તા ઘટાવી છે. તે આ પ્રમાણે - બે જીવો એક સાથે પ્રથમોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી એક સાથે અનંતાનુબંધિની વિસંયોજના કરી દર્શનમોહનો ક્ષય કરવા માટે એક સાથે ઉપસ્થિત થાય તે બન્નેને અપૂર્વકરણના પ્રથમ સમયે સમાન સ્થિતિસત્તા હોય છે. તથા બેમાંથી એક જીવ ૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વના કાળમાં રહી દર્શનમોહનીય ક્ષપણા માટે ઉપસ્થિત થયો હોય તો તેના કરતાં બીજાને સ્થિતિસત્તા વિશેષાધિક હોય છે. આમ ઉત્કૃષ્ટપણે ૧૩૨ સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા એક કરતાં બીજાને અધિક હોય છે તથા જઘન્યથી સમય અધિકથી ૧૩૨ સાગરોપમ સુધીના સર્વ વિકલ્પો પ્રાપ્ત થાય છે.

- "कधं ताव दोण्हं ठिदिसंतकम्माणं सरिसत्तमिदि चे ? वुच्चदे - दो जीवा जुगमेव पढमसम्मत्तं घेतूण पुणो समकालमेवाणंताणुबंधिणो विसंजोएदूण दंसणमोहक्खवणाए अब्भुट्ठिदा अपुव्वकरणपढमसमए जुगवमेव दिट्ठा । तेसिं दोण्हंपि ट्ठिदिसंतकम्ममण्णोण्णेण सरिसं, ट्ठिदिखंडयाणि वि सरिसाणि चेव भवंति । तत्थ विसरिसत्ते कारणाणुवलंभादो । संपहि विसेसाहियत्तस्स कारणं वुच्चदे । तं जहा-दोसु णिरुद्धजीवेसु एगो वे छावट्ठिसागरोवमाणि परिभमिय दंसणमोहक्खवणाए अब्भुट्ठिदो । एवमब्भुट्ठिदाणमपुव्वकरणपढमसमए ट्ठिदिसंतकम्माणि विसरिसाणि होंति ट्ठिदिखंडयाणि च, भमिदवेछावट्ठिसागरोवमस्स ट्ठिदिसंतकम्मादो इयरस्स ट्ठिदिसंतकम्मस्स वेछावट्ठिसागरोवममेत्तणिसेयेहिं समाहियत्तदंसणादो । एसा उक्कस्सपक्खेण विसेसाहियभावपरुवणा कदा । अण्णहा पुण समयुत्तरादिकमेण सव्ववियप्पा वेछावट्ठिपज्जंता लब्भंति त्ति वत्तव्वं ।" - पृ. १७४४.

સંખ્યાતગુણ સ્થિતિસત્તાની ઘટના આ પ્રમાણે છે - એક જીવ દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ ચારિત્રમોહનીયની ઉપશમના કરીને કરે અને બીજો જીવ ચારિત્ર મોહનીયની ઉપશમના કર્યા વિના દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરે, તો બેમાંથી ચારિત્રમોહનીયની ઉપશમના કરીને દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરનારા જીવ કરતા ચારિત્રમોહનીયની ઉપશમના કર્યા વિના દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરનારની સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે. આનું કારણ એ છે કે જે જીવે ચારિત્રમોહનીયની ઉપશમના કરી છે તેણે તેમાં પોતાની સ્થિતિસત્તા સંખ્યાતગુણ હીન કરી છે, જ્યારે જે જીવે ચારિત્રમોહનીયની ઉપશમના કરી નથી તેને સ્થિતિ ઘટતી નથી. માટે અપૂર્વકરણના પ્રથમસમયવર્તી બે જીવોમાં ચારિત્રમોહનીયની ઉપશમના કરી દર્શનમોહનીયની ક્ષપણા કરનાર જીવ કરતાં ચારિત્રમોહનીયની ઉપશમના કર્યા વિના દર્શનમોહનીયની ક્ષપણા કરનાર જીવની સત્તા સંખ્યાતગુણ આવે.

અહીંયા આ સિવાય પણ સંખ્યાતગુણ સત્તા અન્ય રીતે પણ આવી શકે છે. જેમકે- સમાનસ્થિતિસત્તાવાળા બે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવમાંથી એક જીવે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી. તે દરમિયાન સ્થિતિઘાતાદિથી સંખ્યાતગુણહીન સ્થિતિસત્તા કરી. બીજા જીવે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી નથી. ત્યાર પછી બન્નેએ એક સાથે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યો. તેમાં અપૂર્વકરણના પ્રથમ 'સમયે પહેલાં જીવ કરતા એટલે કે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી દર્શન-૩ની ક્ષપણાનો પ્રારંભ કરનાર કરતા, બીજા જીવની એટલે કે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કર્યા વિના દર્શન-૩ની ક્ષપણા કરનારા જીવની સત્તા સંખ્યાતગુણ હોઈ શકે છે. આવી રીતે અનેક રીતે સંખ્યાતગુણ સત્તા ઘટી શકે છે તે યથાસંભવ વિચારી લેવું. અહીં **ચૂર્ણિકારે** એક રીત બતાવી તે દિગ્દર્શનમાત્ર કરાવ્યું છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં આ વાતની સ્પષ્ટતા કરી છે - "दोण्हं जीवाणमेक्को कसाये उवसामेयूण खीणदंसणमोहणीओ जादो, एक्को कसाये अणुवसामेयूण खीणदंसण-मोहणीओ जादो, जो अणुवसामेयूण खीणदंसणमोहणीओ जादो तस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।" - **પૃ. ૧૭૪૫.**

આમ અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિસત્તા જેમ સમાન અને વિષમ પણ હોય છે, તેવી રીતે સ્થિતિખંડ પણ સમાન અને વિષમ હોય છે, કેમકે સ્થિતિસત્તાનુસારે સ્થિતિખંડ હોય તેવો સંભવ છે.

અહીંયા પ્રસંગતઃ સ્થિતિસત્તાને લગતી બીજી બે વાતો પણ **કષાયપ્રાભૃતચૂર્ણિકારે**

જણાવી છે. તે આ પ્રમાણે - (૧) એક જીવ દર્શનમોહનીયની ક્ષપણા કરીને ચારિત્ર મોહનીયની ઉપશમનાનો પ્રારંભ કરે. બીજો જીવ દર્શનમોહનીયની ક્ષપણા કર્યા વિના ચારિત્ર મોહનીયની ઉપશમનાનો પ્રારંભ કરે. તે બન્ને જીવોને કષાયો ઉપશાંત થયે છતે તુલ્યકાળ પસાર થાય ત્યારે સમાન સ્થિતિસત્તા હોય છે. અહીંયા દર્શન મોહનીયની ક્ષપણા કરી ઉપશમનાનો પ્રારંભ કરનાર અને દર્શન મોહનીયની ક્ષપણા કર્યા વિના ઉપશમ શ્રેણીનો પ્રારંભ કરનાર બન્નેને કષાયો ઉપશાંત થયા પછી તુલ્યકાળ પસાર થતાં સમાન સ્થિતિસત્તા જણાવી છે તેનું કારણ એ લાગે છે કે ક્ષપકશ્રેણીમાં જેમ અનિવૃત્તિકરણના પ્રથમસ્થિતિખંડનો ઘાત થયા પછી સર્વ જીવોને સમાન સ્થિતિસત્તા થાય છે, તેમ ઉપશમશ્રેણીમાં પણ અનિવૃત્તિકરણનો પ્રથમ સ્થિતિખંડ પૂર્ણ થયા પછી સમાન સ્થિતિસત્તા થતી હોય. તેથી દર્શનત્રિકની ક્ષપણા કરી ઉપશમશ્રેણી માંડનાર કરતાં દર્શનત્રિકની ક્ષપણા કર્યા વિના ઉપશમશ્રેણી માંડનારની સત્તા અનિવૃત્તિકરણના પ્રથમખંડ સુધી વધારે હોઈ શકે, પરંતુ અનિવૃત્તિકરણના પ્રથમખંડ પછીથી બન્નેની સત્તા સમાન થઈ જાય.

**પ્રશ્ન** - ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિકરણમાં પ્રથમસ્થિતિખંડ પછી સર્વજીવોની સ્થિતિસત્તા સમાન શી રીતે ઘટી શકે ? કેમકે એક જીવે એકવાર ઉપશમશ્રેણીથી પડી મિથ્યાત્વગુણસ્થાનકે ગયા' વગર પુનઃ બીજીવાર ઉપશમશ્રેણી માંડી હોય, જ્યારે બીજા જીવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પ્રથમવાર ઉપશમશ્રેણી માંડી હોય, તો તેમાં બીજા જીવ કરતાં પ્રથમ જીવની સ્થિતિ સંખ્યાતગુણ હીન આવશે, કેમકે એકવાર ઉપશમશ્રેણીમાં સ્થિતિઘાત દ્વારા સ્થિતિ ઓછી કર્યા પછી તે જીવ મિથ્યાત્વે ગયો નથી. તેથી તેને સ્થિતિ સત્તામાં વધી નથી, કેમકે અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરતા ઉપશમશ્રેણીની જઘન્ય સ્થિતિસત્તા પણ વધારે હોય છે અને પુનઃ ઉપશમશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થિતિ કરે છે. જ્યારે બીજા જીવને પ્રથમવારની ઉપશમશ્રેણી હોવાથી પ્રથમજીવની પહેલી ઉપશમશ્રેણી વખતે જેટલી સ્થિતિસત્તા હતી તેટલી સ્થિતિસત્તા તેને આવશે ?

**જવાબ** - ઉક્ત વાત યથાર્થ છે, પરંતુ અહીંયા જે બે જીવો ઉપશમશ્રેણી માંડનારા છે, તે બન્ને પ્રથમવારની ઉપશમશ્રેણી માંડનારા હોય તેવી વિવક્ષા હોવાનો સંભવ છે. અથવા બીજીવાર ઉપશમશ્રેણી માંડનાર પ્રથમવારની ઉપશમશ્રેણીથી પડી મિથ્યાત્વે જઈ સ્થિતિ વધારી ફરી શ્રેણી માંડે તેની વિવક્ષા હોય તેમ લાગે છે.

(૨) બે જીવોમાં પ્રથમજીવ, કષાયોને ઉપશમાવી (ઉપશમશ્રેણી માંડી-પડી) પછી દર્શનત્રિકની ક્ષપણા કરે છે. બીજો જીવ, પ્રથમ દર્શનમોહનીય ખપાવી પછી ચારિત્ર મોહનીયને ઉપશમાવે છે. આ બન્ને જીવોને ક્ષપણા અને ઉપશમના પૂર્ણ થયા પછી તુલ્યકાળ પસાર

થાય ત્યારે પ્રથમ જીવ કરતા બીજાને સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે. આનું કારણ સ્પષ્ટ છે. કેમકે દર્શનમોહનીયની ક્ષપણા કર્યા પછી ચારિત્રમોહનીયની ઉપશમના કરનારને દર્શનમોહનીયની ક્ષપણામાં જેટલી સ્થિતિનો ઘાત થયો હોય છે તેટલી ઓછી સ્થિતિનો ઘાત ચારિત્ર મોહનીયની ઉપશમનામાં થાય છે. જ્યારે ચારિત્રમોહનીયની ઉપશમના કરી પછી દર્શનમોહનીયની ક્ષપણા કરનારને ચારિત્રમોહનીયની ઉપશમના પછી શેષ રહેલ સ્થિતિના સંખ્યાતબહુભાગનો દર્શનમોહનીયની ક્ષપણામાં ઘાત થઈ જાય છે.

આ બન્ને વાતોને લગતી **કષાયપ્રાભૃતચૂર્ણિ** આ પ્રમાણે છે - **"जो पुव्वं दंसणमोहनीयं खवेदूण पच्छा कसाये उवसामेदि, जो वा दंसणमोहणीयमक्खवेदूण कसाये उवसामेइ, तेसिं दोण्हंपि जीवाणं कसायेसु उवसंतेसु तुल्लकाले समधिच्छिदे तुल्लं ट्ठिदिसंतकम्मं । जो पुव्वं कसाए उवसामेयूण पच्छा दंसणमोहनीयं खवेइ, अण्णो पुव्वं दंसणमोहणीयं खवेयूण पच्छा कसाए उवसामेइ, एदेसिं दोण्हं पि खीणदंसणमोहणीयाणं खवणकरणेसु उवसमकरणेसु च णिट्ठिदेसु तुल्ले काले विदिक्कंते जेण पच्छा दंसणमोहणीयं खविदं तस्स ट्ठिदिसंतकम्मं थोवं, जेण पुव्वं दंसणमोहणीयं खवेयूण पच्छा कसाया उवसामिदा तस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।" - પૃ. ૧૭૭૫.**

અપૂર્વકરણના પ્રથમ સમયથી સ્થિતિઘાતાદિ ચાર વસ્તુઓ પ્રવર્તે છે તથા દર્શનદ્વિકનો ગુણસંક્રમ પણ થાય છે. તથા ઉત્તરોત્તર વિશેષહીન ખંડ પ્રમાણ ઉદ્‌વલના લક્ષણવાળા (સ્થિતિખંડો) હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે- **"नवरिं अपुव्वकरणस्स पढमसमये दंसणदुगस्स गुणसंकमो आढवेति, अन्नं च उव्वलणालक्खणेण पढमट्ठितिखण्डगं सव्वमहन्तं, बिइयं विसेसहीणं, ततीयं विसेसहीणं जाव अपुव्वकरणस्स अंतिमट्ठिदिखंडगं विसेसहीणं ।"**

અપૂર્વકરણનો પ્રથમસ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે અને તે, કષાયોને ઉપશમાવી દર્શનત્રિકની ક્ષપણા કરવાવાળાને હોય છે, જ્યારે ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ હોય છે; જે, કષાયોને ઉપશમાવ્યા વગર દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરનારને હોય છે. તથા દરેક જીવને પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિખંડ વિશેષહીન પ્રમાણવાળો હોય છે. આમ ઉત્તરોત્તર વિશેષહીન પ્રમાણવાળા ખંડો થતાં હોઈ પ્રથમ સ્થિતિખંડની અપેક્ષાએ અપૂર્વકરણમાં જ કોઈ અન્ય સ્થિતિખંડ સંખ્યાતગુણહીન પણ આવે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે- **"एवं पढमादो ठिदिखंडयादो अंतो अपुव्वकरणद्धाए संखेज्जगुणहीणं पि अत्थि ।" - પૃ. ૧૭૭૬.**

અહીંયા રસઘાત અને ગુણશ્રેણીનું સ્વરૂપ પ્રાગવત્ સમજી લેવુ. વિશેષમાં એટલું જ

છે કે ગુણશ્રેણી આયામ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી અધિક કાળ જેટલો હોવા છતાં તે પૂર્વની (અનંતાનુબંધી વિસંયોજનાની) ગુણશ્રેણી કરતાં સંખ્યાતગુણ હીન છે.

ઉક્ત રીતે હજારો સ્થિતિખંડોનો ઘાત કરવા દ્વારા અપૂર્વકરણ પૂર્ણ થાય છે. અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિસત્તા કરતા ચરમ સમયે સ્થિતિસત્તા સંખ્યાતગુણહીન હોય છે. તેવી જ રીતે અપૂર્વકરણના પ્રથમ સમયના સ્થિતિબંધ કરતા ચરમ સમયનો સ્થિતિબંધ પણ સંખ્યાતગુણહીન હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "अपुव्वकरणद्धाएपढमसमयट्ठितिसंतकम्मातो चरिमसमयट्ठितिसंतकम्मं संखेज्जगुणहीणं । ट्ठितिबंधो वि पढमसमए बहुगो, अपुव्वकरणचरिमसमते संखेज्जगुणहीणो।"

અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનંતરસમયે અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે અનિવૃત્તિ-કરણના પ્રથમ સમયે દર્શનત્રિકમાં દેશોપશમના-નિધત્ત-નિકાચનાકરણ નષ્ટ થાય છે. એટલે કે અત્યાર સુધી દર્શનમોહનીયના અમુક દલિકો દેશોપશમિત હતા એટલે ઉદીરણા-ઉદ્વર્તના-અપવર્તનાને અયોગ્ય હતા. નિધત્ત હતા એટલે ઉદ્વર્તના-અપવર્તનાને અયોગ્ય હતા. નિકાચિત હતા એટલે સકલ કરણને અયોગ્ય હતા. પરન્તુ અનિવૃત્તિકરણના પ્રથમ સમયે દર્શનત્રિકના સત્તાગત દલિકોમાંથી આ ત્રણ કરણ નાશ પામે છે. એટલે હવેથી દર્શનમોહનીયની સર્વસ્થિતિના સર્વદલિક અપર્વતના અને ઉદીરણાને યોગ્ય થઈ જાય છે. આ પ્રમાણે ત્રણે કરણ રહિત દર્શનમોહનીય કર્મ થાય છે, શેષ કર્મ નહીં. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "अणियट्टिस्स पढमसमते दंसणमोहणीयं अपसत्थुवसामणणिहत्तणिकायणेहिं अणुवसंतं, सेसाणि कम्माणि उवसंताणि अणुवसंताणि य ।" તથા **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૩૯ની ગાથા**માં પણ જણાવ્યું છે - "देसुवसमणनिकायणनिहत्तिरहियं च होइ दिट्ठितिगं ।"

અનિવૃત્તિકરણમાં પણ પ્રથમસમયથી જ સ્થિતિઘાતાદિ પૂર્વોક્ત પ્રકારે ચાલુ હોય છે. પ્રથમ સમયે નવો સ્થિતિઘાત-નવો રસઘાત અને અપૂર્વ સ્થિતિબંધ ચાલુ થાય છે. અનિવૃત્તિકરણના પ્રથમ સમયે દર્શનમોહનીયની સ્થિતિસત્તા સાગરોપમ શતસહસ્રપૃથક્ત્વ એટલે અંતઃકોડસાગરોપમ જેટલી હોય છે અને શેષ કર્મની લક્ષકોડપૃથક્ત્વ એટલે કે અન્તઃકોડાકોડી સાગરોપમ જેટલી હોય છે. "अणियट्टिकरणस्स पढमसमए दंसणमोहणीयस्स ट्ठिदिसंतकम्मं सागरोवमसदसहस्सपुधत्तमंतोकोडीए । सेसाणं कम्माणं ट्ठिदिसंतकम्मं कोडीसदसहस्सपुधत्तमंतोकोडाकोडीए ।" **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૭૫૦.** ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અસંજ્ઞીપંચેન્દ્રિયના સ્થિતિબંધ સમાન દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. ત્યાર પછી સ્થિતિખંડ પૃથક્ત્વ જાય એટલે ચઉરિન્દ્રિયના સ્થિતિબંધ

સમાન દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. ત્યાર પછી વળી સ્થિતિખંડ પૃથક્ત્વ પસાર થાય એટલે તેઇન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. ત્યાર પછી વળી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે બેઇન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. ત્યાર પછી વળી હજારો સ્થિતિઘાત પસાર થાય એટલે એકેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. ત્યાર પછી વળી પૃથક્ત્વ સ્થિતિખંડ પસાર થાય ત્યારે દર્શનમોહનીયની પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થાય છે. આ પ્રમાણે એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થાય ત્યાં સુધી સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. **પંચસંગ્રહ**ના મતે પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસત્તા થાય ત્યાં સુધી આ ક્રમ હોય છે એટલે કે પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિસત્તા બાકી રહે ત્યાં સુધી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડો હોય છે. તે આ પ્રમાણે- "**ठितिखंडसहस्साइं एक्केक्के अंतरंमि गच्छंति। पलिओवमसंखंसे दंसणसंते तओ जाए ॥४०॥ संखेज्जा संखेज्जा भागा खंडेइ सहस्स ते वि ।**"-**પંચસંગ્રહ ઉપશમનાકરણ.**

અહીંયા સ્થિતિખંડ પૃથક્ત્વ કહ્યો છે ત્યાં 'પૃથક્ત્વ' શબ્દ બહુત્વવાચી હોવાથી ઘણા (હજારો, લાખો, ક્રોડો) સ્થિતિઘાત સમજવા.

હવે એટલે કે એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થયા પછી દરેક સ્થિતિખંડ સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણના હોય છે. એટલે કે પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગોનો નાશ કરે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૩ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "ततो द्वितिखंडगपुहुत्तेणं जायं पलिओवमट्ठितियं दंसणमोहणिज्जट्ठितिसंतकम्मं, तंमि कए ट्ठितिसंतकम्मस्स संखेज्जभागा आघायिज्जंत्ति, आघायिज्जंति णाम खंडिज्जंति अहवा छिज्जंति ।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યુ છે - "**जाव पलिदोवमट्ठिदिसंतकम्मं ताव पलिदोवमस्स संखेज्जदिभागो ठिदिखंडयं पलिदोवमे ओसुलुत्ते तदो पलिदोवमस्स संखेज्जा भागा आगाइदा। तदो सेसस्स संखेज्जा भागा आगाइदा। - પૃ. ૧૭૫૯.**" '**ओसुलुत्ते**' એટલે '**अवसिट्ठे ।**'

**પંચસંગ્રહ**ના મતે પલ્યોપમના સંખ્યાતમા ભાગ સ્થિતિસત્તા સુધી સ્થિતિખંડાયામ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ રહે છે એ વાત ઉપર જણાવી ગયા છીએ. એટલે કે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ આયામવાળા સ્થિતિખંડો હોય છે. પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા થયા પછી પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા સત્તાગતસ્થિતિના સંખ્યાતા બહુભાગનો નાશ કરે છે. એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૪૧ની મૂળટીકા**માં કહ્યુ છે - "पल्योपमसंख्येयभागस्थितिके दर्शनत्रिके सङ्ख्येयाः सङ्ख्येयाः स्थितिभागाः स्थितिघाते स्थितिघाते व्रजन्ति, सङ्ख्येयभागोऽवतिष्ठते ।"

ઉક્તક્રમે હજારો સ્થિતિઘાત પસાર થાય છે. ત્યાર પછી મિથ્યાત્વમોહનીયના સત્તાગત સ્થિતિના અસંખ્યાતા બહુભાગ પ્રમાણના સ્થિતિખંડો હોય છે. આ વખતે મિશ્રમોહનીય સમ્યક્ત્વમોહનીયમાં પૂર્વોક્તક્રમ ચાલુ હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યું છે- "ततो द्वितिखंडगसहस्साणि, ततो पलिओवमस्स संखेज्जतिभागे संतकम्मस्स सेसे मिच्छत्तस्स द्वितिसंतकम्मस्स असंखेज्जभागा आघातिज्जंति, सम्मत्तमीसाणं संखेज्जा चेव आघातिज्जंति।" તાત્પર્ય એ છે કે સંખ્યાતા બહુભાગ પ્રમાણ આયામવાળા હજારો સ્થિતિખંડ ત્રણે દર્શનમોહનીયમાં પસાર થયા પછી એક સ્થિતિખંડ દ્વારા મિથ્યાત્વમોહનીયની જે સત્તાગત સ્થિતિ છે, તેમાંથી અસંખ્યાતમો ભાગ રાખી શેષ બહુભાગોનો નાશ કરે છે. ત્યાર પછી વળી નવા સ્થિતિઘાત દરમિયાન શેષ સત્તાગતસ્થિતિના અસંખ્યાતા બહુભાગોનો નાશ કરે છે અને શેષ એક ભાગ રાખે છે. આ પ્રમાણે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાતનો ક્રમ સમજવો. જ્યારે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયમાં પૂર્વની માફક સત્તાગત સ્થિતિમાંથી સંખ્યાતા બહુભાગોનો નાશ કરી એક સંખ્યાતમો ભાગ શેષ રાખે તે પ્રમાણે સ્થિતિઘાતનો ક્રમ સમજવો. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત જાય ત્યાર પછીના સ્થિતિઘાત દ્વારા મિથ્યાત્વમોહનીયની એકાવલિકા સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો નાશ કરે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "ततो बहुसु द्वितिखंडगेसु गएसु मिच्छत्तस्स आवलिगाबाहिरं दलियं सव्वं आघातियं भवति ।" તે વખતે સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ સત્તામાં રહે છે. "संमत्तसम्मामिच्छत्ताणं ठितिए पलिओवमस्स असंखेज्जतिभागो सेसो ।"-**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ.** હવેથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના પણ સત્તામાંથી અસંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિનો પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા ક્ષય કરે છે અને શેષ મિથ્યાત્વમોહનીયની ઉદયાવલિકા સ્તિબુકસંક્રમથી વેદ્યમાન સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાઈને ભોગવાઈ જાય છે-"मिच्छत्ते पढमसमयसंकंते णिठिए संमत्ते सम्मामिच्छत्ताणं असंखेज्जभागा( घा )तिया भवंति, संकामिया भवंति ।"-**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ.** ઉક્ત ક્રમે હજારો સ્થિતિઘાત પસાર થાય ત્યાર પછીના સ્થિતિઘાત દ્વારા મિશ્રમોહનીયની આવલિકા ઉપરની સર્વસ્થિતિનો ઘાત કરે છે. તે વખતે સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "एवं संखेज्जेहिं सम्मामिच्छत्तठितिखंडगेहिं गएहिं सम्मामिच्छत्तं आवलियाबाहिरं सव्वं आघातियं भवति । ताहे चेव संमत्तसंतकम्मं अट्ठवासठीइयं होति ।"

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં સ્થિતિઘાતના ક્રમમાં થોડો ભેદ છે. તેમના મત અનુસાર પલ્યોપમથી માંડી આઠ વર્ષની સમ્યક્ત્વમોહનીયની સ્થિતિ બાકી રહે ત્યાં સુધીનો અધિકાર આ પ્રમાણે છે- પલ્યોપમ સ્થિતિસત્તા થયા પછી પ્રત્યેક સ્થિતિઘાત સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણ જાણવા. તે ક્રમે હજારો સ્થિતિઘાત પ્રવર્તે છે. ત્યાર પછી

દૂરાપકૃષ્ટિ રૂપ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ સત્તામાં રહે છે. દૂરાપકૃષ્ટિનું સ્વરૂપ અનંતાનુબંધિ વિસંયોજનાના અધિકારમાં જણાવ્યું છે. ત્યાર પછી એટલે કે દૂરાપકૃષ્ટિના સ્થિતિસ્થાનથી દર્શનમોહનીયની ત્રણે પ્રકૃતિના સત્તાગત સ્થિતિના અસંખ્યાતા બહુભાગોનો પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા નાશ કરે છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિઘાત પસાર થાય છે, ત્યારે સમ્યક્ત્વમોહનીયની અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા શરૂ થાય છે. અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાની વ્યાખ્યા આગળ ઉપશમશ્રેણીના અધિકારમાં બતાવીશું. ત્યાર પછી વળી ઘણા સ્થિતિઘાત પછી મિથ્યાત્વની એકાવલિકા ઉપરની સર્વસ્થિતિનો ઘાત કરે છે. અહીં સુધી એટલે કે મિથ્યાત્વના ચરમસ્થિતિઘાત સુધી દર્શનમોહનીયની ત્રણે પ્રકૃતિની સ્થિતિસત્તા સમાન હતી. તેમજ અહીં સુધી સ્થિતિખંડો પણ બધા સમાન આવતા હતા. જ્યારે આ સ્થિતિઘાત દરમિયાન મિથ્યાત્વની આવલિકા સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો અને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ રાખી શેષ અસંખ્યગુણ સ્થિતિનો ઘાત કરે છે. એટલે હવે આ સ્થિતિખંડ મિથ્યાત્વમોહનીયનો સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય કરતા વિશેષાધિક પ્રમાણવાળો આવે. જ્યારે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો તો સ્થિતિખંડ પરસ્પર સમાન હોય છે. તથા શેષ રહેલી સ્થિતિ પણ બન્નેની પરસ્પર સમાન હોય છે. આ વસ્તુ આગળ આપેલ અલ્પબહુત્વ દ્વાર પરથી સમજી શકાય છે. વળી આ ચરમ સ્થિતિઘાતના ચરમ સમયે મિથ્યાત્વમોહનીયનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. તથા તે જ સમયે ગુણિતકર્માંશ જીવને મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તથા તે દ્વારા ગુણિતકર્માંશ આત્માને મિશ્રની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે.

સંસારમાં પરિભ્રમણ કરતા મિથ્યાત્વનો જઘન્ય સ્થિતિસંક્રમ આ સ્થાને પ્રાપ્ત થાય છે. તથા ગુણિતકર્માંશ જીવને મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા પણ આ સ્થાને પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન** - પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છેલ્લા સ્થિતિખંડનો અન્તર્મુહૂર્ત સુધી ઘાત થાય છે તો પછી અન્તર્મુહૂર્ત સુધી જઘન્ય સ્થિતિસંક્રમ કેમ નહીં ? ચરમ સમયે જ શા માટે કહ્યો ?

**જવાબ** - ચરમખંડ ઘાત કરતી વખતે પ્રતિસમય ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિમાંથી દલિકોને પરમાં સંક્રમાવે છે. જેમ જેમ સમય ભોગવાતો જાય છે તેમ તેમ નવો સમય ઉદયાવલિકામાં દાખલ થતો હોવાથી ઉત્તરોત્તર સમયે સ્થિતિખંડ એક-એક સમય જેટલો ન્યૂન થતો જાય છે. તેથી ચરમસ્થિતિઘાતના પ્રથમ સમયે સ્થિતિખંડ કરતા ચરમ સમયે સ્થિતિખંડનુ પ્રમાણ અન્તર્મુહૂર્ત જેટલુ ન્યૂન આવે અને તેથી જ ચરમખંડના ચરમસમયે જઘન્યસ્થિતિસંક્રમ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે દરેક સ્થિતિઘાત વખતે થતુ

નથી, કેમકે દરેક સ્થિતિઘાતમાં ઉદયાવલિકાની ઉપરના સ્થિતિસ્થાન સુધીનો સ્થિતિખંડ હોતો નથી પણ ઉદયાવલિકા ઉપરની ઘણી સ્થિતિ તે સમયના સ્થિતિખંડ વગરની છે. તેથી જેમ જેમ ઉદયાલિકાનો સમય ભોગવાઈ જાય, તેમ તેમ નવો સમય ઉદયાવલિકામાં દાખલ થતો હોવા છતાં સ્થિતિખંડ ન્યૂન થતો નથી. તેથી દ્વિચરમસ્થિતિખંડ સુધી સ્થિતિખંડ સ્થિતિઘાતાદ્ધાના કાળ દરમિયાન અવસ્થિત રહે છે. નાનો ન થાય ચરમસ્થિતિખંડમાં જ માત્ર આ પ્રમાણે થાય છે.

હવે મિથ્યાત્વના ચરમસ્થિતિઘાત પછી શેષ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના સત્તાગત સ્થિતિના અસંખ્યાતા બહુભાગોનો પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા નાશ કરે છે. તથા મિથ્યાત્વની શેષાવલિકા સ્તિબુકસંક્રમથી સંક્રમાઈને ભોગવાઈ જાય છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત પસાર થાય ત્યાર પછીના સ્થિતિઘાત દ્વારા મિશ્રમોહનીયની આવલિકા પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો ઘાત કરે છે. તે વખતે સમ્યક્ત્વમોહનીયની પણ આઠ વરસ પ્રમાણ સ્થિતિ રાખી શેષ સઘળી સ્થિતિનો ઘાત કરે છે. અહીં સુધી મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા તથા સ્થિતિખંડો સમાન હતા. હવે આ ચરમ સ્થિતિઘાત વખતે મિશ્રમોહનીયની આવલિકા સિવાય સઘળી સ્થિતિનો અને સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષ સિવાય સઘળી સ્થિતિનો ઘાત થતો હોવાથી બન્નેનો આ સ્થિતિખંડ વિષમ હોય છે. સમ્યક્ત્વમોહનીયના સ્થિતિખંડ કરતા મિશ્રમોહનીયનો સ્થિતિખંડ આવલિકાન્યૂન આઠવર્ષપ્રમાણ અધિક હોય છે. વળી આ સ્થિતિખંડનો ઘાત થયા પછી બન્નેની સ્થિતિસત્તા વિષમ શેષ રહે છે. મિશ્રમોહનીયની આવલિકા પ્રમાણ રહે છે અને સમ્યક્ત્વ મોહનીયની આઠ વર્ષ પ્રમાણ રહે છે. ઉક્ત વસ્તુ અલ્પબહુત્વાધિકાર પરથી જણાય છે. વળી મિશ્રમોહનીયના ચરમખંડના ચરમસમયે મિશ્રમોહનીયનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. તથા ગુણિતકર્માંશ જીવ હોય તો મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ તથા સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા પ્રાપ્ત થાય છે. અહીંયા મતાંતરે સમ્યક્ત્વમોહનીયની સંખ્યાતા વર્ષની સ્થિતિસત્તા રહે છે. મિશ્રમોહનીયની શેષાવલિકા ત્યારબાદ સમ્યક્ત્વમોહનીયના અંતર્મુહૂર્તપ્રમાણ ખંડોનો ઘાત કરવાની સાથે સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાઈને ભોગવાઈ જાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે - "पलिदोवमे ओसुलुत्ते तदो पलिदोवमस्स संखेज्जा भागा आगाइदा । तदो सेसस्स संखेज्जा भागा आगाइदा । एवं ठिदिखंडयसहस्सेसु गदेसु दूरावकिट्टी पलिदोवमस्स संखेज्जे भागे ट्ठिदिसंतकम्मे सेसे तदो सेसस्स असंखेज्जा भागा आगाइदा । एवं पलिदोवमस्स असंखेज्जदिभागिगेसु बहुएसु ट्ठिदिखंडयसहस्सेसु गदेसु तदो सम्मत्तस्स असंखेज्जाणं समयपबद्धाणमुदीरणा । तदो बहुसु ट्ठिदिखंडएसु गदेसु मिच्छत्तस्स आवलियबाहिरं

सव्वमागाइदं । सम्मत्त-सम्मामिच्छत्ताणं पलिदोवमस्स असंखेज्जदिभागो सेसो । तम्हि ट्ठिदिखंडए णिट्ठायमाणे णिट्ठिदे मिच्छत्तस्स जहण्णओ ट्ठिदिसंकमो, उक्कस्सओ पदेससंकमो । ताधे सम्मामिच्छत्तस्स उक्कस्सगं पदेससंतकम्मं । तदो आवलियाए दूसमयूणाए गदाए मिच्छत्तस्स जहण्णयं ट्ठिदिसंतकम्मं। मिच्छत्ते पढमसमयसंकंते सम्मत्तसम्मामिच्छत्ताणमसंखेज्जा भागा आगाइदा । एवं संखेज्जेहिं ट्ठिदिखंडएहिं गदेहिं सम्मामिच्छत्तमावलियबाहिरं सव्वमागाइदं । ताधे सम्मत्तस्स दोण्णि उवदेसा । के वि भणंति संखेज्जाणि वस्ससहस्साणि ट्ठिदाणि त्ति । पवाइज्जंतेण उवदेसेण अट्ठवस्साणि सम्मत्तस्स सेसाणि सेसाओ ट्ठिदीओ आगाइदाओ त्ति । एदम्मि ट्ठिदिखंडए णिट्ठिदे ताधे जहण्णगो सम्मामिच्छत्तस्स ट्ठिदिसंकमो, उक्कस्सओ पदेससंकमो । सम्मत्तस्स य उक्कस्सपदेससंतकम्मं ।" - **પૃ. ૧૭૫૫.**

**દલનિક્ષેપવિધિ : - કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૨ની ચૂર્ણિ**માં સમ્યક્ત્વમોહનીયની આઠ વરસ પ્રમાણ સ્થિતિ શેષ રહે છે ત્યાં સુધી દર્શનત્રિકના જે દલિકો ઉકેરાય છે તેનો નિક્ષેપ સામાન્યથી બતાવ્યો છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વના દલિક મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં પડે છે, મિશ્રમોહનીયના દલિક સમ્યક્ત્વમોહનીયમાં પડે છે અને સમ્યક્ત્વમોહનીયના દલિક સ્વસ્થાનમાં નીચે નાંખે છે - "खण्डिज्जमाणं मिच्छत्तं सम्मामिच्छत्तसंमत्तेसु खिवइ, मिस्सं सम्मत्ते, सम्मत्तं सट्ठाणे य अहो छुभइ ।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં દલપ્રક્ષેપવિધિ વિસ્તારથી બતાવી છે. તે આ પ્રમાણે - અપૂર્વકરણના પ્રથમ સમયથી મિશ્રમોહનીયના ચરમખંડના અથવા સમ્યક્ત્વમોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના દ્વિચરમ સમય સુધી પ્રતિસમય જે દલિકો ઉકેરે છે તેને નીચે ઉદયાવલિકા ઉપરના સમયથી ગુણશ્રેણી શીર્ષ સુધી અસંખ્યગુણના ક્રમે નાંખે છે. તેની ઉપરની સ્થિતિમાં અસંખ્યગુણહીન[1] નાંખે છે. ત્યારપછી છેક સુધી

૧. **જયધવલા**માં પણ આ ક્રમ બતાવ્યો છે, ઉપરાંતમાં ગુણશ્રેણિશીર્ષની ઉપરના સ્થાનમાં અસંખ્યગુણહીન દલપ્રક્ષેપ થવાનું કારણ એ બતાવ્યું છે કે અપકૃષ્ટદ્રવ્યને એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી લગભગ એક ભાગ પ્રમાણ દ્રવ્ય (અસંખ્યાતભાગહીન) ગુણશ્રેણિશીર્ષમાં નાંખી શેષ અસંખ્યાતબહુભાગ પ્રમાણ દ્રવ્યને ગુણશ્રેણિની ઉપરની સર્વસ્થિતિમાં વિશેષહીનના ક્રમે નાંખવાનું છે. ગુણશ્રેણિની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ છે, જ્યારે ગુણશ્રેણિની ઉપર તેથી અસંખ્યગુણ સ્થિતિ છે. આમ ગુણશ્રેણીના ભાગે આવેલ દ્રવ્ય કરતા અસંખ્યગુણ દ્રવ્ય ઉપરની સ્થિતિમાં આપવાનું હોવા છતા ગુણશ્રેણિ આયામ કરતા અસંખ્યગુણસ્થિતિમાં વિશેષહીનના ક્રમે તે દ્રવ્ય વહેંચવાનું હોવાથી ગુણશ્રેણિશીર્ષ કરતા ઉપરના સ્થાનમાં અસંખ્યગુણહીન દ્રવ્ય અપાય છે. તથા અહીં દૃશ્યમાન દ્રવ્ય એટલે કે પૂર્વનું સત્તાગત અને આ નંખાયેલ દ્રવ્ય મળી સમુદિત દ્રવ્ય પણ આ જ ક્રમે છે, એ વાત પણ વધારામાં જણાવી છે. **જયધવલા**ના અક્ષરો આ પ્રમાણે છે - **"अपुव्वकरणपढमसमयादो आढत्ता जाव सम्मामिच्छत्तचरिमट्ठिदिखंडयदुचरिमफालित्ति ताव एदम्हि अंतराले पडिसमयमसंखेज्जगुणाए सेढीए पदेसग्गमोकड्डियूण गुणसेढिविण्णासं**

વિશેષહીનના ક્રમે નાંખે છે (અતીત્થાપનાવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી) **કષાયપ્રાભૃતચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે - **"अपुव्वकरणस्स पढमसमयादो पाए जाव चरिमं पलिदोवमस्स असंखेज्जभागट्ठिदिखंडयं ति एदम्मि काले जं पदेसग्गमोकड्डमाणो सव्वरहस्साए आवलियबाहिरट्ठिदिए पदेसग्गं देदि तं थोवं, समयुत्तराए ट्ठिदीए जं पदेसग्गं देदि तमसंखेज्जगुणं, एवं जाव गुणसेढिसीसयं ताव असंखेज्जगुणं, तदो गुणसेढिसीसयादो उवरिमाणंतरट्ठिदीए पदेसग्गमसंखेज्जगुणहीणं तदो विसेसहीणं, सेसासु वि ट्ठिदीसु विसेसहीणं चेव, णत्थि गुणगारपरावत्ती ।" - पृ. १७५७.** અહીં ઉદયાવલિકામાં નિક્ષેપનો ક્રમ જો કે બતાવ્યો નથી, પરંતુ ગુણશ્રેણિ ઉદયાવલિકા ઉપરના સમયથી કહી છે. તેથી અધ્યાહારથી ઉદયાવલિકામાં ઉદયવતી પ્રકૃતિઓનો વિશેષહીનના ક્રમે નિક્ષેપ સંભવે છે. તથા અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી ચરમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડ

---

**करेमाणो अपुव्वकरणपढमसमए ताव सव्वरहस्साए उदयावलियबाहिराणंतरट्ठिदिए जं पदेसग्गं णिक्खिवदि तं थोवं होइ । होंतं पि असंखेज्जसमयपबद्धपमाणमिदि घेत्तव्वं सव्वजहण्णे वि गुणसेढिगोपुच्छ-पलिदोवमस्स असंखेज्जभागमेत्ताणं पंचिंदियसमयपबद्धाणमुवलंभादो । एत्तो समयुत्तराए ट्ठिदीए जं पदेसग्गं णिसिंचदि तमसंखेज्जगुणं । को गुणगारो ? तप्पाओग्गो पलिदोवमस्स असंखेज्जभागो । एवं जाव गुणसेढिसीसयं पावेइ ताव असंखेज्जगुणं चेव देदि । तदो गुणसेढिसीसयादो उवरिमाणंतराए ट्ठिदीए असंखेज्जगुणहीणं पदेसग्गं देदि । किं कारणं ? तक्कालोकड्डियसयलदव्वं तप्पाओग्गपलिदोव-मासंखेज्जभागमेत्तभागहारेण खंडिदेयखंडमसंखेज्जभागूणं गुणसेढिसीसए णिक्खविय पुणो सेस बहुभागे दिवड्ढगुणहाणीहिं खंडिदेयखंडमणंतरोवरिमाए ट्ठिदीए णिक्खिवदि त्ति । एदेण कारणेण तत्थ दिज्जमाणं पदेसग्गमेयसमयपबद्धासंखेज्जदिभागपमाणं होदूण संखेज्जगुणहीणं जादं । तदो विसेसहीणं देदि । केत्तियमेत्तेण ? दोगुणहाणिपडिभागियेण गोपुच्छविसेसेण । एवमुवरिमासु वि ट्ठिदीसु वि विसेसहीणं चेव देदि जाव अप्पप्पणो ओकड्डिदट्ठिदिमइच्छावणावलियमेत्तेणापत्तो त्ति । एसा दिज्जमाणपरुवणा । एवं चेव दिस्समाणस्स वि परुवणा कायव्वा, विसेसाभावादो । एवं चेव विदियादिसमएसु वि कायव्वं जाव पलिदोवमस्सासंखेज्जदिभागमेत्तचरिमट्ठिदिखंडयं चरिमसमयमणुक्किण्णं त्ति, उदयावलियबाहिरे गलिदसेसगुणसेढिणिक्खेवं पडि सव्वत्थ भेदाणुवलंभादो ।** - पृ. १७५८.

આ વખતે પ્રત્યેક સ્થાનમાં નવા આવતા દ્રવ્ય અને સત્તાગત દ્રવ્ય મળી દશ્યમાન દ્રવ્ય થયું. તેની વક્તવ્યતા **લબ્ધિસાર**માં આ પ્રમાણે બતાવી છે - ઉદયાવલિકામાં અપાયેલું દ્રવ્ય (દીયમાન) પૂર્વના સત્ત્વ-દ્રવ્યથી અસંખ્યાતમા ભાગ જેટલું છે. તેથી દશ્યમાન દ્રવ્ય સત્ત્વદ્રવ્યથી અધિક થાય છે. ગુણશ્રેણિમાં અપાયેલુ દ્રવ્ય પૂર્વના સત્ત્વદ્રવ્ય કરતાં અસંખ્યગુણ છે. તેથી દીયમાન દ્રવ્યથી સાધિક દશ્યમાન દ્રવ્ય થયું. પૂર્વ સત્ત્વદ્રવ્યથી તો અસંખ્યગુણ...ગુણશ્રેણી ઉપરિતન સ્થિતિમાં દીયમાન દ્રવ્ય પૂર્વસત્ત્વ દ્રવ્ય કરતા અસંખ્યાતમો ભાગ છે. તેથી દશ્યમાન દ્રવ્ય સત્ત્વદ્રવ્યથી વિશેષાધિક થયું.... તાત્પર્ય એ છે કે ઉદયાવલિકાના પ્રત્યેક નિષેકમાં દશ્યમાન દ્રવ્ય પૂર્વ સત્તાગત દ્રવ્યથી વિશેષાધિક થાય, ગુણશ્રેણિના પ્રત્યેક નિષેકમાં દશ્યમાન દ્રવ્ય પૂર્વસત્તાદ્રવ્યથી અસંખ્યાતગુણ થાય, ઉપરિતન સ્થિતિના પ્રત્યેક નિષેકમાં દશ્યમાન દ્રવ્ય પૂર્વસત્તાગતદ્રવ્યથી વિશેષાધિક થાય.

સુધી ઉક્તક્રમ કહ્યો છે. પરંતુ આ ક્રમ ચરમખંડના દ્વિચરમસમય સુધી સમજવો, કેમકે ચરમ સમયે નિક્ષેપ સમ્યક્ત્વમોહનીયની આઠવર્ષ માત્ર સ્થિતિમાં જ થાય છે અને તેનો ક્રમ જૂદો છે આગળ **૮૭મા સૂત્ર**માં કહ્યુ છે - **"पलिदोवमस्स असंखेज्जदिभागियमपच्छिमं ट्ठिदिखंडयं, तस्स ट्ठिदिखंडयस्स चरिमसमये गुणगारपरावत्ती, तदो आढत्ता ताव गुणगारपरावत्ती जाव चरिमखंडयस्स दुचरिमसमयो त्ति । सेसेसु समएसु णत्थि गुणगारपरावत्ती ।"** - **પૃ. ૧૭૬૭.** એટલે કે સમ્યક્ત્વ મોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના ચરમ સમયે તે ખંડમાં તથા મિશ્રમોહનીયના ચરમખંડમાં રહેલું સર્વ દલિક ત્યાંથી લઈ નીચે જે નાંખે છે ત્યારે દલનિક્ષેપનો ક્રમ પલટાઈ જાય છે. જો કે અહીંયા ચાલુ અનુસંધાન હોવાથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડ સુધી ઉપરોક્ત ક્રમ બતાવી, આગળ સમ્યક્ત્વ મોહનીયના અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડો થાય છે. ત્યારથી દલનિક્ષેપનો ક્રમ અન્ય કહ્યો છે, પરન્તુ ઉપરોક્ત **૮૭મા સૂત્ર** પરથી આ ક્રમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના દ્વિચરમ સમય સુધી જણાય છે.

પલ્યોમપના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના ચરમ સમયે **દલનિક્ષેપવિધિ**[1]- સમ્યક્ત્વમોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડોત્કિરણાદ્ધાના ચરમસમયે તદ્‌ખંડગત સર્વદલિક તથા મિશ્રમોહનીયના ચરમખંડનું સર્વદલિક ઉકેરે છે અને

૧. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના ચરમસમયે જે દલિક લઈ નીચે આઠવર્ષ પ્રમાણ સ્થિતિમાં નાંખે છે, તેનો વિધિ આ પ્રમાણે છે - સમ્યક્ત્વમોહનીયની તત્ખંડવર્તી ચરમફાલિ અને મિશ્રમોહનીયની ચરમફાલિનું દ્રવ્ય લઈ આઠવર્ષ પ્રમાણ સ્થિતિમાં નાખતા ઉદયસમયમાં અલ્પ, અનંતરસમયમાં અસંખ્યગુણ, એમ યાવત્ ગુણશ્રેણિના શીર્ષ સુધી, તેની ઉપરના સ્થાનમાં અસંખ્યગુણ, ત્યાર પછી વિશેષહીન યાવત્ આઠવર્ષના ચરમ સ્થિતિસ્થાનક સુધી જાણવું. આમ **જયધવલા**માં પણ ઉક્ત ક્રમ બતાવ્યો છે. વધારામાં ગુણશ્રેણિશીર્ષના ઉપરના સ્થાનમાં અસંખ્યગુણદલિક પડવાનું કારણ ત્યાં બતાવ્યુ છે કે - ચરમફાલિના દ્રવ્યને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી એક ભાગ પ્રમાણ દ્રવ્ય ગુણશ્રેણિમાં અસંખ્યગુણાકારે ગોઠવી શેષ બહુભાગ દ્રવ્ય અન્તર્મુહૂર્ત ન્યૂન આઠવર્ષ પ્રમાણ સ્થિતિમાં વિશેષહીનના ક્રમે ગોઠવાય છે. આમ અહીંયા ગુણશ્રેણિમાં જેટલું દ્રવ્ય નંખાયું, તે કરતા અસંખ્યગુણ દલિકને ગુણશ્રેણિથી સંખ્યાતગુણ સ્થિતિનિષેકોમાં વિશેષહીનના ક્રમે નાંખવાનું હોવાથી ગુણશ્રેણિશીર્ષ કરતા ઉપરના સ્થાનમાં અસંખ્યગુણ દલનિક્ષેપ આવે છે. તથા આમ ગુણશ્રેણિશીર્ષ કરતા ઉપરના સ્થાનમાં અસંખ્યગુણ દ્રવ્ય આવતુ હોવાથી આ સમયથી ગુણશ્રેણી પણ અવસ્થિત થાય છે, એમ કહ્યુ છે. **જયધવલા**નો પાઠ આ પ્રમાણે છે - **"एत्थ ताव सम्मामिच्छत्तस्स चरिमफालीए सह सम्मत्तस्स अपच्छिमं पलिदो. असंखे.भागिगं ट्ठिदिखंडयमोवट्टियूण अट्ठवस्समेत्तं सम्मत्तस्स ट्ठिदिसंतकम्मं ट्ठवेमाणस्स गुणगारपरावत्तिं वत्तइस्सामो । तं जहा - तक्कालभाविसगचरिमफालिदव्वेण सह सम्मामिच्छत्तचरिमफालिं घेत्तूण अट्ठवस्समेत्तसम्मत्तट्ठिदिसंतकम्मस्सुवरि णिसिंचमाणो उदये थोवं पदेसग्गं देदि । से काले असंखेज्जगुणं**

સમ્યક્‌ત્વમોહનીયના ઉદયસમયથી માંડી ગુણશ્રેણીના શીર્ષ સુધી અસંખ્ય ગુણાકારે નાંખે છે. અને ગુણશ્રેણી શીર્ષના ઉપરના સ્થાનમાં અસંખ્યગુણ દલિક નાંખે છે. ત્યાર પછી છેક સુધી આઠવર્ષના ચરમસમય સુધી વિશેષહીનના ક્રમે નાંખે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે - "ताधे पाए ओवट्टिज्जमाणासु ट्ठिदीसु उदये थोवं पदेसग्गं दिज्जदे । से काले असंखेज्जगुणं जाव गुणसेढीसीसयं ताव असंखेज्जगुणं । तदो उवरिमाणंतरट्ठिदीए वि असंखेज्जगुणं देदि । तदो विसेसहीणं । एवं जाव दुचरिमट्ठिदिखंडयं ति ।" - **પૃ. ૧૭૬૧.**

## અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડોત્કિરણ વિધિ[1] :-

વળી સમ્યક્‌ત્વમોહનીયની આઠવર્ષ પ્રમાણ સ્થિતિ રહ્યા પછી તેના અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડો કરવા દ્વારા ઘાત કરે છે. અને તે દરેક ખંડ ઉકેરતી વખતે પણ અપકૃષ્ટ દલનિક્ષેપનો ક્રમ આ જ પ્રમાણે જાણવો. પરંતુ અહીં પલ્યોપમના અસંખ્યાતમા

---

देदि । एवं जाव गुणसेढिसीसयं पुव्विल्लं ताव असंखे. गुणं देदि । तदो उवरिमाणंतराए ट्ठिदीए असंखे. गुणं चेव देदि । किं कारणं ? सम्मामिच्छत्तचरिमफालिदव्वं किंचूणदिवड्ढगुणहाणिगुणिद-समयपबद्धमेत्तमोकड्डुणभागहारादो असंखेज्जगुणेण पलिदो. असंखे. भागेण खंडेदूण तत्थेयखंडमेत्तमेव दव्वं गुणसेढीए णिक्खविय पुणो सेसबहुभागदव्वमंतोमुहुत्तूणट्ठवस्सेहिं खंडिदेयखंडस्स णिरुद्ध-गोवुच्छायारेण णिक्खेवदंसणादो । तम्हा एत्तोप्पहुडि सम्मत्तस्स उदयादिअवट्ठिदगुणसेढिणिक्खेवो होइ त्ति घेत्तव्वो । एवं गुणसेढिसीसयादो अणंतरोवरिमाए वि एक्किस्से ट्ठिदीए असंखेज्जगुणं पदेसग्गं णिक्खिवियूण तदो उवरि सव्वत्थ अणंतरोवणिधाए विसेसहीणं चेव देदि जाव अट्ठवस्साणं चरिमणिसेओ त्ति ।" - પૃ. ૧૭૫૯. વળી આઠ વર્ષ પ્રમાણ સ્થિતિમાં પ્રત્યેક નિષેકમાં આ સમયે જે દલિક નંખાય છે તે પૂર્વના સત્તાગત દલિક કરતાં અસંખ્યગુણ હોય છે કેમકે સત્તાગત સર્વદ્રવ્યનો ઘણો ભાગ ચરમફાલિદ્વયમાં છે. મિશ્રની ઉદયાવલિકા અને સમ્યક્ત્વ મોહનીયની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિ સિવાયનું સર્વદલિક દીયમાન દ્રવ્ય છે, માટે દીયમાન દ્રવ્ય દરેક નિષેકમાં પૂર્વના સત્તાગત દ્રવ્ય કરતા અસંખ્યગુણ હોય છે - "**णवरि अट्ठवस्समेत्तसव्वगोवुच्छाणमुवरि एण्हिं दिज्जमाणदव्वं ट्ठिदिं पडि पुव्वावट्ठिदिदव्वादो असंखेज्जगुणं चेव होदि, चरिमफालिदव्वपाहण्णादो त्ति घेत्तव्वं** ।" - પૃ. ૧૭૫૯. આ પ્રમાણે નિક્ષેપ્યમાન દ્રવ્યની મુખ્યતા હોવાથી દ્રવ્ય નિક્ષેપ થયા પછી દશ્યમાન દ્રવ્ય પણ દીયમાનના ક્રમે હોય છે - "**एवं दिण्णे उदयादो प्पहुडि जाव गुणसेढिसीसयं ताव दीसमाणदव्वमसंखेज्जगुणाए सेढीए चिट्ठदि, तदो उवरि सव्वत्थ अट्ठवस्समेत्तट्ठिदिसंतकम्मस्सुवरि एगगोवुच्छायारेणावचिट्ठदे** ।" - પૃ. ૧૭૫૯.

૧. **જયધવલા**માં અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડો ઉકેરતા દીયમાન દ્રવ્યનો ક્રમ ઉપરોક્ત પ્રમાણે જ કહ્યો છે. પરન્તુ **જયધવલાકાર**ની અવસ્થિતગુણશ્રેણિની માન્યતા હોવાથી ગુણશ્રેણિશીર્ષ પ્રતિસમય આગળ વધતુ જાય છે, એમ જણાવ્યુ છે. તથા અહીંથી ગુણશ્રેણિશીર્ષના ઉપરના સ્થાનમાં જે અસંખ્યગુણ દલિકનો નિક્ષેપ થાય છે તેને ગુણશ્રેણીશીર્ષ તરીકે ગણવાનુ છે. તે આ પ્રમાણે - "**ताधे पाए अंतोमुहुत्त-ठिदिखंडयघादेणोवट्टिज्जमाणासु सम्मत्तट्ठिदीसु जं पदेसग्गं ओकड्डुणभागहारपडिभागेण घेत्तूणुदयादि-**

ભાગ પ્રમાણ ચરમખંડના ચરમસમયે જે દલિક ઉકેરાય છે તેના કરતા હવે પછીના અન્તર્મુહૂર્ત પ્રમાણના દરેક ખંડ ઉકેરતા દરેક ખંડના ચરમ સમય સિવાય, એટલે કે પ્રત્યેક

---

**गुणसेढिणिक्खेवं करेमाणो उदये थोवं पदेसग्गं देदि, से काले असंखेज्जगुणं देदि । एवमणेण कमेण (अ)संखेज्जगुणं णिसिंचमाणो गच्छइ जाव हेट्ठिमसमयगुणसेढिसीसयं पत्तो त्ति । पुणो एदम्हादो उवरिमाणंतराए वि एक्किस्से ट्ठिदीए पदेसग्गमसंखेज्जगुणं णिसिंचदि । किं कारणं ? अवट्ठिदगुणसेढिणिक्खेवे कयपइण्णत्तादो । एण्हिमोकड्डिददव्वस्स बहुभागे अंतोमुहुत्तूणट्ठवस्सेहिं खंडिय तत्थेयखंडमेत्तदव्वं विसेसाहियं कादूण संपहियगुणसेढिसीसये णिक्खिवदि त्ति वुत्तं होइ । एत्तो उवरि सव्वत्थ विसेसहीणं चेव णिसिंचदि जाव चरिमट्ठिदिमइच्छावणावलियमेत्तेण अपत्तो त्ति । एवमट्ठवस्स-ट्ठिदिसंतकम्मियस्स पढमसमए दिज्जमाणस्स परूवणा कया ।'' - पृ. १७६०.** અહીં સાથે-સાથે **જયધવલાકારે** દૃશ્યમાન દ્રવ્યની પણ પ્રરૂપણા બતાવી છે. તે આ પ્રમાણે છે - અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડના પ્રથમ સમયે તેની પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષમાં આપેલ દ્રવ્ય કરતા અસંખ્યગુણ દ્રવ્ય આપે છે, કેમકે ગુણશ્રેણિશીર્ષ એક સમય આગળ વધે છે. તથા ઉત્કીર્યમાન દલિકના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ દલિકને ઉદયસમયથી પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષ સુધી નાંખી શેષ બહુભાગ દ્રવ્યને ગુણશ્રેણિશીર્ષથી માંડી અન્તર્મુહૂર્તન્યૂન આઠવર્ષ પ્રમાણ સ્થિતિસ્થાનકોમાં નાંખે છે. આમ પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષમાં દીયમાન દ્રવ્ય કરતા વર્તમાનસમયના ગુણશ્રેણિના શીર્ષમાં દીયમાન દ્રવ્ય અસંખ્યગુણ હોવા છતાં દૃશ્યમાન દ્રવ્ય અસંખ્યગુણ નથી. પરંતુ અસંખ્યાતમો ભાગ અધિક છે. કેમકે અહીં દીયમાન દ્રવ્યની પ્રધાનતા નથી, પરંતુ પૂર્વસત્ત્વદ્રવ્યની પ્રધાનતા છે. વર્તમાન સમયે દલપ્રક્ષેપ થાય છે તે પૂર્વે સત્તાગત દ્રવ્ય પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષ કરતા વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં વિશેષહીન એટલે કે એક (સ)મય (?) પ્રમાણ હીન છે. હવે નવુ દ્રવ્ય જે વર્તમાન સમયે અપાય છે, તે પૂર્વસમયના ગુણશ્રેણિશીર્ષ કરતા વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં અસંખ્યગુણ અપાય છે, પરંતુ પૂર્વના ગુણશ્રેણિશીર્ષના સત્તાગત દ્રવ્ય કરતા અસંખ્યાતગુણહીન છે (એટલે વર્તમાનસમયે ગુણશ્રેણિથી) કેમકે વર્તમાનસમયે સત્તાગત દલિકનો અસંખ્યાતમો ભાગ માત્ર દલિક ઉકેરાય છે, અને કુલ ઉત્કીર્યમાણ દ્રવ્ય પણ એક સ્થિતિસ્થાનમાં રહેલ દ્રવ્યના અસંખ્યાતમા ભાગ જેટલુ હોય છે. એટલે વર્તમાન સમયે વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં જે દ્રવ્ય અપાયુ તેમાંથી પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષમાં અપાયેલ દ્રવ્ય તથા પૂર્વના સમયે જે એક ચયહીન દ્રવ્ય વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં હતું તે બાદ કરીએ એટલું અધિક દૃશ્યમાન દ્રવ્ય પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષ કરતાં વર્તમાનસમયના ગુણશ્રેણિશીર્ષમાં હોય અને તે અસંખ્યાતમો ભાગ અધિક હોય. અસત્કલ્પનાથી, જેમકે અન્તર્મુહૂર્ત પ્રમાણ ખંડના પ્રથમ સમયે દ્રવ્યનિક્ષેપ થાય તે પૂર્વે પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષમાં ૧૦૦ ક્રોડ દ્રવ્ય છે. વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં ૯૯ ક્રોડ દ્રવ્ય છે. હવે વર્તમાન સમયે પૂર્વસમયના ગુણશ્રેણિશીર્ષમાં ૧ ક્રોડ દ્રવ્ય પડે છે, અને વર્તમાનસમયના ગુણશ્રેણિશીર્ષમાં ૧૦ ક્રોડ દ્રવ્ય પડે છે. એટલે દૃશ્યમાન દ્રવ્ય પૂર્વના ગુણશ્રેણિશીર્ષમાં ૧૦૧ ક્રોડ અને વર્તમાન ગુણશ્રેણિશીર્ષમાં ૧૦૯ ક્રોડ થયું. આમ આઠવર્ષ પ્રમાણ સ્થિતિસત્તા થયા પછી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડો કરતા પ્રત્યેક ખંડના પ્રથમસમયથી દ્વિચરમસમય સુધી દૃશ્યમાન દ્રવ્ય ઉત્તરોત્તર સમયના ગુણશ્રેણિશીર્ષમાં વિશેષાધિક (અસંખ્યાતમો ભાગાધિક) આવે. પરન્તુ દરેક ખંડના ચરમસમયે ગુણશ્રેણિશીર્ષમાં દૃશ્યમાન દ્રવ્ય તેની પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષના દૃશ્યમાન દ્રવ્ય કરતા સંખ્યાતમો ભાગ અધિક આવે. તે આ રીતે - (પૂર્વના સત્તાગત દ્રવ્ય કરતા સંખ્યાતમા ભાગના દ્રવ્યનો તેમાં વર્તમાન સમયે નિક્ષેપ થાય) દરેક ખંડના ચરમસમયે સત્તાગત કુલ દ્રવ્યનો સંખ્યાતમો ભાગ ઉકેરાય છે અને

**ખંડોત્કીરણાદ્ધાના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી અસંખ્યગુણહીન દલિક ઉકેરાય છે અને ચરમ સમયે સંખ્યાતગુણહીન દ્રવ્ય ઉકેરાય છે. આનું કારણ એ છે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે ચરમખંડ ઉકેરાયો તેનું લગભગ સર્વદલિક ચરમ સમયે**

ઉકેરીને તે દ્રવ્યનો એક અસંખ્યાતમો ભાગ ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષના આગળના નિષેક સુધી નાંખી શેષ બહુભાગ દ્રવ્યને તે સમયના ગુણશ્રેણિશીર્ષની ઉપર અન્તર્મુહૂર્ત ન્યૂન આઠ વર્ષ પ્રમાણ સ્થિતિમાં વિશેષહીનના ક્રમે નાંખે છે. અહીંયા વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં પૂર્વનું સત્તાગત દ્રવ્ય કુલ સત્તાગત દ્રવ્યને અન્તર્મુહૂર્ત ન્યૂન આઠ વર્ષ પ્રમાણ સ્થિતિસ્થાનોથી ભાગતા એક ભાગ પ્રમાણ આવે. જ્યારે નવુ આવેલું દ્રવ્ય સત્તાગત દ્રવ્યના સંખ્યાતમાં ભાગને અન્તર્મુહૂર્તન્યૂન આઠ વર્ષ પ્રમાણ સ્થિતિસ્થાનોથી ભાગતા એક ભાગ પ્રમાણ આવે. આમ વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષમાં નવુ આવતુ દ્રવ્ય, પૂર્વના દ્રવ્યના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તથા પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષના સત્તાગત દ્રવ્ય કરતા પણ સંખ્યાતમા ભાગનું હોય છે, કેમકે પૂર્વના સમયના ગુણશ્રેણિશીર્ષમાં સત્તાગત દ્રવ્ય વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષના સત્તાગત દ્રવ્ય કરતા એક ચય જેટલું અધિક છે. તેથી પ્રત્યેક સ્થિતિખંડના ચરમ સમયે પૂર્વસમયના ગુણશ્રેણિશીર્ષના દૃશ્યમાન દ્રવ્ય કરતા વર્તમાન સમયના ગુણશ્રેણિશીર્ષનું દૃશ્યમાન દ્રવ્ય સંખ્યાતમો ભાગ અધિક આવે. આમ અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડોનો ઘાત કરે છે તેના દ્વિચરમ સ્થિતિખંડ સુધી જાણવુ. દ્વિચરમખંડના ચરમસમયે દૃશ્યમાન દ્રવ્ય આ પ્રમાણે હોય - ઉદયસમયથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડોત્કિરણાદ્ધાના ચરમ સમયના ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણ, ત્યાર પછીના પ્રત્યેક સ્થાનમાં અસંખ્યાતમો ભાગાધિક યાવત્ અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ ખંડોત્કિરણાદ્ધાના દ્વિચરમ સમયના ગુણશ્રેણિશીર્ષ સુધી, પછીના સ્થાનમાં સંખ્યાતમો ભાગ અધિક, પછી પ્રત્યેક સ્થાનમાં અસંખ્યાતમો ભાગાધિક યાવત્ અન્તર્મુહૂર્ત પ્રમાણ દ્વિતીયખંડોત્કિરણના દ્વિચરમ સમયના ગુણશ્રેણિશીર્ષ સુધી. ત્યાર પછીના સ્થાનમાં સંખ્યાતભાગાધિક એમ યાવત્ તે દ્વિચરમખંડના ચરમસમયના ગુણશ્રેણિશીર્ષમાં સંખ્યાતમો ભાગ અધિક, ત્યાર પછી વિશેષહીનના ક્રમે યાવત્ ચરમ સમય સુધી જાણવુ....દૃશ્યમાન દ્રવ્ય વિષયક **જયધવલા**નો પાઠ આ પ્રમાણે છે - **"संपहि तत्थेव दिस्समाणदव्वं कधमवट्ठिदि त्ति एदस्स णिण्णयं वत्तइस्सामो । तं जहा - पुव्विल्लगुणसेढिसीसयादो संपहियगुणसेढिसीसयमसंखेज्जगुणं होइ । किं कारणमिदि भणिदे संपहि ओकड्डियूण गहिदसव्वदव्वंपि मिलियूण अट्ठवस्सेगट्ठिदिदव्वं पलिदोवमस्स असंखे. भागेण खंडेयूणेयखंडमेत्तं चेव होइ, अट्ठवस्समेत्तणिसेगाणमोकड्डणभागहारपडिभागियत्तादो । पुणो तस्स वि असंखे. भागमेत्तं चेव हेट्ठा गुणसेढिम्हि णिसिंचदि सेस असंखेज्जे भागे संपहियगुणसेढिसीसप्पहुडि उवरिमगोवुच्छेसु समयाविरोहेण णिसिंचदि त्ति एदेण कारणेणासंखेज्जगुणं जादं, किंतु विसेसाहियमेव दिस्समाणदव्वं होइ त्ति णिच्छेयव्वं । होंतंपि असंखेज्जभागुत्तरं चेव, णत्थि अण्णो वियप्पो। संपहि एदस्सेवासंखेज्जभागाहियत्तस्स फुडीकरणट्ठमेसा परूवणा कीरदे । तं जहा- हेट्ठिमगुणसेढिसीसयदव्वमिच्छामो त्ति दिवड्ढगुणहाणिगुणिदमेगं समयपबद्धं ट्ठविय तस्स अंतोमुहूत्तूणट्ठवस्समेत्तो भागहारो ट्ठवेयव्वो । एवं ट्ठविदे पुव्विल्लसमयगुणसेढि-सीसयदव्वमागच्छई, संपहियगुणसेढिसीसयदव्वे इच्छिज्जमाणे एदं चेव दव्वमेयगोवुच्छविसेसहीणं ट्ठविय पुणो एण्हिमोकड्डिददव्वस्स बहुभागे अट्ठवस्सेहिं अंतोमुहूत्तूणेहिं खंडिय तत्थेयखंडमेत्तेणेदं दव्वमब्भहियं कादव्वं। एदं च अहियदव्वं पुव्विल्लगुणसेढिसीसयम्मि समहिय गोवुच्छविसेसादो तत्थेव एण्हिं पदिदासंखेज्जसमयपबद्धमेत्तगुणसेढिदव्वादो च असंखेज्जगुणं, तप्पाओग्गपलिदोवमासंखेज्जभाग-मेत्तरुवाणमेत्थ गुणगारभावेण समुवलंभादो। तत्थतणसव्वदव्वं पेक्खियूण पुण असंखेज्जगुणहीणं, तम्मि**

નીચેની આઠવર્ષની સત્તામાં આવ્યું છે. અને હવે આઠ વર્ષ પ્રમાણ સ્થિતિના અંતર્મુહૂર્ત પ્રમાણ ખંડો થતા હોવાથી કુલ સંખ્યાતા ખંડો થાય છે. એટલે પ્રત્યેક ખંડમાં સત્તાગત દલિકનો અથવા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના ચરમ સમયે ઉકેરાયેલ દલિકના સંખ્યાતમા ભાગ જેટલું દલિક આવે અને દરેક ખંડને ઉકેરતા અન્તર્મુહૂર્ત સુધી પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ દલિક ઉકેરે છે, તેથી ખંડમાં જેટલું દલિક છે તેનો અસંખ્યાતમો ભાગ માત્ર દ્વિચરમ સમય સુધીમાં ઉકેરાય છે અને શેષ સર્વદલિક એટલે કે અસંખ્યાતા બહુભાગ પ્રમાણ દલિક તે ખંડોત્કિરણાદ્ધાના ચરમ સમયે ઉકેરાય છે. આમ અન્તર્મુહૂર્ત પ્રમાણ આખા ખંડમાં જેટલુ દલિક છે તેમાંથી તેનો એક અસંખ્યાતમો

---

सादिरेगओकड्डुक्कड्डुणभागहारेण खंडिदे तत्थेयखंडयपमाणत्तादो । तदो एत्तियमेत्तमहियदव्वमवणिय पुधट्ठवेयूण तत्थ हेट्ठिमगुणसेढीसीसयम्मि समहियदव्वे एयगोवुच्छविसेसाहियतक्कालपदिदासंखेज्ज-समयपबद्धमेत्ते अवणिदे अवणिदसेसमेत्तेण पुव्विल्लगुणसेढिसीसयादो संपहियगुणसेढिसीसयदव्वमहियं होदि त्ति णिच्छओ कायव्वो । एवमुवरि वि समयं पडि असंखे. गुणं दव्वमोकड्डियूण उदयादि-अवट्ठिदगुणसेढिणिक्खेवं कुणमाणस्स एसा चेव दिज्जमाण-दिस्समाण-परुवणा णिरवसेसमणुगंतव्वा । णवरि अट्ठवस्सट्ठिदिसंतकम्मयस्स पढमट्ठिदिखंडयप्पहुडि जाव दुचरिमखंडयं ति ताव एदेसिं संखेज्ज-सहस्समेत्ताणं ट्ठिदिखंडयाणं चरिमफालियासु णिवदमाणियासु भेदो अत्थि, तत्थुद्देसे गुणसेढिसीसयम्मि णिवदमाणदव्वस्स पुव्विल्लतत्थतणसंचयगोवुच्छं पेक्खियूण संखेज्जदिभागब्भहियत्तदंसणादो । तस्सोवट्टणामुहेण णिण्णयं वत्तइस्सामो । तं जहा-पुव्विल्लसंचयं तत्थतणमिच्छामो त्ति दिवड्ढगुणहाणि-गुणिदमेगं समयपबद्धं ट्ठविय पुणो एदस्स भागहारो अट्ठवस्सायामो अंतोमुहुत्तूणो ट्ठवेयव्वो। संपहि पढमट्ठिदिखंडयचरिमफालीए पडमाणाए खंडयदव्वमिच्छामो त्ति दिवड्ढगुणहाणिगुणिदसमयपबद्धस्स अंतोमुहूत्तोवट्टिदअट्ठवस्सायामो भागहारत्तेण ट्ठवेयव्वो । एवं ट्ठविदे पढमट्ठिदिखंडयचरिमफालिदव्वमागच्छइ। पुणो एदस्सासंखेज्जभागमेत्तमेव हेट्ठा गुणसेढिए णिक्खिविय सेसबहुभागे अवट्ठिदगुणसेढिसीसयप्पहुडि अंतोमुहुत्तूणट्ठवस्सेसु गोवुच्छायारेण णिसिंचदि त्ति अंतोमुहुत्तूणट्ठवस्सेहिं एदम्मि खंडयदव्वे ओवट्टिदे णिरुद्धसमयम्मि अवट्ठिदगुणसेढिसीसयम्मि णिवदमाणदव्वं पुव्विल्लतत्थतणसंचयस्स समणंतरगुणसेढि-सीसयस्स च हेट्ठिमसंखेज्जभागमेत्तआ( मा )गच्छदि। तदो सिद्धं तदवत्थाए दुचरिमगुणसेढिसीसयादो चरिमगुणसेढिसीसयदव्वं संखेज्जभागुत्तरं होदूण दीसइ त्ति । एवमुवरि वि सव्वत्थ णेयव्वं जाव दुचरिमट्ठिदिखंडयचरिमफालित्ति, रुवूणट्ठिदिखंडमुक्कीरणद्धामेत्तकालमसंखे. भागुत्तरं खंडयचरिमसमए च संखे. भागुत्तरं गुणसेढिसीसयम्मि दीसमाणदव्वं होइ त्ति एदेण भेदाणुवलंभादो ।" -પૃ.૧૭૬૦.

લબ્ધિસારમાં વધારામાં મિશ્રમોહનીયની દ્વિચરમફાલિપતન સમયના ગુણશ્રેણિશીર્ષના દૃશ્યમાન દ્રવ્યથી ચરમફાલિપતન સમયના ગુણશ્રેણિશીર્ષનું દ્રવ્ય અસંખ્યગુણ કહ્યુ છે. - "इदं पूर्वस्मान्मिश्रद्वयद्विचरम-फालिपतनसमयगुणश्रेणिशीर्षदृश्यद्रव्यात् असङ्ख्यातगुणमेव नान्यथा ।"-લબ્ધિસાર ગા. ૧૩૫ની ટીકા...

"अडवस्से संपहियं गुणसेढीसीसयं असंखगुणं । पुव्विल्लादो णियमा उवरि विसेसाहियं दिस्सं ॥१३५॥" - લબ્ધિસાર ગા. ૧૩૫.

ભાગ છોડી શેષ સર્વદલિક તે ખંડના ચરમ સમયે ઉકેરાય છે અને બાકીના સર્વ સમયોમાં ભેગું થઈને પણ એક અસંખ્યાતમા ભાગ જેટલું દ્રવ્ય ઉકેરાય છે. હવે અન્તર્મુહૂર્ત પ્રમાણ દરેક ખંડમાં સત્તાગત કુલ દલિકથી અથવા તો સમ્યક્ત્વમોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમસ્થિતિખંડના ચરમસમયે ઉકેરાયેલા દલિકથી સંખ્યાતમા ભાગ જેટલું દલિક છે. એ પૂર્વે વિચારી ગયા છીએ. અને તેમાંનો એક અસંખ્યાતમો ભાગ છોડી શેષ સર્વદલિક દરેક ખંડ ઉકેરતા ચરમસમયે ઉકેરાતુ હોવાથી અંતર્મુહૂર્ત પ્રમાણ દરેક ખંડ ઉકેરતા ચરમ સમયે સત્તાગત દલિકનો અથવા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડોત્કિરણાદ્ધાના ચરમસમયે ઉકેરાયેલ દલિક કરતા સંખ્યાતમા ભાગનુ દલિક ઉકેરાય, અને શેષ સમયોમાં અસંખ્યાતમા ભાગનુ દલિક ઉકેરાય છે અને ઉકેરાયેલ દલિકનો નિક્ષેપ છેક દ્વિચરમખંડના ચરમસમય સુધી પૂર્વોક્ત ક્રમે એટલે કે ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણના ક્રમે, તેના (ગુણશ્રેણિશીર્ષના) અનંતર સ્થાનમાં અસંખ્યગુણ અને ત્યાર પછી વિશેષહીનના ક્રમે થાય છે. અન્તર્મુહૂર્ત પ્રમાણ ચરમખંડની સર્વ વક્તવ્યતા આગળ ઉપર કહેવાશે.

જે સમયે સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષ પ્રમાણ સત્તા રહે છે તે સમયથી પ્રતિસમય રસ-અપવર્તના થાય છે.[1] **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - **"जाधे अट्ठवासट्ठिदिगं संतकम्मं सम्मत्तस्स ताधे पाए सम्मत्तस्स अणुभागस्स अणुसमयओवट्टणा । एसो ताव एक्को किरियापरिवत्तो ।" - પૃ. ૧૭૫૮.** અર્થાત્ અત્યાર સુધી અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે રસકંડકનો ઘાત થતો હતો, હવે પ્રતિસમય અનંતગુણહીન રસ થાય છે. આ પ્રમાણે **કષાયપ્રાભૃતચૂર્ણિ** અનુસાર અંતર્મુહૂર્ત પ્રમાણ ચરમખંડ સિવાયની સર્વવક્તવ્યતા કહેવાઈ ગઈ છે. કર્મકૃતિના અનુસારે આઠ વરસ પ્રમાણ સ્થિતિસત્તા શેષ રહે છે, ત્યાં સુધીની વિગત પૂર્વે વિચારી ગયા છીએ. હવે આગળ ઉપર અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડો કરે છે અને ત્યારથી જે દલિકો ઉકેરે છે તેને ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણના ક્રમે નાંખી ઉપર વિશેષહીનના ક્રમે નાંખે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**નો પાઠ આ પ્રમાણે છે - **"ताहे चेव सम्मत्तसंतकम्मं अट्ठवासट्ठीइयं होति । ताहे दंसणमोहणिज्जस्स खवगो त्ति भन्नति । एत्तो पाए संमत्तस्स अंतोमुहुत्तियं ठितिखंडगं करेति । ततो पभिति**

૧. પ્રતિસમય રસ અપવર્તનાનો જયધવલામાં આ પ્રમાણે અર્થ કર્યો છે - **"तं पुण अणुसमयोवट्टणमेवमणुगंतव्वं । अणंतरहेट्ठिमसमयाणुभागसंतकम्मादो संपहियसमये अणुभागसंतकम्ममुदयावलियबाहिरमणंतगुणहीणमेण्हिमुदयावलियबाहिराणुभागसंतकम्मादो उदयावलियब्भंतरमणुप्पविसमाणमणंतगुणहीणं, तत्तो वि उदयसमयं पविसमाणमणंतगुणहीणं, एवं समये समये जाव समयाहियावलियअक्खीणदंसणमोहो त्ति। तत्तो परमावलियमेत्तकालमुदयं पविसमाणाणुभागस्स अणुसमयोवट्टणात्ति ।" - पृ. १७५८.**

उवट्टिज्जमाणासु ठितिसु जं पदेसग्गं तं उदते सव्वथोवं देदि, से काले असंखेज्जगुणे एवं जाव गुणसेढीसीसगत्ति ताव असंखेज्जगुणं असंखेज्जगुणं, एत्तो उवरिल्लाते ठितीते पएसा विसेसहीणा जाव **उक्कोसिया** ठिति त्ति, एवं जाव दुचरिमखंडगं ति ।" અહીંયા દલનિક્ષેપનો ક્રમ ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણના ક્રમે, તેની પછી વિશેષહીનના ક્રમે યાવત્ "उक्कोसिया ठिति त्ति" એમ કહ્યુ છે. અહીં "जाव उक्कोसिया ठिति त्ति" ના બે અર્થ થઈ શકે છે. (૧) ઘાત્યમાન ખંડ સિવાય શેષ સ્થિતિના ચરમસમય સુધીની, (૨) સત્તાગત સ્થિતિની છેલ્લી સમયાધિકાવલિકા શેષ રહે ત્યાં સુધીની (કેમકે છેલ્લી અતીત્થાપનાવલિકા હોય છે.) અહીંયા જો ઘાત્યમાન સ્થિતિખંડમાં પણ દ્વિચરમ સમય સુધી દલનિક્ષેપ થાય છે એ પક્ષ સ્વીકારીએ તો દ્વિતીય અર્થ લેવાનો, અને જે ખંડનો ઘાત થાય છે તેમાં તે ખંડોત્કિરણકાળના આખા અન્તર્મુહૂર્તમાં દલનિક્ષેપ ન થાય એ પક્ષ સ્વીકારીએ તો પ્રથમ અર્થ લઈ શકાય. ટીકાકારોએ અહીં ઉત્કૃષ્ટસ્થિતિનો અર્થ ચરમસ્થિતિ કર્યો છે, વિશેષ સ્પષ્ટીકરણ નથી કર્યુ. આમ અન્તર્મુહૂર્ત પ્રમાણ ખંડોને ઉકેરતા દ્વિચરમખંડ સુધી કહેવું.

સમ્યક્ત્વમોહનીયની આઠ વરસ પ્રમાણ સ્થિતિસત્તા શેષ રહે ત્યાર પછી અન્તર્મુહૂર્ત પ્રમાણ જે સ્થિતિખંડો થાય છે, તે પ્રથમખંડથી દ્વિચરમખંડ સુધી ઉત્તરોત્તર અસંખ્યગુણ છે એમ **પંચસંગ્રહ**માં કહ્યુ છે - "उक्किरइ असंखगुणं जाव दुचरिमंति अंतिमे खंडे । संखेज्जसो खंडइ गुणसेढीए तहा देइ ॥४५॥" **મૂળટીકા** - "स्थित्यग्रादुत्किरति, खण्डयत्यन्तर्मुहूर्तं, भूयोऽसङ्ख्येयगुणनया यावद् द्विचरमं स्थितिखण्डम् ।" તેવી રીતે **મલય. ટીકા**માં પણ જણાવ્યું છે - "ततो द्वितीयस्थितिखण्डमन्तर्मुहूर्तप्रमाणं पूर्वस्मादसङ्ख्येयगुणमुत्किरति, खण्डयति, प्रागुक्तप्रकारेण च उदयसमयादारभ्य निक्षिपति । पूर्वस्मात्पूर्वस्मादसङ्ख्येयगुणं स्थितिखण्डमुत्किरन् तावद्वक्तव्यो यावद् द्विचरमं स्थितिखण्डम् ।"

**કર્મપ્રકૃતિચૂર્ણિ** તથા **મલય. ટીકા**માં અન્તર્મુહૂર્ત પ્રમાણ ખંડો કહ્યા છે પણ ઉત્તરોત્તરખંડ અસંખ્યગુણ છે એવો ઉલ્લેખ નથી. **ઉપા. ટીકા**માં ઉત્તરોત્તર ખંડ અસંખ્યગુણ કહ્યો છે. "ततो द्वितीयं स्थितिखण्डमन्तर्मुहूर्त्तप्रमाणं पूर्वस्मादसङ्ख्येयगुणमुत्किरति, उत्कीर्य च प्रागुक्त-प्रकारेणोदयसमयादारभ्य निक्षिपति । एवं पूर्वस्मात्पूर्वस्मादसङ्ख्येयगुणान्यन्तर्मौहूर्तिकान्य-नेकानि स्थितिखण्डान्युत्किरति निक्षिपति च तावद्यावद्‌द्विचरमं स्थितिखण्डम्।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ઉપા. યશો. કૃત ટીકા.**

ઉપરોક્ત પાઠો પરથી એ સૂચિત થાય છે કે **પંચસંગ્રહકાર**, આઠવર્ષની સ્થિતિસત્તા થયા પછી અન્તર્મુહૂર્ત પ્રમાણના જે ખંડો થાય છે તે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર ખંડો અસંખ્યગુણ પ્રમાણવાળા માને છે, પરન્તુ **કર્મપ્રકૃતિકારે** તે બાબતમાં કોઈ ઉલ્લેખ કર્યો નથી અને

**ચૂર્ણિ**માં પણ તે વિષે ઉલ્લેખ નથી. આથી **ટીકાકાર મલયગિરિ મ. પંચસંગ્રહની ટીકા**માં ઉક્ત ખંડો ઉત્તરોત્તર અસંખ્યગુણ કહેવા છતાં **કર્મપ્રકૃતિની ટીકા**માં એ સંબંધી ઉલ્લેખ કર્યો નથી. **પૂ. ઉપાધ્યાયજી મહારાજે કર્મપ્રકૃતિની ટીકા**માં તે વિષે જે ઉલ્લેખ કર્યો છે તે પણ **પંચસંગ્રહ**ના આધારે કર્યો હોવાનો સંભવ છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ દ્વિચરમસ્થિતિખંડ કરતા ચરમસ્થિતિખંડ સંખ્યાતગુણ કહ્યો છે, પણ પૂર્વના ખંડો ઉત્તરોત્તર અસંખ્યગુણ નથી કહ્યા. તેમજ આગળ ઉપર અલ્પબહુત્વ દ્વારમાં ચરમખંડથી પ્રથમખંડ સંખ્યાતગુણ કહ્યો છે. એ પરથી ચરમખંડ પણ અન્તર્મુહૂર્ત *પ્રમાણનો છે એમ નક્કી થાય છે અને તેથી ઉત્તરોત્તરખંડ તેમના મતે વિશેષહીન પ્રમાણવાળા* સંભવે છે. વળી પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિખંડ અસંખ્યગુણ માનવા જતા છેક ત્રિચરમખંડ સુધીના ખંડો સમુદિત પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા માનવા પડે. દ્વિચરમખંડ આઠવર્ષના સંખ્યાતમા ભાગ જેટલો માનવો પડે. અને ચરમખંડ આઠવર્ષના સંખ્યાતાબહુભાગ જેટલો માનવાનો રહેશે, કેમકે ત્રિચરમખંડ સુધીના કોઈ પણ ખંડને આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલો પણ માનીએ, તો પછીનો ખંડ એટલે કે દ્વિચરમખંડ અસંખ્યાતાવલિકા પ્રમાણ માનવો પડે અને તે ઈષ્ટ નથી, કેમકે કુલ સત્તા જ આઠ વર્ષ પ્રમાણ હોઈ સંખ્યાતાવલિકા પ્રમાણ જ છે.

આમ **કર્મપ્રકૃતિ** અનુસારે સમ્યક્ત્વમોહનીયની આઠવર્ષ પ્રમાણ સ્થિતિસત્તાના અન્તર્મુહૂર્ત પ્રમાણખંડો કરી ક્ષય કરતા છેક દ્વિચરમ ખંડના ઘાત સુધીની વક્તવ્યતા પૂર્ણ થઈ....હવે ચરમખંડની વક્તવ્યતા કહેવાય છે.

**સમ્યક્ત્વમોહનીયનો ચરમખંડોત્કિરણવિધિ :**

દ્વિચરમ સ્થિતિખંડથી ચરમખંડ સંખ્યાતગુણ મોટો છે. ચરમ સ્થિતિખંડનો ઘાત કરતા તેની અંદર રહેલ ગુણશ્રેણીના સંખ્યાતમા ભાગનો પણ ઘાત કરે છે અને ગુણશ્રેણિનો સંખ્યાતમો ભાગ તથા તેની ઉપર બીજી સંખ્યાતગુણ સ્થિતિપ્રમાણ ચરમખંડ છે અને ચરમખંડ ઉકેરી તેના દલિકોને ઉદય સમયથી માંડી ઉત્કીર્યમાણ ખંડના પૂર્વના સમય સુધી અસંખ્યગુણાકારે ગોઠવે છે. અર્થાત્ ઉદય સમયથી માંડી પૂર્વના સમયે જે ગુણશ્રેણી હતી તેનો સંખ્યાતમો ભાગ, જેનો ચરમખંડ જોડે ઘાત થાય છે, તે સિવાયની શેષ ગુણશ્રેણિમાં ગોઠવાય છે. અને તેથી હવે ગુણશ્રેણિ પૂર્વના સમય કરતા સંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન થઈ. આ પ્રમાણે પ્રતિસમય ઉત્કીર્યમાણ દલિકનો નિક્ષેપ યાવત્ ચરમખંડ ઉકેરવાના ચરમ સમય સુધી જાણવો અને ચરમખંડનો ઘાત થાય એટલે નવી ગુણશ્રેણિના શીર્ષ પ્રમાણ અન્તર્મુહૂર્ત જેટલી સમ્યક્ત્વમોહનીયની સત્તાવાળો જીવ તે કૃતકરણ કહેવાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "सम्मत्तदुचरिमखंडगातो चरिमखंडगं

संखेज्जगुणं, चरिमखंडगं आघातिज्जमाणं गुणसेढीए संखेज्जतिभागो अन्नाओ य उवरि संखेज्जगुणाओ ठितीतो आघातिज्जंति, सम्मत्तस्स चरिमे ठितिखंडगे पढमसमये आघातिए वट्टिज्जमाणीसु ठितीसु जं पदेसग्गं उदये दिज्जति तं थोवं, से काले असंखेज्जगुणं असंखेज्जगुणं जाव ट्ठितीखंडगस्स पढमसमयं पत्तो त्ति । सा चेव ट्ठिती गुणसेढीसीसगं जातं । एवं समए समए उक्किरिज्जमाणं दलियं चरिमसमए उक्कड्डमाणो उदए पदेसग्गं थोवं देदि, से काले असंखेज्जगुणं जाव गुणसेढीसीसगं । चरिमट्ठितिखंडगे णिट्ठिए कयकरणिज्जो त्ति भण्णति ।"

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા.૩૨ની ટીકામાં મલયગિરિ મહારાજે** પણ કહ્યુ છે- "द्विचरमात्तु खण्डाच्चरमखण्डं सङ्ख्येयगुणम् । तदपि च गुणश्रेण्याः सङ्ख्येयतमो भागः, अन्याश्च तदुपरि सङ्ख्येयगुणस्थितयः, उत्कीर्य च तद्दलिकमुदयसमयादारभ्यासङ्ख्येय-गुणतया प्रक्षिपति । तद्यथा उदयसमये स्तोकं, ततो द्वितीयसमयेऽसङ्ख्येयगणं, ततोऽपि तृतीयसमयेऽसङ्ख्येयगुणं। एवं तावद्वाच्यं यावद् गुणश्रेणिशिरः । अत ऊर्ध्वमुत्कीर्यमाणमेव चरमस्थितिखण्डं। ततो न तत्र प्रक्षिपति । चरमे च स्थितिखण्डे उत्कीर्णे सत्यसौ क्षपकः कृतकरण इत्युच्यते ।"

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૨ની ઉપા. ટીકા-** "द्विचरमाच्च स्थितिखण्डादन्तिमं स्थितिखण्डं सङ्ख्येयगुणं, तस्मिँश्चान्तिमे स्थितिखण्डे खण्ड्यमाने सङ्ख्येयभागं गुणश्रेण्याः खण्डयति, अन्याश्च तदुपरितनीः सङ्ख्येयगुणाः स्थितीः ताघन्मानत्वादेव चरमखण्डस्य उत्कीर्य च तद्दलिकमुदयसमयादारभ्यासङ्ख्येयगुणनया प्रक्षिपति, तद्यथा-उदयसमये स्तोकं, ततो द्वितीयसमयेऽसङ्ख्येयगुणं, ततोऽपि तृतीयसमयेऽसङ्ख्येयगुणं एवं तावद्वाच्यं यावद् गुणश्रेणिशिरः । अत ऊर्ध्वं तूत्कीर्यमाणमेव दलिकं प्राप्यते न तत्प्रक्षेपाधारभूतमिति न तत् क्वापि प्रक्षिपति । चरमे च स्थितिखण्डे उत्कीर्णे सत्यसौ क्षपकः कृतकरण इति परिभाष्यते।"

આમ ઉપરોક્ત પાઠો ઉપરથી જણાય છે કે ચરમખંડ ઉકેરતા તેના દલિકોનો નિક્ષેપ દરેક સમયે તે ખંડ સિવાયની સ્થિતિઓમાં થાય છે, પણ ઉત્કીર્યમાણ ખંડમાં થતો નથી. **પંચસંગ્રહની મલયગિરિ ટીકા**માં પણ આ જ પ્રમાણેનો ભાવ છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ અનુસાર ચરમખંડ વક્તવ્યતા :**

હવે **કષાયપ્રાભૃત** અનુસારે ચરમખંડની વક્તવ્યતા જણાવીએ છીએ. ચરમખંડ ઘાત થયા પછી રહેનારી સમ્યક્ત્વમોહનીયની સ્થિતિ કરતા દ્વિચરમખંડ સંખ્યાતગુણો છે, તેથી ચરમખંડ સંખ્યાતગુણો છે. વળી ચરમખંડનો ઘાત કરતા તેની સાથે ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગનો ઘાત કરે છે અને ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગનો અને તેથી સંખ્યાતગુણ સ્થિતિપ્રમાણ ચરમખંડ છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**ના અક્ષરો આ પ્રમાણે છે - "सम्मत्तस्स चरिमट्ठिदिखंडए णिट्ठिदे जाओ ट्ठिदीओ सम्मत्तस्स सेसाओ ताओ ट्ठिदीओ थोवाओ ।

**दुचरिमट्ठिदिखंडयं संखेज्जगुणं । चरिमट्ठिदिखंडयं संखेज्जगुणं । चरिमट्ठिदिखंडयमागाएंतो गुणसेढीए संखेज्जे भागे आगाएदि अण्णाओ च उवरि संखेज्जगुणाओ ट्ठिदिओ ।" -धू. १७६१.**

**ચરમખંડ દલનિક્ષેપ :** ચરમખંડનો ઘાત કરતા પ્રથમ સમયે જે દલિકો ઉકેરે છે તેને ઉદયસમયથી અસંખ્યગુણના ક્રમે યાવત્ ઉત્કીર્યમાણખંડનો પ્રથમ સમય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નાંખે છે. અર્થાત્ ઉદયસમયથી ઉત્કીર્યમાણખંડ સિવાયની શેષ સ્થિતિઓમાં નાંખે છે. આ જ સ્થિતિસ્થાન હવે ગુણશ્રેણીનું શીર્ષ થયુ[1]. એની ઉપરના નિષેકમાં

---

૧. લબ્ધિસારમાં દલનિક્ષેપનો ક્રમ ઉપરોક્ત હોવાનો હેતુ બતાવ્યો છે. તે આ પ્રમાણે છે - સમ્યક્ત્વ પ્રકૃતિમાં ચરમખંડમાં કંઇક ન્યૂન દ્વ્યર્ધગુણહાનિ ગુણિત સમયપ્રબદ્ધ જેટલું દ્રવ્ય છે તેને તે કાળે યોગ્ય અપકૃષ્ટ ભાગહારથી ભાગી એક ભાગ પ્રમાણ દલિક ઉકેરે છે અને તેને પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી ભાગી અસંખ્યાત બહુભાગ પ્રમાણ દ્રવ્યને પ્રથમ ભાગમાં એટલે કે ઉદયસમયથી નવા ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણના ક્રમે નાંખે છે. શેષ એક ભાગના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા ભાગ કરી અસંખ્યાતાબહુભાગ પ્રથમ ભાગથી સંખ્યાતગુણ સ્થિતિવાળા બીજા ભાગમાં નાખે છે. એટલે કે નવા ગુણશ્રેણિશીર્ષના અનંતર સમયથી પુરાતન અવસ્થિત ગુણશ્રેણિના શીર્ષ પર્યંત આયામવાળા બીજા ભાગમાં વિશેષહીનના ક્રમે નાંખે છે. અને શેષ એક ભાગને તેથી સંખ્યાતગુણ આયામવાળા ત્રીજા ભાગમાં એટલે કે પુરાતન ગુણશ્રેણિશીર્ષના અનંતર સમયથી ચરમસમય અને અતીત્થાપનાવલિકા સિવાયના સર્વસ્થાનોમાં વિશેષહીનના ક્રમે નાંખે છે. અહીં ત્રણ ભાગ આ રીતે પાડ્યા છે. (૧) ઉદયસમયથી ઉત્કીર્યમાણ ખંડ પ્રામ ન થાય ત્યાં સુધી (૨) તેની પછીના નિષેકથી અર્થાત્ ઉત્કીર્યમાણખંડના પ્રથમ નિષેકથી પુરાતન અવસ્થિતગુણશ્રેણિના શીર્ષ સુધી. (૩) ત્યાર પછીના નિષેકથી શેષ સત્તાગત અતિત્થાપનાવલિકા અને ચરમનિષેક સિવાયના સર્વનિષેક પ્રમાણ.

અહીં પ્રથમ ભાગમાં દ્રવ્ય સહુથી વધારે, તેથી ૨જા ભાગમાં દ્રવ્ય અસંખ્યગુણહીન, તેથી ૩જા ભાગમાં દ્રવ્ય અસંખ્યગુણહીન આવે......૧લા ભાગમાં દ્રવ્યનો ઉત્તરોત્તર સમયોમાં અસંખ્યગુણના ક્રમે, ૨જા ભાગમાં દ્રવ્યનો ઉત્તરોત્તરસમયોમાં વિશેષહીનના ક્રમે, ૩જા ભાગમાં દ્રવ્યનો ઉત્તરોત્તરસમયોમાં વિશેષહીનના ક્રમે નિક્ષેપ થાય છે.....૧લા ભાગમાં આયામ અલ્પ છે. ૨જા ભાગનો આયામ સંખ્યાતગુણ છે. ૩ જા ભાગનો આયામ સંખ્યાતગુણ છે.

પ્રથમ ભાગમાં કુલ દ્રવ્ય આવે છે, તેના અસંખ્યાતા બહુભાગ પ્રમાણ દ્રવ્ય તેના ચરમનિષેકમાં ગોઠવાય છે. તથા બીજા આખા ભાગમાં ૧લા ભાગથી અસંખ્યાતમા ભાગ જેટલુ દ્રવ્ય આવે છે. તેથી ૧લા ભાગના ચરમનિષેકમાં આવતા દ્રવ્યથી અસંખ્યાતમાભાગ જેટલું દ્રવ્ય બીજા આખા ભાગમાં આવે અને બીજા ભાગમાં દ્રવ્ય વિશેષહીન ક્રમે ગોઠવાતુ હોવાથી બીજા ભાગના પ્રથમનિષેકમાં પ્રથમભાગના ચરમનિષેક કરતા અસંખ્યાતમા ભાગ માત્ર દલિક આવે. તેવી જ રીતે બીજા ભાગને ફાળે આવતા દ્રવ્યથી અસંખ્યાતમા ભાગ જેટલુ દલિક ત્રીજા ભાગના ફાળે આવે છે અને ત્રીજા ભાગનો આયામ બીજા ભાગથી સંખ્યાતગુણ છે. તથા તેમાં દલિક વિશેષહીનના ક્રમે ગોઠવાય છે. આમ બીજા ભાગમાં જેટલુ દલિક જેટલા સ્થાનોમાં વિશેષહીનના ક્રમે ગોઠવાય છે, તેથી અસંખ્યગુણહીન દલિક તેથી સંખ્યાતગુણસ્થાનોમાં વિશેષહીનના ક્રમે

અસંખ્યગુણહીન, ત્યાર પછી વિશેષહીન યાવત્ પૂર્વની ગુણશ્રેણિના શીર્ષ સુધી. તેની ઉપરની સ્થિતિમાં અસંખ્યગુણહીન, ત્યાર પછીના નિષેકમાં વિશેષહીન યાવત્ ચરમસમય અને અતિત્થાપનાવલિકા સિવાય શેષ સર્વસ્થિતિસ્થાનોમાં. બીજા સમયે અસંખ્યગુણ દલિક ઉકેરાય છે અને તેનો નિક્ષેપ પણ આ ક્રમે સમજવો. એમ યાવત્ ચરમખંડોત્કિરણાદ્ધાના દ્વિચરમ સમય સુધી દલનિક્ષેપનો ઉક્ત ક્રમ સમજવો. આમ કર્મપ્રકૃતિચૂર્ણિ આદિના મતે ચરમખંડોત્કિરણાદ્ધાના દ્વિચરમસમય સુધી દલનિક્ષેપ ઉત્કીર્યમાણ ખંડમાં થતો ન હતો. જ્યારે **કષાયપ્રાભૃત**ના મતે ચરમખંડોત્કિરણાદ્ધાના દ્વિચરમસમય સુધી ઉત્કીર્યમાણખંડમાં

ગોઠવવાનું હોવાથી બીજા ભાગના ચરમનિષેક કરતા ત્રીજા ભાગના પ્રથમ નિષેકમાં અસંખ્યગુણહીન દ્રવ્ય આવે. પરંતુ અહીં ચરમખંડ ઉકેરતા અવસ્થિત ગુણશ્રેણિ થતી નથી, પરન્તુ ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. આમ **જયધવલા** અને **લબ્ધિસાર**ના મતે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્તિના કાળમાં ગુણશ્રેણિની રચના ત્રણ પ્રકારે થઈ. (૧) અપૂર્વકરણના પ્રથમસમયથી સમ્યક્ત્વમોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના દ્વિચરમસમય સુધી ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય (૨) સમ્યક્ત્વમોહનીયના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડના ચરમસમયથી આઠવર્ષ પ્રમાણ સ્થિતિના જે અંતર્મુહૂર્ત પ્રમાણ ખંડો થાય છે તેમાંના દ્વિચરમખંડના ચરમસમય સુધી અવસ્થિત ગુણશ્રેણિ થાય છે. (૩) સમ્યક્ત્વમોહનીયનો અંતર્મુહૂર્ત પ્રમાણ ચરમખંડ ઉકેરતા ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય.... અહીંયા **લબ્ધિસાર**ની આ અધિકારને લગતી ગાથાઓ તથા ટીકા આપીએ છીએ : **''सम्मत्तचरिमखंडे दुचरिमफालि त्ति तिण्णि पव्वाओ । संपहिअपुव्वगुण-सेढीसीसे सीसे य चरिमम्हि ॥ १४० ॥** ટીકા : **सम्यक्त्वप्रकृतिचरमखण्डप्रथमफालिपतनसमयादारभ्य तद्द्विचरमफालिपतनसमयपर्यन्तं तत्काण्डकोत्करणकाले फालिद्रव्यस्यापकृष्टद्रव्यस्य च निक्षेपविशेष-विधानार्थमिदं सूत्रमाह नेमिचन्द्रसिद्धान्तचक्रवर्ती । तद्यथा - तत्र सम्यक्त्वप्रकृतिचरमकाण्डकप्रथम-फालिपतनसमये या उदयाद्यवशिष्टस्थितिचरमनिषेकपर्यन्तायामा गलितावशेषमात्री गुणश्रेण्यारब्धा तच्छीर्षपर्यंतमेकं पर्व, ततः परं पूर्वावस्थितगुणश्रेणिशीर्षपर्यंतमेकं पर्व, ततः परमुपरितनस्थितिचरमनिषेक-पर्यंतमेकं पर्व इति द्रव्यनिक्षेपे पर्वत्रयं रचयितव्यम्।**

**'तत्थ असंखेज्जगुणं असंखगुणहीणयं विसेसूणं । संखातीदगुणूणं विसेसहीणं च दत्तिकमो ।।१४१।।**
**'ओक्कट्टिदबहुभागे पढमे सेसेक्कभागबहुभागे । विदिये पव्वेवि सेसिगभागं तदिये जहा देदि ।।१४२।।**
ટીકા : **सम्यक्त्वप्रकृतिचरमकाण्डकद्रव्यं किञ्चिन्न्यूनद्व्यर्धगुणहानिगुणितसमयप्रबद्धमात्रं प्रागगलितनिषेकैः सर्वद्रव्यासङ्ख्यातैकभागमात्रैर्न्यूनत्वात् तत्कालोपचितापकर्षभागहारेण विभक्तादेकभागं पल्यासङ्ख्यातभागेन खण्डयित्वा तद्बहुभागं प्रथमे पर्वणि उदयनिषेकादारभ्य गुणश्रेणिशीर्षपर्यन्त-मसङ्ख्यातक्रमेण प्रक्षेपकरणविधिना निक्षिपेत् । पुनरपकृष्टद्रव्यासङ्ख्यातैकभागं पुनरपि पल्यासङ्ख्यात-भागेन खण्डयित्वा तद्बहुभागं द्वितीये पर्वणि प्रथमपर्वायामात् सङ्ख्यातगुणितायामे ''अद्धाणेण सव्वधणे'' इत्यादि-विधानेन स्वचरमनिषेकपर्यन्तं विशेषहीनक्रमेण निक्षिपेत् । पुनरवशिष्टैकभागं तृतीयस्मिन् पर्वणि उपरितनस्थितिसमयादारभ्य तच्चरमनिषेकपर्यन्तं द्वितीयपर्वायामसङ्ख्यातगुणत्वात् द्विचरमकाण्डकायामात् सङ्ख्यातगुणितायामे । ''अद्धाणेण सव्वधणे'' इत्यादिविधानेन विशेषहीनक्रमेण तत्तदपकृष्टनिषेकस्याधस्तादतिस्थापनावलिं मुक्त्वा निक्षिपेत् । अत्र साम्प्रतगुणश्रेणिशीर्षनिक्षिप्तद्रव्यात् काण्डकप्रथमनिषेको निक्षिप्तद्रव्यमसङ्ख्यातगुणहीनं तदपकृष्टद्रव्यासङ्ख्यातबहुभागस्य प्रथमपर्वणि**

પણ દલનિક્ષેપ થાય છે. દ્વિચરમસમય સુધીના દલનિક્ષેપને લગતી **કષાયપ્રાભૃતચૂર્ણિ** આ પ્રમાણે છે- **"सम्मत्तस्स चरिमट्ठिदिखंडए पढमसमयमागाइदे ओवट्टिज्जमाणासु ट्ठिदीसु जं पदेसग्गमुदए दिज्जदि तं थोवं, से काले असंखेज्जगुणं, ताव असंखेज्जगुणं जाव ट्ठिदिखंडयस्स जहण्णियाए ट्ठिदीए चरिमसमयमपत्तो त्ति । सा चेव ट्ठिदी गुणसेढिसीसयं जादं । जमिदाणिं गुणसेढिसीसयं तदो उवरिमाणंतराए ट्ठिदीए असंखेज्जगुणहीणं, तदो विसेसहीणं जाव पोराणगुणसेढीसीसयं ताव, तदो उवरिमाणंतरट्ठिदी असंखेज्जगुणहीणं तदो विसेसहीणं, सेसासु वि विसेसहीणं । विदियसमए जमुक्कीरदि पदेसग्गं तंपि एदेणेव कमेण दिज्जदि, एवं ताव जाव ट्ठिदिखंडयउक्कीरणद्धाए दुचरिमसमओ त्ति ।" - पृ.१७६४**

ચરમખંડના ચરમસમયે જે દલિક ઉકેરે છે તે સર્વ દલિકને ઉદયસમયથી વર્તમાન ગુણશ્રેણિના શીર્ષસુધી અસંખ્યગુણાકારે નાંખે છે, તેની ઉપર નાંખતો નથી, કેમકે આ સમયે ચરમ ખંડ સર્વથા ખાલી કરવાનો છે. દ્વિચરમસ્થાનમાં જે દલનિક્ષેપ થયો છે તેથી ચરમસ્થાનમાં એટલે કે ગુણશ્રેણિશીર્ષના સ્થાનમાં પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળ પ્રમાણ અસંખ્યગુણ દલિક જાણવું[1]. આ પ્રમાણે ચરમખંડ સમાપ્ત થાય છે ત્યારે ગુણશ્રેણિશીર્ષ

---

**निक्षेपात्तदेकभागस्य च द्वितीयपर्वणि निक्षेपात् । तथा द्वितीयपर्वचरमनिषेके निक्षिप्तद्रव्यात् तृतीयपर्वनिषेके निक्षिप्तद्रव्यमसङ्ख्यातगुणहीनं एकभागासंख्यातबहुभागस्य द्वितीयपर्वणि निक्षेपात् शेषैकभागस्य च तृतीयपर्वणि निक्षेपात् । एवं चरमकाण्डकप्रथमफालिपतनसमयादारभ्य तद्द्विचरमफालिपतनसमयपर्यन्तं द्रव्यनिक्षेपक्रमो विशेषेण ज्ञातव्यः ।"**

૧. **જયધવલા** તથા **લબ્ધિસાર**માં ચરમખંડના ચરમસમયે દલનિક્ષેપ થાય છે, તેમાં ઉત્તરોત્તર અસંખ્યગુણનો જે ક્રમ છે તેમાં ગુણાકાર રૂપ અસંખ્ય પણ ઉત્તરોત્તર અસંખ્યગુણ છે. એટલે કે પ્રથમનિષેકમાં ગોઠવાયેલ દલિકથી બીજા નિષેકમાં ગોઠવાયેલ દલિક અસંખ્યગુણ છે. તેમાં ગુણાકાર રૂપ જે અસંખ્યાત છે તેના કરતા બીજા નિષેકથી ત્રીજા નિષેકમાં અસંખ્યગુણ ગુણાકાર સમજવો....

| દા. ત. | પ્રથમ નિષેકમાં | બીજા નિષેકમાં | ત્રીજા નિષેકમાં | ચોથા નિષેકમાં |
|---|---|---|---|---|
| | ૫ કોટાકોટી | ૫૦ કોટાકોટી | ૫૦૦૦ કોટાકોટી | ૫૦ લાખ કોટાકોટી.. |

અહીં પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર ગુણાકાર રૂપ અસંખ્યાત પણ અસંખ્યગુણ થતુ જાય છે. અહીં દૃષ્ટાંત એક દેશીય છે. તેથી પ્રથમ નિષેક અને બીજા નિષેક વચ્ચે ગુણાકાર છે. તેમાંથી તેટલા જ (તેના વર્ગરુપ) ગુણાકાર બીજા અને ત્રીજા નિષેક વચ્ચે હોય તેવો નિયમ ન સમજવો, પરન્તુ કેવલીદષ્ટ અસંખ્યાતગુણ સમજવો. તથા અહીં દ્વિચરમનિષેક અને ચરમનિષેક વચ્ચેનો ગુણાકાર પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળ જેટલો છે, પરંતુ નીચેના સર્વ ગુણાકારો તો તત્પ્રાયોગ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા જાણવા. કેમકે નીચેના ગુણાકારો પણ પલ્યો.ના અસંખ્યાતા વર્ગમૂળો પ્રમાણ માનવા જતા સત્તાગત દલિક અસંખ્યાત ઉત્સર્પીણી-અવસર્પિણી પ્રમાણ સમયપ્રબદ્ધ તુલ્ય થઇ જવાની આપત્તિ આવે. **જયધવલા**નો પાઠ આ પ્રમાણે છે-**"एत्थोकड्डिज्जमाणदव्वपमाणं चरिमफालिपाहण्णेण किंचूणदिवड्ढगुणहाणिगुणिदसमयपबद्धपमाणमिदि घेत्तव्वं, गुणसेढीए सव्वदव्वस्स चरिमफालिदव्वं पेक्खियूण असंखेज्जगुणहीणत्तदंसणादो । एदं घेत्तूण**

સુધીની સમ્યક્ત્વમોહનીયની સત્તાવાળો તે આત્મા કૃતકરણ કહેવાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે -"ट्ठिदिखंडयस्स चरिमसमए ओकड्डुमाणो उदये पदेसग्गं थोवं देदि, से काले असंखेज्जगुणं देदि, एवं जाव गुणसेढिसीसयं ताव असंखेज्जगुणं । गुणकारो वि दुचरिमाए ट्ठिदीए पदेसग्गादो चरिमाए ठिदीए पदेसग्गस्सासंखेज्जाणि पलिदोवमवग्गमूलाणि । चरिमे ट्ठिदिखंडए णिट्ठिदे कदकरणिज्जो त्ति भण्णदे ।" - **પૃ. ૧૭૬૪.**

**કૃતકૃત્યવેદકાદ્ધા** : સમ્યક્ત્વમોહનીયના ચરમખંડનો ક્ષય થતા ¹અનિવૃત્તિકરણ પૂર્ણ થાય છે. અને કૃતકૃત્ય થયેલો તે જીવ ત્યાંથી આયુષ્યપૂર્ણ થયુ હોય તો કાળ કરીને ચારગતિમાંથી ગમે તે ગતિમાં જાય. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "एवं तिहि वि करणेहिं कएहिं पच्छिमे भागे चउगइओ वि होज्जा ।" તથા કૃતકૃત્ય થયા પછી લેશ્યા પરાવૃત્તિ પણ થાય.. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "कयकरणो तंमि काले कालं पि करेज्जा तेण चउगति लब्भति । लेस्सापरिणामं विपरिणामेज्जा-पुव्वं सुक्कलेसा आसि, संपयं अन्नयरीए-वि होज्जा ।"

ચારે ગતિમાંથી જે ગતિમાં જાય ત્યાં, અથવા તો કાળ ન કર્યો હોય તો અહીં જ મનુષ્યગતિમાં અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ સ્થિતિને ઉદય અને ઉદીરણા દ્વારા ભોગવે છે. આવલિકા શેષે ઉદીરણા પણ અટકી જાય છે અને શેષ આવલિકા માત્ર સ્થિતિ ઉદય દ્વારા ભોગવાઈને

---

कदकरणिज्जद्धामेत्तहेट्ठिमणिसेगेसु पदेसविण्णासं कुणमाणो उदए थोवं पदेसग्गं देदि असंखेज्जसमय-पबद्धपमाणत्ते वि तस्स उवरिमणिसेगेसु णिसिंचमाणदव्वावेक्खाए थोवभावाविरोहादो । से काले असंखेज्जगुणं देदि । को गुणगारो ? तप्पाओग्गपलिदोवमासंखेज्जभागमेत्तरूवाणि एवं जाव दुचरिमणिसेगो त्ति । णवरि हेट्ठिमाणंतरणिसेगगुणगारादो उवरिमाणंतरणिसेगगुणगारो असंखेज्जगुणवड्ढीए सव्वत्थ णेयव्वो। कुदो एवं णव्वदे ? पुव्वाइरियवक्खाणादो । - જયધવલા, પૃ. ૧૭૬૪. "एदेण हेट्ठिमासेसगुणगाराणं पलिदोवमासंखेज्जभागपमाणत्तं सूचिदं दट्ठव्वं, तेसु असंखेज्जपलिदोवमपढमवग्गमूलमेत्तेसु संतेसु कम्म-ट्ठिदिसंचयस्स अंगुलस्सासंखेज्जभागमेत्तसमयपबद्धपमाणत्ताइप्पसंगादो । तम्हा चरिमगुणगारो चेवासंखेज्जपलिदोवमपढमवग्गमूलमेत्तो हेट्ठिमासेसगुणगारो तप्पाओग्गपलिदोवमासंखेज्जभागमेत्तो त्ति सिद्धं। - જયધવલા પૃ. ૧૭૬૫.

અહીં વિશેષમાં ચરમખંડ ઉકેરતા સર્વત્ર ગુણશ્રેણિના દ્વિચરમનિષેક કરતા ચરમનિષેકમાં પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળો જેટલુ દ્રવ્ય આવે. એવો બીજો અર્થ ચૂર્ણીસૂત્રનાં 'વિ' શબ્દનો જયધવલાકારે કર્યો છે.... "अधवा अविसद्देणेदेण समुच्चयट्ठेण चरिमट्ठिदिखंडयपढमफालिप्पहुडि सव्वत्थेव दुचरिमसमयगुण-सेढिगोवुच्छादो गुणसेढिसीसयम्मि णिसिंचमाणदव्वस्स गुणगारो असंखेज्जपलिदोवमपढमवग्गमूलपमाणो त्ति वक्खाणेयव्वो, परिप्फुडमेव तत्थ तहाभावोवलंभादो ।" - જયધવલા પૃ. ૧૭૬૫.

૧. જયધવલામાં અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી સ્થિતિઘાતાદિનો નિષેધ કર્યો છે - "एवं चरिमट्ठिदिखंडयपरूवणा समत्ता । एत्थेवाणियट्टिकरणस्स वि परिसमत्ती दट्ठव्वा, संकिलेसविसोहिणमेत्तो

પૂર્ણ થાય એટલે અનંતર સમયે એ જીવ ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. આમ ક્ષાયિક સમ્યક્ત્વની શરૂઆત મનુષ્યગતિમાં જ થાય, જ્યારે પૂર્ણાહુતિ ચારે ગતિમાં થાય છે.

**શ્રેણિ આરોહણ :** ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવે વૈમાનિકનું આયુષ્ય જો પૂર્વે બાંધેલું હોય તો ત્યાર પછી ઉપશમશ્રેણિ પણ માંડે અને જો આયુષ્ય બાંધ્યુ ન હોય તો ક્ષપકશ્રેણિ જ માંડે, પરન્તુ જિનનામકર્મની સત્તાવાળો ન હોય તો.... અર્થાત્ જિનનામકર્મની સત્તા તે ભવમાં પ્રાપ્ત કરી હોય તેવો અબદ્ધાયુષ્ક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી તે ભવમાં ક્ષપકશ્રેણિ માંડતો નથી. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ચૂર્ણિ**માં કહ્યું છે - "**अह न बद्धाउओ तो खवगसेढिमेव पडिवज्जति जति ण तित्थयरसंतकंमिगो ।**" દેવ સિવાયના અન્યભવનું આયુષ્ય બાંધ્યુ હોય તે કોઈ પણ શ્રેણિ માંડતો નથી.

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં કૃતકૃત્યવેદકાદ્ધાનું વિશેષ વર્ણન કર્યું છે. તદનુસાર અત્રે જણાવીએ છીએ** - [1]કૃતકૃત્યવેદકાદ્ધામાં ગમે ત્યારે જીવ કાળ કરી શકે છે, પરન્તુ તેમાં કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ અન્તર્મુહૂર્તમાં જ જો કાળ કરે તો નિયમા દેવલોકમાં ઉપજે, જ્યારે શેષ ત્રણ ગતિમાં ઉપજનાર અન્તર્મુહૂર્ત પછી કાળ કરે છે - "**पढमसमयकदकरणिज्जो जदि मरदि देवेसु उववज्जदि णियमा, जइ णेरइएसु वा तिरिक्खजोणिएसु वा मणुएसु वा उववज्जदि णियमा अंतोमुहूत्तकदकरणिज्जो ।**" - **પૃ. ૧૭૬૮.** તથા કૃતકૃત્યવેદકાદ્ધામાં શરૂઆતના અન્તર્મુહૂર્ત સુધી તેજો, પદ્મ કે શુક્લ લેશ્યામાંથી અન્યતર લેશ્યા હોય અને

---

**परावत्तदंसणादो, एत्तो उवरि करणपरिणामणिबंधणाणं ट्ठिदिखंडयघादादिकज्जविसेसाणमणुवलंभादो च।**" - જયધવલા, પૃ. ૧૭૬૫.

૧. **લબ્ધિસાર**માં કૃતકૃત્યવેદકાદ્ધાના ચાર ભાગ કર્યા છે અને પ્રથમભાગમાં કાળ કરે તો દેવગતિમાં જાય, બીજા ભાગમાં કાળ કરે તો દેવ કે મનુષ્યગતિમાં જાય, ત્રીજા ભાગમાં કાળ કરે તો દેવ-મનુષ્ય કે તીર્યંચગતિમાં જાય અને ચોથા ભાગમાં કાળ કરે તો ચારમાંથી અન્યતર ગતિમાં ઉપજે એમ જણાવ્યુ છે. તેની ગાથા-ટીકા આ પ્રમાણે છે - "**देवेसु देवमणुए सुरणरतिरिए चउग्गइसुं पि । कदकरणिज्जोपत्ती कमेण अंतोमुहुतेण ।।१४६।। सं. टीका-** तस्मिन्नेव कृतकृत्यवेदकसम्यक्त्वकाले चतुर्भागीकृते प्रथमसमयादारभ्यान्तर्मुहूर्त्तमात्रे प्रथमे भागे मृतो देवेष्वेवोत्पद्यते, नान्यगतिजेषु, तत्काले इतरगतित्रयगमनकारणसंक्लेशपरिणामाभावात् । तदनंतरं द्वितीये चतुर्थे भागे अंतर्मुहूर्त्तमात्रे मृतो देवमनुष्यगत्योरेवोत्पद्यते, नान्यगतिद्वये, तत्काले तद्गतिद्वयगमननिबंधनसंक्लेशपरिणामानुपपत्तेः । तदनंतरतृतीये चतुर्थभागेऽन्तर्मुहूर्त्तमात्रे मृतो देवमनुष्यतिर्यग्गतिष्वेवोत्पद्यते, न नारकगतौ, तत्काले नारकगतिगमनहेतुसंक्लेशपरिणामासंभवात् । तदनंतरं चरमचतुर्थे भागे मृतः कृतकृत्यवेदकसम्यग्दृष्टिश्चतसृष्वपि देवमनुष्यतिर्यग्नारकगतिषूत्पद्यते तत्काले तद्गतिगमनसंक्लेशपरिणामोपलम्भात् ।

ઉક્ત વસ્તુ **જયધવલા**માં ક્યાંય બતાવી નથી.....

અન્તર્મુહૂર્ત પછીથી કૃતકૃત્યવેદકાદ્ધામાં કાપોતલેશ્યા હોઈ શકે અર્થાત્ કૃષ્ણ-નીલ લેશ્યાનો અદંતર અભાવ હોય છે. કૃતકૃત્યવેદકાદ્ધાનું વર્ણન કરતા **ચૂર્ણિકારે** જો કે જણાવ્યુ છે કે - **"लेस्सापरिणामं पि परिणामेज्ज । काउ-तेउ-पम्म-सुक्कलेस्साणमण्णदरो ।"**[1] - **પૃ. ૧૭૬૬.** તો પણ આગળ ઉપર **ચૂર્ણિકાર** સ્વયં કહે છે કે - **'जइ तेउ-पम्म-सुक्के वि अंतोमुहुत्तकदकरणिज्जो ।'**[2] **-પૃ. ૧૭૬૮.** એ ઉપરથી એમ સૂચિત થાય છે કે કૃતકૃત્યવેદકાદ્ધામાં શરૂઆતના અન્તર્મુહૂર્ત સુધી આ ત્રણ સિવાયની લેશ્યા ન હોય અને ત્યાર પછી પણ ચાર લેશ્યામાંથી અન્યતર લેશ્યા હોય તથા કૃતકૃત્યવેદકાદ્ધામાં વિશુદ્ધિમાં વર્તમાન હોય કે સંક્લેશમાં તો પણ પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉદીરણા થાય છે અને તે

૧. આ સૂત્રની **જયધવલા**માં આ પ્રમાણે ટીકા કરેલી છે - **"जहण्णकाउतेउपम्मसुक्कलेस्साण-मण्णदराए पुव्वावट्ठिदलेस्सापरिच्चागेणंतोमुहुत्तकदकरणिज्जो परिणमदि त्ति भणिदं होदि । एदेण किण्हणीललेस्साणमच्चंताभावो एत्थ पदुप्पाइदो दट्ठव्वो । सुट्ठु वि संकिलिट्ठस्स कदकरणिज्जस्स सगकालब्भंतरे जहण्णकाउलेस्साणइक्कमादो ।** પૃ. ૧૭૬૬.

૨. આ સૂત્રનું વિવેચન કરતા **જયધવલા**માં જણાવ્યુ છે કે - તેજો-પદ્મ-શુક્લમાંથી અન્યતર શુભલેશ્યામાં પ્રસ્થાપના કરતા જીવને કૃતકૃત્યવેદકાદ્ધા પ્રાપ્તિ કરતા યાવત્ તે લેશ્યાનો ઉત્કૃષ્ટ અંશ આવે છે અને પછી કૃતકૃત્યવેદકાદ્ધામાં લેશ્યા ઉતરતા યાવત્ અન્તર્મુહૂર્તે તે જ જઘન્ય લેશ્યા થાય અને ત્યાર પછી લેશ્યા પરાવૃત્તિ થાય. **"एवं भणंतस्साहिप्पाओ अधापवत्तकरणम्मि विसोहिमावूरिय तेउपम्म-सुक्काणमण्णदराए वड्ढमाणसुहलेस्साए दंसणमोहक्खवणं पट्ठविय पुणो जाव कदकरणिज्जो होइ ताव सा चेव पुव्वपारद्धलेस्सा वड्ढमाणा होदूण पुणो वि जाव अंतोमुहुत्तं ण गदं ताव पारद्धलेस्सं मोत्तूणण्णलेस्सं ण परावत्तेदि त्ति । किं कारणं ? कदकरणिज्जभावं पडिवज्जमाणस्स पुव्वपारद्धलेस्साए उक्कस्संसो भवदि पुणो तिस्से मज्झिमंसयं गंतूणंतोमुहुत्तमच्छिय जहण्णंसये वि जाव अंतोमुहुत्तकालं ण अच्छिदो ताव अण्णलेस्सापरावत्तीए संभवाणुववत्तीदो।"** - પૃ. ૧૭૬૮. વળી આ સૂત્રના વિવેચનમાં આગળ અન્યમત દર્શાવતા **જયધવલા**માં જણાવ્યું છે કે પ્રારંભમાં ગમે તે લેશ્યા હોય પણ કૃતકૃત્યવેદક થતા સુધીમાં નિશ્ચયે શુક્લલેશ્યા થઈ જાય છે અને પછી તેજો અને પદ્મલેશ્યા આવતા અન્તર્મુહૂર્ત થઈ જાય છે. તેનો પાઠ આ પ્રમાણે છે - **"अहवा 'तेउपम्मसुक्के वि अंतोमहुत्तकदकरणिज्जो' एदस्स सुत्तस्सत्थमेवं भणंताविं अत्थि-जहा अधापवत्तकरणपारंभे पुव्वुत्तविहाणेण तेउपम्मसुक्काणमण्णदराए लेस्साए पारद्धकिरियस्स पुणो दंसणमोहक्खवणकिरियापरिसमत्तीए कदकरणिज्जभावेण परिणममाणस्स णिच्छएण सुक्कलेस्सा चेव भवदि, विसोहीए परमकोडिमारूढस्स तदविरोहादो । पुणो तिस्से विणासेण जइ तेउपम्मलेस्साओ समयाविरोहेण परावत्तेदि तो जाव अंतोमुहुत्तकदकरणिज्जो ण जादो ताव ण परावत्तेदि त्ति ।"** - પૃ. ૧૭૬૮.

**લબ્ધિસાર**માં લેશ્યાપરાવૃત્તિ વિષે આ પ્રમાણે જણાવ્યુ છે - પ્રથમ ભાગમાં કાળ કરે તો લેશ્યાની પરાવૃત્તિ થતી નથી, કેમકે અહીંથી દેવગતિમાં ઉપજવાનું છે. બીજા, ત્રીજા અને ચોથા ભાગમાં કાળ કરે તો શુભલેશ્યાની ક્રમશઃ હાનિ થઈને મરણ સમયે કાપોત લેશ્યાનો જઘન્યઅંશ હોય છે. તેમાં વળી દેવગતિમાં ઉપજનાર હોય છે એને લેશ્યાપરાવૃત્તિ થતી નથી. આ કૃતકૃત્યવેદકાદ્ધામાં મરણ પામનારની અપેક્ષાએ

પણ અસંખ્યસમયપ્રબદ્ધની અર્થાત્ અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા પ્રતિસમય ચાલુ હોય છે અને તેમાં પણ પ્રતિસમય અસંખ્યગુણ દલિકોની ઉદીરણા થાય. આમ સમયાધિક એકાવલિકા શેષ રહે ત્યાં સુધી ઉદીરણા[1] જાણવી. છતા ઉદીરણામાં જે દલિકો આવે છે તે ઉદયમાં

---

જાણવુ અને ત્યાં મરણ ન થાય અને બદ્ધાયુષ્ક હોય તો ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી મરણ સમયે ગતિને અનુસાર લેશ્યાપરાવૃત્તિ થાય. લબ્ધિસારનો પાઠ આ પ્રમાણે છે - **"अधःप्रवृत्तकरणप्रथमसमये दर्शनमोहप्रारम्भकस्य तेजःपद्मशुक्ललेश्यानां शुभानां मध्ये यया लेश्यया क्षपणा प्रारब्धा तल्लेश्योत्कृष्टांशः प्रतिसमयमनन्तगुणविशुद्धिक्रमेणानिवृत्तिकरणचरमसमये परिपूर्णो भवति। पुनस्तदनन्तर-कृतकृत्यवेदक-कालस्याभ्यन्तरे प्रथमे भागे यदि म्रियते तदा तत्रापि तल्लेश्यापरावृत्तिर्नास्ति तस्य देवेष्वेवोत्पादात्। यदि द्वितीयभागे म्रियते तदा तस्य भोगभूमिजमनुष्यगतावुत्पत्तिसंभवात् प्रागारब्धशुभलेश्यायाः उत्कृष्टमध्यमजघन्यांशानां संक्रमक्रमेण हान्या मरणकाले कापोतलेश्या-जघन्यांशो भवति । अथ पुनस्तृतीयभागे यदि म्रियते तदा तस्यापि भोगभूमिजमनुष्यतिर्यग्गत्योरेव जन्मसंभवात् प्रागुक्तप्रकारेण कापोतलेश्याजघन्यांशो भवति । तद्भागमृतमनुष्यतिरश्चोः पूर्ववद्देवगत्यामुत्पद्यमानस्य सर्वेषु भागेषु मृतस्य लेश्यापरावृत्तिर्नास्ति।"** - **લબ્ધિસાર ગા. ૧૪૭ની ટીકા.**

૧. પ્રતિસમય અસંખ્યગુણ દલિકોની ઉદીરણા સાથે પ્રતિસમય અનંતગુણહીન રસાપવર્તના પણ કૃતકૃત્યવેદકાદ્ધામાં **લબ્ધિસાર** ગ્રંથમાં તથા **જયધવલા**માં બતાવી છે - **"संपहि एदस्स कदकरणिज्जस्स ट्ठिदिखंडयघादादिविरहियस्स सम्मत्ताणुभागमणुसमयणंतगुणहाणीए पुव्वपओगेणोहट्टमाणस्स सग-कालब्भंतरे उदीरणागयविसेसपदुप्पायणट्ठमुत्तरसुत्तारंभो"** - **જયધવલા પૃ. ૧૭૬૬.**

કૃતકૃત્યવેદકાદ્ધામાં અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાની વિધિ **લબ્ધિસાર**માં આ પ્રમાણે બતાવી છે - "સત્તામાં રહેલ સમ્યક્ત્વમોહનીયના દલિકને અપકૃષ્ટ ભાગહારથી ભાગી એક ભાગ પ્રમાણ દલિકને ઉદયાવલિકા ઉપરના નિષેકોમાંથી ગ્રહણ કરે છે અને તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ભાગી એક ભાગ પ્રમાણ દલિકને ઉદયાવલિકામાં પ્રથમ સમયથી અસંખ્યગુણાકારે ઉદયાવલિકામાં નિક્ષેપ કરે છે અને શેષ બહુભાગને ઉપરની સ્થિતિઓમાં વિશેષહીનના ક્રમે અતિત્થાપનાવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નાંખે છે. કૃતકૃત્યવેદકાદ્ધાની સમયાધિકાવલિકા શેષે ઉદયાવલિકા ઉપરના નિષેકોમાંથી તેની પૂર્વના સમયે અપકર્ષણ કરેલા દ્રવ્યથી અસંખ્યગુણ દલિકોને ઉકેરી ઉદયસમયથી સમયાધિકાવલિકાના ત્રીજા ભાગમાં ગોઠવે છે. શેષ સમય ન્યૂન ૨/૩ આવલિકા અતિત્થાપના રૂપ બને છે. તેમાં પણ કુલ દલિક જે અપકર્ષે છે તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ભાગી એક ભાગને ઉદયસમયથી અસંખ્યગુણકારે યથાયોગ્ય અસંખ્ય સમય સુધીના નિષેકોમાં નાંખે છે અને શેષ બહુભાગ માત્ર દ્રવ્યને સમયાધિકાવલિકાના ત્રિભાગના શેષ રહેલા સ્થાનોમાં વિશેષહીનના ક્રમે નાંખે છે. આ જ ઉત્કૃષ્ટ ઉદીરણા છે. સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા અહીં પ્રાપ્ત થાય છે. શેષાવલિકાને પણ ઉદય દ્વારા ભોગવી લે છે અને રસ અપવર્તના પણ પ્રતિસમય અનંતગુણહીન ચાલુ છે. **લબ્ધિસાર**નો પાઠ- **"उदयबहिं ओक्कट्टिय असंखगुणमुदयावलिम्हि खिवे । उवरिं विसेसहीणं कदकरणिज्जो जाव अइत्थवणं ।। १४९।। जदि संकिलेसजुत्तो विसुद्धिसहिदो अतोऽपि पडिसमयं । दव्वमसंखेज्जगुणं ओक्कट्टदि णत्थि गुणसेढी ।। १५०।। जदि वि असंखेज्जाणं समयपबद्धाणुदीरणा तो वि । उदयगुणसेढिट्ठिदीए असंखभागो हु पडिसमयं ।। १५१।।"**

રહેલા દલિકો કરતા અસંખ્યાતમા ભાગ જેટલા છે. કારણકે ગુણશ્રેણિ દ્વારા દલિક ઉદયમાં ગોઠવાયેલું છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "उदीरणा पुण संकिलिस्सदु वा विसुज्झदु वा तो वि असंखेज्जसमयपबद्धा असंखेज्जगुणाए सेढीए जाव समयाहिया आवलिया सेसा त्ति । उदयस्स पुण असंखेज्जदिभागो उक्कस्सिया वि उदीरणा ।" - **પૃ. ૧૭૬૯.** આવલિકા શેષ રહે ત્યારે ઉદીરણા બંધ પડે છે અને બાકીની આવલિકા એકલા ઉદય દ્વારા ભોગવાઈ જાય છે. ત્યાર પછી અનંતર સમયે તે જીવ **ક્ષાયિક સમ્યક્ત્વ**ને પ્રાપ્ત કરે છે.

**ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ભવ** : ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ તદ્ભવે અથવા ત્રીજાભવે અથવા ચોથાભવે મોક્ષ પામે છે. તેથી વધુ ભવ કરતો નથી. **પંચસંગ્રહ**માં કહ્યુ છે - "तइय चउत्थे तंमि व भवंमि सिज्झंति दंसणे खीणे। जं देवनरयऽसंखाउचरमदेहेसु ते होंति।।४७।।" અને આ રીતે પૂર્વે આયુષ્ય ન બાંધ્યુ હોય તેવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જો જિનનામ ન ઉપાર્જ્યું હોય, તો તુરંત ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પામી અવશેષાયુ ભોગવી તે જ ભવે મોક્ષ પામે છે. તે હિસાબે એક જ ભવ. **નવ્યશતકની ગા. ૯૯ની દેવેન્દ્રસૂરિ મ. કૃત વૃત્તિ**માં કહ્યુ છે- "यदि पुनरबद्धायुः क्षपकश्रेणिमारभते ततः सप्तके क्षीणे नियमादनुपरत-परिणाम एव चारित्रमोहनीयक्षपणाय यत्नमारभते ।" પૂર્વે દેવ કે નરકાયુષ્ય બાંધ્યુ હોય તો ત્યાંથી વૈમાનિક દેવમાં કે રત્નપ્રભા નારકીમાં જઈ ત્યાંથી મનુષ્યપણુ પામી મોક્ષે જાય છે. આમ ત્રણ ભવ થાય. જેણે મનુષ્ય તિર્યંચનું આયુષ્ય બાંધ્યુ હોય તે અસંખ્યવર્ષાયુષ્યવાળો મનુષ્ય-તિર્યંચ થઈ ત્યાંથી દેવ થઈ મનુષ્યપણુ પામી મોક્ષે જાય છે. અહીં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક સિવાય અન્ય દેવલોકમાં જતા નથી અને વૈમાનિકમાં જઘન્યથી પલ્યોપમનું આયુષ્ય છે તથા યુગલિકો પણ કાળ કરી સ્વસ્થિતિથી અધિક આયુષ્યવાળા દેવ થતા નથી તેથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ યુગલિકમાં ઉપજે તો ત્યાં તેને પલ્યોપમ કે તેથી અધિકાયુષ્ય છે એવી અમે સંભાવના કરી છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૪૭ની મૂળટીકા**માં કહ્યુ છે - "तृतीये चतुर्थे वा तस्मिन् वा भवे सिद्ध्यन्ति, सप्तके क्षीणे जीवा इति गम्यते, यतो यस्माद् बद्धायुष्का वैमानिकदेवेषु रत्नप्रभानारकेषु वा क्षपितसप्तका गच्छन्ति, ते तु तद्भवानुभवनात्तृतीये भवे सेत्स्यन्ति, असङ्ख्येयवर्षायुस्तिर्यग्मनुष्येषु ये बद्धायुष्काः सप्तकं क्षपयन्ति, तेऽपि द्विभवानुभवनाच्चतुर्थभवे सेत्स्यन्ति, ये तु अबद्धायुष्काः सप्तकं क्षपयन्ति ते चरमदेहाः स्वस्मिन्नेव भवे सिद्ध्यन्तीति गाथार्थः ।"

આમ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને એક, ત્રણ કે ચાર ભવ થાય, પરન્તુ બે ભવ ન થાય તેમજ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ચારે ગતિમાં જાય. પરન્તુ દેવલોકમાં વૈમાનિકમાં જાય. મનુષ્ય-તિર્યંચમાં અસંખ્યવર્ષના આયુષ્યવાળામાં અને નરકમાં રત્નપ્રભા નારકમાં અર્થાત્

પ્રથમ નારકમાં જાય. **જીવસમાસ**માં પણ કહ્યુ છે - "वेमाणिया य मणुया रयणाए असंखवासतिरिया य । तिविहा सम्मद्दिट्ठी वेयगउवसमगा सेसा ॥८०॥" **અર્થ** : વૈમાનિક દેવ, મનુષ્ય, રત્નપ્રભાનારક, અસંખ્યાયુવાળા તિર્યંચોમાં ત્રણે પ્રકારના એટલે કે ક્ષાયિક-ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ ત્રણે પ્રકારના સમ્યગ્દષ્ટિજીવો હોય છે જ્યારે શેષ સ્થાનોમાં વેદક એટલે કે ક્ષાયોપશમિક અને ઉપશમ સમ્યગ્દષ્ટિ હોય છે, અર્થાત્ ઉક્ત સ્થાનો સિવાય શેષસ્થાનોમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોતા નથી. અહીં અસંખ્યવર્ષાયુષ્યવાળા મનુષ્ય ન કહેતા સર્વમનુષ્ય કહ્યા છે તે તદ્ભવ ક્ષાયિક સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ છે.

આમ ગ્રન્થોમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પ્રથમનરકમાં જાય તેવો ઉલ્લેખ છે, તો પછી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ એવા કૃષ્ણ ત્રીજી નરકમાં ગયા છે તે કેવી રીતે ? એ પ્રશ્નનો જવાબ આપતા **જીવસમાસની વૃત્તિ**માં **મલધારી હેમચંદ્રસૂરિ મ.** જણાવે છે - ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો પ્રાયઃ રત્નપ્રભામાં જાય છે, પરન્તુ ત્રીજી નારકમાં ક્વચિત્ કોઈ જતા હશે તેથી ગ્રન્થકારે વિવક્ષા ન કરી હોય અથવા અન્ય કોઈ કારણ હોય તે કેવળી ભગવંત કે બહુશ્રુતો જાણે. **જીવસમાસની ગા. ૮૦ની મલ. હેમચંદ્રસૂરિ મ. કૃત વૃત્તિ**નો પાઠ આ પ્રમાણે છે - "ननु वासुदेवादीनां क्षायिकसम्यग्दृष्टीनां तृतीयां नरकपृथ्वीं यावदुत्पत्तिरागमे श्रूयते तत्किमिति शर्कराप्रभावालुकाप्रभानारकाणामपि क्षायिकसम्यक्त्वं निषिध्यते ? सत्यम्, किन्तु क्षायिकसम्यग्दृष्टयः प्रायो रत्नप्रभामेव यावद्गच्छन्ति परतस्तु स्वल्पा एव किञ्चिद् व्रजन्तीति स्वल्पत्वात्ते इह ग्रन्थे न विवक्षिताः, अन्यतो वा कुतश्चित्कारणादिति केवलिनो बहुश्रुता वा विदन्तीति ।"

તેવી જ રીતે ઉપરોક્ત ગ્રન્થોમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિને ચાર જ ભવ થાય એમ કહ્યુ છે. **કષાયપ્રાભૃત મૂળ**માં પણ કહ્યુ છે - "खवणाए पट्ठवगो जम्हि भवे णियमसो तदो अण्णे । णाधिच्छदि तिण्णि भवे दंसणमोहम्मि खीणम्मि ॥११३॥ **અર્થ** : જે ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રસ્થાપના કરે તે ભવથી અન્ય ત્રણ ભવને અતિક્રાન્ત ન કરે એટલે કુલ ચાર ભવ થાય. તો પછી ક્ષાયિકસમ્યગ્દષ્ટિ એવા કૃષ્ણ અને દુપ્પસહસૂરિ ભગવંતને પાંચ ભવ જાણવામાં આવે છે, તે શી રીતે ? એનું સમાધાન કરતા **ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ** જણાવે છે કે ઉપરોક્ત ચાર ભવનુ કથન બહુધાએ સંભવે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૨ની ઉપા. મહારાજ**ની **ટીકાનો પાઠ** આ પ્રમાણે છે - "इदं च प्रायोवृत्त्योक्तमिति सम्भाव्यते, यतः क्षीणसप्तकस्य कृष्णस्य पञ्चमभवेऽपि मोक्षगमनं श्रूयते । उक्तञ्च "नरयाउ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे । तत्तो चुओ समाणो बारसमो अममतित्थयरो ।।" इति । इत्थमेव दुःप्रसहादीनामपि क्षायिकसम्यक्त्वमागमोक्तं युज्यते इति यथागमं विभावनीयम् ।"

**કષાયપ્રાભૃતચૂર્ણિ**ના અનુસારે અપૂર્વકરણના પ્રથમ સમયથી કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ સમય સુધીમાં આવતા કેટલાક પદાર્થોને લગતા કાળનું **અલ્પબહુત્વ**:-

**૧. [1]જઘન્ય અનુભાગખંડોત્કિરણાદ્ધા - અલ્પ**

**૨. ઉત્કૃષ્ટ અનુભાગખંડોત્કિરણાદ્ધા - વિશેષાધિક.** અપૂર્વકરણના પ્રથમ સમયે જેનો પ્રારંભ થાય છે તે રસખંડનો કાળ અહીં લેવાનો છે. પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર રસખંડાદ્ધા ઓછી થતી હોવાથી ચરમ રસઘાતાદ્ધા કરતા પ્રથમ રસઘાતાદ્ધા વિશેષાધિક આવે.

**(૩) જઘન્ય સ્થિતિખંડોત્કિરણાદ્ધા - જઘન્ય સ્થિતિબંધાદ્ધા - સંખ્યાતગુણ, પરસ્પર તુલ્ય.** એક સ્થિતિઘાત દરમિયાન હજારો રસઘાત થાય છે અને જઘન્ય રસઘાતાદ્ધા કરતા ઉત્કૃષ્ટ રસઘાતાદ્ધા વિશેષાધિક છે, માટે ઉત્કૃષ્ટ અનુભાગખંડોત્કિરણાદ્ધાથી જઘન્ય સ્થિતિખંડોત્કિરણાદ્ધા સંખ્યાતગુણ આવે અને સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ સમાન હોવાથી જઘન્યસ્થિતિબંધાદ્ધા પણ તુલ્ય આવે.

અહીંયા સ્થિતિઘાત અને રસઘાત ક્યારથી અટકી જાય છે તે વિષેનો ઉલ્લેખ ગ્રન્થોમાં જોવામાં આવતો નથી. જો અનિવૃત્તિકરણના અંતે સ્થિતિઘાતાદિનો વિચ્છેદ થતો હોય તો ત્યાં પૂર્ણ થતા સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ સમજવો.

**(૪) ઉત્કૃષ્ટ સ્થિતિઘાતાદ્ધા - ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદ્ધા - વિશેષાધિક, પરસ્પરતુલ્ય.** અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિઘાત અને સ્થિતિબંધનો પ્રારંભ થાય છે તેનો કાળ સમજવો.

**(૫) કૃતકૃત્યવેદકાદ્ધા - સંખ્યાતગુણ.** સ્થિતિઘાતાદ્ધાના અન્તર્મુહૂર્તથી સંખ્યાતગુણ મોટુ અન્તર્મુહૂર્ત હોવાથી.

**(૬) સમ્યક્ત્વમોહનીયની ક્ષપણાનો કાળ-સંખ્યાતગુણ.** સમ્યક્ત્વમોહનીયની

---

૧. दर्शनमोहस्य जघन्यानुभागखंडोत्करणकालः सम्यक्त्वप्रकृत्यष्टवर्षस्थितिकरणसमयात्प्राक्तनानन्तरावस्थायां संभवन् वक्ष्यमाणद्वात्रिंशत्पदेभ्यः स्तोकोऽल्प इत्यर्थः । ज्ञानावरणाद्यायुर्वर्जितशेषकर्मणां जघन्यानुभागखंडोत्करणकालोऽनिवृत्तिकरणचरमभागे संभवन् सर्वतः स्तोकमिति सामान्येन जघन्यानुभागखंडोत्करणकालः सङ्ख्यातावलिकामात्रोऽपि उत्तरपदापेक्षयाल्प इत्युच्यते। લબ્ધિસાર ગા. **૧૫૩ ની ટીકા**, ભાવાર્થ = દર્શન મોહનીયનો જઘન્ય અનુભાગખંડોત્કિરણકાળ આઠવર્ષસ્થિતિકરણના પૂર્વસમયવર્તી, તથા શેષ કર્મોનો અનિવૃત્તિકરણના ચરમસમયે પૂર્ણ થતા અનુભાગખંડનો કાળ લીધો છે....અહીં એક અનુભાગખંડોત્કિરણાદ્ધા સંખ્યાતાવલિ કહી છે. કેમકે **જયધવલા, લબ્ધિસારાદિ**ના મતે એક મૂહૂર્તની હજારો કોડાકોડી આવલિકા છે, અન્યથા એક મૂહૂર્તની ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાના હિસાબે રસખંડોત્કિરણાદ્ધા આવલિકાનો સંખ્યાતમો ભાગ આવે, એટલું જ નહીં પણ સ્થિતિઘાતનો કાળ પણ આવલિકાનો સંખ્યાતમો ભાગ આવે.

આઠ વર્ષ પ્રમાણ સ્થિતિ થયા પછી તેટલી સ્થિતિનો ક્ષય કરતા જે કાળ લાગે તે અહીં સમજવો

**(૭) અનિવૃત્તિકરણાદ્ધા - સંખ્યાતગુણ.** પૂર્વે કહી ગયા છે કે અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થયા પછી અસંજ્ઞી આદિના સ્થિતિબંધ તુલ્ય દર્શનત્રિકની સત્તા થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ જેટલા કાળ પછી સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિ રહે છે. તે પણ અંતર્મુહૂર્તપ્રમાણ હજારો સ્થિતિખંડો દ્વારા અનિવૃત્તિકરણના ચરમ સમય સુધી ખપાવે છે. માટે સમ્યક્ત્વમોહનીયના ક્ષપણાના કાળ કરતા અનિવૃત્તિકરણ સંખ્યાતગુણ સુતરામ્ આવે.

**(૮) અપૂર્વકરણ કાળ-સંખ્યાતગુણ.** અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તથી સંખ્યાતગુણ મોટુ અન્તર્મુહૂર્ત હોવાથી.

**(૯) ગુણશ્રેણિ નિક્ષેપ-વિશેષાધિક.** અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અને તેથી કંઈક અધિકકાળમાં ગુણશ્રેણી નિક્ષેપ થાય છે તેથી.

**(૧૦) સમ્યક્ત્વમોહનીયનો દ્વિચરમસ્થિતિખંડ - સંખ્યાતગુણ.** ગુણશ્રેણિનિક્ષેપથી સંખ્યાતગુણ મોટા અન્તર્મુહૂર્ત પ્રમાણ હોવાથી.

**(૧૧) સમ્યક્ત્વમોહનીયનો ચરમસ્થિતિખંડ - સંખ્યાતગુણ.** પૂર્વે ચરમસ્થિતિખંડનું પ્રમાણ બતાવતા આ વાત જણાવી છે.

**(૧૨) સમ્યક્ત્વમોહનીયનો પ્રથમ સ્થિતિખંડ - સંખ્યાતગુણ.** પ્રથમસ્થિતિખંડથી દ્વિચરમસ્થિતિખંડ સુધીના ઉત્તરોત્તર સ્થિતિખંડો વિશેષહીન હોય છે તેથી ઉત્તરોત્તર વિશેષહીન ખંડો થતા દ્વિચરમખંડ સંખ્યાતગુણહીન થઈ જાય અને ચરમખંડ દ્વિચરમખંડ કરતા સંખ્યાતગુણ હોવા છતાં પ્રથમખંડથી સંખ્યાતગુણહીન હોય છે. માટે ચરમખંડ કરતા પ્રથમખંડ સંખ્યાતગુણ આવે.

**(૧૩) જઘન્ય અબાધા - સંખ્યાતગુણ.** કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ સમયે બંધાતા જ્ઞાનાવરણાદિ કર્મોની અબાધા અહીં સમજવી. અહીં સ્થિતિબંધ અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી અબાધા અન્તર્મુહૂર્ત પ્રમાણ આવે છે.

**(૧૪) ઉત્કૃષ્ટ અબાધા - સંખ્યાતગુણ.** અપૂર્વકરણના પ્રથમ સમયે જ્ઞાનાવરણાદિ કર્મોની જે સ્થિતિ બંધાય છે તેની અબાધા અહીં સમજવી. અહીં પણ સ્થિતિબંધ અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી તેની અબાધા અન્તર્મુહૂર્ત પ્રમાણ આવે. જઘન્ય સ્થિતિબંધ કરતા ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ હોવાથી જઘન્ય અબાધા કરતા ઉત્કૃષ્ટ

અબાધા સંખ્યાતગુણ આવે.

અહીં સુધીના સર્વસ્થાનો અન્તર્મુહૂર્ત પ્રમાણવાળા આવ્યા છે.

**(૧૫) સમ્યક્ત્વમોહનીયની આઠવર્ષ પ્રમાણ સ્થિતિ - સંખ્યાતગુણ.** ઉક્ત અન્તર્મુહૂર્ત કરતા આઠ વરસ સંખ્યાતગુણ હોવાથી.

**(૧૬) સમ્યક્ત્વમોહનીયનો અસંખ્યાતવર્ષ પ્રમાણ ચરમસ્થિતિખંડ - અસંખ્યગુણ.** પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આ ચરમ સ્થિતિખંડ છે. આઠ વર્ષથી અસંખ્યાતા વર્ષ અસંખ્યગુણ હોવાથી પૂર્વના સ્થાન કરતા આ સ્થાન અસંખ્યગુણ આવે.

**(૧૭) મિશ્રમોહનીયનો ચરમસ્થિતિખંડ-વિશેષાધિક.** સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સ્થિતિ સત્તામાં સમાન ચાલી આવે છે. તેમાંથી મિશ્રમોહનીયના ચરમ સ્થિતિખંડ વખતે સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષ પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો અને મિશ્રમોહનીયની એકાવલિકા પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વસ્થિતિનો ઘાત કર્યો, તેથી મિશ્રમોહનીયનો ચરમસ્થિતિખંડ તત્કાલિન સમ્યક્ત્વમોહનીયના સ્થિતિખંડથી આવલિકા ન્યૂન ૮ વર્ષ પ્રમાણ અધિક થયો.

સ્થાપના :




अ - अ' = મિશ્રમોહનીયની સ્થિતિસત્તા.

ब - ब '= સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા.

क - अ' = મિશ્રમોહનીયનો ચરમસ્થિતિખંડ.

क' - ब' = સમ્યક્ત્વમોહનીયનો ચરમસ્થિતિખંડ.

अ - क = મિશ્રમોહનીયની શેષસ્થિતિ = ૧ આવલિકા.

ब - क' = સમ્યક્ત્વમોહનીયની શેષસ્થિતિ = ૮ વર્ષ.

**(૧૮) મિથ્યાત્વનો ક્ષય થયા પછીનો અનંતર સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો સ્થિતિખંડ-અસંખ્યગુણ.** કેમકે આના પછી હજારો સ્થિતિખંડ ઘાત થયા પછી ચરમ સ્થિતિખંડ આવે છે અને પ્રત્યેક સ્થિતિખંડ સત્તાગત સ્થિતિના અસંખ્યાત

બહુભાગ પ્રમાણ છે. તેથી ચરમસ્થિતિખંડ કરતાં તેની પૂર્વનો સ્થિતિખંડ અસંખ્યગુણ. તેથી વળી તેની પૂર્વનો સ્થિતિખંડ અસંખ્યગુણ હોય. એમ પૂર્વપૂર્વના સ્થિતિખંડ અસંખ્યગુણ હોય છે. તેથી ઉક્ત સ્થિતિખંડ સુતરામ્ અસંખ્યગુણ આવે.

**(૧૯) મિથ્યાત્વ સત્તામાં હોય ત્યારે સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયનો ચરમખંડ- અસંખ્યગુણ.** મિથ્યાત્વના ચરમખંડની સાથેનો સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ખંડ અહીં લેવાનો છે અને તે પૂર્વના ખંડની પૂર્વનો હોવાથી અસંખ્યગુણ આવે, કેમકે અહીં ઉત્તરોત્તર ખંડ અસંખ્યાતમાં ભાગપ્રમાણના છે.

**(૨૦) મિથ્યાત્વનો ચરમસ્થિતિખંડ-વિશેષાધિક.** મિથ્યાત્વનો ચરમસ્થિતિખંડ પ્રાપ્ત થાય છે તે વખતે દર્શનત્રિકની સત્તા સરખી છે. તેમાંથી આ સ્થિતિખંડ વખતે મિથ્યાત્વમોહનીયની એક આવલિકા પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વસ્થિતિનો ઘાત કરે છે. જ્યારે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તાગત સ્થિતિના અસંખ્યાતમા ભાગરૂપ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ રાખી શેષ સર્વ સ્થિતિનો ઘાત કરે છે. તેથી મિથ્યાત્વમોહનીયનો ચરમ સ્થિતિખંડ એક આવલિકાન્યૂન સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની શેષ રહેનારી સ્થિતિ જેટલો અધિક આવે.




अ - अ' = મિથ્યાત્વમોહનીયની સ્થિતિ.

ब - ब' = મિશ્રમોહનીયની સ્થિતિ.

क - क' = સમ્યક્ત્વમોહનીયની સ્થિતિ.

अ - प = મિથ્યાત્વની શેષ રહેનારી સ્થિતિ = ૧ આવલિકા.

ब - प = મિશ્રની શેષ રહેનારી સ્થિતિ = પલ્યો.નો અસં.મો ભાગ.

क - प = સમ્યક્ત્વની શેષ રહેનારી સ્થિતિ = પલ્યો.નો અસં.મો ભાગ.

प - अ' = મિથ્યાત્વમોહનીયનો ચરમખંડ.

प - ब' = મિશ્રમોહનીયનો ચરમખંડ.

प - क' = સમ્યક્ત્વમોહનીયનો ચરમખંડ

**(૨૧) મિથ્યાત્વમોહનીય - મિશ્રમોહનીય - સમ્યક્ત્વમોહનીય એ ત્રણેના અસંખ્યબહુભાગવાળો પ્રથમ સ્થિતિખંડ - અસંખ્યગુણ.** દૂરાપકૃષ્ટિ જેટલી સ્થિતિ રહે. છે ત્યારથી સત્તાગતસ્થિતિના અસંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિખંડો આવે છે. તેમાંનો પ્રથમ અસંખ્ય બહુભાગ પ્રમાણવાળો સ્થિતિખંડ અહીં સમજવો. મિથ્યાત્વના ચરમખંડથી અસંખ્યાતા બહુભાગ પ્રમાણના હજારો સ્થિતિખંડ પૂર્વનો આ સ્થિતિખંડ હોવાથી અસંખ્યગુણ આવે.

**(૨૨) સંખ્યાતા બહુભાગ આયામવાળો ચરમ સ્થિતિખંડ - સંખ્યાતગુણ.** પલ્યોપમ પ્રમાણ સ્થિતિ સત્તામાં રહ્યા પછી સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણના સ્થિતિખંડો હોય છે. તેવા હજારો સ્થિતિખંડો હોય છે. તેમાંનો ચરમસ્થિતિખંડ અહીં સમજવો. આ સ્થિતિખંડ પછી અસંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિખંડો આવે છે. આ સ્થિતિખંડ કરતા ત્યાર પછી સત્તામાં રહેનાર સ્થિતિ તેનો સંખ્યાતમો ભાગ હોય છે અને તે સંખ્યાતમા ભાગના અસંખ્યબહુભાગ પ્રમાણવાળો ઉપરોક્ત (૨૧મા પદવાળો) સ્થિતિખંડ છે. તેથી ઉપરોક્ત સ્થિતિખંડ કરતા આ સ્થિતિખંડ સંખ્યાતગુણ આવે.

**(૨૩) પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થયા પછીનો (એક છોડી) બીજો સ્થિતિખંડ-સંખ્યાતગુણ.** આ સ્થિતિખંડનું પ્રમાણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલુ છે. ઉપરના સ્થિતિખંડ કરતા સંખ્યાતા બહુભાગ પ્રમાણવાળા ઘણા સ્થિતિખંડો ,પૂર્વનો આ ખંડ હોવાથી પૂર્વના કરતા સંખ્યાતગુણ થાય.

**(૨૪) જે સ્થિતિખંડ પછી દર્શનત્રિકની પલ્યોપમ પ્રમાણ સ્થિતિ શેષ રહે છે તે ખંડ- સંખ્યાતગુણ.** આ સ્થિતિખંડ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. કેમકે પલ્યોપમની સત્તા થતા પૂર્વે દરેક સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો હોય છે. પૂર્વના સ્થાન કરતા આ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ સંખ્યાતગુણ સમજવો.

**(૨૫) અપૂર્વકરણના પ્રથમ સમયે જઘન્ય સ્થિતિખંડ - સંખ્યાતગુણ.** અપૂર્વકરણનો પ્રથમસ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. ઉત્તરોત્તર સ્થિતિખંડ વિશેષહીન થતા હોવાથી અપૂર્વકરણના કાળમાં જ પ્રથમ સ્થિતિખંડની અપેક્ષાએ સંખ્યાતગુણહીન આયામવાળા સ્થિતિખંડો પ્રાપ્ત થાય છે. તથા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણનો ચરમખંડ અનિવૃત્તિકરણમાં આવે છે. એટલે તેની અપેક્ષાએ અપૂર્વકરણનો પ્રથમ સ્થિતિખંડ સુતરામ્ સંખ્યાતગુણ આયામવાળો હોય છે. સ્થિતિખંડની આ હકીકત પૂર્વે બતાવી છે તે આ પ્રમાણે છે - ''पढमट्ठिदिखंडयं बहुअं, विदियं ट्ठिदिखंडयं विसेसहीणं, तदियं ट्ठिदिखंडयं विसेसहीणं, एवं पढमादो ट्ठिदिखंडयादो अंतो अपुव्वकरणद्धाए संखेज्जगुणहीणं पि अत्थि।'' - **કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૭૪૯.**

**(૨૬) પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા પછીનો સ્થિતિખંડ - સંખ્યાતગુણ.** આ સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતા બહુભાગ પ્રમાણ છે, કેમકે પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા રહ્યા પછી પ્રત્યેક સ્થિતિખંડ સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગ પ્રમાણ આયામવાળો હોય છે અને અપૂર્વકરણનો પ્રથમ સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતા ભાગ પ્રમાણ છે. તેથી તેના કરતા આ ખંડ સંખ્યાતગુણ હોય.

**(૨૭) પલ્યોપમ - વિશેષાધિક.** પલ્યોપમના સંખ્યાતા બહુભાગથી પલ્યોપમ એક સંખ્યાતમો ભાગ અધિક હોવાથી...

**(૨૮) અપૂર્વકરણના પ્રથમસમયે જઘન્ય સ્થિતિખંડ અને ઉત્કૃષ્ટ સ્થિતિખંડ વચ્ચે જે તફાવત છે તે** - સંખ્યાતગુણ... પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન સેંકડો સાગરોપમ પ્રમાણ તફાવત છે. તેથી તે પલ્યોપમથી સંખ્યાતગુણ હોય છે.

**(૨૯) અનિવૃત્તિકરણના પ્રથમ સમયે દર્શનમોહનીયની સ્થિતિસત્તા-સંખ્યાતગુણ.** અન્તઃક્રોડ વર્ષ અર્થાત્ સાગરોપમ લક્ષપૃથક્ત્વ જેટલી હોવાથી...

**(૩૦) શેષકર્મનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.** કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ સમયે થતો શેષ કર્મનો સ્થિતિબંધ અહીં વિવક્ષ્યો છે. તે અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી.

**(૩૧) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - સંખ્યાતગુણ.** અપૂર્વકરણના પ્રથમ સમયે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આવે, તે ઉપરોક્ત સ્થિતિબંધ કરતા સંખ્યાતગુણ હોય છે, કેમકે પૂર્વે જણાવી ગયા છે કે હજારો સ્થિતિબંધો દ્વારા અપૂર્વકરણના પ્રથમ સમયથી ન્યૂન થતા ચરમ સમયે જ સંખ્યાતગુણહીન સ્થિતિબંધ રહે છે. એટલે અપૂર્વકરણના ચરમ સ્થિતિબંધ કરતા અપૂર્વકરણના પ્રથમ સમયે સંખ્યાતગુણ સ્થિતિબંધ થાય છે. અપૂર્વકરણના ચરમ સ્થિતિબંધ પછી અનિવૃત્તિકરણમાં પણ હજારો સ્થિતિબંધ પસાર થઈ ગયા હોય છે. એટલે કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ સ્થિતિબંધ કરતા અપૂર્વકરણનો પ્રથમસ્થિતિબંધ સુતરામ્ સંખ્યાતગુણ આવે.

**(૩૨) જઘન્ય સ્થિતિસત્તા - સંખ્યાતગુણ.** કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમ સમયે દર્શન મોહનીય સિવાય શેષ કર્મોની સ્થિતિસત્તા અહીં લેવાની છે.

**(૩૩) ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા - સંખ્યાતગુણ.** શેષ કર્મોની અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિસત્તા અહીં સમજવી.

આમ, અલ્પબહુત્વદ્વાર અહીં સમાપ્ત થયુ. અલ્પબહુત્વદ્વારને લગતા **કષાયપ્રાભૃત-ચૂર્ણિ**ના સૂત્રો આ પ્રમાણે છે - "दंसणमोहणीयक्खवगस्स पढमसमए अपुव्वकरणमादिं कादूण जाव पढमसमयकदकरणिज्जो त्ति एदम्हि अंतरे अणुभागखंडय-ट्ठिदिखंडय-

उक्कीरणद्धाणं जहण्णुक्कस्सियाणं ट्ठिदिखंडयट्ठिदिबंधट्ठिदिसंतकम्माणं जहण्णुक्कस्सयाणं आबाहाणं च जहण्णुक्कस्सियाणमण्णेसिं च पदाणमप्पाबहुअं वत्तइस्सामो । तं जहा - सव्वत्थोवा जहण्णिया अणुभागखंडयउक्कीरणद्धा । उक्कस्सिया अणुभागखंडय-उक्कीरणद्धा विसेसाहिया । ट्ठिदिखंडयउक्कीरणद्धा ट्ठिदिबंधगद्धा च जहण्णियाओ दो वि तुल्लाओ संखेज्जगुणाओ । ताओ उक्कस्सियाओ दो वि तुल्लाओ विसेसाहियाओ । कदकरणिज्जस्स अद्धा संखेज्जगुणा। सम्मत्तक्खवणद्धा संखेज्जगुणा । अणियट्टिअद्धा संखेज्जगुणा । अपुव्वकरणद्धा संखेज्जगुणा। गुणसेढिणिक्खेवो विसेसाहिओ । सम्मत्तस्स दुचरिमट्ठिदिखंडयं संखेज्जगुणं। तस्स चेव चरिमट्ठिदिखंडयं संखेज्जगुणं । अट्ठवस्सट्ठिदिगे संतकम्मे सेसे जं पढमं ट्ठिदिखंडयं तं संखेज्जगुणं । जहण्णिया आबाहा संखेज्जगुणा। उक्कस्सिया आबाहा संखेज्जगुणा । पढमसमयअणुभागं अणुसमयोवट्टमाणगस्स अट्ठवस्साणि ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । सम्मत्तस्स असंखेज्जवस्सियं चरिमट्ठिदिखंडयमसंखेज्जगुणं । सम्मामिच्छत्तस्स चरिमसंखेज्जवस्सियं ट्ठिदिखंडयं विसेसाहियं । मिच्छत्ते खविदे सम्मत्तसम्मामिच्छत्ताणं पढमट्ठिदिखंडयमसंखेज्जगुणं। मिच्छत्तसंतकम्मियस्स सम्मत्तसम्मा-मिच्छत्ताणं चरिमट्ठिदिखंडयमसंखेज्जगुणं। मिच्छत्तस्स चरिमट्ठिदिखंडयं विसेसाहियं । असंखेज्जगुणहाणिट्ठिदिखंडयाणं पढमं ट्ठिदिखंडयं मिच्छत्तसम्मत्तसम्मामिच्छत्ताणम-संखेज्जगुणं । संखेज्जगुणहाणिट्ठिदिखंडयाणं चरिमट्ठिदिखंडयं जं तं संखेज्जगुणं। पलिदोव-मट्ठिदिसंतकम्मादो विदियं ट्ठिदिखंडयं संखेज्जगुणं । जम्हि ट्ठिदिखंडए अवगदे दंसण-मोहणीयस्स पलिदोवममेत्तं ट्ठिदिसंतकम्मं होइ तं ट्ठिदिखंडयं संखेज्जगुणं । अपुव्वकरणे पढमट्ठिदिखंडयं संखेज्जगुणं । पलिदोवममेत्तट्ठिदिसंतकम्मे जादे तदो पढमं ट्ठिदिखंडयं संखेज्जगुणं। पलिदोवमट्ठिदिसंतकम्मं विसेसाहियं । अपुव्वकरणे पढमस्स उक्कस्सगट्ठिदि-खंडयस्स विसेसो संखेज्जगुणो । दंसणमोहणीयस्स अणियट्टिपढमसमयं पविट्ठस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । दंसणमोहणीयवज्जाणं कम्माणं जहण्णओ ट्ठिदिबंधो संखेज्ज-गुणो । तेसिं चेव उक्कस्सओ ट्ठिदिबंधो संखेज्जगुणो । दंसणमोहणीयवज्जाणं जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । तेसिं चेव उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।" - **पु. १७६८.** (३२).

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિનો અધિકાર વિસ્તારથી વર્ણવ્યો.

## (૬) દર્શનત્રિકની ઉપશમના અથવા શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્તિ અધિકાર-

ઉપશમશ્રેણીનો પ્રારંભક અનંતાનુબંધિની વિસંયોજના કરી, દર્શન-૩નો ક્ષય કરી ક્ષાયિકસમ્યગ્દષ્ટિ થઈને ઉપશમશ્રેણી પ્રારંભે છે અથવા અનંતાનુબંધિની વિસંયોજના કરી

દર્શનત્રિકને ઉપશમાવી ઉપશમસમ્યગ્દષ્ટિ થઈ ઉપશમશ્રેણીનો પ્રારંભ પણ કરે છે. તે તથા દર્શનત્રિકની ઉપશમનાની વિધિ આ ગાથામાં બતાવે છે.

अहवा दंसणमोहं पुव्वं उवसामइत्तु सामन्ने ।
पढमठिइमावलियं करेइ दोण्हं अणुदियाणं ।।३३।।

**અક્ષરાર્થ** :- અથવા (દર્શનત્રિકનો ક્ષય ન કરે તો) દર્શનમોહનીયને પ્રથમ શ્રમણપણામાં ઉપશમાવીને (ચારિત્ર મોહનીય ઉપશમાવવા ત્રણ કરણ કરે) (દર્શનમોહનીયને ઉપશમાવતા) પ્રથમ સ્થિતિ અનુદયવતી બે પ્રકૃતિની (મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીયની) એક આવલિકા કરે. (૩૩)

**વિશેષાર્થ** : ચારિત્ર મોહનીયની ઉપશમના કરવાની ઈચ્છાવાળો જીવ પ્રથમ અનંતાનુબંધીની વિસંયોજના અથવા મતાંતરે ઉપશમના કરે છે. ત્યાર પછી દર્શનત્રિકની ક્ષપણા કરી અથવા તો ઉપશમના કરી ચારિત્રમોહનીયની ઉપશમના કરવા માટે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે. દર્શનત્રિકની ક્ષપણાનો અધિકાર પૂર્વે વિસ્તૃત રીતે વર્ણવ્યો છે. માટે હવે દર્શનત્રિકની ઉપશમનાનો અધિકાર પ્રથમ વર્ણવીએ છીએ. ત્યારપછી ઉપશમશ્રેણિનો અધિકાર વિસ્તૃત રીતે કહીશુ.

અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી અન્તર્મુહૂર્ત સુધી સ્વભાવસ્થ થયા પછી સંયતજીવ દર્શનત્રિકની ઉપશમનાનો પ્રારંભ કરે છે. "तदो अणंताणुबंधीविसंजोइदे अंतोमुहुत्तमधापवत्तो जादो असाद-अरदि - सोग - अजसगित्तियादीणि ताव कम्माणि बंधदि । तदो अंतोमुहुत्तेण दंसणमोहणीयमुवसामेदि ।" - **કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૮૧૭.** અનંતાનુબંધીની વિસંયોજના ૪ થી ૭ ગુણસ્થાનકમાં રહેલો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ કરે છે. જ્યારે ઉપશમશ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શનત્રિકની ઉપશમના ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિજીવ શ્રમણપણામાં જ કરે છે. તે ઉપર મૂળ ગાથામાં સ્પષ્ટ રીતે જણાવ્યુ છે તથા **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની બન્ને ટીકા**માં પણ એ વાત જણાવી છે - "इह यदि वेदकसम्यग्दृष्टिः सन्नुपशमश्रेणिं प्रतिपद्यते ततो नियमाद्दर्शनमोहनीयत्रितयं पूर्वमुपशमयति, तच्च श्रामण्ये स्थितः सन्नुपशमयति ।" **દેશોપશમનાના અધિકારમાં કર્મપ્રકૃતિચૂર્ણિ**માં પણ દર્શનત્રિકની ઉપશમના (ઉપશમશ્રેણી માટે) વિરત જીવો કરે છે એમ જણાવ્યુ છે-"विरतो वेयगसम्मदिट्ठि उवसमसेढीं पडिवज्जउकामो उवसमसम्मत्तं उप्पादेदि ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા.૬૭ની ચૂર્ણિ.**

દર્શનત્રિકની ઉપશમના માટે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ વિગેરે સર્વવક્તવ્યતા પ્રથમોપશમ સમ્યક્ત્વપ્રાપ્તિ અધિકારમાં જણાવ્યા પ્રમાણે સમજવી. એટલે કે યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ કે ગુણસંક્રમ થતા નથી.

અપૂર્વકરણમાં સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ થાય છે. વળી અહીં અપૂર્વકરણથી મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ થાય કે નહીં તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા.૩૩ની ચૂર્ણિ**માં જણાવ્યું છે કે અહીં પૂર્વની એટલે કે પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિવત્ સર્વ અધિકાર સમજવો યાવત્ ઉપશમસમ્યગ્દષ્ટિ થાય અને ત્યારપછી અંતર્મુહૂર્ત વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. એનો પાઠ આ પ્રમાણે છે - "उक्किरिज्जमाणं दलियं सम्मत्तस्स पढमट्ठितीते चेव छुभति, सेसं जहा पुव्वं तहेव उवसमसंमदिट्ठीजातो अंतोमुहुत्तो ता विज्झायसंकमो भवति ।" અહીં બધુ પૂર્વની માફક એટલે પ્રથમોપશમ સમ્યક્ત્વની માફક થાય એમ અતિદેશ કર્યો છે. પરંતુ પ્રથમોપશમસમ્યક્ત્વમાં જેમ ઉપશમ સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત સુધી ગુણસંક્રમ ચાલે છે તેમ અહીં પણ સમજવુ કે અહીં અપૂર્વકરણથી ગુણસંક્રમ સમજવો ? પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિમાં અપૂર્વકરણથી ગુણસંક્રમનો નિષેધ કરવાનું કારણ અપૂર્વકરણમાં મિથ્યાત્વ મોહનીય બધ્યમાન છે, જ્યારે અહીં તો અપૂર્વકરણમાં મિથ્યાત્વમોહનીયનો બંધ નથી તો પછી અપૂર્વકરણથી ગુણસંક્રમ થાય કે નહીં ? દર્શનત્રિકની ક્ષપણામાં, અનંતાનુબંધીની વિસંયોજનામાં અપૂર્વકરણથી ગુણસંક્રમ કહ્યો છે. તો પછી અહીં અપૂર્વકરણથી ગુણસંક્રમ લાગુ પડે કે નહીં ? **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા.૪૯**માં પણ કહ્યું છે કે - "पढमुवसमं व सेसं अंतोमुहुत्ताउ तस्स विज्झाओ" **મૂળ ટીકા** - प्रथमसम्यक्त्वोपलम्भोपशमवच्छेषम् । अन्तर्मुहूर्त्तात् व्यतीताद् गुणसङ्क्रमावसाने विध्यातसङ्क्रमः सम्यक्त्वस्य भवति ।"

**લબ્ધિસાર-જયધવલા**દિમાં દર્શનત્રિકની ઉપશમનામાં ગુણસંક્રમનો નિષેધ કર્યો છે- "'दंसणमोहुवसमणं तक्खवणं वा हु होदि णवरिं तु । गुणसंकमो ण विज्जदि विज्झद वाधापवत्तं च ॥२०७॥' दर्शनमोहोपशमनविधाने गुणसङ्क्रमो नास्ति, केवलं विध्यात-सङ्क्रमो वा यथाप्रवृत्तसङ्क्रमो वा संभवति ।" - **લબ્ધિસાર ગા. ૨૦૭ની ટીકા.**

"अन्तरकरणप्रवेशसमयादारभ्यान्तर्मुहूर्तेऽतिक्रान्ते गुणसङ्क्रमावसाने चात्र विध्यात-सङ्क्रमः सम्यक्त्वस्य भवति[१] ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૩ની ઉપા. યશો. કૃત ટીકા.**

આમ બધે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અંતર્મુહૂર્ત વ્યતીત થાય ત્યારે ગુણસંક્રમ પૂર્ણ થાય છે એમ જણાવ્યું છે, પરંતુ શરૂઆત ક્યારે છે ? તે સ્પષ્ટ જણાવ્યું નથી માટે આ બાબત બહુશ્રુતગમ્ય જાણવી.

---

૧. જયધવલાનો પાઠ- "एवमेदेण विहाणेण सगद्धमणुफालिय (यथाप्रवृत्तकरणम्) तदो से काले पढमसमयअपुव्वकरणो होइ । ताधे चेव ट्ठिदिघादो अणुभागघादो गुणसेढी च समगमाढत्ता, गुणसंकमो णत्थि ।" - પૃ. ૧૮૧૩.

અપૂર્વકરણના પ્રથમ સમય (સત્તાગત સ્થિતિ) કરતા ચરમ સમયે સંખ્યાતગુણહીન સ્થિતિ સત્તામાં શેષ રહે છે.

અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાતાદિ ચાલુ રહે છે. વિશેષમાં અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારથી સમ્યક્ત્વમોહનીયની અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા ચાલુ થાય છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત પછી દર્શનમોહનીયનું અંતર કરે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "दंसणमोहणीयउवसामणा अणियट्टिअद्धाए संखेज्जेसु भागेसु गदेसु सम्मत्तस्स असंखेज्जाणं समयपबद्धाणमुदीरणा । तदो अंतोमुहुत्तेण दंसणमोहणीयस्स अंतरं करेदि।" - **પૃ. ૧૮૧૪.**

**અંતરકરણ વિધિ :** અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા પછી હજારો સ્થિતિઘાત પછી એક જ સ્થિતિઘાતાદ્ધા દરમિયાન દર્શનમોહનીયનું અંતર કરે છે. અંતર કરતી વખતે સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે અને અનુદયવતી પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ એકાવલિકા પ્રમાણ કરે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૩ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "**मिच्छत्तसम्मामिच्छत्ताणं अणुदियाणं आवलियं पढमट्ठितिं करेति, सम्मत्तस्स अंतोमुहुत्तं पढमट्ठितिं करेति।**" ત્રણેની બીજી સ્થિતિના પ્રથમ નિષેક સમાન છે એટલે અંતરકરણ (દલ વિનાની ભૂમિ) નીચેથી વિષમ અને ઉપરથી સમ છે




અહીં અંતરકરણદલ ખાલી કરવાની ક્રિયા આ પ્રમાણે હોઈ શકે છે. મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિ આવલિકા પ્રમાણ કહી છે. તે આવલિકા અંતરકરણ ક્રિયા દરમિયાન ચલનાવલિકા સમજવી. એટલે કે અંતરકરણ ક્રિયાકાળના પ્રથમ સમયે મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયની ઉદયાવલિકા ઉપરથી બીજી સ્થિતિના પ્રથમનિષેક સુધીના દલિકો ખાલી કરે, બીજા સમયે પણ ઉદયાવલિકા ઉપરથી તેટલા જ સ્થાનના દલિકો ખાલી કરે, પરંતુ બીજા સમયે એક સમય ઉદય દ્વારા ભોગવાયો હોવાથી ઉદયાવલિકા એક સમય આગળ વધી અને બંનેની અંતરકરણભૂમિ (દલ વિનાની) કરવાની છે તે સ્થિતિ એક સમય ઘટી. આમ જેમ જેમ એક એક સમય ઉદય દ્વારા ક્ષીણ થાય છે તેમ તેમ ઉદયાવલિકા આગળ વધે છે અને અંતરકરણભૂમિ એક એક સમય ઘટે છે. આમ, યાવત્ અંતરકરણક્રિયાના ચરમ સમયે ઉદયાવલિકા ઉપરથી બીજી સ્થિતિના પ્રથમનિષેક સુધીની સર્વ સ્થિતિને ખાલી કરી નાંખે છે. અર્થાત્ દર્શનત્રિકના દલિક વિનાની કરી નાંખે છે. અંતરકરણના બધા સ્થિતિસ્થાનમાંથી

પ્રતિસમય અમૂક દલિકો ખાલી કરે છે. એમ કરતા જ્યારે અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થાય છે તે સમયે અંતરકરણના સર્વદલિકો ખાલી થઈ જાય છે અને મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયની એકાવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રહે છે.

**અંતરકરણ આયામ** : ગુણશ્રેણિનિક્ષેપ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળમાં છે. એટલે અનિવૃત્તિકરણની ઉપર જેટલા સ્થાનોમાં ગુણશ્રેણિનિક્ષેપ થયો છે તે ગુણશ્રેણિશીર્ષ કહેવાય છે. સમ્યક્ત્વમોહનીયનું તે ગુણશ્રેણિશીર્ષ અને બીજી ઉપર તેથી સંખ્યાતગુણ સ્થિતિ અંતરકરણભૂમિ છે (એટલે કે આટલા સ્થિતિસ્થાનોમાંથી દર્શનત્રિકના દલિકોનો અભાવ કરે છે) જ્યારે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદયાવલિકા ઉપરની ગલિતાવશેષ સઘળી ગુણશ્રેણિ તથા તેનાથી સંખ્યાતગુણી સ્થિતિ અંતરકરણભૂમિ છે. તાત્પર્ય એ છે કે - અંતરકરણભૂમિમાં સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણિનું શીર્ષમાત્ર આવેલુ હોય છે. જ્યારે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદયાવલિકા ઉપરની સંપૂર્ણ ગુણશ્રેણી આવેલી હોય છે, કેમકે મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીય અનુદયવતી પ્રકૃતિ હોવાથી ઉદયાવલિકામાં તેનો ગુણશ્રેણિનિક્ષેપ થતો નથી અને પ્રથમ સ્થિતિ આવલિકા પ્રમાણ હોવાથી ઉદયાવલિકા ઉપર અંતરકરણ કરે છે એટલે મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયની સઘળી ય ગુણશ્રેણિ અંતરકરણના દલિકોની સાથે જ ઉકેરાય છે અને સમ્યક્ત્વમોહનીયનું ગુણશ્રેણિશીર્ષ અંતરકરણના દલિકોની સાથે ઉકેરાય છે.

**અંતરકરણ દલપ્રક્ષેપવિધિ** : ત્રણેના અંતરકરણના દલિકો સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં નાખે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૩ની ચૂર્ણિ**માં કહ્યું છે - ''उक्किरिज्जमाणं दलियं सम्मत्तस्स पढमट्ठितीते चेव छुभति ।'' **બન્ને ટીકા**માં પણ જણાવ્યું છે - ''उत्कीर्यमाणं च दलिकमन्तरकरणसत्कं त्रयाणामपि सम्यक्त्वप्रथमस्थितौ प्रक्षिपति ।''

અહીં ત્રણેના દલિકો સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં જ પડે છે તેનું કારણ એમ લાગે છે કે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની પ્રથમ સ્થિતિ આવલિકામાત્ર છે. તેથી તેમાં દલપ્રક્ષેપ થાય નહીં અને જે પ્રકૃતિઓનો બંધ થતો ન હોય તેના અંતરકરણના દલિક બીજી સ્થિતિમાં ન નંખાય અને અહીં દર્શનમોહનીયનો બંધ થતો નથી તેથી અંતરકરણના દલિકોનો બીજી સ્થિતિમાં પણ પ્રક્ષેપ ન થાય[1] એટલે ત્રણેના અંતરકરણના દલિકો સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં જ નંખાય છે.

---

૧. ''अंतरट्ठिदीसु उक्कीरिज्जमाणं पदेसग्गं बंधाभावेण विदियट्ठिदिए ण संछुहदि । सव्वमाणेदूण सम्मत्तस्स पढमट्ठिदीए णिक्खिवदि।'' -જયધવલા પૃ. ૧૮૧૪. ત્રણે દર્શનમોહનીયના બીજી સ્થિતિના દલિકો જે ઉકેરાય છે તેને સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિમાં ગુણશ્રેણિરૂપે તથા સ્વસ્થાનમાં પણ અતિત્થાપનાવલિકા વર્જિત સર્વસ્થિતિમાં નાંખે, પરંતુ અન્તરમાં ન નાંખે એમ જયધવલામાં જણાવ્યુ છે ''सम्मत्तस्स विदियट्ठिदिपदेसग्गमोकड्डियूण अप्पणो पढमट्ठिदीए गुणसेढिसरूवेण णिक्खिवदि। एवं

અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછી અનંતર સમયથી પ્રતિસમય બીજી સ્થિતિમાં રહેલા દર્શનત્રિકના દલિકોને અસંખ્યગુણાકારે ઉપશમાવે છે અને અનિવૃત્તિકરણના ચરમસમય સુધીમાં સર્વથા ઉપશમાવી દે છે. પ્રથમ સ્થિતિની બે આવલિકા શેષે આગાલનો વિચ્છેદ થાય છે તથા તેની સાથે દર્શનમોહનીયની ગુણશ્રેણિ[1] પણ વિચ્છેદ પામે છે. એક અવલિકા શેષ રહે ત્યારે દર્શનમોહનીયના સ્થિતિઘાત રસઘાત અટકે છે અને તેની સાથે ઉદીરણા પણ વિચ્છેદ જાય છે અને તે ભોગવાઈ જાય ત્યાર પછી અનંતર સમયે અંતરકરણમાં (ઉપશાંતાદ્ધામાં) પ્રવેશ કરતો તે આત્મા શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કરતો જીવ હજી પ્રતિસમય અનંતગુણવૃદ્ધિમાં અંતર્મુહૂર્ત સુધી વધતો જાય છે. પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી થતા ગુણસંક્રમના કાળથી આ કાળ સંખ્યાતગુણ છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે - **"पढमदाए सम्मत्तुप्पादयमाणस्स जो गुणसंकमेण पूरणकालो तदो संखेज्जगुणं कालमिमो उवसंतदंसणमोहणीओ विसोहीए वड्ढदि।"** - **પૃ. ૧૮૧૫.** આ પ્રમાણે વર્ધમાન વિશુદ્ધિનો કાળ અંતર્મુહૂર્ત છે. ત્યાર પછીના કાળમાં ત્રણે પ્રકારની વિશુદ્ધિ હોઈ શકે. **"तेण परं हायदि वा वड्ढदि वा अवट्ठायदि वा।"** - **કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૮૧૫.** (૩૩).

---

**मिच्छत्तसम्मामिच्छत्ताणं पि विदियट्ठिदिपदेसग्गमोकड्डियूण सम्मत्तपढमट्ठिदिम्मि गुणसेढीए णिक्खिवदि। सत्थाणे वि अधिच्छावणावलियं मोत्तूण समयविरोहेण णिसिंचदि । अप्पणो अंतरट्ठिदीसु ण णिक्खिवदि।"** - જયધવલા પૃ. ૧૮૧૪.

જયધવલામાં બીજી એક વાત એ જણાવી છે કે મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયની ઉદયાવલિકા ઉપરની અંતરાયામની સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ સુધીની જે સ્થિતિ છે તેના દલિકોને સમ્યક્ત્વમોહનીયના સ્વસમાન સ્થિતિસત્તામાં નાંખે છે. **"सम्मत्तपढमट्ठिदीए सरिसं होदूणुदयावलियबाहिरे जं ट्ठिदं मिच्छत्तसम्मामिच्छत्तपदेसग्गं तं सम्मत्तस्सुवरि समट्ठिदीए संकामेदि।"** - પૃ. ૧૮૧૪.

અંતરકરણક્રિયાના દ્વિચરમસમય સુધી અંતરના દલિક આવલિકા ઓળંગી અંતરમાં નાખે છે. જ્યારે ચરમસમયે ત્રણેના દલિકો અંતરમાં પણ આવલિકા ઓળંગી ન નાખે, પરંતુ સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં જ નાંખે. **"चरिमफालीए णिवदमाणाए जहा पुव्वं मिच्छत्तसम्मामिच्छत्ताणं अंतरट्ठिदिदव्व-मोकड्डणासंकमेण अइच्छावणावलियं वोलाविय सत्थाणे वि देदि तहा संपहि ण संछुहइ, किंतु तेसिमंतर-चरिमफालिदव्वं सम्मत्तपढमट्ठिदीए चेव गुणसेढिए णिक्खिवदि, सम्मत्तस्स चरिमफालिदव्वमण्णत्थ ण संछुहदि, अप्पणो पढमट्ठिदीए चेव संछुहदि त्ति वत्तव्वं।"** - જયધવલા પૃ. ૧૮૧૪.

૧. બે આવલિકા શેષે સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણીનો વિચ્છેદ જાય એમ કહ્યુ છે તે સમ્યક્ત્વમોહનીય ગુણશ્રેણિની અપેક્ષાએ લાગે છે, કેમકે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની અંતરકરણક્રિયાકાળ પછી આવલિકામાત્ર સ્થિતિ શેષ રહેતી હોવાથી ગુણશ્રેણિ થવાનો સંભવ નથી એટલે મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયની ગુણશ્રેણિ પૂર્વે તથા સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણિ પ્રથમસ્થિતિની બે આવલિકા શેષે વિચ્છેદ જાય એમ લાગે છે. તથા પ્રથમોપશમસમ્યક્ત્વ અધિકારમાં જણાવ્યુ છે તેમ અંતરકરણક્રિયાકાળ પછી સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણિ પણ અનિવૃત્તિકરણના ચરમનિષેક સુધી ગોઠવાતી હોય એમ સંભવે છે.

## (૭) ચારિત્રમોહનીયની ઉપશમના અથવા ઉપશમશ્રેણિ અર્થાધિકાર

શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અંતર્મુહૂર્ત સુધી વર્ધમાન વિશુદ્ધિમાં રહી પછી ત્રણે પ્રકારની વિશુદ્ધિવાળો સ્વસ્થાન સંયત થાય. તેમાં હજારોવાર પ્રમત્તાપ્રમત-ગુણસ્થાનકે પરાવૃત્તિ કરી ચારિત્રમોહોપશમના માટે પ્રયત્ન કરે છે તે બતાવે છે-

अद्धापरिवित्तीओ पमत्त इयरे सहस्ससो किच्चा।
करणाणि तिन्नि कुणए, तइयविसेसे इमे सुणसु ।।३४।।

**અક્ષરાર્થ** : પ્રમત્તમાં અને અપ્રમત્તમાં અદ્ધાપરાવૃત્તિ હજારો વાર કરીને ત્રણ કરણ કરે છે. તેમાં ત્રીજા (કરણ)માં જે વિશેષ છે તે તમે સાંભળો. (૩૪)

**વિશેષાર્થ** : શ્રેણિગતોપશમસમ્યક્ત્વ પ્રાપ્તિ નામનો અધિકાર કહ્યો. હવે ક્રમ પ્રાપ્ત ચારિત્રમોહનીયની ઉપશમના નામના અધિકારને વર્ણવીએ છીએ. શ્રેણિગતોપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અંતર્મુહૂર્ત સુધી અનંતગુણ વિશુદ્ધિમાં વધે છે. ત્યાર પછી ત્રણે પ્રકારની વિશુદ્ધિ હોઈ શકે છે. આ વાત પૂર્વે જણાવી ગયા અને તે દરમિયાન હજારોવાર પ્રમત્તાપ્રમત્ત ગુણસ્થાનકે જાય આવે અને ત્યાર પછી ચારિત્રમોહનીયની ઉપશમના માટે ત્રણ કરણ કરે છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૪ની ચૂર્ણિ**માં કહ્યુ છે' - "संकिलेसविसोहीए पमत्तअपमत्तभावे सहस्ससो काउं 'करणाणि तिन्नि' त्ति चरित्तमोहउवसामणणिमित्तं तिन्नि करणाणि करेति।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યું છે - "तहा चेव ताव उवसंतदंसण-मोहणिज्जो असाद-अरदि-सोग-अजसगित्तिआदीसु बंधपरावत्तसहस्साणि कादूण जहा अणंताणुबंधी विसंजोएदूण सत्थाणे पदिदो असादादिबंधपाओग्गो होदि । तदो कसाए उवसामेदुं कच्चे अधापवत्तकरणस्स परिणामं परिणमेइ।" - **પૃ. ૧૮૧૫.** ત્રણ કરણનું સ્વરૂપ પૂર્વવત્ છે. અહીંયા યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તગુણસ્થાનકે થાય તથા અપૂર્વકરણ અપૂર્વકરણગુણસ્થાનકે થાય તથા અનિવૃત્તિકરણ અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકે થાય.

યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ[1] થતા નથી, પરંતુ પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વધતો જાય છે તથા વિવિધ જીવોની અપેક્ષાએ અધ્યવસાય તથા વિશુદ્ધિની પ્રરૂપણા પણ પૂર્વવત્ જાણવી. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "तं चेव इमस्स वि अधापवत्तकरणस्स लक्खणं जं पुव्वं परुविदं।" - **પૃ. ૧૮૧૭.** ઉપશમશ્રેણિનો પ્રસ્થાપક

---

૧. અહીં ગુણશ્રેણિનો નિષેધ કર્યો છે તે ઉપશમશ્રેણિનિમિત્તક ગુણશ્રેણિની અપેક્ષાએ જાણવુ, કેમકે સંયમનિમિત્તક ગુણશ્રેણિ તો અહીં હોય છે.

જીવ યથાપ્રવૃત્તકરણની અંતર્મુહૂર્ત પૂર્વેથી અનંતગુણ વિશુદ્ધિમાં વર્ધમાન હોય તથા યોગ-ઉપયોગ-લેશ્યા-કષાય-બંધ-ઉદયાદિ અહીં સ્વયમેવ જાણી લેવુ. સત્તામાં નરક-તિર્યંચાયુષ્ય અને અનંતાનુબંધી ચતુષ્ક સિવાય ૧૪૨ પ્રકૃતિ હોય છે અને અબદ્ધાયુષ્કને ૧૪૧ પ્રકૃતિની સત્તા હોય અને જે આચાર્યો અનંતાનુબંધીની ઉપશમના માને છે તેમના મતે ચાર પ્રકૃતિઓ વધારે પણ હોય. અર્થાત્ ૧૪૬ કે ૧૪૫ પ્રકૃત્તિની સત્તા હોય તથા દર્શનત્રિકની ક્ષપણા કરી હોય તે જીવને આ ત્રણ પ્રકૃત્તિઓ ઓછી સત્તામાં હોય એટલે ૧૩૯ કે ૧૩૮ પ્રકૃત્તિઓ હોય.

અપૂર્વકરણના પ્રથમસમયથી સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ અને અપૂર્વ સ્થિતિબંધ ચાલુ થાય છે. તેનુ સ્વરૂપ પણ પૂર્વ પ્રમાણે જાણવુ. અહીંયા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડ છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે-"जो खीणदंसणमोहणिज्जो कसायउवसामगो तस्स खीणदंसणमोहणिज्जस्स कसायउवसामणाए अपुव्वकरणे पढमट्ठिदिखंडयं णियमा पलिदोवमस्स संखेज्जदिभागो।" - **પૃ. ૧૮૩૦.**અહીંયા કારણ એ છે કે દર્શનમોહનીયની ક્ષપણામાં તેણે ઘણી સ્થિતિ ઓછી કરી નાંખી છે. તેથી અહીં ઉત્કૃષ્ટથી પણ સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો છે.

પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પણ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "ट्ठिदिबंधेण जमोसरदि सो वि पलिदोवमस्स संखेज्जदिभागो।" - **પૃ. ૧૮૩૦.** દરેક સ્થિતિઘાત અને સ્થિતિબંધ સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે. એક સ્થિતિઘાતના કાળ દરમિયાન અશુભકર્મના હજારો રસઘાત થાય છે. પ્રત્યેક રસઘાત દ્વારા સત્તાગત રસના અનંતા બહુભાગોનો ઘાત કરે છે. "असुभाणं कम्माणं अणंता भागा अणुभागखंडयं" - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૮૩૦.**

ગુણશ્રેણિ અહીં ગલિતાવશેષ હોય છે અને તેનો આયામ અહીં પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે એટલે કે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક છે. એમ હોવા છતા તે અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ-સૂક્ષ્મસંપરાય અને ઉપશાંતકષાયના સંખ્યાતમા ભાગ જેટલો છે, કેમકે અપૂર્વકરણના પ્રથમ સમયથી શરૂ થયેલ ગુણશ્રેણિ છેક સૂક્ષ્મસંપરાયના ચરમ સમય સુધી ચાલે છે. સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે ગુણશ્રેણિ ઉપશાંતકષાયના સંખ્યાતમા ભાગ સુધી ગોઠવાય છે. તથા ગલિતાવશેષ ગુણશ્રેણિ હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે ગુણશ્રેણિશીર્ષ હતુ તે જ સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે હોય છે. એટલે અપૂર્વકરણના પ્રથમ સમયની ગુણશ્રેણિનો આયામ ઉપશાંતકષાયના સંખ્યાતમા ભાગ સુધીનો સંભવે છે.

સ્થિતિઘાતાદિ ચારે વસ્તુ ઉપરાંત અપૂર્વકરણના પ્રથમ સમયથી અબધ્યમાન સર્વે અશુભપ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૪ની ઉપા.**

**યશો. કૃત ટીકા**માં કહ્યુ છે - "अत्रापि स्थितिघातादयः पूर्ववदेव प्रवर्तन्ते। नवरमिह सर्वासामशुभप्रकृतीनामबध्यमानानां गुणसङ्क्रमः प्रवर्तते इति वक्तव्यम्।" **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૪ની ચૂર્ણિ**માં પણ કહ્યું છે - "अपुव्वकरणट्ठिदिघादादि सव्वे निरवसेसा भाणियव्वा।"[1]

**કષાયપ્રાભૃતચૂર્ણિ**મા ગુણસંક્રમનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે નથી દેખાતો, પરંતુ ઉપશમશ્રેણીથી પડતા યથાપ્રવૃત્તકરણ ગુણસ્થાનકે ગુણસંક્રમનો વિચ્છેદ કહ્યો છે. એ ઉપરથી નક્કી થાય છે કે અપૂર્વકરણથી ગુણસંક્રમ ચાલે છે, કેમકે ચાલુ હોય એનો નિષેધ હોઈ શકે.

અપૂર્વકરણના પ્રથમભાગના અંતે નિદ્રા-૨નો બંધવિચ્છેદ થાય. છઠ્ઠા ભાગના અંતે દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, આહારક-૨, વૈક્રિયદ્વિક, વર્ણાદિ-૪, તૈજસ-કાર્મણશરીર, સમચતુરસ્રસંસ્થાન, શુભવિહાયોગતિ, ત્રસ-૯, પ્રત્યેકની આતપ-ઉદ્યોત સિવાયની ૬- એમ ત્રીસ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે તથા સાતમા ભાગના અંતે અર્થાત્ અપૂર્વકરણના ચરમ સમયે હાસ્યચતુષ્કનો બંધવિચ્છેદ જાય છે તથા તે જ સમયે હાસ્યષટ્કનો ઉદયવિચ્છેદ પણ થાય છે.

અહીં ત્રણ ક્રમે બંધવિચ્છેદ થતો હોવા છતા અપૂર્વકરણના સાત ભાગ પાડવાનું કારણ એ લાગે છે કે અપૂર્વકરણાદ્ધાના સાત સરખા ભાગ કરીએ તેમાં પ્રથમભાગના અંતે નિદ્રા-૨નો, છઠ્ઠા ભાગના અંતે ૩૦ પ્રકૃત્તિઓનો અને અંતે હાસ્ય ચતુષ્કનો બંધવિચ્છેદ થાય છે, કેમકે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં આને લગતું અલ્પબહુત્વ પણ બતાવ્યું છે- "अपुव्वकरणपविट्ठस्स जम्हि णिद्दापयलाओ वोच्छिण्णाओ सो कालो थोवो। परभवियणामाणं वोच्छिण्णकालो संखेज्जगुणो। अपुव्वकरणाद्धा विसेसाहिया।"[2] - **પૃ. ૧૮૨૨.**

**અનિવૃત્તિકરણ** : હજારો સ્થિતિઘાત દ્વારા અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનંતર સમયે અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અનિવૃત્તિકરણમાં પણ પૂર્વોક્ત રીતિએ સ્થિતિઘાતાદિ પ્રવર્તે છે. અનિવૃત્તિકરણના પ્રથમ સમયે દેશોપશમનાકરણ - નિધત્તિકરણ અને નિકાચનાકરણ વિચ્છેદ પામે છે. સત્તાગત સર્વદલિકમાંથી દેશોપશમનાપણું, નિધત્તત્વ અને નિકાચિતત્વ નાશ પામે છે. **કર્મપ્રકૃત્તિ ઉપશમનાકરણ ગા. ૩૯ની ચૂર્ણિ**મા કહ્યું છે -

---

૧. एत्थेव गुणसंकमो वि णवुंसयवेदादिपयडीणमप्पसत्थाणमबज्झमाणाणमाढविज्जदि त्ति वक्खाणेयव्वं । -જયધવલા પૃ.૧૮૨૦.

૨. अणेण विहाणेण आदीदोप्पहुडि द्विदिखंडपुधत्ते गदे णिद्दापयलाणं बंधवोच्छेदो भवदि । अपुव्वकरणद्धं सत्तखंडाणि कादूण पढमखंडे वोच्छिण्णा इदि उत्तं होदि । तदो अंतोमुहुत्ते गदे परभवियणामाणं बंधवोच्छेदो, पंचसत्तभागे गंतूणेत्ति उत्तं होदि। अपुव्वकरणाद्धाए जम्हि णिद्दापयलाओ वोच्छिण्णाओ सो कालो थोवो। परभवियणामाणं वोच्छिण्णकालो पंचगुणो। अपुव्वकरणाद्धा बेसत्तभागाहिया।" ધવલા, પુસ્તક ૬૮૬, પૃ.૨૯૪.

"तीसे चेव अणियट्टिअद्धाए पढमसमए अप्पसत्थुवसामणाकरणं णिहत्तीकरणं णिकायणाकरणं च वोच्छिन्नाणि।"

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે - સત્તાગત જે દલિકો ઉદ્વર્તના-અપવર્તના-પરપ્રકૃત્તિસંક્રમયોગ્ય છે, પરન્તુ ઉદીરણાને અયોગ્ય છે તે દેશોપશમિત દલિક છે. તેવી જ રીતે ઉદ્વર્તના-અપવર્તનાને યોગ્ય, પરંતુ ઉદીરણા - પરપ્રકૃત્તિસંક્રમને અયોગ્ય છે તે નિધત્તદલિક છે તથા સકળકરણને અયોગ્ય દલિકો છે તે નિકાચિતદલિક છે. અનિવૃત્તિકરણના પ્રથમસમયે સત્તાગત સર્વદલિકમાંથી આ ત્રણે પ્રકારના કરણ નાશ પામે છે એટલે હવે સર્વકર્મના સર્વ પ્રકારના દલિક ઉદીરણા-ઉદ્વર્તના-અપવર્તના અને પરપ્રકૃત્તિસંક્રમને યોગ્ય થાય છે. (૩૪)

હવે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ - સ્થિતિસત્તા તથા સ્થિતિખંડનું પ્રમાણ વિગેરે બે ગાથા દ્વારા બતાવે છે :-

**अंतोकोडाकोडी संत अनियट्टिणो य उदहीणं ।**
**बंधो अंतोकोडी पुव्वकमा हाणि अप्पबहु ।।३५।।**
**ठिइकंडगमुक्कसं पि तस्स पल्लस्स संखतमभागो ।**
**ठिइबंधबहुसहस्से सेक्केक्कं जं भणिस्सामो ।।३६।।**

**અક્ષરાર્થ :-** અનિવૃત્તિકરણના પ્રથમ સમયે (સાતે કર્મની) સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય છે અને સ્થિતિબંધ અંતઃકોડી સાગરોપમનો હોય છે તથા તે પણ પૂર્વોક્તક્રમે હાનિ પામતો જાય છે તથા અહીં અલ્પબહુત્વ પણ પૂર્વના ક્રમે છે. (૩૫)

સ્થિતિખંડ ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે તથા હજારો સ્થિતિબંધ પસાર થયે જે જે વસ્તુ થાય છે તે કહીશું. (૩૬)

**વિશેષાર્થ :** અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સર્વકર્મનો સ્થિતિબંધ અંતઃક્રોડવર્ષ પ્રમાણનો થાય છે તથા સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. **કર્મપ્રકૃતિ ચૂર્ણિ**માં કહ્યુ છે - 'अणियट्टिकरणस्स पढमसमते अंतोकोडाकोडीट्ठितियं संतकम्मं, बंधो वि तस्स पढमसमते अंतोकोडीभवति। અહીં 'અંતોકોડી' એટલે લક્ષપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ જાણવો. આગળ ઉપર **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૯ની ચૂર્ણિ**માં કહ્યું છે - "ट्ठितिबंधो अंतोकोडीति सागरोवमसयसहस्सपुहुत्तं ति भणियं होति।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યું છે - "आउगवज्जाणं कम्माणं ठिदिसंतकम्ममंतोकोडाकोडीए । ठिइबंधं अंतो-कोडाकोडीए सदसहस्सपुधत्तं।" **-પૃ. ૧૮૨૪.**

**પંચસંગ્રહ**માં આ સ્થાને એટલે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ પણ

અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કહ્યો છે. તે આ પ્રમાણે છે - "पुण तिण्णि वि करणाइं करेइ, तइयंमि एत्थ पुण भेओ। अंतोकोडाकोडीबंधं संतं च सत्तण्हं ॥ ५०॥"

**પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૫૦ની મૂળ ટીકા** : "चारित्रमोहनीयोपशमार्थं *पुनस्त्रीण्यपि करणानि* यथाप्रवृत्तापूर्वानिवृत्तिकरणाख्यानि करोति प्राग्वत्, किन्तु अत्र तृतीयकरणे भेदः अन्तःकोटाकोटीमानं बन्धं सत्कर्म च सप्तानामायुर्वर्जानां कर्मणां करणादौ भवतीति गाथार्थः।"

**પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૫૦ની મલય. ટીકા** : "केवलमत्र तृतीये करणे भेदस्तमेव दर्शयति अन्तःकोटाकोटीमानं बन्धं सत्कर्म च सप्तानामायुर्वर्जानां करणप्रथमसमये करोति।"

અહીં આ પ્રમાણે બંધ તથા સત્તામાં સ્થિતિ હોવા છતાં જુદા જુદા કર્મોની અપેક્ષાએ નામ-ગોત્રની સ્થિતિ અલ્પ છે, તેથી જ્ઞાનાવરણીયાદિ ચારની સ્થિતિ વિશેષાધિક છે, તેથી ચારિત્રમોહનીયની સ્થિતિ વિશેષાધિક છે. આ સ્થાનની પૂર્વે સર્વત્ર આ જ પ્રમાણે અલ્પબહુત્વ હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૫ની ચૂર્ણિમાં** કહ્યું છે : "अप्पबहु त्ति पुव्वकमेणेव अप्पाबहुगं पि, सव्वथोवाणि नामगोयाणि। नाणावरणदंसणावरणवेयणीय-अंतराइयाणि चत्तारि वि तुल्लाणि विसेसाहिआणि, चरित्तमोहणिज्जं विसेसाहियं। सव्वकालं जाव एवं अप्पाबहुगं।"

હવે સ્થિતિસત્તા અને સ્થિતિબંધ ક્રમશઃ સ્થિતિઘાત અને સ્થિતિબંધાપસરણ (અપૂર્વ સ્થિતિબંધ) દ્વારા ન્યૂન થતા જાય છે. પ્રત્યેક સ્થિતિઘાત દ્વારા સત્તામાંથી ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ ઓછી થાય છે અને સ્થિતિબંધ પણ ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન થતો જાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૬ની ચૂર્ણિમાં** કહ્યું છે - "ठितिकंडगमुक्कसं पि तस्स पल्लस्स संखतमभागो।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યું છે - "पढमसमयअणियट्टीकरणस्स ट्ठिदिखंडयं पलिदोवमस्स संखेज्जदिभागो। अपुव्वो ट्ठिदिबंधो पलिदोवमस्स संखेज्जदिभागेण हीणो।" - **પૃ. ૧૮૨૩.**

અહીં સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે, પરંતુ તેમાં જુદા જુદા કર્મોની અપેક્ષાએ નામગોત્રના સ્થિતિખંડ કરતાં જ્ઞાનાદિનો સ્થિતિખંડ વિશેષાધિક છે. તેના કરતાં મોહનીયનો સ્થિતિખંડ વિશેષાધિક છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગા. ૫૧ની મૂળ ટીકામાં** આ વાત જણાવી છે. તેનો પાઠ આ પ્રમાણે છે : "यद्यपि सप्तानामपि कर्मणां पल्योपमसङ्ख्येयभागोऽभिहितो घातः, तथापि नामगोत्रयोः स्तोको हीनस्थितित्वाद्, ज्ञानदर्शनावरणान्तरायवेदनीयानां विशेषाधिको, मोहनीयस्य तस्मादपि विशेषाधिक इति गाथार्थः।"

અનિવૃત્તિકરણમાં ઉક્ત રીતિએ હજારો સ્થિતિઘાત પસાર થાય છે ત્યારે સહસ્રપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૩૬ની ચૂર્ણિમાં** કહ્યું છે - ''तीसे चेव अणियट्टिअद्धाए पढमसमए अप्पसत्थुवसामणाकरणं णिहत्तिकरणं णिकायणाकरणं च वोच्छिन्नाणि। आउगवज्जाणं सत्तण्हं कम्माणं ट्ठितिसंतकम्मं अंतोकोडाकोडी भवति, ट्ठितिबंधो अंतोकोडी त्ति - सागरोवमसयसहस्सपुहुत्तं ति भणियं होति, ततो ठितिकंडगसहस्सेसु गएसु बज्झमाणट्ठितिबंधो सागरोवमसहस्सपुहुत्तं भवति ॥''

અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અસંજ્ઞીપંચેન્દ્રિયના બંધતુલ્ય સ્થિતિબંધ થાય છે એટલે કે નામગોત્રનો $\frac{૨૦૦૦}{૭}$ સાગરોપમ; જ્ઞાનાવરણાદિ ચારનો $\frac{૩૦૦૦}{૭}$ સાગરોપમ; અને મોહનીયનો $\frac{૪૦૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિખંડ પસાર થાય ત્યારે ચઉરિન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે અર્થાત્ નામગોત્રનો $\frac{૨૦૦}{૭}$ સાગરોપમ, જ્ઞાનાવરણાદિનો $\frac{૩૦૦}{૭}$ સાગરોપમ અને મોહનીયનો $\frac{૪૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. વળી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી તેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે એટલે નામગોત્રનો $\frac{૧૦૦}{૭}$ સાગરોપમ, જ્ઞાનાવરણાદિનો $\frac{૧૫૦}{૭}$ સાગરોપમ અને મોહનીયનો $\frac{૨૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. વળી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી બેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે અર્થાત્ નામગોત્રનો $\frac{૫૦}{૭}$ સાગરોપમ, જ્ઞાનાવરણાદિનો $\frac{૭૫}{૭}$ સાગરોપમ અને મોહનીયનો $\frac{૧૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. (૩૫)(૩૬)

હવે એકેન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ થયા પછી હજારો સ્થિતિઘાતોના આંતરે-આંતરે સ્થિતિબંધમાં જે ફેરફારો થાય છે તે ત્રણ ગાથા દ્વારા બતાવે છે.

पल्लदिवड्ढबिपल्लाणि जाव पल्लस्स संखगुणहाणी।
मोहस्स जाव पल्लं संखज्जइभागहाऽमोहा।।३७।।
तो नवरमसंखगुणा एक्कपहारेण तीसगाणमहो।
मोहे वीसगहेट्ठा य तीसगाणुप्पिं तइयं च।।३८।।
तो तीसगाणमुप्पिं च वीसगाई असंखगुणणाए।
तईयं च विसगाहि य विसेसमहियं कमेणेत्ति।।३९।।

**અક્ષરાર્થ** : એક પલ્યોપમ, દોઢ પલ્યોપમ અને બે પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યાં સુધી ઉક્તક્રમ (પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન) પ્રવર્તે છે. પલ્યોપમ થયા પછી (ઉત્તરોત્તર) સંખ્યાતગુણહીન સ્થિતિબંધ થાય છે. મોહનીયનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યાં સુધી આ નવો ક્રમ પ્રવર્તે. (૩૭)

ત્યારપછી (સર્વકર્મનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય પછી હજારો સ્થિતિબંધે) 'અમોહા' એટલે નામગોત્રનો અસંખ્યગુણહીન સ્થિતિબંધ થાય છે. (ત્યાર પછી હજારો સ્થિતિબંધ પછી) એક પ્રહારથી મોહનીયકર્મ તીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા જ્ઞાનાદિ ૪ કર્મની નીચે જાય છે. ત્યારપછી હજારો સ્થિતિબંધ પછી વીસ કોડાકોડી સાગરોપમવાળા (નામગોત્ર)કર્મની નીચે મોહનીય જાય છે. (અર્થાત્ મોહનીયનો સ્થિતિબંધ નામગોત્રથી અસંખ્યગુણહીન થાય છે) ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) તીસ કોડાકોડીવાળા (જ્ઞાનાદિ) કર્મોની ઉપર વેદનીયકર્મ આવે છે. વેદનીયકર્મનો સ્થિતિબંધ જ્ઞાનાદિથી અસંખ્યગુણ થાય છે, અર્થાત્ વેદનીયના સ્થિતિબંધથી જ્ઞાનાદિનો સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે. (૩૮)

ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી ૩૦ કોડાકોડીવાળા (જ્ઞાનાદિ) કર્મોની ઉપર ૨૦ કોડાકોડીવાળા (નામ-ગોત્ર) કર્મો આવે છે. (અર્થાત્ જ્ઞાનાદિનો સ્થિતિબંધ નામગોત્રથી અસંખ્યગુણહીન થાય છે.) તે વખતે ત્રીજું વેદનીયકર્મ ૨૦ કોડાકોડીવાળા (નામ-ગોત્ર) કર્મોથી અધિક થાય છે અને હવેથી ઉક્ત અલ્પબહુત્વના ક્રમે સ્થિતિબંધ થાય છે. (૩૯)

**વિશેષાર્થ** : એકેન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ થયા પછી હજારો સ્થિતિઘાત પસાર થાય છે ત્યારે નામગોત્રનો એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે જ વખતે જ્ઞાનાવરણાદિનો દોઢ પલ્યોપમ અને મોહનીયનો બે પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. આ વખતે સર્વકર્મની સ્થિતિસત્તા તો અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૭ની ચૂર્ણિમાં** કહ્યું છે - "सव्वेसिं संताणि जहक्कमहीणाणि अंतोकोडाकोडीए" અહીં યથાક્રમ અંતઃકોડાકોડી સાગરોપમની સત્તા કહી છે એટલે નામગોત્રની સૌથી ઓછી, જ્ઞાનાદિની વિશેષાધિક, મોહનીયની વિશેષાધિક છે એમ જાણવું.

અહીં સુધી દરેક સ્થિતિબંધ પૂર્વપૂર્વના સ્થિતિબંધથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થતો હતો. હવેથી નામગોત્રનો સ્થિતિબંધ પૂર્વપૂર્વના બંધથી ઉત્તરોત્તર સંખ્યાતગુણહીન થાય છે અને શેષકર્મોનો તો ઉત્તરોત્તર સ્થિતિબંધ પૂર્વવત્ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન થતો જાય છે, કારણ કે કોઈપણ કર્મનો જ્યારથી પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે ત્યારપછીથી તેનો ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. **કર્મપ્રકૃતિ-ઉપશમનાકરણ ગા. ૩૭ની ચૂર્ણિમાં** કહ્યું છે- "जस्स जस्स पलिओवमसमगो ठितिबंधो

होति तप्पभिति तस्स तस्स संखेज्जगुणहाणीए ट्ठितिबंधो ओसरति।" તથા પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યાં સુધી સર્વત્ર ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન થાય છે.

આ ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી જ્ઞાનાવરણાદિનો એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે વખતે નામગોત્રનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય છે અને મોહનીયનો દોઢ પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૭ની ચૂર્ણિમાં** કહ્યું છે - "एवं संखेज्जेसु ठितिबंधसहस्सेसु गएसु नाणावरणदंसणावरणवेयणीयअंतराइयाणं पलिओवमठितितो बंधो, मोहणिज्जस्स दिवड्ढं पलिओवमट्ठितिबंधो।" **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં આ સ્થાને મોહનીયનો તૃતીયભાગાધિક એક પલ્યોપમ ($1\frac{1}{3}$ પલ્યો.) પ્રમાણ સ્થિતિબંધ કહ્યો છે. તેનો પાઠ આ પ્રમાણે છે -

"एवं ट्ठिदिबंधसहस्सेसु गदेसु णाणावरण-दंसणावरण-वेदणीय-मोहणीयंतराइयाणं पलिदोवमट्ठिदिगो बंधो । मोहणीयस्स तिभागुत्तरं पलिदोवमट्ठिदिगो बंधो" - **પૃ. ૧૮૩૭.**

હવેથી નામગોત્રની માફક જ્ઞાનાવરણાદિનો પણ ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે તથા મોહનીયનો ઉત્તરોત્તર સ્થિતિબંધ પૂર્વવત્ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન થતો જાય છે અને ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ થાય છે ત્યાર પછી મોહનીયનો પણ એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે વખતે શેષ છએ કર્મનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. આ વખતે સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે- નામગોત્રનો સ્થિતિબંધ સર્વાલ્પ, જ્ઞાનાવરણાદિનો સ્થિતિબંધ સંખ્યાતગુણ, મોહનીયનો સ્થિતિબંધ સંખ્યાતગુણ. અત્યાર સુધી મોહનીયનો સ્થિતિબંધ ઉત્તરોત્તર પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થતો હતો. હવેથી મોહનીયનો સ્થિતિબંધ પણ સંખ્યાતગુણહીન થાય છે. એટલે મોહનીયના પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછીનો સ્થિતિબંધ સાતે કર્મનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે અને તે વખતે અલ્પબહુત્વ પણ પૂર્વોક્ત ક્રમે જ છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી નામગોત્રનો અસંખ્યગુણહીન સ્થિતિબંધ થાય છે. એટલે તે વખતે નામગોત્રનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય છે અને શેષ કર્મનો સ્થિતિબંધ તે વખતે પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ હોય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| નામ-ગોત્રનો | સર્વાલ્પ | પલ્યો./અસં. |
| જ્ઞાનાવરણાદિનો | અસંખ્યાતગુણ | પલ્યો./સં. |
| મોહનીયનો | સંખ્યાતગુણ | પલ્યો./સં. |

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યું છે - एदेण अप्पाबहुअविहिणा ठिदिबंधसहस्साणि बहूणि गदाणि । तदो अण्णो ट्ठिदिबंधो णामगोदाणं थोवो । इदरेसिं चउण्हं पि तुल्लो असंखेज्जगुणो । मोहणीयस्स ट्ठिदिबंधो संखेज्जगुणो । - **પૃ. ૧૮૩૮.** હવેથી નામગોત્રનો ઉત્તરોત્તર સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે અને શેષકર્મોનો સંખ્યાતગુણહીન થાય છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી ઘાતિકર્મનો મોહનીયથી અસંખ્યગુણહીન સ્થિતિબંધ થાય છે એટલે એ વખતે સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે થયું-

| | | |
|---|---|---|
| નામ-ગોત્ર | સર્વાલ્પ | પલ્યો./અસં. |
| જ્ઞાનાવરણાદિ | અસંખ્યગુણ | પલ્યો./અસં. |
| મોહનીય | અસંખ્યગુણ | પલ્યો./સં. |

અહીં જ્ઞાનાવરણાદિકર્મનો સ્થિતિબંધ અસંખ્યગુણહીન એટલે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો થવાથી મોહનીયથી અસંખ્યગુણહીન થાય છે અને હવેથી તેઓનો ઉત્તરોત્તર સ્થિતિબંધ પણ નામગોત્રની માફક અસંખ્યગુણહીનના ક્રમે થાય છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી મોહનીયકર્મનો સ્થિતિબંધ એક સાથે જ જ્ઞાનાદિના સ્થિતિબંધ થી અસંખ્યગુણહીન થઈ જાય છે. એટલે અહીં સ્થિતિબંધાશ્રયી અલ્પબહુત્વ આ પ્રમાણે આવે -

| | | |
|---|---|---|
| નામ - ગોત્ર | સર્વાલ્પ | પલ્યો.નો અસં.મો ભાગ |
| મોહનીય | અસંખ્યગુણ | પલ્યો.નો અસં.મો ભાગ |
| જ્ઞાનાવરણાદિ | અસંખ્યગુણ | પલ્યો.નો અસં.મો ભાગ |

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૮ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "ततो ट्ठितिबन्धसहस्सेसु बहुसु गएसु एक्कपहारेण तीसगाणमहो मोहे' त्ति - 'एक्कप्पहारेणं चेव' त्ति एक्कहेल्लाए 'तीसगाणं' ति नाणावरणदंसणावरणवेयणियअंतराईयाणि एएसिं ट्ठितीतो मोहणिज्जस्स ट्ठिती असंखेज्जगुणहीणा य । नत्थि अन्नो विकप्पो जाव मोहणिज्जं उवरि आसी असंखेज्जगुणसामी असंखेज्जगुणाओ चेव असंखेज्जगुणहीणं जातं । एत्थं अप्पाबहुगं - सव्वथोवाणि नामगोयाणि, मोहणिज्जं असंखेज्जगुणं, तीसगाणि चत्तारि तुल्लाणि - असंखेज्जगुणाणि ।"

**પ્રશ્ન** - અહીંયા મોહનીયનો અસંખ્યગુણહીન પ્રથમ સ્થિતિબંધ જે થાય છે તે જ વખતે મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાદિથી અસંખ્યગુણહીન થાય છે કે મોહનીયના અસંખ્ય-ગુણહીનના હજારો સ્થિતિબંધ પસાર થયા પછી તેનો જ્ઞાનાદિથી અસંખ્યગુણહીન સ્થિતિબંધ થાય છે ?

**જવાબ** - અહીંયા મોહનીયના પલ્યોપમના સંખ્યાતમા ભાગના ચરમ સ્થિતિબંધ પછી પ્રથમવાર અસંખ્યગુણહીન સ્થિતિબંધ શરૂ થાય છે ત્યારે મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિથી અસંખ્યગુણ થાય અને તે પ્રકારે હજારો સ્થિતિબંધ ગયા પછી મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિથી અસંખ્યગુણહીન થાય એમ અમને લાગે છે. કેમકે ક્ષપકશ્રેણી અધિકારમાં જ્યારે મોહનીયનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે ત્યારે તેનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિથી અસંખ્યગુણ કહ્યો છે અને ઉક્તક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી એક સરાહે મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાદિથી અસંખ્યગુણહીન થાય છે એમ બતાવ્યું છે. તેનો પાઠ આ પ્રમાણે છે "**जाधे पढमदाए मोहणीयस्स पलिदोवमस्स असंखेज्जदिभागो ठिदिबंधो जादो ताधे अप्पाबहुअं । णामगोदाणं ठिदिबंधो थोवो । चदुण्हं कम्माणं ठिदिबंधो तुल्लो असंखेज्जगुणो । मोहणीयस्स ठिदिबंधो असंखेज्जगुणो । एदेण कमेण संखेज्जाणि ठिदिबंधसहस्साणि गदाणि । तदो जम्हि अण्णो ठिदिबंधो तम्हि एक्कसराहेण णामागोदाणं ठिदिबंधो थोवो । मोहणीयस्स ठिदिबंधो असंखेज्जगुणो । चउण्हं कम्माणं ठिदिबंधो तुल्लो असंखेज्जगुणो ।" - કષાયપ્રાભૃતચૂર્ણિ ક્ષપકશ્રેણિઅધિકાર પૃ. ૧૯૯૦.**

અહીં પ્રસ્તુતમાં ગ્રન્થકારે અલ્પબહુત્વ જ્યાં જ્યાં બદલાય છે ત્યાં ફરીથી સ્થિતિબંધની પ્રરૂપણા બતાવી છે. મોહનીયના અસંખ્યગુણહીનના પ્રથમસ્થિતિબંધ વખતે અલ્પબહુત્વ બદલાતું નથી. પૂર્વે જે ચાલુ હતું તે જ પ્રમાણે રહે છે. જ્યારે મોહનીય જ્ઞાનાદિની નીચે જાય છે ત્યારે જ અલ્પબહુત્વ બદલાય છે. માટે મોહનીયનો અસંખ્યગુણહીનનો પ્રથમ સ્થિતિબંધ ક્યારે થાય તે બતાવ્યું નથી એમ અમને લાગે છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ પસાર થયા પછી મોહનીયનો સ્થિતિબંધ એક સરાહથી નામગોત્રની પણ નીચે જાય છે. એટલે કે આની પૂર્વેના સ્થિતિબંધ સુધી મોહનીયના સ્થિતિબંધથી નામગોત્રનો સ્થિતિબંધ અસંખ્યગુણહીન હતો, તેને બદલે હવે આ નૂતન સ્થિતિબંધ વખતે મોહનીયનો સ્થિતિબંધ નામગોત્રથી અસંખ્યગુણહીન થઈ જાય છે. અહીં અલ્પબહુત્વ આ પ્રમાણે આવે -

| | |
|---|---|
| મોહનીયનો સ્થિતિબંધ | સર્વાલ્પ |
| નામગોત્રનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |
| જ્ઞાનાદિનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |

ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી જ્ઞાનાવરણાદિમાંથી વેદનીય છૂટું પડે એટલે કે અત્યારસુધી જ્ઞાનાવરણાદિ-૪નો સ્થિતિબંધ તુલ્ય થતો હતો. તેને બદલે હવે આ સ્થિતિબંધ વખતે જ્ઞાનાદિ-૩નો સ્થિતિબંધ વેદનીયના સ્થિતિબંધથી અસંખ્યગુણહીન થાય છે. અહીં અલ્પબહુત્વ -

| | |
|---|---|
| મોહનીયનો સ્થિતિબંધ | સર્વાલ્પ |
| નામગોત્રનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |
| જ્ઞાનાવરણાદિનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |
| વેદનીયનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |

ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી એક જ સપાટે જ્ઞાનાવરણાદિનો સ્થિતિબંધ નામગોત્રથી નીચે જાય, એટલે કે નામગોત્રના સ્થિતિબંધથી જ્ઞાનાવરણાદિનો સ્થિતિબંધ અત્યારસુધી અસંખ્યગુણ થતો હતો તેને બદલે હવે આ સ્થિતિબંધ વખતે જ્ઞાનાવરણાદિનો સ્થિતિબંધ નામગોત્રથી અસંખ્યગુણહીન થાય છે. આ વખતે વેદનીયનો સ્થિતિબંધ નામગોત્રના સ્થિતિબંધથી વિશેષાધિક હોય છે. એટલે અલ્પબહુત્વ આ પ્રમાણે થયું-

| | |
|---|---|
| મોહનીયનો સ્થિતિબંધ | સર્વાલ્પ |
| જ્ઞાનાવરણાદિ-૩નો સ્થિતિબંધ | અસંખ્યગુણ |
| નામગોત્રનો સ્થિતિબંધ | અસંખ્યગુણ |
| વેદનીયનો સ્થિતિબંધ | વિશેષાધિક |

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યું છે - "एक्कसराहेण मोहणीयस्स ट्ठिदिबंधो थोवो । णाणावरणीय-दंसणावरणीय-अंतराइयाणं तिण्हं पि कम्माणं ठिदिबंधो तुल्लो असंखेज्ज-गुणो । णामगोदाणं ठिदिबंधो असंखेज्जगुणो । वेदणीयस्स ट्ठिदिबंधो विसेसाहिओ । एत्थ वि णत्थि वियप्पो तिण्हं पि कम्माणं ट्ठिदिबंधो णामगोदाणं ठिदिबंधादो हेट्ठदो जायमाणो एक्कसराहेण असंखेज्जगुणहीणो जादो, वेदणीयस्स ट्ठिदिबंधो ताधे चेव णामगोदाणं ट्ठिदिबंधादो विसेसाहिओ जादो ।" - **પૃ. ૧૮૩૨.**

અહીંયા ક્રમશઃ સંખ્યાતગુણહીન વિશેષહીનાદિ થઈ અસંખ્યગુણહીન નથી થતો, પરંતુ અસંખ્યગુણનું સીધું અસંખ્યગુણહીન થાય છે તે બતાવવા 'एक्कसराहेण' શબ્દ વાપર્યો છે.

અહીંયા **પંચસંગ્રહ**ના મતે નામગોત્ર કરતા વેદનીયનો સ્થિતિબંધ અસંખ્યગુણ થાય છે. "ततः स्थितिबंधसहस्त्रेषु गतेषु सत्सु विंशतिकयोर्नामगोत्रयोरसङ्ख्येयभागे घातीनि ज्ञानावरणादीनि त्रीणि बध्यन्ते, नामगोत्रापेक्षया ज्ञानावरणीयादीनां स्थितिबन्धोऽसङ्ख्येय-गुणहीनो भवतीत्यर्थः । अत्राल्पबहुत्वं-सर्वस्तोको मोहनीयस्य स्थितिबंधः। ततो ज्ञानावरण-दर्शनावरणान्तरायाणामसङ्ख्येयगुणो स्वस्थाने तु परस्परं तुल्यः, ततोऽपि नामगोत्राणाम-सङ्ख्येयगुणः स्वस्थाने परस्परं तुल्यः, ततोऽपि वेदनीयस्यासङ्ख्येयगुणः ।" - **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગા. ૫૭ની મલય. ટીકા.**

હવેથી સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ પ્રારંભ ન થાય ત્યાં સુધી ઉક્તક્રમે સ્થિતિબંધનું

અલ્પબહુત્વ રહેશે. સત્તામાં આ વખતે સાતે કર્મની અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ હોય છે. [1]**કર્મપ્રકૃત્તિ ઉપશમનાકરણ ગા. ૩૯ની ચૂર્ણિ**માં કહ્યું છે - "तंमि समए एसिं पुव्वं संतं अंतोकोडाकोडीए जहन्नमहीयत्ति ।"

અહીં જુદા જુદા કર્મોની અપેક્ષાએ સત્તાગત સ્થિતિનું અલ્પબહુત્વ જો કે કહ્યું નથી, પરંતુ તે પણ પૂર્વોક્ત રીતે સંભવે છે. એટલે કે સૌથી થોડી નામગોત્રની સ્થિતિસત્તા, તેથી જ્ઞાનાવરણાદિની સ્થિતિસત્તા વિશેષાધિક, તેથી મોહનીયની સ્થિતિસત્તા વિશેષાધિક.

આ પ્રમાણે સત્તામાં અલ્પબહુત્વ હોવાની સંભાવના **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં ક્ષપકશ્રેણી અધિકારમાં આપેલ સત્તાગત સ્થિતિના અલ્પબહુત્વ પરથી વિચારી શકાય છે, કેમકે ક્ષપકશ્રેણીમાં આ સ્થાને એટલે કે ઉક્ત સ્થિતિબંધનો છેલ્લો ક્રમ જ્યારે આવે છે (જ્ઞાનાદિ નામગોત્રની નીચે જાય છે અને વેદનીય નામગોત્રથી વિશેષાધિક થાય છે) ત્યારપછી હજારો સ્થિતિબંધ વીત્યા બાદ અસંજ્ઞીતુલ્ય સ્થિતિસત્તા થાય છે અને અસંજ્ઞીતુલ્ય સ્થિતિસત્તા વખતે અલ્પબહુત્વનો ક્રમ તો પૂર્વ પ્રમાણે એટલે કે નામગોત્ર સર્વાલ્પ, જ્ઞાનાવરણાદિ - વિશેષાધિક, મોહનીય વિશેષાધિક હોય છે. ક્ષપકશ્રેણીનો પાઠ આ પ્રમાણે છે : "**तदो अण्णो ठिदिबंधो एक्कसराहेण मोहणियस्स ठिदिबंधो थोवो । तिण्हं घादिकम्माणं ठिदिबंधो असंखेज्जगुणो । णामागोदाणं ठिदिबंधो असंखेज्जगुणो । वेदणीयस्स ठिदिबंधो विसेसाहिओ । एदेणेव कमेण संखेज्जाणि ठिदिबंधसहस्साणि गदाणि । तदो ठिदिसंत-कम्ममसण्णिट्ठिदिबंधेण समगं जादं ।**" - **કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૯૬૧.** આમ ક્ષપકશ્રેણીમાં છેલ્લા સ્થિતિબંધના ક્રમ પછી હજારો સ્થિતિઘાત પછી પણ અલ્પબહુત્વનો ક્રમ પૂર્વોક્ત જ હોય તો પછી ઉપશમશ્રેણિમાં છેલ્લા સ્થિતિબંધ ક્રમકરણ વખતે તો સુતરામ્ એ પ્રમાણે અલ્પબહુત્વ હોઈ શકે.

પંચસંગ્રહમાં પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી સત્તાગત સ્થિતિનું અલ્પબહુત્વ બધા સ્થાનોમાં બંધને અનુસારે કહ્યું છે તે મતાંતર હોઈ શકે. ઉપર જે અલ્પબહુત્વ બતાવ્યા છે તે **કર્મપ્રકૃતિચૂર્ણિ** અને **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં બધ્યમાન સ્થિતિની અપેક્ષાએ કહ્યા છે, જ્યારે સત્તાગત સ્થિતિ વિષે 'तंमि समए एसिं पुव्वं संतं अंतोकोडाकोडीए जहन्नमहीयति" આટલી એક પંક્તિ **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૩૯ની ચૂર્ણિ**માં જોવા મળે છે. અન્ય કોઈ ઉલ્લેખ મળતો નથી. **કર્મપ્રકૃતિની ઉભયટીકા**માં **પંચસંગ્રહા**નુસાર ઉલ્લેખ મળે છે તે પંચસંગ્રહના આધારે હોય તેમ સંભવે છે. (૩૭)(૩૮)(૩૯)

સ્થિતિબંધનો ઉક્તક્રમ થયા પછી હજારો સ્થિતિબંધ ગયા પછી ક્રમશઃ હજારો

---

૧. જયધવલામાં પણ કહ્યું છે - "**ट्ठिदिसंतकम्मं पुण सव्वेसिमेव कम्माणमंतोकोडाकोडीए एदम्मि विसये दट्ठव्वं, उवसमसेढीए पयारंतरासंभवादो ।** - જયધવલા પૃ. ૧૮૩૨.

સ્થિતિબંધોના આંતરે આંતરે દાનાંતરાયાદિ પ્રકૃતિઓનો દેશઘાતિ રસબંધ શરૂ થાય છે તે બતાવવા કહે છે -

अहुदीरणा असंखेज्जसमयबद्धाण देसघाइत्थ ।
दाणंतरायमणपज्जवं च तो ओहिदुगलाभो ।।४०।।
सुयभोगाचक्खुओ चक्खु य ततो मई सपरिभोग ।
विरियं च असेढिगया बंधेति उ सव्वघाईणि ।।४१।।

**અક્ષરાર્થ** : હવે અસંખ્યસમયબદ્ધની ઉદીરણા થાય છે. ત્યારપછી (હજારો સ્થિતિઘાત પછી) દાનાંતરાય અને મનઃપર્યવજ્ઞાનાવરણનો દેશઘાતિ રસ બાંધે, ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) અવધિદ્વિક અને લાભાંતરાયનો, ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) શ્રુતજ્ઞાનાવરણ, ભોગાંતરાય, અચક્ષુદર્શનાવરણનો, ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) ચક્ષુદર્શનાવરણનો, ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) મતિજ્ઞાનાવરણનો અને ઉપભોગાંતરાયનો અને ત્યાર પછી (હજારો સ્થિતિબંધ પછી) વીર્યાંતરાયનો દેશઘાતિ રસ બંધાય છે. (૪૦)(૪૧)

**વિશેષાર્થ** : ઉક્ત છેલ્લા સ્થિતિબંધનો ક્રમ નક્કી થયા પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા થાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે "एदेण अप्पाबहुअविहिणा संखेज्जाणि ठिदिबंधसहस्साणि कादूण जाणि पूण कम्माणि बज्झंति ताणि पलिदोवमस्स असंखेज्जदिभागो । तदो असंखेज्जाणं समयपबद्धाणमुदीरणा च ।" - **પૃ. ૧૮૩૨.**

**કર્મપ્રકૃતિચૂર્ણિ** તથા **પંચસંગ્રહ**માં 'અસંખ્યસમયપ્રબદ્ધ' શબ્દને બદલે 'અસંખ્ય-સમયબદ્ધ' શબ્દ છે. અસંખ્યસમયબદ્ધની ઉદીરણા એટલે શું ? **કર્મપ્રકૃતિચૂર્ણિ** તથા **પંચસંગ્રહાદિની ટીકા**માં બધ્યમાનસ્થિતિથી સમયાદિ ન્યૂન જે સત્તાગત સ્થિતિ છે તેમાંથી ઉદીરણા થાય છે, ઉપરની સ્થિતિઓમાંથી ઉદીરણા ન થાય તેને અસંખ્યસમયબદ્ધની ઉદીરણા કહી છે. "जाहे पलिओवमस्स असंखेज्जतिभागं ट्ठिती बन्धन्ति तम्मि काले जातो कम्मट्ठितीतो बज्झमाणट्ठितीओ समयादिहीणातो तातो ट्ठितीतो उदीरणं एन्ति, उवरिमाउ न इंति उदीरणं ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૦ની ચૂર્ણિ.**

**લબ્ધિસાર**માં અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે-જે દ્રવ્યનું આકર્ષણ થાય છે તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ભાગી બહુભાગ પ્રમાણ દ્રવ્યનો ગુણશ્રેણિની ઉપર નિક્ષેપ થાય છે. શેષ એક ભાગના અસંખ્યલોક જેટલા ભાગ કરી બહુભાગનો ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણી આયામમાં નિક્ષેપ થાય છે અને શેષ એક ભાગનો

ઉદયાવલિકામાં નિક્ષેપ થાય છે. તેથી ઉદીરણામાં સમયપ્રબદ્ધના અસંખ્યાતમા ભાગ જેટલુ દ્રવ્ય આવે છે. અપકૃષ્ટ દ્રવ્યની વહેંચણી અત્યાર સુધી એટલે કે અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા થતા પૂર્વે આ રીતે થતી હતી. હવેથી એટલે કે અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા ચાલુ થાય ત્યારથી જે દ્રવ્યનુ અપકર્ષણ થાય છે તેના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા ભાગ કરી બહુભાગપ્રમાણ દ્રવ્યનો ગુણશ્રેણીની ઉપર નિક્ષેપ કરે છે અને શેષ એક ભાગના અસંખ્યલોક જેટલા ભાગ કરવાને બદલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા ભાગ કરી બહુભાગ પ્રમાણ દ્રવ્યનો ઉદયાવલિકા ઉપર અને એક ભાગનો ઉદયાવલિકામાં નિક્ષેપ થાય છે. આમ અત્યાર સુધી ગુણશ્રેણીમાં આવતા દ્રવ્ય કરતા ઉદયાવલિકામાં અસંખ્યલોકથી ભાજિત દ્રવ્ય આવતું હતું, તેને બદલે હવે ગુણશ્રેણિમાં આવતા દ્રવ્ય કરતા ઉદયાવલિકામાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાજિત દ્રવ્યનો નિક્ષેપ થાય છે. આ પ્રમાણે થવાથી ઉદીરણામાં અસંખ્યસમયપ્રબદ્ધ જેટલુ દ્રવ્ય આવે. **લબ્ધિસાર ટીકા**નો પાઠ- "इतः पूर्वमपकृष्टद्रव्यस्य पल्यासङ्ख्यातभागखण्डितस्य बहुभागद्रव्यमुपरितनस्थितौ निक्षिप्य तदेकभागं पुनरसङ्ख्यातलोकेन खण्डयित्वा तद्बहुभागद्रव्यं गुणश्रेण्यायामे निक्षिप्य तदेकभागमुद्रयावल्यां निक्षिपतीति समयप्रबद्धासंख्यातैकभागमात्रमेवोदीरणाद्रव्यम् । इदानीं पुनरसङ्ख्यातलोकभागहारं त्यक्त्वा पल्यासङ्ख्यातैकभागेन खण्डितैकभागमुदयावल्यां निक्षिपतीति असङ्ख्येयसमयप्रबद्धमात्रमुदीरणाद्रव्यमित्यर्थः । - **ગા. ૨૩૮ સંસ્કૃત ટીકા.**

**દેશઘાતિકરણ** : અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાના પ્રારંભ પછી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી દાનાંતરાય અને મનઃપર્યવજ્ઞાનાવરણના દેશઘાતિ રસબંધનો પ્રારંભ કરે છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ અને લાભાંતરાયના દેશઘાતી રસબંધનો પ્રારંભ થાય છે. ત્યાર પછી વળી હજારો સ્થિતિબંધ ગયા પછી શ્રુતજ્ઞાનાવરણ-ભોગાંતરાય અને અચક્ષુદર્શનાવરણના દેશઘાતિ રસબંધનો પ્રારંભ થાય, ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી ચક્ષુદર્શનાવરણના દેશઘાતિ રસબંધનો પ્રારંભ થાય, ત્યાર પછી હજારો સ્થિતિબંધ પછી મતિજ્ઞાનાવરણ અને ઉપભોગાંતરાયના દેશઘાતિ રસબંધનો પ્રારંભ થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પછી વીર્યાંતરાયના દેશઘાતિ રસબંધનો પ્રારંભ થાય.

અહીંયા આ સ્થાન પૂર્વે સર્વત્ર સંસારાવસ્થામાં આ પ્રકૃતિઓનો સર્વઘાતિરસ બંધાતો હતો. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૧ની ચૂર્ણિ**માં કહ્યું છે- "असेढिगया बन्धन्ति उ सव्वघाइणि ति अक्खवग-अणुवसामगा सव्वे सव्वघाई बन्धन्ति ।"[1] (૪૦)(૪૧)

૧. સંજ્વલનચતુષ્ક અને પુરુષવેદના દેશઘાતિ રસબંધનો પ્રારંભ દેશવિરતિ ગુણસ્થાનકે થતો હોવાથી અહીં કહ્યો નથી એમ લબ્ધિસાર ગા. ૨૩૯-૨૪૦ની ટીકામાં જણાવ્યું છે - "चतुःसंज्वलनपुंवेदानाम् देशघातिस्पर्धाकानामनुभागबंधः कुतो न कथित इति नाशंकितव्यम्, संयमासंयमग्रहणात्प्रभृति तेषां देशघातिस्पर्धकद्विस्थानानुभागबन्धस्यैव प्रतिसमयमनन्तगुणहान्या वर्तमानत्वात् ।"

વીર્યાંતરાયના દેશઘાતિ રસબંધનો પ્રારંભ થયા પછી હજારો સ્થિતિબંધ ગયા પછી બાર કષાય અને નવનોકષાય એમ એકવીસ ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે તે બતાવે છે -

**संजमघाइणंतरमेत्थ उ पढमट्ठिई य अन्नयरे ।**
**संजलणावेयाणं वेइज्जंतीण कालसमा ॥४२॥**

**અક્ષરાર્થ :** સંયમઘાતિ પ્રકૃતિઓનું અહીં અંતર કરે છે તે વખતે સંજ્વલન અને વેદમાંથી જે કોઈ એક ઉદયવાળી પ્રકૃતિ હોય તેની પ્રથમસ્થિતિ પોતાના ઉદયકાળ જેટલી હોય છે. (૪૨)

**વિશેષાર્થ :** વીર્યાન્તરાયના દેશઘાતિ રસબંધના પ્રારંભ થયા પછી હજારો સ્થિતિબંધ ગયા પછી બાર કષાય અને નવનોકષાયરૂપ ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે.

અહીંયા અનંતાનુબંધિ ચતુષ્કની વિસંયોજના અથવા મતાંતરે સર્વોપશમના થઈ ગઈ હોવાથી તેનું અંતરકરણ કરવાનું હોતું નથી. એટલે ચારિત્રમોહનીયની શેષ ૨૧ પ્રકૃતિઓનું અંતર કરવાનું હોય છે. અહીં અંતરકરણ કરતી વખતે વેદ્યમાન અન્યતર કષાય અને વેદની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત જેટલી રાખે છે. શેષ અનુદયવતી ૧૯ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ આવલિકા પ્રમાણ રાખે છે. અંતરકરણક્રિયા દરમિયાન અનુદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિની આવલિકા પ્રતિસમય આગળ વધતી જાય છે વિગેરે અંતરકરણવિધિ દર્શનત્રિકની ઉપશમનામાં બતાવી છે તે પ્રમાણે અહીં પણ સમજી લેવી.

અહીં વેદ્યમાન પ્રકૃતિની પ્રથમસ્થિતિ સ્વોદયકાળ જેટલી કહી છે, પરંતુ તેમાં વેદ્યમાન કષાયની સ્થિતિ સ્વોદયકાળથી આવલિકાધિક જાણવી. આવલિકા અતિઅલ્પ હોવાથી વિવક્ષા નથી કરી તથા પુંવેદની પ્રથમસ્થિતિ સ્વોદયકાળ જેટલી જ હોય છે.

અહીંયા ઉદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે તેમાં પણ નપુંસક વેદ અને સ્ત્રીવેદની પ્રથમસ્થિતિ તુલ્ય છે. તેથી પુરુષવેદની પ્રથમસ્થિતિ સંખ્યાતમો ભાગ અધિક છે. તેથી સંજ્વલનક્રોધની પ્રથમસ્થિતિ વિશેષાધિક છે. તેથી સંજ્વલનમાનની પ્રથમસ્થિતિ વિશેષાધિક છે. તેથી સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ વિશેષાધિક છે, તેથી સંજ્વલન લોભની પ્રથમસ્થિતિ વિશેષાધિક છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૨ની ચૂર્ણિ**માં કહ્યું છે- "पुरिसवेयस्स दीहो वेयणाकालो, इत्थिवेयनपुंसगवेयाणं वेयणाकालो दोण्ह वि तुल्लो संखेज्जभागहीणो, कोहसंजलणाए सव्वथोवो, माणसंजलणाए विसेसाहितो, मायासंजलणाए विसेसाहिओ, ततो लोभसंजलणाए विसेसाहितो ।"

**પંચસંગ્રહ**માં પુરુષવેદની પ્રથમસ્થિતિ નપુંસકવેદ અને સ્ત્રીવેદની પ્રથમસ્થિતિથી સંખ્યાતગુણ કહી છે. તેનો પાઠ આ પ્રમાણે છે - "थीअपुमोदयकाला संखेज्जगुणा, उ पुरिसवेयस्स । तस्स वि विसेसअहिओ कोहे तत्तो वि जहकमसो ॥६१॥"

તેની **મૂળ ટીકા**માં પણ કહ્યું છે "स्त्रीवेदनपुंसकवेदयोरुदयकालस्तुल्यो जघन्यश्च, तस्मात् पुरुषवेदस्य सङ्ख्येयगुणः, तस्मादपि सञ्ज्वलनक्रोधस्योदयकालो विशेषाधिकः तस्मादपि यथोत्तरं मानादिष्वपि विशेषाधिकः स्वोदयकालः ।"

**પ્રશ્ન** - વેદ્યમાનકષાય અને વેદની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે અને શેષ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ તો આવલિકામાત્ર છે. તો પછી ઉપરોક્ત પ્રથમસ્થિતિનો કાળ શી રીતે ઘટી શકે ?

**જવાબ** - અહીંયા ઉપર જુદા જુદા વેદ અને કષાયની પ્રથમસ્થિતિનો કાળ બતાવ્યો છે. તે વિવિધ જીવોને તે પ્રકૃતિઓ વેદ્યમાન હોય તે અપેક્ષાએ છે. એટલે કે જુદા જુદા વેદના ઉદયવાળા ત્રસજીવો એક સાથે શ્રેણિ માંડે અને એક જ સાથે અંતરકરણક્રિયા કરે તો તે વખતે સ્ત્રીવેદના ઉદયવાળાને સ્ત્રીવેદની પ્રથમસ્થિતિ જેટલી રહે છે, તેટલી જ નપુંસકવેદના ઉદયવાળા જીવને નપુંસકવેદની પ્રથમસ્થિતિ છે. જ્યારે પુરુષવેદના ઉદયવાળા જીવને તેથી સંખ્યાતગુણી પુરુષવેદની પ્રથમસ્થિતિ છે. તેવી જ રીતે સંજ્વલનક્રોધ-માન-માયા અને લોભના ઉદયે એક સાથે શ્રેણિ માંડનાર ચાર જીવોમાં ક્રોધના ઉદયે શ્રેણી માંડનારને ક્રોધની જેટલી પ્રથમસ્થિતિ છે, તે કરતાં માનના ઉદયે શ્રેણી માંડનારને માનની પ્રથમસ્થિતિ વિશેષાધિક હોય છે, તે કરતાં માયાના ઉદયે શ્રેણી માંડનારને માયાની પ્રથમસ્થિતિ વિશેષાધિક હોય છે, તે કરતાં લોભના ઉદયે શ્રેણી માંડનારને લોભની પ્રથમસ્થિતિ વિશેષાધિક હોય છે.

વળી વેદની પ્રથમસ્થિતિ કરતાં કષાયની પ્રથમસ્થિતિ વિશેષાધિક હોય છે. સંજ્વલન ક્રોધના ઉદયથી શ્રેણી માંડનારને પ્રત્યાખ્યાનાવરણ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ ઉપશાંત ન થાય ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય હોય છે. તેવી જ રીતે સંજ્વલનમાનના ઉદયથી શ્રેણી માંડનારને જ્યાં સુધી પ્રત્યાખ્યાનાવરણ અપ્રત્યાખ્યાનાવરણ માન ઉપશાંત ન થાય ત્યાં સુધી માનનો ઉદય હોય છે. તેવી રીતે માયા-લોભ માટે પણ સમજી લેવું.

અંતરકરણ, પ્રથમસ્થિતિથી સંખ્યાતગુણ મોટું હોય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૨ની ચૂર્ણિ**માં કહ્યું છે - "पढमट्ठितीतो संखेज्जगुणातो ट्ठितितो उक्किरति ।"

અંતરકરણ ઉપરથી સમાન છે તથા નીચેથી વિષમ છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૨ની ચૂર્ણિ**માં કહ્યું છે - "उवरिं समट्ठितीयं अन्तरं, हेट्ठा विसमट्ठितीयं ।" અર્થાત્ સર્વપ્રકૃતિઓની દ્વિતીયસ્થિતિના પ્રથમનિષેક સમાન છે જ્યારે અંતરકરણના પ્રથમ નિષેક વિષમ છે. કેમકે અનુદયવતી પ્રકૃતિઓની આવલિકા ઉપરથી અને ઉદયવતી પ્રકૃતિઓના અંતર્મુહૂર્ત ઉપરથી અંતરકરણનો પ્રારંભ થાય છે અને તેમાં પણ વેદના અંતર્મુહૂર્ત કરતાં કષાયનું અંતર્મુહૂર્ત મોટું છે. તેથી અંતરકરણનો (અંતરનો) પ્રથમનિષેક વિષમ છે. સ્થાપના-

| | પ્રથમસ્થિતિ | | દ્વિતીયસ્થિતિ |
|---|---|---|---|
| ઉદયમાનકષાય | \|————\| | અંતરકરણ | \|———— |
| ઉદયમાન વેદ | \|———\| | અંતરકરણ | \|———— |
| અનુદયવતી પ્રકૃતિ | \|——\| | અંતરકરણ | \|———— |

(અંતરકરણની સાથે તેની અંદર ગોઠવાયેલ ગુણશ્રેણી પણ ઉકેરાય છે.) અંતરકરણનો આયામ વેદ્યમાનની પ્રથમસ્થિતિના આયામથી સંખ્યાતગુણ છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૨ની બન્ને ટીકાઓમાં** કહ્યું છે કે -"तच्चान्तरं प्रथमस्थितेः सङ्ख्येयगुणं भवति ।"

અંતરકરણક્રિયાની સાથે જ નવો સ્થિતિઘાત, રસઘાત અને સ્થિતિબંધ શરૂ થાય છે અને એક જ સ્થિતિઘાત અને સ્થિતિબંધ દરમિયાન અંતરકરણક્રિયા પૂર્ણ થાય છે. વચ્ચે રસઘાત હજારો થઈ જાય છે.

**અંતરકરણ દલપ્રક્ષેપ વિધિ**

(૧) જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય બન્ને છે તેના દલિકો પ્રથમ અને દ્વિતીય સ્થિતિમાં બન્નેમાં નાંખે છે. (૨) જે પ્રકૃતિઓનો બંધ નથી પરંતુ ઉદય છે તેના અંતરકરણના દલિકો પ્રથમસ્થિતિમાં જ નાખે છે. (૩) જે પ્રકૃતિઓનો બંધ છે પરંતુ ઉદય નથી તેના દલિકો દ્વિતીયસ્થિતિમાં નાંખે છે. (૪) જે પ્રકૃતિઓનો બંધ-ઉદય બન્ને નથી, તેના દલિકો સ્વસ્થાનમાં (સ્વપ્રથમદ્વિતીયસ્થિતિમાં) ન નાંખે, (પરપ્રકૃતિમાં નાંખે છે)

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૨ની ચૂર્ણિ**માં કહ્યું છે - "अंतरं करेन्तो जे कम्मंसे बन्धति वेदेत्ति तेसिं उक्किरिज्जमाणं दलियं पढमे बिइए च ट्ठिइए देति, जे कम्मंसा ण बज्झन्ति वेतिज्जंति तेसिं उक्किरिज्जमाणे पोग्गले पढमट्ठितीसु अणुक्किरिज्जमाणासु देति । जे कम्मंसा बज्झन्ति न वेतिज्जन्ति तेसिं उक्किरिज्जमाणं दलियं अणुक्किरिज्जमाणीसु बितियट्ठितीसु देति, जे कम्मंसा ण बज्झन्ति न वेतिज्जन्ति तेसिं उक्किरिज्जमाणं पदेसग्गं सट्ठाणे ण दिज्जति परट्ठाणे दिज्जति, एएण विहिणा अन्तरं उच्छिन्नं भवति ।"

| | | પ્રથમસ્થિતિમાં દલનિક્ષેપ | દ્વિતીયસ્થિતિમાં દલનિક્ષેપ |
|---|---|---|---|
| ક્રોધ, પુ.વેદ | બંધ અને ઉદય | થાય | થાય |
| સ્ત્રીવેદથી શ્રેણિ માંડનારને સ્ત્રીવેદ | અબંધ અને ઉદય | થાય | ન થાય |
| સં.માન | બંધ અને અનુદય | ન થાય | થાય |
| ૮ કષાય | અબંધ અને અનુદય | ન થાય | ન થાય |

અહીંયા આ પ્રમાણે પ્રથમ અને દ્વિતીયસ્થિતિમાં જે નિક્ષેપ બતાવ્યો છે તે સ્વસ્થાનની અપેક્ષાએ બતાવ્યો છે. એટલે કે અંતરકરણના દલિકો સ્વપ્રકૃતિમાં પડે તો ઉપરોક્ત નિયમ પ્રમાણે પડે પરંતુ તે સિવાય પરસ્થાનમાં પણ અંતરકરણના દલિક પડી શકે છે અને તેનો ક્રમ આ પ્રમાણે છે -

ચારે ભાંગાવાળી પ્રકૃતિઓના અંતરકરણના દલિક જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય છે એવી પતદ્ગ્રહરુપ પરપ્રકૃતિની અનુત્કીર્યમાણ પ્રથમ અને દ્વિતીય બન્ને સ્થિતિમાં પડે છે. જ્યારે જે પ્રકૃતિઓનો બંધ છે પણ ઉદય નથી તેવી પતદ્ગ્રહરૂપ પ્રકૃતિઓની બીજી સ્થિતિમાં જ પડે છે. અને જે પ્રકૃતિઓનો બંધ જ નથી તેવી પરપ્રકૃતિઓનો ઉદય હોય અથવા ન હોય તો પણ તેમાં અંતરકરણના દલિક પડી શકતા નથી, કેમકે તે પ્રકૃતિઓમાં પતદ્ગ્રહતાનો અભાવ છે. અહીંયા પ્રથમ દ્વિતીય બન્નેમાં અનુત્કીર્યમાણ સ્થિતિમાં દલ પડે છે એમ સમજવું.

દા.ત. સંજ્વલન ક્રોધ અને પુરુષવેદના ઉદયથી શ્રેણિ માંડનારને-અંતરકરણનું કોઈપણ પ્રકૃતિનું દલિક સં.ક્રોધ અને પુરુષવેદની ઉભયસ્થિતિમાં પડે છે, જ્યારે સં.માનાદિની દ્વિતીય સ્થિતિમાં પડે છે, તથા સ્ત્રીવેદાદિ અબધ્યમાન પ્રકૃતિઓમાં પડતું નથી.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે -

''अंतरं करेमाणस्स जे कम्मंसा बज्झंति वेदिज्जंति तेसिं कम्माणमंतरट्ठिदीओ उक्कीरेंतो तासिं ट्ठिदीणं पदेसग्गं बंधपयडीणं पढमट्ठिदीए च देदि बिदियट्ठिदीए च देदि । जे कम्मंसा ण बज्झंति वेदिज्जंति तेसिमुक्कीरमाणं पदेसग्गं सत्थाणे ण देदि, बज्झमाणीणं पयडीणमणुक्कीरमाणीसु ट्ठिदीसु देदि । जे कम्मंसा ण बज्झंति वेदिज्जंति च तेसिमुक्कीरमाणयं पदेसग्गं अप्पप्पणो पढमट्ठिदीए च देदि बज्झमाणीणं पयडीणमणुक्कीरमाणीसु च ट्ठिदीसु देंदि । जे कम्मंसा ण बज्झंति ण वेदिज्जंति तेसिमुक्कीरमाणं पदेसग्गं बज्झमाणीणं पयडीणमणुक्कीरमाणीसु ट्ठिदीसु देदि । **पृ. १८३७.** (४२)

અંતરકરણક્રિયાકાળ પછી થતી સાત વસ્તુઓ બતાવે છે -

**दुसमयकयंतरे आलिगाण छण्हं उदीरणाभिनवे ।**
**मोहे एक्कट्ठाणे बंधुदया संखवासाणि ॥४३॥**
**संखगुणहाणिबंधो एत्तो सेसाणऽसंखगुणहाणी ।**
**पउवसमए नपुंसं असंखगुणणाइ जावंतो ॥४४॥**

**અક્ષરાર્થ** : અંતરકરણક્રિયા પૂર્ણ થયા પછી અનંતર સમયથી સાત વસ્તુઓનો પ્રારંભ થાય છે.

(૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ.
(૨) સંજ્વલન લોભનો અસંક્રમ.
(૩) બધ્યમાન દલિકોની છ આવલિકા બાદ ઉદીરણા.
(૪) મોહનીયનો એકઠાણીયો રસબંધ અને રસોદય.
(૫) મોહનીયનો સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ. નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય. શેષ કર્મોનો ઉત્તરોત્તર સ્થિતિબંધ અસંખ્યાતગુણહીન થાય.
(૬) મોહનીયની સંખ્યાતવર્ષની ઉદીરણા.
(૭) નપુંસકવેદની ઉપશમનાનો અસંખ્યગુણના ક્રમે પ્રારંભ, યાવત્ ચરમસમય સુધી. (૪૩)(૪૪)

**વિશેષાર્થ : કષાયપ્રાભૃત**માં સંખ્યાતવર્ષની ઉદીરણા કહી નથી. તેને બદલે એકસ્થાનિક રસનો ઉદય સાતમી વસ્તુ તરીકે કહ્યો છે. જો કે એકસ્થાનિક રસનો ઉદય અહીં સંભવી શકે છે કેમકે ઉદીરણાકરણ અને ઉદયમાં પણ સંજ્વલન ચતુષ્ક અને પુરુષવેદનો એકથી ચાર ઠાણીયો રસ કહ્યો છે, તે એક ઠાણીયો રસ તો અત્રે જ સંભવી શકે, અન્યત્ર સંભવી ન શકે.

**સાત વસ્તુની વિશેષ સમજ** -

**(૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ** - આનુપૂર્વી સંક્રમ એટલે ક્રમપૂર્વક સંક્રમ. અત્યારસુધી સંજ્વલન ક્રોધનું દલિક પુરુષવેદ, માન, માયા, લોભ વગેરે બધામાં સંક્રમતું હતું. હવેથી સં. ક્રોધનું દલિક માનાદિમાં સંક્રમે પણ પુરુષવેદમાં ન સંક્રમે. તેવી રીતે પુરુષવેદનું દલિક ક્રોધાદિમાં સંક્રમે. સં. માનનું દલિક માયાદિમાં સંક્રમે, પરંતુ પુરુષવેદ અને ક્રોધમાં ન સંક્રમે. સં.માયાનું દલિક લોભમાં જ સંક્રમે, પરંતુ સં.માન કે સં.ક્રોધ કે પુરુષવેદમાં ન સંક્રમે. આનું નામ ક્રમપૂર્વક સંક્રમ કહેવાય.[1]

---

૧. જયધવલામાં આનુપૂર્વી સંક્રમનું સ્વરૂપ બતાવતાં-નપુંસકવેદ-સ્ત્રીવેદનું દલિક પુરુષવેદમાં જ સંક્રમે, ક્રોધનું દલિક માનમાં જ સંક્રમે, માનનું દલિક માયામાં જ સંક્રમે, માયાનું દલિક લોભમાં જ સંક્રમે - તેમ જણાવ્યું છે - **"मोहणीयस्साणुपुव्वीसंकमो णाम पढमं करणं तमेवमणुगंतव्वं तं जहा - इत्थि - णवुंसयवेदपदेसग्गमेत्तो पाए पुरिसवेदे चेव णियमा संछुहदि । पुरिसवेद - छण्णोकसाय - पच्चक्खाणापच्चक्खाणकोहपदेसग्गं कोहसंजलणस्सुवरिं संछुहदि । णाण्णत्थ कत्थवि । कोहसंजलणदुविहमाणपदेसग्गंपि माणसंजलणे णियमा संछुहदि णाण्णम्हि कम्हि वि । माणसंजलण-दुविहमायापदेसग्गं च णियमा मायासंजलणे णिक्खिवदि । मायासंजलणदुविहलोहपदेसग्गं च णियमा लोभसंजलणे संछुहदि त्ति एसो आणुपुव्वीसंकमो णाम ।** - જયધવલા પૃ. ૧૮૩૯.

ક્ષપકશ્રેણિ અધિકારમાં કષાયપ્રાભૃત મૂળ તથા ચૂર્ણિકારે આનુપૂર્વીસંક્રમનો અર્થ ઉપર પ્રમાણે કર્યો છે. ઉપશમશ્રેણિમાં આનુપૂર્વીસંક્રમનો અર્થ **કષાયપ્રાભૃતચૂર્ણિ**કારે કર્યો નથી. **જયધવલાકારે** ક્ષપકશ્રેણિના આધારે ઉપર પ્રમાણે અર્થ કર્યો હોય એમ સંભવી શકે છે. ઉપશમશ્રેણિમાં આનુપૂર્વી સંક્રમનો અર્થ તે પ્રમાણે **કષાયપ્રાભૃત**ના મતે હોઈ શકે કે નહિ તે અમે કહી શકતા નથી.

**(૨) સં. લોભનો અસંક્રમ** - ક્રમપૂર્વક સંક્રમ થતો હોવાથી લોભનું દલિક અન્યત્ર સંક્રમી શકે નહીં, તેથી સંજ્વલન લોભનો અસંક્રમ કહ્યો છે.

**(૩) મોહનીયનો એકસ્થાનિક રસબંધ** - અત્યારસુધી મોહનીયનો બે સ્થાનિક રસ બંધાતો હતો, પરંતુ વિશુદ્ધિ વધવાથી હવેથી મોહનીયનો એકસ્થાનિક રસ બંધાય છે.

**(૪) મોહનીયની સંખ્યાતા વર્ષની ઉદીરણા** - મોહનીયની સત્તા જો કે અસંખ્ય વર્ષની હોય છે, છતાં અહીં સંખ્યાત વર્ષની ઉદીરણા કહી છે, તેનું કારણ એમ લાગે છે કે અસંખ્યાતવર્ષની સ્થિતિસત્તા હોવા છતાં સત્તાગત સંખ્યાતાવર્ષની સ્થિતિમાં જ ઉદીરણા થતી હશે, તેની ઉપરની સ્થિતિમાં ઉદીરણા હવેથી નહીં થતી હોય, કેમકે અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા વખતે કહ્યું છે કે બધ્યમાન સ્થિતિથી ન્યૂન સત્તાગત સ્થિતિમાંથી ઉદીરણા થાય, ઉપરની સ્થિતિઓમાંથી ઉદીરણા ન થાય. તથા અહીં સંખ્યાતવર્ષની જ સ્થિતિ બંધાય છે તેથી સંખ્યાતવર્ષની સ્થિતિમાંથી ઉદીરણા થાય. તેની ઉપરની સ્થિતિમાંથી ઉદીરણા ન થાય.

**કષાયપ્રાભૃત**માં [1]સંખ્યાતાવર્ષની ઉદીરણા કહી જ નથી પરંતુ તેને બદલે એકસ્થાનિક

---

૧. દિગંબર ગ્રંથકારોએ ધવલામાં અને લબ્ધિસારમાં પણ સંખ્યાતવર્ષની ઉદીરણા કહી નથી, પરંતુ એકસ્થાનિક રસનો ઉદય જ કહ્યો છે.

"ताधे चेव मोहणीयस्स आणुपुव्वीसंकमो, लोभस्स असंकमो, मोहणीयस्स एगट्ठाणीओ बंधो, णउंसयवेदस्स पढमसमयउवसामगो, छसु आवलियासु गदासु उदीरणा, मोहणीयस्स एगट्ठाणीओ उदओ, मोहणीयस्स संखेज्जवस्सट्ठिदीओ बंधो, एदाणि सत्त करणाणि अंतरकदपढमसमए होंति ।" - ધવલા, પુસ્તક ૬ટ્ઠ, પૃ. ૩૦૨.

"अन्तरकृतस्य निष्ठितान्तरकरणस्य प्रथमे अनन्तरसमये सप्तकरणानि युगपदेव प्रारभ्यन्ते तत्र पूर्वमन्तरसमाप्तिपर्यन्तं चारित्रमोहस्य द्विस्थानानुभागबन्धः प्रवृत्तः, इदानीं लतासमानैकस्थानानुभागबन्धः तस्य प्रवर्तते इत्येकं करणम् १ । तथा मोहनीयस्य द्विस्थानानुभागोदयः पूर्वमन्तरकरणचरमसमयपर्यन्तमायातः इदानीं पुनस्तस्य लतासमानैकस्थानानुभागोदय एव प्रवर्तते इत्यपरं करणम् २ । तथा पूर्वमन्तरकरणकालसमाप्तिपर्यन्तमसङ्ख्येयवर्षमात्रो मोहस्य स्थितिबन्धः प्रवृत्तः, इदानीं पुनरपसरणमाहात्म्यात्सङ्ख्येयवर्षमात्रस्तस्य स्थितिबन्धः प्रारब्ध इत्यन्यत्करणम् ३ । तथा पूर्वमन्तरकरणकालपरिसमाप्तिपर्यन्तं चारित्रमोहस्य नपुंसकवेदादिप्रकृतीनां यत्र तत्रापि द्रव्यसंक्रमः प्रवृत्त इदानीं पुनर्वक्ष्यमाणप्रतिनियतानुपूर्व्या तद्द्रव्यं संक्रामति ...इत्यानुपूर्व्या सङ्क्रमो नामैकं करणम् ४ । तथा पूर्वमन्तरकरणसमाप्तिपर्यन्तं सञ्ज्वलनलोभस्य शेषसंज्वलनपुंवेदेषु यथासंभवं संक्रमः प्रवृत्तः, इदानीं पुनः सञ्ज्वलनलोभस्य कुत्रापि संक्रमो नास्त्येवेत्यपरं करणम् ५ । तथा इदानीं प्रथमं नपुंसकवेदस्यैवोपशमनक्रिया प्रारभ्यते तदुपशमनानन्तरमेवोत्तरप्रकृतीनामुपशमविधानात् इत्येतदेकं करणम् ६ । तथा पूर्वमन्तरकरणसमाप्तिपर्यन्तं प्रतिसमयबध्यमानसमयप्रबद्धो अचलावल्यतिक्रमे उदीरयितुं शक्यः प्रवृत्तः, इदानीं पुनर्बध्यमानानां मोहस्य वा ज्ञानावरणादिकर्मणां वा समयप्रबद्धो बन्धप्रथमसमयादारभ्य षट्स्वावलीषु गतास्वेवोदीरयितुं शक्यो नैकसमयोनास्वपीत्यन्यत्करणम् ७ ।" - લબ્ધિસાર ગા. ૨૪૮-૨૪૯ની સંસ્કૃતટીકા.

રસનો ઉદય કહ્યો છે તે તો અત્રે સંભવે છે, કેમકે એકસ્થાનિક રસનો ઉદય સંજ્વલન ચતુષ્કમાં અને પુરુષવેદમાં ઉદીરણાકરણમાં અને ઉદયવિધિમાં જે કહ્યો છે તે અહીં જ સંભવે, આની પૂર્વે ન સંભવી શકે.

જો કે **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની મૂળગાથા**માંથી તો એકસ્થાનિક રસનો ઉદય અર્થ પણ લઈ શકાય છે અને ન પણ લઈએ તો પણ ચાલી શકે છે. તેવી જ રીતે સંખ્યાતવર્ષની ઉદીરણા પણ મૂળગાથામાંથી લઈ પણ શકાય અને ન લઈએ તો પણ ચાલે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૪૩**નું પદ આ પ્રમાણે છે - "मोहे एकट्ठाणे बंधुदया संखवासाणि ।" હવે અહીં **કર્મપ્રકૃતિચૂર્ણિકારે** તથા **ટીકાકારોએ** બંધ શબ્દનો અન્વય પૂર્વના **एकट्ठाणे** અને **संखवासाणि** બન્ને પદ જોડે કર્યો અને ઉદય શબ્દનો અર્થ ઉદીરણા કરી તેનો અન્વય **संखवासाणि** પદ જોડે જ કર્યો. એટલે 'એકસ્થાનિક રસનો બંધ, અને સંખ્યાતવર્ષનો બંધ અને ઉદીરણા બન્ને' એમ પદાર્થ **કર્મપ્રકૃતિચૂર્ણિકાર** તથા **ટીકાકારના** મતે થયો.

"मोहणिज्जस्स एगट्ठाणिगो बन्धो, नपुंसगवेयगस्स पढमसमयउवसामणा, मोहणिज्जस्स संखेज्जवासिया उदीरणा, मोहणिज्जस्स संखेज्जवरिसगो बन्धो त्ति ।" **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૩ની ચૂર્ણિ.**

**પંચસંગ્રહ મૂળગાથા**ના પદનો પણ ત્યાં **ટીકાકારો**એ આ જ પ્રમાણે અર્થ કરેલ છે.

"एगट्ठाणाणुभागो बंधो उदीरणा य संखसमा ।।" - **પંચસંગ્રહ ગા. ૬૩.**

"मोहनीये एकस्थानिकरसबन्धः, संख्येयवार्षिकस्थितिबन्धः उदीरणा च संख्येयवार्षिका ।" - **પંચસંગ્રહ ગા. ૬૩ની સ્વોપજ્ઞ ટીકા.**

"मोहनीयस्यानुभागबन्धो रसबन्धः एकस्थानकः, उदीरणा सङ्ख्येयसमा सङ्ख्येयवर्षप्रमाणा चशब्दात्स्थितिबन्धः सङ्ख्येयवार्षिकः ।" - **મલય૦ ટીકા**

હવે જો **કર્મપ્રકૃતિ** (તથા **પંચસંગ્રહની**) **મૂળ ગાથા**માં રહેલ 'एकट्ठाणे' પદનો બંધ અને ઉદય બંને જોડે અન્વય કરીએ અને 'संखवासाणि' પદનો એક 'बन्ध' પદ જોડે જ અન્વય કરીએ તો એકસ્થાનિક રસનો બંધ, એકસ્થાનિક રસનો ઉદય અને સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ - એ **કષાયપ્રાભૃતચૂર્ણિકારે** કહેલ પદાર્થ નીકળે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં સાતે વસ્તુ આ પ્રમાણે કહી છે -

"( १ ) ताधे चेव मोहणीयस्स आणुपुव्वीसंकमो, ( २ ) लोभस्स असंकमो, ( ३ ) मोहणीयस्स एगट्ठाणिओ बंधो, ( ४ ) णवुंसयवेदस्स पढमसमयउवसामगो, ( ५ ) छसु आवलियासु गदासु उदीरणा, ( ६ ) मोहणीयस्स एगट्ठाणिओ उदयो, ( ७ ) मोहणीयस्स

संखेज्जवस्सट्ठिदीओ बंधो । एदाणि सत्तविहाणि करणाणि अंतरकदपढमसमए होंति ।"
**- કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૮૩૮, સૂત્ર ૧૪૦.**

'एकट्ठाणे' પદનો અન્વય જેમ બંધ અને ઉદય બન્ને જોડે કર્યો તેવી જ રીતે 'संखवासाणि' પદનો અન્વય પણ જો બંધ અને ઉદય બન્ને જોડે કરીએ તો એકસ્થાનિક રસનો બંધ, એકસ્થાનિક રસનો ઉદય, સંખ્યાતવર્ષની ઉદીરણા અને સંખ્યાતા વર્ષનો બંધ - એમ પદાર્થ નક્કી થાય પરંતુ તેમ કરવા જતાં સાત વસ્તુની બદલે આઠ વસ્તુ થઈ જાય. પરંતુ એકસ્થાનિક રસનો બંધ અને ઉદય બંનેનો એકમાં અંતર્ભાવ કરી લઈએ તો આ રીતે પણ સાત પદાર્થ ગણી શકાય. તત્ત્વ બહુશ્રુતો જાણે.

**(૫) મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ** - અત્યારસુધી સર્વકર્મનો અસંખ્યાત વર્ષનો (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો) સ્થિતિબંધ થતો હતો, હવેથી મોહનીયનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષનો થાય છે, અને શેષ કર્મોનો સ્થિતિબંધ અસંખ્યાતા વર્ષનો ચાલુ રહે છે. તથા હવેથી ઉત્તરોત્તર સ્થિતિબંધ મોહનીયનો સંખ્યાતગુણહીન થાય છે અને શેષ કર્મોનો અસંખ્યાતગુણહીન થાય છે.

**(૬) બધ્યમાન દલિકોની છ આવલિકા બાદ ઉદીરણા** - અત્યારસુધી કોઈપણ સમયે બાંધેલા દલિકોની બંધાવલિકા વીત્યા બાદ ઉદીરણા થતી હતી, હવેથી (એ નિયમ બદલાઈ જાય છે) એટલે કે અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી મોહનીય કે અન્ય કોઈપણ કર્મના કોઈપણ સમયે બંધાયેલા દલિકની છ આવલિકા વીત્યા પછી ઉદીરણા થઈ શકે, તેની પૂર્વે ઉદીરણા થઈ શકે નહીં.

**(૭) નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ** : નપુંસકવેદની ઉપશમનાનો અહીંથી પ્રારંભ થાય છે. તે સાથે નપુંસક વેદનો ગુણસંક્રમ પણ ચાલુ છે. વળી જ્યારથી આ નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ થાય છે ત્યારથી તેનું દલિક પરમાં પણ સંક્રમે છે. પરમાં સંક્રમ્યમાણ અને ઉપશમ્યમાન દલિકોનું પ્રમાણ નીચેના અલ્પબહુત્વ પરથી સમજી શકાશે. કોઈપણ કર્મના ઉદીરણાગત દ્રવ્ય કરતા ઉદયમાં રહેલ દ્રવ્ય અસંખ્યગુણ છે, કેમકે ગુણશ્રેણી દ્વારા અંતર્મુહૂર્ત સુધી પૂર્વે ઘણું દ્રવ્ય ગોઠવાયેલું  છે, દ્રવ્ય ભેગું થયેલું હોય છે. તે જ નિષેકો હવે ઉદયમાં આવે છે. ઉદયગત દ્રવ્યથી અસંખ્યાતગણું દલિક ઉપશાંત થાય છે અને તેનાથી અસંખ્યગણું દલિક પરમાં સંક્રમે છે. વળી પ્રતિસમયે પણ પૂર્વપૂર્વ સમયથી અસંખ્યગુણ દલિક ઉપશમે છે, પરંતુ ઉપશમ્યમાન દલિક કરતા અસંખ્યગુણ પરમાં સંક્રમે છે. એમ દ્વિચરમસમય સુધી જાણવું. ચરમસમયે સંક્રમ્યમાણ દલિક કરતા ઉપશમ્યમાન દલિક અસંખ્યગુણ છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૪ની ચૂર્ણિ** - "तस्स (णवुंसगवेदस्स) उवसामणपढमसमयपभिति जस्स व तस्स व कम्मस्स उदीरणा थोवा, उदओ असंखेज्जगुणो । उवसमिज्जमाणणपुंसगवेयस्स पदेसग्गं असंखेज्जगुणं । नपुंसवेयस्स अन्नपगतिं संकामिज्जमाणगं पदेसग्गं असंखेज्जगुणं । एवं समदे समदे असंखेज्जगुणं भाणियव्वं जाव दुचरिमसमउत्ति, चरिमसमए उवसामिज्जमाणगं संकामिज्जमाणगातो असंखेज्जगुणं । जाव नपुंसगवेयउवसामणाए चरिमसमतो ।"

[1]**કષાયપ્રાભૃતચૂર્ણિમાં** નપુંસકવેદની ઉપશમનાની વિધિમાં થોડો ફરક છે. તે આ પ્રમાણે છે - નપુંસકવેદઉપશમનપ્રથમસમયે - ઉદીરણાદ્રવ્ય સૌથી અલ્પ,

તેથી ઉદયગતદ્રવ્ય - અસંખ્યગુણ,

તેથી અન્યપ્રકૃતિમાં સંક્રમતુ દલિક - અસંખ્યગુણ,

તેથી ઉપશમ્યમાન દલિક - અસંખ્યગુણ.

અને આ પ્રમાણે યાવત્ ચરમસમય સુધી આ જ રીતે જાણવું, પૂર્વપૂર્વના સમયથી ઉત્તરોત્તર સમયે ઉપશમ્યમાન દલિક અસંખ્યગુણ જાણવું.

**કષાયપ્રાભૃતચૂર્ણિ** - "अंतरादो पढमसमयकदादो पाए णवुंसयवेदस्स [2]आउत्तकरण-उवसामगो सेसाणं कम्माणं ण किंचि उवसामेदि । जं पढमसमए पदेसग्गमुवसामेदि तं थोवं । जं विदियसमए उवसामेदि तमसंखेज्जगुणं । एवमसंखेज्जगुणाए सेढीए उवसामेदि जाव उवसंतं। णवुंसयवेदस्स पढमसमयउवसामगस्स जस्स वा तस्स वा कम्मस्स पदेसग्गस्स उदीरणा थोवा । उदयो असंखेज्जगुणो । णवुंसयवेदस्स पदेसग्गमण्णपयडिं संकामिज्ज-

---

૧. દિગંબર ગ્રંથો ધવલા અને લબ્ધિસારમાં પણ કષાયપ્રાભૃતની માફક જ નપુંસકવેદની ઉપશમનાનો વિધિ કહ્યો છે - "नपुंसकवेदोपशमकस्य प्रथमसमये विवक्षितस्योदयप्राप्तस्य पुंवेदस्योदीरणाद्रव्यमिदं... तत्कालापकृष्टस्य पल्यासङ्ख्यातैकभागेन भक्तस्य बहुभागमुपरितनस्थितौ दत्त्वा तदेकभागं पुनः पल्यासंख्यातभागेन खण्डयित्वा बहुभागं गुणश्रेण्यां निक्षिप्य तदेकभागस्यैवोदयनिक्षेपणात् । तस्मादुदीरणाद्रव्यात्तदात्वे पुंवेदस्यैवोदयमानं द्रव्यमसंख्यातगुणं स... गुणश्रेण्यां प्राग्निक्षिप्तपल्यासंख्यात-बहुभागमात्रत्वात् । तस्मादुदय... द्रव्यान्नपुंसकवेदस्य संक्रमणद्रव्यमसंख्यातगुणं स तद्भागहारादसंख्यात-गुणहीनेन गुणसंक्रमभागहारेण खंडितैकभागमात्रत्वात् तदात्वे नपुंसकवेदस्योपशमनफालिद्रव्यमसंख्यातगुणं स... तद्भागहारादसंख्यातगुणहीनेन भागहारेण खंडितैकभागमात्रत्वात् । एवं द्वितीयादिसमयेषु चरमसमयपर्यन्तेषूदीरणाद्रव्यचतुष्टयाल्पबहुत्वं नेतव्यम् । - લબ્ધિસાર ગાથા ૨૫૩ની સંસ્કૃત ટીકા.

૨. किमाउत्तकरणं णाम ? आउत्तकरणमुज्जुत्तकरणं पारंभकरणमिदि एयट्ठो । तात्पर्येण नपुंसकवेदमितः प्रशमयत्युपशमयतीत्यर्थः । - જયધવલા પૃ. ૧૮૪૩.

**माणयमसंखेज्जगुणं । उवसामिज्जमाणयमसंखेज्जगुणं । एवं जाव चरिमसमयउवसंतेत्ति।" - पृ. १८४३.**

પ્રશ્ન - ઉદીરણાદ્રવ્ય કરતા ઉદયમાં દ્રવ્ય અસંખ્યગુણ અહીં અલ્પબહુત્વમાં કહ્યુ છે. તો પછી આ સ્થાનની પૂર્વે, એટલે કે નપુંસક વેદની ઉપશમનાના પ્રારંભ પૂર્વે શું ઉદય દ્રવ્ય કરતા ઉદીરણા દ્રવ્ય અસંખ્યાતગુણ હોય છે ?

**જવાબ** - હંમેશા ઉદીરણા દ્રવ્ય ઉદય દ્રવ્યના અસંખ્યાતમા ભાગે જ હોય છે. પરંતુ અહીંયા ઉપશમ્યમાનાદિ દલિકોનું મહત્ત્વ બતાવવા આ રીતે અલ્પબહુત્વ કહ્યું છે એમ જણાય છે. અથવા અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા થતી હોવા છતાં ઉદય કરતાં ઉદીરણા દ્રવ્ય અસંખ્યગુણ નથી થતું એ બતાવવા અહીં અલ્પબહુત્વ કહ્યું જણાય છે.

નપુંસકવેદની ઉપશમનાના પ્રારંભની સાથે જ નવો [1]સ્થિતિઘાત, નવો રસઘાત અને

---

૧. દિગંબરગ્રંથો-**ધવલા, લબ્ધિસાર** વગેરેમાં અહીં (એટલે કે અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછી) મોહનીયના સ્થિતિઘાત તથા રસઘાતનો નિષેધ છે. શેષ કર્મોના સ્થિતિઘાત-રસઘાત ચાલુ છે - **"अंतरकरणकदपढमसमयादो पहुडि मोहणीयस्स णत्थि ट्ठिदिघादो अणुभागघादो वा । कुदो ? उवसंतपदेसग्गस्स ट्ठिदिअणुभागेहि चलणाभावा । उवसंतुवसामिज्जमाणमोहपयडीओ मोत्तूण सेसाणं दो घादा किण्ण होंति ? ण, पुव्वमुवसंतपयडिट्ठिदिसंतकम्मादो पच्छा उवसंतपयडिट्ठिदिसंतकम्मस्स संखेज्जगुणहीणत्तप्पसंगादो** । કારણ એમ બતાવવામાં આવ્યું છે કે ઉપશમ્યમાન કર્મસ્થિતિનો સ્થિતિઘાત-રસઘાત થઈ શકે નહીં.

પ્રશ્ન - તો પછી અનુપશમ્યમાન મોહનીયની પ્રકૃતિઓનો સ્થિતિઘાત-રસઘાત થવો જોઈએ ?

જવાબ - એ પણ ન થાય, કેમકે તો પછી પૂર્વે જે પ્રકૃતિઓ ઉપશમે છે તેના કરતા પછી ઉપશાંત થનાર પ્રકૃતિઓની સ્થિતિ સંખ્યાતગુણહીન થવાનો પ્રસંગ આવે, અને તે ઇષ્ટ નથી, કેમકે ઉપશમનકાલે (ઉપશમશ્રેણીમાં) ચારિત્રમોહનીયની સર્વપ્રકૃતિઓની સત્તા એકસરખી જ હોય છે, એ સંપ્રદાયગમ્ય છે.

**લબ્ધિસાર** - **"अंतरकरणादुवरिं ठिदिरसखंडाण मोहणीयस्स ।**
**ठिदिबंधोसरणं पुण संखेज्जगुणेण हीणकमं ।।२५४।।"**

**સંસ્કૃત ટીકા- "अन्तरकरणस्योपरि नपुंसकवेदोपशमनप्रथमसमयादारभ्य मोहनीयस्य स्थितिखण्डनमनुभागखंडनं च नास्ति उपशम्यमानकर्मस्थितेः कंडकघातो नास्तीति परमगुरूपदेशात् । तर्ह्यनुपशम्यमानमोहप्रकृतीनां स्थितिकाण्डकघातो भवेदिति नाशङ्कितव्यं उपशमनकाले मोहप्रकृतीनां सर्वासामपि स्थितिः सदृश्येवेति च परमागमसंप्रदायस्य परमगुरुपर्वक्रमायातस्य सद्भावात् स्थित्यनुसारित्वादनुभागस्यापि खण्डनं विना तादृगवस्थं सिद्धमेव ।"**

આ વિષયમાં **કર્મપ્રકૃતિ** અને **કષાયપ્રાભૃત**માં કોઈ જાતનો ઉલ્લેખ નથી. વળી **જયધવલા**ના **પૃષ્ઠ ૫૨૧** ઉપર **અનુભાગ અધિકાર**માં કહ્યું છે કે **"अवगदवेदगस्स उक्कोसअणुभागविहत्ति ( सत्ता ) कस्स?**

અપૂર્વ સ્થિતિબંધ ચાલુ થાય છે, અને હજારો સ્થિતિઘાત પૂર્ણ થાય ત્યારે નપુંસકવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે. (૪૩) (૪૪)

હવે સ્ત્રીવેદની ઉપશમના બતાવે છે-

**एवित्थी संखतमे गयम्मि घाईण संखवासगाणि ।**

**संखगुणहाणि एत्तो देसावरणाणुदगराई ।। ४५ ।।**

**અક્ષરાર્થ :** જેમ નપુંસકવેદની ઉપશમના કરી તેમ સ્ત્રીવેદને ઉપશમાવે, સ્ત્રીવેદોપશમનાનો સંખ્યાતમો ભાગ ગયે છતે ઘાતિત્રયનો સ્થિતિબંધ સંખ્યાતવર્ષનો થાય છે, નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. હવેથી દેશઘાતિકર્મોનો પાણીમાં રેખા સમાન (૧ ઠાણિયો) રસ બાંધે. (૪૫)

**વિશેષાર્થ : સ્ત્રીવેદની ઉપશમના -** નપુંસકવેદ ઉપશાંત થયા પછી અનંતર સમયે સ્ત્રીવેદની ઉપશમનાનો પ્રારંભ કરે. તે જ સમયે અન્ય સ્થિતિઘાત, અન્ય રસઘાત અને અપૂર્વસ્થિતિબંધ શરૂ થાય અને જેવી રીતે નપુંસકવેદની ઉપશમના કરી, તે જ રીતે સ્ત્રીવેદને પણ (હજારો સ્થિતિઘાત દરમિયાન સર્વથા) ઉપશમાવે છે. સ્ત્રીવેદના ઉપશમનાકાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ શરૂ થાય છે. તે જ સમયથી કેવળ-૨ સિવાય ત્રણેની ઉત્તરપ્રકૃતિઓનો એકસ્થાનિક રસ બંધાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૫ની ચૂર્ણિ**માં કહ્યુ છે- "जं समयं संखिज्जवरिसगो ठितिबन्धो तं समयं चेव केवलणाणावरणकेवलदंसणावरणवज्जाणं पगतीणं एगट्ठाणीओ बन्धो पयट्टति ।"

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યુ છે "जाधे संखेज्जवस्सट्ठिदिओ बंधो तस्समये चेव एदासिं तिण्हं मूलपयडीणं केवलणाणावरणकेवलदंसणावरणवज्जाओ सेसाओ जाओ उत्तरपयडीओ तासिमेगट्ठाणीओ बंधो ।" **પૃ. ૧૮૪૯, સૂત્ર ૧૭૦.**

---

**जो अवगदवेदअणियट्टिउवसामओ पढमाणुभागकंडए वट्टमाणओ तस्स उक्कस्साणुभागविहत्ती, हदे अणुक्कस्सा० ।"** આ પરથી અવેદીપણામાં મોહનીયના રસઘાત સિદ્ધ થાય છે.

નરકગતિના અધિકારમાં કહ્યું છે - "**ण च एत्थ अणुसमयघादो अत्थि, चरित्तमोहखवणाए चेव तस्स संभवादो ।**" જયધવલા, અનુભાગ અધિકાર, પૃ. ૫૪૨.

આ પરથી એમ પણ સિદ્ધ થાય છે કે પ્રતિસમય રસઅપવર્ત્તના પણ અહીં નથી, એટલે રસઘાત ચાલુ છે એમ સંભવે છે, પરંતુ અહીં ઉક્ત ગ્રંથકારોએ રસઘાતનો અંતરકરણક્રિયા પ્રારંભથી નિષેધ કર્યો છે. તત્ત્વ કેવળિભગવંત જાણે.

વળી જ્ઞાનાદિનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય ત્યાર પછી ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય. વળી આ વખતે સર્વકર્મના સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે-

| | | |
|---|---|---|
| મોહનીયનો સ્થિતિબંધ | - | સર્વથી અલ્પ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયનો સ્થિતિબંધ | - | સંખ્યાતગુણ |
| નામ-ગોત્રનો સ્થિતિબંધ | - | અસંખ્યાતગુણ |
| વેદનીયનો સ્થિતિબંધ | - | વિશેષાધિક |

આ અલ્પબહુત્વ **કષાયપ્રાભૃત**માં આપેલ છે-

"तम्हि समए सव्वकम्माणमप्पाबहुअं भवदि । तं जहा- मोहणीयस्स सव्वत्थोवो ट्ठिदिबंधो । णाणावरण-दंसणावरण-अंतराइयाणं ट्ठिदिबंधो संखेज्जगुणो, णामा-गोदाणं ट्ठिदिबंधो असंखेज्जगुणो, वेयणीयस्स ट्ठिदिबंधो विसेसाहिओ । **-પૃ. ૧૮૪૬.**

આ ક્રમે હવે હજારો સ્થિતિબંધ પૂર્ણ થાય ત્યારે સ્ત્રીવેદ ઉપશાંત થાય છે. (૪૫)

હવે ૭ નોકષાયની ઉપશમના બતાવે છે-

**ता सत्तण्हं एवं संखतमे संखवासितो दोण्हं ।**
**बिइयो पुण ठिइबंधो सव्वेसिं संखवासाणि ।। ४६ ।।**
**छस्सुवसमिज्जमाणे सेक्का उदयट्ठिइ पुरिससेसा ।**
**समउणावलिगदुगे बद्धा वि य तावदद्धाए ।। ४७ ।।**

**અક્ષરાર્થ** :- જેમ નપુંસકવેદની ઉપશમના કરી તેમ સ્ત્રીવેદની ઉપશમના પછી સાત નોકષાયની ઉપશમના કરે. સાત નોકષાયોપશમનાદ્ધાનો સંખ્યાતમો ભાગ પસાર થયે છતે નામગોત્રનો સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ થાય. ત્યારપછીનો સ્થિતિબંધ સર્વકર્મોનો સંખ્યાતવર્ષનો થાય. (૪૬)

હાસ્ય-૬ની ઉપશમના કરતા જ્યારે એ સર્વથા ઉપશાંત થઈ જાય ત્યારે પુરુષવેદની પ્રથમસ્થિતિમાં એક ઉદયસ્થિતિ શેષ રહે છે અને બીજી સ્થિતિમાં સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલુ દલિક અનુપશાંત રહે છે. તે તેટલા કાળે ઉપશમાવે છે. (૪૭)

**વિશેષાર્થ :- સાત નોકષાયની ઉપશમના** - સ્ત્રીવેદ ઉપશાંત થઈ ગયા પછી અનંતર સમયે હાસ્યષટ્ક અને પુરુષવેદની ઉપશમનાનો પ્રારંભ કરે છે. તે જ વખતે નવો સ્થિતિઘાત, નવો રસઘાત અને અપૂર્વસ્થિતિબંધ શરુ થાય છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત પસાર થાય, એટલે કે સાત નોકષાયની ઉપશમનાના કાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે ત્યારે નામગોત્રનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય છે. ત્યાર પછીનો સ્થિતિબંધ

સર્વકર્મોનો એટલે કે વેદનીયનો પણ સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ થાય છે. સર્વકર્મનો સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ શરૂ થાય ત્યાર પછી ઉત્તરોત્તર સ્થિતિ પણ સંખ્યાતગુણહીન થાય છે.

**કર્મપ્રકૃતિઉપશમનાકરણ ગા. ૪૯ની ચૂર્ણિ**માં કહ્યું છે - "सत्तण्हं नोकसायाणं उवसामणद्धाए संखेज्जतिभागे गए, तो 'दोण्हं' ति णामगोयाणं, एएसिं तंमि काले संखेज्जवासिगो चेव ट्ठितिबंधो । 'बितितो पुण ट्ठितिबंधो सव्वेसिं संखवासाणि' त्ति तम्हि ट्ठितिबंधे पुन्ने तो अन्नो बितितो ठितिबन्धो तम्मि काले सव्वकम्माणं संखेज्जवरिसगो 'ट्ठितिबंधो' त्ति जं भणियं वेयणिज्जस्स वि संखेज्जवरिसगो ट्ठितिबन्धो ।"

અહીં તાત્પર્ય એમ સમજાય છે કે નામગોત્રનો સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ શરૂ થયા પછીના સ્થિતિબંધ વખતે વેદનીયનો સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ શરૂ થાય છે.

જો કે [1]**કષાયપ્રાભૃત**માં સાત નોકષાયની ઉપશમનાનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે ત્યારે ત્રણેનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે. તેનો પાઠ આ પ્રમાણે છે-

"एवं संखेज्जेसु ट्ठिदिबंधसहस्सेसु गदेसु सत्तण्हं णोकसायाणमुवसामणद्धाए संखेज्जे भागे गदे तदो णामागोदवेदणीयाणं कम्माणं संखेज्जवस्सट्ठिदिगो बंधो ।" **પૃ. ૧૮૪૭, સૂત્ર-૧૮૧**

પરંતુ અહીં વિવક્ષાભેદ લાગે છે, કેમકે **કર્મપ્રકૃતિ**માં નામ-ગોત્રનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે. ત્યાર પછીનો સ્થિતિબંધ ત્રણેયનો સંખ્યાતાવર્ષનો કહ્યો છે. હવે જો **કષાયપ્રાભૃતચૂર્ણિકાર**નો ઉલ્લેખ તે સ્થિતિબંધનો હોય તો તે વખતે ત્રણેનો સ્થિતિબંધ સંખ્યાત વર્ષનો હોઈ શકે, તેમાં વાંધો નથી અથવા અહીં **કષાયપ્રાભૃત**નો મતાંતર પણ હોય.

સ્થિતિબંધનું અલ્પબહુત્વ **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં આ પ્રમાણે કહ્યું છે - "ताधे ट्ठिदिबंधस्स अप्पाबहुअं । तं जहा । सव्वत्थोवो मोहणीयस्स ट्ठिदिबंधो । णाणावरण-दंसणावरण-

૧. ધવલા-લબ્ધિસાર-દિગંબરગ્રંથોમાં પણ કષાયપ્રાભૃતચૂર્ણિની જેમ જ કહ્યું છે-

उवसमिदाणंतरसमयादो सत्तणोकसायाणं ।

उवसामगो तस्सद्धासंखेज्जदिमे गदे तत्तो ॥२६०॥

णामदुगवेयणियट्ठिदिबंधो संखवस्सयं होदि । ગા. ૨૬૧ પ્રથમ પાદ

સંસ્કૃત ટીકા - सप्तनोकषायोपशमनकालसंख्यातबहुभागावशेषावसरे सर्वतः स्तोकः संख्यातसहस्रवर्षमात्रो मोहस्थितिबन्धः । ततः संख्येयगुणः संख्यातसहस्रवर्षमात्रो घातित्रयस्थितिबन्धः । ततः संख्यातगुणः संख्यातसहस्रवर्षमात्रो वीसियस्थितिबन्धः । ततः साधिकः संख्यातसहस्रवर्षमात्रो वेदनीयस्थितिबन्धश्च भवति । - લબ્ધિસાર.

**अंतराइयाणं ट्ठिदिबंधो संखेज्जगुणो । णामा-गोदाणं ट्ठिदिबंधो संखेज्जगुणो । वेदणीयस्स ट्ठिदिबंधो विसेसाहिओ ।'' - પૃ. ૧૮૪૭.**

આ પ્રમાણે હજારો સ્થિતિબંધ પસાર થાય છે એટલે સાત નોકષાય ઉપશાંત થઈ જાય છે. પરંતુ તે વખતે પુરુષવેદનું સમયન્યૂન બે આવલિકા દરમિયાન બંધાયેલું દલિક અનુપશાંત હોય છે.

અહીં પુરુષવેદનું આટલું દલિક બાકી રહી જવાનું કારણ એ છે કે પુરુષવેદનો બંધ ચાલુ છે. જેવી રીતે પુરુષવેદનું પૂર્વબદ્ધ દલિક ઉપશમાવે છે તેવી રીતે પુરુષવેદનું નવું બંધાતું દલિક પણ ઉપશમાવવાનું હોય છે પરંતુ અહીં એક નિયમ એવો છે કે કોઈપણ કર્મ બાંધ્યા પછી પ્રથમાવલિકામાં (બંધાવલિકામાં) તેને કોઈ કરણ લાગતું નથી. હવે પુરુષવેદની પ્રથમસ્થિતિની ઉપાંત્ય આવલિકાના પ્રથમ સમયે બંધાયેલું દલિક તે આવલિકા સુધી તેમજ રહે અને ચરમાવલિકામાં તેની ઉપશમનાનો પ્રારંભ થાય. એક સમયે બંધાયેલા દલિકને ઉપશાંત કરતા પણ એક આવલિકા લાગે છે. એટલે ચરમાવલિકાના પ્રથમ સમયે તેમાનું થોડું દલિક ઉપશમે, બીજા સમયે થોડું (અસંખ્યગુણ) દલિક ઉપશમે. એમ યાવત્ ચરમાવલિકાના અંતિમ સમયે એટલે કે પુરુષવેદની પ્રથમસ્થિતિના ચરમ સમયે એ દલિક સર્વથા ઉપશાંત થઈ જાય છે. આમ પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના પ્રથમ સમયે બંધાયેલ દલિક પ્રથમસ્થિતિના ચરમ સમયે સર્વથા ઉપશાંત થઈ ગયું. પરંતુ ત્યાર પછીના સમયે બંધાયેલું એટલે કે ઉપાંત્યાવલિકાના દ્વિતીય સમયે બંધાયેલા દલિકની બંધાવલિકા ચરમાવલિકાના પ્રથમ સમયે પૂર્ણ થાય છે. એટલે ત્યાં સુધી તે એમ જ પડી રહે. ત્યાર પછી એટલે કે ચરમાવલિકાના બીજા સમયથી તેની ઉપશમનાનો પ્રારંભ થાય. તે દલિકને ઉપશમતાં પણ આવલિકા લાગે. એટલે ચરમાવલિકાના ચરમ સમયે તે સર્વથા ઉપશાંત ન થાય. પરંતુ ત્યાર પછીના સમયે એટલે કે અવેદકપણાના પ્રથમ સમયે સર્વથા ઉપશાંત થાય.

આ પરથી જાણી શકાય છે કે પુરુષવેદની ઉપાંત્યાવલિકાના પ્રથમસમયે બંધાયેલ દલિક પ્રથમસ્થિતિના ચરમ સમયે હાસ્યષટ્કના દલિકની સાથે ઉપશાંત થઈ જાય છે. પરંતુ ત્યાર પછીથી બંધાયેલું દલિક સર્વથા ઉપશાંત થતું નથી, તેમાંનું કેટલુંક અનુપશાંત રહે છે. એટલે સમયન્યૂન ઉપાંત્યાવલિકામાં તથા ચરમાવલિકામાં બંધાયેલું એમ કુલ સમય ન્યૂન બે આવલિકા દરમિયાન બંધાયેલું દલિક પુરુષવેદની પ્રથમસ્થિતિના ચરમસમયે ઉપશાંત થવાનું બાકી રહે છે અને તે જ વખતે હાસ્ય-૬ સર્વથા ઉપશાંત થઈ જાય છે.

વળી તે જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે અને બંધવિચ્છેદ વખતે થતો છેલ્લો સ્થિતિબંધ પુરુષવેદનો ૧૬ વર્ષ પ્રમાણ થાય છે. બાકી રહેલું સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું દલિક અવેદકપણામાં તેટલા કાળે ઉપશાંત થાય છે.

આમ પુરુષવેદની પ્રથમસ્થિતિના ચરમ સમયે આટલી વસ્તુઓ થાય છે-

(૧) હાસ્ય-૬ સર્વથા ઉપશાંત.

(૨) સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા દલિક સિવાય પુરુષવેદ સર્વથા ઉપશાંત.

(૩) પુરુષવેદનો બંધવિચ્છેદ તથા ઉદયવિચ્છેદ.

(૪) પુરુષવેદનો છેલ્લો ૧૬ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ.

**પ્રશ્ન** - જેવી રીતે પુરુષવેદનું સમયન્યૂન બે આવલિકામાં બદ્ધ દલિક પ્રથમસ્થિતિના ચરમસમયે અનુપશાંત છે તેવી રીતે પુરુષવેદમાં (અન્ય સ્વજાતીય પ્રકૃતિઓ) હાસ્યષટ્કનું સંક્રમથી આવેલું દલિક પણ અનુપશાંત રહેવું જોઈએ, તેનો ઉલ્લેખ કેમ ના કર્યો ?

**જવાબ** - પદાર્થની અજ્ઞાનતાને લીધે ઉપરોક્ત શંકા ઉપસ્થિત થાય છે, કેમકે પુરુષવેદની પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે છે ત્યારે આગલવિચ્છેદ (આગાલ-પ્રત્યાગલનો વિચ્છેદ) થાય છે. આગાલની સાથે પુરુષવેદની ગુણશ્રેણિ પણ અટકે છે. આગાલની વ્યાખ્યા પૂર્વે જણાવી છે. એટલે કે હવેથી બીજી સ્થિતિમાંથી દલિકો આવતા નથી અને ઉદીરણા ચાલુ રહે છે. [1]ત્યારથી માંડીને માત્ર ઉદીરણા થાય છે. પુરુષવેદમાં હાસ્ય-૬નું દલિક સંક્રમતું નથી.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૭ની ચૂર્ણિમાં** કહ્યુ છે - **"पुरिसवेयस्स पढमट्ठितिते दुयावलियसेसाए आगालो वोच्छिन्नो, अणंतरावलिगातो उदीरणा एति, ताहे छण्हं नोकसायाणं संछोभो णत्थि पुरिसवेदे, संजलणेसु संछुभति ।"**

આમ સંક્રમથી પુરુષવેદમાં દલિકના આગમનનો છેલ્લી સમયન્યૂન બે આવલિકામાં અભાવ છે તેથી પ્રથમસ્થિતિના ચરમ સમયે સમયન્યૂન બે આવલિકાનું માત્ર બદ્ધ દલિક જ અનુપશાંત છે, સંક્રમથી આવેલું નહીં.

અહીં એક પ્રશ્ન થાય છે કે બે આવલિકા શેષે આગાલનો વિચ્છેદ કહ્યો અને ત્યારથી

---

૧. "एत्तो पाए पुरुषवेदस्स गुणसेढि वि णत्थि । - જયધવલા, પૃ. ૧૮૪૯.

પ્રથમસ્થિતિની બે આવલિકા શેષે આગાલની સાથે ગુણશ્રેણિનો પણ વિચ્છેદ થાય છે, તથા પ્રત્યાવલિકામાંથી અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા ચાલુ રહે છે.

જ હાસ્ય-ષટ્નું દલિક પુરુષવેદમાં સંક્રમતું નથી, તો પણ **સંક્રમકરણ**માં **પ્રકૃતિસંક્રમ**ના **અધિકાર**માં પુરુષવેદની પ્રથમસ્થિતિની સમયોન બે આવલિકા બાકી રહે ત્યારે પતદ્ગ્રહતાનો વિચ્છેદ કહ્યો છે, એ બે ઠેકાણે પરસ્પર વિરોધ નહીં આવે ?

તેના ઉત્તરમાં એમ લાગે છે કે બન્ને ઠેકાણે પરસ્પર વિરોધ નથી, પરંતુ વિવક્ષાભેદ માત્ર છે. અહીં જે બે આવલિકા શેષે આગાલનો વિચ્છેદ કહ્યો છે એનો અર્થ ઉપાંત્યાવલિકાના પ્રથમ સમયે આગાલનો વિચ્છેદ સમજવો. તેમાં ઉદયસમયની વિવક્ષા ભેગી કરીએ એટલે બે આવલિકા શેષે આગલવિચ્છેદ થાય છે, એમ કહેવાય. અને તે જ સમયે (પતદ્ગ્રહતા નષ્ટ થાય છે એટલે તે સમયે તો) હાસ્ય-ષટ્નું દલિક પુરુષવેદમાં છેલ્લું સંક્રમે અને ત્યાર પછીના સમયથી ન સંક્રમે. સંક્રમકરણમાં જ્યારથી પુરુષવેદમાં હાસ્ય-ષટ્નું દલિક સંક્રમાવવાનો અભાવ થયો ત્યારથી પતદ્ગ્રહની નષ્ટતા બતાવી છે. તેથી ત્યાં સમય ન્યૂન બે આવલિકા શેષે પતદ્ગ્રહતા નષ્ટ થાય છે, એમ કહ્યું છે. વસ્તુતઃ પદાર્થ એક જ છે, પરંતુ વિવક્ષાભેદ છે, એમ અમને સમજાય છે. તત્ત્વ બહુશ્રુતો જાણે.

[1]**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં તો અંતરકરણ ક્રિયાકાળના અનંતર સમયથી જ હાસ્ય-ષટ્ના દલિકનો પુરુષવેદમાં સંક્રમ થતો નથી, એમ કહ્યું છે. તેનો પાઠ આ પ્રમાણે છે - "अंतरकदादो पाए छण्णोकसायाणं पदेसग्गं ण संछुहदि पुरिसवेदे, कोहसंजलणे संछुहदि।" **પૃ. ૧૮૪૯, સૂત્ર ૧૯૫.**

એટલે તેમના મતે પણ સમયન્યૂન બે આવલિકાનું માત્ર બદ્ધ દલિક જ પ્રથમસ્થિતિના ચરમ સમયે અનુપશાંત રહે છે. સંક્રમથી આવેલું દલિક બધું જ તે સમયે ઉપશાંત હોય છે.

સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું દલિક અવેદકપણાના પ્રથમસમયથી અસંખ્યગુણાકારે ઉપશમાવે. તથા યથાપ્રવૃત્તસંક્રમ દ્વારા વિશેષહીનના ક્રમે પરમાં સંક્રમાવે, અને એમ કરતા યાવત્ અવેદકપણાના સમયન્યૂન બે આવલિકાકાળમાં પુરુષવેદ સર્વથા

૧. ધવલા-લબ્ધિસારમાં પણ આ પ્રમાણે જ ઉલ્લેખ છે-

"अंतरकदादो पाए छण्णोकसायाणं पदेसग्गं ण संछुभदि पुरिसवेदे, कोधसंजलणे संछुहदि, आणुपुव्वीसंकमत्तादो ।" - ધવલા, પુસ્તક ૬, પૃ. ૩૦૭

"अंतरकदादु छण्णोकसायदव्वं ण पुरिसगे देदि ।<br>एदि हु संजलणस्स य कोधे अणुपुव्विसंकमादो ।।२६५।। લબ્ધિસાર

સંસ્કૃત ટીકા - अंतरकृतादन्तरकरणसमाप्तिसमयात्परं हास्यादिषण्णोकषायद्रव्यं पुंवेदे न संक्रमत्येव *अपि तु संज्वलनक्रोधे एव संक्रमति पूर्वोद्दिष्टानुपूर्वीसंक्रमानतिक्रमात् ।*

ઉપશાંત થઈ જાય. અહીં પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સમયે ઉપશમ્યમાન દલિક અસંખ્યગુણ હોય છે, જ્યારે સંક્રમ્યમાણ દલિક વિશેષહીન હોય છે.

''अवेयगो जं तं समऊण दुआवलियबंधं अणुवसंतं तं असंखेज्जगुणसेढीए उवसामिज्जति, परपगतिए पुण अहापवत्तसंकमेण संकामेति । पढमसमयवेयगस्स संकमो बहुगो, से काले [1]विसेसहीणो, एवं जाव उवसामणंतो ।'' - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૭ની ચૂર્ણિ.**

અહીં જે [2]વિશેષહીનના ક્રમે પરપ્રકૃતિમાં સંક્રમ કહ્યો છે, તે એક સમયમાં બંધાયેલા દલિકની અપેક્ષાએ સમજવો. એટલે કે કોઈપણ સમયે બંધાયેલું દલિક તેની બંધાવલિકા પછી સંક્રમવા માંડે ત્યારે પહેલા સમયે ઘણું સંક્રમે, બીજા સમયે તેથી વિશેષહીન સંક્રમે, ત્રીજા સમયે વિશેષહીન સંક્રમે એમ યાવત્ સંક્રમના ચરમ સમય સુધી જાણવું. પરંતુ કુલ સંક્રમ્યમાણ દ્રવ્યમાં વિશેષહીન જ રહે, એમ નહીં. ચારે પ્રકારે હોઈ શકે, કેમકે યોગની વૃદ્ધિ-હાનિ ચાર પ્રકારે છે, તેથી બધ્યમાન દલિક પણ ચારે પ્રકારે વૃદ્ધિહાનિવાળું હોય.

---

૧. ''बंधावलियादिक्कंतणिरुद्धसमयपबद्धमधापवत्तभागहारेण खंडिदेकखंडं पढमसमए संकामियूण पुणो विदियसमए तं चेव समयपबद्धं पढमसमयसंकंतोवसंतं सगासंखेजभागपरिहीणमधापवत्तभागहारेण खंडिदूणेयखंडमेत्तं संकामेदि त्ति एदेण कारणेण समयं पडि विसेसहीणं चेव संकामिज्जमाणं पदेसग्गं दट्ठव्वं ।'' - જયધવલા પૃ. ૧૮૫૦.

૨. ''पढमसमयअवेदेण संकामिज्जमाणपदेसग्गं बहुअं से काले विसेसहीणं । एस कमो जाव सव्वमुवसंतं इदि । एगसमयपबद्धमधिकिच्च एदं उत्तं । जोगापत्ताणं णाणासमयपबद्धाणं उत्तकमाणुववत्तीदो । - ધવલા, પૃ. ૩૦૭, પુસ્તક ૬.

''तथा पुंवेदनवकबन्धस्यैकसमयप्रबद्धद्रव्यं अपगतवेदप्रथमसमये यथाप्रवृत्तभागहारेण खण्डयित्वा तदेकभागद्रव्यं संज्वलनक्रोधद्रव्ये संक्रमयति अवशिष्टबहुभागद्रव्यं पुनरप्यथाप्रवृत्तभागहारेण खण्डयित्वा तदेकभागद्रव्यं द्वितीयसमये संक्रमयति अवशिष्टं तद्बहुभागद्रव्यं पुनरप्यथाप्रवृत्तभागहारेण खण्डयित्वा तदेकभागं तृतीयसमये संक्रमयति एवमनेन क्रमेण समयोनद्व्यावलिचरमसमयपर्यन्तं विशेषहीनं द्रव्यं संक्रमयति । तथा पुनः पुंवेदनवकबन्धस्यापरं समयप्रबद्धद्रव्यं प्रतिसमयं संख्यातभागहीनक्रमेण संक्रमयति । पुनरन्यत् समयप्रबद्धद्रव्यं प्रतिसमयमसंख्यातभागहीनक्रमेण, पुनरन्यत् समयप्रबद्धद्रव्यं संख्यातगुणहीनक्रमेण संक्रमयति । पुनरपरं समयप्रबद्धद्रव्यं प्रतिसमयमसंख्यातगुणहीनक्रमेण संक्रमयति । पुनरन्यत् समयप्रबद्धद्रव्यं प्रतिसमयं संख्यातभागवृद्धिक्रमेण, तथा पुनरन्यत् समयप्रबद्धद्रव्यं प्रतिसमयमसंख्यातभागवृद्धिक्रमेण, पुनरन्यत् समयप्रबद्धद्रव्यं संख्यातगुणवृद्धिक्रमेण, पुनरेकं समयप्रबद्धद्रव्यं असंख्यातगुणवृद्धिक्रमेण संक्रमयति, चतुःस्थानपतितहानिवृद्धिपरिणतयोगसंचितसमयप्रबद्धानां द्रव्यहीनाधिकभावमाश्रित्य तत्संक्रमणद्रव्यस्यापि चतुःस्थानहानिवृद्धिक्रमस्य प्रवचनयुक्त्या प्रवृत्तिर्दर्शिता।'' - લબ્ધિસાર, ગા. ૨૬૬ની ટીકા.

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહ્યું પણ છે - ''पढमसमयअवेदस्स संकामिज्जदि बहुअं, से काले विसेसहीणं । एस कमो एयसमयपबद्धस्स चेव । **-પૃ. ૧૮૫૦, સૂત્ર ૧૯૯, ૨૦૦.**

તેથી વિવક્ષિતસમયે જુદા જુદા સમયપ્રબદ્ધમાં સંક્રમ્યમાણ દલિકમાં પણ પરસ્પર ચારે પ્રકારે વૃદ્ધિ-હાનિ સંભવે છે. વિવક્ષિતસમયે એટલે કે કોઈ એક સમયપ્રબદ્ધ દલિક જે સંક્રમે છે, તેના કરતાં બીજા સમયપ્રબદ્ધનું દલિક અસંખ્યાતભાગહીન સંક્રમે છે, કોઈનું સંખ્યાતભાગહીન સંક્રમે છે, કોઈનું સંખ્યાતગુણહીન સંક્રમે છે, કોઈનું અસંખ્યાતગુણહીન સંક્રમે છે. તેવી રીતે કોઈનું અસંખ્યાતભાગાધિક, કોઈનું સંખ્યાતભાગાધિક, કોઈનું સંખ્યાતગુણાધિક કે કોઈનું અસંખ્યાતગુણઅધિક પણ સંક્રમે. તેથી કોઈ એક સમયના કુલ સંક્રમ્યમાણ દલિક કરતાં ઉત્તરસમયનું સંક્રમ્યમાણ દલિક ચારે પ્રકારે વૃદ્ધિ-હાનિવાળું હોઈ શકે. તેવી જ રીતે ઉપશમનામાં અસંખ્યગુણનો ક્રમ જે કહ્યો છે તે પણ એક સમયે બંધાયેલ દલિકની અપેક્ષાએ જાણવો.

અહીં છેલ્લી સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું દલિક અવેદકાદ્ધામાં ઉપશમે છે. તેમાં પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના બીજા સમયે બંધાયેલ દ્રવ્ય ત્યાંથી એક આવલિકા એમ જ રહે, ત્યાર પછી એટલે કે ચરમાવલિકાના બીજા સમયથી ઉપશમવા માંડે. તેમાંથી કેટલુંક પ્રથમ સમયે, કેટલુંક બીજા સમયે એમ યાવત્ કેટલુંક ચરમાવલિકાના અંત્ય સમયે, બાકીનું સઘળું અવેદકાદ્ધાના પ્રથમ સમયે ઉપશાંત થઈ જાય. તેવી જ રીતે ઉપાન્ત્યાવલિકાના ત્રીજા સમયે બંધાયેલું દ્રવ્ય ત્યાંથી એક આવલિકા એમ જ રહે. ત્યાર પછી એટલે કે ચરમાવલિકાના ત્રીજા સમયથી ઉપશમવા માંડે, તેમાંથી કેટલુંક ત્રીજા સમયે, કેટલુંક ચોથા સમયે એમ યાવત્ કેટલુંક ઉપશમનાવલિકાના ચરમ સમયે, કેટલુંક અવેદકાદ્ધાના પ્રથમ સમયે અને બાકીનું સઘળું અવેદકાદ્ધાના બીજા સમયે ઉપશાંત થઈ જાય.

તેવી રીતે પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના ચોથા સમયે બંધાયેલ દ્રવ્ય ચરમાવલિકાના ચોથા સમયથી ઉપશમવા માંડે અને યાવત્ અવેદકાદ્ધાના ત્રીજા સમયે સઘળું ઉપશાંત થઈ જાય.

આ જ ક્રમે દરેક સમયના દલિકની ઉપશમનાનો વિધિ જાણવો. એટલે પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના ચરમ સમયે બંધાયેલ દ્રવ્યની ચરમાવલિકાના ચરમ સમયથી ઉપશમનાનો પ્રારંભ થાય, અને અવેદકપણાની પ્રથમાવલિકાના ઉપાંત્યસમયે સઘળું દલિક ઉપશાંત થઈ જાય.

તેવી જ રીતે પ્રથમસ્થિતિની ચરમાવલિકાના પ્રથમ સમયે બંધાયેલ દ્રવ્યની

ઉપશમનાનો પ્રારંભ અવેદકાદ્ધાના પ્રથમ સમયે થાય, અને અવેદકાદ્ધાની પ્રથમાવલિકાના અંતે સઘળું ઉપશાંત થઈ જાય.

ચરમાવલિકાના બીજા સમયે બંધાયેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ અવેદકાદ્ધાના બીજા સમયે થાય. અવેદકાદ્ધાના પ્રથમ સમય સુધી બંધાવલિકા વ્યતીત નહીં થઈ હોવાથી તેમાંનું એક પણ દલિક ઉપશમે નહીં અને બીજા સમયથી ઉપશમવા માંડે. તે બધું જ દલિક અવેદકાદ્ધાની દ્વિતીયાવલિકાના પ્રથમ સમયે ઉપશાંત થાય છે.

ઉપરની વિગત પરથી જાણી શકાય છે કે પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના બીજા સમયથી ચરમાવલિકાના પ્રથમ સમય સુધી દરેક સમયે બંધાયેલ દલિકનો કેટલોક ભાગ ઉપશમનામાં અવેદકપણાના પ્રથમ સમયે પ્રાપ્ત થાય છે. ત્યારપછી બંધાયેલ દ્રવ્યમાંથી કિંચિત્ પણ દ્રવ્ય અવેદકપણાના પ્રથમ સમયે ઉપશાંત ન થાય. આમ, અવેદકપણાના પ્રથમ સમયે એક આવલિકાના સમયોમાં બંધાયેલ દ્રવ્યમાંનું દ્રવ્ય ઉપશાંત થાય છે. તેવી જ રીતે અવેદકપણાના બીજા સમયે પણ પ્રથમસ્થિતિની ઉપાંત્યાવલિકાના ત્રીજા સમયથી ચરમાવલિકાના બીજા સમય સુધી દરેક સમયે બંધાયેલ દલિકનો કેટલોક ભાગ ઉપશાંત થાય છે. ત્યારપછી એટલે કે ચરમાવલિકાના ત્રીજા સમયથી બંધાયેલ દ્રવ્યમાંથી કિંચિત્ પણ દ્રવ્ય અવેદકાદ્ધાના બીજા સમયે ઉપશાંત ન થાય. તેથી અવેદકપણાના બીજા સમયે પણ જે દ્રવ્ય ઉપશાંત થાય છે તે એક આવલિકાના દરેક સમયે બંધાયેલ દ્રવ્યમાંથી કેટલોક ભાગરૂપ છે.

આમ યાવત્ અવેદકાદ્ધાની પ્રથમાવલિકાના અંતિમ સમય સુધી દરેક સમયે એક આવલિકાના દરેક સમયે બંધાયેલ દ્રવ્યનો કેટલોક ભાગ ઉપશમે છે. જ્યારે અવેદકાદ્ધાની બીજી આવલિકાના પ્રથમ સમયે સમયન્યૂન આવલિકાના દરેક સમયે બંધાયેલ દ્રવ્યનો કેટલોક ભાગ ઉપશમે છે. પરંતુ પૂર્ણ આવલિકામાં બંધાયેલ દ્રવ્યનો નહીં, કેમકે પ્રથમસ્થિતિની ચરમાવલિકાના પ્રથમસમયે બંધાયેલ દ્રવ્ય બધુ જ અવેદકપણાની પ્રથમાવલિકાના અંતિમ સમયે ઉપશાંત થઈ ગયું હોય છે. તેથી અવેદકાદ્ધાની દ્વિતીયાવલિકાના પ્રથમ સમયે સમયન્યૂનાવલિકા દરમિયાન બંધાયેલ દ્રવ્યની ઉપશમના થાય છે. તેવી જ રીતે અવેદકાદ્ધાની બીજી આવલિકાના બીજા સમયે બે સમયન્યૂનઆવલિકાના પ્રત્યેક સમયે બંધાયેલ દ્રવ્યના અમુક ભાગની ઉપશમના થાય છે. તેમ યાવત્ અવેદકાદ્ધાની બીજી આવલિકાના ઉપાંત્ય સમયે એક જ સમય માત્ર બંધાયેલ દ્રવ્યના અમુકભાગની ઉપશમના થાય છે અને તે છેલ્લું હોવાથી તે સમયે પુરુષવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે.

સ્થાપના -




AB' = પ્રથમસ્થિતિ

૧ આવલિકા = ૪ સમય

CD' = અવેદકાદ્ધાની બે આવલિકા

AA' = પ્રથમસ્થિતિની ૧લી આવલિકા

BB' = પ્રથમસ્થિતિની ૨જી આવલિકા

CC' = અવેદકાદ્ધાની ૧લી આવલિકા

DD' = અવેદકાદ્ધાની ૨જી આવલિકા

૧લા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૫મા સમયે, અને ૮મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૨જા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૬ઠ્ઠા સમયે, અને ૯મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૩જા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૭મા સમયે, અને ૧૦મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૪થા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૮મા સમયે, અને ૧૧મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૫મા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૯મા સમયે, અને ૧૨મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૬ઠ્ઠા

સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૧૦મા સમયે, અને ૧૩મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૭મા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૧૧મા સમયે, અને ૧૪મા સમયે સર્વથા ઉપશાંત થાય છે. ૮મા સમયે બંધ કે સંક્રમથી આવેલ દ્રવ્યની ઉપશમનાનો પ્રારંભ ૧૨મા સમયે, અને ૧૫મા સમયે સર્વથા ઉપશાંત થાય છે.

અવેદકાદ્ધાના પ્રથમ સમયે = ૯મા સમયે - ૨ થી ૫ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. અવેદકાદ્ધાના બીજા સમયે = ૧૦મા સમયે - ૩ થી ૬ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. અવેદકાદ્ધાના ત્રીજા સમયે = ૧૧મા સમયે - ૪ થી ૭ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. અવેદકાદ્ધાના ચોથા સમયે = ૧૨મા સમયે - ૫ થી ૮ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. અવેદકાદ્ધાના પાંચમા સમયે = ૧૩મા સમયે - ૬ થી ૮ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. અવેદકાદ્ધાના છઠ્ઠા સમયે = ૧૪મા સમયે - ૭ થી ૮ સમય દરમિયાન બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે. (૮મા સમય પછી બંધ નથી માટે.) અવેદકાદ્ધાના ઉપાંત્ય સમયે = ૧૫મા સમયે - ૮મા સમયે બંધાયેલમાંનું દ્રવ્ય ઉપશમે.

પુરુષવેદની પ્રથમસ્થિતિના ચરમસમયે પુરુષવેદનો ઉદયવિચ્છેદ તથા બંધવિચ્છેદ થાય છે. તે વખતે પુરુષવેદનો ૧૬ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે અને સંજ્વલન ચતુષ્કનો સ્થિતિબંધ **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં સંખ્યાતા હજાર વર્ષનો કહ્યો છે, જ્યારે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં [1]૩૨ વર્ષ પ્રમાણ કહ્યો છે.

**કર્મપ્રકૃતિઉપશમનાકરણ ગા. ૪૭ની ચૂર્ણિ** - "जंमि समते छ नोकसाया उवसंता तंमि समते पुरिसवेयस्स ट्ठितिबन्धो सोलसवरिसाणि, संजलणाणं बंधो संखेज्जाणि वाससहस्साणि ।"

---

૧. દિગંબર ગ્રંથો ધવલા અને લબ્ધિસારમાં પુરુષવેદના બંધવિચ્છેદ સમયે સંજ્વલનનો ૩૨ વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે.

"तस्समए पुरिसवेदस्स ठिदिबंधो सोलसवस्साणि । संजलणाणं ट्ठिदिबंधो बत्तीसवस्साणि । सेसाणं कम्माणं ट्ठिदिबंधो संखेज्जाणि वाससहस्साणि ।" - ધવલા, પુસ્તક ૬, પૃ. ૩૦૬.

"तच्चरिमे पुंबंधो सोलवस्साणि संजलणगाणं । तद्दुगाणि सेसाणं संखेज्जसहस्सवस्साणि ।।२६३।।" - લબ્ધિસાર

સંસ્કૃત ટીકા - "तस्य पुंवेदोपशमनकालस्य सवेदानिवृत्तिकरणस्य चरमसमये षोडशवर्षमात्रः पुंवेदस्थितिबन्धः । संज्वलनचतुष्टयस्य स्थितिबंधो द्वात्रिंशद्वर्षप्रमितः ।"

**કષાયપ્રાભૃત ઉપશમનાકરણ ગા. ૪૭ની ચૂર્ણિ** - "तस्समए पुरिसवेदस्स ट्ठिदिबंधो सोलसवस्साणि संजलणाणं ट्ठिदिबंधो बत्तीसवस्साणि । सेसाणं कम्माणं ट्ठिदिबंधो संखेज्जाणि वस्ससहस्साणि।" - **પૃ. ૧૮૪૮.**

વળી (આના પછીનો સ્થિતિબંધ) અનંતર સમયે શરુ થતો આના પછીનો સ્થિતિબંધ બંને ચૂર્ણિમાં અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષનો કહ્યો છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૭ની ચૂર્ણિ** - "पढमसमयअवेयगस्स संजलणाणं ट्ठितिबंधो बत्तीसं वरिसाणि अंतोमुहूत्तूणाणि, सेसाणं णाणावरणीयाणं संखेज्जाणि वाससहस्साणि ट्ठितिबंधो ।"

**કષાયપ્રાભૃતચૂર્ણિ** - "पढमसमयअवेदस्स संजलणाणं ठिदिबंधो बत्तीसवस्साणि अंतोमुहूतूणाणि ।" - **પૃ. ૧૮૫૦.**

અહીં અનંતર સમયે જયારે અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે તો પછી પુરુષવેદના બંધવિચ્છેદ સમયે સંજ્વલનનો સ્થિતિબંધ ૩૨ વર્ષનો હોય એવો સંભવ અમને લાગે છે. પરંતુ **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે અને તે વખતે શેષ કર્મોનો સ્થિતિબંધ કહ્યો નથી. તેથી કદાચ **संजलणाणं बंधो** એ શબ્દની પછી **बत्तीसवस्साणि सेसाणं कम्माणं** એટલા શબ્દો જો અશુદ્ધિથી રહી ગયા હોય તો સંજ્વલનનો ૩૨ વર્ષનો સ્થિતિબંધ પુરુષવેદના બંધવિચ્છેદ સમયે ઘટી શકે.

જો કે પ્રથમસ્થિતિના ચરમ સમયે સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ હોય અને અનંતરસમયે સંખ્યાતગુણહીન થવા દ્વારા અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષ થાય તો તેમાં ગણિતની દૃષ્ટિએ વાંધો નથી. તત્ત્વ કેવળીગમ્ય છે.

**કર્મપ્રકૃતિ**ની બન્ને ટીકાઓમાં પુરુષવેદની પ્રથમસ્થિતિના ચરમ સમયે સંજ્વલનનો સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ સ્થિતિબંધ કહ્યો છે અને અવેદકપણાના પ્રથમ સમયને બદલે જ્યારે પુરુષવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે ત્યારે એટલે કે અવેદકપણાની બીજી આવલિકાના ઉપાંત્યસમયે સંજ્વલનનો સ્થિતિબંધ અંતર્મુહૂર્તન્યૂન ૩૨ વર્ષ કહ્યો છે.

"तदानीं ( पुरुषवेदस्योपशमनायाः चरमसमये ) च संज्वलनानां द्वात्रिंशद्वर्षप्रमाणोऽन्तर्मुहूर्तोनः स्थितिबन्धो भवति ।" **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૪૭ની મલય૦ ટીકા.**

"ततः पुरुषवेदः उपशान्तः । तदानीं च सञ्ज्वलनानां द्वात्रिंशद्वर्षप्रमाणोऽन्तर्मुहूर्त्तोनः स्थितिबन्धो भवति ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણની ગા. ૪૭ની ઉપા. યશો. ટીકા.**

**પંચસંગ્રહ**માં પુરુષવેદ સર્વથા ઉપશાંત થાય તે સમયે (અવેદકપણાની બીજી આવલિકાના ઉપાન્ત્ય સમયે સંજ્વલનનો ૩૨ વર્ષનો સ્થિતિબંધ કહ્યો છે. (અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષ નહીં)

"तावइ कालेणं चिय पुरिसउवसामए अवेदो सा ।

बंधो बत्तीससमा संजलणियराण उ सहस्सा ।।७०।।" - **પંચસંગ્રહ**

**સ્વોપજ્ઞ ટીકા** - "समयोनद्व्यावलिकालेन यद्बद्धं दलं तत्तावन्मात्रेण कालेनावेदको भूत्वोपशमयति । पुरुषवेदो यदोपशान्तस्तदा सञ्ज्वलनानां द्वात्रिंशद्वार्षिको बन्धः ।" **મલય૦ ટીકા** - "ततः पुरुषवेद उपशान्तः । तदानीं च संज्वलनानां द्वात्रिंशत्समाः-द्वात्रिंशद्वर्षप्रमाणः स्थितिबन्धः ।" (૪૬)(૪૭)

હવે ક્રોધ-૩ની ઉપશમના બતાવે છે-

**तिविहमवेओ कोहं कमेण सेसे वि तिविहतिविहे वि ।**

**पुरिससमा संजलणा पढमठिई आलिगा अहिगा ।। ४८ ।।**

**અક્ષરાર્થ** - અવેદકના પ્રથમ સમયથી ત્રણ પ્રકારના ક્રોધને ઉપશમાવે છે. એ જ રીતે પ્રત્યેક ત્રણ પ્રકારના (અપ્રત્યા., પ્રત્યા., સંજ્વલન) શેષ ત્રણ કષાયો (માન, માયા, લોભ) પણ ઉપશમાવે છે. સંજ્વલન કષાયોની ઉપશમના પુરુષવેદની ઉપશમનાની સમાન જાણવી. સંજ્વલનક્રોધની પ્રથમસ્થિતિ સંજ્વલનક્રોધવેદકાદ્ધા કરતા એક આવલિકા અધિક હોય છે. (૪૮)

**વિશેષાર્થ - ક્રોધત્રિકોપશમના** - અવેદકપણાના પહેલા સમયથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એ ત્રણે પ્રકારના ક્રોધની ઉપશમનાનો પ્રારંભ કરે છે. અહીં પુરુષવેદની પ્રથમસ્થિતિ કરતા સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ વિશેષાધિક હોવાથી પુરુષવેદના ઉદયવિચ્છેદ પછી ક્રોધની પ્રથમસ્થિતિ બાકી રહે છે અને પુરુષવેદના ઉદયવિચ્છેદ પછી (૧) ત્રણે ક્રોધને એક સાથે ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. (૨) તેની સાથે જ અવેદકપણાના પ્રથમ સમયથી સમયોન બે આવલિકાનું બંધાયેલું પુરુષવેદનું દલિક જે અનુપશાંત છે તેની પણ ઉપશમના અને સંક્રમ કરતો જાય છે. તેનો વિધિ પૂર્વે બતાવ્યો છે. (૩) તથા તે જ સમયે નવો સ્થિતિબંધ અને સ્થિતિઘાત શરૂ થાય છે અને સંજ્વલન ચતુષ્કનો અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષનો સ્થિતિબંધ થાય છે અને શેષ કર્મનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. સ્થિતિબંધનું અલ્પબહુત્વ પણ પૂર્વોક્ત રીતે જાણવું. એટલે કે - મોહનીયનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ.

તેનાથી ઘાતિત્રયનો સ્થિતિબંધ - સંખ્યાતગુણો,

તેનાથી નામગોત્રનો સ્થિતિબંધ - સંખ્યાતગુણો,

તેનાથી વેદનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક.

હવેથી સંજ્વલનનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન થતો જાય છે. શેષ કર્મોનો સ્થિતિબંધ પૂર્વની જેમ સંખ્યાતગુણહીન થતો જાય છે.

પુરુષવેદના ઉદયવિચ્છેદ પછીની ક્રોધની પ્રથમસ્થિતિની સમયોન બે આવલિકા કાળે પુરુષવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે.

તથા ક્રોધની પ્રથમસ્થિતિની ૩ આવલિકા બાકી રહે ત્યાં સુધી પ્રત્યા૦ અપ્રત્યા૦ ક્રોધ સંજ્વલન ક્રોધમાં સંક્રમે, ત્યાર પછીના સમયે એટલે કે સમયોન ત્રણ આવલિકા શેષે સંજ્વલનક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે તેથી હવેથી પ્રત્યા૦અપ્રત્યા૦ ક્રોધના દલિક સંજ્વલન ક્રોધમાં ન સંક્રમતા સંજ્વલન માનાદિમાં સંક્રમે છે.

**લબ્ધિસાર**માં સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થયા પછી પ્રત્યા૦અપ્રત્યા૦ ક્રોધના દલિકનો સંજ્વલનમાનમાં એક આવલિકા સુધી જ સંક્રમ કહ્યો છે, તેનું કારણ શું છે તે સમજાતું નથી. કેમકે હજી બન્ને ક્રોધ બે આવલિકા સુધી અનુપશાંત છે તો પછી બે આવલિકા સુધી તેમનો સંક્રમ સંજ્વલન માનમાં થઈ શકે છે.

"अपगतवेदे प्रथमसमयादारभ्य सञ्ज्वलनक्रोधप्रथमस्थितिरावलित्रयावशेषा यावत्तावद्भवति । तावदप्रत्याख्यानप्रत्याख्यानक्रोधद्वयद्रव्यं गुणसंक्रमेण गृहीत्वा संज्वलनक्रोधे संक्रमयति । तत्र प्रथमा संक्रमावलिः द्वितीया उपशमनावलिः, तृतीया उच्छिष्टावलिरिति व्यपदिश्यते । ततः परं तद् द्रव्यं संक्रमणावलिचरमसमयपर्यन्तं संज्वलनमाने संक्रमयति ।।" **લબ્ધિસાર ગા. ૨૭૦ની સંસ્કૃત ટીકા.**

[1]અહીં પતદ્ગ્રહતા પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા બાકી રહે ત્યારે નષ્ટ થવાનું કારણ એ છે કે સમયોન ૩ આવલિકા શેષે પ્રત્યા૦ અપ્રત્યા૦ ક્રોધનું જે દલિક સંજ્વલન ક્રોધ રૂપે થયું છે તે ત્યાંથી આવલિકા-સંક્રમાવલિકા વીત્યા પછી એક આવલિકા કાળ દરમિયાન ઉપશાંત થાય. એટલે પ્રથમસ્થિતિની ચરમાવલિકા શેષે એ જ ક્રોધમાં સંક્રમથી આવેલ દલિક પણ ઉપશાંત થઈ શકે છે. અન્યથા ત્યારપછી પતદ્ગ્રહતા ચાલુ રહે તો આવલિકા શેષે દલિક ઉપશાંત થયા વગરનું રહી જાય.

---

૧. "संकमणावलियभावेण पढमावलियं वोलाविय पुणो बिदियावलियाए पढमसमयप्पहुडि उवसामणावलियमेत्तेण कालेण तं दव्वमुवसामेदि तदो तदियावलियमुच्छिट्ठावलियाभावेण छड्डिदि त्ति एदेण कारणेण तिसु आवलियासु सेसासु कोहस्संजलणे दुविहस्स कोहस्स संकमो न विज्जदे ।"

ક્રોધની પ્રથમસ્થિતિની બે આવલિકા શેષ રહે ત્યારે આગાલનો વિચ્છેદ થાય છે પરંતુ ઉદીરણા ચાલુ રહે છે. ઉદીરણાવલિકાના ચરમસમયે-

(૧) સંજ્વલન ક્રોધનો ચાર માસનો ચરમ સ્થિતિબંધ થાય. શેષકર્મનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય. અલ્પબહુત્વ પૂર્વ પ્રમાણે.

(૨) સંજ્વલન ક્રોધની જઘન્યસ્થિતિઉદીરણા અને ઉદયનો ચરમ સમય.

ત્યાર પછી અનંતર સમયે એટલે કે પ્રથમ સ્થિતિની એક આવલિકા શેષ રહે ત્યારે-

(૧) બંધ - ઉદય - ઉદીરણાવિચ્છેદ થાય.

(૨) પ્રત્યાખ્યાના૦ અપ્રત્યાખ્યાના૦ ક્રોધ ઉપશાંત થઈ ગયેલ હોય છે.

(૩) પ્રથમસ્થિતિની એક આવલિકા શેષ રહે છે તથા સમયોન બે આવલિકાનું બંધાયેલું સંજ્વલન ક્રોધનું દલિક અનુપશાંત રહે છે. તે સિવાયનું સંજ્વલન ક્રોધનું સર્વ દલિક પણ ઉપશાંત થયેલ હોય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૮ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "जाव आवलियपडिआवलिगसेसा कोहसंजलणाए, ताहे बितियट्ठितितो आगालो वोच्छिन्नो । पडिआवलिगातो उदीरणा एति, कोहसंजलणाए पडिआवलिगाते एगंमि समते सेसे कोहसंजलणाए जहन्निगा ट्ठितिउदीरणा, तंमि समते चत्तारि मासा ट्ठितिबंधो संजलणांणं, सेसाणं कम्माणं संखेज्जाणि वरिससहस्साणि ठितिबंधो। पडिआवलियवोच्छेदसमये चेव दो कोहा उवसंता । कोहसंजलणाए पढमट्ठितिते आवलियं समऊणदुआवलियं बद्धं च मोत्तूणं सेसं उवसंतं दलियं ।"

જે સમયે ચરમબંધ થાય છે તેના અનંતર સમયને બંધવિચ્છેદ તરીકે અહીં ગણ્યો છે. અર્થાત્ જે સમયથી બંધ થતો નથી તે સમયને બંધવિચ્છેદનો સમય કહ્યો છે. માટે ચરમબંધના અનંતર સમયે બંધવિચ્છેદ કહ્યો છે. તેવી જ રીતે ઉદય, ઉદીરણા, આગાલ, પતદ્ગ્રહતાદિ માટે પણ સમજવું.

આમ **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૮ની ચૂર્ણિમાં** આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ કહ્યો છે - "कोहस्स पढमट्ठितीते आवलिगावसेसाते ताहे कोहस्स बंधो उदतो उदीरणा य तिन्नि वि वोच्छिन्नाणि ।"

જ્યારે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પ્રથમસ્થિતિની સમયોનાવલિકા શેષે સંજ્વલનક્રોધના બંધોદયવિચ્છેદ થાય છે, એમ કહ્યું છે-"जाधे कोहसंजलणस्स पढमट्ठिदिए समयूणावलिया सेसा ताधे चेव कोहसंजलणस्स बंधोदया वोच्छिण्णा ।" - **पृ. १८५३.**

પરંતુ આ બન્નેમાં વિરોધ નથી, કેમકે જે સમયે સંજ્વલન ક્રોધના બંધોદયવિચ્છેદ પામે છે. તે જ સમયે દ્વિતીયસ્થિતિમાંથી માનના દલિકો લઈ તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે કે - "माणसंजलणस्स पढमसमयवेदगो पढमट्ठिदिकारओ च ।" - **પૃ. ૧૮૫૩.** તેથી સંજ્વલન ક્રોધનું ઉદયસમયનું દલિક સંજ્વલન માનમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાઈ સંજ્વલનમાનરુપે થઈ ગયું હોય છે. તેથી શેષ સમયોનાવલિકાગત નિષેકોમાં ક્રોધનું દલિક રહેલું હોય છે. [1]આની વિવક્ષા **કર્મપ્રકૃતિ-ચૂર્ણિકારે** ન કરેલી હોવાથી પ્રથમસ્થિતિની આવલિકા શેષે બંધોદયોદીરણાવિચ્છેદ કહ્યો છે.

તેવી જ રીતે અહીંયા **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં પ્રત્યાવલિકાના વિચ્છેદ સમયે સંજ્વલન ક્રોધનું સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક અનુપશાંત છે, એમ કહ્યું છે. જ્યારે **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં બે સમયોન બે આવલિકાનું બંધાયેલુ દલિક અનુપશાંત કહ્યુ છે.

"पडिआवलिया उदयावलियं पविसमाणा पविट्ठा । ताधे चेव कोहसंजलणे दो-आवलियबंधे दूसमयूणे मोत्तूण सेसा तिविहकोधपदेसा उवसमिज्जमाणा उवसंता ।" - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૮૫૨.**

અહીંયા પણ માત્ર વિવક્ષાભેદ જ છે. કેમકે પ્રત્યાવલિકાના પ્રથમ સમયે થયેલી ઉપશમનાની ક્રિયા પછી ક્રોધનું બે સમયોન બે આવલિકાનું બંધાયેલ દલિક ઉપશાંત કરવાનું બાકી રહે છે, જ્યારે તે સમયની ઉપશમનાની ક્રિયાની વિવક્ષા ન કરીએ તો સમયોન બે આવલિકાનું બંધાયેલ દલિક અનુપશાંત છે, એમ કહેવાય.

પ્રથમસ્થિતિની શેષાવલિકા સંજ્વલન માનમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાઈને ભોગવાઈ જાય છે. તથા સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક પણ ત્રણ માનને ઉપશમાવતા તેની સાથે તેટલા જ કાળે ઉપશમાવે છે.

**માનત્રિકની ઉપશમના :**

જે સમયે સંજ્વલન ક્રોધનો બંધોદયવિચ્છેદ થાય છે (૧) તે જ સમયે સંજ્વલન માનના દલિકો બીજી સ્થિતિમાંથી ખેંચી લાવી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. અહીં એક જ સમયે દલિકો બીજી સ્થિતિમાંથી ખેંચી લાવી પ્રથમસ્થિતિમાં ગોઠવવાનું તથા

---

१. कुदो एत्थ उच्छिट्ठावलियाए समयूणत्तमिदि णासंकणिज्जं, तम्मि चेव समये उदयवोच्छेदवसेण, पढमणिसेगट्ठिदीए माणसंजलणोदयम्मि थिवुक्कसंकमेण संकममाणाए तिस्से तहाभावोवलंभादो । - જયધવલા, પૃ. ૧૮૫૩.

તે પ્રથમસ્થિતિના પ્રથમ નિષેકને ભોગવવાનું બન્ને કાર્ય સાથે થાય છે. બીજી સ્થિતિમાંથી દલિકો લઈને નીચે ઉદયસમયથી પ્રથમસ્થિતિના ચરમસમય સુધી અસંખ્યગુણના ક્રમે ગોઠવે છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૮ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "जाहे चेव कोहस्स बंधो उदओ उदीरणा य वोच्छिण्णाणि, ताहे चेव माणस्स पढमट्ठितिं बीयट्ठितितो दलियं घेत्तूण करेति । पढमसमयवेयगो पढमट्ठितिं करेमाणो पढमसमते उदते पदेसग्गं थोवं देति । से काले असंखेज्जगुणाए सेढीए देति जाव पढमट्ठितीए चरमसमतोत्ति ।"

જેમ દલિકો ઉપરથી લઈ પ્રથમસ્થિતિની રચના કરી તેવી જ રીતે તે સમયે દલિકો બીજી સ્થિતિમાં પણ નાંખે છે, અને તેનો ક્રમ **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં બતાવેલ છે - પ્રથમસ્થિતિના ચરમસમયમાં જેટલો દલનિક્ષેપ કર્યો તેના કરતા બીજી સ્થિતિના પ્રથમસમયમાં [1]અસંખ્યગુણહીન દલિક નાંખે, અને ત્યાર પછીના નિષેકોમાં વિશેષહીનના ક્રમે નાંખે.

"पढमट्ठिदिं करेमाणो उदये पदेसग्गं थोवं देदि, से काले असंखेज्जगुणं । एवमसंखेज्जगुणाए सेढीए जाव पढमट्ठिदिचरिमसमओ त्ति । विदियट्ठिदीए जा आदिट्ठिदी तिस्से असंखेज्जगुणहीणं तदो विसेसहीणं चेव । - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૮૫૩, સૂત્ર ૨૧૭-૨૧૮**

માનની બીજી સ્થિતિમાંથી પ્રથમ સમયે આ પ્રમાણે દ્રવ્ય ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે તેવી રીતે દ્વિતીયાદિ સમયે પણ અસંખ્યગુણ દલિકો ખેંચીને આ રીતનો નિક્ષેપ થાય એવો

---

૧. બીજી સ્થિતિના પ્રથમનિષેકમાં અસંખ્યગુણહીન દ્રવ્ય આવવાનું કારણ **લબ્ધિસાર**માં આ પ્રમાણે બતાવ્યું છે - સત્તાગત કુલ દ્રવ્યને અપકર્ષણ ભાગહારથી ભાગી ૧ ભાગ પ્રમાણ દ્રવ્ય લઈ તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી ૧ ભાગ પ્રમાણ દ્રવ્ય ઉદયસમયથી પ્રથમસ્થિતિના ચરમ સમય સુધી નાંખે અને શેષ બહુભાગ દ્રવ્યને બીજી સ્થિતિના આદિસમયથી અતિસ્થાપનાવલિકાના પૂર્વના નિષેક સુધી નાંખે છે. આમ કરતાં કુલ દ્રવ્ય જે ઉકેર્યુ તેના પલ્યોપમના અસંખ્યાતમા ભાગરુપ અસંખ્યાતમા ભાગ જેટલું દ્રવ્ય લગભગ પ્રથમસ્થિતિના ચરમનિષેકમાં આવ્યું, જ્યારે કુલ દ્રવ્યના અસંખ્યાતા બહુભાગ રુપ દ્રવ્યના દ્વયર્ધગુણહાનિરુપ અસંખ્યાતમા ભાગ જેટલું દ્રવ્ય બીજી સ્થિતિના પ્રથમ નિષેકને ફાળે આવ્યું. આમ પ્રથમસ્થિતિના ચરમનિષેકમાં અસંખ્યસમયપ્રબદ્ધ જેટલુ દ્રવ્ય આવે અને બીજીસ્થિતિના પ્રથમ નિષેકમાં એકસમયપ્રબદ્ધના અસંખ્યાતમા ભાગ જેટલું દ્રવ્ય આવે. તેથી પ્રથમસ્થિતિના ચરમ નિષેકગત દ્રવ્ય કરતા બીજી સ્થિતિના પ્રથમનિષેકમાં જે દ્રવ્ય નિક્ષેપ થયો તે અસંખ્યગુણહીન હોય. ત્યારપછીના નિષેકોમાં વિશેષહીનના ક્રમે દલનિક્ષેપ થાય. યાવત્ અતિસ્થાપનાવલિકાના પૂર્વના સમયમાં અસંખ્યગુણહીન દલિકનો નિક્ષેપ થાય.

ઉલ્લેખ **કષાયપ્રાભૃત, કર્મપ્રકૃતિ** આદિમાં નથી. પરંતુ **લબ્ધિસાર**માં એવો ઉલ્લેખ મળે છે. ''से काले माणस्स य पढमट्ठिदिकारवेदगो होदि । पढमट्ठिदिम्मि दव्वं असंखगुणियक्कमे देदि ॥२७२॥ पढमट्ठिदिसीसादो विदियादिम्हि य असंखगुणहीणं । तत्तो विसेसहीणं जाव अइच्छावणमपत्तं ॥२७३॥

**संस्कृत टीका** - क्रोधत्रयोपशमानन्तरसमये अयमनिवृत्तिकरणसंयतः संज्वलन-मानस्यान्तर्मुहूर्त्तमात्रप्रथमस्थितेः कारको वेदकश्च भवति, तद्यथा - सञ्ज्वलनमानस्य द्वितीयस्थितौ स्थितिसत्त्वद्रव्यादस्मात् स........ अपकर्षणभागहारखण्डितैकभागं गृहीत्वा पुनः पल्यासंख्यातभागेन खण्डयित्वा तदेकभागमुदयावलिप्रथमसमयादारभ्य इदानीं क्रियमाण-प्रथमस्थितिचरमसमयपर्यन्तं प्रक्षेपयोगेत्यादिना प्रतिनिषेकमसंख्यातगुणितक्रमेण निक्षिपति। पुनः पल्यासंख्यातबहुभागं द्वितीयस्थितौ 'दिवड्ढगुणहाणिभाजिदे पढमा' इत्यनेन विशेषहीनक्रमेण उपर्यतिस्थापनावलिं मुक्त्वा निक्षपति । पुनर्द्वितीयादिसमयेष्वपि प्रथमसमयादपकृष्टद्रव्यादसंख्येयगुणितक्रमेण द्रव्यमपकृष्य प्रागुक्तप्रकारेण प्रथमद्वितीय-स्थित्योर्निक्षिपति । प्रतिसमयं प्रथमस्थितिप्रथमनिषेकमेकैकमुदयमानमनुभवति च ।

प्रथमस्थितिचरमसमयनिक्षिप्तद्रव्यात् द्वितीयस्थितिप्रथमनिषेके द्रव्यमसंख्यातगुणहीनं, प्रथमस्थितिशीर्षद्रव्यस्य पल्यभागहारभूतासंख्यातरूपबाहुल्यविशेषादसंख्यातसमयप्रबद्धमात्र-त्वात् । द्वितीयस्थितिप्रथमनिषेकनिक्षिप्तद्रव्यस्य च द्व्यर्धगुणहान्यपकर्षणभागहार-भक्तत्वेनैकसमयप्रबद्धासंख्येयभागमात्रत्वात् । ततो द्वितीयस्थितेः प्रथमनिषेकद्रव्यादुप-रितननिषेकेषु विशेषहीनक्रमेणातित्थापनावलेरधो निक्षिप्तद्रव्यं विशेषतोऽसंख्येयगुणहीन-मेव।''

(૨) તે જ સમયે ત્રણે માનના દલિકની ઉપશમનાનો પ્રારંભ કરે છે.

(૩) તે વખતે નવો સ્થિતિબંધ અને સ્થિતિઘાત શરૂ થાય છે અને સંજ્વલન ત્રિકનો (માનાદિ) અંતર્મુહૂર્ત ન્યૂન ચાર માસનો તથા શેષકર્મોનો સંખ્યાત હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. સ્થિતિબંધનું અલ્પબહુત્વ પૂર્વવત્ જાણવું.

(૪) ક્રોધની શેષાવલિકા સંજ્વલનમાનમાં સ્તિબુકસંક્રમ દ્વારા સંક્રમીને સં.માનની સાથે ભોગવાઈ જાય છે.

(૫) સમયન્યૂન બે આવલિકા દરમિયાન બંધાયેલું સંજ્વલન ક્રોધનું દલિક જે અનુપશાંત છે તે પણ ત્રણે માનની સાથે પુરુષવેદની માફક તેટલા જ કાળે ઉપશમાવે છે તથા સંક્રમાવે છે.

સંજ્વલન માનની પ્રથમસ્થિતિની ત્રણ આવલિકા બાકી રહે ત્યાં સુધી પ્રત્યા૦ માનનો સં.માનમાં સંક્રમ થાય છે. ત્યારપછીના સમયે સં.માનની પતદ્ગ્રહતા નષ્ટ થતી હોવાથી પ્રત્યા.અપ્રત્યા. માનનું દલિક તેમાં ન સંક્રમે, પરંતુ [1]સંજ્વલન માયામાં સંક્રમે.

સંજ્વલન માનની પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ-પ્રત્યાગાલવિચ્છેદ થાય છે. પરંતુ ઉદીરણા ચાલુ રહે છે અને તે પણ હવે એકાવલિકા સુધી જ ચાલે છે. ઉદીરણાવલિકાના ચરમ સમયે -

(૧) સં.માનનો બે માસનો સ્થિતિબંધ, શેષ કર્મોનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે, સ્થિતિબંધનું અલ્પબહુત્વ પૂર્વવત્ જાણવું.

(૨) સં.માનની જઘન્ય સ્થિતિ ઉદીરણા અને ઉદયનો ચરમ સમય.

ત્યારપછી અનંતર સમયે એટલે કે પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે-

(૧) સં.માનના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય.

(૨) પ્રત્યા. અપ્રત્યા. માન સર્વથા ઉપશાંત થઈ જાય છે.

(૩) પ્રથમસ્થિતિની શેષ રહેલી એક આવલિકા તથા સમયોન બે આવલિકાના બંધાયેલ દલિક સિવાય સંજ્વલન માન સર્વથા ઉપશાંત થાય છે.

શેષાવલિકા માયાને અનુભવતા તેમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાઈને ભોગવાઈ જશે તથા સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક પણ તે માયાને ભોગવતા ત્રણે માયાને ઉપશમાવતાની સાથે તેટલા કાળે સં.ક્રોધ વત્ ઉપશાંત થઈ જાય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં આવલિકાના બદલે સમયોન આવલિકા શેષે સં.માનનો બંધોદયવિચ્છેદ કહ્યો છે તથા બે સમય ન્યૂન બે આવલિકાનું બંધાયેલ સં.માનનું દલિક અનુપશાંત કહ્યું છે તેની ભાવના પણ પૂર્વવત્ સમજી લેવી.

**માયાત્રિકની ઉપશમના -**

જે સમયે સંજ્વલનમાનના બંધાદિનો વિચ્છેદ થાય છે તે સમયે -

(૧) બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી લાવી સં.માયાની પ્રથમસ્થિતિ સં.માનની માફક

---

૧. અહીં પણ ત્યાર પછી સંજ્વલન માયામાં બન્ને માનનો સંક્રમ એક આવલિકા સુધી જ લબ્ધિસારમાં કહ્યો છે - **"संज्वलनमानप्रथमस्थितौ यावदावलित्रयमवशिष्यते तावदप्रत्याख्यानप्रत्याख्यानमानद्वयद्रव्यं संज्वलनमाने एव पूर्वोक्तविधानेन संक्रामति । ततः परं संक्रमणावलिकाचरमसमयपर्यन्तं तद्द्वयद्रव्यं संज्वलनमायाद्रव्ये एव संक्रामति - લબ્ધિસાર, ગા. ૨૭૫ની સંસ્કૃત ટીકા.**

કરે છે. તેનો દલનિક્ષેપ પણ સં.માનવત્ સમજવો. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૮ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "दलिय-निक्खेवो जहा माणस्स ।"

(૨) તે જ સમયથી ત્રણે માયાની ઉપશમનાનો પ્રારંભ કરે છે.

(૩) સં.માયા અને સં.લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન બે માસ જેટલો થાય છે.

(૪) સં.માનની બાકી રહેલી આવલિકા સં.માયામાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને ભોગવાઈ જાય છે.

(૫) સમય ન્યૂન બે આવલિકા દરમિયાન બંધાયેલું સં.માનનું દલિક જે અનુપશાંત છે તેની પણ ઉપશમના અને સંક્રમ પુરુષવેદની માફક કરતો જાય છે.

સં.માયાની પ્રથમસ્થિતિના સમયોન બે આવલિકા કાળના ચરમ સમયે સં.માનનું શેષ દલિક સર્વથા ઉપશાંત થઈ જાય છે.

સં.માયાની પ્રથમસ્થિતિની ત્રણ આવલિકા શેષ રહે ત્યાં સુધી પ્રત્યા. અપ્રત્યા. માયા સં.માયામાં સંક્રમે છે, ત્યારપછી સં.માયાની પતદ્ગ્રહતા નષ્ટ થતી હોવાથી બન્ને માયાનું દલિક સં.માયામાં ન સંક્રમતા સં.લોભમાં [1]સંક્રમે છે.

સં.માયાની પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ-પ્રત્યાગાલવિચ્છેદ થાય છે, પરંતુ ઉદીરણા ચાલુ રહે છે અને તે પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી થાય છે.

ઉદીરણાવલિકાના ચરમસમયે-

(૧) સંજ્વલન માયા-લોભનો એક માસનો સ્થિતિબંધ

(૨) સં.માયાની જઘન્ય સ્થિતિઉદીરણા તથા ઉદયનો ચરમસમય.

ત્યારપછી અનંતર સમયે એટલે કે પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે...

(૧) સં.માયાના બંધ-ઉદય-ઉદીરણા-વિચ્છેદ થાય.

(૨) પ્રત્યા. અપ્રત્યા. માયા સર્વથા ઉપશાંત થાય.

(૩) પ્રથમ સ્થિતિની શેષ રહેલી આવલિકા તથા સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલું સં.માયાનું દલિક અનુપશાંત હોય છે. તે સિવાય સં.માયા સર્વથા ઉપશાંત છે.

---

૧. અહીં પણ સં.માયાની પતદ્ગ્રહતા નષ્ટ થયા પછી સં.લોભમાં બન્ને માયાનો સંક્રમ લબ્ધિસારમાં એક આવલિકા સુધી જ કહ્યો છે - "मायासंज्वलनप्रथमस्थितौ आवलित्रयं यावदवशिष्यते तावदप्रत्याख्यान-प्रत्याख्यानमायाद्वयद्रव्यं मायासंज्वलने एव संक्रामति । ततः परं संक्रमणावल्यां संज्वलनलोभे संक्रामति ।" લબ્ધિસાર, ગા.૨૭૯ની સંસ્કૃત ટીકા.

પ્રથમસ્થિતિની શેષ આવલિકા સં.લોભને અનુભવતા તેમાં સંક્રમીને ભોગવાઈ જશે તથા સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક પણ સં.લોભને અનુભવતા ત્રણે લોભને ઉપશમાવતા તેની સાથે તેટલા જ કાળે સં.માનવત્ ઉપશાંત કરે છે, તથા સં.લોભમાં સંક્રમાવે છે. (૪૮)

હવે લોભ - ૩ની ઉપશમના બતાવે છે-

**लोभस्स बेतिभागा बिइयतिभागोत्थ किट्टिकरणाद्धा ।**
**एगफड्डगवग्गण अणंतभागो उ ता हेट्ठा ।। ४९ ।।**
**अणुसमयं सेढीए असंखगुणहाणि जा अपुव्वाओ ।**
**तव्विवरियं जहन्नगाई विसेसूणं ।। ५० ।।**
**अणुभागोणंतगुणो चाउम्मासाइ संखभागूणो ।**
**मोहे दिवसपुहुत्तं किट्टिकरणाइसमयमिमं ।। ५१ ।।**

**અક્ષરાર્થ** - સંજ્વલનલોભની પ્રથમસ્થિતિ લોભવેદકાદ્ધાના ૨/૩ ભાગ જેટલી કરે છે. એમાં જે બીજો ૧/૩ ભાગ છે તે કિટ્ટિકરણાદ્ધા છે. એક અનુભાગસ્પર્ધકની વર્ગણાના અનંતમા ભાગમાં જેટલી વર્ગણા હોય તેટલી કિટ્ટિ પ્રથમ સમયે કરે અને તે જઘન્ય અપૂર્વસ્પર્ધકના રસ કરતા અનંતગુણહીન રસવાળી કરે. (૪૯)

પ્રતિસમય જે નવી કિટ્ટિ કરે છે તે અસંખ્યગુણહીનની શ્રેણી વડે કરે છે. એટલે કે પ્રથમ સમયે જેટલી કિટ્ટિઓ કરે તેનાં કરતા બીજા સમયે અસંખ્યગુણહીન કિટ્ટિઓ કરે. યાવત્ ચરમસમય સુધી. પ્રતિસમયે કિટ્ટિગત દલિક આનાથી વિપરીત જાણવું. એટલે કે પ્રથમ સમયે સર્વકિટ્ટિગત દલિક કરતા બીજા સમયે સર્વકિટ્ટિગત દલિક અસંખ્યગુણ હોય યાવત્ ચરમસમય સુધી પ્રતિસમયની કિટ્ટિઓમાં પરસ્પર જઘન્ય રસવાળી કિટ્ટિથી ઉત્તરોત્તર કિટ્ટિમાં દલિક વિશેષહીન-વિશેષહીન જાણવું. (૫૦)

પ્રતિસમયની કિટ્ટિઓમાં પરસ્પર રસ ઉત્તરોત્તર અનંતગુણ હોય છે. મોહનીયના ચાર માસના સ્થિતિબંધ પછી ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતમા ભાગ ન્યૂન થાય યાવત્ કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે મોહનીયનો સ્થિતિબંધ દિવસપૃથક્ત્વ જેટલો થાય. (૫૧)

**વિશેષાર્થ - લોભત્રિકની ઉપશમના -**

જે સમયે સં.માયાના બંધાદિનો વિચ્છેદ થાય છે તે જ સમયે-

(૧) બીજી સ્થિતિમાંથી સં.લોભના દલિક ખેંચી સં.માયાવત્ તેની પ્રથમસ્થિતિ કરે છે. સં.લોભની પ્રથમસ્થિતિનું પ્રમાણ લોભવેદકાદ્ધાના ૨/૩ [1]ભાગ જેટલું છે, એટલે કે ઉદયસમયથી માંડી સં.લોભની વેદકાદ્ધા જેટલી છે તેના ૨/૩ ભાગમાં અસંખ્યગુણાના ક્રમે દલિકો ગોઠવે છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની ચૂર્ણિમાં** કહ્યુ છે - ''लोभवेयगद्धाए बेतिभागमेत्ता लोभस्स पढमट्ठिती करोति।'' **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યુ છે - ''ताधे चेव लोभसंजलणमोकड्डियूण लोभस्स पढमट्ठिदिं करेदि । एत्तो पाए जो लोभवेदगद्धा होदि, तिस्से लोभवेदगद्धाए बेतिभागा एत्तियमेत्ती लोभस्स पढमट्ठिदी कदा ।'' - **પૃ. ૧૮૫૮.**

(૨) તે સમયે સં.લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૧ માસ પ્રમાણ થાય છે.

(૩) સં.માયાની શેષાવલિકા વેદ્યમાન લોભમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને ભોગવાઈ જાય છે.

(૪) સમયોન બે આવલિકાનું બંધાયેલું સં.માયાનું દલિક જે અનુપશાંત છે તે તેટલા જ કાળે લોભમાં સંક્રમાવવા તથા (અસંખ્યગુણક્રમે) ઉપશમાવવા દ્વારા સર્વથા ઉપશાંત કરે છે.

(૫) બન્ને પ્રકારના લોભને ઉપશમાવે છે.

(૬) સં.લોભની પ્રથમસ્થિતિના પ્રથમસમયથી પ્રથમસ્થિતિના અર્ધભાગ સુધી બીજી સ્થિતિમાં રહેલા સંજ્વલન લોભના જે રસસ્પર્ધકો છે તેને અત્યંતહીન રસવાળા કરી નાખે છે, જેને અપૂર્વસ્પર્ધકો કહેવાય છે. સંસારમાં પરિભ્રમણ કરતા અત્યારસુધી આવા સ્પર્ધકો ક્યારેય બાંધ્યા નથી, પરંતુ હવે વિશુદ્ધિના પ્રકર્ષથી આવા અત્યંત હીનરસવાળા સ્પર્ધકો કરે

---

૧. લબ્ધિસારમાં લોભવેદકાદ્ધાના ૨/૩ ભાગથી અધિક લોભની પ્રથમ સ્થિતિ કરે છે એમ કહ્યું છે- ''मायात्रयोपशमनानन्तरसमयादारभ्य संज्वलनबादरलोभवेदककालोऽनिवृत्तिकरणचरमसमयपर्यन्तो भवति। ततः परं सूक्ष्मसंपरायचरमसमयपर्यन्तः संज्वलनसूक्ष्मलोभवेदककालो भवति, उभयावपि मिलित्वा लोभवेदकाद्धेति उच्यते । स च लोभवेदककालोऽन्तर्मुहूर्तमात्रः-इदं संख्यातेन खण्डयित्वा तद्बहुभागं त्रिषु स्थानेषु विभज्य स्थापयेत्, पुनस्तदेकभागं संख्यातेन खण्डयित्वा बहुभागं प्रथमस्थाने दद्यात् पुनरवशिष्टैकभागं अपरेण संख्यातेन खंडयित्वा तद्बहुभागं द्वितीयस्थाने दद्यात्, तदेकभागं तृतीयस्थाने तद्यात् । अत्र प्रथमभागः संज्वलनबादरलोभवेदकाद्धा प्रथमार्धः । द्वितीयो भागः सूक्ष्मकृष्टिकरणकालः । तृतीयो भागः सूक्ष्मकृष्टिवेदककालः । स एव सूक्ष्मसंपरायकालः । अत्र प्रथमद्वितीयभागयोर्मेलने लोभवेदकाद्धा द्वित्रिभागमात्रं साधिकं प्रथमस्थितिप्रमाणं भवति ।'' - લબ્ધિસાર ગા. ૨૮૨ની ટીકા.

છે. તેથી તે અપૂર્વ સ્પર્ધકો કહેવાય છે. આ અપૂર્વ રસસ્પર્ધકની ક્રિયા ચાલે છે ત્યાં સુધીનો કાળ એટલે કે પ્રથમસ્થિતિનો પ્રથમાર્ધકાળ **અશ્વકર્ણકરણાદ્ધા** કહેવાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની ચૂર્ણિમાં** કહ્યુ છે - "अस्सकण्णकरणद्धाते वट्टमाणो लोभसंजलणाए पुव्वफड्डुगेहिंतो समते समते अपुव्वाणि फड्डुगाणि करेति । अपुव्वाणि नाम बंधरुपेण उप्पात्तियाणि ण होंति, विसोहिए अन्नहा फड्डुगस्सरूपेणेव णिवत्तियाणि ।"

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની મલય. ટીકા**માં પણ કહ્યુ છે - "तत्राश्वकर्णकरणाद्धासञ्ज्ञे प्रथमे त्रिभागे वर्तमानः पूर्वस्पर्धकेभ्यः प्रतिसमयं दलिकं गृहीत्वा तस्य चात्यन्तहीनरसतामापाद्यापूर्वाणि स्पर्धकानि करोति । आसंसारं हि परिभ्रमता न कदाचनापि बन्धमाश्रित्येदृशानि स्पर्धकानि कृतानि, किन्तु सम्प्रत्येव विशुद्धिप्रकर्षवशात् करोतीत्यपूर्वाणीत्युच्यन्ते ।"

આ પ્રમાણે હજારો સ્થિતિબંધ દ્વારા અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થાય છે. અહીં સુધી સત્તામાં અનુભાગના સ્પર્ધકો છે. હવેથી કૃષ્ટિઓ પણ સત્તામાં આવશે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં અપૂર્વસ્પર્ધકની પ્રક્રિયા તથા પ્રથમસ્થિતિના પ્રથમાર્ધને અશ્વકર્ણકરણાદ્ધા કહેવાય છે, તેવો ઉલ્લેખ નથી. ત્યાં પ્રથમસ્થિતિના અર્ધભાગ સુધી સ્પર્ધકોની સત્તા છે એમ કહ્યું છે - "तदो (લોભવેદકાદ્ધાના પ્રથમ સમયથી) संखेज्जेहिं ट्ठिदिबंधसहस्सेहिं गदेहिं तिस्से लोभस्स पढमट्ठिदीए अद्धं गदं । ... ताधे पुण फद्दयगदं संतकम्मं ।" - **પૃ. ૧૮૫૮.**

આમ અશ્વકર્ણકરણાદ્ધા અથવા પ્રથમસ્થિતિપ્રથમાર્ધભાગ પૂર્ણ થાય છે.

**કિટ્ટિકરણાદ્ધા - કષાયપ્રાભૃતચૂર્ણિ** અનુસારે પ્રથમસ્થિતિના પ્રથમાર્ધના અંતે અને **કર્મપ્રકૃતિ** આદિના અનુસારે કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે મોહનીયનો એટલે કે સં.લોભનો સ્થિતિબંધ દિવસપૃથક્ત્વ થાય છે. શેષકર્મોનો સ્થિતિબંધ (સંખ્યાતા) સહસ્રપૃથક્ત્વ વર્ષ થાય છે.

"मोहे दिवसपुहुत्तं किट्टिकरणाइसमयम्मि ।" -**કર્મપ્રકૃતિ, ઉપશમનાકરણ ગા. ૫૧**

"एवं परिहायमाणो ट्ठितिबंधो मोहणिज्जस्स दिवसपुहुत्तं ठितिबन्धो भवति किट्टिकरणस्स पढमसमयम्मि । - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૧ની ચૂર્ણિ.**

"तदो अद्धस्स चरिमसमए लोहसंजलणस्स ट्ठिदिबंधो दिवसपुधत्तं, सेसाणं कम्माणं ट्ठिदिबंधो वस्ससहस्सपुधत्तं । " - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૮૫૮, સૂત્ર ૩૪૭-૩૪૮.**

શેષકર્મોનો સ્થિતિબંધ **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં તથા **ટીકા**માં [1]વર્ષપૃથક્ત્વ કહ્યો છે-

"ततः किट्टिकरणाद्धायां प्रविशति, तदानीं च संज्वलनलोभस्य स्थितिबन्धो दिनपृथक्त्वप्रमाणः । शेषकर्मणां तु [2]वर्षपृथक्त्वमानः ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની મલય. ટીકા.**

કિટ્ટિકરણાદ્ધાના પ્રથમસમયથી સત્તામાં સં.લોભના જે પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકો છે, તેમાંના દલિકો લઈ તેની કિટ્ટિઓ કરે છે એટલે કે અત્યંતહીન રસવાળા કરી નાખે છે. (સ્પર્ધક અને કિટ્ટિમાં ફેર એ છે કે) સ્પર્ધકોમાં એકોત્તર અવિભાગવૃદ્ધિવાળી વર્ગણાઓ પ્રાપ્ત થાય છે. જ્યારે એકોત્તર વૃદ્ધિવાળી વર્ગણાઓની વ્યવસ્થાને તોડી નાખી આંતરાવાળી વ્યવસ્થા થઈ જાય છે તેને કિટ્ટિઓ કહેવાય છે. જેમકે - ૧૦૦, ૧૦૧, ૧૦૨ આદિ અવિભાગવાળી વર્ગણાઓ જે સ્પર્ધકોમાં હતી તેનો ઘાત કરી ૫, ૧૫, ૨૫ વગેરે અનુભાગવાળી કરે છે. અહીંયા જઘન્યરસસ્પર્ધકના અવિભાગ કરતા પણ ઉત્કૃષ્ટરસવાળી કિટ્ટિમાં અનંતગુણહીન રસ હોય છે.

કિટ્ટિની વ્યાખ્યાઓ-

"किट्टि णाम अणुभागबंधलक्खणस्वरुपविपर्यासेन अणुभागरचना ।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની ચૂર્ણિ.**

"[3]किट्टयो नाम पूर्वस्पर्धकापूर्वस्पर्धकेभ्यो वर्गणा गृहीत्वा तासामनन्तगुणहीनरसता-मापाद्य बृहदन्तरालतया यद्व्यवस्थापनम् । यथा यासामेवासत्कल्पनयाऽनुभागभागानां

---

१. पढमट्ठिदिअद्धंतं लोहस्स य होदि दिणपुधत्तं तु ।
वस्ससहस्सपुधत्तं सेसाणं होदि ठिदिबंधो ।।२८२।। - લબ્ધિસાર

૨. અહીં વર્ષપૃથક્ત્વ એટલે હજારો વર્ષ સમજવું, કેમકે આગળ પર હજારો વર્ષનો સ્થિતિબંધ કહેવાના છે

૩. अस्माद् ( संज्वलनलोभसत्त्वद्रव्यात् ) द्वितीयार्धप्रथमसमये द्रव्यमपकृष्य संज्वलनलोभजघन्य-स्पर्धकलतासमानादिवर्गणाविभागप्रतिच्छेदेभ्यः अधस्तादनन्तगुणहीनाविभागप्रतिच्छेदतया एकस्पर्धक-वर्गणाशलाकानन्तैकभागप्रमिताः अनुभागसूक्ष्मकृष्टीः करोति । उपशमश्रेण्यां बादरकृष्टिविधानासम्भवात् अन्तर्मुहूर्तकालनिर्वर्त्यमानानुभागकण्डकघातं विना इदानीं प्रतिसमयं सर्वजघन्यशक्त्यनन्तैकभागप्रमितत्वेन कृष्टिघातं कर्तुं प्रारभत इत्यर्थः । - લબ્ધિસાર ગા. ૨૮૩ની ટીકા

कृष्टिशब्दस्यार्थः उच्यते - कर्शनं कृष्टिः कर्मपरमाणुशक्तेस्तनूकरणमित्यर्थः । कृश्-तनूकरणे इति धात्वर्थमाश्रित्य प्रतिपादनात् । अथवा कृष्यते तनूक्रियते इति कृष्टिः प्रतिसमयं पूर्वस्पर्धकजघन्य-वर्गणाशक्तेरनन्तगुणहीनशक्तिवर्गणा कृष्टिरिति भावार्थः । -લબ્ધિસાર, ગા. ૨૮૪ની સંસ્કૃતટીકા.

शतमेकोत्तरं द्वयुत्तरं चासीत्, तासामेवानुभागभागानां पञ्चकं पञ्चदशकं पञ्चविंशतिरिति।"
**- કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૪૯ની મલય. ટીકા.**

**કિટ્ટિનું પ્રમાણ** - પ્રતિસમય કિટ્ટિઓ અનંતી થાય છે અને તેનું પ્રમાણ એક સ્પર્ધકની વર્ગણાના (અભવ્યથી અનંતગુણ છે તેના) અનંતમાં ભાગ જેટલું છે.

વળી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણહીન નવી કિટ્ટિઓ કરે, એટલે કે પ્રથમ સમયે કરેલ કિટ્ટિ કરતાં બીજા સમયે અસંખ્યાતમા ભાગની કિટ્ટિઓ થાય, તેથી ત્રીજા સમયે અસંખ્યાતમા ભાગની એમ યાવત્ કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય સુધી[1].

**દલપ્રમાણ** - ૧લા સમયે સર્વ કિટ્ટિઓનું દલિક - થોડું

તેના કરતા ૨જા સમયે સર્વ કિટ્ટિઓનું દલિક - અસંખ્યગુણ

તેના કરતા ૩જા સમયે સર્વ કિટ્ટિઓનું દલિક - અસંખ્યગુણ

એમ યાવત્ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી જાણવું.

**પ્રથમ સમયની કિટ્ટિઓમાં દલપ્રમાણ** - પ્રથમ સમયે કિટ્ટિઓ માટે જે દ્રવ્ય ગ્રહણ કરે છે તેમાંથી અનંતી કિટ્ટિઓની રચના કરે છે. તેમાં સૌથી પ્રથમ કિટ્ટિમાં એટલે સૌથી જઘન્ય અનુભાગવાળી કિટ્ટિમાં દ્રવ્ય ઘણું, તેનાં કરતાં બીજી કિટ્ટિમાં વિશેષહીન દ્રવ્ય, તેના કરતાં ત્રીજી કિટ્ટિમાં વિશેષહીન દ્રવ્ય એમ યાવત્ ચરમ કિટ્ટિ સુધી આ ક્રમ જાણવો. તથા શેષ સમયોની કિટ્ટિઓમાં પણ આ પ્રમાણે જાણવું.

પ્રથમ કિટ્ટિ કરતા વિશેષહીન દ્રવ્ય થતા યાવત્ ચરમકિટ્ટિમાં પણ અનંતમાભાગહીન દ્રવ્ય જ નિક્ષેપ થાય છે, પરંતુ દ્વિગુણહાનિનું સ્થાન આવતુ નથી.

"णवरि परंपरोवणिधाए वि जोइज्जमाणाए पढमकिट्टिए णिक्खित्तपदेसग्गादो चरिम-किट्टिए णिसित्तपदेसग्गमणंतभागहीणं चेव होदि । कुदो ? किट्टीणमद्धाणस्स एयफड्डय-वग्गणाणमणंतिमभागपमाणत्तादो ।" - **જયધવલા પૃ. ૧૮૬૦.**

**પ્રથમસમયની કિટ્ટિઓમાં અનુભાગ** - અનુભાગની અપેક્ષાએ જઘન્ય કિટ્ટિનો રસ થોડો, તેથી બીજી કિટ્ટિનો રસ અનંતગુણ, તેથી ત્રીજીનો અનંતગુણ, એમ યાવત્ પ્રથમસમયની ચરમકિટ્ટિ સુધી જાણવું. પ્રથમ સમયની ચરમકિટ્ટિમાં જઘન્યરસસ્પર્ધકના અનુભાગ કરતા અનંતગુણહીન અનુભાગ હોય છે.

**દ્વિતીયસમયની કિટ્ટિઓમાં પ્રદેશ** - પ્રથમ સમય કરતા દ્વિતીય સમયે અસંખ્યગુણ

---

૧. "ओकड्डिदसयलदव्वस्सासंखेज्जभागमेत्तमेव दव्वमपुव्वकिट्टिसु समयाविरोहेण णिसिंचिय सेसबहुभागाणमुवरिमपुव्वकिट्टिसु फड्डएसु च जहापविभागं विहंजियूण णिसेगविण्णासकरणादो ।" - જયધવલા, પૃ. ૧૮૬૦.

દલિક કિટ્ટિઓ માટે લે છે. અહીં પ્રશ્ન થાય છે કે બીજા સમયે જે દ્રવ્ય લીધું તેમાંથી બધી નવી કિટ્ટિઓ જ કરે છે કે પૂર્વની કિટ્ટિમાં પણ દલિક નાંખે છે. **કર્મપ્રકૃતિચૂર્ણિ**માં આ વિષેનો ખુલાસો નથી. બીજા સમયે પ્રથમ સમય કરતાં અસંખ્યગુણહીન કિટ્ટિઓ કરે છે, એટલું જ માત્ર જણાવ્યું છે, પણ પ્રથમસમયની કિટ્ટિઓમાં પણ બીજા સમયે દ્રવ્ય નાંખે કે નહીં તેનો સ્પષ્ટ ખુલાસો નથી. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં બીજા સમયની પ્રથમ કિટ્ટિમાં (પ્રથમસમયની ચરમકિટ્ટિ કરતા) અસંખ્યગુણદ્રવ્ય નિક્ષેપ કહ્યો છે. ત્યારપછી ઉત્તરોત્તર કિટ્ટિમાં વિશેષહીન ક્રમે દલનિક્ષેપ યાવત્ ઓઘોત્કૃષ્ટ કિટ્ટિ સુધી કહ્યો છે. અહીં ઓઘોત્કૃષ્ટ સુધી કહ્યો છે તેનું તાત્પર્ય જ એમ લાગે છે કે બીજા સમયે પણ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ સુધી વિશેષહીનના ક્રમે દલનિક્ષેપ થતો હોય. નહીંતર બીજા સમયની ઉત્કૃષ્ટ કિટ્ટિ સુધી એમ કહ્યું હોત. તે પાઠ આ પ્રમાણે છે - "पढमसमए जहण्णियाए किट्टिए पदेसग्गं बहुअं, विदियाए पदेसग्गं विसेसहीणं एवं जाव चरिमाए किट्टिए पदेसग्गं तं विसेसहीणं । विदियसमए जहण्णियाए किट्टिए पदेसग्गमसंखेज्जगुणं, विदियाए विसेसहीणं, एवं जाव ओघुक्कस्सियाए विसेसहीणं ।" - **પૃ. ૧૮૯૦**

**પ્રશ્ન** - પ્રથમ સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી પ્રથમ કિટ્ટિ કરતા બીજા સમયની પ્રથમ એટલે ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિમાં દ્રવ્ય અસંખ્યગુણ આવે છે, એમ જે **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૧ની ચૂર્ણિ**માં કહ્યું છે - "जा पढमसमयकयाणं किट्टीणं सव्वबहुपदेसा सा बितियसमयकयाणं सव्वबहुपदेसातो किट्टितो असंखेज्जगुणहीणा, एवं अणंतराणंतरेण णेयव्वं ।" તે ઉપરોક્ત પ્રમાણે નિક્ષેપ માનતા શી રીતે આવશે, કેમકે પ્રથમ સમયની કિટ્ટિઓમાં પહેલાં દ્રવ્ય તો છે જ, ઉપરાંતમાં બીજા સમયે નવું દ્રવ્ય આવે, જ્યારે બીજા સમયની કિટ્ટિઓમાં તો નવું જ દ્રવ્ય બધું આવ્યું છે.

એટલે બીજા સમયની ઉત્કૃષ્ટપ્રદેશવાળી કિટ્ટિમાં ૧લા સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિથી અસંખ્યગુણ દલિક શી રીતે થાય ?

**જવાબ** - અહીંયા બીજા સમયે પણ દલનિક્ષેપ પ્રથમ સમયની કિટ્ટિઓમાં માનતા તમે કહો છો તે આપત્તિ નહીં આવે, કેમકે ઉપર જે અલ્પબહુત્વમાં બીજા સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિના દ્રવ્ય કરતા પ્રથમ સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિનું દ્રવ્ય અસંખ્યગુણહીન કહ્યું છે તે પ્રથમ સમયની કિટ્ટિમાં બીજા સમયે થયેલ દલનિક્ષેપ સિવાયના દળની અપેક્ષાએ, એટલે કે પ્રથમ સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિમાં તે સમયના દળની અપેક્ષાએ સમજવાનું, એથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિમાં બીજા સમયની ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિથી અસંખ્યગુણહીન દ્રવ્ય આવે, એટલું જ નહીં, પણ **કર્મપ્રકૃતિ**

**ટીકાકારે** જે પ્રથમ સમયની સર્વોત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિ કરતાં બીજા સમયની સર્વ જઘન્ય પ્રદેશવાળી કિટ્ટિમાં અસંખ્યગુણ દ્રવ્ય કહ્યું છે તે પણ આ રીતે સંગત થાય છે - "**प्रथमसमयकृतानां किट्टीनां मध्ये या सर्वबहुप्रदेशा किट्टी सा स्तोकप्रदेशा । ततो द्वितीयसमयकृतानां किट्टीनां मध्ये या सर्वाल्पप्रदेशा किट्टी साऽसंख्येयगुणप्रदेशा ।**" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૧ની મલય. ટીકા.**

અહીં આ રીતે કિટ્ટિઓ માટે ખેંચેલા દ્રવ્યનો નિક્ષેપ બતાવ્યો. પરંતુ કિટ્ટિકરણાદ્ધાના પ્રથમસમયથી પ્રતિસમય જેમ કિટ્ટિઓની રચના થાય છે તેમ બીજી સ્થિતિમાં રહેલા જે જઘન્યાદિ રસસ્પર્ધકો છે તેમાં પણ દલનિક્ષેપ થતો હોવો જોઈએ. કિટ્ટિઓમાં દલનિક્ષેપ વિશેષહીનના પ્રકારે થયો ત્યારે ચરમકિટ્ટિ (ઓઘોત્કૃષ્ટ)માં દલ પ્રક્ષેપ કરતાં પ્રથમ જઘન્ય અનુભાગ સ્પર્ધકની ૧લી વર્ગણામાં અનંતગુણહીન દલનિક્ષેપ થાય, અને ત્યાર પછી પછીની વર્ગણાઓમાં વિશેષહીનના ક્રમે દલપ્રક્ષેપ થાય છે. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં ઓઘઉત્કૃષ્ટ કિટ્ટિ સુધી વિશેષહીન દળનો ક્રમ બતાવ્યા પછી કાંઉસમાં તેને લગતી પંક્તિ લખી છે. "(**तदो जहण्णफद्दयादिवग्गणाए अणंतगुणहीणं । तत्तो विसेसहीणं ।**)[१]" - **પૃ. ૧૮૬૧.**

**દ્વિતીય સમયની કિટ્ટીઓમાં અનુભાગ :** બીજા સમયની જઘન્ય કિટ્ટીમાં રસ સર્વથી થોડો. તેના કરતાં બીજા સમયની બીજી કિટ્ટિમાં રસ અનંતગુણ. તેના કરતાં બીજા સમયની ત્રીજી કિટ્ટિમાં રસ અનંતગુણ. એમ યાવત્ બીજા સમયની ચરમ કિટ્ટિ સુધી જાણવું. અને બીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી ચરમકિટ્ટિમાં પણ રસ પ્રથમ સમયની સર્વ જઘન્ય રસવાળી પ્રથમ કિટ્ટિ કરતા અનંતગુણહીન જાણવો.

[૨]એક જ સમયની કિટ્ટિઓને રસના ક્રમે એટલે કે પહેલાં જઘન્ય અનુભાગવાળી પછી તેથી વધારે રસવાળી, ત્યારપછી તેથી વધારે રસવાળી એમ ગોઠવીએ તો પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર કિટ્ટિમાં રસ અનંતગુણ આવે, જ્યારે દ્રવ્ય વિશેષહીન આવે.

---

૧. જયધવલામાં પણ અપૂર્વસ્પર્ધકોમાં નિક્ષેપ કહ્યો છે -

"**तदो जहण्णफद्दयादिवग्गणाए अणंतगुणहीणं तत्तो विसेसहीणमणंतभागेणेत्ति णेदव्वं जाव उक्कस्सफड्डयादो जहण्णाइच्छावणामेत्तफड्डयाणि हेट्ठा ओसरिदूण ट्ठिदतदित्थफड्डयस्स उक्कस्सिया वग्गणात्ति**" - પૃ. ૧૮૬૨.

૨. સર્વસમયોની કિટ્ટિઓને પણ જઘન્ય રસથી ઉત્કૃષ્ટ રસ સુધી ક્રમસર ગોઠવીએ તો પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર કિટ્ટિઓમાં રસ અનંતગુણ અને પ્રદેશ વિશેષહીન (ગોપુચ્છાકારે) આવે, એમ **લબ્ધિસાર**માં જણાવ્યું છે. તે ગ્રંથમાં બતાવેલ દલનિક્ષેપના વિધિ પરથી સુતરામ્ જાણી શકાશે.

પ્રથમ સમયની સર્વ જઘન્ય રસવાળી કિટ્ટિ કરતાં બીજા સમયની સર્વ ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિમાં રસ અનંતગુણહીન આવે. તેથી બીજા સમયની સર્વ જઘન્ય રસવાળી કિટ્ટિમાં અનંતગુણહીન. તેથી ત્રીજા સમયની સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિમાં અનંતગુણહીન રસ આવે. તેથી ત્રીજા સમયની સર્વ જઘન્ય રસવાળી કિટ્ટિમાં અનંતગુણહીન રસ આવે. એમ યાવત્ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધીની કિટ્ટિઓમાં જાણવું. (૪૯)(૫૦)(૫૧)

કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા બહુ ભાગ પસાર થાય ત્યારે જે થાય તે બતાવે છે-

**भिन्नमुहुत्तो संखेज्जेसु य घाईण दिणपुहुत्तं तु ।**
**वाससहस्सपुहुत्तं अंतो दिवसस्स अंते सिं ।। ५२ ।।**
**वाससहस्सपुहुत्ता बिवरिसअंतो अघाइकम्माणं ।**
**लोभस्स अणुवसंतं किट्टिओ जं च पुव्वुत्तं ।। ५३ ।।**

**અક્ષરાર્થ** - કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતાબહુભાગ પસાર થયે છતે સંજ્વલનલોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત જેટલો થાય છે, ત્રણ ઘાતિકર્મોનો સ્થિતિબંધ દિવસપૃથક્ત્વ જેટલો થાય છે, નામ-ગોત્ર-વેદનીયનો સ્થિતિબંધ વર્ષસહસ્રપૃથક્ત્વ જેટલો થાય છે. કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે સંજ્વલનલોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્તપ્રમાણ થાય, ત્રણ ઘાતીકર્મોનો સ્થિતિબંધ અહોરાત્રની અંદર જેટલો થાય, નામ-ગોત્ર-વેદનીયનો સ્થિતિબંધ વર્ષસહસ્રપૃથક્ત્વથી ઘટતા ઘટતા બે વરસની અંદરનો થાય. સં.લોભનું કિટ્ટિગત દલિક, સમય ન્યૂન બે આવલિકાનું બદ્ધદલિક અને પ્રથમ સ્થિતિની ચરમાવલિકાનું દલિક આટલું દલિક અનુપશાંત રહે છે. શેષ સર્વ દલિક ઉપશાંત થઈ જાય છે. (૫૨)(૫૩)

**વિશેષાર્થ** - કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા બહુભાગ પસાર થાય ત્યારે સં.લોભનો અંતર્મુહૂર્ત સ્થિતિબંધ થાય અને ઘાતિત્રયનો દિવસપૃથક્ત્વ સ્થિતિબંધ થાય છે. કિટ્ટિકરણાદ્ધાના *દ્વિચરમ સ્થિતિબંધ સુધી નામ-ગોત્રનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય.*

કિટ્ટિકરણાદ્ધાની (લોભની પ્રથમસ્થિતિની) સમયોન ૩ આવલિકા શેષે સં.લોભની પતદ્ગ્રહતા નષ્ટ થતી હોવાથી પ્રત્યા. અપ્રત્યા. લોભ સં.લોભમાં સંક્રમતા નથી, પરંતુ સ્વસ્થાને જ ઉપશાંત થાય છે. કિટ્ટિકરણાદ્ધાની આવલિકા-પ્રત્યાવલિકા એમ બે આવલિકા બાકી રહે છે ત્યારે આગાલનો વિચ્છેદ થાય છે, કેવળ દ્વિતીયાવલીમાંથી ઉદીરણા પ્રવર્તે છે.

ઉદીરણાવલિકાના ચરમસમયે (અર્થાત્ નવમા ગુણસ્થાનકના ચરમસમયે) -

(૧) સં.લોભના બંધનો, બાદરલોભના ઉદયનો અને ઉદીરણાનો ચરમસમય.

(૨) સં.લોભનો અંતર્મુહૂર્તનો સ્થિતિબંધ થાય. જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયનો અંતો-અહોરાત્રી સ્થિતિબંધ થાય અને નામ-ગોત્રનો બે વર્ષથી કંઈક ન્યૂન સ્થિતિબંધ થાય.

ત્યાર પછી અનંતરસમયે એટલે લોભની પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે-

(૧) સં.લોભનો બંધવિચ્છેદ, બાદરલોભના ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય.

(૨) પ્રત્યા. અપ્રત્યા. લોભ સર્વથા ઉપશાંત થયું હોય.

(૩) પ્રથમસ્થિતિની શેષાવલિકા, બીજી સ્થિતિમાં સં.લોભનું સમયોન બે આવલિકાનું બંધાયેલું દ્રવ્ય, તથા કિટ્ટિઓ અનુપશાંત છે. તે સિવાયનું સં.લોભનું બધું જ દલિક ઉપશાંત થઈ ગયું છે.

પ્રથમસ્થિતિની બાદરલોભની શેષાવલિકા સં.લોભની સૂક્ષ્મકિટ્ટિઓને અનુભવતા તેમાં સંક્રમીને ભોગવાઈ જાય. તથા સમયોન બે આવલિકાનું દલિક પણ સૂક્ષ્મલોભને અનુભવતા તથા કિટ્ટિગત લોભના દલિકને ઉપશમાવતા તેની સાથે તેટલા જ કાળે સં.માયાવત્ ઉપશમાવે છે. (૫૨)(૫૩)

सेसद्धं तणुरागो तावईया किट्टिऊ य पढमठिइं ।
वज्जिय असंखभागं हेट्ठुवरिमुदीरए सेसा ।। ५४ ।।
गेण्हंतो य मुयंतो असंखभागो य चरिमसमयम्मि ।
उवसामेई बिईयट्ठिइं पि पुव्वं व सव्वद्धं ।। ५५ ।।

**અક્ષરાર્થ** - લોભવેદકાદ્ધાનો બાકીનો કાળ સૂક્ષ્મસંપરાય થાય. ત્યારે સૂક્ષ્મસંપરાયાદ્ધાની તુલ્ય કિટ્ટિઓની પ્રથમસ્થિતિ કરે. કિટ્ટિકરણાદ્ધાની પ્રથમસમયકૃતકિટ્ટિનો અસંખ્યાતમો ભાગ અને ચરમસમયકૃતકિટ્ટિનો અસંખ્યાતમો ભાગ છોડીને બાકીની કિટ્ટિઓ સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયે અનુભવે. (૫૪)

ચરમ સમય સુધી પ્રતિસમય વર્જવા યોગ્ય ઉત્કૃષ્ટ કિટ્ટિઓમાં એક-એક અસંખ્યાતમો ભાગ વધુ ગ્રહણ કરતો જાય અને વર્જવા યોગ્ય જઘન્ય કિટ્ટિઓમાં એક-એક અસંખ્યાતમો ભાગ વધુ છોડતો જાય. પ્રતિસમય પૂર્વની જેમ બીજી સ્થિતિને પણ ઉપશમાવે છે. (૫૫)

**વિશેષાર્થ : સૂક્ષ્મસમ્પરાય ગુણસ્થાનક -**

જે સમયે સં.લોભની પ્રથમસ્થિતિ અને બાદર લોભનો ઉદયવિચ્છેદ થાય છે તે જ સમયે બીજી સ્થિતિમાંથી સં.લોભના કિટ્ટિગત દલિક ખેંચી પ્રથમ સ્થિતિ કરે છે, અને *ભોગવે છે. અહીંથી આ જીવ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનવર્તી કહેવાય છે.* સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના કાળ જેટલી સૂક્ષ્મકિટ્ટિઓની પ્રથમસ્થિતિ સં.માયાવત્ કરે છે અને ભોગવે

છે. અહીં સૂક્ષ્મસંપરાયની પ્રથમસ્થિતિ બાદરલોભની પ્રથમસ્થિતિથી કંઈક ન્યૂન અડધા જેટલી છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યુ છે - "जा पढमसमयलोभवेदगस्स पढमट्ठिदी तिस्से पढमट्ठिदीए इमा सुहुमसंपरायस्स पढमट्ठिदी दुभागो थोवूणओ ।" - **પૃ. ૧૮૯૫**

અહીં **કષાયપ્રાભૃતચૂર્ણિકાર**નું તાત્પર્ય એ છે કે લોભવેદકાદ્ધાના ત્રણ ભાગ પાડીએ તેમાં (૧) સ્પર્ધકગત સત્તાનો કાળ (અશ્વકર્ણકરણાદ્ધા) (૨) કિટ્ટિકરણાદ્ધા (૩) કિટ્ટિવેદનાદ્ધા. આ ત્રણ ભાગમાં સૌથી થોડો કિટ્ટિવેદનાદ્ધાનો કાળ છે, તેથી કિટ્ટિકરણાદ્ધા વિશેષાધિક છે અને તેથી અશ્વકર્ણકરણાદ્ધા વિશેષાધિક છે. બાદરલોભની પ્રથમસ્થિતિ પહેલા બે ભાગ કરતાં એક આવલિકા જેટલી વધારે છે. સૂક્ષ્મલોભની પ્રથમસ્થિતિ ત્રીજી કિટ્ટિવેદનાદ્ધા જેટલી જ છે, જે પૂર્વે કહેલ છે. આ વસ્તુ આગળ ઉપરના અલ્પબહુત્વદ્વાર ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

"उवसामगस्स सुहूमसंपरायद्धा किट्टीणमुवसामणद्धा सुहूमसंपराइयस्स पढमट्ठिदी च तिण्णि वि तुल्लाओ विसेसाहियाओ ।।६१७।। उवसामगस्स किट्टिकरणद्धा विसेसाहिया ।।६१८।। पडिवदमाणस्स बादरसांपराइयस्स लोभवेदगद्धा संखेज्जगुणा ।।६१९।। तस्सेव लोहस्स तिविहस्स वि तुल्लो गुणसेढिणिक्खेवो विसेसाहिओ ।।६२०।। उवसामगस्स बादरसंपराइयस्स लोभवेदगद्धा विसेसाहिया ।।६२१।। तस्सेव पढमट्ठिदी विसेसाहिया ।।६२२।।" - **પૃ. ૧૯૩૫.**

ઉપરોક્ત અલ્પબહુત્વમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સૂક્ષ્મસંપરાયાદ્ધાથી કિટ્ટિકરણાદ્ધા વિશેષાધિક છે અને કિટ્ટિકરણાદ્ધા કરતા પડનાર બાદરસંપરાયની લોભવેદકાદ્ધા સંખ્યાતગુણ છે. તથા તેના કરતા પડતા ત્રણે લોભનો ગુણશ્રેણિનિક્ષેપ વિશેષાધિક છે અને તેના કરતાં ઉપશામક (ચડતા) બાદર સંપરાયની લોભવેદકાદ્ધા વિશેષાધિક છે. અહીં સંખ્યાતગુણ એટલે ઓછામાં ઓછું દ્વિગુણ તો થાય જ. તેથી કિટ્ટિકરણાદ્ધાથી દ્વિગુણથી પણ અધિક બાદર સંપરાયની લોભવેદકાદ્ધા થઈ, અને બાદરસંપરાયલોભવેદકાદ્ધાના બે ભાગમાં એક ભાગ ઉદીરણાદ્ધા છે. તેથી કિટ્ટિકરણાદ્ધા કરતા લોભવેદકાદ્ધાનો પ્રથમ ભાગ (અશ્વકર્ણકરણાદ્ધા) વિશેષાધિક થાય.

**પ્રશ્ન** - તો પછી પૂર્વે લોભવેદકાદ્ધાના ૨/૩ ભાગ જેટલી બાદરલોભની પ્રથમસ્થિતિ કરે છે, એમ જે કહ્યું છે તેનું શું ? કેમકે અહીં તમે કહો છો તે પ્રમાણે તો લોભ-વેદકાદ્ધાના ૨/૩ ભાગથી કંઈક અધિક તો બાદરલોભવેદકાદ્ધા છે અને તેનાથી એકાવલિકા

અધિક તેની પ્રથમ સ્થિતિ છે.

**જવાબ** - પૂર્વનું કથન એ સામાન્યતઃ (ઓઘથી) છે. ત્યાં બે ભાગ પ્રમાણ એટલે કાળની અપેક્ષાએ સમાન ત્રણ ભાગ કરી તેના બે ભાગ લેવા એ અર્થમાં નથી પણ સામાન્યથી લોભવેદકાદ્ધામાં મુખ્ય ત્રણ કાર્ય હોવાથી લોભવેદકાદ્ધાના ત્રણ કાર્યની અપેક્ષાએ ત્રણ ભાગ પાડ્યા છે અને તેમાંથી બે ભાગ પ્રમાણ પ્રથમસ્થિતિ છે. તેથી ત્રણે કાર્યનો સમાનકાળ સમજવાનો નથી.

તેથી **કર્મપ્રકૃતિઉપશમનાકરણ ગા. ૫૪ની ચૂર્ણિ** વગેરેમાં પણ પૂર્વે બે ભાગ પ્રમાણ બાદરલોભવેદકાદ્ધાની પ્રથમસ્થિતિ કહી છે અને શેષ ત્રીજાભાગે સૂક્ષ્મરાગી થાય છે - "सेसतिभागे सुहुमरागो भवति ।" એવું કથન સામાન્યાપેક્ષયા સમજવાનું છે. શેષ ત્રિભાગે એટલે લોભવેદકાદ્ધાનો જેટલો કાળ છે તેનો ૧/૩ ભાગ બાકી રહે ત્યારે તેવો અર્થ લેવાનો હોય તેમ લાગતું નથી અથવા ત્રણેના કાળમાં થોડો ફેર હોય અને તેની વિવક્ષા ન કરી હોય એમ સંભવે છે.

**કિટ્ટિવેદનાદ્ધામાં થતાં કાર્યો** - અહીં પ્રથમ સમયથી એટલે કે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ૧લા સમયથી કિટ્ટિઓને વેદવાની સાથે (૧) સં.બાદરલોભની શેષાવલિકા સ્તિબુકસંક્રમથી કિટ્ટિઓમાં ભેગી સંક્રમાવીને ભોગવતો જાય છે. (૨) સં. બાદરલોભનું બીજી સ્થિતિમાં રહેલું સમયોન ૨ આવલિકામાં બંધાયેલા દલિકની ઉપશમના કરતા કરતા તેટલા કાળે તેને સર્વથા ઉપશાંત કરી દે છે. (૩) લોભનું દલિક અન્યત્ર સંક્રમતું નથી તથા સાથે સાથે બીજી સ્થિતિમાં રહેલ કિટ્ટિઓમાં દલિકને અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. "ताधे चेव सव्वासु किट्टिसु पदेसग्गमुवसामेदि गुणसेढीए ।" -**કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ.૧૮૬૬.**

**કિટ્ટિઓ વેદવાનો વિધિ** - કિટ્ટિવેદનાદ્ધાના પ્રથમ સમયે કિટ્ટિઓના અસંખ્યાતા બહુભાગને અનુભવે છે તેમાં પણ કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમય અને છેલ્લા સમય સિવાયના કાળમાં થયેલ સર્વકિટ્ટિઓમાંના દલિકને અનુભવે છે. કિટ્ટિઓમાંથી પ્રથમસમયની ઉત્કૃષ્ટ કિટ્ટિથી પ્રથમ સમયની કુલ કિટ્ટિના એક અસંખ્યાતમા ભાગ જેટલી કિટ્ટિઓ તથા તેવી જ રીતે ચરમસમયની જઘન્ય કિટ્ટિથી ચરમ સમયની કુલ કિટ્ટિનો એક અસંખ્યાતમો ભાગ પ્રમાણ કિટ્ટિઓ કિટ્ટિવેદનાદ્ધાના પ્રથમ સમયે ઉદયમાં આવતી નથી[1] અર્થાત્ પ્રથમસમયની

[1]. **લબ્ધિસાર**માં આ કિટ્ટિઓ સ્વરૂપે ઉદયમાં આવતી નથી, પરંતુ પરરુપે એટલે કે ઉત્કૃષ્ટ કિટ્ટિઓ રસ ઘટાડીને તથા જઘન્ય કિટ્ટિઓ રસ વધારીને ઉદયમાં આવી શકે છે, એમ કહ્યું છે. તથા આ કિટ્ટિઓ ઉદયમાં ન આવવાનું કારણ ઉત્કૃષ્ટ કિટ્ટિઓમાં રસ વધારે પડે છે, જ્યારે જઘન્ય કિટ્ટિઓનો રસ અલ્પ પડે છે, એમ જણાવ્યું છે.

ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિથી પ્રથમસમયની કુલ કિટ્ટિના અસંખ્યાતમા ભાગ સિવાયની સર્વ કિટ્ટિઓ. તથા ચરમ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિથી ચરમસમયની કુલ કિટ્ટિના અસંખ્યાતમા ભાગ સિવાયની સર્વ કિટ્ટિઓ તથા વચલા સમયોની થયેલી સર્વ કિટ્ટિઓ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના પ્રથમ સમયે ઉદયમાં આવે છે.

"वज्जिय असंखभागं हेट्ठुवरिमुदीरए सेसा ।।५४।। - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ.**

**કર્મપ્રકૃતિચૂર્ણિમાં પણ કહ્યુ છે** - "पढमसमयसुहुमरागो किट्टीणं असंखेज्जं भागं वेयति । जाओ अपढमसमयअचरिमसमएसु अपुव्वातो कयातो तातो सव्वातो पढमसमते उदिन्नातो, जाओ पढमसमते कयातो तासिं अग्गग्गातो असंखेज्जतिभागं मोत्तूणं जातो य चरिमसमयकयाओ किट्टितो तासिं च जहन्नगपभिइं असंखेज्जतिभागं मोत्तूणं सेसातो उदीरेति।" "पढमसमयकयाणं उवरिं चरिमसमयकयाणं हेट्ठुतो असंखेज्जतिभागं मोत्तूणं उदीरेति ।" - **ગા. ૫૪ની ચૂર્ણિ.**

કિટ્ટિવેદનાદ્ધાના બીજા સમયે પહેલાં સમયે જે ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિઓ છોડી હતી તેના અસંખ્યાતમા ભાગ જેટલી બીજી ઉત્કૃષ્ટરસવાળી કિટ્ટિઓ જે પ્રથમ સમયે ઉદયમાં હતી તેટલી કિટ્ટિઓ વધારે છોડે છે અને નીચેની જઘન્ય રસવાળી કિટ્ટિઓ જે છોડી દીધી હતી તેમાંથી તેના અસંખ્યાતમા ભાગ જેટલી કિટ્ટિઓ ગ્રહણ કરે છે. એટલે પ્રથમસમયે ઉદયને અયોગ્ય જે ઉત્કૃષ્ટ કિટ્ટિઓ હતી તેમાં વધારો થયો અને ઉદયને અયોગ્ય જે જઘન્ય કિટ્ટિઓ હતી તેમાં ઘટાડો થયો. અર્થાત્ તેને ઉદયમાં ગ્રહણ કરે છે. આમ કરતાં બીજા સમયે ઉદયને યોગ્ય કિટ્ટિઓ પ્રથમ સમય કરતાં ઓછી થઈ. કેમકે ઉત્કૃષ્ટ કિટ્ટિ જે છોડી તેની સંખ્યા કરતા જઘન્ય કિટ્ટિ જે લીધી તેની સંખ્યા ઓછી છે. આ રીતે છેક ચરમસમય સુધી ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિઓ વધુ ને વધુ છોડતો જાય છે અને જઘન્ય રસવાળી કિટ્ટિઓ જે છોડી છે તેમાંથી પ્રતિસમય અસંખ્યાતમા ભાગ જેટલી કિટ્ટિઓને ઉદયમાં ગ્રહણ કરતો જાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૫ની ચૂર્ણિમાં કહ્યુ છે** - "बितियसमते उदिन्नाणं असंखेज्जइभागं मुयंति, हेट्ठुतो अपुव्वं असंखेज्जतिभागं गेण्हति, एवं जाव सुहुमरागचरिम-समतो। તાત્પર્યાર્થ એ નીકળ્યો કે પહેલા સમયે ઉત્કૃષ્ટરસવાળી અમુક તથા જઘન્યરસવાળી અમુક કિટ્ટિઓ વર્જી શેષ કિટ્ટિઓનો ઉદય હોય. બીજા સમયે ઉત્કૃષ્ટરસવાળી અધિક કિટ્ટિઓ તથા જઘન્ય રસવાળી ઓછી કિટ્ટિઓ વર્જી શેષ કિટ્ટિઓનો ઉદય હોય. એમ ચરમ સમય સુધી ઉક્ત ક્રમે જાણવું.




AA' =કિટ્ટિવેદનાદ્ધાના પ્રથમસમયે ઉદયને યોગ્ય કિટ્ટિઓ.

AX =કિટ્ટિવેદનાદ્ધાના પ્રથમસમયે ઉદયને અયોગ્ય પ્રથમસમયકૃત કિટ્ટિઓ અસત્કલ્પનાએ ૧૦૦

A'X' =કિટ્ટિવેદનાદ્ધાના પ્રથમસમયે ઉદયને અયોગ્ય ચરમસમયકૃત કિટ્ટિઓ અસત્કલ્પનાએ ૮૦

પ્રથમ સમયે ઉદયને અયોગ્ય કુલ કિટ્ટિઓ = ૧૦૦ + ૮૦ = ૧૮૦

અસત્કલ્પનાએ બીજા સમયે ઉત્કૃષ્ટમાં બીજી ૨૦ કિટ્ટિ વધારે છોડે એટલે શરુઆતની ૧૨૦ કિટ્ટિઓ ઉદયને અયોગ્ય અને જઘન્યમાંથી ૧૬ કિટ્ટિ ઉદયમાં લે એટલે ચરમસમયની ઉદયને અયોગ્ય કિટ્ટિઓ ૬૪ થાય. તેથી બીજા સમયે ઉદયને અયોગ્ય કિટ્ટિઓ કુલ = ૧૨૦ + ૬૪ = ૧૮૪ થાય.

એમ ત્રીજા વગેરે સમયે પણ સમજવું.

અહીંયા જે કિટ્ટિઓ છોડી દેવાય છે તેનો અર્થ બે રીતે થઈ શકે છે.

(૧) ઉદયમાં તેટલી કિટ્ટિઓ લેતો જ નથી, એટલે કે તેવા રસવાળી કિટ્ટિઓ ઉદયમાં હોતી જ નથી, તેમજ ઉદીરણા દ્વારા પણ આવતી નથી.

(૨) અથવા પ્રથમ સ્થિતિ કરી ત્યારે નિષેકોમાં સર્વ કિટ્ટિઓના દલને ગોઠવ્યું છે,

તેમાંથી દરેક સમયે જે કિટ્ટિઓ વર્જવાનું કહ્યું છે તે કિટ્ટિઓને તે રુપે ન ભોગવે પરંતુ તેમાં ઓછારસવાળી કિટ્ટિઓનો રસ વધારીને તથા વધારે રસવાળી કિટ્ટિઓનો રસ ઘટાડીને ભોગવે. તેથી તેટલી કિટ્ટિઓ છોડી દીધી એમ કહી શકાય. "છોડી દીધી, मुञ्चति, वज्जिय" પદોનો અર્થ સ્વસ્વરૂપે ન ભોગવવી, પરંતુ પરરૂપે ભોગવવી એવો કરવો અને તે રસની વૃદ્ધિ-હાનિ પણ પૂર્વે ન થતા ઉદય સમયે જ થાય એમ સમજવું.

**પ્રથમ પક્ષની આપત્તિ** : પ્રથમ પક્ષ સ્વીકારીએ તો વાંધો એ આવે છે કે ઉદયપ્રાપ્તકિટ્ટિઓના અસંખ્યાતમા ભાગને છોડવાનું કહ્યુ છે, તે શી રીતે સંભવી શકે ? **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૫ની ચૂર્ણિ**માં કહ્યુ છે કે - "बितियसमते उदिन्नाणं असंखेज्जइभागं मुंचति।" અહીં उदिन्नाणं એટલે ઉદયને પ્રાપ્ત કિટ્ટિઓમાંથી અસંખ્યાતમો ભાગ છોડે છે, એવો અર્થ થાય. ઉદયમાં ગ્રહણ કરતો જ નથી એવો અર્થ શી રીતે થઈ શકે ? **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૫ની મલય. ટીકા**માં પણ તેવો જ અર્થ કર્યો છે- "द्वितीयसमये उदयप्राप्तानां किट्टीनामसंख्येयभागं मुञ्चति।" તેથી નિષેકગત જે કિટ્ટિઓ છે તેને છોડી દે છે, એવો અર્થ થાય. પરંતુ ઉદયમાં પ્રાપ્ત થયેલ પ્રદેશો કદાપિ વિપાક કે પ્રદેશથી અનુભવ્યા વગર છૂટી શકે નહીં, તેથી અહીંયા છોડી દે છે નો અર્થ સ્વસ્વરૂપે નથી ભોગવતો પણ પરરૂપે રસ વધારી-ઘટાડીને ભોગવે છે, એવો થઈ શકે.

**બીજા પક્ષની આપત્તિઓ** : બીજો પક્ષ માનીએ એટલે કે જે કિટ્ટિઓ છોડી દેવાની હોય તેના દલિકો નિષેકમાં ગોઠવાયેલા હોવાથી ઉદયમાં તો આવે છે પરંતુ તે રસ વધારીને કે ઘટાડીને ભોગવાય છે, સ્વરૂપે ભોગવાતા નથી, એમ માનીએ તો પ્રશ્ન એ થાય છે કે ઉદયાવલિકામાં પ્રવેશેલ દલિકોમાં ઉદ્વર્તના કે અપવર્તના શી રીતે થાય ? **કષાયપ્રાભૃત ગા. ૧૫૯** તથા તેની **ચૂર્ણિ**માં ઉદયાવલિમાં પ્રવિષ્ટ અનુભાગને છોડીને સર્વ અનુભાગની અપવર્તના કે ઉદ્વર્તના થઈ શકે એમ કહ્યુ છે- "सव्वे वि य अणुभागे ओकड्डुदि जे ण आवलियपविट्ठे। उक्कड्डुदिबंधसमं णिरुवक्कम होदि आवलिया ॥१५९॥" - **પૃ. ૨૦૧૫.**

**ચૂર્ણિ-** "उदयावलियपविट्ठे अणुभागे मोत्तूण सेसे सव्वे चेव अणुभागे ओकड्डुदि। एवं चेव उक्कड्डुदि ।" - **પૃ. ૨૦૧૬.**

વળી બીજો પ્રશ્ન એ થાય છે કે **ગા. ૧૬૪ની ચૂર્ણિ**માં કહ્યુ છે કે ઉપશામક આરોહકને કિટ્ટિકરણાદ્ધાથી સૂક્ષ્મસંપરાય સુધી સ્થિતિ અને રસની અપવર્તના થઈ શકે, પરંતુ ઉદ્વર્તના થઈ શકતી નથી, તો પછી અહીં કિટ્ટિવેદનાદ્ધામાં આરોહકને રસની ઉદ્વર્તના શી રીતે થઈ શકે ?

''किट्टी करेदि णियमा ओवट्टंतो ट्ठिती य अणुभागे । वड्ढेंतो किट्टिए अकारगो होदि बोद्धव्वो ।। १६४ ।।'' - **કષાયપ્રાભૃત**

**ચૂર્ણિ-સૂત્ર ૭૨૩-** ''उवसामगो पुण पढमसमयकिट्टिकारगमादिं कादूण जाव चरिमसमयसकसायो ताव ओकड्डगो, ण पुण उक्कड्डगो । पडिवदमाणगो पुण पढमसमयकसायप्पहुडि ओकड्डगो वि उक्कड्डगो वि ।'' - **પૃ. ૨૦૭૪.**

વળી **ક્ષપકશ્રેણિના અધિકાર**માં **ગા. ૨૨૩ની ચૂર્ણિના સૂત્ર ૧૪૫૪**માં પણ કહ્યુ છે કે- ''हंदि किट्टिकारगो किट्टिवेदगो वा ट्ठिदिअणुभागे ण उक्कड्डदि त्ति ।'' - **પૃ. ૨૨૪૨.**

અહીંયા બીજા પક્ષની આપત્તિઓનો જવાબ આ પ્રમાણે છે-

ઉદયાવલિકામાં રહેલ રસની ઉદ્વર્તના-અપવર્તના થતી નથી એ વાત બરાબર છે. પરંતુ ઉદયસમયગત રસને ઓછો કે વધારે કરવો તેને ઉદ્વર્તના-અપવર્તના નથી કહેવાતી. અને ઉદયસમયગત રસ ઓછો કે વધારે કરવામાં વાંધો નથી. **કષાયપ્રાભૃત મૂળ** તથા ચૂર્ણિમાં **ક્ષપકશ્રેણિના અધિકાર**માં જણાવ્યું છે કે-

''पच्छिमआवलियाए समयूणाए दु जे य अणुभागा । उक्कस्स-हेट्ठिमा-मज्झिमासु णियमा परिणमंति ।।२२८।।''

**ચૂર્ણિ-** ''विहासा । पच्छिमआवलियात्ति का सण्णा ? जा उदयावलिया सा पच्छिमावलिया । तदो तिस्से उदयावलियाए उदयसमयं मोत्तूण सेसेसु समएसु जा संगहकिट्टि वेदिज्जमाणिगा तिस्से अंतरकिट्टीओ सव्वाओ ताव धरिज्जन्ति जाव ण उदयं पविट्ठाओ त्ति । उदयं जाधे पविट्ठाओ ताधे चेव तिस्से संगहकिट्टिए अग्गकिट्टिमादिं कादूण उवरि असंखेज्जदिभागो जहण्णियं किट्टिमादिं कादूण हेट्ठा असंखेज्जदिभागो च मज्झिमकिट्टिसु परिणमदि ।'' - **પૃ. ૨૨૫૨.**

આ પરથી અહીં ગ્રંથકારના અનુસારે દ્વિતીયપક્ષ ઉચિત છે. પ્રથમ પક્ષ અમે સ્વીકારતા નથી.

પૂર્વે કહ્યું છે કે સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી બીજી સ્થિતિમાં રહેલ સર્વ કિટ્ટિઓના દલને પણ અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. તેમ કરતા સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે (૧) બીજી સ્થિતિમાં રહેલ સર્વ કિટ્ટિઓ ઉપશાંત થઈ જાય છે. (૨) સૂક્ષ્મ કિટ્ટિઓની પ્રથમ સ્થિતિ પણ ભોગવાઈ જાય છે. (૩) જ્ઞાનાવરણ, દર્શનાવરણ. અંતરાયનો અંતર્મુહૂર્ત પ્રમાણનો અને નામગોત્રનો ૧૨ મુહૂર્ત પ્રમાણનો તથા વેદનીયનો ૨૪ મુહૂર્ત પ્રમાણનો છેલ્લો સ્થિતિબંધ થાય છે.

આમ સૂક્ષ્મસંપરાયાદ્ધાના ચરમસમયે લોભ સર્વથા ઉપશાંત થઈ જાય છે. અને આ રીતે મોહનીયકર્મ અહીં સર્વથા ઉપશાંત થઈ જાય છે. અનંતરસમયે એ જીવ ઉપશાંતમોહ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. (૫૪) (૫૫)

હવે ઉપશાન્તમોહ ગુણસ્થાનક બતાવે છે -

उवसंतद्धा भिन्नमुहुत्तो तीसे य संखतमतुल्ला ।
गुणसेढी सव्वद्धं तुल्ला य पएसकालेहिं ॥५६॥

उवसंता य अकरणा संकमणोवट्टणा य दिट्ठितिगे ।
पच्छाणुपुव्विगाए परिवडइ पमत्तविरतो त्ति ॥५७॥

**અક્ષરાર્થ** - ઉપશાંતમોહ ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. ત્યાં ઉપશાંતાદ્ધાના સંખ્યાતમા ભાગ પ્રમાણ ગુણશ્રેણિ રચે છે. તે ગુણશ્રેણિ ઉપશાંતાદ્ધા સુધી પ્રદેશ અને કાળની અપેક્ષાએ સમાન રચે છે. (૫૬)

ઉપશાંત કર્મપ્રકૃતિઓ કરણને અયોગ્ય બને છે, પણ ઉપશાંત દર્શન-૩માં સંક્રમ અને અપવર્તના થાય છે. પશ્ચાનુપૂર્વીના ક્રમે પડે યાવત્ પ્રમત્તવિરત સુધી. (૫૭)

**વિશેષાર્થ-ઉપશાંતમોહગુણસ્થાનક** : ઉપશાંતમોહ ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. ત્યાં સુધી અવસ્થિત પરિણામ હોય છે. "सव्वकालं सव्वं उवसंतद्धं अवट्ठितो परिणामो भवति।" - **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૬ની ચૂર્ણિ**. અવસ્થિત પરિણામ હોવાનું કારણ મોહનીયકર્મના ઉદયનો અભાવ છે. કષાયના ઉદયથી પરિણામમાં સંક્લિષ્ટતા આવે છે અને કષાયના ઉદયનો અહીં સર્વથા અભાવ હોવાથી આ ગુણસ્થાનકે અવસ્થિત પરિણામ હોય છે. તથા કષાયોદયના અભાવથી ઉત્પન્ન થતુ યથાખ્યાતચારિત્ર આ ગુણસ્થાનકે હોય છે. અહીંયા ચારિત્રમોહનીયની સઘળી ય પ્રકૃતિઓ ઉપશાંત હોવાથી તેમાં કોઈપણ કરણ લાગતા નથી. "उवसंतातो मोहपगडीतो करणाय ण भवंति । संकमणाते उवट्टणाए ओव्वट्टणाते उदीरणाते णिहत्तिए णिकायणाए य ण जायंति ।" -**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા.૫૭ની ચૂર્ણિ.** તથા મોહનીયકર્મનો ઉદય પણ હોતો નથી. દર્શનમોહનીયમાં માત્ર સંક્રમ અને અપવર્તના ચાલે છે. એટલે કે ઉપશાંતમોહ-ગુણસ્થાનકે ચારિત્રમોહનીયની પ્રકૃતિઓમાં કોઈ પણ કરણ લાગતું નથી, જ્યારે દર્શનમોહનીયની પ્રકૃતિઓમાં સંક્રમ અને અપવર્તના એ બે કરણ લાગે છે. તેમાં અન્યપ્રકૃતિનયનસંક્રમ મિથ્યાત્વમોહનીયનો અને મિશ્રમોહનીયનો જ થાય, જ્યારે અપવર્તના ત્રણે દર્શનમોહનીયની થાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૭ની ચૂર્ણિ**માં કહ્યું છે - '''संकमणोवट्टणाउ दिट्ठितिगे' त्ति संकमणं च उव्वट्टणं ( अपवर्त्तना ) च दिट्ठितिगस्स अत्थि । कहं ? भण्णइ- तंमि काले मिच्छत्तसंमामिच्छत्ताणं संमत्ते संकमो, तिण्ह वि उव्वट्टणा अत्थि चेव ।''

**ગુણશ્રેણિ** - ઉપશાંતાદ્ધામાં (પ્રથમ સમયથી) શેષકર્મોની ગુણશ્રેણિ પણ ચાલુ રહે છે. પરંતુ પૂર્વની માફક ગલિતાવશેષા નથી થતી. સૂક્ષ્મસંપરાયના ચરમસમય સુધી પૂર્વે ગલિતાવશેષા ગુણશ્રેણિ પ્રવર્તતી હતી. હવે ઉપશાંતકષાય ગુણસ્થાનકે જે ગુણશ્રેણિ થાય છે તે કાળ અને પ્રદેશની અપેક્ષાએ અવસ્થિત છે અને તે ઉપશાંતકષાય ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ જેટલા આયામવાળી છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૮ની ચૂર્ણિ** - ''उवसंतद्धाते संखिज्जतिभागतुल्लं गुणसेढि करेति । सव्वं उवसंतद्धं अवट्ठितो गुणसेढीकालो-'सव्वद्धं तुल्ला य पदेसकालेहिं।' ति पदेसग्गेण वि कालेण वि तुल्ले ।''

સૂક્ષ્મસંપરાયના ચરમસમયે ગુણશ્રેણિ માટે જે દલિકો લીધા છે તેના કરતા ઉપશાંત કષાયના ૧લા સમયે વિશુદ્ધિ વધારે હોવાથી ગુણશ્રેણિરચના માટે અસંખ્યગુણ દલિક લે છે. કેમકે ચારિત્રમોહનીયની ઉપશમનાની ગુણશ્રેણિ કરતા ઉપશાંતમોહગુણસ્થાનકની ગુણશ્રેણિની નિર્જરા અસંખ્યગુણ કહી છે. પરંતુ ત્યારપછીના સમયોમાં વિશુદ્ધિસમાન હોવાથી ઉપશાંતકષાયના પ્રથમ સમયે જેટલા દલિક લીધા તેટલા જ લે છે. અસંખ્યગુણાકારે પ્રદેશ ગ્રહણ થતા નથી. વળી કાળની અપેક્ષાએ પણ ગુણશ્રેણિ અવસ્થિત છે. એનો અર્થ એ છે કે પ્રથમ સમયે ઉદય સમયથી ઉપશાંતકષાયગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ સુધી (અસંખ્યગુણાકારે) દલરચના કરે છે, બીજા સમયે પ્રથમ સમય જેટલા જ દલિકો લઈ ઉદયસમયથી તેટલા જ સમયોમાં ગુણશ્રેણિ રચના કરે છે. એટલે કે પ્રથમ સમયના ગુણશ્રેણિના શીર્ષ કરતા બીજા સમયની ગુણશ્રેણિનું શીર્ષ ૧ સમય આગળ વધે. આમ જેમ જેમ ઉદય સમય અનુભવવા દ્વારા ક્ષીણ થાય તેમ તેમ ગુણશ્રેણિનું શીર્ષ એક સમય આગળ વધે છે.

**ઉત્કૃષ્ટ પ્રદેશોદય**-ઉપશાંતકષાયગુણસ્થાકના પહેલા સમયે કરાયેલ ગુણશ્રેણિના શીર્ષનો ઉદય જે સમયે થાય છે તે સમયે સૌથી વધારે દલિકો ઉદયમાં આવતા હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશોદય તે સમયે કહેવાય છે. આ ઉત્કૃષ્ટ પ્રદેશોદય ઉપશમશ્રેણિની અપેક્ષાએ સમજવો. અન્યથા અયોગી ગુણસ્થાનકે અહીંના કરતા વધારે (અસંખ્યગુણ) પ્રદેશોના ઉદય હોય છે. અહીંયા ઉત્કૃષ્ટ પ્રદેશોદય થવાનું કારણ એ છે કે ઉપશાંત કષાયના પ્રથમ સમયની ગુણશ્રેણિનો ચરમનિષેક, બીજા સમયની ગુણશ્રેણિનો દ્વિચરમ નિષેક, ત્રીજા સમયની ગુણશ્રેણિનો ત્રિચરમનિષેક એમ યાવત્ તે (ઉદય) સમયે કરેલ ગુણશ્રેણિના

પહેલા નિષેક સુધીના સર્વનિષેકોના દલિકો તે સમયમાં એકઠા થયેલ હોય છે. તેથી આ રીતે ઉપશાંતકષાય ગુણસ્થાનકના એક સમયે ગુણશ્રેણિ માટે જેટલું દ્રવ્ય ઉકેરાય છે તેટલા ઉપરાંત તે સમયમાં પૂર્વે જે દલિક સત્તામાં હતુ તેટલુ બધુ દ્રવ્ય અહીં ઉદયમાં પ્રાપ્ત થાય છે. તેથી અહીં ઉત્કૃષ્ટ પ્રદેશોદય પ્રાપ્ત થાય છે.

આની પછીના સમયમાં પણ તે સમયે ઉપશાંતકષાયની ગુણશ્રેણિ દ્વારા દ્રવ્ય તો આટલું જ આવેલુ હોય છે પરંતુ પૂર્વનું સત્તાગત દ્રવ્ય આના કરતા વિશેષહીન હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશોદય ત્યાં પ્રાપ્ત ન થાય, કેમકે સૂક્ષ્મસંપરાયની ગુણશ્રેણીના શીર્ષની ઉપર પૂર્વ સત્તાગત દલિક ગોપુચ્છાકારે છે.

**પ્રશ્ન** - આ સમયની એટલે કે પ્રથમ સમય ઉપશાંતકષાયની ગુણશ્રેણીના શીર્ષના સમયની પૂર્વે જ્યાં અપૂર્વકરણથી સૂક્ષ્મસંપરાય સુધી ચાલતી ગલિતાવશેષ ગુણશ્રેણિનું શીર્ષ પ્રાપ્ત થાય છે તે સમયે દ્રવ્ય આના કરતા વધારે કેમ નહીં ?

**જવાબ** - ત્યાં પણ દ્રવ્ય વધારે ન આવે કેમકે સૂક્ષ્મસંપરાયના ચરમસમય સુધી જે દ્રવ્યનું અપકર્ષણ થયુ છે તેના કરતા પણ ઉપશાંતકષાયના પ્રથમ સમયે અપકર્ષિત દ્રવ્ય અસંખ્યગણુ હોવાથી ઉપશાંતકષાય ગુણસ્થાનકે ગુણશ્રેણિમાં આવતુ દ્રવ્ય વધારે હોય છે.

**પ્રશ્ન** - સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે થતી ગુણશ્રેણિનું શીર્ષ ઉપશાંતકષાય ગુણસ્થાનકના પહેલા સમયે થતી ગુણશ્રેણિના શીર્ષની પૂર્વે શી રીતે આવે ?

**જવાબ** - અલ્પબહુત્વ દ્વારમાં કહ્યુ છે કે "સૂક્ષ્મસંપરાયના ચરમ સમયના ગુણશ્રેણિ આયામ કરતા ઉપશાંતકષાયની પ્રથમ સમયની ગુણશ્રેણિનો આયામ સંખ્યાતગુણ છે. તેથી સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે થતી ગલિતાવશેષ, ગુણશ્રેણિનું શીર્ષ ઉપશાંત કષાય ગુણસ્થાનકની ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગે આવે છે. ત્યાર પછી આવા બીજા સંખ્યાતા ભાગો પસાર થાય ત્યારે ઉપશાંતકષાયના પહેલા સમયે કરાયેલ ગુણશ્રેણિનું શીર્ષ આવે. તે પણ ઉપશાંતકષાય ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગે જ આવે છે. કેમકે ઉપશાંતકષાય ગુણસ્થાનકે શરુ થતી અવસ્થિત ગુણશ્રેણિનો આયામ તે ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ જેટલો છે. અને તેના કરતા સૂક્ષ્મસંપરાયની ઉપશાંતકષાયના કાળમાં ગોઠવાયેલી ગુણશ્રેણિનો આયામ સંખ્યાતમા ભાગ જેટલો છે.

અલ્પબહુત્વ- "चरिमसमयसुहुमसंपराइयस्स गुणसेढिणिक्खेवो संखेज्जगुणो । तं चेव गुणसेढिसीसयं त्ति भण्णदि । उवसंतकसायस्स गुणसेढिणिक्खेवो संखेज्जगुणो ।"
**-કષાયપ્રાભૃતચૂર્ણિ પા. ૧૯૨૭.**

**અનુભાગ-** ઉપશાંતકષાય ગુણસ્થાનકે જે પ્રકૃતિઓ વેદ્યમાન છે તેમાંથી કેવળ ૨, નિદ્રા ૨, અંતરાય ૫, ધ્રુવોદયી ૧૨, સુભગાદેયયશ, ઉચ્ચગોત્ર આ [1]૨૫ પરિણામપ્રત્યયી પ્રકૃતિનો અવસ્થિત અનુભાગ ઉદયમાં હોય છે. શેષ જ્ઞાના૦ ૪, દર્શના૦ ૩, વેદનીય ૨, મનુષ્યાયુ., મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ઓદા. ૨, પ્રથમ ૩ સંઘયણ, સંસ્થાન ૬, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્‌વાસ, ત્રસ ૪, સુસ્વર, દુસ્વર. -આ ૩૪ પ્રકૃતિઓનો અનુભાગ વધે, ઘટે કે અવસ્થિત પણ રહે.

**કષાયપ્રાભૃતની ચૂર્ણિ**માં કહ્યું છે- ''केवलणाणावरणकेवलदंसणावरणीयाणमणुभागुदएण सव्वउवसंतद्धाए अवट्ठिदवेदगो । णिद्दा-पयलाणं पि जाव वेदगो ताव अवट्ठिदवेदगो । अंतराइयस्स अवट्ठिदवेदगो । सेसाणं लद्धिकम्मंसाणमणुभागुदयो वड्ढी वा हाणी वा अवट्ठाणं वा । णामाणि गोदाणि जाणि परिणामपच्चइयाणि तेसिमवट्ठिदवेदगो अणुभागोदएण ।'' - પૃ. ૧૮૭૦. (૫૬)(૫૭)

હવે ઉપશમશ્રેણિ પરથી પડનારની પ્રક્રિયા વિશેષથી બતાવે છે-

उक्कड्डित्ता बिइयठिईहिं उदयाइसुं खिवइ दव्वं ।
सेढीए विसेसूणं आवलिउप्पिं असंखगुणं ॥ ५८ ॥

वेइज्जंतीणेवं इयरासिं आलिगाइ बाहिरओ ।
ण हि संकमाणुपुव्वी छावलिगोदीरणा उप्पिं ॥ ५९ ॥

वेइज्जमाणसंजलणद्धा अहिगा उ मोहगुणसेढी ।
तुल्ला य जयारूढो अतो य सेसेहि तुल्ला ॥ ६० ॥

खवगुवसामगपडिवयमाणदुगुणो य तहिं तहिं बंधो ।
अणुभागोऽणंतगुणो असुभाण सुभाण विवरीओ ॥ ६१ ॥

**અક્ષરાર્થ** - ઉપશાંતમોહ ગુણસ્થાનકથી પડતા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે પ્રથમ સમયે બીજી સ્થિતિમાંથી કિટ્ટિઓને ખેંચીને ઉદયસમયથી માંડીને દલિક નાંખે છે.

---

૧. ઉક્ત ૨૫ પ્રકૃતિઓ પરિણામપ્રત્યયી હોવાથી અને ૧૧મા ગુણસ્થાનકે પરિણામ અવસ્થિત હોવાથી તેના રસમાં વૃદ્ધિહાનિ થતી નથી પરંતુ અવસ્થિત રહે છે. તથા શેષ ૩૪ પ્રકૃતિઓ ભવપ્રત્યયી છે. એટલે કે વિવક્ષિત ભવને આશ્રયીને તેના રસમાં ષટ્સ્થાનવૃદ્ધિહાનિ સંભવે છે. તેથી તેનો અનુભાગ વધે, ઘટે કે અવસ્થિત પણ રહે છે, એમ લબ્ધિસારમાં કહ્યું છે -

''इति पञ्चविंशतिप्रकृतयः परिणामप्रत्ययाः, आत्मनो विशुद्धिसंक्लेशपरिणामहानिवृद्ध्यनुसारेण

ઉદયાવલિકામાં વિશેષહીનના ક્રમે દલિક નાખે અને ઉદયાવલિકાની ઉપર અસંખ્યગુણના ક્રમે દલિક નાંખે. (૫૮)

આ પ્રમાણે વેદ્યમાન પ્રકૃતિઓનો દલનિક્ષેપ જાણવો.અનુદયવતી પ્રકૃતિઓનો દલનિક્ષેપ આવલિકા ઉપરથી થાય. અહીંથી આનુપૂર્વી સંક્રમ અને બધ્યમાન દલિકની છ આવલિકા બાદ ઉદીરણા - આ બે નથી હોતા. (૫૯)

મોહનીયકર્મની ગુણશ્રેણિ વેદ્યમાનસંજ્વલનઅદ્ધાથી અધિક હોય છે અને કાળને આશ્રીને સમાન હોય છે. જે સંજ્વલનના ઉદયથી શ્રેણિ પર આરુઢ થયો હોય તેનો ઉદય થાય ત્યારપછી મોહનીયની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિની તુલ્ય થાય છે. (૬૦)

તે તે સ્થાને ક્ષપકના સ્થિતિબંધ કરતા ઉપશામકનો સ્થિતિબંધ બમણો હોય અને તેના કરતા ઉપશમશ્રેણિથી પડનારનો સ્થિતિબંધ બમણો હોય છે. તે તે સ્થાને અશુભપ્રકૃતિઓના ક્ષપકને રસબંધ કરતા ઉપશામકને અનંતગુણ રસબંધ હોય છે. અને તેના કરતા પતમાનને અનંતગુણ રસબંધ હોય છે. તે તે સ્થાને શુભપ્રકૃતિઓના ક્ષપકને રસબંધ કરતા ઉપશામકને અનંતગુણહીન રસબંધ હોય છે અને તેના કરતા પતમાનને અનંતગુણહીન રસબંધ હોય છે. (૬૧)

**વિશેષાર્થ- પ્રતિપાત-** ઉપશાંતકષાય ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત જ છે. ત્યારપછી અવશ્ય ત્યાંથી પતન થાય છે. અથવા ઉપશાંતકષાયગુણસ્થાનકના પ્રથમ સમયથી ચરમ સમય સુધીમાં વચ્ચે ગમે ત્યાં આયુષ્ય પૂર્ણ થાય તો ત્યાંથી મરીને દેવ થાય છે. એટલે ત્યાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આમ ઉપશાંતકષાય ગુણસ્થાનકથી બે રીતે પતન થાય- (૧) ભવક્ષયથી અને (૨) અદ્ધાક્ષયથી.

**(૧) ભવક્ષયથી પ્રતિપાત** - ઉપશાંતકષાયગુણસ્થાનકે આયુષ્ય પૂર્ણ થવાથી તે જીવ ત્યાંથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને ત્યાં તેને અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક

---

एतत्प्रकृत्यनुभागस्य हानिवृद्धिसद्भावात् । तासां पञ्चविंशतिप्रकृतिनामनुभागोदयः उपशान्तकषाये प्रथमसमयादारभ्य तत्कालचरमसमयपर्यन्तमवस्थित एव तत्र यथाख्यातविशुद्धिचारित्रस्य प्रतिसमयं हानिवृद्धिभ्यां विनाऽवस्थितत्वेन तत्कर्मप्रकृत्यनुभागोदयस्यापि हानिवृद्धिभ्यां विना अवस्थितत्वसिद्धेः। शेषा... चतुस्त्रिंशत्प्रकृतयो भवप्रत्ययाः । एतासामनुभागस्य विशुद्धिसंक्लेशपरिणामहानिवृद्धिनिरपेक्षतया विवक्षितभवाश्रयेणैव षट्स्थानपतितहानिवृद्धिसम्भवात् । अतः कारणादवस्थितविशुद्धिपरिणामे-ऽप्युपशान्तकषाये एतच्चतुस्त्रिंशत्प्रकृतीनां अनुभागोदयस्त्रिस्थानसम्भवी भवति कदाचिद्धीयते, कदाचिद्वर्धते, कदाचिद्धानिवृद्धिभ्यां विना एकादश एवावतिष्ठते इत्यर्थः ।'' -લબ્ધિસાર ગા. ૩૦૬-૩૦૭ ની ટીકામાંથી.

હોય છે. અને તેને પ્રથમ સમયે જ સર્વકરણો પ્રગટ થાય છે. એટલે કે ઉપશાંત થયેલ મોહનીયની પ્રકૃતિઓનું ઉપશાંતપણું (કરણને અયોગ્યપણું) નષ્ટ થાય છે. અને સર્વકરણો તેમાં પ્રવર્ત્તે છે. તથા અંતર પૂરે છે એટલે કે ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનું જે આંતરુ વચ્ચે હતુ તેમાં કર્મદલિકો ગોઠવી દે છે. તેથી આંતરુ પૂરાઈ જાય છે. તથા અવિરતિસમ્યગ્દષ્ટિપણાના પ્રથમ સમયે જે પ્રકૃતિઓનો ઉદય હોય છે, તેના દલિક ખેંચી લાવી (ઉદીરણાકરણથી) ઉદયસમયથી ગોઠવે છે, અને જે પ્રકૃતિઓનો ઉદય નથી હોતો તેના દલિકોને (અપવર્ત્તનાકરણથી) ઉદયાવલિકા ઉપર વિશેષહીનના ક્રમે ગોઠવે છે. આ રીતે ગોઠવતા અંતર પૂરાઈ જાય [1]છે.

**(૨) અદ્ધાક્ષયથી પ્રતિપાત-** ઉપશાંતાદ્ધામાં જેનું આયુષ્ય પૂર્ણ નથી થતુ તેનો પણ ઉપશાંતાદ્ધાનો અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થાય છે એટલે ત્યાંથી પ્રતિપાત થાય છે. અને જે ક્રમસર ચઢ્યો હતો તે ક્રમસર પડે છે. એટલે કે પ્રથમ સૂક્ષ્મકિટ્ટિઓને ભોગવે છે. ત્યાં ૧૦મુ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક જાણવું. ત્યારપછી નવમા ગુણસ્થાનકે આવી ક્રમશઃ બાદર લોભ, માયા, માન, અને ક્રોધને અનુભવે છે. અને ક્રમશઃ અપૂર્વકરણ ગુણસ્થાનકે આવે છે. પછી અપ્રમત્ત ગુણસ્થાનકે આવે છે. અને ત્યારપછી પ્રમત્ત ગુણસ્થાનકે જઈ ત્યાં સ્થિર થાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૭ની ચૂર્ણિ**માં કહ્યુ છે કે - "**जो उवसमद्धाक्खएणं परिपडति तस्स विभासा 'पच्छाणुपुव्विगाए परिवडति पमत्तविरउ' त्ति जेणेव विहिणा आरुढो तेणेव विहिणा पच्छाणुपुव्वीए परिवडति जाव पमत्तसंजतो ।**

---

૧. લબ્ધિસાર ગા. ૩૦૯ ની સંસ્કૃત ટીકા- **भवक्षयादुपशान्तकषायगुणस्थानात्प्रतिपतितदेवासंयतः प्रथमसमये उदयवतामप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनक्रोधमानमायालोभानामन्यतमस्य कषायस्य पुंवेदहास्यरतीनां भयजुगुप्सयोर्यथासम्भवमन्यतरस्य च द्रव्यमपकृष्य स....इदं पुनरसंख्यातलोकेन खण्डयित्वा एकभागमुदयावल्यां दत्त्वा तद्बहुभागमुदयावलीबाह्यप्रथमसमयादारभ्यान्तरायामे द्वितीयस्थितौ च 'दिवड्ढगुणहाणिभाजिदे' इत्यादिविधानेन विशेषहीनक्रमेण ददाति, उदयरहितानां नपुंसकवेदादीनां मोहप्रकृतीनां द्रव्यमपकृष्य स....उदयावलिबाह्यनिषेकेषु अन्तरायामे द्वितीयस्थितौ च पूर्वोक्तविधानेन विशेषहीनक्रमेण प्रतिनिषेकं ददाति । अनेन विधानेन चारित्रमोहस्यान्तरं पूरयतीत्यर्थः।**

અહીં એમ કહે છે કે અવિરતપણાના પહેલા જ સમયે મોહનીયની ઉદયવતી અપ્રત્યા૦-પ્રત્યા૦સંજ્વલન કષાય, પુરુષવેદ, હાસ્ય, રતિ તથા ભય-જુગુપ્સામાંથી જેનો ઉદય હોય તે પ્રકૃતિઓના દલિકને ખેંચીને તેને અસંખ્યલોકાકાશથી ભાગી ૧ ભાગ ઉદયાવલિકામાં ગોઠવે છે અને શેષ બહુભાગપ્રમાણ દ્રવ્યને ઉદયાવલીના ઉપરના પ્રથમ સમયથી માંડી અંતરાયામ તથા દ્વિતીયસ્થિતિમાં વિશેષહીનના ક્રમે નાંખે છે તથા મોહનીયના ઉદયરહિત નપુંસકવેદાદિ પ્રકૃતિઓના દલિકોને ઉકેરીને ઉદયાવલિમાં નાંખતો નથી, પરંતુ ઉદયાવલિકાની બહાર તથા અંતરાયામમાં તથા બીજી સ્થિતિમાં વિશેષહીનના ક્રમે નાંખે છે. આ રીતે ચારિત્રમોહનીયનું અંતર પૂરે છે.

તથા કોઈ પ્રમત્તથી પાછા વિશુદ્ધિમાં આગળ વધી ફરી ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ માંડે છે અથવા કોઈ પ્રમત્તાપ્રમત્તે હજારો વાર પરાવૃત્તિ કરીને પડીને ત્યાંથી પાંચમે, ચોથે કે બીજે ગુણસ્થાનકે જાય છે. (મિથ્યાત્વે પણ જાય.) અથવા બીજા સિવાય વચ્ચે ક્યાંય સ્થિર પણ થઈ શકે છે. ઉપશાંતાદ્ધામાં ગમે ત્યાં કાળ કરે તો અવશ્ય દેવ થાય છે. શેષ ગતિમાં જતો નથી, કેમકે શેષ ગતિનું આયુષ્ય જેણે બાંધ્યુ હોય તેવો જીવ ઉપશમશ્રેણિ માંડી શકતો નથી. ટુંકમાં પ્રતિપાત બતાવી હવે પડતા કેવી રીતે મોહનીયની પ્રકૃતિઓનો ઉદય થાય છે, તે વખતે ગુણશ્રેણિ શી રીતે થાય છે તથા પડતા સ્થિતિબંધ-રસબંધ વગેરેની વક્તવ્યતા વિસ્તારથી કહેવામાં આવે છે.

પડતા સર્વપ્રથમ સૂક્ષ્મસંપરાયના પ્રથમસમયથી જ ત્રણ લોભ અનુપશાંત થાય છે. સૂક્ષ્મલોભને વેદવા માટે તેની પ્રથમ સ્થિતિ કરે છે. પ્રથમસ્થિતિ કરવા માટે બીજી સ્થિતિમાં રહેલા કિટ્ટિઓના દ્રવ્યને લઈને ઉદયસમયથી સૂક્ષ્મલોભવેદકાદ્ધાના કાળથી કંઈક અધિક (આવલિકા) કાળ સુધી ગોઠવે છે. દલિક ગોઠવવાનો ક્રમ ઉદયાવલિકામાં વિશેષહીનનો છે અને તેની ઉપર ગુણશ્રેણિના શીર્ષ સુધી (અહીં ગુણશ્રેણિ લોભવેદકાદ્ધાથી કંઈક અધિક કાળ જેટલી છે.) અસંખ્યગુણના ક્રમે છે. ત્યારપછી ગુણશ્રેણિ ઉપર વિશેષહીનના ક્રમે દલનિક્ષેપ થાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૮ની ચૂર્ણિ**માં કહ્યુ છે કે - '''उक्कड्डित्ता बितीयट्ठितीहि उदयादिसुं खिवति दव्वं' ति परिवडमाणो लोभाइणा क्कमेण वेयमाणो तेसिं बितियट्ठितितो दलियं घेत्तूण पढमट्ठिती करेति । 'उदयादिसु' त्ति उदयादिसु ट्ठितिसु निक्खिवइ । 'सेढीए विसेसूणं' ति पढमसमए बहुगं बितीयसमते विसेसहीणं जाव आवलिगा, आवलिगाते परतो गुणसेढीक्कमेण णिक्खिवइ । तस्स ठवणा, 'आवलिगुप्पिं असंखगुण' त्ति-आवलिगा उवरिं असंखेज्जगुणाए सेढीए जाव गुणसेढीसीसगमिति, परओ विसेसहीणा चेव ठिति ।

તથા ગુણશ્રેણિના આયામ વિષે પણ કહ્યુ છે - ''वेतिज्जमाणसंजलणद्धाए अहिगा मोहणिज्जगुणसेढी कालं पडुच्च तुल्ला य ।''-**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૬૦ની ચૂર્ણિ.**

દલિક ગોઠવવાનો ક્રમ **કષાયપ્રાભૃત**ના મતે ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણ છે.

''पढमसमयसुहुमसंपराइएण तिविहं लोभमोकड्डियूण संजलणस्स उदयादिगुणसेढी कदा ।'' - **પૃ. ૧૮૯૨.**

અહીં ઉદયાદિ ગુણશ્રેણિનો અર્થ એ થાય છે કે ઉદયસમયથી અસંખ્યગુણના ક્રમે

ગોઠવે. ગુણશ્રેણિ આયામ તો તેમાં પણ સૂક્ષ્મસંપરાયના કાળથી અધિક જેટલો કહ્યો છે-
"जा तस्स किट्टिलोभवेदगद्धा तदो विसेसुत्तरकालो गुणसेढिणिक्खेवो ।" - **પૃ. ૧૮૯૨.**

આ સૂક્ષ્મ સં.લોભની ગુણશ્રેણિ વિષેની વક્તવ્યતા કહી. પરંતુ પ્રત્યા.અપ્રત્યા.લોભના દ્રવ્યને પણ તે જ વખતે તે જ રીતે બીજી સ્થિતિમાંથી લઈને ઉદયાવલિકા ઉપર સં. સૂક્ષ્મલોભના જેટલી જ તેની ગુણશ્રેણિ કરે પરંતુ અનુદયવતી પ્રકૃતિ હોવાથી ઉદયાવલિકામાં ગોઠવે નહીં.

વળી આ ત્રણે લોભની ગુણશ્રેણિ **(કષાયપ્રાભૃતમતે)** અવસ્થિત કહી છે. એટલે કે પ્રતિસમય એક એક સમય આગળ વધે છે. જેમ જેમ ઉદયનો સમય અનુભવ દ્વારા ક્ષીણ થાય છે તેમ તેમ ગુણશ્રેણિ આયામ એક એક સમય ઘટતો નથી, પરંતુ તેટલો જ રહે છે. પ્રતિસમય ગુણશ્રેણિશીર્ષ એક એક સમય આગળ વધે છે.

વળી આ જ વખતે એટલે કે સૂક્ષ્મસંપરાયના પ્રથમસમયથી શેષ કર્મોની (જ્ઞાનાવરણીયાદિ છની) ગલિતાવશેષ ગુણશ્રેણિ ચઢતા થતી હતી તે રીતે થાય છે તેનો આયામ પણ સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ, અપૂર્વકરણથી કંઈક અધિક કાળ સુધીનો છે. ઉપશાંતકષાયના ચરમસમયે જે ગુણશ્રેણિ થતી તેનો આયામ ઉપશાંતકષાયગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ જેટલો હતો તથા તે અવસ્થિત ગુણશ્રેણિ હતી. હવેથી શેષકર્મની ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. એટલે જેમ જેમ ઉદયસમય ભોગવવા દ્વારા ક્ષીણ થાય છે તેમ તેમ શેષ સમયોમાં નિક્ષેપ થતો હોવાથી ગુણશ્રેણિનો આયામ એક એક સમય ઘટે છે. - **કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યુ છે-**

"सेसाणमाउगवज्जाणं कम्माणं गुणसेढिणिक्खेवो अणियट्टिकरणद्धादो अपुव्वकरणद्धादो च विसेसाहिओ । सेसे सेसे च णिक्खेवो । तिविहस्स लोहस्स तत्तियो तत्तियो चेव णिक्खेवो ।" - **પૃ. ૧૮૯૩.**

અહીં 'सेसे सेसे च णिक्खेवो' એટલે ગલિતાવશેષાયામવાળી ગુણશ્રેણિ અને 'तत्तियो चेव णिक्खेवो' એટલે અવસ્થિત આયામવાળી પ્રતિસમય એક એક સમય વધતી એવી ગુણશ્રેણિ. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૬૦ની ચૂર્ણિ**માં પણ એ જ કહ્યુ છે કે "वेतिज्जमाणसंजलणद्धाए अहिगा मोहणिज्जगुणसेढी कालं पडुच्च तुल्ला य ।" અહીં 'तुल्ला य' એટલે અવસ્થિત ગુણશ્રેણિ એવો અર્થ સંભવે છે.

પડતા સૂક્ષ્મસંપરાયના પ્રથમસમયે ઘાતિત્રયનો અંતર્મુહૂર્ત, નામગોત્રનો ૩૨ મુહૂર્ત અને વેદનીયનો ૪૮ મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ થાય છે, જે તે સમયના આરોહકના સ્થિતિબંધથી બમણો છે.

**કર્મપ્રકૃતિ**માં કહ્યુ છે - ''खवगुवसामणपडिवयमाणदुगुणो य तहिं तहिं बन्धो अणुभागोणंतगुणो असुभाण सुभाण विवरिओ ।। ६१ ।।''

અહીં આ પ્રમાણે આરોહક કરતા અવરોહકનો બમણો સ્થિતિબંધ જે કહ્યો છે તે ઓઘથી સમજવો એમ લાગે છે. ચઢતા ૧ માસનો જ્યાં સ્થિતિબંધ થતો હતો ત્યાં ઉતરતા ૨ માસનો, ચઢતા જ્યાં બે માસનો સ્થિતિબંધ થતો હતો ત્યાં ઉતરતા ૪ માસનો યાવત્ ચઢતા ૩૨ વર્ષનો સ્થિતિબંધ થતો હતો ત્યાં ઉતરતા ૬૪ વર્ષનો થાય છે. ત્યાં સુધી બરાબર આવે છે. પરંતુ પાછળથી એ નિયમ રહેતો નથી. તેમજ અન્યકર્મોમાં પણ સર્વત્ર આ નિયમ રહેતો નથી. તેથી આ કથન સામાન્યથી હોય તેમ લાગે છે. તથા રસબંધ ચઢતા કરતા ઉતરતા અશુભકર્મનો અનંતગુણ થાય છે અને શુભકર્મનો અનંતગુણહીન થાય છે. તથા ચઢતા બંધાયેલા દલિકની છ આવલિકા વીત્યા પછી જ ઉદીરણા થાય એવો નિયમ હતો તે હવે નથી રહેતો, કેમકે બંધાયેલ દલિકની આવલિકા વીત્યા બાદ ઉદીરણા થાય છે. તથા આનુપૂર્વી સંક્રમનો પણ નિયમ નથી.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૫૯ની ચૂર્ણિમાં કહ્યુ છે** - ''परिवडमाणस्स आणुपुव्वीसंकमो नत्थि । 'छावलिगोदीरणा उप्पिं' ति- 'बद्धं छण्हं आवलियाणं परओ उदीरिज्जंति' त्ति तं पि नत्थि, बंधावलियाए गयाते उदीरिज्जति ।''

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યું છે કે, ''सव्वस्स पडिवदमाणस्स छसु आवलियासु गदासु उदीरणा इदि णत्थि णियमो, आवलियादिक्कंतमुदीरिज्जंति।''

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં અનાનુપૂર્વી સંક્રમ ૯મા ગુણસ્થાનકથી લીધો છે.

આમ ઉપશાંતકષાયગુણસ્થાનકનો કાળ પૂર્ણ થયે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે જાય તે વખતે ટૂંકમાં આટલી વસ્તુઓ થઈ-

(૧) [1]સૂક્ષ્મ લોભની અવસ્થિત ગુણશ્રેણિ ઉદયસમયથી કિટ્ટિવેદનાદ્ધાથી અધિક કાળ જેટલી (કર્મપ્રકૃતિના મતે ઉદયાવલિમાં વિશેષહીનનો ક્રમ) નો પ્રારંભ.

---

૧. ''तत्र तावदुदयवतः संज्वलनलोभस्य द्वितीयस्थितौ स्थितं कृष्टिगतं द्रव्यमपकृष्य पल्यासंख्यातभागखण्डितैकभागमात्रमुदयसमयादारभ्य गुणश्रेण्यायामचरमसमयपर्यन्तमसंख्यातगुणितक्रमेण निक्षिप्य पुनस्तद्बहुभागद्रव्यं गुणश्रेणिशीर्षस्योपर्यन्तरायाममुल्लङ्घ्य द्वितीयस्थितौ 'दिवड्ढगुणहानिभाजिदे' इत्यादिना विशेषहीनक्रमेण निक्षिपेत्। उदयरहितयोरप्रत्याख्यानप्रत्याख्यानलोभयोर्द्वितीयस्थितौ

(૨) પ્રત્યા. અપ્રત્યા. લોભની પણ તે જ પ્રમાણે ગુણશ્રેણિનો પ્રારંભ, પરંતુ ઉદયાવલિકા ઉપરથી.

(૩) ત્રણે લોભના દલિકમાંથી ઉપશાંતપણાનો નાશ.

(૪) [1]શેષ કર્મની સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણના કાળથી અધિક આયામવાળી ગલિતાવશેષ ગુણશ્રેણિનો પ્રારંભ.

(૫) ઘાતિત્રયનો અંતર્મુહૂર્તપ્રમાણ અને નામગોત્રનો ૩૨ મુહૂર્તપ્રમાણ તથા વેદનીયનો ૪૮ મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે.

(૬) (લોભની) સૂક્ષ્મ કિટ્ટિઓનું વેદન.

(૭) બંધાયેલ દલિકની છ આવલિકા વીત્યા બાદ ઉદીરણાના નિયમનો અને આનુપૂર્વીસંક્રમના નિયમનો અભાવ.

અનંતર સમયે એટલે લોભ વેદકાદ્ધાના બીજાસમયે સ્થિતિબંધ તે જ ચાલે. રસબંધ અશુભનો અનંતગુણ અને શુભનો અનંતગુણહીન થાય. ગુણશ્રેણિમાં અસંખ્યગુણહીન દલિક આવે, કેમકે અહીં અવરોહક પ્રતિસમય સંક્લેશમાં અનંતગુણ વધતો જાય છે. તથા પ્રથમ સમયે ઉપરની સર્વથી વધુ રસવાળી અને નીચેની અમુક કિટ્ટિઓ છોડી શેષ કિટ્ટિઓને ભોગવે છે, દ્વિતીયસમયે ઉપરની ગ્રહણ કરતો જાય અને નીચેની છોડતો જાય. ગ્રહણ અને છોડવાનો અર્થ પૂર્વે શ્રેણિ આરોહણ વખતે સ્વરુપે ન ભોગવવી, પરરુપે ભોગવવી એવો કર્યો હતો તેવો જ કરવો. પ્રથમ સમયે જેટલી કિટ્ટિ વેદે તેના કરતા બીજા સમયે વિશેષાધિક કિટ્ટિઓ વેદે. ચઢતા જેમ પ્રતિસમય ઉત્કૃષ્ટ કિટ્ટિઓમાંથી અમુક કિટ્ટિઓને છોડતો હતો અને જઘન્ય રસવાળી કિટ્ટિઓને ગ્રહણ કરતો હતો, તેથી વિપરીતપણે ઉતરતા થાય, એટલે કે જઘન્યરસવાળી કિટ્ટિઓને છોડતો જાય અને ઉત્કૃષ્ટ

---

स्थितं द्रव्यमपकृष्य उदयावलिबाह्यप्रथमसमयादारभ्य गुणश्रेण्यायामचरमसमयपर्यन्तमसङ्ख्यातगुणितक्रमेण तदुपर्यन्तरायाममुल्लङ्घ्य द्वितीयस्थितौ पूर्ववद्विशेषहीनक्रमेण निक्षिपेत्, एवमुत्तरत्राप्युदयानुदयवतोर्गुणहानिश्रेणिनिक्षेपक्रमो वेदितव्यः ।''

- લબ્ધિસાર ગા. ૩૧૨ ની સંસ્કૃત ટીકા.

૧. ''पुनः षण्णामायुर्मोहवर्जितानां ज्ञानावरणादिकर्मणां द्रव्यमपकृष्य पल्यासङ्ख्यातभागेन खण्डयित्वा तदेकभागं पुनः पल्यासङ्ख्यातभागेन खण्डयित्वा तदेकभागमुदयावल्यां निक्षिप्य बहुभागं गुणश्रेण्यायामे अवरोहकसूक्ष्मसम्परायानिवृत्त्यपूर्वकरणकालेभ्यो विशेषाधिकमात्रे गलितावशेषे असंख्यातगुणितक्रमेण निक्षिप्य अवशिष्टबहुभागमुपरितनस्थितौ पूर्ववद्विशेषहीनक्रमेण निक्षिपेत् ।''

- લબ્ધિસાર ગા. ૩૧૨ ની સંસ્કૃત ટીકા.

રસવાળી કિટ્ટિઓને લેતો જાય. તેથી કિટ્ટિઓ પૂર્વ પૂર્વ સમય કરતા ઉત્તરોત્તર સમયે વિશેષાધિક ભોગવવામાં આવે, પરંતુ ઉદયમાં કિટ્ટિઓનો અનુભાગ પ્રતિસમય અનંતગુણ *વધતો જાય છે. કેમકે એક કિટ્ટિ પણ જો વધુ ઉદયમાં આવે તો અનુભાગ અનંતગુણ* થાય છે.[1]

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યુ છે-** उक्तञ्च पाहूडचूर्णौ - "पढमसमए उदिण्णाओ किट्टीओ थोवाओ, विदियसमए उदिण्णाओ किट्टीओ विसेसाहियाओ, सव्वसुहुमसंपराइयद्धाए विसेसाहियवड्डीए किट्टीणमुदयो ।" - **પૃ. ૧૮૯૫.**

આ પ્રમાણે કિટ્ટિની પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે કિટ્ટિવેદનાદ્ધા પૂર્ણ થાય. ત્યારપછી અનંતરસમયે બાદરસંપરાય થાય અર્થાત્ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે આવે છે અને ત્યાં -

(૧) બાદર સં.લોભની પ્રથમસ્થિતિ કરે છે. ત્રણે લોભના દલિકને ખેંચીને ૧૦મા ગુણસ્થાનકે કરી હતી તેવી રીતે અહીં બાદર લોભની તેની વેદકાદ્ધાથી અધિક કાળ જેટલી અવસ્થિત ગુણશ્રેણિ કરે છે અને પ્રત્યા. અપ્રત્યા. લોભની ઉદયાવલિકા ઉપર તેટલી જ અવસ્થિત ગુણશ્રેણિ કરે છે.

(૨) શેષ કર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ પણ ચાલે છે.

(૩) ઉદયાવલિકામાં રહેલ કિટ્ટિઓને સ્તિબુકસંક્રમથી વેદ્યમાન બાદર લોભના સ્પર્ધકોમાં સંક્રમાવીને ભોગવે છે અને તે જ સમયે શેષ સર્વ કિટ્ટિઓ (પ્રથમસ્થિતિ અને દ્વિતીયસ્થિતિની) નાશ પામે છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યુ છે કે** - "**ताहे चेव फद्दयगदं लोभं वेदेदि। किट्टीओ सव्वाओ णट्ठाओ, णवरि जाओ उदयावलियब्भंतराओ ताओ त्थिवुक्कसंकमेण फद्दएसु विपच्चिहिंति** ।" - **પૃ. ૧૮૯૭.**

---

૧. "अवरोहकसूक्ष्मसंपरायप्रथमसमये उदयनिषेककृष्टीनां पल्यासङ्ख्यातभागखण्डितबहुभागमात्र्यो मध्यमकृष्टयः उदयमागच्छन्ति, तदेकभागस्य पुनरसङ्ख्यातभागाः द्विपञ्चमभागमात्र्यः कृष्टयः आदिकृष्टेरारभ्यानुदयाः, उपरि च तत्त्रिपञ्चभागमात्र्यः कृष्टयोऽग्रकृष्टेरारभ्यानुदयाः तासामाद्यन्तकृष्टीनां स्वस्वरुपं परित्यज्य मध्यमकृष्टिस्वरुपेण परिणाम्योदयो भवतीत्यर्थः। पुनर्द्वितीयसमये आदिकृष्टीनां पल्यासङ्ख्यातैकभागमात्रीः कृष्टीस्त्यक्त्वाग्रकृष्टीनां पल्यासङ्ख्यातैकभागमात्रीः कृष्टीः गृहीत्वा मध्यमकृष्टयः उदयमागच्छन्ति, तत्र ऋणात् - अस्माद्घनमिदं - अभ्यधिकमिति घनर्णयोर्विवरे शेषप्रमाणेन प्रथमसमयोदयकृष्टिभ्यो द्वितीयसमयोदयकृष्टयो विशेषाधिकाः । एवं तृतीयादिसमयेष्वपि तच्चरमसमयपर्यन्तेषु विशेषाधिकाः कृष्टयः उदयमागच्छन्ति । अत एव प्रतिसमयमनन्तगुणानुभागोदयः कृष्टीनां ज्ञातव्यः ।"

(૪) સં.લોભના સ્થિતિબંધનો અહીં પ્રારંભ થાય છે અને તે અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે તથા તે વખતે ઘાતિત્રયનો કંઈક ન્યૂન ૨ અહોરાત્રી અને નામ-ગોત્ર-વેદનીયનો કંઈક ન્યૂન ચાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. જે આરોહકના બાદર સંપરાયના ચરમ સમયના સ્થિતિબંધથી દ્વિગુણ છે.

(૫) અહીંયા સં.લોભનો બંધ ચાલુ થાય છે એટલે પ્રત્યા. અપ્રત્યા. લોભ પણ તેમાં સંક્રમે છે.

મોહનીયના અનાનુપૂર્વી સંક્રમનો પ્રારંભ **કષાયપ્રાભૃત**માં અહીં બતાવ્યો છે અને **કર્મપ્રકૃતિ**માં પડતા સર્વત્ર બતાવ્યો છે. પરંતુ બન્ને અપેક્ષાએ પદાર્થમાં ભેદ નથી, કેમકે અનાનુપૂર્વી સંક્રમનો પ્રારંભ તો માયાના બંધથી શરૂ થાય છે. તે પૂર્વે બે લોભનું દલિક જે સં.લોભમાં જાય છે તે તો આનુપૂર્વી સંક્રમ જ છે અને બીજી કોઈ પ્રકૃતિ બધ્યમાન ન હોવાથી સં.લોભનું દલિક અન્યત્ર જઈ શકવાનું નથી. તેથી અહીં જે અનાનુપૂર્વી સંક્રમ કહ્યો છે તે શક્તિની અપેક્ષાએ, વાસ્તવિક તો માયાના બંધથી અનાનુપૂર્વી સંક્રમ શરૂ થશે.

પ્રથમસ્થિતિબંધ પૂર્ણ થયા પછી અન્ય સ્થિતિબંધ લોભનો અંતર્મુહૂર્ત થાય છે પણ પૂર્વના સ્થિતિબંધથી વિશેષાધિક થાય છે, ઘાતિત્રયનો સ્થિતિબંધ અહોરાત્રીપૃથક્ત્વ પ્રમાણ અને નામગોત્રનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષનો થાય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે કે - "एदम्हि पुण्णे ठिदिबंधे जो अण्णो वेदणीयणामागोदाणं ट्ठिदिबंधो सो संखेज्जवस्ससहस्साणि । तिण्हं घादिकम्माणं ट्ठिदिबंधो अहोरत्तपुधत्तिगो, लोभसंजलणस्स ट्ठिदिबंधो पुव्वबंधादो विसेसाहिओ ।" - **પૃ. ૧૮૯૭.**

લોભવેદકાદ્ધાના બીજા ભાગનો સંખ્યાતમો ભાગ જાય ત્યારે એટલે કે લોભવેદકાદ્ધાના આરોહકને જેમ ત્રણ ભાગ કર્યા હતા, તેવી રીતે અવરોહકને પણ (૧) સૂક્ષ્મલોભવેદકાદ્ધા (૨) બાદરલોભવેદકાદ્ધાનો પહેલો ભાગ (૩) બાદરલોભવેદકાદ્ધાનો બીજો ભાગ એમ ત્રણ ભાગ કરવાના. તેમાં લોભવેદકાદ્ધાના પહેલા ભાગનો એટલે કે બાદરલોભવેદકાદ્ધાનો પ્રથમાર્ધ ભાગનો સંખ્યાતમો ભાગ જાય ત્યારે -

મોહનીયનો સ્થિતિબંધ - મુહૂર્તપૃથક્ત્વ

ઘાતિત્રયનો સ્થિતિબંધ - વર્ષસહસ્રપૃથક્ત્વ

નામગોત્રવેદનીયનો સ્થિતિબંધ - સંખ્યાતા હજારવર્ષ

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "लोभवेदगद्धाए विदियस्स तिभागस्स संखेज्जदिभागं गंतूण मोहणीयस्स ट्ठिदिबंधो मुहूत्तपुधत्तं, णामा-गोद-वेदणीयाणं ठिदिबंधो संखेज्जाणि वस्ससहस्साणि, तिण्हं घादिकम्माणं ठिदिबंधो अहोरत्तपुधत्तिगादो ट्ठिदिबंधादो वस्ससहस्सपुधत्तिगो ट्ठिदिबंधो जादो ।" - **પૃ. ૧૮૯૭.**

આ પ્રમાણે હજારો સ્થિતિબંધ પસાર થાય છે ત્યારે લોભવેદકાદ્ધા પૂર્ણ થાય છે. અને તે વખતે સં.લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન બે માસ થાય છે.

**સં.માયાવેદકાદ્ધા** - લોભવેદકાદ્ધા પૂર્ણ થયાના અનંતર સમયે ત્રણે માયા અનુપશાંત થાય છે. એટલે

(૧) ત્રણ માયાના દલિકોને બીજીસ્થિતિમાંથી ખેંચી માયાવેદકાદ્ધાથી અધિકકાળ સુધીની અવસ્થિત ગુણશ્રેણિ કરે છે. તેમાં સં.માયાની ઉદયસમયથી અને શેષ બે માયાની ઉદયાવલિકા ઉપરથી ગુણશ્રેણિની રચના કરે છે.

(૨) તે જ સમયથી ત્રણે લોભની ગુણશ્રેણિનો નિક્ષેપ પણ માયાની ગુણશ્રેણિના નિક્ષેપની તુલ્ય થાય છે. અત્યાર સુધી લોભની ગુણશ્રેણિનો નિક્ષેપ જે થતો હતો તેના કરતા હવેથી માયાની ગુણશ્રેણિનો નિક્ષેપ અધિક કાળમાં થાય છે. તેથી હવે લોભનો ગુણશ્રેણિ આયામ પણ લંબાવીને માયાની ગુણશ્રેણિના આયામ તુલ્ય કરી દે છે. ફેર માત્ર એટલો છે કે લોભનો હવે અનુદય હોવાથી સં. લોભની ગુણશ્રેણિ જે ઉદયસમયથી થતી હતી તેને બદલે ઉદયાવલિકા ઉપરથી થાય છે.

(૩) શેષકર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ ચાલુ છે.

(૪) માયાનો બંધ શરુ થાય છે, એટલે અહીંથી ત્રણ લોભ અને માયાદ્વયના દલિકો સં.માયામાં સંક્રમે છે. તથા માયાત્રય અને લોભદ્વયના દલિકો સં.લોભમાં સંક્રમે છે. કેમકે હવે અનાનુપૂર્વી સંક્રમ ચાલુ થઈ ગયો છે.

(૫) માયાવેદકાદ્ધાના પ્રથમસમયે સં.માયા અને સં.લોભનો બે માસનો સ્થિતિબંધ થાય છે. શેષ કર્મનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. ઉત્તરોત્તર સ્થિતિબંધ મોહનીય સિવાયના શેષ કર્મોનો સંખ્યાતગુણ થાય છે અને મોહનીયનો ઉત્તરોત્તર સ્થિતિબંધ વિશેષાધિક થાય છે.

આ ક્રમે હજારો સ્થિતિબંધ દ્વારા માયાવેદકાદ્ધા પૂર્ણ થાય છે. તે સમયે એટલે કે માયાવેદકાદ્ધાના ચરમસમયે સં.માયા અને સં.લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ચાર માસ થાય છે. શેષકર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ થાય છે.

**સં.માનવેદકાદ્ધા** - માયાવેદકાદ્ધાની સમાપ્તિના અનંતર સમયે-

(૧) ત્રણે માન અનુપશાંત થતા હોવાથી ત્રણે માનના દલિકોને બીજી સ્થિતિમાંથી ખેંચી માનવેદકાદ્ધાથી અધિકકાળ સુધીની અવસ્થિત ગુણશ્રેણિ કરે છે. તેમાં સં.માનની ઉદયસમયથી અને શેષ બે માનની ઉદયાવલિકા ઉપરથી ગુણશ્રેણિની રચના કરે છે.

(૨) તે જ સમયથી ત્રણે લોભ અને ત્રણે માયાની ગુણશ્રેણિનો નિક્ષેપ પણ માનની ગુણશ્રેણિના નિક્ષેપની તુલ્ય થાય છે, પરંતુ ઉદયાવલિકા ઉપર થાય છે. અત્યાર સુધી ત્રણે લોભની અને ત્રણે માયાની ગુણશ્રેણિનો નિક્ષેપ થતો હતો તેના કરતા હવેથી માનની ગુણશ્રેણિનો નિક્ષેપ અધિકકાળમાં થાય છે અને તેથી હવેથી માયાત્રિક અને લોભત્રિકની ગુણશ્રેણિનો આયામ પણ લંબાવીને માનના ગુણશ્રેણિના આયામની તુલ્ય કરી દે છે. ફેર માત્ર એટલો છે કે માયાનો અહીં અનુદય થવાથી સં.માયાની ગુણશ્રેણિ ઉદયસમયથી થતી હતી તે હવે ઉદયાવલિકા ઉપરથી થાય છે. ઉદયાવલિકામાં સં.માયાના દલિકો પણ હવે ગોઠવાતા નથી.

(૩) શેષકર્મની પૂર્વવત્ ગલિતાવશેષ ગુણશ્રેણિ ચાલુ છે.

(૪) સં.માનનો બંધ શરુ થાય છે. એટલે અહીંથી માન ૩, માયા ૩ અને લોભ ૩ ના દલિકો બધ્યમાન સં.ત્રિકમાં અનાનુપૂર્વીથી સંક્રમે છે. એટલે કે સં.માનમાં માયા ૩, લોભ ૩, માન ૨ ના દલિકો સંક્રમે છે. સં.માયામાં માયા ૨, લોભ ૩, માન ૩ ના દલિકો સંક્રમે છે. સં.લોભમાં માયા ૩, લોભ ૨, માન ૩ ના દલિકો સંક્રમે છે.

(૫) તે વખતે માનવેદકાદ્ધાના પ્રથમ સમયે સં.ત્રિકનો (માન, માયા અને લોભનો) સ્થિતિબંધ પૂર્ણ ચાર માસનો થાય છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષનો થાય છે. સંજ્વલનનો ઉત્તરોત્તર સ્થિતિબંધ વિશેષાધિક થાય છે અને શેષ કર્મોનો ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણ થાય છે.

ઉક્તક્રમે હજારો સ્થિતિબંધ દ્વારા માનવેદકાદ્ધા પૂર્ણ થાય છે. ત્યારે એટલે કે માનવેદકાદ્ધાના ચરમસમયે સં.ત્રિકનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૮ માસ થાય છે અને

તે વખતે શેષકર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષનો થાય છે.

**સં.ક્રોધવેદકાદ્ધા** - અનંતર સમયે ત્રણ ક્રોધની ઉપશમના નષ્ટ થતી હોવાથી

(૧) ત્રણે ક્રોધના દલિકને બીજી સ્થિતિમાંથી ખેંચી ગુણશ્રેણિ કરે છે. તેમાં સં.ક્રોધની ગુણશ્રેણિ ઉદયસમયથી કરે છે અને શેષ ક્રોધ દ્વિકની ગુણશ્રેણિ ઉદયાવલિકા ઉપરથી કરે છે. ઉદયાવલિકામાં તેમના દલનો નિક્ષેપ થતો નથી. અત્યાર સુધી લોભ, માયા અને માનની ગુણશ્રેણિઓ અવસ્થિત અને માનવેદકાદ્ધાથી અધિક આયામવાળી હતી, હવેથી ક્રોધત્રિક અને શેષ ૯ કષાય (માન ૩, માયા ૩, લોભ ૩) આ બારકષાયની ગુણશ્રેણિ ગલિતાવશેષ થાય છે અને તેનો આયામ શેષકર્મોની ગુણશ્રેણિને તુલ્ય થાય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે કે - **"पढमसमयकोहवेदगस्स बारसण्हं पि कसायाणं जो गुणसेढिणिक्खेवो सो सेसाणं कम्माणं गुणसेढिणिक्खेवेण सरिसो होदि । जहा मोहणीयवज्जाणं कम्माणं सेसे सेसे गुणसेढिं णिक्खिवदि तहा एत्तो पाए बारसण्हं कसायाणं सेसे सेसे गुणसेढी णिक्खिविदव्वा ।" - પૃ. ૧૯૦૧.**

તાત્પર્ય એ છે કે જે કષાયના ઉદયે શ્રેણિ માંડી હોય તે કષાયનો ઉદય પ્રાપ્ત થયા પછી [1]યથાસંભવ જેની જેની ગુણશ્રેણિ જ્યાં જ્યાં શરુ થાય તે ગલિતાવશેષ અને શેષ કર્મોની ગુણશ્રેણિના આયામ જેટલી થાય છે.

---

૧. **લબ્ધિસાર**માં તેની સાથે આ વખતે અંતરપૂરણ (સર્વ કષાયોનું) પણ થાય છે, એમ કહ્યું છે. તેનો વિધિ એમ બતાવ્યો છે કે બીજી સ્થિતિમાંથી ક્રોધના દલિકો ઉકેરી તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી તેનો એક ભાગ ઉદયાદિગુણશ્રેણિ આયામમાં નાંખે છે અને શેષ બહુભાગમાંથી અમુકદ્રવ્ય લઈને અંતરાયમમાં વિશેષહીનતા ક્રમે નાંખે છે (અતિત્થાપનાવલિકા વર્જીને). આ પ્રમાણે નિક્ષેપ થવાથી અંતરાયામમાં પણ વિશેષહીનના ક્રમે દલિક આવી જાય છે. તથા ગુણશ્રેણિના ચરમ સમયે નિક્ષિપ્ત દ્રવ્ય કરતા અંતરાયામના પહેલા સમયે નિક્ષિપ્તદ્રવ્ય અસંખ્યાતગુણહીન, તથા અંતરાયામના ચરમ સમયે નિક્ષિપ્ત દ્રવ્ય કરતા બીજીસ્થિતિના પહેલા સમયે અસંખ્યગુણહીન દ્રવ્ય આવે. ઉદયરહિત ૧૧ નોકષાયોના દલિકોને પણ ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણિ આયામમાં, અંતરમાં તથા બીજીસ્થિતિમાં ઉક્ત ક્રમે નાંખે છે.

"**इतः पूर्वं मोहनीयस्यावस्थितायामा गुणश्रेणिः कृता। इदानीं पुनर्गलितावशेषायामा प्रारब्धेत्ययं विशेषः। यस्य कषायस्योदयेनोपशमश्रेणिमारूढो जीवः पुनरवतरणे तस्य कषायस्य उदयसमयादारभ्य गलितावशेषगुणश्रेणिरन्तरापूरं च क्रियते । तत्रोदयवतः सञ्ज्वलनक्रोधस्य द्रव्यमपकृष्य पल्यासङ्ख्यात-भागेन खण्डयित्वा तदेकभागं स ........ उदयादिगुणश्रेण्यायामे निक्षिपति । पुनर्द्वितीयस्थितौ प्रथमनिषेक-द्रव्यं स ......... इदं, पदहतमुखमादिधनमत्यिनेनान्तर्मुहूर्त्तमात्रान्तरायामेन गुणयित्वा लब्धं समपट्टिकाधनं**

(૨) અહીં શેષકર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ ચાલુ છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૬૦ની ચૂર્ણિ**માં કહ્યુ છે - "जाए संजलणाए सेढिं पडिवन्नो तातो चेव तं कम्मं पत्तस्स सेसकम्मेहि सरिसा गुणसेढी ।"

(૩) ક્રોધવેદકાદ્ધાના પ્રથમ સમયથી સં.ક્રોધનો બંધ તથા અનુપશાંતપણુ થવાથી બાર કષાયનો અનાનુપૂર્વી સંક્રમ થાય છે. અત્યાર સુધી નવ કષાયોનો થતો હતો. સંજ્વલન ક્રોધમાં પોતાના સિવાય ૧૧ કષાયોનો સંક્રમ થાય, તેવી રીતે સં.માનાદિમાં પણ ૧૧-૧૧ કષાયો સંક્રમે છે.

(૪) સં.ચતુષ્કનો સ્થિતિબંધ ૮ માસ પૂર્ણ થાય છે, જ્યારે શેષ કર્મોનો સ્થિતિબંધ એ વખતે સંખ્યાતા હજાર વર્ષનો થાય છે. સંજ્વલનનો ઉત્તરોત્તર સ્થિતિબંધ હજુ વિશેષાધિક જ ચાલે છે અને શેષકર્મોનો સંખ્યાતગુણ થાય છે.

ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ પસાર થાય છે ત્યારે અવેદકપણાનો ચરમ સમય આવે છે. તે વખતે સં.ચતુષ્કનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૬૪ વર્ષ થાય છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ થાય છે.

આમ ઉપશમશ્રેણિ અવરોહકને ક્રમશઃ લોભ, માયા, માન અને ક્રોધના ઉદય સુધીની વક્તવ્યતા બતાવી. અહીં દરેક સ્થાને અવરોહકને કષાયના ઉદયનો કાળ આરોહક કરતા કંઈક ન્યૂન જાણવો, જે આગળ અલ્પબહુત્વ પરથી સમજી શકાશે.

**પુરુષવેદોદય** - હવે ક્રમશઃ નોકષાયોની ઉપશમના નષ્ટતાનો વિધિ બતાવે છે.

............ द्वितीयस्थितिप्रथमनिषेके द्विगुणगुणहान्या विभज्य द्वाभ्यां गुणिते अधस्तनगुणहानिचयो भवति । सैकपदाहतपददलचयहतमुत्तरधनमित्यानीतं चयधनं स ............ इदं प्रागानीते समपट्टिकाधने साधिकं कुर्यात् स ................ एतावद् द्रव्यमपकृष्टद्रव्यस्य पल्यासङ्ख्यातभागखण्डितबहुभागद्रव्यात् गृहीत्वा अद्धाणेण सव्वधणे खंडिदेत्यादिविधिना विशेषहीनक्रमेणान्तरायामे निक्षिपेत्। अवशिष्टबहुभागद्रव्यं द्वितीयस्थितौ 'दिवड्ढगुणहाणिभाजिदे पढमा' इत्यादिविधिना नानागुणहानिषु विशषहीनक्रमेण तत्तदपकृष्ट-निषेकमतिस्थापनावलिमात्रेणाप्राप्य निक्षिपति । एवं निक्षिप्ते गुणश्रेणिशीर्षद्रव्यादन्तरायामप्रथमसमय-निक्षिप्तद्रव्यमसङ्ख्यातगुणहीनम् । अन्तरायामचरमसमयनिक्षिप्तद्रव्याद् द्वितीयस्थितिप्रथमसमयनिक्षिप्त-द्रव्यमसङ्ख्यातगुणहीनं द्रष्टव्यम् । एवमुदयरहितानां शेषैकादशकषायाणं द्रव्यमपकृष्य उदयावलिबाह्य-गुणश्रेण्यायामे अन्तरायामे द्वितीयस्थितौ च द्रव्यत्रयनिक्षेपविधिः कर्तव्यः ।"

- લબ્ધિસાર ગા. ૩૨૧ ની સંસ્કૃત ટીકા

*ક્રોધવેદકાદ્ધામાં હજારો સ્થિતિબંધ ગયા પછી અનંતર સમયે*

(૧) પુરુષવેદ અને હાસ્ય-૬ ની ઉપશમના નષ્ટ થાય છે, એટલે તે સમયે સાતે નોકષાયની ગુણશ્રેણિ પણ બાર કષાયની સાથે તેઓની માફક જ ચાલુ થાય છે અને તેમાં પુરુષવેદ ઉદયવતી પ્રકૃતિ હોવાથી તેનો ગુણશ્રેણિનિક્ષેપ ઉદયસમયથી અને શેષ છ નોકષાયોનો નિક્ષેપ ઉદયાવલિકા ઉપરથી થાય છે. અહીંથી બાર કષાય અને સાત નોકષાય એમ ૧૯ પ્રકૃતિની ગલિતાવશેષ ગુણશ્રેણિ ચાલુ થઈ છે. તેમાં ઉદયવાળા કષાય અને વેદના દલિકને ઉદયસમયથી અસંખ્ય ગુણાકારે અને અનુદયવાળી શેષ પ્રકૃતિઓની ગુણશ્રેણિની રચના ઉદયાવલિકા ઉપર અસંખ્યગુણાકારે થાય છે. ગુણશ્રેણિ-આયામ શેષ કર્મોની ગુણશ્રેણિના આયામ જેટલો સમજવો.[1]

(૨) શેષકર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ પણ પૂર્વવત્ ચાલુ છે.

(૩) પુરુષવેદનો બંધ અને ઉદય ચાલુ થાય છે. તથા સાતે નોકષાયનો અનાનુપૂર્વી સંક્રમ પણ અહીંથી શરુ થાય છે. એટલે કુલ ચારિત્રમોહનીયની ૧૯ પ્રકૃતિઓનું સંક્રમસ્થાન અહીં પ્રાપ્ત થાય છે.

(૪) પુરુષવેદનો સ્થિતિબંધ-૩૨ વર્ષ,

સં. ૪નો સ્થિતિબંધ-૬૪ વર્ષ,

અને શેષ કર્મોનો સ્થિતિબંધ-સંખ્યાતા હજાર વર્ષ થાય છે.

પુરુષવેદ અનુપશાંત થયા પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થાય છે. આ બન્નેની વચ્ચેના કાળના સંખ્યાતા બહુ ભાગ પસાર થઈ જાય અને સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે નામ-ગોત્ર-વેદનીયનો અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ થાય છે. અલ્પબહુત્વ આ ક્રમે જાણવું -

મોહનીયનો સ્થિતિબંધ-સૌથી થોડો,

---

૧. અહીંયા પુરુષવેદનું પણ અંતરપૂરણ થાય છે એમ લબ્ધિસારમાં જણાવ્યું છે. તેનો વિધિ સં.ક્રોધવત્ જાણવો -

''तत्रोदयवतोः पुंवेदसञ्ज्वलनक्रोधयोः द्रव्यमपकृष्य उदयादिगुणश्रेण्यायामे अन्तरायामे द्वितीयस्थितौ च सञ्ज्वलनक्रोधोक्तप्रकारेण द्रव्यनिक्षेपं करोति, उदयरहितानां शेषकषायनोकषायाणां द्रव्यमपकृष्य उदयावलिबाह्यगुणश्रेण्यायामे अंतरायामे द्वितीयस्थितौ च पूर्वोक्तप्रकारेण निक्षिपति ।'' - લબ્ધિસાર ગા. ૩૨૩ની ટીકા

ઘાતિત્રયનો સ્થિતિબંધ-સંખ્યાતગુણ,

નામગોત્રનો સ્થિતિબંધ-અસંખ્યાતગુણ,

વેદનીયનો સ્થિતિબંધ-વિશેષાધિક.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''पुरिसवेदे अणुवसंते जाव इत्थिवेदो उवसंतो एदिस्से अद्धाए संखेज्जेसु भागेसु गदेसु णामा-गोद-वेदणीयाणमसंखेज्जवस्सट्ठिदिगो बंधो। ताधे अप्पाबहुअं कायव्वं। सव्वत्थोवो मोहणीयस्स ट्ठिदिबंधो, तिण्हं घादिकम्माणं ठिदिबंधो संखेज्जगुणो, णामगोदाणं ठिदिबंधो असंखेज्जगुणो, वेदणीयस्स ट्ठिदिबंधो विसेसाहिओ ।'' - **પૃ. ૧૯૦૩. સૂત્ર ૪૬૧ થી ૪૬૬.**

આ પ્રમાણે હજારો સ્થિતિબંધ ગયા પછી સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થાય છે અને ત્યારથી સ્ત્રીવેદના દલિકોને પણ ખેંચીને ઉદયાવલિકા ઉપર શેષ કર્મોની માફક ગુણશ્રેણિ કરે છે. અહીંથી આમ કુલ ૨૦ પ્રકૃતિઓની ગુણશ્રેણિ થાય છે.[1] સ્ત્રીવેદ અનુપશાંત થયુ એટલે તેનો અનાનુપૂર્વી સંક્રમ પણ હવે ચાલુ થયો. આમ ચારિત્રમોહનીયની ૨૦ પ્રકૃતિઓનું સંક્રમસ્થાન અહીં પ્રાપ્ત થાય છે.

સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થયા પછી હજારો સ્થિતિબંધ ગયા પછી નપુંસકવેદની ઉપશમના નષ્ટ થાય છે. તે પૂર્વે સ્ત્રીવેદ અનુપશાંત થયા પછી નપું૦ વેદની ઉપશમના નષ્ટ થાય તે વચ્ચેના કાળના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ઘાતિત્રય એટલે કે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો અસંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ શરુ થાય છે. તે વખતે સ્થિતિબંધનું અલ્પબહુત્વ

મોહનીયનો - સૌથી થોડો,

ઘાતિત્રયનો - અસંખ્યગુણ,

નામગોત્રનો - અસંખ્યગુણ,

વેદનીયનો - વિશેષાધિક.

આ પ્રમાણે જાણવું. **કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - ''इत्थिवेदे अणुवसंते जाव णवुंसयवेदो उवसंतो एदिस्से अद्धाए संखेज्जेसु भागेसु गदेसु णाणावरण-दंसणावरण-

૧. લબ્ધિસારમાં અહીં સ્ત્રીવેદનું પણ અંતરપૂરણ પૂર્વની માફક કહ્યું છે.

अंतराइयाणमसंखेज्जवस्सिय ट्ठिदिबंधो जादो। ताधे मोहणीयस्स ठिदिबंधो थोवो। तिण्हं घादिकम्माणं ठिदिबंधो असंखेज्जगुणो। णामागोदाणं ठिदिबंधो असंखेज्जगुणो, वेदणीयस्स ठिदिबंधो विसेसाहिओ। - **પૃ. ૧૯૦૪.**

તથા તે જ સમયથી જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩, અંતરાય ૫ એ ઘાતિત્રયની બાર દેશઘાતિપ્રકૃતિઓનો બે સ્થાનિક રસ બંધાય છે. અવરોહકને પણ અત્યાર સુધી આ પ્રકૃતિઓનો એકઠાણીયો રસ બંધાતો હતો. હવેથી બે સ્થાનિક રસ બંધાય છે.

ઉક્તક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી નપુંસકવેદની ઉપશમના નષ્ટ થાય છે. એટલે તે જ સમયે દ્વિતીયસ્થિતિમાંથી દલિકને ખેંચી નપુંસકવેદની પણ ઉદયાવલિકા ઉપર શેષ કર્મોની. ગુણશ્રેણિવત્ ગુણશ્રેણિ કરે છે. આમ આ સમયે મોહનીયની ૨૧ પ્રકૃતિઓ અનુપશાંત થવાથી અહીંથી મોહનીયની ૨૧ પ્રકૃતિઓની ગુણશ્રેણિ ચાલુ થાય છે. તેમજ નપુંસકવેદનો અનાનુપૂર્વી સંક્રમ પણ ચાલુ થાય છે. એટલે અહીં ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓનું સંક્રમસ્થાન પ્રાપ્ત થાય છે.

નપુંસકવેદ અનુપશાંત થયા પછી આરોહકના અંતરકરણ સમાપ્તિકાળ સુધીનો જેટલો કાળ છે તેના સંખ્યાતા બહુ ભાગ પસાર થાય ત્યારે, જો કે અવરોહકને અંતરકરણસમાપ્તિકાળ આવતો નથી, માટે અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે નપુંસકવેદ અનુપશાંત થયા પછી અવરોહકને આરોહકનો અંતરકરણક્રિયાનિષ્ઠાપનનો સમય જે સમયે આવે તે બે વચ્ચેના કાળના સંખ્યાતા બહુભાગ પસાર થાય ત્યારે મોહનીયનો અસંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ પ્રારંભ થાય છે. તથા તે જ વખતે મોહનીયનો બંધ અને ઉદય બન્નેમાં બે સ્થાનિકરસ હોય છે. આરોહકને અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછીથી આ સ્થાન સુધી મોહનીયનો એક ઠાણીયો રસ ઉદયમાં હતો. હવેથી બેસ્થાનિક રસનો ઉદય ચાલુ થાય છે. સત્તામાં તો આ સ્થાન પૂર્વે પણ બે સ્થાનિક રસ હતો જ, કેમકે સત્તામાં ન હોય તો બે સ્થાનિક રસનો બંધ પણ હમણા અહીં જ ચાલુ થયો હોવાથી બંધાવલિકા વીતી ન હોવાથી ઉદયમાં આવી ન શકે.

અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

મોહનીયનો સ્થિતિબંધ - સૌથી થોડો,

તેના કરતા ઘાતિત્રયનો સ્થિતિબંધ - અસંખ્યગુણ,

તેના કરતા નામ-ગોત્રનો સ્થિતિબંધ - અસંખ્યગુણ.

તેના કરતા વેદનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક.

અંતરકરણક્રિયાનિષ્ઠાપનથી આરોહકને સાત વસ્તુઓ જે થતી હતી તેથી વિપરીતપણે સાત વસ્તુઓમાં મોહનીયનો અસંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ, બે સ્થાનિક રસબંધ અને બે સ્થાનિક રસોદય એ ત્રણ વસ્તુઓ અહીં ચાલુ થાય છે. જ્યારે લોભનો સંક્રમ, અનાનુપૂર્વી સંક્રમ અને છ આવલિકા બાદ ઉદીરણાના નિયમનો વિચ્છેદ અને નપુંસકવેદની અનુપશમના આની પૂર્વે ચાલુ થઈ ગઈ છે.

**પ્રશ્ન** - જે વસ્તુઓ આરોહકને અંતરકરણક્રિયાનિષ્ઠાપનથી ચાલુ થઈ હતી તે વસ્તુઓનો વિચ્છેદ અવરોહકને અંતરકરણક્રિયાસમાપ્તિકાળ આવે ત્યારે થવો જોઈએ. અહીં તેના સંખ્યાતમા ભાગ પહેલા કેમ કહ્યો છે ?

**જવાબ** - જે ક્રમે ઉપશમશ્રેણિ પર આરુઢ થાય છે ઉતરતા તે ક્રમ રહે છે તે બરાબર છે, પરંતુ કાળ સમાન રહેવાનો નિયમ નથી, કેમકે ચઢતા સૂક્ષ્મ લોભવેદકાદ્ધા કરતા ઉતરતા સૂક્ષ્મલોભવેદકાદ્ધા કંઈક ઓછી છે, એ પૂર્વે જણાવ્યું છે. તેવી જ રીતે ચઢતા કરતા ઉતરતા માયાવેદકાદ્ધા, માનવેદકાદ્ધા, ક્રોધવેદકાદ્ધા પણ ઓછી હોય છે. આમ થતા ચઢતા જે સ્થાને મોહનીયનો સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ હતો ઉતરતા તેની પૂર્વે સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ આવી જાય છે. તેવી જ રીતે શેષ વસ્તુઓમાં પણ યથાસંભવ જાણવું. જ્યારે છ આવલિકા અતિક્રાંત થયા પછી ઉદીરણાના નિયમનો અભાવ પડનારને શરુઆતથી જ થાય છે. અને આનુપૂર્વી સંક્રમ અને લોભના અસંક્રમનો નિયમ પણ નવમા ગુણસ્થાનકના પ્રારંભથી જ ગયો છે.

**સર્વઘાતિરસબંધ પ્રારંભ** - મોહનીયનો અસંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ પ્રારંભ થયા પછી ઉક્ત અલ્પબહુત્વના ક્રમે હજારો સ્થિતિબંધ પસાર થયા પછી વીર્યાંતરાયકર્મનો અનુભાગ સર્વઘાતિ બંધાય છે. આરોહકને નવમા ગુણસ્થાનકે અમુક ભાગ ગયા પછી દેશઘાતિ રસબંધનો પ્રારંભ થયો હતો. ત્યાંથી અહીં સુધી દેશઘાતિ બંધાતો હતો. હવે વીર્યાંતરાયના સર્વઘાતિ રસબંધનો પ્રારંભ થયો. તેવી જ રીતે ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી મતિજ્ઞાનાવરણ તથા ઉપભોગાંતરાયના દેશઘાતિ રસબંધની બદલે સર્વઘાતિ રસબંધનો પ્રારંભ થાય છે. ત્યાર પછી સ્થિતિબંધપૃથક્ત્વ ગયા પછી ચક્ષુદર્શનાવરણના દેશઘાતિ રસબંધની બદલે સર્વઘાતિ રસબંધનો પ્રારંભ થાય. ત્યારપછી

સ્થિતિબંધપૃથક્ત્વ ગયા પછી શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુ૦, ભોગાંત૦નો સર્વઘાતિ રસબંધ શરુ થાય. ત્યારપછી હજારો સ્થિતિબંધ ગયા પછી અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ અને લાભાંતરાયના દેશઘાતિ રસબંધની બદલે સર્વઘાતિ રસબંધનો પ્રારંભ થાય. તથા ત્યારપછી હજારો સ્થિતિબંધ ગયા પછી મનઃપર્યવજ્ઞાનાવરણ અને દાનાંતરાયના દેશઘાતિ રસબંધની બદલે સર્વઘાતિ રસબંધનો પ્રારંભ થાય છે.

**અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાનો નાશ :** [1]ત્યારપછી હજારો સ્થિતિબંધ ગયા પછી અસંખ્ય સમયપ્રબદ્ધની ઉદીરણા નષ્ટ થાય છે અને તેની બદલે એક સમયપ્રબદ્ધના અસંખ્યાતમા ભાગ જેટલી ઉદીરણા થાય છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં કહ્યુ છે - "**तदो ठिदिबंधसहस्सेसु गदेसु असंखेज्जाणं समयपबद्धाणमुदीरणा पडिहम्मदि । असंखेज्जलोगपडिभागो समयपबद्धस्स उदीरणा ।**[2]" **-પૃ. ૧૯૦૮.**

સ્થિતિબંધક્રમપરિવર્તન - જે સમયે અસંખ્યસમયપ્રબદ્ધ ઉદીરણા નષ્ટ થઈ તે સમયે સાતે કર્મનો સ્થિતિબંધ અસંખ્યાતવર્ષનો છે, પરંતુ તેમાં અલ્પબહુત્વનો ક્રમ આ પ્રમાણે છે.

મોહનીયનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ,

---

૧. અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણામાં અપકૃષ્ટ દ્રવ્યને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી બહુભાગનો બીજીસ્થિતિમાં (ગુણશ્રેણિઆયામ ઉપર) નિક્ષેપ કરવો તથા શેષ એક ભાગને ફરી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી ભાગી બહુભાગનો ઉદયાવલિકા ઉપર ગુણશ્રેણિ આયામમાં નિક્ષેપ કરવો, એ વિધિ હતો. તેને બદલે હવેથી અપકૃષ્ટદ્રવ્યને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગી બહુભાગ દ્રવ્યને બીજીસ્થિતિમાં (ગુણશ્રેણિઆયામ ઉપર), શેષ એક ભાગને પલ્યોપમના અસંખ્યાતમા ભાગની બદલે અસંખ્યલોકથી ભાગી બહુભાગને ઉદયાવલિ ઉપર ગુણશ્રેણિ આયામમાં અને શેષ એક ભાગનો ઉદયાવલિકામાં નિક્ષેપ કરવો. અહીં સુધી ગુણશ્રેણિદ્રવ્યના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દ્રવ્ય ઉદયાવલિકામાં આવતુ હોવાથી અસંખ્યસમયપ્રબદ્ધ જેટલું દ્રવ્ય થાય, તેથી તેને અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા કહી. હવેથી ગુણશ્રેણિદ્રવ્યના અસંખ્યાતા લોક જેટલામા ભાગનું દ્રવ્ય ઉદયાવલિકામાં આવે છે. તેથી સમયપ્રબદ્ધના અસંખ્યાતમા ભાગ જેટલું દ્રવ્ય ઉદીરણામાં આવે છે.

"**गुणश्रेणिकरणार्थमपकृष्टद्रव्यस्यारोहके यः पल्यासङ्ख्यातमात्रो भागहारः प्रागुक्तः सोऽद्य यावदायातोऽस्मिन्नवसरे प्रतिहतः। इदानीमसङ्ख्यातलोकमात्रो भागहारोऽपकृष्टद्रव्यस्य सञ्जातः । ततः कारणादसङ्ख्येयसमयप्रबद्धोदीरणां विना एकसमयप्रबद्धासङ्ख्येयभागमात्रोदीरणा सञ्जातेत्यर्थः ।**"

- લબ્ધિસાર ગા. ૩૩૩ ની સંસ્કૃત ટીકા.

૨. અહીંથી ઉદયાવલિકા ઉપરથી ગુણશ્રેણિ સંભવે છે.

ઘાતિત્રયનો સ્થિતિબંધ - અસંખ્યગુણ,

નામ-ગોત્રનો સ્થિતિબંધ - અસંખ્યગુણ,

વેદનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક.

હવે સ્થિતિબંધના ઉપરોક્ત અલ્પબહુત્વમાં ક્રમશઃ જે ફેરફાર થાય છે તે બતાવાય છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી ઘાતિત્રય નામ-ગોત્રની ઉપર આવી જાય છે, એટલે કે ઘાતિત્રયનો સ્થિતિબંધ નામ-ગોત્રથી અસંખ્યાતમા ભાગે થતો હતો તેની બદલે નામગોત્રથી અધિક થાય છે. એટલે અલ્પબહુત્વ આ પ્રમાણે થયું -

મોહનીયનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ,

નામ-ગોત્રનો સ્થિતિબંધ - અસંખ્યગુણ,

ઘતિત્રયનો સ્થિતિબંધ - વિશેષાધિક,

વેદનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક.

ત્યાર પછી વળી હજારો સ્થિતિબંધ ઉક્તક્રમે ગયા પછી ઘાતિત્રય અને વેદનીયનો સ્થિતિબંધ સમાન થાય છે. એટલે અલ્પબહુત્વ આ પ્રમાણે થયું -

મોહનીયનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ,

નામ-ગોત્રનો સ્થિતિબંધ - અસંખ્યગુણ,

ઘાતિત્રય અને વેદનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક (ચારેનો પરસ્પર તુલ્ય).

ત્યારપછી ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી મોહનીય નામ-ગોત્રની પણ ઉપર જાય છે, એટલે કે મોહનીયનો સ્થિતિબંધ નામ-ગોત્ર કરતા પણ અધિક થાય છે. અહીં અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

નામ-ગોત્રનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ,

મોહનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક,

વેદનીય અને ઘાતિત્રયનો સ્થિતિબંધ - વિશેષાધિક (પરસ્પર તુલ્ય).

ત્યારપછી હજારો સ્થિતિબંધ ગયા પછી મોહનીય ઘાતિત્રય અને વેદનીયની પણ

ઉપર જાય છે. એટલે કે મોહનીયનો સ્થિતિબંધ ઘાતિત્રય અને વેદનીય કરતા પણ અધિક થાય છે. અહીં અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

નામ-ગોત્રનો સ્થિતિબંધ - સર્વથી અલ્પ,

વેદનીય અને ઘાતિત્રયનો સ્થિતિબંધ - વિશેષાધિક (પરસ્પર તુલ્ય),

મોહનીયનો સ્થિતિબંધ - વિશેષાધિક.

હવેથી છેક સુધી સ્થિતિબંધ અલ્પબહુત્વનો ક્રમ આ પ્રમાણે જ રહેશે.

જ્યારથી જે કર્મના અસંખ્યાતા વર્ષના સ્થિતિબંધનો પ્રારંભ થાય ત્યારથી તે કર્મનો ઉત્તરોત્તર સ્થિતિબંધ અસંખ્યાતગુણ થાય છે.

ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ ગયા પછી સાતે કર્મોનો એક સાથે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

હવેથી પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણ થાય છે. ઉક્ત ક્રમે હજારો સ્થિતિબંધ જાય ત્યારે પણ સાતે કર્મોનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો બંધાતો હોય છે. પરંતુ તેમાં અલ્પબહુત્વ પૂર્વપ્રમાણે જ હોય છે.

હવે પછીનો સ્થિતિબંધ મોહનીયનો પલ્યોપમના સંખ્યાતમા ભાગથી વધીને ૧ પલ્યોપમ પૂરો થાય છે. તે વખતે ઘાતિત્રય અને વેદનીયનો પલ્યોપમના સંખ્યાતમા ભાગથી વધીને પોણો પલ્યોપમ થાય છે અને નામગોત્રનો પલ્યોપમના સંખ્યાતમા ભાગથી વધીને અડધો પલ્યોપમ થાય છે. એટલે આ સ્થિતિબંધ તથા સ્થિતિબંધની વૃદ્ધિ આ પ્રમાણે છે-

| | **સ્થિતિબંધની વૃદ્ધિ** | **સ્થિતિબંધ** |
|---|---|---|
| નામગોત્ર | પલ્યો./સંખ્યાત ન્યૂન અડધો પલ્યોપમ | અડધો પલ્યોપમ |
| ઘાતિત્રય, વેદનીય | પલ્યો./સંખ્યાત ન્યૂન પોણો પલ્યોપમ | પોણો પલ્યોપમ |
| મોહનીય | પલ્યો./સંખ્યાત ન્યૂન ૧ પલ્યોપમ | ૧ પલ્યોપમ |

સ્થિતિબંધનું અલ્પબહુત્વ તો પૂર્વવત્ જ હોય છે.

હવેથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ વધતો જાય છે. (યાવત્ શેષ અનિવૃત્તિકરણ પૂર્ણ થાય. ત્યાર પછી અપૂર્વકરણ સુધી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધની વૃદ્ધિ જાણવી.)

ઉક્ત ક્રમે પલ્યોપમના સંખ્યાતમા ભાગની વૃદ્ધિથી વધતા સંખ્યાતા હજારો સ્થિતિબંધ ગયા પછી અન્ય સ્થિતિબંધ સાતે કર્મોનો એકેન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી સાતે કર્મોનો સ્થિતિબંધ બેઈન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી સાતે કર્મોનો સ્થિતિબંધ તેઈન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી સાતે કર્મોનો સ્થિતિબંધ ચઉરિન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયા પછી સાતે કર્મોનો સ્થિતિબંધ અસંજ્ઞિપંચેન્દ્રિયના સ્થિતિબંધની તુલ્ય થાય છે. ત્યાર પછી અનિવૃત્તિકરણ સમાપ્ત થાય છે.

અનિવૃત્તિકરણના ચરમસમયે અંતઃક્રોડ વર્ષનો એટલે કે લક્ષપૃથક્ત્વ સાગરોપમનો સ્થિતિબંધ થાય છે. (અહીં પણ અલ્પબહુત્વ તો પૂર્વોક્ત પ્રકારે જ જાણવું.)

"चरिमसमयअणियट्टिस्स ठिदिबंधो सागरोवमसदसहस्सपुधत्तमंतोकोडाकोडीए।" **- કષાયપ્રાભૃતચૂર્ણિ, સૂત્ર ૫૨૭, પૃ. ૬૧૨.**

**અપૂર્વકરણ** - અનંતરસમયે અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. તે જ વખતે દેશોપશમના, નિધત્તિ, નિકાચના આ ત્રણ કરણ ખુલ્લા થાય છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૬૪ની ચૂર્ણિમાં કહ્યુ છે કે**- "**जं जं करणं आरुहंतस्स जत्थ जत्थ वोच्छिन्नं तं तं ठ्ठाणं पत्तस्स तं तं करणं उग्घाडियं भवति । तं जहा - अपसत्थउवसामणाकरणं णिहत्तीकरणं णिकायणाकरणं बंधनकरणं उदीरणाकरणं उवट्टणोवट्टणाकरणं संकामणाकरणं इति अट्ठ करणाणि उग्घाडियाणि भवन्ति तं ठ्ठाणं पत्तस्स ।**"

તે જ સમયથી હાસ્ય-૪ના બંધનો પ્રારંભ થાય છે. એટલે મોહનીયની નવપ્રકૃતિનું બંધસ્થાનક અહીં આવે. તથા હાસ્ય-૪ અને ભય-જુગુપ્સાનો ઉદય થાય. ત્યારપછી અપૂર્વકરણનો એક સંખ્યાતમો ભાગ જાય ત્યારે (બીજા ભાગના પ્રારંભથી) દેવદ્વિકાદિ ૩૦ પ્રકૃતિના બંધનો પ્રારંભ થાય છે. ત્યાર પછી સંખ્યાતા ભાગ જાય એટલે કે અપૂર્વકરણનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે નિદ્રા-૨ નો બંધ શરુ થાય. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થાય છે એટલે અપૂર્વકરણ સમાપ્ત થાય છે.

સાતે કર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિની રચના પણ અહીંયા પૂર્ણ થાય છે.

પ્રસંગ પામીને અવરોહકની ગુણશ્રેણિનું વર્ણન ફરીથી કરીએ છીએ.

અવરોહકને સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી અપૂર્વકરણના ચરમસમય સુધી જ્ઞાનાવરણાદિ છએ કર્મોની સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણથી અધિક આયામવાળી ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. જ્યારે મોહનીયમાં કેટલાક કાળ સુધી એટલે કે જે કષાયના ઉદયથી શ્રેણિ માંડી હોય તે કષાયનો ઉદય ન થાય ત્યાં સુધી શેષકષાયોની ગુણશ્રેણિ અવસ્થિત પ્રમાણવાળી હોય છે અને તે પણ વચ્ચે ત્રણવાર વધે છે. તે આ રીતે - સૂક્ષ્મસંપરાયમાં લોભની અવસ્થિત ગુણશ્રેણિ. ત્યારપછી અનિવૃત્તિકરણના પ્રથમ સમયે બાદર લોભને ઉકેરતા તે સમયે ગુણશ્રેણિ આયામ વધે છે. તે લોભવેદકાદ્ધાના ચરમસમય સુધી તે જ પ્રમાણે રહે છે. વળી પુનઃ માયાના દલિકોને ઉકેરતા માયોદયના પ્રારંભમાં બીજી વાર ગુણશ્રેણિ આયામ વધે છે. તે માયાવેદકકાળના ચરમ સમય સુધી તે જ પ્રમાણે રહે છે. વળી તેવી જ રીતે માનના દલિકો ઉકેરતા માનોદયના પ્રારંભમાં ત્રીજી વાર ગુણશ્રેણિ આયામ વધે છે અને માનવેદકાદ્ધાથી કંઈક અધિક કાળ જેટલો થાય છે. તે માનવેદકાદ્ધાના ચરમસમય સુધી તે જ પ્રમાણે રહે છે. ત્યાર પછી ક્રોધવેદકાદ્ધાના પ્રથમ સમયથી ચોથી વાર ગુણશ્રેણિ આયામ વધીને શેષ કર્મોની ગુણશ્રેણિના આયામ જેટલો થઈ જાય છે. પરંતુ અહીંયા અવસ્થિત ગુણશ્રેણિ રહેતી નથી. અહીંથી બાર કષાયની ગુણશ્રેણિ પણ શેષકર્મોની ગુણશ્રેણિ જેવી ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. ત્યાર પછી જે જે કષાય-નોકષાયની ઉપશમના નષ્ટ થતી જાય છે તેની ગુણશ્રેણિ પણ ઉક્ત રીતે થાય છે.

**યથાપ્રવૃત્તકરણ** - અપૂર્વકરણ સમાપ્ત્યનંતર તે જીવ યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે છે. યથાપ્રવૃત્તકરણમાં પૂર્વની (અપૂર્વકરણની) માફક ગલિતાવશેષ ગુણશ્રેણિ થતી નથી પરંતુ અવસ્થિત આયામવાળી ગુણશ્રેણિ થાય છે. (દલિકની અપેક્ષાએ હીયમાન ગુણશ્રેણિ હોય છે.) તેનો આયામ પૂર્વના સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી શરુ થયેલ ગલિતાવશેષ ગુણશ્રેણિ આયામથી સંખ્યાતગુણ હોય છે. (દ્રવ્ય અસંખ્યગુણહીન હોય છે.) આ પ્રમાણે અંતર્મુહૂર્ત સુધી અવસ્થિત ગુણશ્રેણિ કરે છે. ત્યારપછી ત્રણે પ્રકારે ગુણશ્રેણિ કરે, કેમકે યથાપ્રવૃત્તકરણમાં અંતર્મુહૂર્ત ગયા પછી સ્વસ્થાન સંયત થાય છે. તે વખતે વૃદ્ધિ-હાનિ વગર અવસ્થિત આયામવાળી ગુણશ્રેણિ કરે. ત્યારપછી દેશવિરત ગુણસ્થાનકે જાય તો ત્યાં ગુણશ્રેણિ આયામ વધે છે અને તે જ જીવ ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ માંડે તો ગુણશ્રેણિ આયામ હીન થાય છે.

''तदो पढमसमयअधापवत्तस्स अण्णो गुणसेढिणिक्खेवो पोराणगादो णिक्खेवादो

संखेज्जगुणो, जाव चरिमसमयअपुव्वकरणादो त्ति सेसे सेसे णिक्खेखो । जो पढमसमय-अधापवत्तकरणे णिक्खेवो सो अंतोमुहुत्तिओ तत्तिओ चेव । तेण परं सिया वड्ढदि, सिया हायदि, सिया अवट्ठायदि ।'' - **કષાયપ્રાભૃતચૂર્ણિ, પૃ. ૧૯૧૪.**

યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયથી જ ગુણસંક્રમ થતો નથી. પરંતુ બંધને યોગ્ય પ્રકૃતિઓનો યથાપ્રવૃત્તસંક્રમ થાય અને બંધને અયોગ્ય પ્રકૃતિઓનો એટલે કે બંધવિચ્છેદને પ્રાપ્ત થયેલી પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે.

યથાપ્રવૃત્તકરણની ગુણશ્રેણિ ઉપશમશ્રેણિ નિમિત્તક નથી, પરંતુ સંયમનિમિત્તક છે. ઉપશમશ્રેણિનિમિત્તક ગુણશ્રેણિ અપૂર્વકરણથી આગળ થતી નથી જે આગળ જણાવી ગયા છીએ.

- ''पढमसमयअधापवत्तकरणे गुणसंकमो वोच्छिण्णो, सव्वकम्माणमधा-पवत्तसंकमो जादो, णवरि जेसिं विज्झादसंकमो अत्थि तेसिं विज्झादसंकमो चेव।'' **કષાયપ્રાભૃતચૂર્ણિ, પા. ૭૩૯.**

આરોહકના અપૂર્વકરણના પ્રથમ સમયથી અવરોહકના અપૂર્વકરણના ચરમસમય સુધીના કાળ કરતા અવરોહકનો ઉપશમસમ્યક્ત્વ સાથે યથાપ્રવૃત્તકરણનો કાળ સંખ્યાતગુણ છે.

''उवसामगस्स पढमसमयअपुव्वकरणप्पहुडि जाव पडिवदमाणगस्स चरिमसमय-अपुव्वकरणो त्ति, तदो एत्तो संखेज्जगुणं कालं पडिणियत्तो अधापवत्तकरणेण उवसम-सम्मत्तद्धमणुपालेदि ।'' - **પૃ. ૧૯૧૫** अधापवत्तकरण = સ્વસ્થાન સંયત. (૫૮)(૫૯)(૬૦)(૬૧).

પતમાન જીવ પ્રમત્તસંયતગુણસ્થાનક પામ્યા પછી શું કરે છે તે બતાવે છે -

किच्चा पमत्ततदियरठाणे परिवत्ति बहुसहस्साणि ।
हिट्ठिल्लाणंतरदुगं आसाणं वा वि गच्छेज्जा ।।६२।।

उवसमसम्मत्तद्धा अन्तो आउक्खया धुवं देवो ।
तिसु आउगेसु बद्धेसु जेण सेढिं न आरुहई ।।६३।।

उग्घाडियाणि करणाणि उदयठिइमाइगं इयरतुल्लं ।
एगभवे दुक्खुत्तो चरित्तमोहं उवसमेज्जा ।।६४।।

**અક્ષરાર્થ** - પ્રમત્તાપ્રમત્ત ગુણસ્થાનકે હજારો વાર પરાવર્તન કર્યા બાદ નીચેના બે ગુણસ્થાનકે (દેશવિરતિ, અવિરતિ ગુણસ્થાનકે) અથવા સાસ્વાદન ગુણસ્થાનકે પણ જાય છે. (૬૨)

ઉપશમસમ્યક્ત્વના કાળમાં જો આયુષ્યનો ક્ષય થાય તો અવશ્ય દેવ થાય, કેમકે બાકીના ત્રણ આયુષ્ય બંધાયા હોય તો ઉપશમશ્રેણિ પર ચઢી શકાતું નથી. (૬૩)

આરોહકને જે ક્રમે કરણોનો વિચ્છેદ થયો હતો તે જ ક્રમે અવરોહકને કરણો ખુલે છે. અવરોહકના ઉદયસ્થિતિ વગેરે આરોહકની તુલ્ય હોય છે. એક ભવમાં બે વાર ચારિત્રમોહનીય ઉપશમાવી શકે. (૬૪)

**વિશેષાર્થ**- હવે (યથાપ્રવૃત્તકરણનો કાળ પૂર્ણ થતા) ઉપશમસમ્યક્ત્વના કાળમાં જ હજારો વાર પ્રમત્તાપ્રમત્તમાં પરાવર્તન કરી અસંયમપણું પણ પામે, અથવા દેશવિરતપણું પણ પામે, અથવા ઉત્કૃષ્ટથી છ આવલિકા શેષે સાસ્વાદનપણાને પણ પામે. [1]કેટલાક આચાર્યોના મતે ઉપશમશ્રેણિથી પડી સાસ્વાદને જવાતુ નથી.

આ ઉપશમ સમ્યક્ત્વથી સીધો સાસ્વાદનપણામાં જઈને પણ જો કાળ કરે તો પણ દેવગતિમાં જ જાય, નરકાદિ ત્રણે ગતિમાં ન જાય. કેમકે પૂર્વે દેવાયુષ્ય બાંધ્યુ હોય તે જ શ્રેણિ માંડી શકે. શેષ આયુષ્ય બાંધ્યું હોય તે શ્રેણિ માંડી શકતો નથી. અબદ્ધાયુ૦ હોય તો શ્રેણિમાં કાળ કરતો નથી.

"जइ सासायणो कालं करेति सोवि नियमा देवो भवति । किं कारणं ? भन्नति-'तिसु आउगेसु बद्धेसु जेण सेढिं न आरुहई' त्ति-देवाउगवज्जेसु आउगेसु बद्धेसु जम्हा उवसामगो सेढीते अणुरुहो भवति तम्हा सासायणो वि देवलोगं जाति ।" **-કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગા. ૬૩ ની ચૂર્ણિ.**

---

૧. ઉપશમશ્રેણિથી પડતા સાસ્વાદને જવાય કે નહીં તે બાબતમાં આપણી માફક દિગંબરોમાં પણ બે મત છે -

"तस्सम्मत्तद्धाए असंजमं देससंजमं वापि ।
गच्छेज्जावलिछक्के सेसे सासणगुणं वापि ।।३४८।।
जदि मरदि सासणो सो णिरयतिरिक्खं णरं ण गच्छदि ।
णियमा देवं गच्छदि जइवसहमुणिंदवयणेण ।।३४९।।
उवसमसेढीदो पुण ओदिण्णो सासणं ण पाउणदि ।
भूदबलिणाहणिम्मलसुत्तस्स फुडोवदेसेण ।।३५१।।" - લબ્ધિસાર.

**નાનાત્વ** - આરોહક-અવરોહકની આ બધી પ્રરુપણા પુરુષવેદ અને ક્રોધના ઉદયથી શ્રેણિ માંડનારની અપેક્ષાએ કહી છે.

હવે પુરુષવેદ અને માનના ઉદયે શ્રેણિ માંડનારને, પુરુષવેદ અને માયાના ઉદયે શ્રેણિ માંડનારને તથા પુરુષવેદ અને લોભના ઉદયે શ્રેણિ માંડનારને જે ફેરફાર આવે છે તે કહેવાય છે.

**પુરુષવેદ અને માનના ઉદયે શ્રેણિ માંડનાર** - પુરુષવેદ અને ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારને જેટલી ક્રોધની અને માનની સમૂદિત પ્રથમસ્થિતિ હોય છે તેટલી માનના ઉદયે શ્રેણિ માંડનાર આરોહકને માનની પ્રથમસ્થિતિ હોય છે. ક્રોધ અનુદયવતી પ્રકૃતિ હોવાથી તેની પ્રથમસ્થિતિ એક આવલિકા પ્રમાણ હોય છે. અંતરકરણક્રિયાકાળ પછી હાસ્ય-૬ અને પુરુષવેદની ઉપશમના સુધી ક્રોધોદયે શ્રેણિ માંડનારની માફક જ થાય છે, તેમાં ફેર નથી. પુરુષવેદનું સમયોન બે આવલિકાનું બંધાયેલુ દલિક જે તે વખતે અનુપશાંત રહે છે, તે માનને ભોગવતા ક્રોધત્રિકને ઉપશમાવતા અવેદકાદ્ધામાં તેટલા કાળે ઉપશમાવે છે. અવેદકપણાના પ્રથમ સમયથી માનને વેદતો ત્રણે ક્રોધને ઉપશમાવવા માંડે છે. ક્રોધોદયથી શ્રેણિ માંડનારને ત્રણ ક્રોધ ઉપશાંત થતા જેટલો કાળ લાગે છે તેટલા કાળમાં આ પણ માનને વેદતો ત્રણે ક્રોધને ઉપશમાવી દે છે. તે જ વખતે ક્રોધનો બંધવિચ્છેદ પૂર્વની માફક થાય છે અને સમયોન બે આવલિકાનું બંધાયેલુ સં.ક્રોધનું દલિક અનુપશાંત રહે છે. તે તેટલા જ કાળે માનને ઉપશમાવતા ઉપશમાવે છે. ક્રોધની (સમયોન બે આવલિકાબદ્ધ દ્રવ્ય સિવાયની) ઉપશમના થયા પછી અનંતર સમયથી માનત્રિકને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. ત્યારથી આગળ બધુ પૂર્વવત્. એટલે કે માનની પ્રથમસ્થિતિની સમયોન ત્રણ આવલિકા શેષે પતદ્ગ્રહતાવિચ્છેદ, બે આવલિકા શેષે આગાલવિચ્છેદ, આવલિકા શેષ રહે ત્યારે બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ, ત્રણે માન સર્વથા ઉપશાંત થઈ જાય છે. ફક્ત સમયોન બે આવલિકાનું બદ્ધ દ્રવ્ય અનુપશાંત રહે છે અને એક ઉદયાવલિકા બાકી રહી જાય છે. ત્યારથી આગળ ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારની માફક જાણવું.

**પતમાનમાં નાનાત્વ** - પડતા પ્રથમ સૂક્ષ્મલોભના ઉદયથી માયાના ઉદયના ચરમસમય સુધીનો વિધિ પૂર્વોક્ત પ્રમાણે, એટલે ક્રોધના ઉદયથી શ્રેણિ માંડનારને જે

વિસ્તારથી કહ્યો છે તે પ્રમાણે જાણવો. [1]માનના ઉદયના પ્રથમસમયથી નવે કષાયની ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે અને તેનો નિક્ષેપ શેષકર્મોની ગુણશ્રેણિની તુલ્ય થાય છે. તથા ક્રોધના ઉદયે શ્રેણિ માંડનાર અવરોહકને ક્રોધ અને માનનો જેટલો કાળ છે તેટલો માનના ઉદયે શ્રેણિ માંડનાર અવરોહકને માનના ઉદયનો કાળ છે. ક્રોધના ઉદયે શ્રેણિ માંડનાર અવરોહકનો માનવેદકાદ્ધા જેટલો કાળ તેમાંથી અતિક્રાંત થાય છે ત્યારે ત્રણે ક્રોધ અનુપશાંત થાય છે. તેથી બીજી સ્થિતિમાંથી ત્રણે ક્રોધના દલિકો ખેંચી તેની ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ શેષ કર્મોના જેવી ગુણશ્રેણિ કરે છે. એટલે ટુંકમાં માનના ઉદય વખતે નવ કષાયોની ગલિતાવશેષ શેષકર્મો જેવી ગુણશ્રેણિ થાય છે. માનવેદકાદ્ધાનો ક્રોધોદયાવરોહકને માનવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે ક્રોધત્રિકની ગુણશ્રેણિનો પ્રારંભ થાય છે અને બારે કષાયોની ગુણશ્રેણિ ત્યારથી થાય છે. ત્યારપછીની પ્રક્રિયા ક્રોધોદયથી શ્રેણિ માંડનારની માફક છેક સુધી જાણવી.

આમ ટુંકમાં, યથાપ્રવૃત્તકરણથી પુરુષવેદની ઉપશમના સુધી - તે જ પ્રમાણે.

પ્રથમસમયઅવેદકપણાથી ક્રોધ ત્રણ ઉપશાંત થાય ત્યાં સુધી - ફેર છે.

તે પણ એટલો જ કે ત્યાં ક્રોધને વેદતો હતો, અહીં માનને વેદે છે. બાકી બધી પ્રક્રિયા પૂર્વપ્રમાણે જ છે.

માન ઉપશમાવવાના કાળમાં ફેર નથી.

માયા ઉપશમાવવાના કાળમાં ફેર નથી.

લોભ ઉપશમાવવાના કાળમાં ફેર નથી.

તથા ઉપશાંતાદ્ધામાં ફેર નથી.

પડતા, સુક્ષ્મ લોભને વેદતા ફેર નથી.

બાદર લોભને વેદતા ફેર નથી.

માયાને વેદતા ફેર નથી.

૧. લબ્ધિસારમાં કહ્યું છે કે અંતરપૂરણ પણ માનના ઉદયના પ્રથમસમયે થાય છે, કેમકે જે કષાયના ઉદયથી શ્રેણિ માંડી હોય પડતા તે કષાયનો ઉદય થાય ત્યારે અંતર પૂરે છે.

"यस्य कषायस्योदयेन श्रेणिमारुह्य पतितः तस्मिन् कषायेऽपकृष्टेऽन्तरमापूरयति ।" - લબ્ધિસાર ગા. ૩૬૦ની ટીકા.

માનવેદકાદ્ધાના પ્રથમસમયથી ગુણશ્રેણિનું નાનાત્વ (અવસ્થિતની બદલે ગલિતાવશેષ), માનવેદકાદ્ધાનું નાનાત્વ-ક્રોધનો ઉદય ન થાય ત્યાં સુધી.

ત્યારપછી ગુણશ્રેણિ-ગલિતાવશેષ (પણ ત્યાં પણ થતી હોવાથી પૂર્વ પ્રમાણે) પરંતુ ત્રણે ક્રોધની ઉદયાવલિકા ઉપરથી થાય અને માનની ઉદયના પ્રથમ સમયથી થાય છે. આ ક્રમ છેક સુધી રહે છે (યથાપ્રવૃત્તસંયમ આવે ત્યાં સુધી.)

**પુરુષવેદ અને માયાના ઉદયે શ્રેણિ માંડનાર** - પુરુષવેદ અને ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારને જેટલી ક્રોધની, માનની અને માયાની પ્રથમ સ્થિતિ હતી, એ ત્રણે સમુદિત કરીએ તેટલી માયાના ઉદયે શ્રેણિ માંડનારને માયાની પ્રથમસ્થિતિ હોય છે. અનુદયવતી પ્રકૃતિઓની એકાવલિકા પ્રથમસ્થિતિ હોય છે. અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછી નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય-૬ અને પુરુષવેદની ઉપશમનાનો વિધિ પ્રાગ્વત્. પુરુષવેદનું સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલું દલિક જે અનુપશાંત છે તે માયાને ભોગવતા ક્રોધત્રિકને ઉપશમાવતા અવેદકાદ્ધામાં તેટલા કાળે ઉપશમાવે છે. અવેદકપણાના પ્રથમ સમયથી માયાને વેદતો ત્રણે ક્રોધને ઉપશમાવે છે. ક્રોધોદયે શ્રેણિ માંડનારને ક્રોધને ઉપશાંત કરતા જેટલો કાળ લાગે છે તેટલા કાળે આ પણ ક્રોધને ઉપશમાવી દે છે. તે જ સમયે ક્રોધનો બંધવિચ્છેદ થાય છે. ફક્ત સમયોન બે આવલિકાનું બંધાયેલુ ક્રોધનું દલિક અનુપશાંત રહે છે. (ક્રોધની પ્રથમસ્થિતિ ન હોવાથી પ્રથમસ્થિતિગત આવલિકા રહેતી નથી) અનંતર સમયથી માનત્રિકને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. સાથે સાથે સમયોન બે આવલિકાનું બંધાયેલુ ક્રોધનું દલિક અનુપશાંત છે. તે પણ તેટલા કાળ દરમિયાન કેટલુંક સંક્રમાવે છે અને શેષ ઉપશમાવી દે છે. ક્રોધોદયે શ્રેણિ માંડનારને માનવેદકાદ્ધામાં પ્રત્યા.-અપ્રત્યા. માન સર્વથા ઉપશાંત થાય છે. અથવા માનોદયે શ્રેણિ માંડનારને પણ પ્રત્યા. અપ્રત્યા. માન સર્વથા ઉપશાંત થાય છે. માયોદયે શ્રેણિ માંડનારને પણ માયા વેદતા ક્રોધ ઉપશાંત થયા પછી વળી તેટલો કાળ પસાર થાય ત્યારે માન-૨ સર્વથા ઉપશાંત થાય છે. સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલ સં.માનના દ્રવ્ય સિવાય શેષ સં.માન પણ ઉપશાંત થઈ જાય છે.

અનંતર સમયથી બધુ પૂર્વવત્ એટલે કે માયાનો તે વેદક માયા ત્રયને ઉપશમાવવા માંડે છે અને માયા ત્રયને ઉપશમાવતા સાથે સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ સં.માનનું દલિક જે અનુપશાંત છે તેને પણ તેટલા જ કાળ સુધીમાં કેટલુંક સંક્રમાવે

છે અને શેષ ઉપશમાવી દે છે. સં.માયાની પ્રથમ સ્થિતિની સમયોન ત્રણ આવલિકા- શેષે સં.માયાની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. બે આવલિકા શેષે આગાલવિચ્છેદ થાય છે. આવલિકા શેષે બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ, પ્રત્યા. અપ્રત્યા. માયા સર્વથા ઉપશાંત થાય છે. સં.માયાનું સમયોન ૨ આવલિકાનું બદ્ધ દ્રવ્ય તથા ઉદયાવલિકા અનુપશાંત રહે છે. બાકીનું બધું ઉપશાંત થઈ જાય છે.

આ બધી પ્રક્રિયાઓ તથા આગળની પ્રક્રિયાઓ છેક ઉપશાંતમોહગુણસ્થાનકના ચરમસમય સુધીની પૂર્વવત્ સમજી લેવી.

**પતમાનને નાનાત્વ** - પડતા સૂક્ષ્મલોભના ઉદયના પ્રારંભથી બાદરલોભના ઉદયના ચરમસમય સુધી કોઈ ફેર નથી. એટલે ક્રોધોદયે શ્રેણિ માંડનાર અવરોહકને જે વિસ્તારથી કહ્યું છે તે બધુ અહીં પણ સમજી લેવું. માયાના ઉદયના પ્રથમ સમયથી ત્રણે માયા અને ત્રણે લોભ એ છની ગલિતાવશેષ અને શેષકર્મોની સમાન આયામવાળી ગુણશ્રેણિ કરે છે.[1] ક્રોધના ઉદયે શ્રેણિ માંડનાર અવરોહકને માયા, માન અને ક્રોધ ત્રણેના ઉદયનો સમુદિત જેટલો કાળ છે, તેટલો માયોદયે શ્રેણિ માંડનારને માયાનો ઉદયકાળ છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનાર અવરોકને તેમાંથી માયાવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે ત્રણે માન અનુપશાંત થાય છે અને તે સમયથી ત્રણે માનની પણ ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ શેષ કર્મોના આયામ જેટલી ગુણશ્રેણિ કરે છે. એટલે અહીંથી કુલ નવ કષાયોની ગુણશ્રેણિ થવા માંડી તથા માન-૩ના સંક્રમની શરૂઆત પણ અહીંથી થાય છે. એટલે ચારિત્રમોહનીયની નવ પ્રકૃતિઓનો સંક્રમ અહીંયા થાય છે. ત્યાર પછી એટલે કે માયા ૩ ની ઉપશમના નષ્ટ થયા પછી ક્રોધોદયે શ્રેણિવાળા અવરોહકને માનવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે ત્રણે ક્રોધ અનુપશાંત થાય છે અને તેના દલિકોને બીજીસ્થિતિમાંથી લઈ ઉદયાવલિકા ઉપર શેષ અનુદયવાળા કષાયોની માફક ગલિતાવશેષ ગુણશ્રેણિ કરે છે. અહીંથી કુલ બારે કષાયોની ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. તથા ક્રોધ-૩ ની ઉપશમના નષ્ટ થવાથી સંક્રમની શરૂઆત પણ અહીંથી થાય છે. એટલે ચારિત્રમોહનીયની ૧૨ પ્રકૃતિઓનો સંક્રમ અહીં થાય છે. ત્યાર પછીની પ્રક્રિયા ક્રોધોદયથી શ્રેણિ માંડનારની માફક છેક સુધી સમજવી.

**પુરુષવેદ અને લોભના ઉદયે શ્રેણિ માંડનાર** - પુરુષવેદ અને ક્રોધના ઉદયે

૧. લબ્ધિસારના મતે અંતરપૂરણ પણ માયોદયના પ્રથમ સમયે થાય.

શ્રેણિ માંડનારને જેટલી ક્રોધની, માનની, માયાની અને લોભની પ્રથમસ્થિતિ છે, એ ચારે સમુદિત કરીએ એટલી લોભના ઉદયે શ્રેણિ માંડનારને સં.લોભની પ્રથમસ્થિતિ છે. અર્થાત્ અંતરકરણથી અનિવૃત્તિકરણના કાળથી એકાવલિકા અધિક જેટલી પ્રથમસ્થિતિ કરે છે. શેષ અનુદયવતી પ્રકૃતિની એકાવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ હોય છે. અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછીથી હાસ્ય-૬ અને પુરુષવેદ ઉપશાંત થાય ત્યાં સુધીનો વિધિ ક્રોધોદયે શ્રેણિ માંડનારની માફક જાણવો. પુરુષવેદનું સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ દલિક છે તે સં.લોભને ભોગવતા ક્રોધત્રિકને ઉપશમાવતા અવેદકાદ્ધામાં તેટલા કાળે ઉપશમાવે છે. ક્રોધોદયે શ્રેણિ માંડનારને ક્રોધને ઉપશાંત કરતા જેટલો કાળ લાગે છે તેટલા કાળે આ પણ ક્રોધને ઉપશમાવે છે. ફક્ત સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલ સં.ક્રોધનું દલિક અનુપશાંત રહી જાય છે. (ક્રોધની પ્રથમસ્થિતિ ન હોવાથી ઉદયાવલિકાગત દલિક બાકી રહેતુ નથી.) તે જ સમયે ક્રોધનો પણ બંધવિચ્છેદ થાય છે.

અનંતર સમયથી માનત્રિકને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે અને સાથે સાથે સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ ક્રોધનું દ્રવ્ય જે અનુપશાંત છે તે પણ તેટલા જ કાળ દરમિયાન કેટલુંક સંક્રમાવે છે અને શેષ ઉપશમાવી દે છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનારને માન-૩ ઉપશમાવતા જેટલો કાળ લાગે છે અપ્રત્યા.-પ્રત્યા. ક્રોધ ઉપશાંત થયા પછી તેટલો કાળ અહીં પસાર થતા માન-૩ ઉપશાંત થઈ જાય છે. ફક્ત સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ સં.માનનું દલિક અનુપશાંત રહી જાય છે. (માનની પ્રથમ સ્થિતિ ન હોવાથી ઉદયાવલિકાગત દલિક બાકી રહેતુ નથી.) તે જ સમયે સં.માનનો બંધવિચ્છેદ થાય છે.

અનંતર સમયથી માયાત્રિકને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે અને સાથે સાથે સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ માનનું દલિક જે અનુપશાંત છે તે પણ તેટલા જ કાળ દરમિયાન કેટલુંક સંક્રમાવે છે અને શેષ ઉપશમાવી દે છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનારને માયા-૩ ઉપશમાવતા જેટલો કાળ લાગે છે અપ્રત્યા૦ પ્રત્યા. માન ઉપશાંત થઈ ગયા પછી વળી તેટલો કાળ પસાર થતા માયા-૩ ઉપશાંત થઈ જાય છે. ફક્ત સમયોન ૨ આવલિકા દરમિયાન બંધાયેલું સં.માયાનું દલિક અનુપશાંત રહે છે. (માનની પ્રથમસ્થિતિ ન હોવાથી ઉદયાવલિકાગત દલિક બાકી રહેતુ નથી) તે જ સમયે સં.માયાનો પણ બંધવિચ્છેદ થાય છે.

અનંતર સમયથી લોભત્રિકને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. અહીંથી બધુ પૂર્વવત્ સમજવું. માત્ર લોભનો ઉદય ચાલુ હોવાથી તેની પ્રથમસ્થિતિ કરવાની રહેતી નથી. એટલે લોભ-૩ ની ઉપશમનાની સાથે સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલું માયાનું દલિક જે અનુપશાંત છે તે પણ તેટલા કાળે કેટલુંક સંક્રમાવે છે અને શેષ ઉપશમાવી દે છે. સં.લોભની પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે તેની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે, બે આવલિકા શેષે આગાલવિચ્છેદ થાય છે, આવલિકા શેષે સં. લોભનો બંધ અને બાદરલોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે, અપ્રત્યા૦ પ્રત્યા૦ લોભ સર્વથા ઉપશાંત થાય છે. સં.લોભનું સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલું દલિક તથા ઉદયાવલિકાગત દલિક તથા સં.લોભનું કિટ્ટિગતદલિક અનુપશાંત રહે છે. શેષ સં.લોભનું પણ સર્વ દલિક ઉપશાંત થઈ જાય છે.

આ બધી પ્રક્રિયાઓ તથા આગળ પરની છેક ઉપશાંતમોહગુણસ્થાનકના ચરમસમય સુધીની પ્રક્રિયાઓ પૂર્વવત્ સમજી લેવી.

**પતમાનને નાનાત્વ** - પડતા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકનું વર્ણન પૂર્વવત્. બાદર લોભના ઉદયના પ્રથમ સમયથી એટલે કે અનિવૃત્તિકરણના પ્રથમસમયથી ત્રણેય લોભની ગલિતાવશેષ શેષકર્મોના ગુણશ્રેણિ આયામ સમાન આયામવાળી ગુણશ્રેણિ કરે છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનાર અવરોહકને લોભ, માયા, માન, અને ક્રોધ એ ચારેના ઉદયનો સમુદિત જેટલો કાળ છે તેટલો લોભના ઉદયથી શ્રેણિ માંડનાર અવરોહકને લોભનો ઉદયકાળ છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનાર અવરોહકને લોભવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે ત્રણે માયા અનુપશાંત થાય છે અને તે સમયથી ત્રણે માયાની પણ ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ ગુણશ્રેણિ લોભની સમાન કરે છે. એટલે અહીંથી કુલ છ કષાયોની ગુણશ્રેણિ થવા માંડી. તથા માયાની ઉપશમના નષ્ટ થવાથી સંક્રમની પણ અહીંથી શરૂઆત થાય છે. એટલે ચારિત્રમોહનીયની છ પ્રકૃતિઓનો સંક્રમ અહીંયા થાય છે.

ત્યારપછી એટલે કે માયાની ઉપશમના નષ્ટ થયા પછી ક્રોધોદયે શ્રેણી માંડનાર અવરોહકને માયાવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે માન અનુપશાંત થાય છે. તે સમયથી ત્રણે માનની પણ ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ ગુણશ્રેણિ લોભ અને માયાની સમાન કરે છે. એટલે અહીંથી કુલ નવ કષાયોની ગુણશ્રેણિ થવા માંડી તથા માન-૩ની

ઉપશમના નષ્ટ થવાથી સંક્રમની પણ શરૂઆત અહીંથી થાય છે. એટલે ચારિત્ર મોહનીયની ૯ પ્રકૃતિઓનો અહીં સંક્રમ થાય છે.

ત્યાર પછી એટલે કે માનની ઉપશમના નષ્ટ થયા પછી ક્રોધોદયે શ્રેણિ માંડનાર અવરોહકને માનવેદકાદ્ધા જેટલો કાળ પસાર થાય ત્યારે ત્રણે ક્રોધ અનુપશાંત થાય છે. તે સમયથી ત્રણે ક્રોધની પણ ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ ગુણશ્રેણિ લોભ, માયા અને માનની જેમ કરે છે. એટલે અહીંથી કુલ બાર કષાયોની ગલિતાવશેષ ગુણશ્રેણિ થવા માંડી તથા ક્રોધ-૩ની ઉપશમના નષ્ટ થવાથી સંક્રમની શરૂઆત પણ અહીંથી થાય છે. એટલે ચારિત્ર મોહનીયની કુલ ૧૨ પ્રકૃતિઓનો અહીં સંક્રમ થાય છે. ત્યારપછીની પ્રક્રિયાઓ ક્રોધોદયે શ્રેણિ માંડનારની માફક સમજી લેવી.

આમ કષાયનાનાત્વ સમાપ્ત થયું. (૬૨)(૬૩)(૬૪).

પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારની વક્તવ્યતા કહી. હવે સ્ત્રીવેદોદયે અને નપુંસકવેદોદયે શ્રેણિ માંડનારની વિશેષ પ્રક્રિયા બતાવે છે -

उदयं वज्जिय इत्थी इत्थीं समयइ अवेयगा सत्त ।
तह वरिसवरो वरिसवरित्थिं समगं कमारद्धे ।।६५।।

**અક્ષરાર્થ** - પુરુષવેદોદયારુઢ જીવની નપુંસકવેદોપશમનાદ્ધા અને સ્ત્રીવેદોપશમનાદ્ધા જેટલી સ્ત્રીવેદોદયારુઢ જીવની સ્ત્રીવેદની પ્રથમસ્થિતિ હોય છે. તેની ઉપર અંતરકરણ કરે છે. પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે. પછી સ્ત્રીવેદને ઉપશમાવે. સ્ત્રીવેદોપશમનાના ચરમસમયે ઉદયસ્થિતિ સિવાય સ્ત્રીવેદનું સર્વ દલિક ઉપશાંત થઈ ગયું હોય છે. ત્યારપછી અવેદક થઈને સાત નોકષાયોને ઉપશમાવે છે. નપુંસકવેદોદયારુઢ જીવ ક્રમે શરુ કરેલ નપુંસકવેદ અને સ્ત્રીવેદની ઉપશમનાને સાથે પૂર્ણ કરે છે. (૬૫)

**વિશેષાર્થ - સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ માંડનારની વિશેષ પ્રક્રિયા** - અંતરકરણ કરતી વખતે સ્ત્રીવેદની પ્રથમસ્થિતિ પુરુષવેદોદયે શ્રેણિ માંડનારને નપુંસકવેદઉપશમના કાળ તથા સ્ત્રીવેદઉપશમનાકાળ બન્ને સમુદિત જેટલી થાય તેટલી કરે છે.

અંતરકરણક્રિયા પૂર્ણ થયા પછી સ્ત્રીવેદને ભોગવતા પ્રથમ નપુંસકવેદને અંતર્મુહૂર્તમાં ઉપશમાવે છે. ત્યારપછી સ્ત્રીવેદને ઉપશમાવે છે. સ્ત્રીવેદના ઉદયના ચરમસમયે સ્ત્રીવેદ પણ ઉપશાંત થઈ જાય છે. તે વખતે પુરુષવેદનો પણ બંધવિચ્છેદ થાય છે. આમ અહીં

પુરુષવેદનો બંધવિચ્છેદ પુરુષવેદોદયે શ્રેણિ માંડનારને થતો હતો તેથી પૂર્વે થતો હોવાથી તેનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ થાય છે. **(મહાબંધ, સ્ત્રીવેદ માર્ગણા, જ૦ સ્થિતિબંધ)**

અનંતર સમયથી એટલે કે અવેદકાદ્ધાના પ્રથમસમયથી છ નોકષાય અને પુરુષવેદ એ સાતે પ્રકૃતિની ઉપશમના કરે છે અને સાતેને એકસાથે ઉપશમાવી દે છે. હાસ્યષટ્ક જ્યારે ઉપશાંત થાય છે ત્યારે પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને જેમ સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલુ દલિક અનુપશાંત હતુ તેમ અહીં અનુપશાંત રહેતુ નથી. હાસ્યષટ્કની સાથે જ પુરુષવેદ પણ સર્વથા ઉપશાંત થઈ જાય છે. તેનું કારણ એ છે કે પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને હાસ્યષટ્કની ઉપશમનાના ચરમસમય સુધી પુરુષવેદ બધ્યમાન હતુ. તેથી છેલ્લુ સમયોન બે આવલિકાનું બધ્યમાન દલિક હાસ્યષટ્ક ઉપશાંત થાય તે સમયે બાકી રહે છે. જ્યારે અહીં તો પુરુષવેદનો બંધવિચ્છેદ સ્ત્રીવેદની પ્રથમસ્થિતિના ચરમસમયે જ થઈ જાય છે. ત્યાર પછી જ હાસ્યષટ્ક અને પુરુષવેદની ઉપશમનાનો પ્રારંભ થાય છે. માટે હાસ્યષટ્ક અને પુરુષવેદ એ સાતે પ્રકૃતિઓ એક સાથે ઉપશાંત થઈ જાય છે. તેથી જ કહ્યું છે કે - "अवेतिगा संति छन्नोकसाते पुरिसवेयं च सत्तकंमपगडीओ जुगवं उवसामेति ।" - **સ્ત્રીવેદોદયે શ્રેણિ માંડનારનો અધિકાર, કર્મપ્રકૃતિચૂર્ણિ ગા. ૬૫**

**કષાયપ્રાભૃતચૂર્ણિ**માં પણ કહ્યુ છે - "इत्थिवेदेण उवट्ठिदस्स णाणत्तं वत्तइस्सामो, तं जहा - अवेदो सत्तकम्मंसे उवसामेदि। सत्तण्हं पि उवसामणद्धा तुल्ला। एवं णाणत्तं। सेसा सव्वे वियप्पा पुरिसवेदेण सह सरिसा ।" - **પૃ. ૧૯૭૪.**

ત્યારપછી બધુ પુરુષવેદે શ્રેણિ માંડનારની માફક સમજવું.

**નપુંસકવેદના ઉદયે શ્રેણિ માંડનારની વિશેષ પ્રક્રિયા** - પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને નપુંસકવેદ ઉપશમનાદ્ધા તથા સ્ત્રીવેદ ઉપશમનાદ્ધા જેટલી નપુંસકવેદની પ્રથમસ્થિતિ નપુંસકવેદના ઉદયે શ્રેણિ માંડનાર જીવ અંતરકરણ કરતા કરે છે. શેષ બે વેદની પ્રથમસ્થિતિ એક આવલિકા પ્રમાણ કરે છે.

અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછી અનંતર સમયથી નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ કરે છે. પુરુષવેદોદયે શ્રેણિ માંડનાર નપુંસકવેદ ઉપશમાવે તેટલો કાળ નપુંસકવેદને એકલાને ઉપશમાવે છે. પરંતુ તેટલા કાળમાં નપુંસકવેદ સર્વથા ઉપશાંત થઈ જતુ નથી. ત્યારપછી અનંતરસમયથી સ્ત્રીવેદની ઉપશમનાનો પ્રારંભ કરે છે. તે સમયે નપુંસકવેદની ઉપશમના પણ ચાલુ છે. હવેથી બન્ને વેદોને ઉપશમાવતા નપુંસકવેદની પ્રથમ સ્થિતિના

ચરમસમય સુધી જાય છે. ચરમસમયે બન્ને વેદ ઉપશાંત થાય છે. તે જ વખતે નપુંસકવેદનો ઉદયવિચ્છેદ અને પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. સ્થિતિબંધ પુરુષવેદનો સંખ્યાતા હજાર વર્ષનો થાય છે. અનંતર સમયથી એટલે કે અવેદકપણાના પહેલા સમયથી હાસ્ય-૬ અને પુરુષવેદ એ સાતેની ઉપશમનાનો પ્રારંભ કરે છે. એ સાતે પ્રકૃતિઓને એક સાથે ઉપશમાવે છે. જે વખતે હાસ્ય-૬ ઉપશાંત થઈ જાય છે તે વખતે પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને જેમ સમયોન બે આવલિકાનું બંધાયેલુ દલિક અનુપશાંત રહી જાય છે, તેવી રીતે નપુંસકવેદના ઉદયે શ્રેણિ માંડનારને બાકી રહેતું નથી, પરંતુ હાસ્ય-૬ ની સાથે જ પુરુષવેદનું પણ સર્વદલિક ઉપશાંત થઈ જાય છે. તેનું કારણ પૂર્વે કહ્યું છે. તેથી જ કહ્યું છે કે -

"तदो अवेदो सत्तकम्माणि उवसामेदि । तुल्ला च सत्तण्हं पि कम्माणमुवसामणा ।" **- કષાયપ્રાભૃતચૂર્ણિ પૃ. ૧૯૨૫.**

ત્યારપછીની બધી પ્રક્રિયા પુરુષવેદોદયે શ્રેણિ માંડનારની માફક સમજી લેવી.

આમ વેદનાનાત્વ સમાપ્ત થયું. (૬૫)

## ઉપશામક સંબંધી ૯૯ બોલનું [1]અલ્પબહુત્વ

હવે પુરુષવેદ અને ક્રોધના ઉદયે શ્રેણિ પ્રારંભ કરનાર જીવ આશ્રયિ અપૂર્વકરણના પ્રથમ સમયથી યાવત્ શ્રેણિ પરથી પડતા અપૂર્વકરણના ચરમસમય સુધીમાં થતી અનેક ક્રિયાઓના કાળનું અલ્પબહુત્વ કહેવાય છે.

**(૧) જઘન્ય રસખંડોત્કિરણાદ્ધા - સર્વથી અલ્પ.**

આરોહકને સૂક્ષ્મસંપરાયના ચરમસમયે જ્ઞાનાવરણાદિ છએ કર્મોનો જે રસઘાત પૂર્ણ થાય છે તેનો કાળ જે અંતર્મુહૂર્ત પ્રમાણ છે તે સર્વાલ્પ હોય છે.

**(૨) ઉત્કૃષ્ટ રસખંડોત્કિરણાદ્ધા - વિશેષાધિક.**

જ્ઞાનાવરણાદિ કર્મોનો અપૂર્વકરણના પ્રથમ સમયે જે રસઘાતનો પ્રારંભ થાય છે, તેનો કાળ અહીં સમજવો.

**(૩) [1]જઘન્ય સ્થિતિબંધાદ્ધા તથા જઘન્યસ્થિતિખંડોત્કિરણાદ્ધા - સંખ્યાતગુણ**

૧. લબ્ધિસારમાં છયે કર્મોના સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે થતા છેલ્લા સ્થિતિબંધનો કાળ તથા મોહનીય

**(પરસ્પર તુલ્ય).**

છયે કર્મોનો આરોહકને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના ચરમસમયે જે સ્થિતિઘાત પૂર્ણ થાય છે તેનો તથા તત્સમકાલિન સ્થિતિબંધનો કાળ અહીં સમજવો. એક સ્થિતિઘાત દરમિયાન હજારો રસઘાત થતા હોવાથી ઉત્કૃષ્ટ રસઘાતાદ્ધા કરતા જઘન્ય સ્થિતિઘાતાદ્ધા સંખ્યાતગુણ આવે. તથા સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ તુલ્ય હોવાથી સ્થિતિબંધાદ્ધા પણ રસઘાતાદ્ધાથી સંખ્યાતગુણ આવે.

**(૪) અવરોહકને જઘન્યસ્થિતિબંધાદ્ધા - વિશેષાધિક.**

શ્રેણિ પર ચઢતા વિશુદ્ધિ વધતી હોવાથી ઉત્તરોત્તર સ્થિતિબંધાદ્ધા હીન થતી હતી. જ્યારે શ્રેણિ પરથી પડતા સંક્લેશ વધતો હોવાથી ઉત્તરોત્તર સ્થિતિબંધનો કાળ વિશેષાધિક આવે. તેથી આરોહકના સૂક્ષ્મસંપરાયના ચરમસ્થિતિબંધ કરતા અવરોહકને સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયે પ્રાપ્ત થતા સ્થિતિબંધનો કાળ વિશેષાધિક આવે. શ્રેણિ પરથી પડતા સ્થિતિઘાત થતા નથી[1]. માટે અહીં સ્થિતિઘાતાદ્ધા સાથે કહી નથી.

**(૫) અંતરકરણક્રિયાકાળ - વિશેષાધિક.**

સ્થિતિબંધ, સ્થિતિઘાત અને અંતરકરણક્રિયા ત્રણે સાથે જ શરૂ થાય છે અને (એક જ સ્થિતિબંધ દરમિયાન) સાથે પૂર્ણ થાય છે. અહીં તત્કાલિન સ્થિતિઘાતાદ્ધા અને સ્થિતિબંધાદ્ધા કહી નથી, પણ તે પણ સમજી લેવાના છે. અંતરકરણક્રિયા અનિવૃત્તિકરણનો

---

કર્મના નવમા ગુણસ્થાનકે થતા છેલ્લા સ્થિતિબંધનો કાળ તુલ્ય કહ્યો છે. "**ततो ज्ञानावरणादिकर्मणां जघन्यस्थितिकाण्डकोत्करणकालः सूक्ष्मसम्परायचरमसमयसम्भवी अनिवृत्तिकरणचरमसमयसम्भवी मोहनीयस्य जघन्यस्थितिबन्धकालश्च सङ्ख्यातगुणौ परस्परं समानौ ।**" - લબ્ધિસાર ગા. ૩૬૫ની ટીકા. આ વિચારણીય છે કેમકે સાતેય કર્મનો અનિવૃત્તિકરણના ચરમસ્થિતિબંધનો કાળ તુલ્ય સંભવે છે, અન્યથા જુદા જુદા કર્મોની સ્થિતિઘાતાદ્ધા જુદી જુદી માનવી પડે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત ગયા પછી છ કર્મોનો સૂક્ષ્મસંપરાયનો ચરમસ્થિતિબંધ આવે. તેથી અનિવૃત્તિકરણના ચરમ સ્થિતિબંધ કરતા સૂક્ષ્મસંપરાયના ચરમસ્થિતિબંધનો કાળ વિશેષહીન આવે. કેમકે ઉત્તરોત્તર સ્થિતિબંધનો કાળ વિશેષહીન થતો આવે છે. તેથી મોહનીયના સ્થિતિબંધના જઘન્યકાળ કરતા શેષ છ કર્મોના સ્થિતિબંધનો જઘન્યકાળ વિશેષહીન આવે. સમાન આવે એમ લાગતું નથી.

૧. "**एदेण सुत्तणिद्देसेण जाणिज्जदे जहा ओदरमाणस्स सव्वावत्थासु ठिदिअणुभागघादा णत्थि त्ति, जइ अत्थि ते ओदरमाणस्स ट्ठिदिबंधगद्धाए सह ट्ठिदिखंडयउक्कीरणद्धं पि भणेज्ज, ण च एवं तहाणुवइट्ठत्तादो ।**" - જયધવલા, પૃ. ૧૯૨૬.

સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે શરૂ થાય છે. તેથી તેનો કાળ તથા તે વખતના સ્થિતિબંધ અને સ્થિતિઘાતનો કાળ વિશેષાધિક આવે.

**(૬) ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદ્ધા તથા ઉત્કૃષ્ટ સ્થિતિખંડોત્કિરણાદ્ધા - વિશેષાધિક.**

સાતેય કર્મોનો આરોહકને અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ અને સ્થિતિઘાત શરૂ થાય છે તેનો કાળ અહીં સમજવો. ઉત્તરોત્તર સ્થિતિબંધાદ્ધા ન્યૂન થતી જતી હોવાથી અંતરકરણક્રિયાકાળ વખતના સ્થિતિઘાતાદ્ધા તથા સ્થિતિબંધાદ્ધા કરતા ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદ્ધા અને સ્થિતિઘાતાદ્ધા વિશેષાધિક અને પરસ્પર તુલ્ય આવે.

**(૭) આરોહકની સૂક્ષ્મસંપરાયના ચરમસમયે થતી ગલિતાવશેષ ગુણશ્રેણિનો આયામ - સંખ્યાતગુણ.**

પૂર્વના અંતર્મુહૂર્તથી આ અંતર્મુહૂર્ત સંખ્યાતગુણ સમજવું. (આ શેષ છ કર્મોની અપેક્ષાએ સમજવું.)

**(૮) ઉપશાંતકષાયનો ગુણશ્રેણિનિક્ષેપ - સંખ્યાતગુણ.**

ઉપશાંતકષાય ગુણસ્થાનકના પ્રથમસમયથી જ અવસ્થિત ગુણશ્રેણિ થાય છે, તેનો આયામ અહીં સમજવો.

**(૯) અવરોહક (પડતા)ને સૂક્ષ્મસંપરાયાદ્ધા - સંખ્યાતગુણ.**

**(૧૦) અવરોહકને લોભનો ગુણશ્રેણિ નિક્ષેપ - વિશેષાધિક.**

શ્રેણિ પરથી ઉતરતા સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયે બીજીસ્થિતિમાંથી કિટ્ટિઓ ખેંચી તેને સૂક્ષ્મસંપરાયાદ્ધાથી આવલિકાધિક કાળ સુધીમાં ગોઠવે છે.

**(૧૧) આરોહકને સૂક્ષ્મસંપરાયાદ્ધા, સૂક્ષ્મકિટ્ટિપ્રથમસ્થિતિઆયામ અને સૂક્ષ્મકિટ્ટિઉપશમનાકાળ - વિશેષાધિક (પરસ્પર તુલ્ય).**

આરોહક સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના પ્રથમ સમયે બીજી સ્થિતિમાંથી સૂક્ષ્મકિટ્ટિઓ ખેંચી તેને સૂક્ષ્મસંપરાયાદ્ધા જેટલા કાળમાં ગોઠવે છે. તે તેની પ્રથમસ્થિતિ તથા તે કિટ્ટિઓને ભોગવતો સૂક્ષ્મ સંપરાયના ચરમસમય સુધી બીજી સ્થિતિમાં રહેલી કિટ્ટિઓને ઉપશમાવે છે, તે સૂક્ષ્મ કિટ્ટિ ઉપશમનકાળ. આ ત્રણે કાળ તુલ્ય છે. અવરોહક કરતા આરોહકનો દરેક કાળ અધિક છે. તેથી અવરોહકના સૂક્ષ્મસંપરાયાદ્ધા અને તેની

ગુણશ્રેણિનિક્ષેપના કાળ કરતા પણ આરોહકની સૂક્ષ્મસંપરાયાદ્ધા અધિક સમજવી.

**(૧૨) કિટ્ટિકરણાદ્ધા - વિશેષાધિક.**

લોભવેદકાદ્ધાના ત્રણ ભાગ પડે છે - (૧) અશ્વકર્ણકરણાદ્ધા (૨) કિટ્ટિકરણાદ્ધા (૩) કિટ્ટિવેદનાદ્ધા. આ ત્રણેયનો કાળ અનુક્રમે વિશેષહીન છે. તેથી કિટ્ટિવેદનાદ્ધા કરતા કિટ્ટિકરણાદ્ધા વિશેષાધિક આવે છે.

**(૧૩) અવરોહક (પડતા)ને બાદરલોભવેદકાદ્ધા - સંખ્યાતગુણ.**

આરોહકના કિટ્ટિકરણાદ્ધાથી આરોહકની બાદરલોભવેદકાદ્ધા દ્વિગુણથી અધિક છે. અવરોહકની લોભવેદકાદ્ધા આરોહકની લોભવેદકાદ્ધાથી કંઈક ન્યૂન હોવાથી તે પણ દ્વિગુણ લગભગ સમજવી.

**(૧૪) અવરોહકને બાદરત્રણલોભનો ગુણશ્રેણિનિક્ષેપ-વિશેષાધિક(પરસ્પર તુલ્ય).**

શ્રેણિ પરથી ઉતરતા અનિવૃત્તિકરણના પ્રથમ સમયે બીજી સ્થિતિમાંથી ત્રણે[1] પ્રકારના લોભના દલિકોને ખેંચીને તેને બાદર લોભવેદકાદ્ધાથી એક આવલિકા અધિકકાળ સુધીમાં ગોઠવે છે. તેથી અહિયાં લોભ સિવાય અન્ય કષાયોદયથી શ્રેણિ માંડનારને ઉત્તરોત્તર સમયે ગુણશ્રેણિનિક્ષેપ પણ તેટલો જ હોય છે.

**(૧૫) ઉપશામક અનિવૃત્તિકરણગુણસ્થાનકે બાદરલોભવેદકાદ્ધા - વિશેષાધિક.**

અવરોહક કરતા આરોહકને કાળ હંમેશા વિશેષાધિક હોય છે. તે વિશેષાધિકત્વ એક આવલિકાથી અધિક હોવાથી અવરોહકના બાદરલોભગુણશ્રેણિનિક્ષેપ કરતા આરોહકની બાદરલોભવેદકાદ્ધા વિશેષાધિક આવે.

**(૧૬) આરોહક બાદર લોભની પ્રથમ સ્થિતિ - વિશેષાધિક.**

બાદરલોભવેદકાદ્ધા કરતા બાદરલોભની પ્રથમસ્થિતિ એક આવલિકા અધિક હોય છે.

**(૧૭) [2]અવરોહકને લોભવેદકાદ્ધા - વિશેષાધિક.**

---

૧. અહીંયા અપ્રત્યા. પ્રત્યા. લોભની ગુણશ્રેણિ ઉદયાવલિકા ઉપરથી થાય છે. પરંતુ ગુણશ્રેણિનો બીજા છેડા સુધીનો આયામ તે.

૨. ततः **पतद्बादरलोभवेदककालो विशेषाधिकः**। - લબ્ધિસાર ગા. ૩૭૦ ની ટીકામાં કહ્યું છે તે અશુદ્ધ લાગે છે. કેમકે ઉપર ૧૩મા સ્થાનમાં અવરોહકની બાદરલોભવેદકાદ્ધા આવી ગઈ છે. અહીં **लोभवेदककालो** જોઈએ, '**बादर**' શબ્દ ન જોઈએ.

સૂક્ષ્મ અને બાદર બન્ને પ્રકારના લોભની વેદનાદ્ધા અહીં સમજવી.

**(૧૮) પતમાનને માયાવેદકાદ્ધા - વિશેષાધિક.**

લોભ કરતા માયાનો કાળ વિશેષાધિક હોય છે માટે.

**(૧૯) પતમાનને માયાત્રિક અને લોભત્રિક એ છ કષાયોનો ગુણશ્રેણિનિક્ષેપ - વિશેષાધિક.**

પડતા બાદર લોભવેદકાદ્ધા પૂર્ણ થતા માયાનો ઉદય થાય છે. તે જ સમયથી માયા-૩ અને લોભ-૩ એ છ ની માયાવેદકાદ્ધાથી આવલિકા અધિક આયામવાળી ગુણશ્રેણિ કરે છે.

**(૨૦) પતમાનને માનવેદકાદ્ધા - વિશેષાધિક.**

શ્રેણિઆરોહકને માનવેદનાદ્ધા કરતા માયાવેદનાદ્ધા વિશેષહીન છે. તેથી લોભવેદનાદ્ધા વિશેષહીન છે. તેવી જ રીતે પતમાનને પણ લોભવેદકાદ્ધા કરતા માયાવેદકાદ્ધા વિશેષાધિક હોય છે, તેથી માનવેદકાદ્ધા વિશેષાધિક હોય છે.

**(૨૧) પતમાન માનવેદકને નવકષાયોનો ગુણશ્રેણિનિક્ષેપ - વિશેષાધિક.**

પડતા માયાવેદકાદ્ધા પૂર્ણ થતા માનનો ઉદય થાય છે. તે જ સમયથી માન ૩, માયા ૩ અને લોભ ૩ એ નવ કષાયોની માનવેદકાદ્ધાથી આવલિકા અધિક આયામવાળી ગુણશ્રેણિ કરે છે.

**(૨૨) આરોહકને માયાવેદકાદ્ધા - વિશેષાધિક.**

**(૨૩) આરોહકને સં.માયાની પ્રથમસ્થિતિ - વિશેષાધિક** (એક આવલિકા અધિક).

**(૨૪) આરોહકને માયોપશમનકાળ - વિશેષાધિક.**

સં.માયાની પ્રથમસ્થિતિની આવલિકા શેષ રહે ત્યારે તેના બંધોદયવિચ્છેદ સાથે છેલ્લુ સમયોન બે આવલિકાનું બંધાયેલુ દલિક અનુપશાંત છે. તે ત્યાર પછી તેટલા કાળે ઉપશાંત થાય છે. તેથી માયાવેદકાદ્ધા કરતા માયોપશમનકાળ સમયોન બે આવલિકા અધિક છે અને માયાની પ્રથમસ્થિતિ કરતા સમયોન એક આવલિકા અધિક છે.

**(૨૫) આરોહકને માનવેદકાદ્ધા - વિશેષાધિક.**

**(૨૬) આરોહકને માનની પ્રથમસ્થિતિ-વિશેષાધિક** (એક આવલિકા અધિક).

**(૨૭) આરોહકને માનોપશમનકાળ - વિશેષાધિક** (સમયોનાવલિકા અધિક).

અહીંયા હેતુ પૂર્વે માયોપશમનકાળના સ્થાનમાં કહ્યો છે તે પ્રમાણે સમજી લેવો.

**(૨૮) ક્રોધોપશમનાદ્ધા - વિશેષાધિક.**

અહીં જો કે ક્રોધવેદન પૂર્ણ થયા પછી એક આવલિકા સુધી તેની પ્રથમસ્થિતિ રહે છે તથા ત્યાર પછી વળી બીજી સમયોન આવલિકા પછી ક્રોધ ઉપશાંત થાય છે, છતા ક્રોધવેદનાદ્ધા, ક્રોધની પ્રથમસ્થિતિ અને ક્રોધ ઉપશમનાદ્ધા આ ત્રણેયમાં માયા અને માનની માફક પહેલા ક્રોધવેદનાદ્ધા, પછી ક્રોધની પ્રથમસ્થિતિ, પછી ક્રોધ ઉપશમનાદ્ધા એ ક્રમ નથી આવતો. તેનું કારણ એ છે કે ક્રોધ ઉપશમનની શરૂઆત અંતરકરણક્રિયા થયા પછી નપુંસકવેદ અને સ્ત્રીવેદ તથા હાસ્ય-૬ અને પુરુષવેદને ક્રમશઃ ઉપશમાવ્યા પછી થાય છે. ક્રોધની પ્રથમસ્થિતિ અંતરકરણક્રિયા પૂર્ણ થયા પછીથી તુરત જ થાય છે. ક્રોધવેદનાદ્ધા છેક યથાપ્રવૃત્તકરણથી હોય છે. માટે ત્રણેયમાં ક્રોધવેદનાદ્ધા સૌથી અધિક, તેથી ક્રોધની પ્રથમસ્થિતિ ન્યૂન, તેથી ક્રોધોપશમનાદ્ધા પણ ન્યૂન થતી આવે છે.




૭ ૧ - અંતરકરણક્રિયાકાળ

૧ ૨ - ક્રોધની પ્રથમસ્થિતિ

अ ब - ક્રોધવેદકાદ્ધા

૧ ૩ - નપુંસકવેદોપશમનકાળ

૩ ૪ - સ્ત્રીવેદોપશમનકાળ

૪ ૫ - હાસ્ય-૬ ઉપશમનકાળ

૫ ૬ - ક્રોધોપશમનકાળ

**(૨૯) છ નોકષાયોપશમનકાળ - વિશેષાધિક.**

ક્રોધના ઉપશમનકાળથી છ નોકષાયોનો ઉપશમનકાળ વિશેષાધિક આવે.

**(૩૦) પુરુષવેદોપશમનકાળ - વિશેષાધિક.**

સમયોન બે આવલિકા અધિક. હાસ્યષટ્ક અને પુરુષવેદની ઉપશમનક્રિયાનો પ્રારંભ સાથે થાય છે. પરંતુ જ્યારે હાસ્ય-૬ સર્વથા ઉપશાંત થઈ જાય છે ત્યારે પુરુષવેદનો

બંધવિચ્છેદ થાય છે. તેથી (બધ્યમાન પ્રકૃતિ હોવાથી) તેનું છેલ્લુ સમયોન બે આવલિકાનું બંધાયેલું દલિક અનુપશાંત બાકી રહે છે. તે ત્યારપછી તેટલા કાળે ઉપશમાવે છે. તેથી હાસ્ય-૬ ના ઉપશમનકાળથી પુરુષવેદનો ઉપશમનકાળ સમયોન બે આવલિકા અધિક જાણવો.

**(૩૧) સ્ત્રીવેદોપશમનાદ્ધા - વિશેષાધિક.**

અહીંયા કારણ એમ લાગે છે કે શ્રેણિમાં ચઢતા વિશુદ્ધિ વધતી જતી હોવાથી પ્રથમ જે પ્રકૃતિનો ઉપશમ થાય છે તેનો કાળ વધારે હોય અને પછી પછી ઉપશમતી પ્રકૃતિઓનો કાળ હીન-હીન થતો જાય છે.

**(૩૨) નપુંસકવેદોપશમનાદ્ધા - વિશેષાધિક.** કારણ પૂર્વવત્.

**(૩૩) ક્ષુલ્લકભવ - વિશેષાધિક** (૨૫૬ આવલિકા પ્રમાણ).

**(૩૪) ઉપશાંતાદ્ધા - દ્વિગુણ.**

**(૩૫) પુરુષવેદની પ્રથમસ્થિતિ - વિશેષાધિક.**

નપુંસકવેદ ઉપશમનાદ્ધાથી સાધિક દ્વિગુણ ઉપશાંતાદ્ધા છે, જ્યારે પુરુષવેદોપશમનાદ્ધા ત્રિગુણ છે, કેમકે તેમાં ત્રણ ઉપશમના થાય છે.

**(૩૬) સં.ક્રોધની પ્રથમસ્થિતિ - વિશેષાધિક.**

અંતરકરણક્રિયા પૂર્ણ થતા જ ક્રોધની અને પુરુષવેદની પ્રથમસ્થિતિની શરૂઆત થાય છે. તેમાં પ્રથમ નપુંસકવેદ ઉપશાંત કરે છે. ત્યાર પછી સ્ત્રીવેદ ઉપશાંત કરે છે. ત્યાર પછી હાસ્ય-૬ અને પુરુષવેદ ઉપશાંત કરે છે. હાસ્ય-૬ ઉપશાંત થાય છે તે જ વખતે પુરુષવેદનો બંધોદયવિચ્છેદ થતા પુરુષવેદની પ્રથમસ્થિતિ સંપૂર્ણ થાય છે. ત્યાર પછી સં.ક્રોધ ઉપશમાવે છે. સં.ક્રોધનું છેલ્લું સમયોન બે આવલિકાના બદ્ધ દલિક સિવાયનું સર્વ દલિક ઉપશાંત થઈ જાય છે. ત્યારે સં.ક્રોધનો પણ બંધ અને ઉદયનો વિચ્છેદ થઈ જાય છે. તેથી પુરુષવેદની પ્રથમસ્થિતિ કરતા અંતરકરણક્રિયાકાળ પછીનો ક્રોધવેદકકાળ વિશેષાધિક થયો અને તે પણ કંઈક ન્યૂન ત્રીજા ભાગ જેટલો વિશેષાધિક થયો, કેમકે પુરુષવેદની પ્રથમસ્થિતિમાં ત્રણ કાર્ય થયા - નપુંસકવેદોપશમના, સ્ત્રીવેદોપશમના, હાસ્ય-૬ ઉપશમના. ક્રોધવેદનાદ્ધામાં ચોથું કાર્ય (ક્રોધોપશમનાનું) પણ લગભગ થયુ, કંઈક જ બાકી રહ્યું. તથા પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર કાર્યનો કાળ પણ હીન

હોવાથી પુરુષવેદની પ્રથમસ્થિતિ કરતા ક્રોધવેદનાદ્ધા કંઈક ન્યૂન ત્રીજા ભાગ જેટલી અધિક થાય. ક્રોધવેદકકાળથી ક્રોધની પ્રથમસ્થિતિ વિશેષાધિક છે. માટે પુરુષવેદની પ્રથમસ્થિતિ કરતા ક્રોધની પ્રથમસ્થિતિ વિશેષાધિક આવે.




अ ब - પુરુષવેદની પ્રથમસ્થિતિ

अ ब' - સં.ક્રોધની પ્રથમસ્થિતિ

अ १ - નપુંસકવેદોપશમનાદ્ધા

१ २ - સ્ત્રીવેદોપશમનાદ્ધા

२ ब - હાસ્ય-૬ ઉપશમનાદ્ધા

ब ब' - ક્રોધના સમયોન બે આવલિકા દરમિયાન બંધાયેલ દલિક સિવાયના દલિકનો ઉપશમના કાળ.

**(૩૭) મોહનીય ઉપશમનાદ્ધા - વિશેષાધિક.**

નપુંસકવેદોપશમનના પ્રારંભથી યાવત્ ક્રોધ ઉપશમના સુધીના (સમયોન બે આવલિકાના બદ્ધ દલિક સિવાયના) કાળ જેટલી ક્રોધની પ્રથમસ્થિતિ છે. ત્યારપછી માન, માયા અને લોભનો ઉપશમનકાળ વધારીએ એટલો કાળ મોહનીયની (ચારિત્રમોહનીયની) ઉપશમનાદ્ધા આવે. તેથી તે માન-માયા-લોભની ઉપશમનાના કાળ જેટલો અધિક આવે.

**(૩૮) પતમાનનો અસંખ્યસમયપ્રબદ્ધઉદીરણા કાળ - સંખ્યાતગુણ.**

શ્રેણિ પર ચઢતા સર્વ કર્મનો સ્થિતિબંધનો નિયત ક્રમ (મોહ.-અલ્પ, જ્ઞાના.દર્શના.-અંતરાય-અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય), નામગોત્ર-અસંખ્યગુણ (**પરસ્પર તુલ્ય**), વેદનીય-અસંખ્યગુણ) નક્કી થયા પછી હજારો સ્થિતિબંધ ગયા **પછી દેશઘાતિ રસબંધના** પ્રારંભથી હજારો સ્થિતિઘાત ગયા પછી અને દેશઘાતિ રસબંધના હજારો સ્થિતિઘાત પૂર્વે અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાનો પ્રારંભ થાય છે. શ્રેણિ પરથી પડતા છેક દેશઘાતિ રસબંધનો નાશ થઈ સર્વઘાતિ રસબંધના પ્રારંભ પછી હજારો સ્થિતિબંધ સુધી આ પ્રમાણે

અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા ચાલુ રહે છે. એટલે પડતા સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી માંડી છેક સર્વઘાતિરસબંધના પ્રારંભ પછી હજારો સ્થિતિબંધ સુધીનો કાળ અહીં ગણવાનો છે. તે મોહનીય ઉપશમનાદ્ધાથી સંખ્યાતગુણ આવે.

**(૩૯) આરોહકને અસંખ્યસમયપ્રબદ્ધ ઉદીરણાકાળ - વિશેષાધિક.**

(પૂર્વે કહ્યું છે) તેમ આરોહકના કાળ કરતા અવરોહકનો કાળ હંમેશા ઓછો આવે છે. તેથી અહીં અવરોહકના અસંખ્યસમયપ્રબદ્ધઉદીરણાના કાળ કરતા આરોહકનો કાળ વિશેષાધિક આવે છે.

**(૪૦) પતમાનની અનિવૃત્તિકરણાદ્ધા - સંખ્યાતગુણ.**

પૂર્વે કહ્યું છે કે આરોહકને અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ ગયા પછી અસંજ્ઞી તુલ્ય સ્થિતિબંધ થાય છે. ત્યારપછી કેટલાય હજારો સ્થિતિબંધ ગયા પછી અસંખ્યસમય-પ્રબદ્ધની ઉદીરણા થાય છે. તેથી અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા આરોહકને અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે તેના સંખ્યાતમા ભાગ જેટલા કાળમાં જ થાય છે. તદુપરાંત સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે થાય છે. પરંતુ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકનો કાળ પણ અનિવૃત્તિકરણની અપેક્ષાએ ઘણો નાનો છે. તેથી આરોહકને અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાના કાળ કરતા અનિવૃત્તિકરણનો કાળ સંખ્યાતગુણ આવે. વળી અવરોહકની અનિવૃત્તિકરણાદ્ધા આરોહકની અનિવૃત્તિકરણાદ્ધાથી કંઈક ન્યૂન જ હોય છે. માટે અવરોહકની અનિવૃત્તિકરણાદ્ધા પણ આરોહકના અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાના કાળ કરતા સંખ્યાતગુણ આવે.

**(૪૧) આરોહકની અનિવૃત્તિકરણાદ્ધા - વિશેષાધિક** (કારણ પૂર્વે કહ્યું છે.).

**(૪૨) પતમાનની અપૂર્વકરણાદ્ધા - સંખ્યાતગુણ.**

**(૪૩) આરોહકની અપૂર્વકરણાદ્ધા - વિશેષાધિક.**

**(૪૪) પતમાનનો ઉત્કૃષ્ટ ગુણશ્રેણિનિક્ષેપ - વિશેષાધિક.**

ચઢતા અપૂર્વકરણના પ્રથમ સમયથી સર્વ કર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. તેનો આયામ અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ અને સૂક્ષ્મસંપરાયથી અધિક કાળ જેટલો છે. તેવી જ રીતે પડતા પણ સૂક્ષ્મસંપરાયના પહેલા સમયથી મોહનીય સિવાયના સર્વકર્મની ગલિતાવશેષ ગુણશ્રેણિ થાય છે. તેનો આયામ પણ સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ, અપૂર્વકરણથી અધિક કાળ જેટલો છે. તેથી પતમાનની અપૂર્વકરણાદ્ધા કરતા અનિવૃત્તિકરણાદ્ધા,

સૂક્ષ્મસંપરાયાંદ્ધા અને તેથી કંઈક અધિક જેટલો ગુણશ્રેણિનિક્ષેપ વધુ છે. જો કે પતમાનની અપૂર્વકરણાદ્ધા કરતા આરોહકની અપૂર્વકરણાદ્ધા કંઈક અધિક છે, પરંતુ ગુણશ્રેણિ નિક્ષેપ ઘણો અધિક હોવાથી આરોહકની અપૂર્વકરણાદ્ધાથી પતમાનનો ઉત્કૃષ્ટ ગુણશ્રેણિનિક્ષેપ વિશેષાધિક આવે છે. અહીં ગુણશ્રેણિનિક્ષેપ મોહનીય સિવાયના શેષ કર્મોનો સમજવો કેમકે શ્રેણિથી પડતા શરૂઆતમાં મોહનીયની ગલિતાવશેષ ગુણશ્રેણિ થતી નથી, પરંતુ અવસ્થિત ગુણશ્રેણિ થાય છે. તેનો આયામ પણ તે તે કષાયવેદનાદ્ધાથી આવલિકા અધિક જેટલો જ છે. તથા સૂક્ષ્મસંપરાયના પ્રથમસમયનો ગુણશ્રેણિઆયામ લેવાનો છે, કેમકે ગલિતાવશેષ ગુણશ્રેણિ થતી હોવાથી પછી તેનો આયામ હીન થતો જાય છે.

**(૭૫) આરોહકનો અપૂર્વકરણાદ્ધાના પ્રથમ સમયે ગુણશ્રેણિનિક્ષેપ- વિશેષાધિક.**

અવરોહકના સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણના કાળ કરતા આરોહકના સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણનો કાળ અધિક હોવાથી અવરોહકના ઉત્કૃષ્ટ ગુણશ્રેણિનિક્ષેપ કરતા આરોહકને અપૂર્વકરણના પ્રથમસમયે ગુણશ્રેણિનિક્ષેપ વિશેષાધિક આવે છે.

**(૭૬) આરોહકને ક્રોધવેદકાદ્ધા - સંખ્યાતગુણ.**

અહીંયા શ્રેણિ આરોહકને યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયથી અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ સુધી ક્રોધનો ઉદય છે. ગુણશ્રેણિ આયામ અપૂર્વકરણના પ્રથમસમયથી સૂક્ષ્મસંપરાયથી કંઈક અધિક કાળ સુધી છે. અપૂર્વકરણ કરતા યથાપ્રવૃત્તકરણનો કાળ સંખ્યાતગુણ હોવાથી આરોહકની ક્રોધવેદકાદ્ધા સંખ્યાતગુણ આવે.




अ' इ - ગુણશ્રેણિનિક્ષેપ

अ प - ક્રોધવેદકાદ્ધા

अ अ' - યથાપ્રવૃત્તકરણાદ્ધા

अ' ब - અપૂર્વકરણ

ब क - અનિવૃત્તિકરણ

क ड - સૂક્ષ્મસંપરાય

**પ્રશ્ન** - અપૂર્વકરણના પ્રથમ સમયથી આ અલ્પબહુત્વ છે એમ પૂર્વે સૂચિત કર્યું છે, તો પછી અહીં ક્રોધવેદકાદ્ધામાં યથાપ્રવૃત્તકરણના કાળનો નિર્દેશ કેમ કર્યો ?

**જવાબ** - અહીંયા અપૂર્વકરણ પછીથી જ થતા બધા પદાર્થોની વક્તવ્યતા બતાવી છે. પરંતુ તે પદાર્થોના સંબંધવાળા એક, બે પદાર્થો યથાપ્રવૃત્તકરણમાં આવી જતા હોવાથી સાથે સાથે તેની વક્તવ્યતા કરી છે તેથી દોષ નથી. તેથી જ આના પછીના સ્થાનમાં યથાપ્રવૃત્તકરણનો ગુણશ્રેણિ નિક્ષેપ પણ પ્રસંગ પામીને બતાવ્યો છે.

**(૪૭) યથાપ્રવૃત્તકરણ સંયતનો ગુણશ્રેણિ નિક્ષેપ - સંખ્યાતગુણ.**

અહીંયા પ્રતિપતમાનનો યથાપ્રવૃત્તકરણસંયતનો ગુણશ્રેણિ નિક્ષેપ સમજવો. કેમકે અહીં સંયમનિમિત્તક ગુણશ્રેણિ છે તે ઉપશમશ્રેણિનિમિત્તક ગુણશ્રેણિ છે.

**(૪૮) દર્શનમોહોપશાંતાદ્ધા - સંખ્યાતગુણ.**

દર્શન મોહનીયની ઉપશમના કરી ત્યાર પછી છટ્ઠે-સાતમે ગુણસ્થાનકે વારંવાર પરાવર્ત્ત કરે છે. ત્યાર પછી ત્રણ કરણ દ્વારા ચારિત્રમોહને ઉપશમાવી ત્યાંથી પડી અનિવૃત્તિકરણ, અપૂર્વકરણ, યથાપ્રવૃત્તકરણ સંયત થઈ, પ્રમત્તાદિ ગુણસ્થાનકે જઈ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યાં સુધી દર્શનમોહનીયની પ્રકૃતિઓ ઉપશાંત છે. આ બધો કાળ અહીં લેવાનો છે.

**(૪૯) ચારિત્રમોહનીયનો અંતરાયામ - સંખ્યાતગુણ.**

**પ્રશ્ન** - ચારિત્રમોહનીયની ઉપશમનાની પૂર્વે દર્શન મોહનીય ઉપશાંત થાય છે અને ચારિત્રમોહનીયની ઉપશમના નષ્ટ થયા પછી દર્શનમોહનીયની ઉપશમના નષ્ટ થાય છે તો પછી ચારિત્ર મોહનીયનું અંતર દર્શનમોહોપશાંતાદ્ધાથી વધારે શી રીતે ?

**જવાબ** - વસ્તુતત્ત્વના યથાર્થજ્ઞાનના અભાવથી જ ઉક્ત પ્રશ્ન ઉપસ્થિત થયો છે. ચારિત્રમોહનીયની ઉપશાંતાદ્ધા તો દર્શનમોહનીયની ઉપશાંતાદ્ધાથી ઓછી જ છે અને તે તો ઉપશાંતમોહગુણસ્થાનકના કાળરૂપ ક્ષુલ્લકભવથી બમણી આગળ કહી ગયા છીએ. અહીંયા ચારિમોહનીયનું અંતર કહ્યું છે. એટલે કે અંતરકરણક્રિયાકાળ વખતે ચારિત્રમોહનીયનું જે આંતરુ પાડ્યુ હતું (દલિક વિનાની ભૂમિ કરી હતી) તેનો આયામ ઘણો જ મોટો છે. અંતરકરણ જેટલું હોય છે તેટલા કાળ સુધી ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ ઉપશાંત

રહેતી નથી, પરંતુ તેનો સંખ્યાતમો ભાગ માત્ર પસાર થાય કે તુરત જ બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી અંતરમાં દલરચના થાય છે. અહીંયા જે અંતરકરણઆયામ કહ્યો છે તે અંતરકરણક્રિયાકાળ વખતે કરેલું જે આંતરું તેનો આયામ છે. તેથી તે દર્શનમોહોપશાંતાદ્ધાથી સંખ્યાતગુણ આવે તેમાં દોષ નથી.

**(૫૦) દર્શનમોહનીયનો અંતરાયામ - સંખ્યાતગુણ.**

ઉપર પ્રમાણે અહીં પણ સમજવાનું છે. દર્શનમોહનીયનું આંતરું જેટલુ દર્શનમોહનીયની અંતરકરણક્રિયાકાળ વખતે કર્યું છે તેનો આયામ અહીં સમજવાનો છે.

**(૫૧) જઘન્ય અબાધા - સંખ્યાતગુણ.**

સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે બધ્યમાન પ્રકૃતિઓની અબાધા જે અંતર્મુહૂર્ત પ્રમાણ છે તે અહીં સમજવાની છે. અથવા મોહનીયની અપેક્ષાએ અનિવૃત્તિકરણના ચરમસમયે જઘન્ય અબાધા આવે.

**(૫૨) ઉત્કૃષ્ટ અબાધા - સંખ્યાતગુણ.**

અવરોહકને અપૂર્વકરણના ચરમ સમયે જે સ્થિતિબંધ થાય છે તેની અબાધા અહીં સમજવી. સૂક્ષ્મસંપરાયના ચરમસમયના સ્થિતિબંધ કરતા અવરોહકને અપૂર્વકરણના ચરમ સમયનો સ્થિતિબંધ સંખ્યાતગુણ હોવાથી અબાધા પણ સંખ્યાતગુણ આવે.

**(૫૩) આરોહકને મોહનીયનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

અનિવૃત્તિકરણના ચરમ સમયે થતો અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ.

**(૫૪) પ્રતિપતમાનને મોહનીયનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ (દ્વિગુણ).**

પ્રતિપતમાનને અનિવૃત્તિકરણના પ્રથમ સમયે મોહનીયના બંધનો પ્રારંભ થાય છે. તે આરોહકના સ્થિતિબંધ કરતા બમણો હોય છે.

**(૫૫) ઉપશામકને ઘાતિત્રયનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

આરોહકને સૂક્ષ્મસંપરાયના ચરમસમયે ઘાતિત્રયનો બંધવિચ્છેદ થતો હોવાથી તે સમયે થતો અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ.

**(૫૬) અવરોહકને ઘાતિત્રયનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

આરોહકના સ્થિતિબંધ કરતા અવરોહકનો તે તે સ્થાને સ્થિતિબંધ બમણો છે, એમ પૂર્વે કહેલું છે.

**(૫૭) અંતર્મુહૂર્ત - સંખ્યાતગુણ.**

આની પૂર્વે દરેક સ્થાનો અંતર્મુહૂર્ત પ્રમાણના હતા અને અંતર્મુહૂર્તમાં તરતમતા હોવાથી ઘાતિત્રયના અવરોહકના જઘન્ય સ્થિતિબંધથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જે મુહૂર્તથી ૧ સમય ન્યૂન રુપ છે તે સંખ્યાતગુણ આવે.

અહીં સુધીના બધા સ્થાનો મુહૂર્તની અંદરના આવ્યા છે. હવે મુહૂર્તથી વધુ કાળવાળા સ્થાનો આવે છે.

**(૫૮) આરોહકને નામ-ગોત્રનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

ઉપશામકને નામગોત્રનો જઘન્ય સ્થિતિબંધ ૧૬ મુહૂર્ત છે. તેથી અંતર્મુહૂર્તથી સંખ્યાતગુણ કહ્યો છે. તે સૂક્ષ્મસંપરાયનો ચરમ સ્થિતિબંધ જાણવો.

**(૫૯) વેદનીયનો જઘન્ય સ્થિતિબંધ - વિશેષાધિક.**

વેદનીયનો જઘન્ય સ્થિતિબંધ ઉપશામકને ૨૪ મુહૂર્તનો છે. તેથી નામ-ગોત્રના જઘન્યસ્થિતિબંધથી વિશેષાધિક થાય.

**(૬૦) પતમાનને નામગોત્રનો જઘન્ય સ્થિતિબંધ-વિશેષાધિક.**

ઉપશમશ્રેણિથી પડતા સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયે નામગોત્રનો સ્થિતિબંધ આરોહકના જઘન્ય સ્થિતિબંધથી બમણો એટલે કે ૩૨ મુહૂર્ત પ્રમાણ થતો હોવાથી આરોહકના વેદનીયના જઘન્ય સ્થિતિબંધથી વિશેષાધિક થાય.

**(૬૧) પતમાનને વેદનીયનો જઘન્ય સ્થિતિબંધ - વિશેષાધિક.**

શ્રેણિથી પડતા સૂક્ષ્મસંપરાયના પ્રથમસમયે વેદનીયનો સ્થિતિબંધ આરોહકના જઘન્ય સ્થિતિબંધથી બમણો એટલે કે ૪૮ મુહૂર્ત પ્રમાણ થતો હોવાથી પતમાનના નામ-ગોત્રના જઘન્ય સ્થિતિબંધ (૩૨ મુહૂર્ત)થી વિશેષાધિક આવે છે. (સર્વ જીવોને જઘન્ય સ્થિતિબંધ સરખો હોય છે.)

**(૬૨) ઉપશામકને માયાનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

ઉપશામકને માયાનો જઘન્ય સ્થિતિબંધ એક માસ હોવાથી સંખ્યાતગુણ થાય.

**(૬૩) પતમાનને માયાનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ (દ્વિગુણ).**

પડતા સ્થિતિબંધ દ્વિગુણ થતો હોવાથી.

**(૬૪) ઉપશામકને માનનો જઘન્ય સ્થિતિબંધ - તુલ્ય.**

બે માસ પ્રમાણ હોવાથી (માનના બંધવિચ્છેદ સમયે).

**(૬૫) પતમાનને માનનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ (દ્વિગુણ).**

પડતા સ્થિતિબંધ બમણો થતો હોવાથી.

**(૬૬) આરોહકને ક્રોધનો જઘન્ય સ્થિતિબંધ - તુલ્ય.**

ચાર માસ પ્રમાણ હોવાથી (ક્રોધના બંધવિચ્છેદ સમયે)

**(૬૭) પતમાનને ક્રોધનો જઘન્ય સ્થિતિબંધ - દ્વિગુણ.**

પડતા સ્થિતિબંધ બમણો થતો હોવાથી

**(૬૮) ઉપશામકને પુરુષવેદનો જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

ઉપશામકને બંધવિચ્છેદ સમયે પુરુષવેદનો જઘન્ય સ્થિતિબંધ ૧૬ વર્ષ પ્રમાણ હોવાથી.

**(૬૯) ઉપશામકને તે જ વખતે સંજ્વલન-૪ નો સ્થિતિબંધ-સંખ્યાતગુણ (દ્વિગુણ).**

ઉપશામકને પુરુષવેદના બંધવિચ્છેદ સમયે સંજ્વલન ચતુષ્કનો ૩૨ વર્ષ પ્રમાણ સ્થિતિ-બંધ થાય છે માટે.

**(૭૦) પતમાનને પુરુષવેદનો જઘન્ય સ્થિતિબંધ - તુલ્ય.**

૩૨ વર્ષ પ્રમાણ થાય છે. સ્થિતિબંધ બમણો થતો હોવાથી.

**(૭૧) પતમાનને તે જ વખતે સંજ્વલન-૪ નો સ્થિતિબંધ-દ્વિગુણ.**

સંજ્વલન-ચતુષ્કનો તે વખતે ૬૪ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થતો હોવાથી.

**(૭૨) આરોહકને સંખ્યાતવર્ષપ્રમાણનો મોહનીયનો પ્રથમ સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછી અનંતર સમયથી મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય છે. તે અહીં લેવાનો છે.

**(૭૩) અવરોહકને મોહનીયનો સંખ્યાતવર્ષપ્રમાણનો ચરમ સ્થિતિબંધ-સંખ્યાતગુણ.**

આરોહક કરતા અવરોહકને સંક્લેશ વધતો હોવાથી સ્થિતિબંધ વધારે થાય છે. તેથી અહીં સંખ્યાતગુણ સ્થિતિબંધ આવે છે. પરંતુ દ્વિગુણનો નિયમ અહીં રહેતો નથી. શરૂઆતમાં જ માત્ર થોડો કાળ રહે છે.

**(૭૪) ઉપશામકને ઘાતિત્રયનો સંખ્યાતવર્ષ પ્રમાણનો પ્રથમ સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

આરોહકને સ્ત્રીવેદ ઉપશમના કાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે ત્યાર પછી ઘાતિત્રયના સંખ્યાતા વર્ષના-સ્થિતિબંધનો પ્રારંભ થાય છે. તે સ્થિતિબંધ અહીં લેવાનો છે.

**(૭૫) અવરોહકને ઘાતિત્રયનો ચરમ સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-સંખ્યાતગુણ.**

૭૨મા સ્થાનની માફક હેતુ સમજી લેવો. શ્રેણિ પરથી પડતા સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થયા પછી નપુંસકવેદની ઉપશમના નષ્ટ થયા પૂર્વે વચ્ચેના કાળના સંખ્યાતા બહુ ભાગ પસાર થાય છે તે વખતે ઘાતિત્રયનો સંખ્યાતાવર્ષનો ચરમ સ્થિતિબંધ થાય છે. તે અહીં લેવાનો છે.

**(૭૬) ઉપશામકને અઘાતિત્રયનો પ્રથમ સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-સંખ્યાતગુણ.**

આરોહકને હાસ્ય-૬ ની ઉપશમના કાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે ત્યારે અઘાતિત્રયના સંખ્યાતવર્ષના સ્થિતિબંધનો પ્રારંભ થાય તે.

**(૭૭) અવરોહકને અઘાતિત્રયનો ચરમ સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-સંખ્યાતગુણ.**

પૂર્વવત્ હેતુ જાણવો. પુરુષવેદની ઉપશમના નષ્ટ થયા પછી અને સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થયા પૂર્વે વચ્ચેના કાળના સંખ્યાતા બહુભાગ પસાર થાય છે તે વખતે અઘાતિત્રયનો સંખ્યાતવર્ષનો ચરમ સ્થિતિબંધ થાય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે અવરોહકને અઘાતિત્રયનો ચરમ સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ ઘાતિત્રયના ચરમ સંખ્યાતવાર્ષિક સ્થિતિબંધની પૂર્વે આવતો હોવા છતા સંખ્યાતગુણ છે. તેનું કારણ એ છે કે હજી મોહનીય કરતા ઘાતિત્રયનો અને તેના કરતા અઘાતિત્રયનો સ્થિતિબંધ વધારે હોય છે. એ ક્રમ જ ચાલુ છે.

**(૭૮) ઉપશામકને મોહનીયનો ચરમ અસંખ્યાત વાર્ષિક સ્થિતિબંધ-અસંખ્યાતગુણ.**

અંતરકરણક્રિયાકાળ વખતે મોહનીયનો અસંખ્યાતા વર્ષનો ચરમ સ્થિતિબંધ થાય છે તે.

**(૭૯) પતમાનને મોહનીયનો પ્રથમ અસંખ્યવર્ષનો સ્થિતિબંધ-અસંખ્યગુણ.**

૭૨મા સ્થાનની જેમ હેતુ સમજવો.

**(૮૦) ઉપશામકને ઘાતિત્રયનો ચરમ અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-અસંખ્યાતગુણ.**

શ્રેણિ આરોહણ કરતા સ્ત્રીવેદની ઉપશમનાનો પ્રારંભ કર્યા પછી તેના ઉપશમનાકાળના સંખ્યાતમા ભાગ વખતે ઘાતિત્રયનો છેલ્લો અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ થાય છે. મોહનીય કરતા ઘાતિનો સ્થિતિબંધ અસંખ્યગુણ પહેલાથી ચાલતો આવે છે. તેથી આરોહકને મોહનીયના ચરમ અસંખ્યાતવર્ષના સ્થિતિબંધ પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી ઘાતિત્રયનો ચરમ અસંખ્યાતવાર્ષિક સ્થિતિબંધ થતો હોવા છતાં તે મોહનીયના સ્થિતિબંધથી અસંખ્યગુણ હોય છે. આવી જ રીતે અન્યત્ર પણ હેતુ સમજી લેવો.

**(૮૧) અવરોહકને ઘાતિત્રયનો પ્રથમ અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-અસંખ્યાતગુણ.**

હેતુ પૂર્વવત્ જાણવો. ૭૪મા સ્થાનમાં ઘાતિત્રયનો ચરમ સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ કહ્યો છે, તેની પછીનો સ્થિતિબંધ અહીં જાણવો.

**(૮૨) ઉપશામકને નામ-ગોત્ર અને વેદનીયનો ચરમ અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-અસંખ્યાતગુણ.**

શ્રેણિ આરોહણ કરતા હાસ્ય-૬ અને પુરુષવેદની ઉપશમનાનો પ્રારંભ કર્યા પછી તેના ઉપશમના કાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય છે તે વખતે અઘાતિત્રયનો ચરમ અસંખ્યવર્ષનો સ્થિતિબંધ હોય છે. અહીંયા પણ ૭૯મા સ્થાનમાં કહ્યું છે તે પ્રમાણે ભાવના સમજવી.

**(૮૩) પતમાનને નામ-ગોત્ર અને વેદનીયનો પ્રથમ અસંખ્યાતવર્ષનો સ્થિતિબંધ-અસંખ્યગુણ.**

હેતુ પૂર્વવત્ જાણવો. ૭૬મા સ્થાનમાં અઘાતિત્રયનો ચરમ સંખ્યાતવાર્ષિક સ્થિતિબંધ કહ્યો છે. તેની પછીનો સ્થિતિબંધ અહીં જાણવો. આરોહકના સ્થિતિબંધના સમાનકાલથી અંતર્મુહૂર્ત પૂર્વે અવરોહકને તે તે સ્થિતિબંધ પ્રાપ્ત થાય છે.

**(૮૪) ઉપશામકને નામ-ગોત્રનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણનો પ્રથમ સ્થિતિબંધ-અસંખ્યાતગુણ.**

નામ-ગોત્રનો ક્રમશઃ સ્થિતિબંધ ન્યૂન થતા ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે ત્યાર પછીનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. તે અહીં સમજવો.

**(૮૫) આરોહકને ઘાતિત્રયનો અને વેદનીયનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રથમ સ્થિતિબંધ-વિશેષાધિક.**

ઘાતિત્રયના પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી થતો નવીન સ્થિતિબંધ.

**(૮૬) આરોહકને મોહનીયનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રથમ સ્થિતિબંધ-વિશેષાધિક.**

**(૮૭) ચરમ સ્થિતિખંડ - સંખ્યાતગુણ.**

સૂક્ષ્મસંપરાયના ચરમસમયે જ્ઞાનાવરણાદિ કર્મોનો છેલ્લો સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી.

**(૮૮) પલ્યોપમના સ્થિતિબંધની પૂર્વે જેટલો સ્થિતિબંધ હતો તેમાંથી જેટલો સ્થિતિબંધ ઓછો થઈ પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય તે સ્થિતિ - સંખ્યાતગુણ.**

**(૮૯) પલ્યોપમ - સંખ્યાતગુણ.**

**(૯૦) આરોહકને અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

અંતઃક્રોડ સાગરોપમ, સાગરોપમ લક્ષપૃથક્ત્વ માત્ર.

**(૯૧) અવરોહકને અનિવૃત્તિકરણના ચરમ સમયે સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

**(૯૨) આરોહકને અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ.

**(૯૩) અવરોહકને અપૂર્વકરણના ચરમ સમયે સ્થિતિબંધ - સંખ્યાતગુણ.**

**(૯૪) [1]અવરોહકને અપૂર્વકરણના ચરમ સમયે સ્થિતિસત્તા - સંખ્યાતગુણ.**

**(૯૫) અવરોહકને અપૂર્વકરણના પ્રથમ સમયે સ્થિતિસત્તા - વિશેષાધિક.**

અવરોહકને સ્થિતિઘાતાદિથી સત્તા ન્યૂન થતી ન હોવાથી અપૂર્વકરણના ચરમ સમયે સ્થિતિસત્તા કરતા પ્રથમ સમયની સ્થિતિસત્તા સમયોન અપૂર્વકરણાદ્ધા જેટલી અંતર્મુહૂર્ત અધિક સમજવી.

**(૯૬) અવરોહકને અનિવૃત્તિકરણના ચરમસમયે સ્થિતિસત્તા - વિશેષાધિક** (એક સમયાધિક).

---

૧. ''अंतःकोडाकोडीपमाणत्तअविसेसेऽवि सम्माइट्ठिम्मि बंधादो संतस्स संखेज्जगुणभावेणेव सव्वद्धं अवट्ठाणदंसणादो ।'' - જયધવલા, પૃ. ૧૯૩૭.

**(૯૭) આરોહકને અનિવૃત્તિકરણના પ્રથમસમયે સ્થિતિસત્તા - સંખ્યાતગુણ.**

અનિવૃત્તિકરણમાં ઘણા સ્થિતિઘાત દ્વારા સ્થિતિ ઓછી થતી હોવાથી પૂર્વના સ્થાન કરતા અહીંયા સંખ્યાતગુણ છે.

**(૯૮) આરોહકને અપૂર્વકરણના ચરમસમયની સ્થિતિસત્તા - વિશેષાધિક.**

અપૂર્વકરણના ચરમસમયે ઘાત્યમાન જે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણખંડ છે તેટલું અધિક સમજવું.

**(૯૯) ઉપશામકને અપૂર્વકરણના પ્રથમસમયે સ્થિતિસત્તા-સંખ્યાતગુણ.**

આમ ૯૯ બોલનું ઉપશામકને લગતુ અલ્પબહુત્વ **કષાયપ્રાભૃતચૂર્ણિ**ને અનુસારે લખ્યું છે. તેમાં જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં ત્યાં હેતુ વગેરે પણ જણાવ્યા છે. તે સિવાય હેતુઓ બધે આપી શકાયા નથી. તે બહુશ્રુતો જાતે વિચારી લે અથવા અતીન્દ્રિય પદાર્થોમાં સર્વત્ર હેતુ ન મળે તે શ્રદ્ધાગમ્ય સમજવા.

**ચારિત્રમોહનીયઉપશમનાધિકાર સમાપ્ત**

## કરણકૃત દેશોપશમના અધિકાર

સર્વોપશમના અધિકારમાં ૭ અધિકાર કહ્યાં. હવે ક્ષપકશ્રેણિ અધિકાર અને પશ્ચિમસ્કંધ અધિકાર આ બે અધિકાર બાકી છે. પણ એની વક્તવ્યતા ઘણી લાંબી છે. તેથી તેનું વિવેચન ભાગ-૨ માં કરીશું. અહીં સંક્ષેપમાં હવે કરણકૃત દેશોપશમનાનો અધિકાર કહે છે -

पगइठिईअणुभागप्पएसमूलुत्तराहि पविभत्ता ।
देसकरणोवसमणा तीए समियस्स अट्ठपयं ।।६६।।

**અક્ષરાર્થ** - દેશકરણોપશમનાના ચાર પ્રકાર છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, અનુભાગદેશોપશમના અને પ્રદેશદેશોપશમના. વળી આ દરેકના બે-બે ભેદ છે - મૂલપ્રકૃતિદેશોપશમના અને ઉત્તરપ્રકૃતિદેશોપશમના. આ દેશકરણોપશમનાથી ઉપશાંત થયેલ દલિકનું લક્ષણ આ પ્રમાણે છે. (૬૬)

**વિશેષાર્થ** - અધ્યવસાયવિશેષથી સર્વ દલિકો જ્યારે ન ઉપશમે પણ થોડા દલિકો ઉપશમે ત્યારે તેને દેશકરણોપશમના કહેવાય છે. થોડા એટલે કે દેશથી દલિકોની ઉપશમના થતી હોવાથી અને કરણથી ઉપશમના થતી હોવાથી આને દેશકરણોપશમના કહેવાય છે. એટલે કે કરણકૃત દેશોપશમના કહેવાય છે. અકરણકૃત દેશોપશમનાના અનુયોગનો વિચ્છેદ થયો છે એ પૂર્વે જણાવી ગયા છીએ. આ કરણકૃત દેશોપશમનાના

ચાર પ્રકાર છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, રસદેશોપશમના અને પ્રદેશદેશોપશમના. વળી આ દરેકના મૂળ અને ઉત્તર એમ બે ભેદ છે. એટલે દેશોપશમનાના કુલ આઠ પ્રકાર થયા. (૧) મૂલપ્રકૃતિદેશોપશમના, (૨) ઉત્તરપ્રકૃતિદેશોપશમના (૩) મૂલપ્રકૃતિસ્થિતિદેશોપશમના (૪) ઉત્તરપ્રકૃતિસ્થિતિદેશોપશમના, (૫) મૂલપ્રકૃતિઅનુભાગદેશોપશમના, (૬) ઉત્તરપ્રકૃતિઅનુભાગદેશોપશમના, (૭) મૂલપ્રકૃતિપ્રદેશદેશોપશમના, (૮) ઉત્તરપ્રકૃતિપ્રદેશદેશોપશમના.

આ કરણકૃત દેશોપશમનાથી ઉપશાંત થયેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશનું લક્ષણ એટલે કે સ્વરુપ આ પ્રમાણે છે જે હવે પછીની ગાથામાં કહેવાશે. (૬૬)

કરણકૃત દેશોપશમનાથી ઉપશાંત થયેલ પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશનું લક્ષણ કહે છે-

**उव्वट्टणओवट्टणसंकमणाइं च नन्नकरणाइं ।**
**पगइतया समईऊं पहू नियट्टिम्मि वट्टंतो ।।६७।।**

**અક્ષરાર્થ** - કરણકૃત દેશોપશમનાથી ઉપશાંત થયેલ દલિકમાં ઉદ્વર્ત્તના, અપવર્ત્તના અને સંક્રમણ આ ત્રણ કરણ પ્રવર્તે છે, શેષ કરણો પ્રવર્ત્તતા નથી. આ દેશોપશમના વડે મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિને ઉપશમાવવા માટે સમર્થ અપૂર્વકરણ સુધી વર્તમાન જીવ છે. (૬૭)

**વિશેષાર્થ** - સર્વોપશમનાથી ઉપશાંત થયેલા દલિકમાં કોઈપણ કરણ ન પ્રવર્ત્તે, જ્યારે દેશોપશમનાથી ઉપશાંત થયેલા દલિકમાં ઉદ્વર્ત્તના, અપવર્ત્તના અને સંક્રમણ આ ત્રણ કરણ પ્રવર્ત્તે છે, બાકીના કરણ પ્રવર્ત્તતા નથી. દેશોપશમના વડે મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિની ઉપશમનાના સ્વામિ સર્વ અવસ્થામાં વર્તમાન એકેન્દ્રિયાદિ સર્વ જીવો યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી વર્તમાન સર્વ જીવો છે. અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી દેશોપશમના ન થાય. સર્વોપશમના માત્ર મોહનીયકર્મની જ થાય, જ્યારે દેશોપશમના સર્વ કર્મની થાય. (૬૭)

અનિવૃત્તિકરણથી દેશોપશમના ન થાય તે બતાવે છે, સાથે દેશોપશમનાની સાદ્યાદિ પ્રરુપણા પણ બતાવે છે -

**दंसणमोहाणंताणुबन्धिणं सगणियट्टिओ णुप्पिं ।**
**जा उवसमे चउद्धा मूलुत्तरणाइसंताओ ।।६८।।**

**અક્ષરાર્થ** - દર્શનમોહનીય અને અનંતાબંધીની દેશોપશમના પોતપોતાના અપૂર્વકરણ સુધી થાય, તેની ઉપર ન થાય. જે મૂલ-ઉત્તર પ્રકૃતિઓની સત્તા અનાદિકાલીન છે તે પ્રકૃતિઓ દેશોપશમનાને આશ્રીને ચાર પ્રકારની થાય છે. (૬૮)

**વિશેષાર્થ - પ્રકૃતિ દેશોપશમના-** ચારે ગતિના જીવો પ્રથમસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે અને અનંતાનુબંધિની વિસંયોજના કરે છે. માટે પ્રથમસમ્યક્ત્વ ઉત્પન્ન કરનારા જીવને પોતાના અપૂર્વકરણ સુધી મિથ્યાત્વમોહનીયની દેશોપશમના હોય, ત્યાર પછી ન હોય. અનંતાનુબંધિની વિસંયોજના કરનારા જીવને પોતાના અપૂર્વકરણ સુધી અનંતાનુબંધિની દેશોપશમના હોય છે, ત્યાર પછી નથી હોતી. અવિરત, દેશવિરત અને સર્વવિરત જીવો ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે. તેમને પણ પોતાના અપૂર્વકરણ સુધી દર્શન મોહનીયની દેશોપશમના હોય, ત્યાર પછી ન હોય. ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ, ઉપશમશ્રેણિ સ્વીકારવા ઈચ્છતો, સર્વવિરત જીવ ઉપશમસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે. તેને પણ પોતાના અપૂર્વકરણ સુધી દર્શનમોહનીયની દેશોપશમના હોય છે, ત્યાર પછી ન હોય. દર્શન-૩ અને અનંતાનુબંધિ-૪ સિવાયની ૧૪૧ પ્રકૃતિઓની દેશોપશમના સર્વત્ર થાય છે, પણ તે પણ ચારિત્રમોહનીયની ઉપશમના કે ક્ષપણા માટે અભ્યુત્થિત જીવને પોતાના અપૂર્વકરણના ચરમસમય સુધી થાય, ત્યાર પછી ન થાય.

**સાદ્યાદિ પ્રરૂપણા - મૂલપ્રકૃતિ -**

આઠ મૂળપ્રકૃતિઓની દેશોપશમના અપૂર્વકરણના ચરમસમયસુધી હોય છે, ત્યાર પછી નથી હોતી. ઉપશમશ્રેણિથી પડનારા જીવને દેશોપશમના સાદિ થાય છે. તે સ્થાનને નહીં પામેલા જીવને દેશોપશમના અનાદિ હોય છે, કેમકે આ આઠે કર્મોની સત્તા અનાદિકાલીન છે. અભવ્ય જીવો કયારેય ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ માંડવાના નથી માટે તેમને ૮ કર્મોની દેશોપશમના ધ્રુવ હોય છે. ભવ્ય જીવોને ૮ કર્મોની દેશોપશમના અધ્રુવ હોય છે. આમ આઠે મૂળપ્રકૃતિઓની દેશોપશમના સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે.

**ઉત્તરપ્રકૃતિ -**

જે પ્રકૃતિઓની ઉદ્વલના થાય છે તે ૨૩ પ્રકૃતિઓ, જિનનામ૦, આયુ૦૪ આ ૨૮ પ્રકૃતિઓ સિવાયની ૧૩૦ પ્રકૃતિઓ ધ્રુવસત્તાક છે. માટે તેમની દેશોપશમના સાદ્યાદિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીની દેશોપશમના પોત-પોતાના અપૂર્વકરણ સુધી થાય છે, ત્યાર પછી નથી થતી અને શેષ કર્મોની દેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી થાય છે, ત્યાર પછી થતી નથી. ઉપશમશ્રેણિથી પડનારા જીવને આ ૧૩૦ પ્રકૃતિઓની દેશોપશમના સાદિ હોય છે. તે સ્થાન પૂર્વે નહીં

પામેલા જીવને આ ૧૩૦ પ્રકૃતિઓની દેશોપશમના અનાદિ હોય છે, કેમકે આ ૧૩૦ પ્રકૃતિઓ ધ્રુવસત્તાક છે. અભવ્યજીવોને આ ૧૩૦ પ્રકૃતિઓની દેશોપશમના ધ્રુવ હોય છે, કેમકે ક્યારેય શ્રેણિ માંડવાના નથી. ભવ્ય જીવોને આ ૧૩૦ પ્રકૃતિઓની દેશોપશમના અધ્રુવ હોય છે.

શેષ ૨૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક છે. માટે તેમની દેશોપશમના બે પ્રકારની છે- સાદિ અને અધ્રુવ.

**સ્વામિત્વ** - જે જીવને જે કર્મની સત્તા હોય તે જીવ તે તે કર્મની દેશોપશમનાનો સ્વામી જાણવો. (૬૮)

હવે **પ્રકૃતિસ્થાનદેશોપશમના** કહે છે -

चउराइजुआ वीसा एक्कवीसा य मोहठाणाणि ।
संकमणियट्टिपाउग्गाइं सजसाइं णामस्स ।।६९।।

**અક્ષરાર્થ** - દેશોપશમનામાં મોહનીયના પ્રકૃતિસ્થાનો છ છે - ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮. દેશોપશમનામાં નામકર્મના પ્રકૃતિસ્થાનો - પ્રકૃતિસ્થાનસંક્રમમાં જે સ્થાનો યશ-કીર્તિવાળા છે તે અપૂર્વકરણ યોગ્ય છે એટલે કે દેશોપશમના યોગ્ય છે. (૬૯)

**વિશેષાર્થ - દેશોપશમના યોગ્ય મોહનીયના પ્રકૃતિસ્થાનો છ છે** - ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ તે આ પ્રમાણે -

**(૧) ૨૧** - દર્શનમોહનીયની ક્ષપણા માટે અભ્યુત્થિત જીવ જ્યારે એના અનિવૃત્તિકરણમાં વર્તમાન હોય ત્યારે તેને ૨૧ પ્રકૃતિઓની દેશોપશમના થાય, કેમકે અનંતાનુબંધી-૪ ની વિસંયોજના થઈ ગઈ હોય છે અને દર્શન-૩ ની એના અનિવૃત્તિકરણમાં દેશોપશમના થતી નથી.

જેણે ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કર્યું છે એવા ૨૧ની સત્તાવાળા જીવને પણ ૨૧ પ્રકૃતિઓની દેશોપશમના હોય.

**(૨) ૨૪** - ૨૮ની સત્તાવાળો જીવ જ્યારે અનંતાનુબંધિની વિસંયોજના કરે ત્યારે તેના અનિવૃત્તિકરણમાં અનંતાનુબંધિ-૪ની દેશોપશમના ન થતી હોવાથી ૨૪ પ્રકૃતિઓની દેશોપશમના કરે.

અથવા ૨૪ની સત્તાવાળા જીવને પણ ૨૪ પ્રકૃતિની દેશોપશમના હોય.

અથવા દર્શનમોહનીયની ક્ષપણા માટે અભ્યુત્થિત જીવ જ્યાં સુધી એના અનિવૃત્તિકરણમાં ન પ્રવેશે ત્યાં સુધી એને પણ ૨૪ પ્રકૃતિની દેશોપશમના હોય છે. કેમકે અનંતાનુબંધિ-૪ની વિસંયોજના થઈ ગઈ હોય છે.

**(૩) ૨૫** - ૨૬ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ જ્યારે સમ્યક્ત્વ ઉત્પન્ન કરતો હોય ત્યારે તેના અનિવૃત્તિકરણમાં એને ૨૫ પ્રકૃતિની દેશોપશમના થાય, કેમકે મિથ્યાત્વમોહનીયની દેશોપશમના ન થાય.

**(૪) ૨૬** - ૨૬ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ જ્યાં સુધી પ્રથમસમ્યક્ત્વોપત્તિના અનિવૃત્તિકરણમાં ન પ્રવેશે ત્યાં સુધી તેને ૨૬ પ્રકૃતિની દેશોપશમના થાય.

**(૫) ૨૭** - ૨૮ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરીને ૨૭ની સત્તાવાળો થાય ત્યારથી તેને ૨૭ પ્રકૃતિની દેશોપશમના થાય.

અથવા સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭ની સત્તાવાળો જીવ ૩જા ગુણઠાણે જાય ત્યારે તેને પણ ૨૭ પ્રકૃતિની દેશોપશમના હોય છે.

**(૬) ૨૮** - ૨૮ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ સર્વેને ૨૮ પ્રકૃતિની દેશોપશમના હોય છે.

બાકીના સ્થાનો અનિવૃત્તિકરણના પ્રથમસમય પછીના હોવાથી દેશોપશમનાને યોગ્ય નથી.

**દેશોપશમનામાં નામકર્મના પ્રકૃતિસ્થાનો**-પ્રકૃતિસ્થાનસંક્રમમાં નામકર્મના જે સ્થાનો યશકીર્તિ સાથેના છે તે નામકર્મના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો છે. તે આ પ્રમાણે છે-

૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪, ૮૨. આમાંથી ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫ આ ચાર સ્થાનો અપૂર્વકરણના ચરમ સમય સુધી હોઈ શકે છે. ૯૩, ૮૪, ૮૨ આ ત્રણ સ્થાનો સંસારસ્થ એકેન્દ્રિયાદિ જીવોને સંભવે છે, શ્રેણિ પર આરોહણ કરનારને આ ત્રણ સ્થાન ન સંભવે. નામકર્મના બાકીના પ્રકૃતિસ્થાનો અનિવૃત્તિકરણના પ્રથમ સમય પછી મળતા હોવાથી તે સ્થાનો દેશોપશમના યોગ્ય નથી.

**જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય કર્મોનું દેશોપશમના યોગ્ય ૧-૧ જ પ્રકૃતિસ્થાન છે** અને તે ક્રમશઃ ૫, ૯, ૨ અને ૫ નું છે.

**આયુષ્યકર્મમાં દેશોપશમનાના બે પ્રકૃતિસ્થાન છે** - ૨, ૧.

પરભવાયુ. બંધાઈ ગયા પછી ૨ નું પ્રકૃતિસ્થાન હોય. પરભવાયુ. ન બંધાયુ હોય ત્યાં સુધી એકનું પ્રકૃતિસ્થાન હોય.

**ગોત્રકર્મમાં પણ દેશોપશમનાના બે પ્રકૃતિસ્થાનો છે** - ૨, ૧.

૨ ની સત્તાવાળાને ૨ નું પ્રકૃતિસ્થાન હોય અને ૧ની સત્તાવાળાને ૧નું પ્રકૃતિસ્થાન હોય. (૬૯)

હવે **સ્થિતિદેશોપશમના** કહે છે -

ठिइसंकमो व्व ठिइउवसमणा नवरिं जहन्नया कज्जा ।
अभव्वसिद्धिजहन्ना उव्वलगणियट्टिगे वियरा ।।७०।।

**અક્ષરાર્થ** - સ્થિતિદેશોપશમના સ્થિતિસંક્રમ પ્રમાણે જાણવી. ફરક એટલો કે સર્વ કર્મની જઘન્ય સ્થિતિદેશોપશમના અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય જીવને થાય છે. જે કર્મોની જઘન્ય સ્થિતિસત્તા અભવ્યપ્રાયોગ્ય ન મળે તેમની જઘન્ય સ્થિતિદેશોપશમના ઉદ્‌વલના કરનારને હોય અથવા અપૂર્વકરણવર્તી જીવને હોય. (૭૦)

**વિશેષાર્થ** - સર્વે મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના જે સ્વામી પૂર્વે કહ્યા હતા તે જ અહીં ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમનાના સ્વામી જાણવા. જઘન્ય સ્થિતિ-દેશોપશમનાના સ્વામિ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય જીવો હોય છે. જે ૨૩ પ્રકૃતિઓની ઉદ્‌વલના થાય છે, (આહારક-૭, વૈક્રિય-૭, દેવ-૨, મનુ.-૨, નરક-૨, ઉચ્ચ., સમ., મિશ્ર.) તેમની જઘન્ય સ્થિતિદેશોપશમનાના સ્વામી તે તે પ્રકૃતિની ઉદ્‌વલના કરનાર, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમસ્થિતિખંડમાં વર્તમાન જીવો હોય છે. આહારક-૭, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય આ ૯ પ્રકૃતિઓની ઉદ્‌વલના કરનાર જીવ એકેન્દ્રિય હોય અથવા એકેન્દ્રિય સિવાયનો પણ હોય. શેષ ૧૪ પ્રકૃતિની ઉદ્‌વલના કરનાર જીવ એકેન્દ્રિય જ હોય છે. જિનનામ.ની જઘન્ય સ્થિતિસત્તા અભવ્યપ્રાયોગ્ય નથી મળતી, એટલે જિનનામની જઘન્ય સ્થિતિદેશોપશમનાના સ્વામી અપૂર્વકરણગુણસ્થાનકના ચરમસમયે વર્તમાન જીવો જાણવા.

જો કે અનંતાનુબંધિ-૪ અને મિથ્યાત્વમોહનીયની જઘન્યસ્થિતિસત્તા પણ પોતપોતાના અનિવૃત્તિકરણમાં ઉદ્‌વલના શરૂ કર્યા પછી પલ્યોમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમસ્થિતિખંડમાં વર્તમાન જીવને હોય છે, છતા અપૂર્વકરણ સુધી જ દેશોપશમના થતી

હોવાથી અને અનિવૃત્તિકરણથી દેશોપશમના ન થતી હોવાથી આ પાંચ પ્રકૃતિની ઉદ્‌વલના થતી હોવા છતાં તેમની જઘન્ય સ્થિતિદેશોપશમના પલ્યો.ના અસં.મા ભાગ પ્રમાણ ચરમસ્થિતિખંડમાં વર્તમાન જીવને ન હોય, પરંતુ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય જીવને જ આ પાંચ પ્રકૃતિની જઘન્ય સ્થિતિદેશોપશમના હોય. (૭૦)

હવે **અનુભાગદેશોપશમના** કહે છે -

अणुभागसंकमसमा अणुभागुवसामणा णियट्टिम्मि ।
संकमपएसतुल्ला पएसउवसामणा चेत्थ ।।७१।।

**અક્ષરાર્થ** - અનુભાગદેશોપશમના અનુભાગસંક્રમની સમાન અપૂર્વકરણ સુધી જાણવી અને પ્રદેશદેશોપશમના પ્રદેશસંક્રમની સમાન જાણવી. (૭૧)

**વિશેષાર્થ** - ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના સ્વામી ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમના સ્વામીની જેમ જાણવા. અશુભપ્રકૃતિની ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના સ્વામી મિથ્યાદૃષ્ટિ જીવો સમજવા. શુભ પ્રકૃતિની ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના સ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમયવર્તી જીવો લેવા. સાતાવેદનીય, યશઃકીર્તિ અને ઉચ્ચગોત્ર આ ત્રણ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ અપૂર્વકરણ ગુણસ્થાનકની ઉપર થાય છે, પણ આ ત્રણ પ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગદેશોપશમનાના સ્વામી અપૂર્વકરણના ચરમસમયવર્તી જીવો જ લેવા, કેમકે ત્યાર પછી દેશોપશમના સંભવતી નથી.

**કર્મપ્રકૃતિગત સંક્રમકરણની ગાથા ૪૭** માં કહ્યું છે કે 'दुविहपमाणे जेट्ठो सम्मत्ते देसघाइ दुट्ठाणे । नरतिरियाऊआयवमिस्से वि य सव्वघाइम्मि ।।' આ ગાથામાં એમ કહ્યું છે કે મનુષ્યાયુ., તિર્યંચાયુ. અને આતપ આ ત્રણ પ્રકૃતિઓના સત્તામાં ૩ ઠાણીયા રસવાળા અને ૪ ઠાણીયા રસવાળા રસસ્પર્ધકો હોવા છતા ઉત્કૃષ્ટથી પણ ૨ ઠાણીયા રસવાળા રસસ્પર્ધકોના જ ઉદ્‌વર્તના, અપવર્તના અને પરપ્રકૃતિનયનસંક્રમ થાય છે. તેમ અહીં પણ આ ત્રણ પ્રકૃતિની ઉત્કૃષ્ટ અનુભાગદેશોપશમના ૨ ઠાણીયા રસવાળા રસસ્પર્ધકોની જ જાણવી. નિધત્તિકરણ અને નિકાચનાકરણ દેશોપશમનાની તુલ્ય હોય છે. તેથી આ ત્રણ પ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગનું નિધત્તિકરણ અને નિકાચનાકરણ થાય તે પણ ૨ ઠાણીયા રસવાળા રસસ્પર્ધકોનું જ થાય. આમ હોતે છતે પ્રશ્ન થાય કે "આ ત્રણ પ્રકૃતિના ૩ ઠાણીયા રસવાળા અથવા ૪ ઠાણીયા રસવાળા રસસ્પર્ધકો કોઈ જીવે બાંધ્યા અને હજી ભવાંતરની પ્રાપ્તિ ન થઈ હોવાથી એનો ઉદય થયો નથી તો ત્યાં સુધી એ વચ્ચેના

કાળમાં તે ૩ ઠાણીયો - ૪ ઠાણીયો રસ કયા કરણથી વિશિષ્ટ થઈને રહે છે ?" આ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે - "બંધનકરણથી જેને પોતાનું સ્વરૂપ મળ્યું છે એવો ૩ ઠાણીયો ૪ ઠાણીયો રસ ઉદયકાળ સુધી એમ જ રહે. ઉદયકાળ થયા પછી ઉદય-ઉદીરણા વડે એ રસની નિર્જરા જ થાય, બીજા કોઈ કરણનો વિષય એ રસ બનતો નથી."

જઘન્ય અનુભાગ દેશોપશમનાના સ્વામી જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામીની જેમ જાણવા. ફરક એટલો કે જઘન્યઅનુભાગદેશોપશમનાના સ્વામી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય રસસત્તાવાળા એકેન્દ્રિય જીવો હોય. જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, સંજ્વલન ૪, નોકષાય ૯, અંતરાય ૫ - આ ૨૭ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગસંક્રમ પોતપોતાના અંતે કહ્યો હતો, પરંતુ અહીં જઘન્ય અનુભાગદેશોપશમના અભવ્યપ્રાયોગ્ય જઘન્યરસસત્તાવાળા એકેન્દ્રિયને જ જાણવી. શેષ કર્મોનો જઘન્ય અનુભાગસંક્રમ અભવ્યપ્રાયોગ્ય જઘન્યરસસત્તાવાળા એકેન્દ્રિયને થતો હતો, માટે અહીં જઘન્ય અનુભાગદેશોપશમના પણ એને જ જાણવી.

હવે **પ્રદેશદેશોપશમના** કહે છે -

ઉત્કૃષ્ટ પ્રદેશ દેશોપશમનાના સ્વામી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામીની જેમ જાણવા, પરંતુ તે અપૂર્વકરણના ચરમસમય સુધી જ જાણવા. જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી અપૂર્વકરણથી ઉપર મળતા હોય તેમની ઉત્કૃષ્ટ પ્રદેશદેશોપશમનાના સ્વામી અપૂર્વકરણના ચરમસમયવર્તી જીવો જાણવા.

એ જ પ્રમાણે જઘન્ય પ્રદેશદેશોપશમનાના સ્વામિ જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામિની સમાન જાણવા.

આમ કરણકૃત દેશોપશમના અધિકાર પૂર્ણ થયો. (૭૧)

# પ્રશસ્તિ

દેવાધિદેવ **શ્રી અરિહંત પરમાત્માને** ભાવભર્યા નમસ્કાર થાવ.

ચરમ તીર્થપતિ વર્તમાન તીર્થના સ્થાપક **શ્રી મહાવીર પ્રભુ**ને ભાવભર્યા નમસ્કાર થાવ.

**ગૌતમાદિ ગણધર ભગવંતો**ને ભાવથી નમસ્કાર કરીએ છીએ.

જેઓની દ્વાદશાંગીની પરંપરા વીરશાસનમાં આગળ વધી આજ સુધી પ્રાપ્ત થાય છે તેવા **શ્રી સુધર્માસ્વામી** જયવંતા વર્તો.

પ્રાભૃતમાંથી ઉદ્ધાર કરી કર્મપ્રકૃતિના રચયિતા **શ્રી શિવશર્મસૂરિ મ.** જયવંતા વર્તે છે. કસાયપાહુડના રચયિતા **શ્રી ગુણધર પ્રભુ** જયવંતા વર્તે છે.

**ચૂર્ણિકારો-ટીકાકારો** વગેરે શ્રુત સાહિત્યના રચયિતા શ્રુતધરોને ભાવપૂર્વક વંદના.

વર્તમાન યુગમાં કર્મસાહિત્યની ઉંડી અવગાહના કરનાર વર્તમાન શ્રુતના પારગામી, શ્રુતને અનુસારે ચારિત્ર્યશુદ્ધિના ધરનારા, વર્તમાન સંઘના મહાન ઉપકારી, સ્વચારિત્ર્યના બળે વિશાળ સંયમી મુનિ સમુદાયના સર્જક, કલિકાલકલ્પતરુ, વીર પ્રભુની ૭૬ મી પાટને શોભાવનાર, તપાગચ્છગગનદિનમણી, સિદ્ધાંતમહોદધિ, સ્વ. **પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજ જયવંતા વર્તે છે.

તેઓશ્રીના પટ્ટાલંકાર, સૂક્ષ્મ મેધાના સ્વામી, અનેકાંતપ્રરૂપણાવિશારદ, વિશુદ્ધચારિત્ર્યમૂર્તિ, વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ, સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. **આચાર્ય શ્રીમદ્‌વિજયભુવનભાનુસૂરિ મ.**ના ચરણપંકજે ભાવપૂર્ણ વંદના.

તેઓશ્રીના પ્રથમ શિષ્યરત્ન, પરિષહ ઉપસર્ગોના વિજેતા, રોગ પરિષહમાં પણ માસક્ષમણાદિ ઘોર તપના આરાધક, વ્યાકરણવિશારદ, વિશુદ્ધ સંયમ સાધક, ગુરુચરણપંકજભ્રમર, સ્વ. ગુરુદેવશ્રી **પંન્યાસ પ્રવર પદ્મવિજયજી ગણિવર** સુરલોકમાંથી શુભાશીષ વરસાવો.

જેની કૃપાથી આ ગ્રંથના વિવેચનમાં પાર ઉતરાયું એવા **શ્રી સરસ્વતી ભગવતી** સદા પ્રસાદ કરો.

પ્રસ્તુત ગ્રંથના પદાર્થસંગ્રહકાર, વર્તમાન ગચ્છાધિપતિ, ચારસોથી અધિક મુનિઓના અધિપતિ, ગીતાર્થશિરોમણી, તપાગચ્છાલંકાર, **આચાર્યદેવ શ્રીમદ્વિજયજયઘોષસૂરિ મહારાજ** સંઘના કુશળને કરનારા થાવ.

તાર્કિક શિરોમણી, વાત્સલ્યનીધિ, સૂક્ષ્મ પ્રજ્ઞાધારી, પ્રસ્તુત ગ્રંથના પદાર્થસંગ્રહકાર, સ્વ. **આચાર્યદેવ શ્રીમદ્વિજયધર્મજિત્સૂરિ મહારાજ** સુરલોકમાંથી અમીદૃષ્ટિ કરો.

પૂજ્યપાદ, સિદ્ધાંતમહોદધિ, પરમગુરુદેવ પ્રેમસૂરિશ્વરજી મ. પાસેથી કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોની વાચના ગ્રહણ કરી તથા તેમની જ કૃપાથી કર્મસાહિત્યવિષયક અનેક ગ્રંથોની અવગાહના કરી તેઓના જ વાત્સલ્યમય સૂચનથી તેમજ પૂજ્યપાદ, પ્રગુરુદેવ, ન્યાયવિશારદ, આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ.ના તથા પૂજ્યપાદ પંન્યાસ પ્રવર ગુરુદેવ શ્રી પદ્મવિજયજી ગણિવરના અંતરના શુભ આશીર્વાદથી ઉપરોક્ત બંને મહાપુરુષોની સાથે કરેલા પદાર્થસંગ્રહના આધારે કર્મપ્રકૃતિના આ **"ઉપશમનાકરણ વિસ્તૃત ગુજરાતી વિવેચન, ભાગ-૧"** નામના અત્યંત ગુઢરહસ્યવાળા સૂક્ષ્મમતિગ્રાહ્ય ગ્રંથને લખવા હું પંન્યાસજી પદ્મવિજયજી ગણિવરનો શિષ્ય **મુનિ હેમચંદ્રવિજય (હાલ આ. હેમચંદ્રસૂરિ)** સમર્થ થયો છું. લગભગ સં. ૨૦૧૫ કે ૨૦૧૬ ના ચાતુર્માસમાં આ વિવેચન પૂર્ણ કર્યું છે.

શ્રુતરસિક જીવો આનો આદર કરી આના અભ્યાસ દ્વારા શુક્લધ્યાનના આંશિક સ્વાદને અનુભવી અશુભ કર્મોના અનુબંધોને તોડી વિપુલ કર્મનિર્જરા કરી શુભાનુબંધોને મજબૂત કરી ક્ષપકશ્રેણી આરોહણ કરી શીઘ્ર કેવલજ્ઞાનને પામી અનંત શાશ્વત સુખના ભોક્તા બને એ જ શુભાભિલાષા.

છદ્મસ્થપણાના કારણે આ વિવેચનમાં પ્રમાદ કે અનાભોગથી કંઈ પણ અશુદ્ધિ આવી ગઈ હોય તો તે બદલ ક્ષમા યાચું છું. ગીતાર્થ પુંગવોને એની શુદ્ધિ કરવા વિનંતી કરું છું. આ વિવેચનથી જે પુણ્ય મળ્યું હોય તેમાંથી જિનશાસનની પાંચમા આરાના આ દુઃષમકાળમાં રક્ષા થાય... એમ ઈચ્છું છું.

ઉપશમનાકરણ વિસ્તૃત ગુજરાતી વિવેચન ભાગ-૧
સમાપ્ત

## પરિશિષ્ટ-૧

# ઉપશમનાકરણમાં સમ્યક્ત્વોત્પાદાદિમાં સ્થિતિબંધની વિચારણા

પ્રશ્ન - અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે નવો સ્થિતિબંધ થાય છે અને તે પૂર્વના સ્થિતિબંધથી પલ્યો.ના સંખ્યાતમા ભાગ જેટલો ન્યૂન થાય છે. એનો અર્થ શું ? અહીં બે વિકલ્પ છે - (૧) સ્થિતિબંધ સમયે સમયે થોડો થોડો ઘટતો જાય અને અંતર્મુહૂર્ત્તે કુલ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો થઈ જાય તેવું બને છે (૨) જે નવો સ્થિતિબંધ ચાલુ થાય છે તે અંતર્મુહૂર્ત્ત સુધી તેટલો ચાલુ રહે છે અને ત્યારપછી એક સાથે જ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય. આ બેમાંથી કયો વિકલ્પ લેવો ?

જવાબ - અહીં પ્રથમ વિકલ્પ અમને ઈષ્ટ નથી, કેમકે જેમ સ્થિતિઘાતમાં જે ખંડનો ઘાત કરે છે તેમાંથી અમુક અમુક સ્થિતિનો પ્રતિસમય ઘાત નથી થતો પણ આખા ખંડમાંથી પ્રતિસમય દલિકો ઓછા કરે છે અને આખાખંડનો છેલ્લા સમયે ઘાત થાય છે.તેવી રીતે અહીં પણ જે સમયે નવો સ્થિતિબંધ શરૂ કરે છે ત્યાંથી અંતર્મુહૂર્ત્ત સુધી (સ્થિતિબંધાદ્ધા) સુધી તેટલો જ સ્થિતિબંધ ચાલુ રહે છે. ત્યાર પછીના સમયે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન નવો સ્થિતિબંધ થાય છે. એમ માનવું જ વધારે ઈષ્ટ છે.

આનું બીજું કારણ એ છે કે મહાબંધમાં જઘન્ય સ્થિતિબંધનો કાળ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત્ત કહ્યો છે, ૧ સમયનો નહી. એ પરથી સૂચિત થાય છે કે જઘન્ય સ્થિતિબંધ જે સમયે થયો તે સમયથી અંતર્મુહૂર્ત્ત સુધી તેટલો જ ચાલુ રહે છે. જઘન્ય સ્થિતિબંધ પણ ઉપરના ગુણસ્થાનકે શ્રેણિમાં થાય છે. ત્યાં પણ કરણગત (વર્ધમાન) વિશુદ્ધિ છે. એટલે કરણગત વિશુદ્ધિમાં અંતર્મુહૂર્ત્ત સુધી સમાન સ્થિતિબંધ રહેવામાં કોઈ વિરોધ નથી.

વળી લબ્ધિસાર ગા. ૩૯ ની ટીકામાં પણ કહ્યું છે કે - "अध:प्रवृत्तकरणकाले प्रथमसमयादारभ्यान्तर्मुहूर्त्तपर्यन्तं प्राक्तनस्थितिबंधात्पल्यसंख्यातैकभागन्यूनां स्थितिं बध्नाति। ततः परमन्तर्मुहूर्त्तपर्यंतं पुनरपि पल्यासंख्यातैकभागन्यूनां स्थितिं बध्नाति।" આ પરથી પણ સિદ્ધ થાય છે કે અંતર્મુહૂર્ત્તપર્યંત સમાન સ્થિતિબંધ રહે અને ત્યાર પછી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય.

પ્રશ્ન- પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં જીવ વધે છે તો પછી સ્થિતિબંધ પ્રતિસમય ન્યૂન કેમ ન થાય, અંતર્મુહૂર્ત્ત સુધી એક સરખો જ સ્થિતિબંધ કેમ રહે ?

જવાબ - એક જ સ્થિતિસ્થાનના અસંખ્યલોકાકાશના પ્રદેશપ્રમાણ અધ્યવસાયો છે. તે ષટ્સ્થાનકના ક્રમપૂર્વક હોવાથી તેમાં અસંખ્યાતા અનંતગુણવિશુદ્ધિના સ્થાન આવે છે. આમ સ્થિતિબંધના પ્રથમ સમયે જે અધ્યવસાય છે ત્યાર પછી તે સ્થિતિસ્થાનના કુલ અધ્યવસાયના અસંખ્યાતમા ભાગરૂપ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો ઓળંગી ત્યારપછીનો અધ્યવસાય બીજા સમયે આવે, વળી ત્યાર પછી પાછા તે સ્થિતિસ્થાનના કુલ અધ્યવસાયના અસંખ્યાતમા ભાગરૂપ અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો ઓળંગીએ એટલે ત્રીજા સમયનો અધ્યવસાય આવે. એમ એક જ સ્થિતિસ્થાનને યોગ્ય જે અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો છે તે અસંખ્ય સમય સુધી ચાલી શકે અને તેથી જ અંતર્મુહૂર્ત્ત સુધી પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી હોવા છતા તેનો તે જ સ્થિતિબંધ ચાલુ રહે. પ્રથમસ્થિતિબંધના ચરમસમય પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનને યોગ્ય જે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે, તેટલા અધ્યવસાયો ઓળંગી ત્યારપછીનો અધ્યવસાય આવે. તેથી નવો સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થાય. પાછો ત્યારપછી પૂર્વના સ્થિતિબંધના દ્વિતીયાદિક સમયની જેમ અહીં પણ બીજા સમયે સ્થિતિબંધ તે સ્થાનના અધ્યવસાયોનો અસંખ્યાતમો ભાગ ઓળંગી પછીનો અધ્યવસાય આવે, તૃતીય સમયે પણ તેવી જ રીતે અધ્યવસાયો ઓળંગી પછીનો અધ્યવસાય આવે એમ આ સ્થિતિસ્થાનના ચરમસમય પર્યંત સમજવું.

આવી રીતે દરેક સ્થિતિબંધમાં સમજી લેવું.

પ્રશ્ન- રસઘાત દ્વારા જે રસસ્પર્ધકોના અનંતા બહુભાગનો ઘાત કરે છે અને શેષ એક અનંતમો ભાગ રાખે છે તે સર્વસ્થિતિમાં કે ઉપરના સ્થિતિઘાતના કંડકમાં ?

જવાબ - ઉક્ત લક્ષણવાળો રસઘાત ઉદયાવલિકાને છોડીને શેષ સર્વસ્થિતિઓમાં થાય છે એવું માનવું જોઈએ. કારણ કે નહીંતર જે સ્થિતિખંડનો ઘાત થાય છે એના દલિકોમાં રસઘાત થતો હોવા છતા નીચેની અઘાત્યમાન સ્થિતિઓમાં તો એવો રસઘાત ન થવાથી એ અનંતબહુભાગ રસ સત્તામાં રહેશે જ અને તો પછી આ રસઅપવર્ત્તનાને વ્યાઘાતભાવિની નહીં કહી શકાય. તથા રસઘાત થવા છતા સત્તામાં અધિકરસ રહેવાની આપત્તિ પણ આવશે.

પ્રશ્ન - જે સ્થિતિકંડકનો ઘાત થાય છે, તેના દલિકમાં રસઘાત ન માનીએ તો કોઈ વાંધો આવે ખરો ?

જવાબ - હા, વાંધો આવે. ઘાત્યમાનખંડનું દલિક નીચે આવતું હોય છે. એટલે જો

એ દલિકમાંથી રસ હણાતો ન હોય તો અન્ય અઘાત્યમાન સ્થિતિઓમાં રહેલા દલિકોમાંથી રસ હણાયો હોવા છતાં રસઘાત કે વ્યાઘાતભાવિની અપવર્તના કહી શકાશે નહીં, કેમકે ઘાત્યમાન ખંડમાંથી નીચે આવેલા દલિકોમાં અધિક રસ એવો જ અક્ષત છે.

રસઘાતનું વિશેષ સ્વરૂપ - એક રસઘાતનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે સ્થિતિઘાતના કાળથી સંખ્યાતમો ભાગ માત્ર છે. નવો રસઘાત અને સ્થિતિઘાત સાથે શરૂ થાય છે. એટલે રસખંડ ઉત્કિરણાદ્ધાના પ્રથમ સમયે ઘાત્યમાન જે સ્થિતિખંડ છે, તેમાંના દરેક સ્થિતિસ્થાનોના અમુક દલિકોમાં અનંતગુણહીન રસ કરે છે. બીજા સમયે વળી બીજા અમુક દલિકોમાં અનંતગુણહીન રસ કરે છે. એમ યાવત્ રસખંડ ઉત્કિરણાદ્ધાના દ્વિચરમ સમય સુધી. ચરમ સમયે બાકીના તે ખંડના સર્વ દલિકોમાં અનંતગુણહીન રસ કરે. એટલે રસખંડઉત્કિરણાદ્ધા પૂર્ણ થાય. આમ એક રસખંડઉત્કિરણાદ્ધા દરમિયાન ઘાત્યમાન તે સ્થિતિખંડના સર્વદલિકોનો એકવાર અનંતગુણહીન રસ થઈ જાય. ત્યાર પછી બીજા રસખંડની ઉત્કિરણાદ્ધા દરમિયાન બીજી વાર સ્થિતિખંડગત સર્વદલિકોનો બીજીવાર અનંતગુણહીન રસ થઈ જાય. એમ યાવત્ એક સ્થિતિખંડ દરમિયાન હજારો વાર તે સ્થિતિખંડના દલિકોમાં અનંતગુણહીન રસ થાય. અહીંથી ઉત્તરોત્તર રસઘાત સ્થિતિખંડના બાકી રહેલા દલિકોમાં પ્રવર્તે છે. એટલું અહીં ધ્યાનમાં રાખવાનું છે કે જે દલિકોમાં રસઘાત થઈ ગયો છે તેવા દલિકો સ્થિતિખંડમાંથી નીચે ઉતરે છે, પરંતુ જે સમયે જે દલિકોમાં રસઘાત થયો છે તેવા સર્વ દલિકો નીચે નથી ઉતરતા, કેમકે તેમ માનતા એક જ રસઘાતના કાળ દરમિયાન આખો સ્થિતિખંડ ખાલી થઈ જાય અને સ્થિતિઘાત અને રસઘાતનો કાળ સરખો થઈ જાય. પરંતુ તેમ નથી. એક સ્થિતિઘાત દરમિયાન હજારો રસઘાત થઈ જાય છે.

■ ■ ■

## પરિશિષ્ટ-૩

# ગુણશ્રેણિ વિવરણ

અપૂર્વકરણના પ્રથમસમયથી જ ઉત્તરોત્તર સમયે સ્થિતિખંડમાંથી ઉત્કીર્યમાણ દલિક અસંખ્યગુણ અસંખ્યગુણ કહ્યું છે. તે ક્રમ પ્રત્યેક સ્થિતિખંડ પૂરતો સ્વતંત્ર હોય એમ લાગે છે. એટલે કે એક સ્થિતિખંડ ઘાત કરે ત્યારે તેના પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક તે ખંડમાંથી ઉકેરે યાવત્ તે સ્થિતિખંડ ઉત્કિરણાદ્ધાના ચરમસમય સુધી. ત્યાર પછી બીજો ખંડ ઉત્કિરણ કરે ત્યારે તેના પ્રથમ સમયે પ્રથમખંડઉત્કિરણાદ્ધાના ચરમ સમયે જે દલિક ઉકેર્યું તેનાથી અસંખ્યગુણ દલિક નહી ઉકેરે, પરંતુ અસંખ્યગુણહીન ઉકેરશે. ત્યારપછી તે જ ખંડની ઉત્કિરણાદ્ધાના ચરમસમય સુધી અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક ઉકેરશે. ત્યારપછી ત્રીજા ખંડના પ્રથમ સમયે પાછું અસંખ્યગુણહીન, અને ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ યાવત્ ચરમસમય સુધી, આમ દરેક સ્થિતિઘાતમાં માનવું પડશે.

આ પ્રમાણે માનવાનું પ્રયોજન એ છે કે પ્રથમખંડ જ્યારે ઉકેરાય છે ત્યારે એના અસંખ્યાતા બહુભાગ ચરમસમયે જ ઉકેરાય છે. શેષ સમયોમાં તો અસંખ્યાતમો ભાગ માત્ર ઉકેરાય છે. હવે તેથી પણ જો અસંખ્યગુણદલિક બીજા ખંડના પ્રથમ સમયે બીજા ખંડમાંથી ઉકેરાય એમ માનીએ તો બીજા ખંડના ઉત્કિરણ વખતે તેના પ્રથમ સમયે પ્રથમખંડના કુલ દલિકથી વધુ દલિક ઉકેરાય. (લગભગ અસંખ્યગુણ જેટલુ) ત્યારપછીના સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક ઉકેરાય. ખંડઉત્કિરણાદ્ધા આવલિકાનો સંખ્યાતમો ભાગ છે. એટલે આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલી વાર પ્રથમખંડના દલિકને અસંખ્યગુણ અસંખ્યગુણ કરીએ તેટલું દલિક આખા બીજા સ્થિતિઘાતમાં ઉકેરાય. ત્યાં પ્રશ્ન થાય કે બીજા સ્થિતિખંડમાં દલિક પ્રથમસ્થિતિખંડને અસંખ્યગુણથી આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલી વાર ગુણીએ એટલું છે કે કેમ ?

$$\text{પ્રથમસ્થિતિખંડ} \times \text{અસંખ્ય} \times \frac{\text{આવલિકા}}{\text{સંખ્યાત}}$$ આટલુ દલિક જો બીજા સ્થિતિખંડમાં હોય તો પ્રથમ સ્થિતિખંડના ચરમસમયે જેટલું દલિક ઉકેરાય છે તેના કરતા બીજા સ્થિતિખંડના પ્રથમસમયે અસંખ્યગુણ દલિક ઉકેરાય છે, એમ માનવામાં વાંધો ન આવે.

હવે આપણે પ્રથમખંડ અને દ્વિતીયખંડ ગત પ્રદેશોની વિચારણા કરીએ.

નિષેકરચનામાં કુલ દ્વિગુણહાનીના સ્થાનો પલ્યોપમના વર્ગમૂળનો અસંખ્યાતમો ભાગ કહ્યો છે, જેનું વિસ્તૃત ગણિત અન્યત્ર બતાવ્યું છે.

અદ્ધા પલ્યોપમના વર્ગમૂળનો અસંખ્યાતમો ભાગ એ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલો છે.

હવે ઉત્કીર્યમાણ ખંડ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ હોઈ, કુલ સ્થિતિનો સંખ્યાતમો ભાગ છે. તેથી ૧ ખંડમાં દ્વિગુણહાનિસ્થાનો પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા આવે.

ધારો કે ઉપરના પહેલા(અગ્રભાગના) ખંડની પહેલી દ્વિગુણહાનિમાં કુલ નિષેકના દલિક=અ

બીજી દ્વિગુણહાનિમાં કુલ નિષેકના દલિક=૨અ

ત્રીજી દ્વિગુણહાનિમાં કુલ નિષેકના દલિક=૪અ

ચોથી દ્વિગુણહાનિમાં કુલ નિષેકના દલિક=૮અ

છેલ્લી (આવલિકાના અસંખ્યાતમા ભાગમી) દ્વિગુણહાનિમાં કુલ નિષેકના દલિક

$= [(૨)^{\text{દ્વિગુણહાનિના કુલસ્થાન-૧}}]$અ

અર્થાત્ પહેલી દ્વિગુણહાનિમાં કુલ દલિક જેટલા છે, તેને ૧ ન્યૂન કુલ દ્વિગુણહાનીના સ્થાન જેટલી વાર બમણા કરીએ ત્યારે છેલ્લી દ્વિગુણહાનીના કુલ પ્રદેશોની સંખ્યા આવે.

અસત્કલ્પનાથી પહેલી દ્વિગુણહાનિમાં પ્રદેશ ૧૦૦ છે અને કુલ દ્વિગુણહાનિ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ = ૪ છે. તો છેલ્લી દ્વિગુણહાનિમાં ૧૦૦ × $(૨)^{૪-૧}$ = ૮૦૦ દલિક આવે.

છેલ્લી દ્વિગુણહાનિના પ્રદેશને બમણા કરી તેમાંથી પ્રથમ દ્વિગુણહાનિના પ્રદેશ બાદ કરીએ એટલે કુલ આખા ખંડના પ્રદેશ આવે. તેથી આખા ખંડના પ્રદેશ = $[(૨)^{\text{પ્રથમખંડની દ્વિગુણહાનિના સ્થાનો}} \times \text{અ}] - \text{અ}$

અસત્કલ્પનાથી $[(૨)^{૪} \times ૧૦૦] - ૧૦૦ = ૧૫૦૦$

[૧૦૦ + ૨૦૦ + ૪૦૦ + ૮૦૦ = ૧૫૦૦]

હવે બીજા ખંડના દલિકની સંખ્યા વિચારીએ.

બીજા ખંડની પ્રથમદ્વિગુણહાનિમાં દલિક પ્રથમખંડની ચરમદ્વિગુણહાનિથી બમણું.

એટલે કે $(૨)^{\text{પ્રથમખંડની દ્વિગુણહાનિના સ્થાનો}} \times \text{અ}$

તેના કરતા બીજા ખંડની બીજી દ્વિગુણહાનિનું દલિક બમણુ=$(૨)^{\text{પ્રથમખંડની દ્વિગુણહાનિના સ્થાન}+૧} \times \text{અ}$

તેના કરતા બીજા ખંડની ત્રીજી દ્વિગુણહાનિનું દલિક બમણુ=$(૨)^{\text{પ્રથમખંડની દ્વિગુણહાનિના સ્થાન}+૨} \times \text{અ}$

યાવત્ બીજા ખંડની ચરમ દ્વિગુણહાનિનું દલિક =

$$(૨)^{\text{પ્રથમખંડની દ્વિગુણહાનિના સ્થાન}+(\text{દ્વિતીયખંડની દ્વિગુણહાનિના સ્થાન}-૧)} \times \text{અ}$$

અસત્કલ્પનાથી બીજા ખંડની પ્રથમ દ્વિગુણહાનિમાં દલિક = ૧૬૦૦

બીજા ખંડની બીજી દ્વિગુણહાનિમાં દલિક = ૩૨૦૦

બીજા ખંડની ત્રીજી દ્વિગુણહાનિમાં દલિક = ૬૪૦૦

કુલ દ્વિગુણહાનિ ચાર ગણીએ તો છેલ્લી દ્વિગુણહાનિમાં દલિક = ૧૨,૮૦૦

બીજા ખંડના કુલ પ્રદેશ = છેલ્લી દ્વિગુણહાનિના પ્રદેશોને બમણા કરી તેમાંથી બીજાખંડની પ્રથમ દ્વિગુણહાનિના પ્રદેશ ન્યૂન કરતા કુલ બીજા ખંડના પ્રદેશ આવે. જે આ પ્રમાણે છે -

$$[૨ \times (૨)^{\text{બન્નેખંડના દ્વિગુણહાનિના સ્થાનો}-૧} \times \text{અ}] - [(૨)^{\text{પ્રથમખંડના દ્વિગુણહાનિના સ્થાનો}} \times \text{અ}]$$

$$= [(૨)^{\text{બન્નેખંડના દ્વિગુણહાનિના સ્થાનો}} \times \text{અ}] - [(૨)^{\text{પ્રથમખંડના દ્વિગુણહાનિના સ્થાનો}} \times \text{અ}]$$

બીજા ખંડની પ્રથમ દ્વિગુણહાનિમાં દલિક પ્રથમખંડ પરિપૂર્ણ કરતા કંઈક અધિક (વિશેષાધિક) આવશે. કેમકે પ્રથમખંડની છેલ્લી દ્વિગુણહાનિથી બમણા છે.

બીજા ખંડની બીજી દ્વિગુણહાનિમાં દલિક = કંઈક અધિક પ્રથમ ખંડ × ૨

બીજા ખંડની ત્રીજી દ્વિગુણહાનિમાં દલિક = કંઈક અધિક પ્રથમ ખંડ × ૪

બીજા ખંડની ચરમ દ્વિગુણહાનિમાં દલિક = કંઈક અધિક પ્રથમ ખંડ × $(૨)^{\text{બીજાખંડની દ્વિગુણહાનિના સ્થાનો}-૧}$

એટલે કે કંઈક અધિક પ્રથમખંડના દલિકના પ્રમાણને બીજા ખંડમાં જેટલી દ્વિગુણહાનિ છે તેથી ૧ ન્યૂનવાર બમણું કરીએ ત્યારે બીજા ખંડની ચરમ દ્વિગુણહાનિમાં

દલનું પ્રમાણ આવે. તેને બમણું કરી બીજા ખંડની પ્રથમ દ્વિગુણહાનિનું દલ ન્યૂન કરીએ એટલે કુલ બીજા ખંડનું દલિક આવે.

તેથી બીજા ખંડનું કુલ દલિક (કંઈક અધિક પ્રથમખંડના દલિક)ને બીજાખંડની દ્વિગુણહાનિ જેટલી વાર બમણુ કરી અને તેમાંથી બીજા ખંડની પ્રથમ દ્વિગુણહાનિનું દલિક બાદ કરીએ એટલું આવે.

અહીં દ્વિગુણહાનિની સંખ્યા આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલી છે. તેથી કંઈક અધિક પ્રથમ ખંડના કુલ દલિકને આવલિકાના અસંખ્યાતમા ભાગ વાર બમણુ કરીએ તેટલું દલિક બીજા ખંડમાં આવે. (અહીં આવલિકાનો અસંખ્યાતમો ભાગ દ્વિગુણહાનિની સંખ્યાના આવલિકાના અસંખ્યાતમા ભાગ કરતા એક ન્યૂન લેવો.)

અહીં કંઈક અધિક એ બમણાથી ન્યૂન છે. તેથી પ્રથમખંડના દલિકને આવલિકાના અસંખ્યાતમા ભાગ વાર બમણું કરીએ તેથી કંઈક ન્યૂન જેટલા બીજા ખંડમાં દલિક આવે. (અહીં આવલિકાનો અસંખ્યાતમો ભાગ પૂર્વના આવલિકાના અસંખ્યાતમા ભાગ કરતા ૧ અધિક લેવો. એટલે અહીંનો આવલિકાનો અસંખ્યાતમો ભાગ દ્વિગુણહાનિની સંખ્યાના આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલો જ આવશે.)

આમ દ્વિતીયખંડના દલિક=પ્રથમખંડના દલિક× ૨ × $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્યાત}}$ થી ન્યૂન આવે.

પ્રથમ ખંડના દલિકને આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલી વાર અસંખ્યગુણ કરતા જે આવે તેટલું દલિક બીજા ખંડમાં હોય તો જ પ્રથમ ખંડના ચરમસમયે ઉત્કીર્યમાણ દલિકથી બીજા ખંડના પ્રથમ સમયે ઉત્કીર્યમાણ દલિક અસંખ્યગુણ આવે. પણ ઉપરની ગણતરીથી બીજાખંડમાં તેટલા દલિકો પ્રાપ્ત થઈ શકતા નથી. તેથી પ્રથમખંડના ચરમસમયે ઉત્કીર્યમાણ દલિકથી, બીજાખંડના પ્રથમસમયે ઉત્કીર્યમાણ દલિક અસંખ્યગુણ નહી મનાય, પરંતુ અસંખ્યગુણહીન માનવું.

પ્રથમખંડના દલિકનો મોટો ભાગ (અસંખ્યાતા બહુભાગ જેટલો) તો ચરમસમયે ઉકેરાઈ ગયો છે. તેથી જો પ્રથમખંડના ચરમસમયે જેટલા દલિક ઉકેર્યા તેથી બમણા દલિક બીજાખંડના પ્રથમ સમયે ઉકેરાય અને ત્યાર પછી પછીના સમયે પણ બમણા બમણા દલિક માત્ર ઉકેરાય તો પણ આખો ખંડ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે ક્ષય થઈ જાય, તો પછી જો પ્રથમખંડના ચરમસમયે જે દલિક ઉકેરાયા, તેથી અસંખ્યગુણ દલિક બીજા ખંડના પ્રથમ સમયે ઉકેરાય અને ઉત્તરોત્તર સમયે

અસંખ્યગુણ અસંખ્યગુણ દલિક ઉકેરાય તો એ ખંડ આવલિકાના અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યાતમા ભાગ જેટલા કાળે ઉકેરાઈ જાય. પરંતુ તેમ નથી, કેમકે અપૂર્વકરણમાં હજારો સ્થિતિઘાત કહ્યા છે, અસંખ્યાતા નહી. એ જ સૂચવે છે કે એક સ્થિતિઘાતનો કાળ આવલિકાનો સંખ્યાતમો ભાગ છે. તેથી આખો ખંડ ઉખેડતા આવલિકાના સંખ્યાતમા ભાગ જેટલો કાળ લાગે છે. તે તો જ સંભવે જો પ્રથમખંડના ચરમસમયે જે દલિક ઉકેર્યું તેના કરતા બીજા ખંડના પ્રથમ સમયે અસંખ્યગુણહીન દલિક ઉકેરાય. માટે જ અહીં પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિક ઉકેરાય છે એવું જે માનવામાં આવ્યું છે તે ક્રમ પ્રત્યેક સ્થિતિખંડ પૂરતો જ સ્વતંત્ર હોય તેવું લાગે છે. તત્ત્વ બહુશ્રુતો જાણે.

■ ■ ■

## પરિશિષ્ટ-૩

# અદ્ધાપલ્યોપમ અને ઉદ્ધારપલ્યોપમનું વિશેષ સ્વરૂપ

પ્રશ્ન - અદ્ધાપલ્યોપમના સમય કયા અસંખ્યાતે છે ?

જવાબ - ઉદ્ધાર પલ્યોપમનું પ્રમાણ સંખ્યાતા ક્રોડ વર્ષનું કહ્યું છે. બાદર ઉદ્ધાર પલ્યોપમમાં ૧ યોજનનો લાંબો, પહોળો અને ઉંડો વૃત્ત આકારનો કુવો ૧ અંગુલ વાળના ૨૦, ૯૭, ૧૧૨ ટુકડા કરી તે વાળના ટુકડાઓથી ખીચોખીચ રીતે ભરેલો છે. પ્રતિસમય તેમાંથી એક ટુકડો કાઢવામાં આવે છે. આમ કરતા કુવો ખાલી થાય છે ત્યારે બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય છે. તે જ વાળના દરેક ખંડના વળી પાછા અસંખ્ય-અસંખ્ય ટુકડા કરીને ભરેલા કુવામાંથી પ્રતિસમયે એક એક ખંડ કાઢતા કુવો ખાલી થાય ત્યારે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય. હવે તે જ કુવામાંથી પ્રતિસમયને બદલે પ્રતિશતવર્ષે એક એક ખંડ કાઢતા કુવો ખાલી થતા જે કાળ લાગે તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ આવે. આથી એ નક્કી થયું કે ઉદ્ધાર પલ્યોપમના કાળ કરતા અસંખ્યગુણો કાળ અદ્ધાપલ્યોપમમાં આવે. અહીં ગુણક રકમ અસંખ્ય એ સો વર્ષના સમય પ્રમાણ જાણવી. એટલે કે ઉદ્ધારપલ્યોપમ × ૧૦૦ વર્ષના સમય = અદ્ધા પલ્યોપમ. ઉદ્ધારપલ્યોપમનું પ્રમાણ સંખ્યાતા ક્રોડ વર્ષનું કહ્યું છે. તેથી સંખ્યાતા ક્રોડ વર્ષના સમય જેટલા થાય તેટલા ઉદ્ધારપલ્યોપમના સમય આવે. તેને ૧૦૦ વર્ષના સમયની સંખ્યારૂપ અસંખ્યાતથી ગુણતા આવે તે અદ્ધા પલ્યોપમના સમયની સંખ્યા જાણવી.

હવે સંખ્યાતા ક્રોડ વર્ષના સમય કહો કે સંખ્યાતી આવલિકાના સમય કહો તે સમાન જ છે. કેમકે સંખ્યાતા ક્રોડવર્ષની આવલિકા સંખ્યાતી જ થવાની. એટલે કે (સંખ્યાત × ૧ક્રોડ × ૧,૬૭,૭૭,૨૧૬ × ૩૦ × ૩૬૦) આટલા ગુણી થવાની.

તે આ રીતે - સંખ્યાતા ક્રોડ વર્ષના સમય = સંખ્યાતા ક્રોડ×૧ વર્ષના સમય.

= સંખ્યાતા ક્રોડ×૩૬૦ દિવસના સમય.

= સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦ મુહૂર્તના સમય.

= સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાના સમય

= સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬×૧ આવલિકાના સમય

= સંખ્યાતા ક્રોડ×જઘન્ય યુક્ત અસંખ્યાત

એટલે ઉદ્ધાર પલ્યોપલના સમય = સંખ્યાત × જઘન્ય યુક્ત અસંખ્યાત.

જઘન્યં યુક્ત અસંખ્યાત એ ચોથુ અસંખ્યાત છે.

તેનાથી ૧ અધિકથી યાવત્ ૨ ન્યૂન જઘન્ય અસંખ્યાત અસંખ્યાત સુધી મધ્યમ યુક્ત અસંખ્યાત = પાંચમુ અસંખ્યાત છે. ૧ ન્યૂન જઘન્ય અસંખ્યાત અસંખ્યાત તે ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત = છટ્ઠુ અસંખ્યાત છે.

આ છટ્ઠુ અસંખ્યાત જઘન્ય યુક્ત અસંખ્યાતનો વર્ગ કરી ૧ ન્યૂન કરતા આવે છે.

આપણી સંખ્યા તો જઘન્ય યુક્ત અસંખ્યાતથી માત્ર સંખ્યાતગુણી જ છે. તેથી ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતથી ઘણી જ ઓછી છે. અને જઘન્ય યુક્ત અસંખ્યાતથી વધારે છે. તેથી મધ્યમ યુક્ત અસંખ્યાતરૂપ પમે અસંખ્યાતે છે. અર્થાત્ ઉદ્ધાર પલ્યોપમના સમય = સંખ્યાત × ૧ આવલિકાના સમય જેટલા હોવાથી પાંચમે અસંખ્યાતે છે.

હવે અદ્ધા પલ્યોપમના સમય ઉદ્ધાર પલ્યોપમના સમયથી અસંખ્યગુણ છે.

એટલે કે ઉદ્ધાર પલ્યોપમ × અસંખ્યરૂપ છે.

અહીં સો વર્ષના સમયની સંખ્યારૂપ અસંખ્ય લેવાનું છે.

ગુણ્ય = ઉદ્ધાર પલ્યોપમના સમય

ગુણક = ૧૦૦ વર્ષના સમય

ગુણાકાર = અદ્ધાપલ્યોપમના સમય

ઉદ્ધાર પલ્યોપમના સમય = સંખ્યાતા ક્રોડ વર્ષના સમય

=સંખ્યાતા ક્રોડ×૧ વર્ષના સમય

=સંખ્યાતા ક્રોડ×૩૬૦ દિવસના સમય.

=સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦ મુહૂર્ત્તના સમય.

=સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાના સમય

=સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬×૧ આવલિકાના સમય

=સંખ્યાતા ક્રોડ×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬×જઘન્યયુક્ત અસંખ્યાત

૧૦૦ વર્ષના સમય = ૧૦૦×૧ વર્ષના સમય

= ૧૦૦×૩૬૦ દિવસના સમય

= ૧૦૦×૧૦,૮૦૦ મુહૂર્ત્તના સમય.

= ૧૦૦×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાના સમય

= ૧૦૦×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬×૧ આવલિકાના સમય

= ૧૦૦×૧૦,૮૦૦×૧,૬૭,૭૭,૨૧૬×જઘન્યયુક્ત અસંખ્યાત

ઉદ્ધાર પલ્યોપમના સમય × ૧૦૦ વર્ષના સમય = (સંખ્યાતા ક્રોડ × ૧૦,૮૦૦ × ૧,૬૭,૭૭,૨૧૬ × જઘન્યયુક્ત અસંખ્યાત) × (૧૦૦ × ૧૦,૮૦૦ × ૧,૬૭,૭૭,૨૧૬ × જઘન્ય યુક્ત અસંખ્યાત)

= સંખ્યાતા ક્રોડ × ૧૦૦ × (૧૦,૮૦૦)$^{૨}$ × (૧,૬૭,૭૭,૨૧૬)$^{૨}$ × (જઘન્યયુક્ત અસંખ્યાત)$^{૨}$

= સંખ્યાત × (જઘન્યયુક્ત અસંખ્યાત)$^{૨}$

હવે જઘન્ય યુક્ત અસંખ્યાતનો વર્ગ કરતા જઘન્ય અસંખ્યાત અસંખ્યાત આવે

છે. તેનાથી સંખ્યાતગુણ અદ્ધાપલ્યોપમના સમય હોવાથી અદ્ધાપલ્યોપમના સમય મધ્યમ અસંખ્યાત અસંખ્યાતરૂપ આઠમા અસંખ્યાતે આવે.

પ્રશ્ન - અદ્ધા પલ્યોપમના સમયની સંખ્યાનું પ્રથમ વર્ગમૂળ કેટલું ?

જવાબ - અદ્ધા પલ્યોપમના સમયની સંખ્યાનું પ્રથમ વર્ગમૂળ

$=\sqrt{\text{સંખ્યાતા ક્રોડ}\times 100\times(10{,}800)^2\times(1{,}67{,}77{,}216)^2\times(\text{જઘન્યયુક્ત અસંખ્યાત})^2}$

$=\sqrt{\text{સંખ્યાતા ક્રોડ}}\times 10\times 10{,}800\times 1{,}67{,}77{,}216\times(\text{જઘન્યયુક્ત અસંખ્યાત})$

૧ વર્ષના સમય = ૧૦,૮૦૦ × ૧,૬૭,૭૭,૨૧૬ × (જઘન્યયુક્ત અસંખ્યાત)

∴ અદ્ધા પલ્યોપમના સમયની સંખ્યાનું પ્રથમ વર્ગમૂળ $=\sqrt{\text{સંખ્યાતા ક્રોડ}}\times 10\times 1$ વર્ષના સમય

$=\sqrt{\text{સંખ્યાતા ક્રોડ}}\times 10$ વર્ષના સમય

અર્થાત્ ઉદ્ધાર પલ્યોપમના વર્ષોની સંખ્યાનું વર્ગમૂળ કરીએ તેથી ૧૦ ગુણા વર્ષના સમય પ્રમાણ અદ્ધાપલ્યોપમ (અદ્ધા પલ્યોપમમાં રહેલા સમયની સંખ્યા) ના પ્રથમ વર્ગમૂળનું પ્રમાણ જાણવું.

એટલે સંખ્યાતા વર્ષના સમય પ્રમાણ

અથવા સંખ્યાતી આવલિકાના સમય પ્રમાણ જાણવું.

નિષેકરચનામાં દ્વિગુણહાનિસ્થાનપ્રમાણનું વિશેષસ્વરૂપ -

નિષેકરચનામાં દ્વિગુણહાનિસ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યા છે.

ઉપર કહ્યા પ્રમાણે પલ્યોપમના સમયની રાશિનું વર્ગમૂળ સંખ્યાતાવલિકાના સમયની રાશિપ્રમાણ થતું હોવાથી દ્વિગુણહાનિસ્થાનો સંખ્યાત આવલિકાનો અસંખ્યાતમો ભાગ જેટલા થાય. એટલે કે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા થાય.

દ્વિગુણહાનિસ્થાનો $=\dfrac{\sqrt{\text{પલ્યોપમ}}}{\text{અસંખ્ય}}=\dfrac{\text{સંખ્યાતાવલિકા}}{\text{અસંખ્ય}}=\dfrac{\text{આવલિકા}}{\text{અસંખ્યાત}}$

■ ■ ■

પરિશિષ્ટ-૪

# અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ નાનો કે મોટો ?

પ્રશ્ન - સૂચિશ્રેણિમાં અંગુલ વધારે કે એક સૂચિઅંગુલમાં પ્રદેશ વધારે ?

જવાબ- ૧ સૂચિઅંગુલમાં જેટલા પ્રદેશ તેટલા જ એક પ્રતરાંગુલમાં સૂચિ અંગુલ આવે.

૧ ઘનાંગુલમાં સૂચિઅંગુલના પ્રદેશ જેટલા પ્રતરાંગુલ આવે.

ધારો કે અંગુલના પ્રદેશ = अ

તેથી પ્રતરાંગુલના પ્રદેશ = $अ^2$

પ્રતરાંગુલના સૂચિઅંગુલ = अ
ઘનાંગુલના પ્રદેશ = $अ^3$
ઘનાંગુલના સૂચિઅંગુલ = $अ^2$
ઘનાંગુલના પ્રતરાંગુલ = अ

ઘનાંગુલમાં સૂચિઅંગુલ $अ^2$ પ્રમાણ છે. એટલે કે એક અંગુલના પ્રદેશની સંખ્યા કરતા ઘનાંગુલમાં સૂચિઅંગુલની સંખ્યા અસંખ્યાતગુણી છે અથવા તેના વર્ગ જેટલી છે.

હવે જ્યારે ૧ ઘનાંગુલમાં સૂચિઅંગુલ એક અંગુલના પ્રદેશથી અસંખ્યાતગુણ છે, તો પછી સંખ્યાત ઘનાંગુલરૂપ એક ક્ષેત્ર પલ્યોપમમાં સૂચિઅંગુલની સંખ્યા એક અંગુલના પ્રદેશ કરતા અસંખ્યાતગુણી સુતરાં હોઈ શકે. ક્ષેત્રપલ્યોપમથી અસંખ્યાતગુણ સૂચિશ્રેણિ હોવાથી સૂચિશ્રેણિમાં અંગુલની સંખ્યા પણ એક અંગુલના પ્રદેશથી અસંખ્યાતગુણ હોય.

ઘનાંગુલમાં સૂચિઅંગુલ = $अ^2$
ક્ષેત્રપલ્યોપમમાં સૂચિઅંગુલ = સંખ્યાત × $अ^2$
જગતશ્રેણિમાં સૂચિઅંગુલ = અસંખ્યાત × સંખ્યાત × $अ^2$
(જગતશ્રેણિ ક્ષેત્રપલ્યોપમથી અસંખ્યગુણી છે.)

અંગુલના પ્રદેશ अ માત્ર છે.

જગતશ્રેણિમાં અંગુલ = અસંખ્યાત × સંખ્યાત × अ × अ જેટલા છે.

તેથી જગતશ્રેણિમાં અંગુલની સંખ્યા અંગુલના પ્રદેશની સંખ્યા કરતા અસંખ્યાત અંગુલના પ્રદેશની સંખ્યા જેટલી થાય તેટલા ગુણી છે.

અલ્પબહુત્વ - અંગુલના પ્રદેશ = થોડા = अ
પ્રતરાંગુલના સૂચિઅંગુલ = તુલ્ય = अ
પ્રતરાંગુલના પ્રદેશ = અસંખ્યાતગુણ = $अ^2$
ઘનાંગુલના સૂચિઅંગુલ = તુલ્ય = $अ^2$
ક્ષેત્રપલ્યોપમના સૂચિઅંગુલ = સંખ્યાતગુણ = સંખ્યાત × $अ^2$
જગતશ્રેણિના સૂચિઅંગુલ=અસંખ્યાતગુણ=અસંખ્યાત×સંખ્યાત×$अ^2$

તેથી અંગુલના પ્રદેશ થોડા, જગતશ્રેણિમાં સૂચિઅંગુલ અસંખ્યાતગુણ.

(અહીં અસંખ્યાત એટલે અસંખ્યાતગુણ સૂચિઅંગુલના પ્રદેશની સંખ્યારૂપ અસંખ્ય લેવું.)

(એટલે અંગુલના પ્રદેશ જગતશ્રેણિના સૂચિઅંગુલના અસંખ્યાતમા ભાગે છે. ૧ જગતશ્રેણિમાં ૭ રાજ હોય છે. તેથી અંગુલના પ્રદેશ ૧ રાજના સૂચિઅંગુલના અસંખ્યાતમા ભાગે છે.)

પ્રશ્ન - એક અંગુલના અર્ધચ્છેદ કેટલા ?

જવાબ - અર્ધચ્છેદ એટલે અડધા અડધા સ્થાનો.

જેમકે, ૧૬ના અર્ધચ્છેદ ૪ થાય, કેમકે ૧૬નુંપહેલુ અડધાનું સ્થાન ૮
બીજુ અડધાનું સ્થાન ૪
ત્રીજુ અડધાનું સ્થાન ૨
ચોથુ અડધાનું સ્થાન ૧

૨૯ આંકડાની મનુષ્યની સંખ્યાના અર્ધચ્છેદ ૯૬ થાય છે.

૭ાા રાજ અને ૧ાા લાખ યોજનનો સ્વયંભૂરમણસમુદ્ર બે બાજુનો છે.

તેનો પ્રથમ અર્ધચ્છેદ સ્વંયભૂરમણસમુદ્ર (ચરમ)નું પ્રમાણ એકબાજુનું જેટલું થાય તેટલો.
તેનો બીજો અર્ધચ્છેદ તેની આગળના દ્વીપ (દ્વિચરમ)નું પ્રમાણ એકબાજુનું જેટલું થાય તેટલો.
તેનો ત્રીજો અર્ધચ્છેદ તેની આગળના સમુદ્ર (ત્રિચરમ)નું પ્રમાણ એકબાજુનું જેટલું થાય તેટલો.

એમ યાવત્ (દ્વીપસમુદ્રની સંખ્યા-૧) મો અર્ધચ્છેદ=લવણસમુદ્રનું પ્રમાણ એકબાજુનું = ૨ લાખ યોજન.

(દ્વીપસમુદ્રની સંખ્યા)મો અર્ધચ્છેદ ૧ લાખ યોજન પ્રમાણ થાય.

એટલે કે ૦ાા રાજ અને ૧ાા લાખ યોજનને ૨ાા ઉદ્ધાર સાગરોપમ વાર અડધા અડધા ભાગ કરીએ ત્યારે ૧ લાખ યોજન આવે. અર્થાત્ ૦ાા રાજ અને ૧ાા લાખ યોજનથી ૧ લાખ યોજન સુધી જવા માટે ૨ાા ઉદ્ધાર સાગરોપમ જેટલા અર્ધચ્છેદ આવે.

હવે ૧ અંગુલ સુધી પહોંચવું હોય તો તેનાથી સંખ્યાતા અર્ધચ્છેદ વધારે આવે. કેમકે લાખ યોજનના સંખ્યાતા અંગુલ થાય છે અને તેથી તેને સંખ્યાતવાર અર્ધ અર્ધ કરતા ૧ અંગુલ સુધી પહોંચી જવાય.

આ ઉપરથી આપણો આખો પદાર્થ એ નક્કી થાય છે કે ૦ાા રાજ અને ૧ાા લાખ યોજનના ૧ અંગુલ સુધીમાં સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમ જેટલા અર્ધચ્છેદ આવે.

અને ૧ રાજ અને ૩ લાખ યોજનના અર્ધચ્છેદ ૧ વધારે આવે.

એટલે કે ૧ રાજથી ૧ અંગુલ સુધી પહોંચતા સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમ જેટલા અર્ધચ્છેદ આવે. અર્થાત્ ૧ રાજના અડધા અડધા સ્થાનો કરતા સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમ જેટલા સ્થાન જઈએ એટલે ૧ અંગુલ આવે.

આપણે તો પ્રસ્તૂતમાં એક અંગુલના અર્ધચ્છેદ કાઢવા છે. અંગુલમાં પ્રદેશની સંખ્યા ૧ રાજમાં અંગૂલની સંખ્યાનો અસંખ્યાતમો ભાગ માત્ર છે. એ પૂર્વે સિદ્ધ કર્યું છે. તેથી ૧ રાજથી ૧ અંગુલ સુધી જવામાં જેટલા અર્ધચ્છેદ આવે તેના કરતા ૧ અંગુલથી ૧ પ્રદેશ સુધી જવામાં અર્ધચ્છેદ ઓછા જ આવે. ૧ અંગુલથી ૧ પ્રદેશ સુધી જતા જેટલા અર્ધચ્છેદ આવે છે, તેટલા અંગુલના અર્ધચ્છેદ છે. માટે અંગુલના અર્ધચ્છેદ પણ સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમથી ઓછા જ આવશે.

પ્રશ્ન - ૧ રાજમાં અંગુલની સંખ્યા કરતા અંગુલના પ્રદેશની સંખ્યા તો માત્ર અસંખ્યાતમો ભાગ જ છે. તો પછી ૧ રાજથી ૧ અંગુલ સુધી આવતા જેટલા અર્ધચ્છેદ થાય તેના કરતા અંગુલથી ૧ પ્રદેશ સુધી આવતા અસંખ્યાતમા ભાગે અર્ધચ્છેદ ન કહેતા ઓછા થાય એમ જ કેમ કહ્યું ?

જવાબ - કોઈ એક રકમથી બીજી રકમ અસંખ્યાતગુણ હોય તો તેટલા માત્રથી તેના અર્ધચ્છેદ અસંખ્યગુણ જ આવે, એવો નિયમ નથી. જેમકે અંગુલના વર્ગમૂળથી અંગુલ અસંખ્યાતગુણ હોવા છતા અંગુલના વર્ગમૂળના અર્ધચ્છેદ કરતા અંગુલમાં અર્ધચ્છેદ બમણા જ આવવાના. તેથી અહીં આપણે અંગુલના અર્ધચ્છેદ સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમથી ઓછા હોય તેવો નિર્ણય કર્યો છે. (પરંતુ અસંખ્યાતમા ભાગે જ હોય તેવો નિશ્ચય નથી કરી શકતા.)

ટૂંકમાં અંગુલના અર્ધચ્છેદ = સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમના સમયથી ઓછા આવવાના.

૨ાા ઉદ્ધાર સાગરોપમના સમય કહો કે સંખ્યાતાવલિકાના સમય કહો, એ એક જ વસ્તુ છે. તેથી સંખ્યાતાધિક ૨ાા ઉદ્ધાર સાગરોપમના સમયપ્રમાણ અર્ધચ્છેદને બદલે સંખ્યાતાવલિકાના સમય પ્રમાણ અર્ધચ્છેદ કહીએ તે સરખું જ છે.

એટલે કે ૧ અંગુલના અર્ધચ્છેદ સંખ્યાતાવલિકાના સમયથી ન્યૂન છે, અથવા તો અસંખ્યાતાવલિકાત્મક અદ્ધાપલ્યોપમ હોવાથી અદ્ધા પલ્યોપમના પણ અસંખ્યાતમા ભાગે છે.

તેથી અંગુલના વર્ગમૂળના અર્ધચ્છેદ પણ સંખ્યાતાવલિકાના સમયથી અડધા થાય. તેનો અસંખ્યાંતમો ભાગ લઈએ એટલે આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આવે.

એટલે નક્કી થાય કે અંગુલના વર્ગમૂળના અર્ધચ્છેદનો અસંખ્યાતમો ભાગ આવલિકાના અસંખ્યાતમા ભાગથી ન્યૂન છે.

પ્રશ્ન - આટલી સૂક્ષ્મ વિચારણા કરવાનું પ્રયોજન શું છે ?

જવાબ - ૭ કર્મના સ્થિતિસ્થાનોમાં પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાને વિશેષાધિક અધ્યવસાયો કહ્યા છે. આ રીતે વિશેષાધિક થતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જઈએ એટલે બમણા અધ્યવસાય થાય. આવા દ્વિગુણવૃદ્ધિના સ્થાનો અંગુલના પ્રથમવર્ગમૂળના કુલ અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગ જેટલા કર્મપ્રકૃતિ સ્થિતિબંધાધિકારમાં કહ્યાં છે. એટલે સહજ રીતે શંકા ઉભી થાય કે ૭૦ કોડાકોડી સ્થિતિસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો આટલા બધા શી રીતે ઘટી શકે ? કેમકે અંગુલના અસંખ્યાતમા ભાગના પ્રદેશ જ એટલા બધા છે કે તેને ખાલી કરતા અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી થાય. તો પછી ૭૦ કોડાકોડી સ્થિતિસ્થાનોમાં તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ભાગતા દ્વિગુણવૃદ્ધિસ્થાનો આવે તે આટલા બધા શી રીતે થાય ?

ઉપરોક્ત અંગુલના અર્ધચ્છેદની ગણતરી કરવાથી આ શંકાનું નિવારણ થઈ જાય છે. કેમકે અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદની સંખ્યા સંખ્યાતાવલિકાથી વધારે નથી આવવાની. તેથી તે અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગરૂપ સંખ્યા આવલિકાના અસંખ્યાતમા ભાગથી વધુ ન આવે. ૭૦ કોડાકોડી સ્થિતિસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્યાત}}$ સુતરાં ઘટી શકે છે.

બીજી એક શંકાનું પણ આ રીતે ગણતરી કરતા નિવારણ થાય છે. એ આ પ્રમાણે-

જઘન્યસ્થિતિસ્થાનના કારણભૂત જે કષાયોદયસ્થાન છે તે પલ્યોપમ/અસંખ્યાત જેટલા સ્થિતિસ્થાન ગયા પછી બમણા થાય છે. એમ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી જાણવું. અહીં દ્વિગુણવૃદ્ધિસ્થાનો અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

જઘન્યસ્થિતિસ્થાનમાં કષાયોદયસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેની પછીના સ્થિતિસ્થાનમાં કષાયોદયસ્થાનો વિશેષાધિક છે. યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં પણ કષાયોદયસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા છે. તે સૌથી વધારે છે.

વળી પાછા પ્રત્યેક કષાયોદયસ્થાનમાં તેના કારણભૂત રસબંધના અધ્યવસાયો અસંખ્ય લોકાકાશ જેટલા છે. તે પણ જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય કષાયોદયસ્થાનથી ઉત્તરોત્તર કષાયોદયસ્થાનમાં વિશેષાધિક છે. એમ યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાન સુધી.

આમાં વળી પાછા જઘન્ય સ્થિતિસ્થાનના સર્વ કષાયોદયસ્થાનના રસબંધયોગ્ય અધ્યવસાયોથી તેની પછીના સ્થિતિસ્થાનમાં વિશેષાધિક અધ્યવસાયો છે એમ ઉત્તરોત્તર વિશેષાધિક કરતા પલ્યો.ના અસંખ્યાતમા ભાગ પછીના સ્થિતિસ્થાનના કુલ રસબંધના અધ્યવસાયો બમણા થાય છે. આમાં પણ દ્વિગુણવૃદ્ધિસ્થાનો કુલ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યાં છે.

હવે પ્રશ્ન એ થાય છે કે સ્થિતિસ્થાનના કારણભૂત કષાયોદયસ્થાન જ્યારે પલ્યો./અસંખ્ય જતા ડબલ થાય અને રસબંધના અધ્યવસાયો પણ પલ્યો./અસંખ્ય જતા બમણા થાય, તો તે બેમાં પલ્યો./અસંખ્ય પ્રમાણનું કયુ અંતર મોટું ? કેમકે સ્થિતિસ્થાનોની સંખ્યા સરખી જ છે. પહેલામાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમે ભાગે છે, બીજામાં આવલિકાના અસંખ્યાતમે ભાગે છે.

જો આવલિકાનો અસંખ્યાતમો ભાગ અંગુલના પ્રથમ વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગથી નાનો ગણીએ તો દ્વિતીય સ્થાન ગત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એટલે કે રસબંધના અધ્યવસાયોની ગણતરીમાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો વચ્ચેનું અંતર મોટું થાય અને પ્રથમસ્થાનગત પલ્યોપમનો અસંખ્યાનમો ભાગ એટલે કે સ્થિતિસ્થાનના હેતુભૂત કષાયોદયસ્થાનોની ગણતરીમાં બે દ્વિગુણવૃદ્ધિસ્થાનો વચ્ચેનું અંતર જે પલ્યો./અસંખ્ય ભાગ પ્રમાણ છે તે નાનું થાય. કેમકે સ્થિતિસ્થાનની સંખ્યા બંનેમાં સમાન છે. અને સ્થિતિસ્થાનોની સંખ્યાને દ્વિગુણવૃદ્ધિસ્થાનની સંખ્યાથી ભાગતા બે સ્થાન વચ્ચેનું આંતરું આવે.

સમાન સંખ્યાને બે જુદી જુદી રકમથી ભાગતા નાની રકમથી ભાગતા આવતો જવાબ (ભાગાકાર) મોટો આવે અને મોટી રકમથી ભાગતા આવતો જવાબ નાનો આવે. તેથી પ્રસ્તુતમાં સ્થિતિસ્થાનોની સંખ્યાને પ્રથમ સ્થાનમાં અંગુલના વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગરૂપ સંખ્યાથી અને બીજા સ્થાનમાં આવલિકાના અસંખ્યાતમા ભાગરૂપ સંખ્યાથી ભાગવાની છે. હવે જો આવલિકાનો અસંખ્યાતમો ભાગ અંગુલના વર્ગમૂળના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગથી નાનો ગણીએ તો દ્વિતીયસ્થાન ભાગાકાર (જવાબ) રૂપ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટો આવે. તેથી કષાયોદયસ્થાનોની ગણતરીમાં બે દ્વિગુણવૃદ્ધિસ્થાન વચ્ચે રહેલ સ્થિતિસ્થાનોની સંખ્યા કરતા રસબંધયોગ્ય અધ્યવસાયોની ગણતરીમાં બે દ્વિગુણવૃદ્ધિ સ્થાન વચ્ચે રહેલા સ્થાનોની સંખ્યા મોટી આવે. અર્થાત્ જઘન્ય સ્થિતિસ્થાનથી જે પલ્યો./અસંખ્ય ભાગ પછીના સ્થિતિસ્થાને બમણા કષાયોદયસ્થાન આવે તેના કરતા (અધિક સંખ્યાવાળા) મોટા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પછીના સ્થિતિસ્થાને બમણા રસબંધના અધ્યવસાયો આવે. પણ આ શક્ય કેવી રીતે બને ? કેમકે એક જ સ્થિતિસ્થાનના કારણભૂત કષાયોદયસ્થાનોના પ્રત્યેક કષાયોદયસ્થાનમાં અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયો છે. તે પણ ઉત્તરોત્તર વિશેષાધિક છે. તો પછી જ્યારે પલ્યો./અસંખ્ય જેટલા સ્થિતિસ્થાનો પછીના સ્થિતિસ્થાનમાં બમણા કષાયોદયસ્થાન થાય ત્યારે તે જ કષાયોદયસ્થાનના પેટાભાગરૂપ રસબંધના અધ્યવસાય તો સુતરાં બમણાં થઈ જાય (બલ્કે કંઈક અધિક થાય) તેથી રસબંધને યોગ્ય અધ્યવસાયસ્થાનોની ગણતરીમાં બે દ્વિગુણવૃદ્ધિસ્થાન વચ્ચેનું અંતર કષાયોદયસ્થાનની ગણતરીમાં બે દ્વિગુણવૃદ્ધિસ્થાન વચ્ચેના અંતર કરતા મોટું ન આવી શકે.

માટે, $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્યાત}}$ મા ભાગરૂપ ભાજકથી અંગુલના પ્રથમવર્ગમૂળનો અર્ધચ્છેદનો અસંખ્યાતમો ભાગ વધુ ન હોઈ શકે એમ આ વાત પરથી પણ નક્કી થઈ શકે છે. અને આ રીતે આપણી આવેલી શંકાનું નિવારણ થઈ જાય છે.

■ ■ ■

## પરિશિષ્ટ-૫

# સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ વિષે કેટલીક વિશેષ વિચારણા

સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ છે એમ કેટલેક સ્થળે કહ્યું

છે. જો કે અનુયોગ દ્વાર મૂળ તથા ચૂર્ણિમાં ઉદ્ધાર પલ્યોપમ સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ કે અસંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ છે તે વિષે કોઈ ઉલ્લેખ નથી. પરંતુ મલધારી હેમચંદ્રસૂરિજી કૃત ટીકામાં તથા તેના આધારે અન્ય ગ્રંથોમાં જેવા કે સંગ્રહણી ટીકા, ક્ષેત્રસમાસ ટીકા વગેરેમાં ઉદ્ધાર પલ્યોપમના સંખ્યાતા ક્રોડ વર્ષ કહ્યાં છે.

વળી તત્ત્વાર્થ વૃત્તિમાં ઉદ્ધાર પલ્યોપમના અસંખ્યાતા ક્રોડ વર્ષ કહ્યાં છે.

હવે આ બન્ને કથનનો યુક્તિપૂર્વક નીચે પ્રમાણે વિચાર કરીએ છીએ.

પંચસંગ્રહ દ્વાર બીજામાં તથા પન્નવણાસૂત્રમાં કહ્યું છે કે અનુત્તરવાસી દેવોનું પ્રમાણ ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. વર્તમાનકાળે જેટલા દેવતાઓ અનુત્તરમાં છે તેમાં તેત્રીસ સાગરોપમથી પૂર્વે આવેલા એક પણ નથી, કેમકે તેમનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ હોવાથી તેત્રીસ સાગરોપમ પૂર્વે આવેલા દેવતાઓ ત્યાંથી ચ્યવી ગયા હોય છે. તેથી વર્તમાનમાં આ ચાલુ સમયની પૂર્વના ૩૩ સાગરોપમ કાળમાં જેટલા દેવતા ઉપજી શકે તેટલી સંખ્યા અનુત્તરવાસી દેવની હોય. તેથી વધુ ન હોઈ શકે. તેવી જ રીતે ક્યારે પણ ૩૩ સાગરોપમના કાળમાં જેટલા દેવો નવા ત્યાં ઉપજી શકે તેથી વધારે સંખ્યા અનુત્તર દેવોની ન હોય.

હવે ૩૩ સાગરોપમમાં કેટલા દેવો અનુત્તરમાં ઉપજી શકે તે વિચારીએ.

અનુત્તર દેવો પર્યાપ્તા ગર્ભજ સંખ્યાતાયુ.વાળા મનુષ્યમાંથી જ ઉપજે છે. અન્ય ગતિમાંથી જીવો અનુત્તરમાં જઈ શકતા નથી. પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની સંખ્યા પણ સંખ્યાતાની જ હોય છે. ઉત્કૃષ્ટથી પણ ૨૯ આંકડાની હોય છે. તેમનું જઘન્ય આયુષ્ય પણ સંખ્યાતાવલિકાનું છે. તેથી તેમાંથી ૧પ્રતિઆવલિકાએ સરેરાશ મૃત્યુનું પ્રમાણ સંખ્યાતાથી વધુ ન આવે.

પ્રશ્ન - પ્રતિસમયે સંખ્યાતા મનુષ્યનું મૃત્યુ ભલે થાય. પરંતુ એક આવલિકામાં અસંખ્યસમય હોવાથી એક આવલિકામાં અસંખ્ય મનુષ્યનું મૃત્યુ કેમ ન થાય ?

જવાબ - મનુષ્યનું જઘન્યાયુષ્ય પણ ૨૫૬ આવલિકાનું છે. જેથી કોઈપણ મનુષ્યને જન્મ પછી જઘન્યથી ૨૫૬ આવલિકા સુધી મૃત્યુ થતું નથી. તેથી કોઈપણ વિવક્ષિત એક આવલિકામાં અસંખ્ય મનુષ્યના મૃત્યુ તો જ સંભવી શકે, જો ૨૫૬ આવલિકાના આયુષ્યવાળા અસંખ્ય મનુષ્ય હોય તો. પરંતુ એમ સંભવતું નથી.

૧. અથવા સંખ્યાતાવલિકાએ સંખ્યાતાનું મૃત્યુ પ્રમાણ આવે.

જગતમાં ક્યારેય ગર્ભજ મનુષ્ય અસંખ્યાતા હોતા નથી. માટે એક આવલિકામાં સંખ્યાતા મનુષ્યથી વધુ મનુષ્ય મૃત્યુ પામે નહીં.

અનુત્તરવાસી દેવો મનુષ્યમાંથી જ ઉત્પન્ન થતા હોવાથી એક આવલિકામાં સંખ્યાતથી વધુ અનુત્તરવાસી દેવો ન ઉપજે. તેથી ૩૩ સાગરોપમના કાળમાં ૩૩ સાગરોપમની કુલ આવલિકાના પ્રમાણથી સંખ્યાતગુણથી વધુ અનુત્તરવાસી દેવો ન ઉપજે. તેથી અનુત્તરવાસી દેવોની કુલ સંખ્યા ક્યારેય ૩૩ સાગરોપમની આવલિકાથી સંખ્યાતગુણથી વધુ ન હોય.

આયુષ્યનું માપ અદ્ધાપલ્યોપમથી ગણાય છે. તેથી અહીં ૩૩ અદ્ધા સાગરોપમની કુલ આવલિકાથી સંખ્યાતગુણથી વધુ અનુત્તરવાસી દેવો ન હોય. અસંખ્ય સમયની આવલિકા હોવાથી ૩૩ અદ્ધા સાગરોપમની કુલ આવલિકા તેના સમયના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે. તેથી અનુત્તરવાસી દેવની સંખ્યા $= \dfrac{\text{૩૩ અદ્ધા સાગરોપમના સમય} \times \text{સંખ્યાત}}{\text{આવલિકાના સમય}}$

$$= \frac{\text{૩૩૦ અદ્ધા પલ્યોપમના સમય} \times \text{સંખ્યાત}}{\text{આવલિકાના સમય}}$$

$$= \frac{\text{અદ્ધા પલ્યોપમના સમય}}{\text{આવલિકાના સમય}}$$

અનુત્તરવાસી દેવોની સંખ્યા ગ્રંથોમાં ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગની કહી છે. પરંતુ અહીં ભાગાકારનું અસંખ્યાત એવું મોટું લેવું કે જેથી તે અદ્ધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ આવે.

જો કે આ વિચારણા અનુત્તરવાસી દેવોની કરી છે, પણ તે નવમા દેવલોકથી ઉપર સર્વ દેવલોકમાં લાગુ પડે છે. કેમકે તિર્યંચો આઠમા દેવલોકથી ઉપર જતા નથી. તેથી નવમો દેવલોક તથા તેની ઉપરના દેવલોકોમાં મનુષ્યો જ ઉપજે છે. તેથી ઉપરની ગણતરી નવમો દેવલોક અને તેની ઉપરના સર્વ દેવલોકોને લાગુ પડે છે. માટે નવમા દેવલોકમાં કે તેની ઉપરના કોઈપણ દેવલોકમાં, અથવા તો નવમા દેવલોકથી માંડી ઉપરના સર્વ દેવોની સંખ્યા ભેગી કરીએ તો પણ અદ્ધા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ આવે.

આટલી પ્રાસંગિક વિચારણા કરી હવે પ્રસ્તુતમાં આગળ વધીએ.

પંચસંગ્રહ દ્વાર બીજુ તથા પન્નવણાસૂત્રના અલ્પબહુત્વમહાદંડકમાં બાદર પર્યાપ્તા તેઉકાયથી અસંખ્યગુણા અનુત્તરવાસી દેવ કહ્યાં છે.

''बादरतेउकाइया पज्जत्तया - असंखेज्जगुणा (મનુષ્ય સ્ત્રીઓથી) ३। अणुत्तरोववाइया देवा असंखेज्जगुणा ४।'' - પન્નવણા અલ્પબહુત્વમહાદંડક.

તથા બાદર તેઉકાય આવલિકાના વર્ગને કંઈક ન્યૂનાવલિકાથી ગુણતા જે આવે તેટલા છે.

''आवलियवग्गो अन्तरावलीय गुणीओ हु बायरा तेउ।'' - પંચસંગ્રહ દ્વાર બીજું, ગા. ૧૧.

''आवलिकावर्गोऽन्तरावलिकया गुणितो हु बादरस्तेजः।'' - પંચસંગ્રહ સ્વોપજ્ઞ ટીકા.

''आवलिका असंख्येयसमयात्मिकाप्यसत्कल्पनया दशसमयात्मिका कल्प्यते । ततस्तस्या दशसमयात्मिकाया आवलिकाया आवलिकावर्गः, स च किल कल्पनया शतसमयप्रमाणः, ततः आवलिकावर्ग ऊनावलिकया कतिपयसमयन्यूनया आवलिकया कतिपयसमयन्यूनैरावलिकासमयैरष्टभिरित्यर्थः, गुण्यते, गुणने च सति यावन्तो वर्गा भवन्ति तेषु च वर्गेषु यावन्तः समयास्तावत्प्रमाणा बादरपर्याप्ततेजस्कायिकाः ।'' - પંચસંગ્રહ મલય. ટીકા.

આ પરથી તેઉકાયનું પ્રમાણ આવલિકા ઘનથી કંઈક ન્યૂન જેટલું આવે અર્થાત્ આવલિકાના સમયની સંખ્યાનું ઘન કરીએ તેથી કંઈક ન્યૂન પ્રમાણ આવે. તેનાથી અસંખ્યગુણ અનુત્તરવાસી દેવો હોવાથી અનુત્તરવાસી દેવોનું પ્રમાણ આવલિકાના ઘનથી અસંખ્યગુણ આવે.

પરંતુ પૂર્વે આપણે નક્કી કર્યુ છે કે અનુત્તરવાસી દેવોનું પ્રમાણ અદ્ધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જેટલું છે. તેથી અદ્ધાપલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય અસંખ્ય ઘનાવલિકાના સમય જેટલા આવે.

હવે જો ઉદ્ધાર પલ્યોપમ સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ માનીએ તો અદ્ધા પલ્યોપમમાં તેથી ૧૦૦ વર્ષના સમય જેટલા ગુણ્ય સમયો છે. તેથી

અદ્ધા પલ્યોપમ = સંખ્યાતા ક્રોડ વર્ષના સમય×૧૦૦ વર્ષના સમય

= સંખ્યાતાવલિકા×૧ આવલિકાના સમય×સંખ્યાતાવલિકા×૧ આવલિકાના સમય

= (સંખ્યાતાવલિકાના સમય)$^{૨}$

= સંખ્યાત (આવલિકા)$^{૨}$

આમ ઉદ્ધાર પલ્યોપમને સંખ્યાતાક્રોડ વર્ષ માનીએ તો અદ્ધા પલ્યોપમ સંખ્યાતાવલિકાના વર્ગ જેટલો આવે. પરંતુ અનુત્તર દેવોની સંખ્યા અદ્ધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ હોવા છતાં અસંખ્ય ઘનાવલિકા જેટલી છે.

અદ્ધા પલ્યોપમ આવલિકાના વર્ગથી સંખ્યાતગુણ હોય તો પછી તેના અસંખ્યાતમા ભાગરૂપ અનુત્તરવાસી દેવો આવલિકાના ઘનથી અસંખ્યગુણા શી રીતે આવી શકે ? અહીં ઉદ્ધાર પલ્યોપમને અસંખ્યાતા ક્રોડ વર્ષ માનીએ તો ઉપરોક્ત વિસંવાદ ઉભો નહી થાય. ઉદ્ધાર પલ્યોપમને અસંખ્ય ક્રોડ વર્ષ માનીએ ત્યાં અસંખ્ય = આવલિકાના સમયથી અસંખ્યગુણ માનવું પડશે.

બીજું એ કે ઉદ્ધાર પલ્યોપમને સંખ્યાતા ક્રોડ વર્ષ માનીએ એટલે અદ્ધા પલ્યોપમ પણ આવલિકાના વર્ગથી સંખ્યાતગુણ માનવો પડે. તેથી અદ્ધા પલ્યોપમનું વર્ગમૂળ સંખ્યાતાવલિકા પ્રમાણ આવે અને તેનો અસંખ્યાતમો ભાગ લઈએ તો આવલિકાનો અસંખ્યાતમો ભાગ આવે. કર્મપ્રકૃતિના સ્થિતિબંધના અધિકારમાં નિષેકરચનાના દ્વિગુણહાનિસ્થાનો પલ્યોપમના પ્રથમવર્ગમૂળના અસંખ્યાતમા ભાગરૂપ કહ્યાં છે. તેથી ત્યાં દ્વિગુણહાનિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા માનવા પડે. તે પણ ત્યાં સંગત થતું નથી, કેમકે અબાધાસ્થાનોથી અસંખ્યગુણ નિષેકરચનામાં દ્વિગુણહાનિસ્થાનો કહ્યા છે. અબાધાસ્થાનો અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭ હજાર વર્ષના સમય જેટલા છે. તેનાથી અસંખ્યગુણ આવલિકાનો અસંખ્યાતમો ભાગ ન હોઈ શકે. પરંતુ અસંખ્યાતા વર્ષ જ હોઈ શકે. અહીં પણ ઉદ્ધાર પલ્યોપમ અસંખ્યાતા વર્ષ પ્રમાણ માનીએ તો ઉપરોક્ત આપત્તિ નથી આવતી.

માટે ઉદ્ધાર પલ્યોપમના અસંખ્યક્રોડવર્ષ માનવા યુક્તિસંગત લાગે છે.

# પરિશિષ્ટ-૬

## યંત્ર નં. ૧ - ગ્રંથની ઉત્પત્તિ



# યંત્ર નં. ૨
## ગ્રંથવિષય



# યંત્ર નં. ૩
# પૂર્વભૂમિકા તથા યથાપ્રવૃત્તકરણ

| પૂર્વભૂમિકા (અંતર્મુહૂર્ત) | | | યથાપ્રવૃત્તકરણ (અંતર્મુહૂર્ત) |
|---|---|---|---|
| ૧. પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ૯. કષાય | ૧૭. અનુભાગોદય | ૧. પૂર્વભૂમિકાની માફક અહીં પણ ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમાભાગ ન્યૂન સ્થિતિબંધ થાય છે. |
| ૨. મિથ્યાદૃષ્ટિ | ૧૦. મૂળપ્રકૃતિબંધ | ૧૮. પ્રદેશોદય | ૨. પ્રત્યેક સમયના વિવિધ જીવોની અપેક્ષાએ અસંખ્યલોકાકાશ જેટલા અધ્યવસાય હોય છે. |
| ૩. લબ્ધિત્રયયુક્ત | ૧૧. ઉત્તરપ્રકૃતિબંધ | ૧૯. પ્રકૃતિસત્તા | ૩. અધ્યવસાયોની અનુકૃષ્ટિ તથા તીવ્રતા-મંદતા |
| ૪. વિશુદ્ધિ | ૧૨. સ્થિતિબંધ | ૨૦. સ્થિતિસત્તા | ૪. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ ન થાય. |
| ૫. યોગ | ૧૩. રસબંધ | ૨૧. અનુભાગસત્તા | ૫. આ કરણનો કાળ અપૂર્વકરણથી સંખ્યાતગુણ છે. |
| ૬. વેદ | ૧૪. પ્રદેશબંધ | ૨૨. પ્રદેશસત્તા | |
| ૭. ઉપયોગ | ૧૫. પ્રકૃતિ ઉદય | | |
| ૮. લેશ્યા | ૧૬. સ્થિતિ ઉદય | | |

# યંત્ર નં. ૪
# અપૂર્વકરણથી શરુ થતો ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ




પ્રથમ સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ ब
બીજા સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ'ब

અપૂર્વકરણના પ્રથમ સમયથી
૧. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, અપૂવસ્થિતિબંધનો પ્રારંભ.
૨. પ્રતિસમયના અસંખ્ય લોકાકાશ જેટલા અધ્યવસાયો અને બધા અપૂર્વ અધ્યવસાયો.
૩. અપૂર્વકરણનો કાળ અનિવૃત્તિકરણથી સંખ્યાતગુણ.

# યંત્ર નં. ૫

## અપૂર્વકરણથી શરૂ થતો અનુદયવતી પ્રકૃતિઓનો ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ




પ્રથમ સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ ब

બીજા સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ'ब

# યંત્ર નં. ૬
## સ્થિતિઘાત



સ્થિતિઘાતાદ્ધાના પ્રથમ સમયે
← ઉદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી યાવત્ અતીત્થાપના આવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અથવા ત્યાર પછી સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વત્ર દલનિક્ષેપ.
ઘાત્યમાન સ્થિતિખંડ. જ૦ થી પલ્યો૦/સં૦ ઉ૦ થી સેંકડો સાગરોપમ.
સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમયે
← ઉદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી યાવત્ અતીત્થાપના આવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અથવા ત્યાર પછી સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વત્ર દલનિક્ષેપ.
ઘાત્યમાન સ્થિતિખંડ
સ્થિતિઘાતાદ્ધાના ચરમ સમયે
← ઉદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી ઘાત્યમાન સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દલનિક્ષેપ થાય.
ખંડપ્રમાણ સ્થિતિ ન્યૂન થાય.

## યંત્ર નં. ૭
## નિર્વ્યાઘાતભાવી અપવર્ત્તનામાં નિક્ષેપ તથા અતીત્થાપના



# યંત્ર નં. ૮ - અંતરકરણક્રિયા

←— અનિવૃત્તિકરણ —→

અંતરકરણક્રિયાપ્રારંભ ↓

| | | | | |
|---|---|---|---|---|
| અપૂર્વકરણ | સંખ્યાતા બહુભાગ. એક સાથે રહેલા જીવને સમાનાધ્યવસાય. | સંખ્યાતમો ભાગ. પ્રથમ સ્થિતિ. | અંતરકરણ (અંતર્મુહૂર્ત્ત) (જેમાંથી મિથ્યાત્વના દલિક ઉખેડી પ્રથમ-દ્વિતીયસ્થિતિમાં નાંખે છે.) | દ્વિતીયસ્થિતિ (અંતઃ કોડાકોડી સાગરોપમ) |

↑ અંતરકરણક્રિયાકાળના પ્રથમસમયે

| | | | | |
|---|---|---|---|---|
| અપૂર્વકરણ | | પ્રથમ સ્થિતિ | અંતરકરણ (અંતર્મુહૂર્ત્ત) (જેમાંથી મિથ્યાત્વના દલિક ઉખેડી પ્રથમ-દ્વિતીયસ્થિતિમાં નાંખે છે.) | દ્વિતીયસ્થિતિ |

↑ અંતરકરણક્રિયાકાળના દ્વિચરમસમયે

| | | | | |
|---|---|---|---|---|
| અપૂર્વકરણ | | પ્રથમ સ્થિતિ | અંતરકરણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ સર્વથા મિથ્યાત્વના દલિક વગરની થાય છે. | દ્વિતીયસ્થિતિ |

↑ અંતરકરણક્રિયાકાળના ચરમસમયે

## યંત્ર નં. ૯
## અંતરકરણક્રિયા પછી અનિવૃત્તિકરણમાં થતી ક્રિયાઓ




अ = બે આવલિકા શેષે આગાલનો વિચ્છેદ તથા મિથ્યાત્વની ગુણશ્રેણિનો વિચ્છેદ.

ब = આવલિકા શેષે ઉદીરણાવિચ્છેદ તથા મિથ્યાત્વના સ્થિતિઘાત-રસઘાત અટકે.

क = ચરમસમયે મિથ્યાત્વનો ઉદયવિચ્છેદ તથા બંધવિચ્છેદ.

# યંત્ર નં. ૧૦
## ઉપશાંતાદ્ધા (સમ્યક્ત્વકાળ) માં થતી ક્રિયાઓ




૧ = બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વના દલિકને ત્રિધા કરે છે તથા મિથ્યાત્વના ગુણસંક્રમનો પ્રારંભ તથા બીજી સ્થિતિના મિથ્યાત્વના દલિકોની અસંખ્યગુણાકારે ઉપશમનાનો પ્રારંભ.

૨ = મિશ્રમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ (કર્મપ્રકૃતિના મતે)

૩ = મિથ્યાત્વનો ગુણસંક્રમ તથા શેષકર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અટકી જાય.

*કષાયપ્રાભૃતચૂર્ણિના મતે ઉપશાંતાદ્ધાથી સંખ્યાતગુણ અંતર હોય છે.

# યંત્ર નં. ૧૧
## પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્તિ




૧ - અંતરકરણક્રિયાકાળ.
૨ - મિથ્યાત્વનો ગુણસંક્રમકાળ.
૩ - મિથ્યાત્વની પ્રથમસ્થિતિ.
૪ - અપૂર્વકરણના પ્રથમસમયે ગુણશ્રેણિનિક્ષેપ.
૫ - બે આવલિકા શેષે આગાલવિચ્છેદ તથા મિથ્યાત્વનો ગુણશ્રેણિવિચ્છેદ.
૬ - આવલિકા શેષે મિથ્યાત્વના સ્થિતિઘાત-રસઘાત અટકે તથા મિથ્યાત્વનો ઉદીરણાવિચ્છેદ.
૭ - અનિવૃત્તિકરણનો ચરમસમય, મિથ્યાત્વનો બંધોદયવિચ્છેદ.
૮ - ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ, ત્રિપુંજીકરણ, મિથ્યાત્વના ગુણસંક્રમનો પ્રારંભ.
૯ - આવલિકા બાદ મિશ્રના ગુણસંક્રમનો પ્રારંભ.
૧૦ - ગુણસંક્રમ અટકી જાય. શેષકર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ પણ અટકી જાય.
૧૧ - અંતરકરણની સમયાધિક આવલિકા શેષે દ્વિતીયસ્થિતિમાંથી દર્શન-૩ના દલિક લઈ ચરમાવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે.
૧૨ - દર્શન-૩ માંથી અન્યતરનો ઉદય.

# યંત્ર નં. ૧૨

## ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત યથાપ્રવૃત્તકરણ

| | | |
|---|---|---|
| | યથાપ્રવૃત્તકરણ<br>સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ ન થાય.<br>પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધ. | |

## યંત્ર નં. ૧૩ - ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત અપૂર્વકરણ




क = અપૂર્વકરણ શરુ. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, અપૂર્વસ્થિતિબંધ શરુ.

कख = ઉદયાવલિકા (પ્રથમસમયે), पफ = ઉદયાવલિકા (બીજાસમયે)

कढ = ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (પ્રથમ સમયે).

खढ = અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (પ્રથમ સમયે).

पढ = ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (બીજા સમયે).

फढ = અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (બીજા સમયે).

कग = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ.

ग = નિદ્રા-૨નો બંધવિચ્છેદ.

कझ = અપૂર્વકરણના સંખ્યાતા બહુ ભાગ.

झ = દેવ-૨ વગેરે ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ.

झट = અપૂર્વકરણનો છેલ્લો સંખ્યાતમો ભાગ.

ट = અપૂર્વકરણનો ચરમ સમય, હાસ્ય-૪નો બંધવિચ્છેદ, હાસ્ય-૬નો ઉદયવિચ્છેદ.

ढ = ગુણશ્રેણિશીર્ષ.

# યંત્ર નં. ૧૪
## ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત અનિવૃત્તિકરણ




क = અનિવૃત્તિકરણ શરૂ. દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ નષ્ટ થાય.
कख = અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ.
ख = અસંજ્ઞિપંચેન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ.
ग = ચઉરિન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ.
घ = તેઈન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ.
च = બેઈન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ.
छ = એકેન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ.
खग, गघ, घच, चछ = હજારો સ્થિતિઘાત.
छज = હજારો સ્થિતિઘાત
ज = અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા શરૂ.
झ = દાનાંતરાય, મનઃપર્યવ૦નો દેશઘાતિ રસ બંધાય.
ट = અવધિ૦૨, લાભાંતરાયનો દેશઘાતિ રસ બંધાય.
ठ = શ્રુતજ્ઞાના૦, ભોગા૦, અચક્ષુ૦નો દેશઘાતિ રસ બંધાય.
ड = ચક્ષુદર્શનાવરણનો દેશઘાતિ રસ બંધાય.
ढ = મતિજ્ઞાનાવરણ, ઉપભોગા૦નો દેશઘાતિ રસ બંધાય.
त = વીર્યાંતરાયનો દેશઘાતિ રસ બંધાય.
जझ, झट, टठ, ठड, डढ, ढत = હજારો સ્થિતિઘાત.
तथ = હજારો સ્થિતિઘાત.
थ = અંતરકરણક્રિયા પ્રારંભ.
द = અંતરકરણક્રિયા સમાપ્ત.
दध = અનુદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિ (૧ આવ૦).
दन = ઉદયમાન વેદની પ્રથમસ્થિતિ.
दप = ઉદયમાન કષાયની પ્રથમસ્થિતિ.

# યંત્ર નં. ૧૫
# નપુંસકવેદોપશમના




अक =અંતરકરણક્રિયાકાળ

क = (૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ,
(૨) સં. લોભનો અસંક્રમ,
(૩) મોહનીયનો એકસ્થાનિક રસબંધ અને રસોદય,
(૪) મોહનીયની સંખ્યાતવર્ષની ઉદીરણા,
(૫) મોહનીયનો સંખ્યાતવર્ષનો સ્થિતિબંધ,
(૬) બધ્યમાન દલિકોની છ આવ૦ બાદ ઉદીરણા,
(૭) નપુંસકવેદ ઉપશમના, આ ૭નો પ્રારંભ

कख = નપું૦વેદની પ્રથમસ્થિતિ. (૧આવ૦)

ग = નપુંસકવેદોપશમનાનો દ્વિચરમસમય.

क થી ग સુધી - ઉપશમ્યમાન દલિક કરતા સંક્રમતુ દલિક અસંખ્યગુણ.

घ = નપું૦વેદોપશમનાનો ચરમસમય. સંક્રમતા દલિક કરતા ઉપશમ્યમાન દલિક અસંખ્ય ગુણ.

च = નપું૦વેદ સર્વથા ઉપશાંત.

ख छ = અંતરકરણ.

कघ = નપુંસકવેદોપશમના કાળ.

# યંત્ર નં. ૧૬
# સ્ત્રીવેદોપશમના




अप = અંતરકરણક્રિયાકાળ

पक = નપુંસકવેદોપશમના કાળ

क = સ્ત્રીવેદોપશમના પ્રારંભ

कख = સ્ત્રીવેદોપશમના કાળનો સંખ્યાતમો ભાગ.

ख = જ્ઞાના૦, દર્શના૦, અંતરાયના સંખ્યાતાવર્ષના સ્થિતિબંધનો પ્રારંભ, કેવળ-૨ સિવાય ઘાતિ-૩ની ઉત્તરપ્રકૃતિઓના ૧ સ્થાનિક રસબંધનો પ્રારંભ.

ग = સ્ત્રીવેદ સર્વથા ઉપશાંત

कग = સ્ત્રીવેદોપશમના કાળ.

# યંત્ર નં. ૧૭
## ૭ નોકષાયોપશમના




अ प = અંતરકરણક્રિયાકાળ.
प फ = નપુંસકવેદોપશમના કાળ.
फ क = સ્ત્રીવેદોપશમનાકાળ
क = ૭ નોકષાય ઉપશમના પ્રારંભ.
प घ = પુરુષવેદની પ્રથમસ્થિતિ.
क ख = ૭ નોકષાય ઉપશમના કાળનો સંખ્યાતમો ભાગ.
ख = નામગોત્રનો સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ.
ख ग = ૧ સ્થિતિબંધકાળ.
ग = વેદનીયનો સંખ્યાતાવર્ષનો સ્થિતિબંધ.
घ = હાસ્ય ૬ સર્વથા ઉપશાંત.
घ च = સમયોન બે આવલિકા.
च = પુરુષવેદ સર્વથા ઉપશાંત.

# યંત્ર નં. ૧૮
## ક્રોધ ૩ ઉપશમના




क = પુરુષવેદનો બંધોદયવિચ્છેદ, ક્રોધ-૩ ઉપશમના પ્રારંભ.
कज = ક્રોધ-૩ ઉપશમનાકાળ.
कख = સમયોન બે આવલિકા.
ख = પુરુષવેદ સર્વથા ઉપશાંત.
ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે સં.ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થાય.
घ = પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષે આગાલવિચ્છેદ થાય.
च = પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષે સં.ક્રોધના બંધોદયોદીરણાનો વિચ્છેદ, અપ્રત્યા૦પ્રત્યા૦ક્રોધ સર્વથા ઉપશાંત.
च छ = પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી માનમાં સંક્રમાવે.
चज = સમયોન બે આવલિકા
ज = સં.ક્રોધ સર્વથા ઉપશાંત.

# યંત્ર નં. ૧૯
## માન ૩ ઉપશમના




क = સં.ક્રોધનો બંધોદયોદીરણાવિચ્છેદ, સં.માનની પ્રથમસ્થિતિ કરે, માન-૩ ઉપશમના પ્રારંભ.
कख = સમયોન બે આવલિકા.
ख = સં.ક્રોધ સર્વથા ઉપશાંત
चज = સમયોન બે આવ૦
ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવ૦ શેષે સં.માનની પતદ્ગ્રહતા નષ્ટ.
घ = પ્રથમસ્થિતિની ૨ આવ૦ શેષે આગાલપ્રત્યાગાલવિચ્છેદ.
च = પ્રથમસ્થિતિની ૧ આવ૦ શેષે સં.માનનો બંધોદયોદીરણા વિચ્છેદ, પ્રત્યા૦ અપ્રત્યા૦ માન સર્વથા ઉપશાંત.
च छ = પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી સં. માયામાં સંક્રમાવે.
ज = સં.માન સર્વથા ઉપશાંત.
क छ = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સં.માનની પ્રથમસ્થિતિ.

# યંત્ર નં. ૨૦
## માયા ૩ ઉપશમના




क = સં.માનના બંધોદયોદીરણાવિચ્છેદ, સં.માયાની પ્રથમસ્થિતિ કરે, માયા-૩ ઉપશમના પ્રારંભ.
कख = સમયોન બે આવલિકા.
ख = સં.માન સર્વથા ઉપશાંત
ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવ૦ શેષે સં.માયાની પતદ્ગ્રહતા નષ્ટ.
घ = પ્રથમસ્થિતિની ૨ આવ૦ શેષે આગાલ-પ્રત્યાગાલવિચ્છેદ.
च = પ્રથમસ્થિતિની ૧ આવ૦ શેષે સં.માયાનો બંધોદયોદીરણાવિચ્છેદ, અપ્રત્યા૦ પ્રત્યા૦ માયા સર્વથા ઉપશાંત.
चज = સમયોન બે આવલિકા
चछ = પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી સં. લોભમાં સંક્રમાવે.
ज = સં.માયા સર્વથા ઉપશાંત.
क छ = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સં.માયાની પ્રથમસ્થિતિ.

# યંત્ર નં. ૨૧
## લોભ ૩ ઉપશમના




क = સં.માયાના બંધોદયોદીરણાવિચ્છેદ, સં.લોભની પ્રથમસ્થિતિ કરે, લોભ-૩ ઉપશમના પ્રારંભ.
कख = સમયોન બે આવલિકા.
ख = સં.માયા સર્વથા ઉપશાંત
कग = અશ્વકર્ણકરણાદ્ધા
गछ = કિટ્ટિકરણાદ્ધા
घ = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવ૦ શેષે સં.લોભની પતદ્ગ્રહતા નષ્ટ.
च = પ્રથમસ્થિતિની ૨ આવ૦ શેષે આગાલ-પ્રત્યાગાલવિચ્છેદ.
छ = પ્રથમસ્થિતિની ૧ આવ૦ શેષે સં.લોભનો બંધવિચ્છેદ, બાદરલોભના ઉદયોદીરણાવિચ્છેદ, પ્રત્યા૦ અપ્રત્યા૦ લોભ સર્વથા ઉપશાંત.
छज = પ્રથમસ્થિતિની ચરમાવલિકા કિટ્ટિઓમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે.
छझ = સમયોન ૨ આવલિકા.
झ = બાદર લોભ સર્વથા ઉપશાંત.
कज = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સં.લોભની પ્રથમસ્થિતિ.

# યંત્ર નં. ૨૨
## સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક (કિટ્ટિવેદનાદ્ધા)




क = સં.લોભ બંધવિચ્છેદ, બાદર લોભ ઉદયોદીરણાવિચ્છેદ, કિટ્ટિગત દલિક ખેંચી પ્રથમસ્થિતિ કરે, કિટ્ટિઓની ઉપશમનાનો પ્રારંભ.
कख = સમયોન બે આવલિકા.
ख = બાદર લોભ સર્વથા ઉપશાંત
कग = સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકનો કાળ (કિટ્ટિવેદનાદ્ધા).
ग = કિટ્ટિગત દલિક સર્વથા ઉપશાંત. મોહનીયકર્મ સર્વથા ઉપશાંત.

# યંત્ર નં. ૨૩
## ઉપશાંતમોહ ગુણસ્થાનક




कछ = ઉપશાંતમોહ ગુણસ્થાનકનો કાળ.
कग = પ્રથમસમયે શેષકર્મોની અવસ્થિત ગુણશ્રેણિનો નિક્ષેપ.
ग = ઉત્કૃષ્ટ પ્રદેશોદય, પ્રથમસમયની ગુણશ્રેણિનું શીર્ષ.
खघ = બીજા સમયે શેષકર્મોની અવસ્થિત ગુણશ્રેણિનો નિક્ષેપ.
घ = બીજા સમયની ગુણશ્રેણિનું શીર્ષ.
च = ભવક્ષયથી પ્રતિપાત.
छ = કાળક્ષયથી પ્રતિપાત.

# યંત્ર નં. ૨૪
## અવરોહકને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક




क = લોભ-૩ અનુપશાંત થાય, કિટ્ટિઓ ખેંચી પ્રથમસ્થિતિ કરે, ૬ આવ૦ બાદ ઉદીરણાના નિયમનો અભાવ, આનુપૂર્વી સંક્રમના નિયમનો અભાવ.
कग = ઉદયાવલિકા (પ્રથમસમયે)
कछ = પ્રથમ સમયે સં.લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.
खघ = ઉદયાવલિકા (બીજા સમયે)
खज = બીજા સમયે સં.લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.
छ = પ્રથમસમયે ગુણશ્રેણિનું શીર્ષ.
ज = બીજાસમયે ગુણશ્રેણિનું શીર્ષ.
गछ = પ્રથમસમયે અપ્રત્યા૦પ્રત્યા૦ લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજાસમયે અપ્રત્યા૦પ્રત્યા૦ લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૪ (ચાલુ)
## અવરોહકને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક




कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા
गझ = પ્રથમસમયે શેષકર્મોનો ગુણશ્રેણિ નિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
घझ = બીજાસમયે શેષકર્મોનો ગુણશ્રેણિ નિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
झ = ગુણશ્રેણિ શીર્ષ (સર્વ સમયોમાં)
कझ = પ્રથમ સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
खझ = બીજા સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૫
# અવરોહકને અનિવૃત્તિગુણસ્થાનકે સં.લોભ વેદકાદ્ધા




क = અનિવૃત્તિકરણનો પ્રથમસમય, બાદરલોભની પ્રથમસ્થિતિ કરી ભોગવે, સં.લોભ બંધ શરુ, અપ્રત્યા૦ પ્રત્યા૦ લોભ સંક્રમ પ્રારંભ.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા.
ग = સર્વકિટ્ટિનાશ.
खघ = બીજા સમયે ઉદયાવલિકા.
कज = પ્રથમસમયે ગુણશ્રેણિનિક્ષેપ (સં.લોભનો)
खझ = બીજાસમયે ગુણશ્રેણિનિક્ષેપ (સં.લોભનો)
कच = બાદર લોભવેદકાદ્ધાનો ૧લો ભાગ.
चछ = બાદર લોભવેદકાદ્ધાનો ૨જો ભાગ.
ज = પ્રથમસમયે ગુણશ્રેણિશીર્ષ.
झ = બીજાસમયે ગુણશ્રેણિશીર્ષ.
कछ = સં. લોભવેદકાદ્ધા.
गज = પ્રથમ સમયે અપ્રત્યા૦ પ્રત્યા૦ લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.
घझ = બીજા સમયે અપ્રત્યા૦ પ્રત્યા૦ લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૫ (ચાલુ)
## અવરોહકને અનિવૃત્તિગુણસ્થાનકે સં.લોભ વેદકાદ્ધા




कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા
गज = પ્રથમસમયે શેષકર્મોનો ગુણશ્રેણિનિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
घज = બીજાસમયે શેષકર્મોનો ગુણશ્રેણિ નિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
ज = ગુણશ્રેણિશીર્ષ
कज = પ્રથમ સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
खज = બીજા સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૬
# અવરોહકને સં. માયાવેદકાદ્ધા




अक = સં. લોભવેદકાદ્ધા
क = ત્રણ માયા અનુપશાંત થાય, સં.માયાની પ્રથમસ્થિતિ કરે, અને ભોગવે, સં.માયાનો બંધ શરુ, અનાનુપૂર્વીસંક્રમ શરુ.
कच = સં. માયાવેદકાદ્ધા
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कछ = પ્રથમસમયે સં.માયાનો ગુણશ્રેણિનિક્ષેપ
खज = બીજાસમયે સં.માયાનો ગુણશ્રેણિનિક્ષેપ
गछ = પ્રથમસમયે લોભ ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ માયાનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજાસમયે લોભ ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ માયાનો ગુણશ્રેણિનિક્ષેપ.
छ = પ્રથમસમયે ગુણશ્રેણિશીર્ષ.
ज = બીજાસમયે ગુણશ્રેણિશીર્ષ.

# યંત્ર નં. ૨૬ (ચાલુ)
## અવરોહકને સં. માયાવેદકાદ્ધા




कख = પ્રથમસમયે ઉદયાવલિકા
पग = બીજાસમયે ઉદયાવલિકા
खज = પ્રથમસમયે શેષકર્મોનો ગુણશ્રેણિનિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
गज = બીજાસમયે શેષકર્મોનો ગુણશ્રેણિ નિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
ज = ગુણશ્રેણિશીર્ષ
कज = પ્રથમ સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
पज = બીજા સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૭
## અવરોહકને સં. માનવેદકાદ્ધા




क = માન ૩ અનુપશાંત થાય, સં.માનની પ્રથમસ્થિતિ કરે, અને ભોગવે, સં.માન બંધ શરુ.
कच = સં. માનવેદકાદ્ધા
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
छ = પ્રથમસમયે ગુણશ્રેણિશીર્ષ
ज = બીજાસમયે ગુણશ્રેણિશીર્ષ.
कछ = પ્રથમસમયે સં.માનનો ગુણશ્રેણિનિક્ષેપ
खज = બીજાસમયે સં.માનનો ગુણશ્રેણિનિક્ષેપ
गछ = પ્રથમસમયે લોભ ૩, માયા ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ માનનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજાસમયે લોભ ૩, માયા ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ માનનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૭ (ચાલુ)
## અવરોહકને સં. માનવેદકાદ્ધા.




कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા
गझ = પ્રથમસમયે શેષકર્મોનો ગુણશ્રેણિનિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
घझ = બીજાસમયે શેષકર્મોનો ગુણશ્રેણિ નિક્ષેપ. (અનુદયવતી પ્રકૃતિઓનો)
झ = ગુણશ્રેણિશીર્ષ
कझ = પ્રથમ સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
खझ = બીજા સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

# યંત્ર નં. ૨૮
# અવરોહકને સં. ક્રોધવેદકાદ્ધા




क = ક્રોધ ૩ ઉપશમના નષ્ટ, સં. ક્રોધની પ્રથમસ્થિતિ કરી ભોગવે, સં.ક્રોધનો બંધ શરુ.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कज = પ્રથમસમયે સં.ક્રોધનો અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
खज = બીજાસમયે સં.ક્રોધનો અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
गज = પ્રથમસમયે લોભ ૩, માયા ૩, માન ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ ક્રોધનો, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજાસમયે લોભ ૩, માયા ૩, માન ૩, અપ્રત્યા૦ પ્રત્યા૦ ક્રોધનો, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ज = ગુણશ્રેણિશીર્ષ.

# યંત્ર નં. ૨૯
## અવરોહકને ૭ નોકષાય ઉપશમનાનાશ




क = પુરુષવેદ અને હાસ્ય-૬ની ઉપશમના નષ્ટ થાય, પુરુષવેદની પ્રથમસ્થિતિ કરી ભોગવે, પુરુષવેદનો બંધ શરુ.
कच = પુરુષવેદવેદકાદ્ધા.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कज = પ્રથમસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
खज = બીજાસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
गछ = પ્રથમસમયે ૧૧ કષાય, ૬ નોકષાય, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજાસમયે ૧૧ કષાય, ૬ નોકષાય, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ज = ગુણશ્રેણિશીર્ષ.

## યંત્ર નં. ૩૦
## અવરોહકને સ્ત્રીવેદોપશમનાનાશ




क = સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થાય.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कज = પ્રથમસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
खज = બીજાસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
गज = પ્રથમ સમયે ૧૧ કષાય, ૬ નોકષાય, સ્ત્રી૦, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજા સમયે ૧૧ કષાય, ૬ નોકષાય, સ્ત્રી૦, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ज = ગુણશ્રેણિશીર્ષ.

# યંત્ર નં. ૩૧
## અવરોહકને નપુંસકવેદોપશમનાનાશ




प = ક્રોધ ૩ ઉપશમના નષ્ટ થાય.
फ = પુરુષવેદ, હાસ્ય ૬ ઉપશમના નષ્ટ થાય.
ब = સ્ત્રીવેદોપશમના નષ્ટ થાય.
बभ = સંખ્યાતા બહુભાગ.
भक = સંખ્યાતમો ભાગ.
भ = જ્ઞાના૦ ૪, દર્શના૦ ૩, અંતરાય ૫ નો ૨ ઠાણીયો રસબંધ શરુ.
क = નપુંસકવેદોપશમના નષ્ટ થાય.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कथ = પ્રથમસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
खथ = બીજાસમયે સં.ક્રોધ, પુ૦વેદ અને શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
गथ = પ્રથમ સમયે ૧૧ કષાય, ૮ નોકષાય, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घथ = બીજા સમયે ૧૧ કષાય, ૮ નોકષાય, શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

ढ = અંતરકરણક્રિયા સમાપ્તિકાળ (આરોહકનો)
कच = સંખ્યાતા બહુભાગ.
चढ = સંખ્યાતમો ભાગ.
च = મોહનીયનો બે ઠાણીયો રસબંધ-રસોદય શરુ, અસંખ્ય વર્ષનો સ્થિતિબંધ શરુ.
छ = વીર્યાંતરાયનો સર્વઘાતિ રસબંધ શરુ.
ज = મતિજ્ઞાનાવરણ અને ઉપભોગાંતરાયનો સર્વઘાતિ રસબંધ શરુ.
झ = ચક્ષુદર્શનાવરણનો સર્વઘાતિ રસબંધ શરુ.
ट = શ્રુતજ્ઞાના૦, અચક્ષુ૦, ભોગાં૦નો સર્વઘાતિ રસબંધ શરુ.
ठ = અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ, લાભાંતરાયનો સર્વઘાતિ રસબંધ શરુ.
ड = મનઃપર્યવજ્ઞાનાવરણ, દાનાંતરાયનો સર્વઘાતિ રસબંધ શરુ.
द = અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાનો વ્યવચ્છેદ.
ण = અનિવૃત્તિકરણ સમાપ્ત, નામકર્મ વગેરેનો અંતઃક્રોડ વર્ષ પ્રમાણ બંધ.
चछ = હજારો સ્થિતિબંધનો કાળ.
छज = હજારો સ્થિતિબંધનો કાળ.
जझ = સ્થિતિબંધ પૃથક્ત્વનો કાળ.
झट = સ્થિતિબંધ પૃથક્ત્વનો કાળ.
टठ = હજારો સ્થિતિબંધનો કાળ.
ठड = હજારો સ્થિતિબંધનો કાળ.
थ = ગુણશ્રેણિશીર્ષ

# યંત્ર નં. ૩૨
# અવરોહકને અપૂર્વકરણ




कज = અપૂર્વકરણ
क = દેશોપશમના, નિધત્તિ, નિકાચના નષ્ટ થાય, હાસ્ય ૪નો બંધ શરુ, હાસ્ય ૬નો ઉદય શરુ.
कग = પ્રથમસમયે ઉદયાવલિકા.
खघ = બીજાસમયે ઉદયાવલિકા.
कझ = પ્રથમસમયે ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ
खझ = બીજાસમયે ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ
गझ = પ્રથમસમયે અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ
घझ = બીજાસમયે અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ
झ = ગુણશ્રેણિશીર્ષ
कच = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ
चछ = અપૂર્વકરણના સંખ્યાતા બહુભાગ
छज = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ
च = દેવ-૨ વગેરે ૩૦ પ્રકૃતિઓનો બંધ શરુ.
छ = નિદ્રા-૨નો બંધ શરુ.
ज = અપૂર્વકરણ સમાપ્ત, ૭ કર્મની ગલિતાવશેષ ગુણશ્રેણિ સમાપ્ત.

## યંત્ર નં. ૩૩
## અવરોહકને યથાપ્રવૃત્તકરણ




क = ગુણસંક્રમ, ગુણશ્રેણિ ન થાય.
कख = ઉદયાવલિકા
ग = સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી અપૂર્વકરણના ચરમસમય સુધી થતી ગલિતાવશેષ ગુણશ્રેણિનું શીર્ષ.

# પરિશિષ્ટ-૭
# આ ગ્રંથની રચનામાં આધારભૂત ગ્રંથોના નામ

૧. કષાયપ્રાભૃત મૂળ
૨. કષાયપ્રાભૃત ચૂર્ણિ
૩. કષાયપ્રાભૃત ચૂર્ણિની જયધવલા ટીકા
૪. ષટ્ખંડાગમ્ મૂળ
૫. ષટ્ખંડાગમની ધવલા ટીકા
૬. લબ્ધિસાર
૭. પંચસંગ્રહ ભાગ-૧, ૨ મૂળ
૮. પંચમ કર્મગ્રન્થ નવ્યશતકની પૂ. દેવેન્દ્રસૂરિકૃત ટીકા
૯. કર્મપ્રકૃતિ મૂળ
૧૦. કર્મપ્રકૃતિ ચૂર્ણિ
૧૧. કર્મપ્રકૃતિની મહોપાધ્યાય યશોવિજયજીકૃત ટીકા
૧૨. કર્મપ્રકૃતિની પૂ. મલયગિરિસૂરિકૃત ટીકા
૧૩. સપ્તતિકાચૂર્ણિ
૧૪. પંચસંગ્રહની સ્વોપજ્ઞ ટીકા
૧૫. પંચસંગ્રહની પૂ. મલયગિરિસૂરિકૃત ટીકા
૧૬. સપ્તતિકાભાષ્યની પૂ. મેરુતુંગસૂરિકૃત ટીકા
૧૭. છટ્ઠા કર્મગ્રંથ સપ્તતિકાની પૂ. મલયગિરિસૂરિકૃત ટીકા
૧૮. જીવસમાસ
૧૯. જીવસમાસની મલધારી હેમચંદ્રસૂરિકૃત ટીકા
૨૦. અનુયોગદ્વાર મૂળ
૨૧. અનુયોગદ્વાર ચૂર્ણિ
૨૨. અનુયોગદ્વારની મલધારી હેમચંદ્રસૂરિકૃત ટીકા
૨૩. બૃહત્સંગ્રહણીની ટીકા
૨૪. બૃહત્ક્ષેત્રસમાસની ટીકા
૨૫. તત્ત્વાર્થની સિદ્ધસેનગણિકૃત ટીકા
૨૬. પન્નવણાસૂત્ર મૂળ
૨૭. બીજા કર્મગ્રંથ કર્મસ્તવની પૂ. દેવેન્દ્રસૂરિકૃત ટીકા

• • •

# अथ ग्रन्थप्रकाशकप्रशस्तिः

( शार्दूलविक्रीडितम् )

पादाङ्गुष्ठसुचालितामरगिरि-र्हस्तास्तदेवस्मयः,
जिह्वाखण्डितशक्रसंशयचयो, वाङ्नष्टहालाहलः ।
सर्वाङ्गीणमहोपसर्गदकृपा-नेत्राम्बुदत्ताञ्जलिः,
दाढादारितदिव्ययुत्समवतात्-श्रीवर्धमानो जिनः ॥१॥

( उपजाति )

श्रीगौतमस्वामि-सुधर्मदेव-जम्बूप्रभु-श्रीप्रभवप्रमुख्याः ।
सुरीशपूजापदसूरिदेवा, भवन्तु ते श्रीगुरवः प्रसन्नाः ॥२॥

( वसन्ततिलका )

एतन्महर्षिशुचिपट्टपरम्पराजान्-आनन्दसूरिकमलाभिधसूरिपादान् ।
संविग्नसन्ततिसदीशपदान् प्रणम्य, श्रीवीरदानचरणाँश्च गुरून् स्तविष्ये ॥३॥
श्रीदानसूरिवरशिष्यमतल्लिका स, श्रीप्रेमसूरिभगवान् क्षमया क्षमाभः ।
सिद्धान्तवारिवरवारिनिधिः पुनातु, चारित्रचन्दनसुगन्धिशरीरशाली ॥४॥

( शार्दूलविक्रीडितम् )

प्रत्यग्रत्रिशतर्षिसन्ततिसरित्-स्रष्टा क्षमाभृन्महान्,
गीतार्थप्रवरो वरश्रुतयुतः सर्वागमानां गृहम् ।
तर्के तर्कविशुद्धबुद्धिविभवः सोऽभूत् स्वकीयेऽप्यहो,
गच्छे संयमशुद्धितत्परमतिः प्रज्ञावतामग्रणीः ॥५॥

तत्कालीनकरग्रहग्रहविधा-वब्दे ह्यभूद् वैक्रमे,
तिथ्याराधनकारणेन करुणो भेदस्तपागच्छजः ।
कारुण्यैकरसेन तेन गुरुणा सत्पट्टकादात्मनो,
बह्वंशेन निवारितः खकरखौ-ष्टे पिण्डवाडापुरे ॥६॥

( वसन्ततिलका )

तत्पट्टभृद् भुवनभान्वभिधश्च सूरिः, श्रीवर्धमानतपसां निधिरुग्रशीलः ।
न्याये विशारद इतीह जगत्प्रसिद्धो, जातोऽतिवाक्पतिमति-र्मतिमच्छरण्यः ॥७॥

तस्याद्यशिष्यलघुबन्धुरथाब्जबन्धु-तेजास्तपः श्रुतसमर्पणतेजसा सः ।
पंन्यासपद्मविजयो गणिराट् श्रियेऽस्तु, क्षान्त्येकसायकविदीर्णमहोपसर्गः ॥८॥

सर्वाधिकश्रमणसार्थपतिर्मतीशः, पाता चतुःशतमितर्षिगणस्य शस्यः ।
गच्छाधिनाथपदभृज्जयघोषसूरिः, 'सिद्धान्तसूर्य' - यशसा जयतीह चोच्चैः ॥९॥

सद्बुद्धिनीरधिविबोधनबद्धकक्षः, वैराग्यदेशनविधौ परिपूर्णदक्षः ।
सीमन्धरप्रभुकृपापरपात्रमस्तु श्रीहेमचन्द्रभगवान् सततं प्रसन्नः ॥१०॥

कारुण्यकम्रालयानां महनीयमुख्यानां महोमालिनां लोकोपकारचतुराणां वैराग्यदेशनादक्षाचार्यदेव-श्रीमद्विजयहेमचन्द्रसूरीश्वराणां सदुपदेशेन श्रीजिनशासन-आराधनाट्रस्ट-विहिते श्रुतसमुद्धारकार्यान्वये प्रकाशितमिदं ग्रन्थरत्नं श्रुतभक्तिः ।

वि.सं. २०६४ ।

સિદ્ધાન્તમહોદધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના

સ્વહસ્તાક્ષરોમાં આલેખાયેલ

## નમસ્કાર મહામંત્ર

नमो अरिहंताणं

नमो सिद्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सव्वसाहूणं

एसो पंच नमुक्कारो

सव्व पावप्पणासणो

मंगलाणं च सव्वेसिं

पढमं हवइ मंगलं

द. प्रे. वि

BHARAT GRAPHICS - Ahmedabad-1.
Ph. : (M) 9825009166, (079) 25134176